*A. M. Patel to 'Dada Bhagwan'*



# જ્ઞાની પુરુષ

## 'દાદા ભગવાન'

ભાગ - ૫

A. M. Patel to 'Dada Bhagwan'

દાદા ભગવાન કથિત

# જ્ઞાની પુરુષ

## 'દાદા ભગવાન' ભાગ-૫

સંકલન : દીપકભાઈ દેસાઈ

પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ
દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.
ફોન : +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

કોપીરાઈટ : © Dada Bhagwan Foundation,
5, Mamta Park Society,
B/h. Navgujarat College, Usmanpura,
Ahmedabad - 380014, Gujarat, India.
Email : info@dadabhagwan.org
Tel. : +91 9328661166/77

**All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.**

પ્રથમ આવૃતિ : ૭,૦૦૦ માર્ચ, ૨૦૨૩

ભાવ મૂલ્ય : 'પરમ વિનય' અને
'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !

દ્રવ્ય મૂલ્ય : ૧૫૦ રૂપિયા

મુદ્રક : અંબા મલ્ટિપ્રિન્ટ,
એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ,
છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત.
ફોન : +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨

ISBN : 978-93-91375-33-1

**Printed in India**

# ત્રિમંત્ર






નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં;
પઢમં હવઈ મંગલં ॥૧॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥૨॥
ૐ નમઃ શિવાય ॥૩॥
જય સચ્ચિદાનંદ





## 'દાદા ભગવાન' કોણ ?

જૂન ૧૯૫૮ની એ સમી સાંજનો છએક વાગ્યાનો સમય, ભીડમાં ધમધમતા સુરતના સ્ટેશન પર બેઠેલા એ.એમ.પટેલ રૂપી દેહમંદિરમાં 'દાદા ભગવાન' સંપૂર્ણપણે પ્રગટ થયા અને કુદરતે સર્જ્યું અધ્યાત્મનું અદ્ભુત આશ્ચર્ય ! એક કલાકમાં એમને વિશ્વદર્શન લાધ્યું ! 'હું કોણ? ભગવાન કોણ ? જગત કોણ ચલાવે છે ? કર્મ શું ? મુક્તિ શું ?' ઈત્યાદિ જગતના તમામ આધ્યાત્મિક પ્રશ્નોનાં સંપૂર્ણ ફોડ પડ્યા.

એમને પ્રાપ્તિ થઈ તે જ રીતે માત્ર બે જ કલાકમાં, મુમુક્ષુઓને પણ જ્ઞાનપ્રાપ્તિ કરાવી આપતા, એમના અદ્ભુત જ્ઞાનપ્રયોગથી ! એને 'અક્રમ માર્ગ' કહ્યો. ક્રમ એટલે પગથિયે પગથિયે, ક્રમે ક્રમે ઊંચે ચઢવાનું. અક્રમ એટલે ક્રમ વિનાનો, લિફ્ટ માર્ગ! શોર્ટકટ!

તેઓશ્રી સ્વયં પ્રત્યેકને 'દાદા ભગવાન કોણ ?'નો ફોડ પાડતા કહેતા કે, ''આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન્હોય, અમે તો જ્ઞાની પુરુષ છીએ અને મહીં પ્રગટ થયેલા છે તે દાદા ભગવાન છે, જે ચૌદ લોકના નાથ છે. એ તમારામાંય છે, બધામાંય છે. તમારામાં અવ્યક્તરૂપે રહેલા છે ને 'અહીં' અમારી મહીં સંપૂર્ણપણે વ્યક્ત થયેલા છે. હું પોતે ભગવાન નથી. મારી અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનને હું પણ નમસ્કાર કરું છું.''

## આત્મજ્ઞાન પ્રાપ્તિની પ્રત્યક્ષ લિંક

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ને ૧૯૫૮માં આત્મજ્ઞાન પ્રગટ થયું. ત્યાર પછી ૧૯૬૨ થી ૧૯૮૮ સુધી દેશ-વિદેશ પરિભ્રમણ કરીને મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવતા હતા.

દાદાશ્રીએ પોતાની હયાતીમાં જ આત્મજ્ઞાની પૂજ્ય ડૉ. નીરુબેન અમીન (નીરુમા)ને આત્મજ્ઞાન પ્રાપ્તિ કરાવવાની જ્ઞાનસિદ્ધિ આપેલ. દાદાશ્રીના દેહવિલય બાદ પૂજ્ય નીરુમા તે જ રીતે મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિમિત્ત ભાવે કરાવતા હતા.

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈને પણ દાદાશ્રીએ સત્સંગ કરવા માટે સિદ્ધિ આપેલ. વર્તમાનમાં પૂજ્ય નીરુમાના આશીર્વાદથી પૂજ્ય દીપકભાઈ દેશ-વિદેશમાં નિમિત્ત ભાવે આત્મજ્ઞાન કરાવી રહ્યા છે.

આ આત્મજ્ઞાન મેળવ્યા બાદ હજારો મુમુક્ષુઓ સંસારમાં રહીને સર્વ જવાબદારીઓ પૂરી કરતાં પણ અંદરથી મુક્ત રહી આત્મરમણતા અનુભવે છે.

# સમર્પણ

મોક્ષ કથેલ અતિ અતિ દુર્લભ, અતિ મુશ્કેલ, દરેક શાસ્ત્રે;
વિના ત્યાગે ભગવાન ખોળ્યા, કળિકાળે અક્રમ જ્ઞાની દાદાએ !

જગતને જે મૂર્છિત કરે, દુન્યવી ભૌતિક સુખ-સાધનો સઘળાં;
ચિંતા, ઉપાધિ ને બંધન લાગ્યા, અહો ! એ મોહ વગરની દશા !

પોતે જાણીને છેતરાયા કાયમ, પૈસા આપી ખરીદ્યા મોરલ;
એ જ ઘરે પ્રગટ્યા ભગવાન, કહે 'જોયો ન ક્યાંય આવો વિરલ !'

દરેક પ્રસંગે વિચારણા ચાલે, 'કેમ ? કયા આધારે બન્યું આવું ?'
'ધીસ ઈઝ બટ નેચરલ' શોધી, જગતને એમણે નિર્દોષ ભાળ્યું !

વાતો કરી દરેકના અસ્તિત્વ સાથે, નિરાંતે 'સ્વ'માં સ્થિર રાચે;
ચિંતામુક્તિનો આ સરળ ઉપાય, જ્ઞાની વિણ બીજો કોણ આપે ?

ખાવાનું જેને ઉપાધિ લાગે, એને બીજું તો કંઈ શું વળગે !
કશે ન વિખરાય ચિત્ત દાદાનું, આત્મઐશ્વર્ય અકબંધ રહે !

કરી પુણ્યની કરકસર પાકી, વાપર્યું બધું આત્મા કાજે;
નિરંતરાય દશા ભોગવે માટે, દાદા જ્ઞાન અને સત્સંગાર્થે !

'ભીડમાં એકાંત' એ કેવું અદ્‌ભુત શોધી કાઢ્યું દાદાએ !
સ્પેસ મળે ત્યાં મન ખીલે છે, પછી એ વળે અવળે !

અસામાન્ય સમજણ એવી, લોકોનું જોઈને ના શીખ્યા કદી;
તેથી ભોગવે સ્વતંત્રતા કાયમ, પરવશ બનાવે એ સંઘરે નહીં !

કેમે કરી સહન ના થાય, સંસારમાં ક્ષણો આકરી જાય;
છૂટવાના કામીને આ, બંધન તે વળી કેમ રે પોષાય ?

આત્મલક્ષી વિચારણા અખંડ, જ્ઞાનાંક્ષેપકવંત દશા જો વર્તે;
બધા જ ફેઝીઝની જાગૃતિ હોય ત્યાં, વૈરાગ તો એમ ને એમ રહે !

વિચાર્યા વિનાનું ન એકે પરમાણુ, ત્યારે પ્રગટ્યું આ વિજ્ઞાન !
એવા જ્ઞાની પિછાણવા, સમર્પણ આ ગ્રંથ, જગ કલ્યાણ કાજ !

❖❖❖❖❖

# સંપાદકીય

અમોને મોક્ષ મળતો'તો, છતાં રોકાઈ ગ્યાં જાણી;
અમારી ભાવના જ હતી, જગત કલ્યાણ કરવાની.

- કવિરાજ નવનીત

'અમે અમારો મોક્ષ હથેળીમાં લઈને ફરીએ છીએ.' અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) સિવાય આવું વાક્ય ખુલ્લેઆમ બોલવાનું ગજું બીજા કોનું હોય ? જેમના આ એક વાક્યમાં આટલી બધી ખુમારી વર્તાય છે, એમનું સમગ્ર જીવન કેવું હશે ! શું ખરેખર તેઓ નાનપણથી વૈરાગી હતા ? ત્યાગી હતા ? તપસ્વી હતા ? એનો જવાબ 'ના' પણ છે અને 'હા' પણ. આ ઉત્તરના સ્થૂળ-સૂક્ષ્મ ફોડ એમણે જાતે જ આપ્યા છે, જેનું સંકલન કરીને તૈયાર થયો છે 'જ્ઞાની પુરુષ' શ્રેણીનો આ પાંચમો ગ્રંથ.

આ ગ્રંથમાં દાદાશ્રીના જ્ઞાન પૂર્વેના વિવિધ પ્રસંગો આવરી લેવામાં આવ્યા છે. જે વાંચ્યા બાદ મુખ્યત્વે દાદાશ્રીને જ્ઞાન થયું તે પહેલા એમની અહંકારની વધતી જતી બળતરા, જાગૃત દશાના કારણે એ અહંકારની કૈડ સહન ન થવાની સ્થિતિ તેમજ સંસારમાં ચોગરદમ વધતી જતી વૈરાગ્ય દશા, ને જ્ઞાનદશા તરફ વધારે ને વધારે ઢળતી જતી આંતરિક દશાની ઝાંખી સ્પષ્ટપણે જોવા મળે છે.

આ ગ્રંથમાં દાદાશ્રીના જ્ઞાન પૂર્વેના ઘણા પ્રસંગો સામાન્ય માણસના જીવનમાં બનતા હોય એવા જ છે, જેમાં એમનાથી પણ એવી જ ભૂલો થઈ હોય. પણ વિશેષતા એ છે કે એકવાર ભૂલ સમજાયા પછી એના પર અસ્ખલિત તેમજ અસામાન્ય વિચારધારા, મનોમંથન, સંશોધન અને તારણો આ બધું જ એમનામાં જ્ઞાની પુરુષના લક્ષણોની ઝાંખી કરાવી જાય છે. આ ગ્રંથમાં દાદાશ્રીની એવી એવી અદ્ભુત સમજણો પ્રકાશિત થઈ છે, જે વાંચીને વાચક દાદાશ્રીને જ્ઞાની પુરુષ તરીકે નવાજ્યા વિના નહીં રહી શકે.

દાદાશ્રીને પૂર્વાશ્રમમાં સારા કપડાં, ઓળેલા વાળ, સુગંધી તેલ,

ક્લિન શેવ આ બધાનો શોખ હતો. અને આ બધા શોખ શેના માટે ? વટ પાડવા માટે. એટલે માનનો શોખ પણ ખરો. દાદાશ્રીએ શોખ બધા કરેલા પણ પૂર્વનું ઉપાદાન એટલું ઊંચું લાવેલા, જેથી ચારિત્ર પર ડાઘ પડે એવા કોઈ શોખ પહેલેથી નહીં કરેલા. સાથે સાથે મૂળથી જ મોહ-લોભ વગરની સ્થિતિ એટલે જેમ જેમ શોખ ઉપાધિ સ્વરૂપ લાગવા લાગ્યા, કે તરત છોડતા ગયા.

આમ જોઈએ તો દાદાશ્રીને ધંધાની બહુ પડેલી નહીં, પણ તેઓ મોક્ષમાર્ગના પાકા વેપારી હતા. ખરો વેપારી જેમ કયા વેપારમાં ફાયદો અને કયામાં નુકસાન, એ તરત પારખી જાય, એમ દાદાશ્રી પોતે આખી જિંદગી જાણીને છેતરાઈને જ્ઞાની પદે પહોંચ્યા. અલબત્ત, આવું કરવામાં એમનામાં રહેલી નોબિલિટી, એક માત્ર છૂટવાની તમન્ના, એમનું રાજેશ્રી મન, કુદરતના રહસ્યોની પિછાણ, એમની વિરલ સમજણ... આ બધું જ છતું થાય છે.

પોતાને ભેગા થતા દરેક સંજોગોનું ચોગરદમથી એનાલિસીસ કરી (તારણ કાઢી), એમાંથી કુદરતના ગૂઢ સિદ્ધાંતો શોધી કાઢવાનો શોખ પણ એમને નાનપણથી જ હતો. કોઈ પણ સંજોગોમાં અંદર દુઃખ ના રહે એના માટે કોઈ તો સૉલ્યુશન (ઉપાય) જોઈએ ને ! દરેક વસ્તુઓ સાથે વાતચીત કરી ચિંતામુક્ત રહેવાનો જબરજસ્ત પ્રયોગ એમણે જગતને આપ્યો.

લોકસંજ્ઞા એ દુઃખનું મોટું કારણ છે. એમણે એમના જીવનમાં લોકસંજ્ઞા પેસવા જ નથી દીધી. ટી.વી., રેડિયો, એર કંડિશન, ઘડિયાળ જેવી અનેક વસ્તુઓ કે જેને જગતે મોજશોખ અને સુખના સાધનો ગણ્યા છે, એમાંની એકેય વસ્તુ એમણે વસાવી નથી. તેઓ વૈરાગી હતા એટલે નહીં, પણ તેઓ બધા અનુભવો લઈને બહાર નીકળેલ હતા. પૂર્વે તેમજ આ અવતારમાં થયેલા ઉપાધિ સ્વરૂપ અનુભવો, એમાંથી કાઢેલા સ્પષ્ટ તારણો અને કરેલા નિશ્ચયો એ એમનું ઉચ્ચ ઉપાદાન હતું. આમેય સ્વતંત્રતાના પ્રેમી પરવશ કરનારી વસ્તુઓને શી રીતે સંગ્રહી શકે ?

રાહ જોવામાં સમય વેડફવો, જ્યોતિષના ચક્કરમાં પડવું, લોકસંજ્ઞાથી ચાલવું, ભૌતિક સુખો પાછળ મનુષ્યજીવનનો ધ્યેય ભૂલી જવો, ભોળાને છેતરવું, મોહ અને લાલચવશ પરવશપણે જીવવું,

શાતાશીલિયા થવું, અહંકારના કેફમાં રહેવું, આવા દરેક નુકસાનકારક પ્રસંગોના દાદાશ્રીના પોતાના અનુભવો, પરિણામલક્ષી દૃષ્ટિ, બોધપાઠ, તારણો, કે પછી એમાંથી નીકળવા તેઓશ્રીએ વાપરેલી બોધકળા બધું જ વાચકને વિચાર કરતા મૂકી દે એવું છે. ક્યારેય ક્યાંય સાંભળ્યું ના હોય એવી અપૂર્વ સમજણ સરળ દાખલાઓ સાથે એવી રીતે વર્ણવી છે, કે એ સમજણ વાચકને શીરાની જેમ ગળે ઊતરી જાય અને દાદાશ્રી માટે 'અહો અહો' થઈ જાય !

સાથે સાથે જીવનમાં સુખી થવા માટે જરૂરિયાત અને બિનજરૂરિયાત વસ્તુઓની ભેદરેખા, પુણ્ય શેમાં શેમાં વાપરવું, નકલીની નકલ ના કરાય, તિતિક્ષા ગુણ કેળવવો, વાપરો બધું પણ આદત ના પાડવી, કોઈ ટકોર કરે તો પોતાની ભૂલ તરત સ્વીકારી લેવી વગેરેની પણ સુંદર સમજણ આપી છે.

દાદાશ્રીનું ઓબ્ઝર્વેશન બહુ પાવરફુલ હતું. થર્ડ ક્લાસના ડબ્બામાં બેઠા હોય કે રસ્તા પર રાહ જોતા હોય, તે વખતે માણસો, પ્રાણીઓ, પક્ષીઓ, દરેકનું નિરીક્ષણ કરી મનુષ્યો માટે એવા ઉમદા દાખલાઓ શોધી કાઢે, કે જે લોકોને પોતાની ભૂલોમાંથી નીકળવામાં મદદરૂપ થઈ પડે.

દાદાશ્રી મૂળથી જ અપરિગ્રહી હતા. બે જોડી કપડાં, રહેવા માટે નાનું ભાડાનું મકાન, ઘરમાં બે ખુરશી ને એક ટીપોય. બસ, આટલો એમનો પરિગ્રહ. વધારાની વસ્તુઓ જે માગે એને આપી દેતા. અપરિગ્રહી સાથે વિચારશીલ દશા. રોજ એકની એક વસ્તુઓ, એકની એક લાઈફસ્ટાઈલથી એમને કંટાળો આવતો. જે જોઈએ એ મળે નહીં એટલે સંસારમાં બહુ પરવશતા લાગતી. સંસાર પરથી મન ઊઠી ગયેલું. પણ જવું ક્યાં ? છૂટવું કઈ રીતે ?

ધીમે ધીમે દાદાશ્રીની વધતી જતી વૈરાગ્ય દશાને લીધે એમને સંસારમાં એક કલાક કાઢવો મુશ્કેલ થઈ પડ્યો હતો. બધી જ જગ્યાએ બંધન... બંધન... અને બંધન જ લાગતું. 'જીવ શી રીતે બંધાય છે ? છૂટાય શી રીતે ? આ જગત કયા આધારે ચાલે છે ?' વગેરેની નિરંતર વિચારધારા ચાલુ જ રહેતી. વર્લ્ડમાં કોઈ ચીજ એવી નહીં હોય કે જે એમણે વિચાર્યા વગર બાકી રાખી હોય ! કલાકોના કલાકો આત્મા સંબંધી વિક્ષેપ રહિત વિચારધારા ચાલે. ભગવાને એને 'જ્ઞાનાંક્ષેપકવંત

દશા' કહી છે. બહુ ઊંચી દશા કહેવાય આ ! જેના પરિણામ સ્વરૂપે આ આત્મજ્ઞાન પ્રગટ થયું.

આમ તો જ્ઞાન થતા પહેલાથી જ દાદાશ્રીનું જીવન મહદ્ અંશે આજ્ઞામય જ હતું. વ્યવસ્થિતનું જ્ઞાન તેઓ લઈને જ આવેલા. પહેલેથી જ વ્યક્તિઓ સાથેના હિસાબ સમતાભાવે પૂરા કરતા ગયેલા. જ્ઞાન થતા સાથે એમને રિયલ-રિલેટિવનું સ્વરૂપ સ્પષ્ટ અનુભવમાં આવ્યું અને ત્યારથી જ શુદ્ધાત્માનો ચોપડો ખૂલ્યોય ખરો અને આત્માના સ્પષ્ટ અનુભવે એ ત્યારે જ પૂરોય થઈ ગયો. અને આ જ સમજણ એમણે મહાત્માઓને પાંચ આજ્ઞારૂપે આપી. દાદાશ્રી પોતે જે ક્રમિકમાંથી કમાયેલા એ આપણને અક્રમરૂપે આપ્યું.

દાદાશ્રી જે રસ્તે ચાલ્યા એ જ રસ્તો એમણે આપણા માટે ખુલ્લો કર્યો છે. આ અનુભવનો રસ્તો છે, જે કદી શાસ્ત્રમાં હોય નહીં. અત્યાર સુધી આવું જ્ઞાન અપાયું નથી. તેથી આ અપૂર્વ વિજ્ઞાન કહેવાય છે ! જે એક જ કલાકમાં અનાદિની મિથ્યાદૃષ્ટિ ફેર કરી આપે એવું આ વિજ્ઞાન છે ! ભગવાનની કૃપાથી શું ના થાય ?

દાદાશ્રી કહેતા કે, મારાથી આ સંસાર સહન નથી થતો તો લોકો શી રીતે સહન કરતા હશે ? 'લોકોનું કલ્યાણ થવું જ જોઈએ' એ જ અમારી ભાવના છે, અને જગતના લોકોનું પણ કલ્યાણ થવાનું હશે, તે આ અક્રમજ્ઞાન પ્રગટ થયું !

પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ ભેગા થયા ના હોય છતાં જે જ્ઞાનીની સમજણે ચાલશે એને જ્ઞાનની લિંક અવશ્ય મળી જ રહેશે. આવી અલૌકિક સમજણનો ખજાનો આ ગ્રંથમાં દાદાશ્રીની વાણીમાં જ જેમ છે એમ મૂકાયો છે. છતાં ક્યાંય પણ ક્ષતિ લાગે તો તે સંકલનની ભૂલ જાણી દરગુજર કરવા વિનંતી.

આ ગ્રંથનો અત્યંત વિનયપૂર્વક અભ્યાસ કરી અતુલ્ય એવા જ્ઞાની પુરુષને ઓળખીએ અને એમની સમ્યક્ સમજણને જીવનમાં ઉતારી જ્ઞાનશ્રેણીઓ ચઢીએ એ જ હૃદયની ભાવના !

**- દીપકના જય સચ્ચિદાનંદ**

# ઉપોદ્ઘાત

## [૧] દાદાનો પહેરવેશ

દાદાશ્રીને નાનપણથી જ સારા કપડાં પહેરવાનો શોખ હતો. બીજી કોઈ ભાંજગડ નહીં, ફક્ત એક કપડાં સારા જોઈએ. તેઓ કહેતા કે અમે બુદ્ધિના આશયમાં થોડું પુણ્ય આના માટે વાપરેલું, કે કપડાં અપ ટૂ ડેટ જોઈએ. દાદાશ્રીના કપડાં બધા ઈંગ્લિશ કાપડના, એકદમ સુંવાળા. ધોતિયા માંચેસ્ટરના અને ખમીસ બોસ્કીના સિલ્કના બહુ પહેરેલા એમણે. સફેદ લોંગ કોટ પહેરતા અને તેય પ્રખ્યાત દરજી પાસે સિવડાવેલો જ. કપડાં ઊજળાં અને ઈસ્ત્રીબંધ જોઈએ. એ માટે તેઓ કાયમ પોતાનું ખમીસ જાતે જ ધોઈ નાખતા અને ઈસ્ત્રી બહાર કરાવી લેતા.

ઊજળાં ઈસ્ત્રીબંધ કપડાં, વાળ વ્યવસ્થિત ઓળેલા, વાળમાં સેન્ટવાળું તેલ, ક્લિન શેવ વટ પાડવા માટેના બધા શોખ હતા.

દાદાશ્રી કહેતા કે અમે બધા શોખ કરીનેય છેવટે ભગવાનને ખોળી કાઢ્યા. ફક્ત એક જ શોખ નહોતો કર્યો. દુનિયામાં દુરાચારી કહેવાઉ, ચારિત્રનો શિથિલ કહેવાઉ, એ શોખ નહોતો કર્યો. બીજા બધા શોખ કરેલા.

મૂળથી શેઠ થવાની ટેવ એટલે રોફ પાડવા ખાતર દાદાશ્રીએ બધું પહેરેલું ખરું, પણ અંદર જાગૃત એટલે ખ્યાલ આવે કે કંઈ સ્વાદ આવતો નથી ને મહીં બળાપો પાર વગરનો છે !

એકવાર એમણે એમના મિત્રોનું જોઈને આઠ-દસ ખમીસ સિવડાવેલા. પછી તો કોઈ એક ખમીસ શોધવું હોય તો શોધાશોધ કરવી પડે કે આ ક્યાં ગયું હશે ? ધોબી પાસે હશે કે ક્યાં હશે ? ત્યારે જ્ઞાન નહીં, પણ એ બોજો સહન ન થતા તરત જ તારણ નીકળ્યું, કે હવેથી બે જ ખમીસ ને બે જ કોટ રાખવા, જેથી એક પહેરવામાં હોય ને એક ધોવામાં. એટલે શોધવું જ ના પડે ને યાદ રાખવુંય ના પડે. કોઈ ભાંજગડ

જ નહીં. મનુષ્યજીવનનો અડધો કલાક કંઈ આ દોડાદોડમાં કઢાતો હશે ? અડધા કલાકમાં તો ઈન્દ્રનું સિંહાસન ડોલે, જો સારું કરીને એને ભજીએ તો ! એટલે આ બધા પાછળ સમયનો દુરુપયોગ એમને જરાય પોસાતો નહોતો. મૂળથી જ મોહ-લોભ વગરની સ્થિતિ, માટે આ શોખો જ એમને ચિંતા ને ઉપાધિનું કારણ લાગવા લાગ્યા.

બાવીસમા વર્ષે દાદાશ્રીને મહીંથી જવાબ મળ્યો હતો કે 'આ બધું સુખ લો છો, એ રીપે કરવું પડશે.' ત્યારથી તેઓ સમજી ગયેલા કે બહારના સુખો બધા લોન ઉપર છે. જેટલા ભોગવવા હોય એટલા ભોગવો, પણ અંતે રીપે કરવા પડશે. અને વળી ઘડપણમાં રીપે કરવું પડે તો શી હાલત થાય ? એટલે એમણે બધું જ બહુ ગણતરીપૂર્વક વાપરેલું.

જ્ઞાન પહેલા પણ કોઈ પણ વસ્તુ વાપરતી વખતે દાદાશ્રીની વિચારશ્રેણી ઠેઠ પરમાણુ સુધી પહોંચતી. અને એ જ સમજણ તેઓશ્રી બીજાને પણ સમજાવતા કે 'આ દુનિયામાં કોઈ ચીજનું નુકસાન ના કરાય. બધા જે કંઈ વાપરે છે એ પોતાનું જ વાપરે છે. માટે જો પાછળથી ખોટ ના ખાવી હોય તો અત્યારથી સાચવી સાચવીને વાપરો. ઘસારો પડ્યા વગર કોઈ ચીજ કાઢી ના નખાય. આ પરમાણુ-પરમાણુનો હિસાબ છે.'

જેમ જેમ વધારે જરૂરિયાતો ઉપાધિરૂપ લાગતી ગઈ તેમ તેમ જરૂરિયાતો ઓછી કરતા ગયેલા. આમ દાદાશ્રી જન્મથી વૈરાગી નહોતા પણ સ્વપરાક્રમથી એમણે જ્ઞાની પદ પ્રાપ્ત કર્યું હતું. અને જે વેશે જ્ઞાન થયું એ જ વેશ કાયમ રહ્યો. તે દિવસે એમણે કોટ-ટોપી અને સફેદ ધોતિયું પહેર્યા હતા, એ જ પહેરવેશ કાયમ રહ્યો.

મહાત્માઓ સાથે કપડાંની વાતો થતી ત્યારે દાદાશ્રી કહેતા કે ૧૯૨૧ની સાલ પહેલા જે જન્મેલા, એ બધા ધોતિયાવાળા અને ૧૯૨૨થી બધા લેંઘાવાળા. ૧૯૨૧માં ગાંધીજીએ વિદેશી કપડાંની હોળી કરાવડાવી, ત્યારથી ધોતિયાની બદલે લેંઘા પેઠા. આ સાંભળી કોઈએ પૂછ્યું કે દાદા, તમે સત્યાગ્રહ વખતે ભાગ લીધેલો ? દાદાશ્રી બોલ્યા, 'હું સત્યાગ્રહવાળો માણસ જ નથી, હું તો મુક્તિવાળો માણસ છું.' એટલે ભાગ નહોતો લીધો.

એમાંય જ્ઞાન પછી આગ્રહો સાવ ઓગળી ગયા. દાદાશ્રી કહે છે, કે અત્યારે તો કદાચ કોઈ લીલા રંગનું ધોતિયું લાવે તો અમે એક-બેવાર કહીએ કે આ રંગ બદલાઈ ગયો છે. તેમ છતાં જો કહેવામાં આવે કે ના દાદા, તમારે આ જ પહેરવાનું છે તો અમે એય પહેરી લઈએ.

દાદાશ્રીને ક્યારેય કોઈ જાતનો આગ્રહ નહીં કે અમે આવું ના જ પહેરીએ કે આવું જ પહેરીએ. અમેરિકામાં એકવાર બહુ ઠંડી હતી ત્યારે દાદાશ્રીએ પાટલૂન પહેર્યું હતું. ફાવે નહીં પણ તોય પહેર્યું હતું. એટલે આગ્રહ નહીં.

કપડાંના શોખીન હોવા છતાં તેઓ મૂળથી જ અપરિગ્રહી હતા. કોઈ એમના માટે સ્વેટર કે કંઈ પણ લાવે તો તેઓ પ્રસાદીરૂપે પાછું આપી દેતા.

દાદાશ્રીની વાતો સાંભળી મહાત્માઓ દાદાશ્રીને પૂછતા, કે 'શું અમારે પણ આવી રીતે જરૂરિયાતો ઓછી કરીને ત્યાગ કરવો પડશે ?' ત્યારે દાદાશ્રી કહેતા, કે તમારે હવે કોઈ ત્યાગ કરવાની જરૂર નથી. જ્ઞાન પછી મહાત્માઓ માટે ગ્રહણ-ત્યાગની કડાકૂટ બંધ થઈ ગઈ છે. હવે જે કંઈ છે તેનો સમભાવે નિકાલ કરવાનો છે. એટલે જ્ઞાન પહેલા તમે જે રહેણીકરણીમાં હતા, એમાં જ જ્ઞાન પછી પણ રહી શકાય. કોઈ બદલાવ લાવવાની જરૂર રહી નહીં. કારણ કે આ વાત મૉડર્ન છે અને અક્રમ વિજ્ઞાન છે.

દાદાશ્રી પોતે પણ ખરેખર તો મૉડર્ન જ હતા. કારણ કે એમને જમાના પ્રમાણે નવા વિચારોને પકડતા જરાય વાર ન લાગે. જ્યાં સુધી જૂના વિચારમાં સાર હોય ત્યાં સુધી તેઓ તે વિચારને પકડી રાખે, પણ સાર ના દેખાય કે તરત તેઓ નવા વિચારને પકડી લે.

જ્ઞાન પછી દાદાશ્રીના કપડાંના, ખાવા-પીવાના બધા શોખ ઓગળતા ગયા. બધું બોજારૂપ લાગતું. કોટ બોજારૂપ લાગતો. દાદાશ્રી કહેતા, કે આ અમારી તરછોડ નથી, પણ આ બોજાથી મુક્ત થઈશું ત્યારે ખરેખરી મુક્તિ લાગશે.

પછી તો ઠંડી હોય, ગરમી હોય, ફૉરેનમાં જવાનું હોય, સત્સંગ હોય, દાદાશ્રી બધે સાદું જ પહેરતા. ઠઠારા બધા ગયા. દાદાશ્રી કહે, જો અંદરનું સુધરે તો કપડું સાદું હોય તોય ચાલે. આ જુઓ ને, જ્ઞાન પહેલા કપડાંથી અમારો રોફ પડતો હતો. હવે અમારા લીધે કપડાંનો રોફ પડે છે. ફાટેલું હોય તોય લોકો પ્રસાદીરૂપે લઈ જાય છે.

દાદાશ્રી એમના પૂર્વાશ્રમની આવી વાતો કરતા કહે છે કે 'આ અમારો ચારિત્રમોહ કહેવાય. આમાં કર્મ ના બંધાય પણ એટલો ટાઈમ અમે આત્માનો ઉપયોગ ચૂક્યા કહેવાય. અને ઉપયોગ ચૂક્યા એટલો વખત આનંદ પણ ચૂકાય. છતાં અમારી હાજરીમાં મહાત્માઓનો આનંદ જરાય ઓછો ના થાય. પણ આ પાછલી વાતો કરી એનું અમારે પ્રતિક્રમણ કરવું પડે.' પણ એમનો આ ચારિત્રમોહ લોકો માટે ફાયદાકારક જ હોય, લોકોને બહુ હેલ્પિંગ થાય.

# [૨] જાણીને છેતરાય

## [૨.૧] ખરીદી કરવા જાય ત્યારે છેતરાય

દાદાશ્રીની પ્રકૃતિ પહેલેથી જ એવી કે કો'કનું કામ કરવામાં શૂરા ! બીજી બાજુ, કોઈ પણ કારણસર કોઈની સામે હાથ ધરે નહીં એવુંય ખરું. એટલે લોકો એમને બહુ માન આપતા.

ખરીદી કરવા જાય ત્યારે બધા વેપારીઓ એમને 'આવો અંબાલાલભાઈ' કહી આવકારે. દાદાશ્રી કપડાંને ખરીદતા પહેલા બરાબર ચકાસે પણ પૈસા માટે ક્યારેય રકઝક ન કરે. એટલે ઘણા લોભિયા વેપારીઓ એમની પાસેથી બે રૂપિયા (એ જમાનાના) વધારે લેતા.

દાદાશ્રી બધું જાણે, પણ સામાને જરાય કળવા ના દે કે એમને ખબર પડે છે કે આ વધારે ભાવ લગાડ્યો છે. તેઓ સમજે કે આ લાલચુ છે એટલે બે રૂપિયા વધારે લગાડ્યા છે, પણ એના મનને ઠંડક રહે એ માટે ખરીદી લે. બે રૂપિયા ખાતર સામાનું મોઢું બગડે એ દાદાશ્રીને પોસાતું નહીં. એના ભાવ બગડે નહીં એ માટે રાજીખુશીથી પૂરા પૈસા આપી દેતા. દોઢ-બે રૂપિયા વધારે લઈને જો સામાને આનંદ થતો હોય

તો દાદાશ્રી એને એ શુકન કરાવતા. વેપારીને લાગે કે આમને સમજણ નથી પડતી અને દાદાશ્રી વેપારીને સમજીને બેઠા હોય. અને જાણીને છેતરાતા હોય, એ વેપારી શી રીતે સમજી શકે ?

દાદાશ્રી પાસે એક અનોખી દૃષ્ટિ હતી, કે પુણ્ય હોય તો કોઈ છેતરનાર મળે. માટે નિરાંતે છેતરાઈ જવું. કારણ કે છેતરાવ કે ના છેતરાવ, અહીંની વસ્તુ અહીં જ પડી રહેવાની છે. ઊલટું, છેતરાવું નહીં એ ખોટનો ધંધો છે. છેતરાવામાં જીવતાને આનંદ થાય છે ને ! આ જગત રાજી રહે એટલે બસ ! ખરો આનંદ જ એમાં છે. બાકી તો બધા હિસાબ જ છે ખાલી. કર્મ પૂરા થઈ જાય એટલે પછી લેવાય નહીં ને દેવાય નહીં.

દાદાશ્રી બરાબર જાણતા હતા કે છેતરવાનીયે બાઉન્ડ્રી હોય છે. છેતરી છેતરીને હિસાબની બહાર કોઈ છેતરવાનું નથી. માટે છેતરાઈશું તો હિસાબ પૂરો થશે.

એમને પહેલેથી એ સમજણ હતી કે છેતરનારો નહીં છેતરે તો આમેય આ પૈસા છોકરાં કે બીજા કોઈ લઈ જશે. એના કરતા તું લઈ જા અને મારો મોક્ષનો રસ્તો ક્લિયર કર.

દાદાશ્રી પોતે આખી જિંદગી છેતરાયા, ત્યારે જ્ઞાની પદ પ્રાપ્ત થયું. જાણીને છેતરાઈને એમણે ખરા અર્થમાં સ્વનો અર્થ એટલે કે મોક્ષે જવાનો અર્થ સાધ્યો. ખરેખર તો દાદાશ્રી મોક્ષમાર્ગના ખરા સ્વાર્થી કહેવાય. કેવા પાકા દાદાશ્રી ! સંસારના લોકો ઘરના માટે કર કર કરે છે, એ સ્વાર્થી નહીં પણ પરાર્થી કહેવાય.

દાદાશ્રી પોતે જાણીને છેતરાતા. એમણે આખી જિંદગી કોઈને છેતર્યા નથી. લોકો હંમેશાં ઓછી બુદ્ધિવાળા કે સીધા માણસોને છેતરે. ભોળાને લૂંટી લે ને પાકો આવે ત્યાં ચલાવી લે. અરે ! ભોળાના તો ભગવાન હોય. એને લૂંટીએ તો બે પગમાંથી ચાર પગમાં જવું પડે. આખરે તો પોતાના જ પૈસા પોતાને મળે છે. પણ ભોળાને ઠગે એટલે નાણામાં બરકત ના આવે. ભોળા પાસે ઘસાઈ છૂટવું જોઈએ.

ખરો માણસ તો એને કહેવાય, કે જે આવા સીધા, વિશ્વાસ મૂકે એવા માણસો સાથે દગો ના કરે. ભાવતાલ પૂછ્યા વગર જે ખરીદે, એને ક્યારેય છેતરાતું હશે ?

મોક્ષે જનારો કેવો હોય, કે વિશ્વાસુ દેખે ત્યાં બે રૂપિયા ઓછા લે. એને થાય કે આણે આપણામાં એવું તે શું જોયું કે આટલો બધો વિશ્વાસ મૂક્યો ! માટે ઓછા પૈસા લઈને એ સામાના વિશ્વાસ પર ખરો ઊતરે.

આ તો બે રૂપિયા માટે સારા માણસને 'આવો સાહેબ, આવો સાહેબ' કહી લૂંટી લે અને નઠારાને છોડી દે.

આ ઈન્ડિયન પઝલ એવું છે કે જ્ઞાન પછી એ લોકો દાદાશ્રીને 'દાદા ભગવાન' કહી પગે અડી જતા પણ તોય ખરીદી કરવા એમની દુકાને જાય ત્યારે દાદાશ્રી પાસેથી પૈસા તો વધારે જ લેતા. મન જ જેનું ભિખારી છે ત્યાં દાદાશ્રી પણ કચકચ કરતા નહીં અને માગ્યા પૈસા આપી દેતા.

સંસ્કારી પુરુષો હંમેશાં લેતાય ઘસાય ને આપતાય ઘસાય. સંસારનો વ્યવહાર કહે છે કે જે તને વેચે છે તેનો તું માર ખા અને જેને તું વેચું છું, તેને તું માર આપ. એવું કરે એ ફરી માણસમાં આવે.

જ્યારે ઊર્ધ્વગતિમાં (દેવગતિમાં) જનારા બેઉ બાજુ છેતરાય. લેતી વખતે એને વિચાર આવે કે આમાં બિચારો શું કમાશે ! અને આપતી વખતે વિચાર આવે કે બિચારાને કેટલું મોંઘું પડશે ! એટલે બન્ને બાજુ ઘસાય.

અને જે બન્ને બાજુ છેતરે છે એ જાનવરમાં જાય.

## [૨.૨] જાણીને છેતરાવા પાછળની અનોખી સમજણ

જાણીને છેતરાવાનો પ્રયોગ એ દાદાશ્રીએ આપેલો અનોખો પ્રયોગ છે. એમને આ સમજણ એમના મધર ઝવેરબા પાસેથી મળેલી. ઝવેરબા જાણીને છેતરાઈને બધાને સંતોષ આપતા. દાદાશ્રીને એ બહુ ગમતું. તેથી એમણે એ કળા અપનાવેલી.

આપણને વિચાર આવે કે દાદાશ્રીને જાણીને છેતરાવામાં શું ફાયદો લાગ્યો હશે ? દાદાશ્રી કહેતા, એનાથી બે ફાયદા થાય. એક તો છેતરનારો માણસ આપણને મુક્ત કરી દે અને બીજું, છેતરાયો એટલે પોતાની પાસે જે ખોટું પુદ્ગલ હતું એ જતું રહ્યું, એટલે ભાર ઓછો થાય. મોક્ષ માટે હલકા થવાય.

નાનપણથી જ દાદાશ્રીને એ સમજાઈ ગયું હતું, કે છેતરનાર માણસ દુઃખી છે. માટે છેતરીને એ એનું મોરલ વેચી રહ્યો છે અને હું છેતરાઈને એ મોરલ ખરીદી રહ્યો છું. ગાળ ભાંડનાર, અપમાન કરનાર દરેક પોતાનું મોરલ વેચી રહ્યા છે. આખી જિંદગી દાદાશ્રીએ એ મોરલ વેચાતું લે લે કર્યું. જેના કોઈ ઘરાક ના થાય એ બધું દાદાશ્રીએ ખરીદેલું. પરિણામે એ મોરલની આ દુકાન થઈ, જેમાં દાદા ભગવાન પ્રગટ થયા. ભગવાનેય જાણ્યું કે કોઈ દુકાનમાં આવો મોરાલિટીવાળો માલ નથી. માટે અહીં પ્રગટ થયા.

છેતરાવું એટલે શું ? લેણ-દેણ બેલેન્સ. કોઈ આપણી પાસેથી પાંચ રૂપિયા વધારે લે છે તો સૂક્ષ્મમાં એ આપણને એની આત્મશક્તિ આપીને જાય છે. એટલે બધું બેલેન્સ થઈ જ જાય છે. કુદરતના આ લે-વેચના નિયમની લોકોને ખબર નથી માટે છેતરાય તો દુઃખી થાય છે. છેતરનારો આત્મા આપી જાય છે અને દેહ લઈ જાય છે. એમ ને એમ કોઈ પોતાની આત્મશક્તિ વેચતો હશે ? આ તો આપણું પુણ્ય જાગે ત્યારે સામેથી કોઈ આપણને પોતાની આત્મશક્તિ વેચવા આવે, તો આપણે લઈ લેવું. જે છેતરે છે એ પૌદ્ગલિક પ્રગતિ કરે છે અને જે સમજીને છેતરાય છે એ આત્માની પ્રગતિ કરે છે. જ્ઞાની પુરુષ પાસે આ બધું સમજે તો નિવેડો આવે.

દાદાશ્રી સમજાવતા કે જે સમજીને છેતરાય છે, એને પાછલી જિંદગીમાં છેતરાવાનું હોતું જ નથી. એનો હિસાબ પૂરો થઈ ગયો હોય. આ તો અણસમજણથી છેતરાય છે, માટે આખી જિંદગી છેતરાયા કરે છે.

માટે છેતરાવું છે એ નક્કી રાખવું. સમજીને છેતરાયા એટલા જમા થયા, કારણ કે એ દાન આપ્યા બરાબર છે. જાત માટે વાપર્યા એ

બધા ગટરમાં ગયા. આ દુનિયામાંથી કશું જ લઈ જવાનું નથી, તો પછી જાણીને છેતરાઈને સામાને રાજી કેમ ના રાખીએ ? આવી રીતે રહેવાથી દાદાશ્રીનું નામ 'રાજેશ્રી માણસ' પડી ગયેલું. જેનું મન રાજેશ્રી તે રાજા ! આ દુષમકાળમાં આના જેવું મહાવ્રત બીજું કોઈ નથી.

કોઈએ દાદાશ્રીને પૂછ્યું, છેતરાવાની હદ કેટલી ? દાદાશ્રીએ કહ્યું, 'આપણી પાસે ખલાસ થઈ જાય ત્યાં સુધી. ખલાસ થઈ જાય એટલે અંત આવી ગયો.'

છેતરાવું તો જાણીજોઈને, અજાણતાથી તો બધા છેતરાય જ છે. એ ટેક્ષ છે કુદરતનો, એ ભર્યા વગર ચાલે એવું નથી. આ જગત કોઈનેય છોડે નહીં. ભલભલા બુદ્ધિશાળીઓ, ચોર, લુચ્ચા બધાય છેતરાય. આ દુનિયામાં બધા છેતરાય જ છે, કારણ કે મહીં લાલચ ખરી ને ! માનની લાલચ, કીર્તિની લાલચ, પૈસા વધે એની લાલચ, તેથી છેતરાય જ. જેને કોઈની પાસેથી કંઈ જોઈતું જ નથી, એને છેતરાવાનો ભય જ ક્યાં રહ્યો ? માટે હવે જાણીને છેતરાતા જાવ તો ચોખ્ખા થવાશે.

જે સમજીને છેતરાય એને પ્રાજ્ઞ સરળતા કહેવાય. એ જીવ મોક્ષ તરફ જાય. ભગવાન મહાવીર, કૃષ્ણ ભગવાન બધા છેતરાઈ છેતરાઈને ભગવાન થયેલા. જેણે છેતરાવાનો ધંધો માંડ્યો છે, એ જ્યારે ત્યારે ભગવાન થઈને ઊભો રહે અને જેણે છેતરવાનો ધંધો માંડ્યો છે એ શેતાનિયતની ટોચ પર જાય.

દાદાશ્રીએ પણ સમજીને છેતરાઈને 'સ્વ' ઘરનું ચણિયારું ચોક્કસ રાખેલું. દુકાનના, ઘરના ચણિયારા તો ક્યારે પડી જાય એ કહેવાય નહીં. માટે પોતાના ઘરનું (સ્વનું) પાકું કરી લીધેલું.

દાદાશ્રી આવી રીતે જાણીને છેતરાયા કરે. કોઈ દુઃખ આપે તો સહન કરી લે પણ સામે બદલો ના લે. પણ તેથી બનેલું એવું કે એમના આ સ્વભાવથી અમુક લોકો સુધર્યા પણ ખરા અને અમુક લોકો અવળો લાભ લઈ વધારે બગડ્યા પણ ખરા. લોકો દાદાશ્રીને ઠપકો આપતા કે 'તમે જાણીને છેતરાવ છો એટલે આ લોકો વધારે ઊંધા ચાલે છે. શિક્ષા કરો તો પાછા વળે.' ત્યારે દાદાશ્રીએ કહ્યું, 'અમે કંઈ વ્યવહાર સાચવવા

નથી આવ્યા, અમે તો મોક્ષે જવા આવ્યા છીએ.' છતાં લોકોની ફરિયાદ ચાલુ રહી એટલે દાદાશ્રી રમૂજ કરી વાળી લેતા કે 'હું દયાળુ માણસ છું. હું ધોલ મારીશ તો પોલી વાગશે ને મારી ધોલ નકામી જશે. એના કરતા આગળ જતા એને કોઈ એના માથાનો મળી આવશે ને એનું માથું તોડી નાખશે, ત્યારે એ સુધરી જશે.' લાગે રમૂજી પણ કેટલી ગહનતા છે આ સમજણમાં !

બાકી ભય રાખવા જેવું નથી. કારણ કે વ્યવસ્થિતને આધીન છેતરાવાનું છે. અને છેતરનારો એક ઉપદેશ આપીને જાય છે કે એની જોડે પ્રેમ કરવા જેવો છે નહીં. દગો ના કરે તો આપણે એને પ્રેમ જ કર્યા કરીએ ને ! એટલે કશું વ્યર્થ જતું નથી.

આ દુનિયામાં છેતરાવા જેવો મોટામાં મોટો ઉપકાર કોઈ નથી. એનો તો ઉપકાર માનવો, કારણ કે છેતરનારો આપણને મોક્ષ તરફ ધકેલે છે.

જે છેતરતો નથી, નીતિ પાળે છે, એનું મગજ કેટલું બધું હાઈ જાય છે, તો જે જાણીજોઈને છેતરાય એનું મગજ તો કેટલું હાઈ લેવલ પર જાય ! સુપ્રિમ કૉર્ટના જજની પણ ભૂલ કાઢી આપે એટલું એનું બ્રેઈન ટૉપ પર જાય. પણ જ્ઞાન પછી મહાત્માઓએ આ પ્રયોગ કરવાની જરૂર રહી નહીં હવે.

## [૨.૩] ન છેતરાય તો ત્યાંનો ત્યાં, છેતરાય તો પ્રગતિ

ધર્મની બાબતમાં કોઈ આપણને છેતરી જાય તો દુઃખ લગાડીને છેતરાવાની દુકાન બંધ ના કરી દેવી. આમ છેતરાતા છેતરાતા જ એક દિવસ મહાન પુરુષ મળી આવશે. જો તમે એમ કહેશો, કે 'છેતરાવું જ નથી', તો સાચો માણસ ક્યારેય ભેગો નહીં થાય. સો જગ્યાએ છેતરાય પણ એક માણસ એવો મળી આવશે કે તમારું કામ નીકળી જશે.

ગાંધીજીએ કહેલું કે 'હું માણસજાતનો વિશ્વાસુ છું. એ વિશ્વાસ હું ક્યારેય છોડી નહીં દઉં. એમની પાસે છેતરાઈને પણ મને લાભ જ થયો છે.' ત્યારે જુઓ ને, એમની બુદ્ધિ સુપ્રિમ કૉર્ટના જજને નહીં પણ આખી

બ્રિટિશ સરકારને વાંકમાં લઈ લે એટલી ટૉપ પર ગઈ. દાદાશ્રી અને ગાંધીજી આ સમજણમાં એક હતા.

દાદાશ્રી કહેતા, કે 'આ દુનિયામાં જાણીને છેતરાવું એ મોટામાં મોટો સદાચાર છે. આપણે સરળ થવું. સરળનો મોક્ષ થશે.' સરળ એટલે બીજા કહે કે તરત માની લે, પછી ભલે છેતરાવાનું થાય. કોઈ છેતરી ના જાય એવો ચોકીપહેરો મૂકે તો શું થાય ? માણસ શંકાશીલ થતો જાય. કોઈ પર શંકા રાખવી નહીં. શંકા એ મહાદુઃખ છે.

પોતાની ભૂલ ખુલ્લી કરતો એક પ્રસંગ દાદાશ્રી વર્ણવે છે. એક દિવસ એક માણસ એમને જેમતેમ બોલી ગયેલો. બીજા દિવસે એ ભાઈ ફરી આવ્યો. એને જોઈને દાદાશ્રીનું મન એના માટે અવળું બોલ્યું, કે 'આ ફરી કેમ આવ્યો ?' ત્યાં તો પેલો ભાઈ કહે, 'કાકા, મારે ત્યાં જમવા ચાલો.' દાદાશ્રી ચમક્યા ! એમને થયું, આ કેટલી મોટી ભૂલ થઈ ગઈ ! એ જમવા બોલાવવા આવ્યો એ મને ખબર ના પડી અને મેં એના માટે આવો ઊંધો વિચાર કર્યો !

તે દિવસથી એમણે નક્કી કર્યું કે આજે કોઈનાથી અવળું કાર્ય થયું હોય પણ કાલે એ શું કરશે એ કહેવાય નહીં. માટે કોઈ ઉપર શંકા કે અભિપ્રાય રખાય નહીં. જો એ રાખીશું તો જોખમદાર બનીશું.

પાંચ લોકો દગો કરે એટલે બધાને દગાખોર કહેવાય નહીં. ખરેખર તો બધા પરમાત્મા છે. આ તો જ્ઞાનનો સંજોગ બાઝ્યો નથી. જો જ્ઞાન મળી જાય તો કલાકમાં પરમાત્મા થઈ જાય એવા લોકો છે.

## [૨.૪] માનીને માન આપે, લોભિયાથી છેતરાય

'માનીને માન આપી, લોભિયાથી છેતરાય,
સર્વનો અહમ્ પોષી, વીતરાગ ચાલ્યા જાય.'

દાદાશ્રીની વાત કોઈને ગળે ના ઊતરે તો તેઓ એમને 'તમારી વાત સાચી છે' કહી ખસી જતા. સામો લોભિયો હોય તો ઘસાઈને છૂટી જતા, માની હોય તો 'આવો પધારો' કહીને એટલે કે માન આપીને નિવેડો લાવતા. ક્રોધી હોય તો એને શાંતિ આપતા, સ્વાર્થી હોય તો એનો

સ્વાર્થ પૂરો થવા દેતા. આમ સામાના સ્વભાવ પર ઘા માર્યા વગર તેઓ નીકળી જતા. ઘા મારીએ તો એમને દુઃખ થાય. કોઈને દુઃખ આપીએ અને આપણો મોક્ષ થાય એવું બને નહીં. માટે ગમે તેમ કરીને પણ તેઓ સામાના મનનું સમાધાન કરતા. આવું કરવાથી બધાને લાગતું કે દાદા ભોળા છે. પણ લોકોને ક્યાંથી ખબર પડે કે દાદા સમજીને ભોળા બનીને બેઠા છે !

દાદાશ્રીને એક માત્ર મોક્ષે જવા સિવાય બીજી કોઈ બાબતની પડેલી નહીં, તેથી તેઓ બધાને સંતોષ આપી શકતા. આની પાછળ હેતુ માત્ર એટલો જ હતો કે આપણે સામા થઈએ તો એ આપણને પકડી રાખે અને આપણો મોક્ષ અટકાવે. માટે માન-તાન, પૈસા આપીને પણ છટકબારી શોધી લેતા.

અહીં દાદાશ્રીની ફિલૉસોફી જાણવા જેવી છે;

* લોભિયાથી છેતરાયો એ ઊંચામાં ઊંચો માણસ !

* પુદ્‌ગલના બજારમાં પુદ્‌ગલની જ લે-વેચ થાય છે.

* મને ધર્મ કરવા દે છે કે નહીં, એટલું જ જોવાનું. છેતરીને સામો એનું કામ કાઢે છે ને આપણે આપણું કામ કાઢી લેવાનું.

* જે અણહકનું લે એને ગેરલાભ થાય જ, પણ આપણે છેતરાયા તો આપણો મોક્ષ ખુલ્લો થઈ જાય.

* જાણીજોઈને છેતરાયેલા મોક્ષે ગયેલા. અજાણતાથી છેતરાયેલા એ ભટકી ગયેલા બધા.

એવી જ સમજણ વીતરાગોની પણ હતી;

* જો હું છેતરાઈશ નહીં, તો મને મારા છૂટવાના રસ્તે નહીં જવા દે, માટે તેઓ છેતરાય.

* બહારનું જે લૂંટાતું હોય તે લૂંટાવા દે, તેઓ હોમ ડિપાર્ટમેન્ટમાંથી બહાર ના નીકળે.

* પોતાના સ્વઘરનું નહીં લૂંટાવા દેવાનું.

* જાણીને છેતરાય છતાં આંખમાં વંચાવા ના દે કે એમને ખબર છે કે સામેવાળો છેતરી રહ્યો છે.

આ બધાના સારરૂપે દાદાશ્રીએ મોક્ષે જવાની શરતો ખુલ્લી કરી કે જેને મોક્ષ સિવાય બીજી અન્ય કોઈ પણ જાતની કામના નથી અને જેને પોતે જાણીજોઈને છેતરાવું છે એવા કેટલાક લક્ષણો એનામાં પોતાનામાં હશે ને, તો એના મોક્ષને કોઈ રોકનારો નથી. એમ ને એમ એકલો ને એકલો જ્ઞાની સિવાય બે અવતારી થઈને ચાલ્યો જશે.

છેલ્લે દાદાશ્રી ખૂબ કરુણા સાથે ચેતવે છે, કે બહુ જ ખરાબ કાળ આવી રહ્યો છે, ભયંકર દુઃખ અને યાતનાવાળો. માટે ચેતો. આ દાદા મળ્યા એ છેલ્લી તક છે, ઉઠાવી લ્યો. જાતે છેતરાઈને પણ મોક્ષે ચાલ્યા જવા જેવું છે.

## [૩] કોટ પર પડ્યો ડાઘ

એક દિવસ દાદાશ્રી સફેદ લાંબો કોટ પહેરીને લગ્નમાં જતા હતા. લગ્નનો ટાઈમ થઈ જવાના કારણે ઉતાવળમાં હતા અને મામાની પોળમાંથી બહાર નીકળી ઘોડાગાડી ખોળતા હતા ત્યારે જ ઉપરથી કો'ક પાનવાળું થૂંક્યું.

લગ્નમાં જવાનું ને સફેદ કોટ પર લાલ ડાઘ. કેવું લાગે ! એટલે આ વિચારથી ક્ષણવાર તો દાદાજીનો મિજાજ ગયો પણ પછી તરત વિચારણા શરૂ થઈ...

* આ માણસ જાણીજોઈને થૂંક્યો છે કે અજાણતાથી ?

* જાણીજોઈને થૂંક્યો હોય તો મારા ઉપર જોતાની સાથે એ ભડકીને અંદર ભાગી ના જાય. એ ભડક્યો હતો અને એને અરર થઈ ગયું એટલે અજાણતાથી જ થૂંક્યો છે. માટે એનો દોષ નથી.

* કોટની ઈચ્છા નહોતી કે મારા પર પડે.

* ત્યારે શું આપણી ભૂલ છે ? આપણે જાણીજોઈને નીચેથી પસાર થયા હતા, એને થૂંકવું હતું ત્યારે જ ? ના, આપણીયે ભૂલ નથી. તો પછી દોષ કોનો ?

* એનું થૂંકવું ને મારું ત્યાંથી જવું, એક મિનિટ આઘીપાછી નહીં, એ એડજસ્ટમેન્ટ કોણે કરી આપ્યું ? એ એડજસ્ટમેન્ટ કરનારને ખોળવો જોઈએ.

આમ વિચાર કરતા કરતા જડ્યું કે આ ભૂલ આજની નથી, પહેલાના ચોપડાનો હિસાબ લાગે છે. એને ચૂકવી દીધો આજે. એ માણસના ગાફેલ ભાવના બીજ પડેલા, તેથી થૂંક બે ઈંચ આગળ-પાછળ પડવાને બદલે સીધું કોટ પર જ પડ્યું. માટે સમજાઈ ગયું કે આ બધો હિસાબ જ છે. કોટનો નહીં, પણ કોટના પહેરનારનો હિસાબ. જે સૂક્ષ્મમાં નક્કી થઈ ગયેલો હોય છે. માટે ચૂકવવો જ પડે. એમાં કોઈનું ચાલે નહીં. એમ કરતાં કરતાં 'વ્યવસ્થિત' જડેલું.

માટે દાદાશ્રીએ કોઈ ઝઘડો કર્યો નહીં. ઝઘડો કરત તો ચોપડો પાછો વધત. દાદાશ્રી કહેતા, કે ડુંગર ઉપરથી ઢેખાળો પડે એને જેમ આપણે ક્ષમા આપીએ છીએ એમ જો બધા મારનાર ડુંગરના ઢેખાળા જ દેખાય તો સહેજે ક્ષમા અપાઈ જાય.

આમ દાદાશ્રીને જ્ઞાન થતા પહેલા પણ એ બધા જ જ્ઞેયો દેખાતા હતા. ઘણા જ્ઞેયો દેખાય એટલે કોઈ એકનો દોષ ના દેખાય. કોઈ પઝલ ઊભું જ ના થાય. તેથી એમને સહજ ક્ષમા વર્તે.

પણ હવે લાલ ડાઘાવાળો કોટ પહેરીને લગ્નમાં શી રીતે જવાય ? આબરૂનો સવાલ હતો. કોટ બગડવાનું દુઃખ નહોતું પણ આબરૂ જશે એનું દુઃખ હતું. તેથી દાદાશ્રી ઘરે જઈને હાફ કોટ પહેરીને લગ્નમાં ગયા. દાદાશ્રી કહે છે, 'જુઓ ને, જ્ઞાન નહોતું તેથી આબરૂની કેટલી બધી સાચવણી !'

દાદાશ્રી પોતાના અનુભવ પરથી લોકોનું નિરીક્ષણ કરતા કે લોક તો નવા કપડાં પહેર્યા હોય તો દેખાડો કરે ને કપડાં ફાટ્યા હોય તો

આબરૂ સાચવવા ઢાંક ઢાંક કરે. દાદાશ્રી સમજાવતા, કે કોઈ તારું જોવા નવરું જ નથી. બધા પોતપોતાની ચિંતામાં છે. ખરો આબરૂદાર તો કોને કહેવાય ? જેને કોઈ જીવને કિંચિત્‌માત્ર દુ:ખ આપવાની ઈચ્છા નથી એને. માટે સહજ થવા જેવું છે. સભ્યતા હોવી જોઈએ પણ એટિકેટના ભૂતા ના હોવા જોઈએ. એટિકેટના ભૂતા દિવસે જંપવા ના દે ને રાત્રે ઊંઘવા ના દે. દાદાશ્રી હિન્દુસ્તાનમાંથી આ એટિકેટના ભૂતા કાઢવા આવ્યા છે.

## [૪] ઉપાશ્રયની બહારથી જોડા ગયા

દાદાશ્રીની મૂળથી એટિકેટવાળી પ્રકૃતિ. પણ એટિકેટ લોકો કરતા થોડું અલગ ! લોકો મોહના માર્યા એટિકેટના ભૂતામાં પડે, જ્યારે આમના એટિકેટ પાછળ તો ફક્ત 'હું કંઈક છું'નો રોફ ! આથી એમના બૂટ હંમેશાં ચકચકિત અને નવા જેવા જ હોય.

એક દિવસ દાદાશ્રી આવા સારા બૂટ પહેરીને ઉપાશ્રયમાં એક મહારાજ સાહેબના દર્શન કરવા ગયા હતા. બૂટ બહાર કાઢીને દાદાશ્રી અંદર ગયા. વ્યાખ્યાન સાંભળીને બહાર આવ્યા ત્યારે બૂટ ઊપડી ગયેલા. એ જ સ્થિરતા અને સ્વસ્થતા સાથે દાદાશ્રી બોલ્યા, 'જે થયું એ કરેક્ટ.' ચિંતા થવાને બદલે એમને થયું, ''વાંધો નહીં, નવા આવશે. કો'ક નસીબદાર હશે એને જોડા મળી ગયા. સારું થયું, બિચારો પહેરશે નિરાંતે.'' 'જે ગયું એનો ચોપડો ક્યારેય ઉઘાડવો જ નહીં', એવી એમની પહેલેથી સમજણ. એમને થતું, 'લેનારને કોઈ અડચણ હશે ત્યારે લીધા હશે ને ! એટલે એનોય શો દોષ ?'

પણ એટિકેટ એમ કંઈ છોડે ? વિચારો આવવા લાગ્યા; હવે ઉઘાડા પગે ઘરે કેમ જવું ? લોકો શું વિચારશે ? બૂટ કેમ નથી પહેર્યા આમણે ? નાદારી કાઢી છે કે શું ?

ઘોડાગાડી ન મળતા દાદાશ્રીએ ચાલવા માંડ્યું. સામા વેપારીઓ મળ્યા પણ એમની સામે હાથ જોડીને તેઓ પસાર થઈ ગયા. ત્યારે દાદાશ્રીએ તારણ કાઢ્યું, કે કોઈને કોઈનું જોવાની નવરાશ જ નથી.

એમાંય આ તો બૂટનો મામલો, એના પર મોચી સિવાય કોની નજર પડે ? આ વેપારીઓની દૃષ્ટિ તો ધંધો કેવી રીતે વધારવો એમાં જ હોય. એટલે એ દિવસથી 'લોક શું વિચારશે' એ ભય છૂટી ગયો.

આ તો લોકો જાતે પોતાની જાતને આબરૂદાર માને છે. ખરેખર કોઈ આબરૂદાર છે જ નહીં. શરીર પર કોઈ કપડું પહેર્યું ના હોય ને લોક દર્શન કર્યા કરતા હોય એ આબરૂ સાચી, જેમ કે તીર્થંકર ભગવાન !

દાદાશ્રી કહેતા, કે જો તમે ચોરી કરી હશે તો જ તમારું જશે, નહીં તો નહીં જાય. એટલે કોઈ જાતનો ભય રાખવા જેવો નથી. ભગવાનના દર્શન કરવા જાઓ તો સ્થિરતાપૂર્વક કરજો. જોડા જતા રહેશે એની લ્હાય સાથે દર્શન ના કરશો. જોડા જતા હોય તો જવા દેવાના. હિસાબ ચૂકતે થવા દેવાનો. કાયદો એવો છે કે સાત જોડા જવાના હશે તો સાત જ જશે, આઠમો નહીં જાય. માટે જાય તો જવા દેજો. સાત જશે, દસ જશે, બાર જશે પણ એનો અંત આવશે. બાકી આ દુનિયામાં કોઈ કોઈનું ચોરી શકે એમ છે જ નહીં. આપણી દાનતો જ લૂંટે છે આપણને. ચોરી કરનારા તો નિમિત્તો છે બધા.

અત્યારે તો મંદિરમાં દર્શન કરવા જાય તો દર્શન કરતી વખતે જોડા યાદ આવે. ચિત્ત ભગવાનમાં રહેવાને બદલે જોડામાં રહે. જો જોડા જતા રહેશે એવો ભય રહેતો હોય તો જોડા ઘરે ઉતારીને જવું. તીર્થંકરોની મૂર્તિમાં એટલું બધું બળ છે કે જો સાચા દર્શન કરે તો આપણી શક્તિ ખૂબ વધી જાય. પણ આ તો ભગવાનના દર્શનની સાથે સાથે બહાર જોડાનાય દર્શન કરે છે એટલે ફળ મળતું નથી. લોકો દાદાશ્રીને પૂછતા, કે અમારે શું કરવું હવે ? ત્યારે દાદાશ્રી કહેતા, કે ભગવાનની સાથે જોડાનું ધ્યાન કરવાથી જોડા નહીં જાય એની ગેરેન્ટી હોય તો હુંયે એવું કરું. પણ ના, એની કોઈ ગેરેન્ટી નથી.

છતાં કંઈક તો સૉલ્યુશન જોઈએ ને ! માટે દાદાશ્રી શિખવાડતા, કે દર્શન કરવા જતી વખતે ચંપલને બહાર કાઢતી વખતે એને એટલું કહેવું કે 'હું ભગવાનના દર્શન કરવા જાઉં છું. તારે રહેવું હોય તો રહેજે અને જવું હોય તો જજે. અમારી ઈચ્છા છે કે તું રહે.' આટલું કહીને જવું.

નિર્જીવ વસ્તુ સાથેય વાતચીત કરવી, છે ને અક્રમ વિજ્ઞાનની અદ્ભુતતા !

આર્તધ્યાન-રૌદ્રધ્યાન થવાની જગ્યાએ એને ના થવા દેવા એનું નામ ધર્મધ્યાન. જ્ઞાન થતા પહેલાની દાદાશ્રીની આ બધી શોધખોળો હતી, જેનાથી સૉલ્યુશન આવી જતા.

જ્ઞાન પછી તો દાદાશ્રીની આંતરિક દશા એટલી ઊંચી ગઈ કે ગમે તે પરિસ્થિતિમાં તેઓ અસરમુક્ત રહી શકતા હતા. દાદાશ્રી કહે છે, હવે તો કોઈ અમને સ્ત્રીના કપડાં પણ પહેરાવે તોય અમને કશી અસર ન થાય ! લોકો હસે તો હું પણ એની સાથે હસવા લાગું કે એને આનંદ થાય છે ને ! આબરૂનો ભય સંપૂર્ણ ખલાસ થયાની આ નિશાની !

## [૫] ચશ્માની ઉપાધિ

દાદાશ્રીને છોત્તેર વર્ષે પણ ચશ્મા નહોતા પહેરવા પડતા. કોઈએ દાદાશ્રીને એનું કારણ પૂછ્યું તો દાદાશ્રી કહે, મેં ખરાબ જોયું હોય તો ચશ્મા આવે ને ! સીધું જ જોયું હોય તો શી રીતે ચશ્મા આવે ?

પણ તેતાલીસમા વર્ષે દાદાશ્રીને છાપાના અક્ષર વંચાતા ઝાંખા થયા એટલે લોકોના કહેવાથી તેઓ બેતાળાંના ચશ્મા લઈ આવ્યા. ચશ્મા પહેરીને અક્ષરો વંચાવા તો લાગ્યા પણ એમને ચશ્મા જરાય ગમતા નહીં. એટલે ઓછામાં ઓછો એનો ઉપયોગ કરતા. બે વર્ષ પછી એક જણે દાદાશ્રીના ચશ્મા ટ્રાય કર્યા. એને સારું વંચાવા લાગ્યું. આમેય દાદાશ્રી પહેલેથી જ નોબલ હતા. સામાના આનંદમાં પોતે રાજી થાય એવા ! તરત જ એમણે એને પોતાના ચશ્મા આપી દીધા. તે દિવસથી દાદાને ચશ્મા વગર જ ચોખ્ખું વંચાવા લાગ્યું. કુદરતી જ આવું બની ગયું.

ના વંચાતું હોય તોય ચશ્મા આપી દેવા એ હિંમત જોઈએ ને ! દાદાશ્રીને થતું, નહીં વંચાય તો નહીં વાંચીએ. ફ્રેન્ચ ભાષામાં લખેલું હોય એ નથી જ વંચાતું ને ! તેમાં બેતાળાં નથી આવ્યા છતાં આવેલા જ છે ને ! એટલે એમને પેપર વાંચવાની બહુ પડેલી નહીં. એ કહેતા, ‘પેપર પહેલું કે હું પહેલો ?’ એમ કરીને આપી દીધા.

દૂરનું જોવામાં પણ દાદાશ્રીને તકલીફ થતી હતી, છતાં તેઓ કહેતા, મારે બહુ દૂરનું જોઈને શું કામ છે ? ભગવાને કહ્યું છે કે આગળ સાડા ત્રણ ફૂટનું જોઈને ચાલજે. કોઈ જીવડું વટાય નહીં કે કોઈ અથડાય નહીં એટલું જોજે. એટલે એનાથી આગળનું જોઈને મારે શું કામ ? દૂરનું ના વંચાતું હોય તો કોઈને પૂછી લઈએ એટલે એ તરત કહી દે. બાકી બિનજરૂરિયાતનું મારે જોવું જ નથી. આમ દાદાશ્રીને ચશ્માની લાચારી જરાય ગમતી નહીં.

દાદાશ્રીએ એક નવો જ ફોડ પાડ્યો કે કોઈ ગધેડા, કૂતરા, વાંદરા કે માંકડાને ચશ્મા નથી પહેરવા પડતા, તો એકલા મનુષ્યને જ કેમ આ ભાંજગડ ? આંખમાં તો બહુ શક્તિ છે. આ તો એબ્નૉર્મલ એટલે કે વધારે પડતું અને જે પરાણે વાંચવું પડે એનાથી ચશ્મા આવે છે. શોખનું વાંચવાથી ચશ્મા ના આવે. એમાંય ચશ્મા એ સાયકૉલોજી ઈફેક્ટ છે. જેને વંચાવાનું ઓછું થતું જાય એણે મૂંઝાયા વગર થોડો વખત વાંચવાનું સાવ બંધ કરી દેવું જોઈએ. એટલે સરખું થઈ જાય. પણ આ તો તે વખતે મૂંઝાય છે કે 'હવે શું થશે, શું થશે !' અને ડૉક્ટરોય કહે કે 'ચશ્મા રાખજો, નહીં તો આંખ બગડી જશે.' અને પોતે માની લે. નહીં તો અંદર બહુ શક્તિઓ છે. આ તો માની લીધેલી ઈફેક્ટના આવરણો આવી જાય છે આંખો પર.

દાદાશ્રી શિખવાડતા કે આંખે દેખાવાનું ઓછું થાય તો બોલવું, કે 'મને આંખે સારું દેખાય છે.' આવું વધારે બોલવાથી આંખ સારું દેખતી થાય પાછી. અને આ વ્યવહારિક ઉપાયની સાથે સાથે દાદાશ્રીએ તાત્ત્વિક ઉપાય પણ શિખવાડેલો.

'હું અનંત દર્શનવાળો છું' એવું બોલ બોલ કરે તો આંખમાં દેખાવાનું શરૂ થાય. ચિત્તથી તો દેખાય જ છે. એટલે આવું બોલવાથી આંખે પણ દેખાતું થાય.

## [૬] ના જોઈએ પરાધીન કરનારી ઉપાધિઓ

પચ્ચીસ વર્ષની ઉંમરે દાદાશ્રીએ એક સાઈકલ ખરીદેલી. પણ એને ઘડી ઘડી પંક્ચર પડે એટલે સાઈકલવાળા પાસે રિપેર કરાવવા જવું પડે.

લોકો કહેતા, આ રોજ પંક્ચર રિપેર કરાવવા જવાનું એના કરતા જાતે જ શીખી લો ને ! દાદાશ્રી કહે, 'ભાઈ, આ દુનિયામાં જેટલી ચીજો છે, એ બધી હું શીખવા માટે આવ્યો નથી. હું તો આત્મા શીખવા આવ્યો છું. વ્યવહાર જ્ઞાનના જ્ઞાનીઓ તો અહીં જોઈએ એટલા મળે છે. તો એ શું કરવા શીખવાનું ? શીખવા જેવું તો એ છે, કે જેનો જ્ઞાની જ મળવો દુર્લભ હોય, એટલે કે આત્માનું.'

કોઈ પણ મશિનરી રિપેર કરવી, એ તન્મયાકારપણું માગે હંમેશાં. એના વગર એક નટ ફિટ ના થાય. એટલે એટલો સમય આત્મા જતો રહે. એટલે દાદાશ્રી પૈસા આપીને પણ સાઈકલ બહાર જ રિપેર કરાવી લેતા.

એક દિવસ દાદાશ્રીના ભાઈબંધ સરકસની બે ટિકિટ લઈ આવ્યા. એ ટિકિટ ઉપર લકી ડ્રૉ હતો. ઈનામમાં સાઈકલ હતી. એ ઈનામ દાદાશ્રીને લાગ્યું. સાઈકલ લઈને પાછા ફરતી વખતે એમના ભાઈબંધે દાદાશ્રીને કહ્યું, 'તમારી પાસે તો સાઈકલ છે. તમે આ સાઈકલનું શું કરશો ? એના કરતા લાવો ને, મારા મામાના છોકરા પાસે સાઈકલ નથી તો એને આપીએ.'

દાદાશ્રી એનું મન કળી ગયા કે એને મનમાં એમ થાય છે કે ટિકિટ હું વેચાતી લાવ્યો ને ઈનામ આ લઈ ગયો. દાદાશ્રીએ તરત એને સાઈકલ આપી દીધી. દાદાશ્રી તો રાજેશ્રી મનવાળા ! એમણે ટિકિટ ખરીદી હોત તોય એ પેલાને સાઈકલ આપી દે એવા ! દાદાશ્રી કહેતા, 'અમારું મન ક્યારેય ભિખારી થયું નથી, ભલે પૈસા ના હોય તોય. જો મરી જવાનું ના હોય તો આપણે બીજા પાસે કંઈ માગીએ. પણ મરવાનું છે ત્યાં શું માગવાનું ?' દાદાશ્રી પોતાની પાસે જે હોય એ બધું છૂટથી આપી દેતા.

એમાં એક દિવસ પાણીનું નાનું વહેણ પસાર કરવાનું આવ્યું એટલે સાઈકલને ઊંચકીને લઈ જવી પડી. ત્યારે દાદાશ્રીને વિચાર આવ્યો, કે સાઈકલ ઉપર બેઠા ત્યારે મારે એને ઊંચકવાનો વારો આવ્યો ને ! એના કરતા એના ઉપર બેસવાનું જ છોડી દો. આમ જે જે ઉપાધિ સ્વરૂપ

લાગતું એમાંથી સુખ લેવાનું તેઓ તરત છોડી દેતા. જરાય વાર લાગતી નહીં.

એ જ રીતે એક દિવસ દાદાશ્રી હાથમાં પહેરવાનું ઘડિયાળ લઈ આવેલા. રાત્રે એ પહેરીને જ સૂઈ ગયા. ઊંઘમાં હાથ કાન પાસે જતા ઘડિયાળ કાનને વાગ્યું ને દુખ્યું. ત્યારથી એમણે ઘડિયાળ પહેરવાનું બંધ કરી દીધું. આ શરીરની જેટલી ઉપાધિઓ છે, ખાવાની, પીવાની, વાળ કપાવવાની, સૂવાની, ચા પીવાની એ જ બધી દાદાશ્રીને પોસાતી નહોતી, ત્યાં આ બીજી ક્યાં વધારે ?

આ તો મોહ છે એટલે લોકો ખુશી ખુશી બધું પહેરે છે. સ્ત્રીઓને ત્રણ શેર સોનું પહેરાવીએ તોય ભાર ના લાગે અને દાદાશ્રીને ઘડિયાળનોય ભાર લાગતો હતો. એમણે તરત તારણો કાઢ્યા કે...

* ઘડિયાળ ઊંઘમાં અડચણ કરે છે.

* પહેરતા હાથમાં ભાર લાગે છે.

* ઘડી ઘડી ધ્યાન ટાઈમ જોવામાં જાય છે.

* ઘડી ઘડી ટાઈમ જોવાથી ચંચળતા ઊભી થાય છે.

* ઘડિયાળ પહેરીએ એટલે એ ચેતવે એમ ચેતવાનું.

* ઘડિયાળ ડરાવે છે, ચમકાવે છે.

* ટાઈમ જોતા જ શૉક લાગે કે 'મોડું થઈ ગયું, મોડું થઈ ગયું.'

અરે ! જે મનુષ્યજીવન કો'ક ફેરો હાથમાં આવ્યું હોય એમાં શૉક લગાડે એવું પહેરાય ? જે દેશમાં રાજાયે ભડકાવે, એ દેશમાં રહેવું નહીં. જંગલમાં રહેવું સારું, પણ એ દેશમાં રહેવું નહીં.

આ તો લોકો ટેવાઈ ગયા છે એટલે ઘડિયાળ પહેરે છે, બાકી અંદર જ ઘડિયાળ છે. મહીંથી ટાઈમની બધી ખબર પડે એવું છે.

આવી સમજણ આપીને દાદાશ્રી તરત ખુલાસો કરતા, કે આ જ્ઞાન માત્ર જાણી રાખવા માટે છે, માટે ઘડિયાળ પહેરનારાઓ ઘડિયાળ

પહેરવાનું છોડી ના દેશો. પણ કહેવાનું એટલું જ કે જાગ્રત માણસને ઘડિયાળની જરૂર હોતી નથી. માણસ જો ગોઠવણી કરે તો રૂટીન રેગ્યુલર સેટ થાય એવું છે. બાકી ઘડિયાળ જો મરણનો ટાઈમ દેખાડતું હોય તો કામનું. એટલે ઘડિયાળ હાલે પણ આપણે ના હાલીએ એવું હોવું જોઈએ. આ ઘડી ઘડી ઘડિયાળ જોવામાં ચિત્ત વિખરાઈ જાય, એની ઐશ્વર્ય શક્તિ તૂટી જાય.

આમ તો કોઈ પણ ક્રિયા કરીએ એમાં ચિત્ત વપરાય જ. પણ દાદાશ્રીનો અહંકાર એટલો બધો ખલાસ થયેલો કે જ્ઞાન પછી પાછલી ઉંમરમાં એમનું નહાવાનું, માથું ઓળવાનું, તેલ લગાડવાનું, કપડાં પહેરવાના, બૂટ પહેરવાના વગેરે બીજા લોકો જ કરતા. દાદાશ્રીને ક્યાંય ડખો જ નહીં. તેથી એમનો ઉપયોગ એમાં જતો જ નહીં. એમની ચિત્તશક્તિ સંપૂર્ણ આત્મમય હોય, જ્યારે મહાત્માઓ આ બધું જાતે કરે એટલે એમની ચિત્તશક્તિ વિખરાય એટલી.

દાદાશ્રીએ ક્યારેય રેડિયો વસાવેલો નહીં. બહારનો આટલો બધો ઘોંઘાટ ઓછો છે કે એમાં વળી રેડિયો વગાડવાનો ! ઉપરથી એમાં બોલનારા માણસો કે એમની વાતો સર્ટિફાઈડ હોતી નથી, તો એમનું શું સાંભળવાનું ? ન્યૂઝવાળા દુનિયાભરની ખબર આપતા હોય કે આ હારી ગયા, આ જીતી ગયા, અવકાશયાત્રી ચંદ્ર પર પહોંચી ગયા તો એમાં આપણને શું લાભ ? લોકો પોતાનો કેટલો બધો ટાઈમ આમાં ખોઈ નાખે છે ! જ્યાં માણસોને સાંભળવામાં આટલો કંટાળો આવે છે, ત્યાં વળી રેડિયો સાંભળવાનો હોય ?

આ રેડિયો તો કોણ સાંભળે ? જેને પ્રથમ વખત કાનની ઈન્દ્રિય આવી હોય એ. જેની મનુષ્યપણાની શરૂઆત થઈ હોય, એ લોકો આવી રીતે કાને અડાડીને રેડિયા સાંભળે. પણ હજારો વખત મનુષ્યમાં આવી ગયેલો માણસ આવી રીતે કાને અડાડીને રેડિયો સાંભળે નહીં. નવી વસ્તુ એકવાર જોવાની હોય. એનો કંઈ કાયમ અનુભવ લેવાનો ના હોય !

અનંત અવતાર સુધી પોતે ભોગવેલું હોય એને સંતોષ હોય. એને કશી ચીજ જોઈએ નહીં. આપે તો ઊલટું મહીં ઉપાધિ લાગે. અને

ના ભોગવેલું હોય એને જાતજાતનો લોભ હોય કે આ ભોગવું, પેલું ભોગવું.

એટલે આ બધું એક તો લોકસંજ્ઞાથી ઘૂસી ગયું છે અને બીજું, પોતે મહીં ધરાયેલો નથી એટલે આ બધાની ઈચ્છાઓ થાય છે. બાકી ધરાયેલાને કોઈ વસ્તુ ભૂખ લગાડે એવું નથી. આ બધી મેડનેસ કહેવાય. જીવનમાં બીજી બધી પરવશતાઓનો પાર નથી, ત્યાં આ રેડિયો લાવીને નવી પરવશતા ઊભી કરાય ?

એમાંય અક્રમ વિજ્ઞાન જાણ્યા પછી તો એક મિનિટ પણ બગાડાય કેમ કરીને ? નિરંતર ઉપયોગમાં રહેવાનું હોય. મનુષ્યનો અવતાર છે એમાં રેડિયો સાંભળવાનો હોય ? જાનવરો જે ના સાંભળે એ મનુષ્યોએ સાંભળવાનું હોય ?

હિન્દુસ્તાન સિવાય બહાર બધે ઈન્દ્રિય સુખો છે. એમને માટે આ રેડિયા બરાબર છે. કારણ એ કષાયયુક્ત પ્રજા નથી. હિન્દુસ્તાનમાં તો કષાયયુક્ત એટલે કે ડેવલપ પ્રજા છે. એટલે અહીંયા રેડિયા ના સંભળાય. એ આગળ વધવાને બદલે ઊલટા પાછળ લઈ જાય આપણને.

દાદાશ્રીએ પોતાની એક મિનિટ પણ ઊંધે રસ્તે નથી જવા દીધી, ઉપયોગપૂર્વક જ જીવન જીવ્યા છે. અજ્ઞાન દશામાં હતા ત્યારે અજ્ઞાન ઉપયોગ હતો પણ ઉપયોગ હતો. આવું છોકરમત જેવું નહીં. દાદાશ્રીને કદી ભૌતિક સાધન-સામગ્રીમાંથી કોઈ વસ્તુ ચિત્તમાં ચોંટી નથી.

સંસારમાં બે પ્રકારના દર્દી છે. એક અહંકારનો દર્દી છે. પોતાનું માન દેખાડવા માટે રેડિયો, ટી.વી. બધું વસાવે. એને એમાં સુખ લાગે. અને બીજો, જે હજુ ડેવલપ થયો નથી એવો દર્દી જેને રેડિયો સાંભળે નહીં ત્યાં સુધી એને ચેન ના પડે. એમાં ગાયન સાંભળે એટલે પછી મસ્તીમાં ઊંઘ આવે. આપણે અહીં હિન્દુસ્તાનમાં માનવાળા દર્દી વધારે છે. પણ આ બધું હિતકારી નથી એવું જાણી દાદાશ્રીએ આવું કંઈ પણ વસાવ્યું જ નહીં. એટલું જ નહીં, એમને બહાર લાઉડ સ્પીકર વાગતું હોય તોય કંઈ ફરક ના પડે. કિંમત જ નહીં મૂકેલી ત્યાં શું ફેર પડે ? અને સાથે સાથે ચીઢેય નહીં.

દાદાશ્રી કહેતા, કે પૂર્વે મનમાં ભાવ કર્યા હોય કે નવી જે કોઈ પણ વસ્તુ ઉત્પન્ન થાય એ બધી ચીજો મારે જાણવી છે. એવા ભાવના પરિણામે છે તે આ ટી.વી., રેડિયો, ટેપરેકર્ડ બધું ભેગું થાય. એટલે આંખની ચંચળતા, કાનની ચંચળતા કરાવે એવું બધું ભેગું થાય. જે ભાવ કર્યા હોય એ મળે. કેમ કરીને કોઈ મને દેખે અને મારો રોફ પડે એવા ભાવ કર્યા હોય એટલે એવા કપડાં મળે, બૂટ મળે, એ બધું ભેગું થાય.

ટી.વી. માટે પણ દાદાશ્રી કહે છે, કે આ જોવા જેવી વસ્તુ નથી, આંખોને બગાડનારી વસ્તુ છે. એક પ્રકારની મેડનેસ છે. જે ટી.વી. જોવા કૂતરા પણ નથી બેસતા, એ જોવા આપણે શી રીતે બેસાય ?

એકવાર દાદાશ્રીને વિચાર આવ્યો કે આ ટી.વી., સિનેમા બધું દુનિયામાં લોકોના સંસ્કાર બગાડી નાખશે. એ કોયડા સાથે તેઓ એક જગ્યાએ એકાંતમાં બેઠા અને તરત સમાધાન જડ્યું કે આ સિનેમાએ અત્યાર સુધી જે નુકસાન કર્યું છે તે જ ફાયદો આપશે.

રેડિયો, ટી.વી. આ બધા ઝડપી સાધનોનો ઉપયોગ જ્યારે સવળો થશે ત્યારે કામ નીકળી જશે. સાધનો નુકસાનકારક નથી, એનો ઉપયોગ અવળો થઈ રહ્યો છે, પૈસા કમાવવા માટે, માટે તે નુકસાનકારક છે. કેવા ગજબના દાદાશ્રી ! અને કેવી ગજબની એમની વિચારધારા ! આજે આપણે દાદાશ્રીના આ વિઝનને સાચું પડતા જોઈ રહ્યા છીએ.

દાદાશ્રી પોતાની પાસે ફોન પણ નહોતા રાખતા. ઊંઘ આવતી હોય અને ઊંઘમાં પછી ફોનની ઘંટડી વાગે એ પોસાય નહીં. માંકડ-મચ્છર કરડે ને ઊઠવું પડે એ ફરજિયાત છે પણ આ બધી મરજિયાત વસ્તુઓ છે. જેને પોતાનો વટ વધારવો હોય એ લોકો રાખે. દાદાશ્રી આખી રાત પોતાની સ્વતંત્રતાથી સૂવાવાળા.

દાદાશ્રી ગાડીય રાખતા નહીં. ગાડી રાખીએ એટલે ડ્રાઈવર કહે કે ગાડીનો આ સ્પેરપાર્ટ તૂટી ગયો છે, પેટ્રોલ ખૂટી ગયું છે... દાદાશ્રીને આ બધી ઉપાધિ લાગતી હતી. દાદાશ્રીના ભાગીદાર પણ એમને કહેતા કે તમારું તો કુમળું હૃદય ને કુમળું મગજ છે, માટે આ તમારું કામ નહીં.

હાર્ડ લેબર અને હાર્ડ ભેજું હોય એ ગાડી ચલાવી શકે. દાદાશ્રી કહેતા, કે આ શોખની વસ્તુઓ નથી, આ ખલેલ કરનારી વસ્તુઓ છે. એના પર ભાવ ના કરાય. એના લીધે જ આપણે જીવીએ છીએ એવું ના હોવું જોઈએ.

સુખી થવું હોય તો જીવનમાં આવશ્યક અને અનાવશ્યકની ભેદરેખા હોવી જરૂરી છે. દાદાશ્રી કોન્ટ્રાક્ટર હોવાથી એમની પાસે પૂરતા પૈસા હતા, છતાં આખી જિંદગી એમણે નથી રેડિયો વસાવ્યો કે નથી ઘડિયાળ લાવ્યા. આ બધી બિનજરૂરિયાતવાળી વસ્તુઓ છે. આવશ્યકમાં શું આવે ? શરીરનું પોષણ થાય એવો ખોરાક, પોતાના નોકરી-ધંધા, માન-મરતબા પ્રમાણે કપડાં, રહેવા માટે ઓરડી. એટલે કે રોટી, કપડાં ઔર મકાન એ બધી આવશ્યક વસ્તુઓ કહેવાય. બાકી બીજી બધી ચીજના ખર્ચા એ તો મોહ છે. આ તો બીજાનું જોઈને જે બધું નવું નવું વસાવે છે, એ બધો મોહ કહેવાય. ના જરૂરિયાતની વસ્તુ લાવે અને જરૂરિયાતની વસ્તુની કસર વેઠે એનું નામ મોહ ! અને આવો મોહ એ જ પરિગ્રહ છે ને એ જ દુઃખદાયી છે એવું દાદાશ્રીને પહેલેથી જ સમજાઈ ગયેલું.

આ અનાવશ્યક વસ્તુના મોહ ઉપાધિ કરાવે છે, છતાં પણ એને છોડી શકતા નથી લોકો. એમને આબરૂ વધારવી છે તે શી રીતે છૂટે ? એટલે માણસને ખરેખર દુઃખ નથી, આ બધા ઈન્વાઈટેડ દુઃખો છે. વસ્તુ લાવ્યા તો ઉપાધિ થઈ ને ? પહેલા એના વગર શાંતિથી રહેતા જ હતા ને ! આ તો લોકો સ્પર્ધામાં પડ્યા, કે 'આના કરતા હું સારો દેખાઉં, આના કરતા હું સારો દેખાઉં' એટલે બધું વસાવ્યું અને દુઃખો ઊભા કર્યા.

સામાન્ય રીતે લોકો પોતાની પાસે હોય એના કરતા વધારે હોય એનું જોઈ જોઈને દુઃખી થાય છે. જ્યારે દાદાશ્રીએ ક્યારેય એમનાથી ઊંચી સ્થિતિવાળાનું જોયું જ નથી. નીચાવાળાનું જ જુએ એટલે દુઃખ જ ના રહે. ઊલટું એમ થાય કે એના કરતા આપણું કેટલું સરસ છે !

છતાંય એક વખત દાદાશ્રીને પોતાનાથી ઊંચી સ્થિતિવાળાનું જોઈને દુઃખ ઊભું થયું. એમને થયું, મને કેમ દુઃખ થાય છે ! એટલે

તેઓ પોતાને ગરીબ લોકોના લત્તામાં લઈ ગયા અને પછી પૂછ્યું, કે 'આ લોકો સુખી છે કે આપણે ?' ત્યારે કહે, કે 'આપણે સુખી છીએ.' આમ મહીંવાળાને પોતે જ સમાધાન આપ્યું, તે દુઃખ બંધ થઈ ગયું. જે ભૂત પેઠું હતું એ એની જાતે જ નીકળી ગયું.

દાદાશ્રીની ધંધાની સારી આવક હોવા છતાં એમણે એમના ઘરમાં બે ખુરશીઓ અને એક ટીપોય, આટલો જ સામાન વસાવેલો. તેઓશ્રી આખી જિંદગીમાં ક્યારેય બીજાનું જોઈને ચાલ્યા નથી. તેઓશ્રી કહેતા કે આપણે તો અસલ લઈને આવ્યા છીએ. આ જગતમાં કોઈનીય નકલ કરશો નહીં. લોકો જ નકલી છે તો તું નકલીની નકલ ના કરીશ. દાદાશ્રી અસલ કહેવાય. એમનો એક-એક શબ્દ અસલ કહેવાય. એમની વાત અસલ હોય. એમની જો નકલ કરે ને તો વાત કામની છે. બાકી લોકોની નકલ કરવા જઈએ તો ફસાઈ જઈએ ઊલટું.

દાદાશ્રીએ નાનપણથી એવો જ સ્વભાવ રાખેલો કે કોઈની નકલ કરવી નહીં. સારું હોય કે ખોટું, પોતાનું જ હોવું જોઈએ. હિતાહિતનું ભાન તો પોતાને સ્વતંત્ર હોવું જ જોઈએ, કે હું શું કરું તો સુખી થઉં અને શું કરું તો દુઃખી ? એટલો ખ્યાલ તો આવવો જ જોઈએ. સંસારમાં બીજું કંઈ ના આવડ્યું તો કંઈ નહીં. આટલું આવડ્યું તોય બહુ થઈ ગયું.

આપણે તો ઋષિમુનિઓના સંસ્કારી પુત્રો કહેવાઈએ. આપણે તો કોઈ ચીજની જરૂર ના હોય એવા સ્વતંત્ર થવું જોઈએ. એક પણ ચિંતા ના થાય એવું જીવન હોવું જોઈએ. હિન્દુસ્તાનના માણસોને તેત્રીસ કોટિ દેવો કહ્યા છે શાસ્ત્રકારોએ. હવે દેવની કોટિમાં આવ્યા તોય પાંસરા ના રહીએ, અને આવું લોકોની હરીફાઈમાં પડીએ એવા કઈ જાતના લોક આપણે ?

## [૭] વાપર્યું પુણ્ય ફક્ત ધર્મ કાજે

આપણી પાસે જેટલું પુણ્ય ભેગું થયું હોય એ શેમાં શેમાં વાપરવું એ આપણે જ પાછલા ભવમાં બુદ્ધિના આશયમાં નક્કી કર્યું હોય છે. દા.ત. સારું ભણતર જોઈએ, બંગલો જોઈએ, વાઈફ ને બે છોકરાં જોઈએ,

ગાડી જોઈએ વગેરે. આમ લોકોએ એંસી-પંચ્યાસી ટકા પુણ્ય આ બધામાં જ વાપરી નાખ્યું હોય. અને છેલ્લે જે પંદર-વીસ ટકા બચે એ ધર્મ ખાતે રાખે.

જ્યારે દાદાશ્રીએ પંચ્યાસી ટકા ધર્મ માટે અને પંદર ટકા સંસાર માટે વાપર્યા હતા. પંદર ટકામાં સંસાર માટે એમણે શું શું માગ્યું હતું ? હીરાબા જેવા સંસ્કારી પત્ની માગ્યા હતા. સંસ્કારી લોકો રહેતા હોય એવી પોળમાં એકાદ ઓરડી હશે તો ચાલશે. પછી કપડાં અપ ટૂ ડેટ જોઈશે અને થોડી 'વાહ વાહ' થતી હોય એવું થોડુંઘણું માગેલું. બાકી છોકરાં, ગાડી-બંગલો કશામાં પુણ્ય ખર્ચ્યું જ નહોતું. બીજું બધું તો જે હશે તે ચાલશે એવું જ હતું. અને બાકીના પંચ્યાસી ટકા આત્મા અને આત્મા મેળવવાના સંજોગો માટે રાખ્યા હતા.

આ જ કારણ છે કે લોકો પાસે બધું જ હોવા છતાં જ્યારે ધર્મ કરવો હોય ત્યારે વાંકા સંજોગો ભેગા થાય, અને એમાં જ અટવાયેલો રહે અને ધર્મ કરી શકે નહીં. જ્યારે દાદાશ્રીને પત્ની, ધંધો બધું હોવા છતાં એમનો સંસાર વ્યવહાર સરળતાથી ચાલ્યા જ કરતો અને પોતે ધર્મમાં જ હોય, નિરંતર. એમણે ધર્મમાં જ વધારે ટકા વાપર્યા હતા. તેથી કળિયુગમાંય એમના સંજોગો એકધારા સત્સંગના જ હતા. પુણ્ય બીજા કશામાં વાપરેલું જ નહીં.

પુણ્ય અને પાપની વહેંચણીમાં પાપ કેવી રીતે વહેંચાશે એનું બંધારણ નથી થતું પણ પુણ્ય શેમાં શેમાં વહેંચાશે એના માટે ટેન્ડર ભરાવાય છે. આપણે ટેન્ડરમાં જે જે ભર્યું હોય એ બધું પુણ્યમાંથી વપરાઈને મળે. એટલે માણસ જે ભોગવી રહ્યો છે, એ પોતાના ટેન્ડર પ્રમાણે જ ભોગવી રહ્યો છે. એમાં કોઈ ફેર નથી. શરીર, રૂપ, રંગ, પત્ની, છોકરાં, ગાડી, બંગલો... બધું જ પોતાનું પુણ્ય વપરાઈને મળે છે. ભગવાન આમાં વચ્ચે આવતા જ નથી.

લોકો પોતાના સંજોગો માટે ભગવાનને ગુનેગાર ગણે છે ને ફરિયાદ કરે છે. પણ લોકોને વહીવટ કરતા ના આવડ્યો ને પછી માર ખાય એમાં કોઈનો શો દોષ ? બુદ્ધિના આશયમાં સંસારનું જે થવું હોય

એ થાય, મારે જ્ઞાની પાસે પડી રહેવું છે, એવું માગ્યું હોય તો એવું મળી આવે. પોતાની જ ગોઠવણી પ્રમાણે મળે છે. હવે એમાં ભૂલો કાઢીને ખોટી બૂમાબૂમ શું કરવાની ?

દાદાશ્રી જાણતા જ હતા કે ધર્મના બાય પ્રોડક્શનમાં બધી જાહોજલાલી ફ્રી ઑફ કૉસ્ટ મળવાની જ છે. તેથી એમણે ધર્મ સિવાય બીજું કશું માગેલું જ નહીં. છતાં મોટા સમ્રાટ કરતા વધુ સુખ ભોગવતા હતા. અને ધર્મ માટે જે પુણ્ય ખર્ચ્યું હતું એ પુણ્યનો પ્રભાવ કેવો, કે જે પ્રમાણે એમની જગત કલ્યાણ કરવાની ભાવના હતી, એ મુજબ કલ્યાણ કરી શકે એવું જ્ઞાન પ્રગટ થયું !

મહાત્માઓને હવે આ કશું સમજવાની જરૂર રહી નહીં. પણ બહારના લોકોએ પુણ્યના ટકા કેવી રીતે વાપરવા એ વાત જાણવા જેવી છે. એ નથી સમજ્યા તેથી એમને આજે સત્સંગમાં આવવાના અંતરાય પડે છે. માટે દાદાશ્રી લોકોને શિખવાડતા કે હવે કશું જ જોઈતું નથી, એવું માગવું. એવું માગશો તોય દેહ અને એને અનુકૂળ જે હોય એ બધું પ્રાપ્ત થશે, એ પણ પુણ્ય ખર્ચાયા વગર, ફ્રી ઑફ કૉસ્ટ ! એટલે હવે મૃત્યુ સુધી જે ટેન્ડરો બદલવા હોય એ બદલી શકાય.

દાદાશ્રી કહેતા, અમને તો હવે આવતા ભવે કપડાંય ના જોઈએ. આમ એમણે પોતાના માટે ચરમદેહના બીજ વાવ્યા.

## [૮] મુસાફરી વખતે...

### [૮.૧] થર્ડ ક્લાસની ભીડમાંય ખોળ્યું એકાંત

મુસાફરી સમયે દાદાશ્રી હંમેશાં થર્ડ ક્લાસમાં મુસાફરી કરવાનું પસંદ કરતા. સેકન્ડ ક્લાસમાં એક કે બે જણ હોય, એ પણ એટિકેટવાળા. દાદાશ્રી એમના પહેરવેશ પરથી શેરબજારના શેઠ જેવા દેખાય. એટલે સેકન્ડ ક્લાસના મુસાફરો, વેપારમાં આપણને કામ લાગશે એવી લાલચથી દાદાશ્રી સાથે ઓળખાણ કરતા, ઘરનું એડ્રેસ લેતા. જરૂર પડ્યે ઘરે આવે અને પછી પાછળ પડે. દાદાશ્રી પોતે સામે ચાલીને ક્યારેય આવી રીતે ઓળખાણ કરતા નહીં. તેઓ માનતા કે આપણને જો લાલચ ને દાનત

ચોર હોય તો ઓળખાણ કરવાની જરૂર. એટલે સેકન્ડ ક્લાસમાં આવું બનવાથી દાદાશ્રીને એ ઉપાધિ લાગવા લાગી.

થર્ડ ક્લાસના પેસેન્જરો એમને સગા ભાઈ જેવા લાગતા. તમે ગમે એવા મોટા માણસ દેખાવ, તોય કોઈ કશું પૂછે-કરે નહીં. કોઈ ઘરે ના આવે, ખટપટિયા નહીં. એટલે તેઓ થર્ડ ક્લાસમાં જ મુસાફરી કરતા.

થર્ડ ક્લાસમાં દાદાશ્રીને અવનવા અનુભવો થયેલા, જે એમને જીવન ઉપયોગી તારણો કાઢવામાં મદદરૂપ થઈ પડ્યા.

દાદાશ્રી જોતા કે ભીડ હોવાથી બધા ઉપરાછાપરી પગ મૂકીને આરામથી બેઠા છે. કોઈને કંઈ તકલીફ નથી લાગતી. એકવાર એમણે એક જુવાનિયાને પૂછ્યું, 'અલ્યા, તમને ભીડ નથી લાગતી ?' ત્યારે પેલાએ જવાબ આપ્યો, 'અમે જન્મ્યા ત્યારથી આવું જ જોતા આવ્યા છીએ. એટલે અમે જાણ્યું આવું જ હશે પહેલેથી.' એના જવાબ પરથી દાદાશ્રીએ તારણ કાઢ્યું, કે જેણે ઈઝીનેસ જોઈ જ નથી એને માટે અન્ઈઝી કશું હોતું જ નથી. મોકળાશ જોઈ જ નથી એને ભીડમાંય આનંદ જ લાગે.

મુસાફરી કરતી વખતે દાદાશ્રી એક બેગ સાથે રાખતા. થર્ડ ક્લાસમાં જગ્યા મળે નહીં એટલે એ બેગ નીચે મૂકી એના પર બેસી જાય નિરાંતે અને અગવડમાંય સગવડ ભોગવે. દાદાશ્રી જોતા કે અમુક લોકો આબરૂ સાચવવા નીચે ના બેસે. દાદાશ્રી કહે, ખરા આબરૂદાર તો નીચે બેસે અને નીચે બેઠા બેઠા નિરાંતે ભગવાનનું નામ લીધા કરે. દાદાશ્રી સભ્યતા ચોક્કસ રાખતા પણ એટિકેટ નહીં.

થર્ડ ક્લાસના ડબ્બામાં દાદાશ્રીને ક્યારેક બાથરૂમ પાસેય ઊભા રહેવું કે બેસવું પડતું, ત્યારે આવતા-જતા લોકોના પગની ઠોકરો એમને વાગતી. ત્યારે દાદાશ્રી મહીં શું કષાય ભાવ ભરેલા છે એની તપાસ કરતા. આવું બને એટલે કચાશો બધી એમ ને એમ નીકળી જાય. નીચે બેઠા હોય ને પગમાં બહુ દુઃખે તો દાદાશ્રી પોતે જ પોતાને કહેતા કે 'અંબાલાલભાઈ, આમ અકળાઈને બેઠા છો તે પગ બહુ દુખ્યા હશે ને !' પછી પોતે જ પોતાનો ખભો થાબડીને કહે, 'અમે ભગવાન તમારી જોડે

જ છીએ એટલે તમારે ફિકર નહીં કરવાની.' આવું બોલે એટલે ફ્રેશ થઈ જાય. આમ તેઓ મહીંવાળા ભગવાનની હૂંફ લેતા.

જ્યારે થર્ડ ક્લાસની ભીડમાં દબાયા ત્યારે દાદાશ્રીએ અનુભવ્યું કે આમાં તો મન પણ દબાયેલું રહે છે. જરાય આઘુંપાછું થતું નથી. નથી ઘર-દુકાન યાદ આવતા કે ના વિષયો. જાણે કે સંપૂર્ણ એકાંત ! જે ધ્યાનમાં રહેવું હોય એ ધ્યાનમાં રહેવાય એવું એકાંત ! આવું 'ભીડમાં એકાંત' એમણે અનુભવ્યું.

દાદાશ્રીએ એનાલિસીસ કર્યું કે જ્યાં સ્પેસ મળે ત્યાં મનને અવકાશ મળે છે એટલે એ ત્યાં ફ્રેશ થઈ જાય. ફ્રેશ થાય એટલે અહીંયા ભાગે, ત્યાં ભાગે ને અંતે સંસાર ઊભો કરી દે. એટલે સ્પેસ કે એકાંત ખોળવાની જરૂર જ નથી. ભીડમાં એકાંત જેવું એકાંત બીજું કોઈ નથી.

ખરું એકાંત એ કહેવાય કે જ્યાં મન ફ્રેશ ના થાય ને મડદાલની જેમ પડી રહે. મન ફ્રેશ થયું કે એને સંસાર ઊભો કરી દેતા વાર ના લાગે. એટલે જ કવિરાજે કહ્યું ને, કે...

'ભીડમાં એકાંત એવી સ્વપ્નમયી સૃષ્ટિમાં;
સુણનારો હું જ ને ગાનારો હું જ છું.'

## [૮.૨] જ્ઞાન થયા પહેલા, આમ રહેતા મોક્ષમાં

દાદાશ્રી જ્યારે જ્યારે મુંબઈ જતા ત્યારે એક બેગ રાખતા. ગોદડું કે ઓશીકું એવું કંઈ રાખતા નહીં. પણ ધીમે ધીમે લોકોનું જોઈને એમણે મુંબઈથી એક બિસ્તરો ખરીદ્યો. જ્યારે જ્યારે મુંબઈ જાય ત્યારે એ બિસ્તરો લઈ જતા. એમાં ગોદડું નાખીને લઈ જાય એટલે સૂવામાં સારું પડે. બિસ્તરાથી રોફ તો પડવા લાગ્યો પણ બિસ્તરો વજનમાં બહુ ભારે એટલે પોતાનાથી ઊંચકાય નહીં.

એક વખત દાદાશ્રી મુંબઈથી પાછા આવતા હતા. સાથે ભારે ભરખમ બિસ્તરો હતો. એ ઊંચકવા એમણે મજૂર કરવો પડ્યો. મજૂર સ્ટેશનની બહાર સુધી મૂકી ગયો. દાદાશ્રીને એમ કે હમણાં ઘોડાગાડી મળી જશે એટલે મજૂરને પૈસા આપી છૂટો કર્યો. મજૂર તો ગયો પણ

દાદાશ્રીને ઘોડાગાડી મળી નહીં. અડધો-પોણો કલાક રાહ જોયા પછી એમણે જાતે બિસ્તરો ઊંચક્યો. દાદાશ્રીએ કોઈ દિવસ કશું આવું ભારે ઊંચકેલું નહીં એટલે ફસામણ લાગી. તરત જ એમણે નક્કી કર્યું કે લોકો ચાલે એમ ચાલવું એ મોટી ભૂલ કહેવાય. આજ પછી આપણાથી ઊંચકાય એટલું જ લેવું. જેમ જેમ પરિગ્રહ ઉપાધિરૂપ લાગવા લાગ્યા એમ એમ એ છૂટતા ગયા.

જીવનો સ્વભાવ કેવો છે કે વજન બહુ લાગતું હોય તોય એ છોડી ના શકે, કારણ કે મમતા છે ને ! મમતાનો સ્વભાવ એવો છે કે કશું છોડે નહીં. દાદાશ્રીને મમતા નહીં એટલે જ્યાં જ્યાં માર પડે ત્યાં તરત જ છોડી દેતા.

પછી તો દાદાશ્રી મુસાફરી દરમિયાન એક બેગ જ રાખતા અને એનું જ ઓશીકું બનાવીને એના પર માથું મૂકીને સૂઈ જતા. સૂતી વખતે બેગને કહી દેતા, કે 'હું સૂઈ જાઉં છું. તારે જવું હોય તો જજે. તું જાય એ મને ગમશે નહીં.' એમ કરીને નિરાંતે સૂઈ જતા. પછી જો સવારે બેગ દેખાય તો સરસ અને ના દેખાય તો એમણે તો કહ્યું જ હતું, એટલે એમની એવી તૈયારી હોય. ખોટી 'હાય હાય' ના થાય. અને બીજા બધા લોકોની બેગ ગઈ હોય તો 'મારી બેગ ગઈ, મારી બેગ ગઈ...', જાણે બીબી ગઈ હોય એવી રડારડ કરે. દાદાશ્રી એ સમજી ગયેલા કે ગોન ઈઝ ગોન. એના માટે ક્યારેય રડવાનું ના હોય. એમને પહેલેથી જ એ સમજણ હતી, કે આ જે કંઈ પણ છે એ જવા માટે જ આવ્યું છે, પછી 'હાય હાય' શું કરવાની ? આમ દાદાશ્રી વસ્તુઓ સાથે બધા છેડા છોડીને બેસતા, જાણે એય મુક્ત પુરુષ !

લોકો તો બેગમાં પાંચસોનો સામાન હોય તોય ચિંતા કરે, પાંચ લાખનો હોય તોય ચિંતા કરે અને પાંચનો હોય તોય ચિંતા કરે. અરે, ખાલી બેગ હોય તોય કાણ કરે કે 'મારી બેગ ગઈ...' એટલે પાર વગરની ઉપાધિ છે લોકોને !

બેગની જેમ જ દાદાશ્રી સ્ટીમર, જોડા, ચા, પિસ્તા બધી જ વસ્તુઓ સાથે એવી રીતે વાત કરતા જાણે એના અસ્તિત્વની જોડે

વાતચીત ના હોય ! વાતચીત કરીને પોતાને સમાધાનમાં રાખવાની એમની આ ઊંચામાં ઊંચી બોધકળા હતી.

દાદાશ્રી વડોદરાથી મુંબઈ જતા ત્યારે એમના ભાગીદારના દીકરા એમને સ્ટેશન પર મૂકવા આવતા. જ્યાં સુધી ગાડી ના ઊપડે ત્યાં સુધી તેઓ એમની સાથે વાતો કરે અને દાદાશ્રીએ પણ વાતો કરવી પડે. એ એમને ઉપાધિ જેવું લાગતું. જેવી ગાડી શરૂ થાય કે તરત દાદાશ્રી પોતાના મુક્ત કાળમાં હોય. તરત કૃપાળુદેવ સાથે સાંધો જોડી દેતા. વડોદરા છૂટી ગયું એટલે વડોદરાના વિચાર ના આવે અને મુંબઈ હજી આવ્યું નથી એટલે મુંબઈના વિચાર પણ ના આવે. દાદાશ્રી એને 'મોક્ષકાળ' કહેતા. જ્ઞાન પહેલાય તેઓ આવો મોક્ષ ખોળી કાઢતા.

લોકો તો મુંબઈ છોડી દે તોય મુંબઈવાળાની ચિંતા કર્યા કરે કે 'પેલા માંદા છે એનું શું થશે ?' અથવા તો 'વડોદરા ક્યારે આવશે, વડોદરા ક્યારે આવશે' એના દુઃખમાં હોય. તે ઊંઘવાય ના દે. બોલો, પછી સુખ ક્યાંથી આવે ? આ દુઃખ કંઈ કુદરતે નથી આપ્યા, આ સમજફેરના દુઃખ છે.

દાદાશ્રીને ત્યારે જ્ઞાન નહોતું થયું તો પણ એમની પાસે એવી ઊંચી સમજણ હતી, જે તમામ પ્રકારના ગૂંચવાડામાં સૉલ્યુશન લાવી નાખે. એ સમજણનું સુખ ભોગવતા હતા પોતે !

આવા ધાંધલિયા કાળમાં પણ તેઓ મુક્તપણે રહેતા હતા. દાદાશ્રી આ વચલા કાળને 'બંધનમુક્ત કાળ' કહેતા. શુદ્ધ ઉપયોગમાં જવાનો એ ઊંચામાં ઊંચો રસ્તો. આ ટાઈમમાં તેઓશ્રીની આત્માનુભવ અંગેની અતૂટ વિચારધારા ચાલતી હતી. મોક્ષ નહોતો તોય તેઓ મોક્ષમાં રહેતા હતા. છતાંય એ હતો અહંકારી મોક્ષ, કલ્પેલો મોક્ષ !

## [૮.૩] રાહ જોવાના સમયે ઉપયોગની ગોઠવણી

એક વખત દાદાશ્રી એક મિનિટ માટે બસ ચૂકી ગયા. આવ્યા હતા કલાક પહેલા, પણ નાસ્તો કરવા ગયા, એમાં બસ ચૂકી ગયા. બીજી બસ દોઢ કલાક પછી આવવાની હતી. જેમના મિનિટના પાંચ હજાર

રિવોલ્યુશન ફરતા હોય એમને આવો સંજોગ ભેગો થાય ત્યારે એમની શી દશા થાય ? લોકોને ત્રણ મિનિટ રાહ જોવાની હોય તો એ ત્રણ મિનિટ જેવી જ લાગે, જ્યારે દાદાશ્રીને એ ત્રણ મિનિટ ત્રણ કલાક જેવી લાગે, એટલી બધી અસર થાય. લોકોને મિનિટ કાઢવી અઘરી એટલી દાદાશ્રીને ક્ષણ કાઢવી અઘરી થઈ પડી. એવી જબરજસ્ત બળતરા ઊભી થઈ કે સહન ના થાય ! એ દોઢ કલાક વીસ કલાક જેવો લાગ્યો હતો. કોઈ ચા પીવાનું કહે તોય ગમે નહીં. ક્યાંય ચેન ના પડે. એક જ વાર આવો રાહ જોવાનો સમય જે આકરો થઈ પડ્યો, એમાં દાદાશ્રીએ તારણો કાઢ્યા...

* આ દુનિયામાં કોઈ પણ માણસની કે વસ્તુની રાહ જોવી એના જેવી ફૂલિશનેસ બીજી કોઈ નથી.

* કોઈ વસ્તુ કે વ્યક્તિની રાહ જોવી એના જેવો ભયંકર ગુનો આ દુનિયામાં બીજો કોઈ નથી. કારણ કે રાહ જોતી વખતે મનને કંટાળો આવે. રાહ જોઈએ અને એ વ્યક્તિ ના આવે, ત્યારે ભારે અકળામણ થાય અને ઊંધા ભાવ થયા કરે કે 'કહ્યું પણ આવ્યો નહીં, નાલાયક માણસ છે.' આને આર્તધ્યાન કહેવાય. આમ રાહ જોવામાં અકળામણ એવી થાય કે નર્કગતિ સુધી જવાય એવા ભયંકર કર્મો બાંધી નાખે છે.

* જે વસ્તુની રાહ જુઓ તે આઘી ઠેલાય અને જેની રાહ ના જુએ એ ઝટ આવીને પડે.

* જેનો ઉપાય જ નથી એની શું અસર ? એનું દુઃખ શું લગાડવાનું ?

* રાહ જોવાનો ટાઈમ એ સારામાં સારો ટાઈમ છે. કારણ કે આ ગોઠવણીપૂર્વકનો ટાઈમ નથી, સહેજાસહેજ મળેલો ટાઈમ છે. આવો ટાઈમ મળતો નથી. માટે આ ટાઈમમાં ડાફોળિયા મારવા કરતા સમયનો સારો ઉપયોગ થાય એવી બીજી ગોઠવણી કરી નાખવી.

* આપણે આપણી ગોઠવણીમાં રહેવું. ગાડી આવે ત્યારે ગોઠવણી બંધ કરીને અંદર બેસી જવાનું. બસ તો આવવાની જ છે. રાહ જોઈશું

તોય આવશે અને નહીં જોઈએ તોય આવશે. તો આવો ફ્રી ઑફ કૉસ્ટ સરપ્લસ ટાઈમ ત્રણ મિનિટનો હોય કે ત્રણ કલાકનો, શું વાંધો છે ?

* રાહ જોવામાં બધી ચાલાકી વપરાઈ જાય, આંખની, કાનની બધી જ.

* મનુષ્યપણાની એક મિનિટ એળે કેમ જવા દેવાય, જે એક મિનિટ દેવલોકો ખોળે છે ! મહીં અનંત શક્તિ છે, પાર વગરની શક્તિ છે ! એને ઉપયોગમાં વાળે તો પાર આવે.

* રાહ જોવી હોય તો એક જ વસ્તુની રાહ જોવા જેવી છે, એ છે મરણની. મરણ યાદ રહે તો જાગૃતિ રહે ને સંસાર ઘૂસે જ નહીં. આ તો મરવાનું ભૂલી જાય છે. મરવાની રાહ જોતો નથી એટલે સંસારમાં ઘૂસી જાય છે.

એ એકવાર બસ ચૂકાઈ ત્યારથી દાદાશ્રીએ નક્કી કરી લીધું કે બીજી બસ એના ટાઈમે આવીને ઊભી રહેશે. રાહ જોનાર આપણે, બસ કંઈ આપણી રાહ જુએ છે ? અને રાહ જોવામાં આપણી શી દશા થાય ? એટલે આપણે એવી સ્થિરતા ગોઠવી દઈએ કે બસ આપણી રાહ જોતી થાય, કે ક્યારે આવશે ભાઈ ! 'આપણે' રાજા છીએ, 'બસ' કંઈ રાજા છે ? આમ એમણે રાહ જોવાના સમયમાં ઉપયોગમાં રહેવાની જુદી જુદી ગોઠવણી કરી લીધી.

રાહ જોતી વખતે મનને કંટાળો આવે એટલે રાહ જોવાના બદલે મનને કામ સોંપી દેતા. કોઈ સંતોના કે કૃપાળુદેવના પદની જે કડીઓ એમને આવડતી હોય એ વગર ચોપડીએ શબ્દેશબ્દ કાનો-માત્રા સહિત દેખાય એવી રીતે અંદર વાંચે. બોલે નહીં, પણ એ વાંચે. બોલે તો ગોખ્યું કહેવાય. ગોખે તો મન પાછું નવરું પડી જાય. અને આવી રીતે અંદર વાંચે એટલે મન પ્રવૃત્ત થઈ જાય અને એના સંકલ્પ-વિકલ્પ બંધ થઈ જાય. એક મિનિટ માટે બસ ચૂક્યા એમાં દાદાશ્રીને આ આખી સૂઝ ઊભી થઈ ગઈ.

પહેલા જે પુસ્તકો વાંચ્યા હોય એનો આખો સાર એમને યાદ હોય

અથવા દેખાતો હોય તો તેઓ નવરાશના સમયમાં એ સારમાંથી પણ એનો અર્થ કાઢવાનું કામ ગોઠવી દેતા.

દાદાશ્રીને જ્ઞાન નહોતું તોય ગમે એવા સંજોગોમાં એમને આ બધા એડજસ્ટમેન્ટ્સનું જ્ઞાન હાજર થઈ જતું કે અહીં શું કરવા યોગ્ય છે ! એટલે બેકાર જગ્યાએ બેસાડો કે કામની જગ્યાએ બેસાડો, એક ક્ષણ પણ તેઓ નવરાશમાં ના રહે. જુદી જુદી ગોઠવણી કરીને નિરંતર પ્રવૃત્તિમાં રહેતા. કંટાળો આવે એવું ઊભું જ ના કરે. સરપ્લસ ટાઈમમાં આવી ગોઠવણી કરી લે કે બસ જ્યારે આવે ત્યારે એમ થાય કે આ તો ઊલટી વહેલી બસ આવી.

એક દિવસ દાદાશ્રી સ્ટેશન પર બેઠા હતા. કંઈ કામ નહોતું અને ફ્રી સમય મળ્યો એટલે દાદાશ્રીએ જન્મ્યા ત્યારથી આખા ગામમાં લોકો જોડે જે રાગ-દ્વેષ કર્યા હતા, લોકોની મશ્કરીઓ કરી હતી, લોકોને ચીડવ્યા હતા એ બધા દોષો એક-એકને યાદ કરીને એના પ્રતિક્રમણ કર્યા. દાદાશ્રીને થયું, આ બધા ઊંધા કામ કર્યા છે તે આ બધો હિસાબ તો ચૂકતે કરવો પડશે ને ! સાત કલાક આ પ્રતિક્રમણ ચાલ્યા. એના પછી એમને ખૂબ આનંદ છૂટ્યો.

સત્સંગ કરતી વખતે પણ દાદાશ્રી બે પ્રશ્નો વચ્ચે પોતાનો ઉપયોગ ગોઠવી દેતા. દરેક રૂટીન પ્રવૃત્તિઓમાં એમના બે કામ સાથે જ ચાલ્યા કરે. એક બાજુ નહાવાનું, ખાવાનું, સૂવાનું ચાલ્યા કરે અને સાથે સાથે અંદર જાગૃતિનુંય ચાલ્યા કરે.

દાદાશ્રી કહેતા, કે અમે રાહ જોઈએ નહીં. હું જો રાહ જોઉં તો મને ટેન્શન ઊભા થઈ જાય. ટેન્શન ઊભા થાય પછી તમે કંઈક પૂછો તો મારો જવાબ ઊંધો જ નીકળે. અને આ તો તમે ગમે તે ટાઈમે ગમે તે પ્રશ્ન પૂછો તો ઍક્ચ્યુઅલ (સાચો) જવાબ જ મળે એનું કારણ શું ? હું કોઈની રાહ જ જોતો નથી. મૂળ જગ્યા પર જ રહું છું.

સંજોગ તો અજ્ઞાનીનેય હોય અને જ્ઞાનીનેય હોય. પરંતુ જ્ઞાનીને રાહ જોયા વગરનો થાય અને અજ્ઞાની રાહ જોઈ જોઈને પૂરો કરે. એટલે અજ્ઞાનીને સુખ તો ના આવે પણ રાહ જોવામાં જે દુઃખ છે

એનું એને ફળ મળે. જ્યારે જ્ઞાની રાહ જુએ નહીં, એ પોતાના સુખમાં જ હોય.

રાહ જોવા બાબતે દાદાશ્રીએ બીજો એક સુંદર ફોડ પાડતા કહ્યું, કે અમે સત્સંગમાં ઘણીવાર પૂછીએ કે આ ભાઈ નથી આવ્યા ? કેમ નથી આવ્યા ? ક્યારે આવવાના છે ? તો એ અમે એની રાહ નથી જોતા. એ અમારી લાગણી બોલે છે એમના પ્રત્યેની. એમના તરફનો ભાવ, પ્રેમ એ બોલે છે, બીજું કશું નહીં. કારણ કે અમારે તો શુદ્ધ પ્રેમ જ હોય, જે ચઢ-ઊતર થાય નહીં.

દાદાશ્રી મહાત્માઓને શિખવાડતા, કે હવે આપણને શુદ્ધાત્મા પ્રાપ્ત થયો છે એટલે આપણે કોઈની રાહ ના જોવી જોઈએ. રાહ જોવી એ ભયંકર કુગતિનું કારણ છે. અડધો કલાક રાહ જોવામાં વીસ વર્ષની મહેનત તૂટી (નકામી) જાય એટલું બધું નુકસાન છે. રાહ જોવામાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બન્ને થાય છે. રાહ જોવાનો વખત આવે તો એડજસ્ટમેન્ટ લઈ લેવું. તરત પોતાના સ્વરૂપમાં પેસી જવું અને એ ઉપયોગમાં રહેવું. દુનિયા ઊંધી થાય કે ચત્તી થાય પણ આપણી શક્તિ વેડફાવી ના જોઈએ.

આપણે શુદ્ધાત્માનું ધ્યાન કરવાનું. લોકો ઊભા હોય એમનામાં શુદ્ધાત્મા જોવાના. શુદ્ધાત્માનું ધ્યાન કર્યું એટલો ટાઈમ નકામો ગયો ના કહેવાય. એક ક્ષણ બગડે નહીં એવું આ વિજ્ઞાન આપ્યું છે. રાહ જોવાનું હોય તો ચોપડી કે એવું કંઈક વાંચવાનું સાથે રાખવું. એ વાંચવાનું અથવા દાદાના ફોટાનું નિદિધ્યાસન કરવું. દાદા જોડે મહીં ને મહીં વાતો કરવી.

અજ્ઞાન દશામાં થઈ ગયેલા રાગ-દ્વેષને પ્રતિક્રમણ કરી ધોવા. પહેલા નજીકનું સર્કલ લેવું, ફ્રેન્ડ સર્કલ લેવું. આમ એક-એક સર્કલને લઈને થયેલા દોષો ધોતા જવાનું. લોકો તો આવું રાહ જોવાના સમયમાં મનને સંસાર સંબંધના હેતુ માટે ખોરાક આપે કે આવતી સાલ આમ કરીશું, ગોડાઉનો બાંધીશું, વિ. વિ. એમાં પણ આનંદ છૂટે પણ એ આનંદ સંસારમાં સપડાવે. અને આપણે મનને આ પ્રતિક્રમણ રૂપી ખોરાક આપીએ એનાથીય આનંદ છૂટશે પણ એ સંસારમાંથી છોડાવશે.

દાદાશ્રીની આ બધી બોધકળા લોકોને સંસારમાં તેમજ આત્મામાં રહેવા માટે એમ બન્ને દૃષ્ટિએ ખૂબ હેલ્પિંગ થઈ પડી. વ્યવહારમાં દુઃખો ઓછા થઈ ગયા. અને એના થકી જે સમતા ઉત્પન્ન થઈ એ આત્માને હેલ્પિંગ છે. નહીં તો સમતા લાવવી કંઈ સહેલી છે ? પાંચ લાખની ઉઘરાણી ન આવી હોય તો શી રીતે સમતા રહે ? તેથી દાદાશ્રીએ બુદ્ધિથી એવું કંઈક શોધી કાઢ્યું જેથી સમતા રહે.

બાકી આકુળતા-વ્યાકુળતા છૂટે એવો રસ્તો જ નથી. જ્યાં સુધી 'હું ચંદુભાઈ છું' એવું રહે, એ ઈટસેલ્ફ જ આકુળતા છે. એમાં જો કોઈએ હલાવ્યો કે તરત જ વ્યાકુળ થઈ જાય. જ્યારે 'હું શુદ્ધાત્મા છું' એ નિરાકુળતા કહેવાય.

આ દાદાશ્રીની છેલ્લા પ્રકારની શોધખોળ છે. સર્વ પ્રકારના મોહ ખલાસ થાય ત્યારે આ સાર ઉત્પન્ન થાય.

## [૯] જ્યોતિષ સાથે પ્રસંગ

દાદાશ્રી ક્યારેય જ્યોતિષને ગાંઠતા નહીં. એક જ્યોતિષે એમના ફાધરને કહેલું કે તમારા ઘરે રતન પાક્યું છે. છતાં દાદાશ્રી એ કંઈ માનતા નહીં.

એકવાર દાદાશ્રી ક્યાંક જતા હતા. ફૂટપાથ પર બે-ચાર જ્યોતિષો બેઠા હતા. દાદાશ્રીને જોઈને એકે દાદાશ્રીને બોલાવ્યા અને કહ્યું, કે 'તમારા કપાળની રેખા બહુ સરસ છે. મારે તમારો હાથ જોવો છે.' દાદાશ્રી જાણી ગયા કે આ લાલચુ છે અને મને લાલચમાં પાડવા માગે છે. દાદાશ્રીએ પેલા જ્યોતિષને કહ્યું, 'ભાઈ, મારે કંઈ જરૂર નથી. હું તો ભાગ્યશાળી છું એટલે મારું બધું લઈને જ આવ્યો છું. જો આ મારો લાંબો કોટ, પગના બૂટ ઉપર પાલિશ છે અને તારા પગમાં તો અડધું ચંપલ ફાટેલું છે. તું શું મારું જોઈ આપવાનો છે ? જોવું હોય તો તારું પોતાનું જ જો ને !' એમ કહી દાદાશ્રીએ એને ચા-પાણીના પૈસા આપી ચાલતા થયા.

જેને કોઈ પણ પ્રકારની ઈચ્છા નથી, જે નિરિચ્છક દશામાં વર્તે છે, એનો હાથ કોણ જોનાર છે ? અને દાદાશ્રીએ હાથ દેખાડ્યો જ નહીં.

એમને થતું, જો એ સાચો જાણકાર હશે અને કહેશે કે ત્રણ વર્ષ પછી મારું મૃત્યુ થશે, તો એ મને શું હેલ્પ કરશે ? અને જૂઠો જાણકાર હશે તો મને ઊલટાનું ગૂંચવાડામાં મૂકશે. એટલે બેઉ રીતે નુકસાન જ છે.

દાદાશ્રી માનતા કે આ હાથ તો કોઈને દેખાડવા જેવી ચીજ ના હોય. આ તો અજાયબી છે આખી !

લોક જે જ્યોતિષના ચક્કરમાં પડ્યું છે, એને ચેતવતા દાદાશ્રી કહે છે...

* જેને લાલચ છે, એ આ ભાંજગડમાં ફસાય છે. ઉંદરડાને ઢેબરાની લાલચ છે તેથી પાંજરામાં ફસાય છે ને !

* આપણને જે મળ્યું એ બરાબર છે. એના આનંદમાં રહેવું. લાલચ છે તે દીનતા કરાવડાવે અને દીનતા થઈ એટલે મનુષ્યપણું ગયું.

* આપણા જ કર્મોનું ફળ ભોગવવા આવ્યા છીએ, એમાં એ શું કરવાનો હતો ? માણસ લાલચુ છે એટલે એને બધા ભમાવનારા છે. લાલચુ ના હોય એનું કોણ નામ દઈ શકે ?

* એક તો લોક દુખિયા છે અને ઉપરથી બેભાનપણું છે એટલે ચાલ્યા કરે. લોકોને વિચાર ના આવે કે એ પોતે રસ્તા પર બેઠો છે, એને દુકાનેય નથી, તો એ મારું શું ધોળવાનો છે !

* જ્યોતિષશાસ્ત્ર તદ્દન સાચું છે પણ એને જોનારા, એના જાણકાર આજે નથી.

* જ્યોતિષ એમ કહે કે 'ત્રેપનમાં વર્ષમાં તમારું મૃત્યુ છે', તો માણસની શી દશા થાય ? વહેમ પેસી જાય ને ! એટલે જો જ્યોતિષનું ભૂત વળગે તો એને પૈસા આપીને છૂટી જવું પણ હાથ દેખાડવો નહીં. પૈસા આપીએ એટલે એ કહે, કે 'ભાઈ, સારું થજો તમારું.' એ વેર બાંધે નહીં પછી.

* જ્યોતિષ એક થર્મોમિટર છે, પણ તે સાચું નથી આ જમાનામાં. ઊલટું તાવ ના હોય તોય તાવ દેખાડે એવું આ થર્મોમિટર છે. જ્યોતિષ

જાણવાની આપણે શું જરૂર છે ? આપણું છે એ આપણી પાસે આવવાનું છે અને નથી એ નથી આવવાનું, એમાં જાણવાનું શું ? એક-બે આની સાચું પડે અત્યારે, બાકી બધું પોલંપોલ છે. પણ માણસ આંધળો થાય ત્યારે આવા બધા વલખાઓ મારે જ્યાં ને ત્યાં.

* જ્યોતિષ જોવડાવે એટલે પોતાની આત્મશ્રદ્ધા ખલાસ થઈ ગઈ કહેવાય. પોતાની જાત ઉપરની શ્રદ્ધા ખોઈ નાખે ત્યારે જોશ જોવડાવવાનું બને.

પોતે ઊંધી ભાવનાઓ કરી હોય, એના ઊંધા ફળ આવે. આ તો પુણ્યના આધારે બધું ચાલે છે. પુણ્યમાં અહંકાર કરીને ફર્યા કરે છે. પછી પુણ્ય ખલાસ થાય ત્યારે બધા પાસા ઊંધા પડે, ત્યારે કહેશે, 'હું શું કરું ? ભગવાન રૂઠ્યા છે, મારા ગ્રહો રાશી છે.' અને પછી જ્યોતિષીને ત્યાં જઈને મળી આવે. એમાં થોડા ઘણા પૈસા બચ્યા હોય એય વપરાઈ જાય.

જ્યોતિષ એ વિદ્યા છે, જ્ઞાન નથી. વિદ્યા હંમેશાં અહંકારી હોય અને જ્ઞાન નિર્‌અહંકારી હોય. વિદ્યા ઈન્ડિરેક્ટ પ્રકાશ હોય અને જ્ઞાન ડિરેક્ટ પ્રકાશ હોય.

સાચા જ્યોતિષ કોને કહેવાય ? આપણે જ્યોતિષને દસ ડૉલર આપીએ તો એ આપણને નવ ડૉલર પાછા આપે. ત્યારે આપણે જાણવું કે આનું કંઈક સાચું પડશે. જે જ્યોતિષને લોભ નથી, એનું કંઈક સાચું હોય. બાકી જે જ્યોતિષ પૈસા માટે જ્યોતિષ જુએ છે, એનો એકેય અક્ષર સાચો ના હોય.

દાદાશ્રીએ પણ જ્યોતિષ જાણવાનો પ્રયત્ન કરેલો. થોડુંઘણું આવડેલુંય ખરું. મનમાં રોફ પાડવા માટે, અહંકાર પોષવા માટે શીખ્યા હતા. પણ પછી બધું છોડી દીધું.

જ્યોતિષ અંગે દાદાશ્રીએ એક નવો જ ફોડ પાડ્યો, કે કોના માટે જોયેલું જ્યોતિષ સાચું પડે, કે જેનો અહંકાર ખલાસ થઈ ગયો હોય. જ્યોતિષ એટલે તમને પરિણામ જોઈ આપે કે આવી ઈફેક્ટ આવશે, પણ

લોકોને મહીં અહંકાર જીવતો છે એટલે ડખલ કરીને ઈફેક્ટને બગાડી નાખે. જ્યારે જ્ઞાનીઓ જીવતા મરીને જીવતા હોય, એટલે કે અહંકાર મરી ગયો હોય અને પછી જીવતા હોય. આથી એમનું જોષ જોયેલું સાચું પડે, કેમ કે ડખલ કરનાર કોઈ રહ્યું નહીં ને !

## [૧૦] તિતિક્ષા ગુણ કેળવેલો

દાદાશ્રીએ જ્ઞાન પહેલા આત્મા પ્રાપ્ત કરવા અર્થે તપ-તિતિક્ષાને લગતા વિવિધ પ્રયોગો કરેલા. જેનું ખૂબ જ સુંદર વિવરણ આપણને અહીં આ ચેપ્ટરમાં મળે છે. ક્રમિક માર્ગના આ બધા પડાવોના ઉતાર-ચડાવમાંથી પોતે પસાર થઈ તારણ કાઢતા ગયેલા અને વીતરાગોની વાતોના આશય પકડીને ક્યાંય પણ આગ્રહ પકડ્યા વગર વીતરાગોએ દર્શાવેલ ઉપાયો પાછળના હેતુ પોતે સર કરતા ગયેલા.

દાદાશ્રી પહેલેથી તપસ્વી હતા. જ્ઞાન થતા પહેલા બૂટમાં ખીલી ઊંચી આવી હોય ત્યારે એને ઠોકાવતા નહીં. એમ ને એમ જ રહેવા દેતા. એમને થતું કે આ વાગે અને જો આત્મા હાલી જાય તો એ આત્મા પ્રાપ્ત થયો નથી. ત્યારે પણ એમનું એનાલિસિસ ચાલુ જ હતું કે આ પગને જ કેમ આવ્યું ? આ પગને કેમ નહીં ? એટલે એમ કરીને બધું સહન કરતા અને તપ કરતા પણ પછી એમને સમજાયેલું કે આ ભૂલ છે. સહનશીલતામાં જોડે અહંકાર હોય તો જ સહનશીલતા રહી શકે એટલે આ બધી કઠોરતા કહેવાય. આ અવળો માર્ગ છે. તપ તો અંદરનું હોવું જોઈએ. કોઈ પણ તપ કે સાધનામાં શરીરને કષ્ટ આપવાનું જ ના હોય. શરીરનો શો ગુનો છે ? આ તો પાડાને વાંકે પખાલીને ડામ દીધો એવી વાત થાય.

એટલે દાદાશ્રીએ પહેલેથી જ તિતિક્ષા નામનો ગુણ કેળવેલો. તપ અને તિતિક્ષામાં શું ફેર ? તપમાં શરીરને કષ્ટ આપવાનું હોય. ભૂખ, તરસ, ઠંડી, ગરમી બધું સહન કરવાનું હોય, જ્યારે તિતિક્ષામાં શરીરને એવી નૉર્માલિટીમાં રાખે કે બહુ તાપ પડે તોય પંખો યાદ ના આવે. એવું ના થાય કે બહુ તાપ છે. કોઈ પરિસ્થિતિ કષ્ટદાયક ના લાગે. ગમે તેવી પરિસ્થિતિમાં ફાવે, એડજસ્ટ થઈ જાય.

પોતાનો તિતિક્ષા ગુણ કેવી રીતે ઉત્પન્ન થયો એની વાત કરતા દાદાશ્રી કહે છે, તેઓશ્રી જ્યારે મોટાભાઈ સાથે રહેતા ત્યારે ગોદડું પાથરીને સૂઈ જતા. એક વખત ગોદડું ઉઠાવનારી બાઈ હતી ને, તે બાઈ પંદર દિવસ સુધી આવી નહીં એટલે મોટાભાઈએ કહ્યું કે બધા પોતપોતાના ગોદડાં ઉઠાવીને મૂકી દેજો. ગોદડું એટલું ભારે હતું કે ઉપાડાય જ નહીં. એ જ્યારે ઉપાડ્યું ત્યારથી દાદાશ્રીએ નક્કી કર્યું કે જેને ઉઠાવવાનું મુશ્કેલી પડે એવું કરવું જ શું કરવા ? જે ગમો ના ઉત્પન્ન કરે એમાં સૂવાનું શું કામનું ? આ તો શેતરંજી પાથરી કે ચાલ્યું. ઉપાડતી વખતેય સરળ પડે એટલે કોઈ ભાંજગડ જ નહીં ને ! ત્યારથી દાદાશ્રીએ શેતરંજી ઉપર સૂવાનું શરૂ કરી દીધું હતું.

એમાંય ભગવાન મહાવીરના પુસ્તકો વાંચ્યા પછી તેઓશ્રી સમજી ગયેલા કે ક્યારે ઉપાધિ આવે એનું શું કહેવાય ? એના કરતા શરીરને તૈયાર કરી રાખ્યું હોય તો એમાં ખોટું શું છે ? એટલે એમણે આખી જિંદગી એવા તપ કરેલા કે જેથી શરીરને ક્યાંય વાંધો જ ના આવે. જ્યારે જોઈએ ત્યારે દાદાશ્રી ઑલ રાઈટ જ હોય. ઍની વ્હેર એડજસ્ટેબલ !

દાદાશ્રી કહે, હવે આપણે બહાર સુખ ખોળવાનું ના હોય. આ જ્ઞાન પછી આપણને અંદરનું સુખ મળ્યું છે. બહારનું સુખ જતું ના રહેવાનું હોય તો ભોગવી લેજો, પણ એ તો ગયે જ છૂટકો. એટલે શાતાશીલિયા થવું ના જોઈએ. બહારની અડચણમાં આકુળવ્યાકુળ થઈ જાય એ શાતાશીલિયાની કટેવ પડી કહેવાય.

શરીરની મૂળ સ્થિતિ બહુ સુંદર હોય છે. શરીર દરેક ટાઈમને અનુકૂળ થઈ જવાની શક્તિ ધરાવે છે. તેને આપણા લોકોએ પંખો નાખીને બગાડી નાખ્યું. શાતાશીલિયા થયા ને, એટલે ઉપયોગ બહાર ગયા વિના રહે જ નહીં. ગરમી થાય એટલે પંખાને યાદ કર્યા કરે. આટલું બધું પરવશ રહેવાતું હશે કોઈના પર ? કોઈ ચીજ યાદ ના આવે એનું નામ સંયમ. અને યાદ આવે તો યાદને ગાંઠે નહીં એનું નામ સંયમ. બહારની દરેક ચીજ આપણને પરવશ બનાવે. અને જે ચીજ આપણને પરવશ બનાવે એ કેમ પોસાય ? એ કેમ ખપે ?

એમણે ઘરમાં પંખો રાખેલો જ નહીં. પાછળથી બીજા માટે પંખો નખાવેલો. પણ એમાં દાદાશ્રીનેય એની થોડી ટેવ પડી ગયેલી. દાદાશ્રી પોતાનું ખુલ્લું કરતા કહે છે, અમને ક્યારેક પંખો યાદ આવે છે, એ યાદ ન આવવું જોઈએ. પંખો ના હોય અને પંખો યાદ આવ્યો એટલે જાણવું કે આ ફાઈલ છે.

દાદાશ્રી સત્સંગાર્થે જ્યાં ઊતરવાના હોય ત્યાં બધા એર કંડિશન કરતા. દાદાશ્રી વિચારતા કે આ તો ફક્ત ઘરમાં એર કંડિશન છે, પરંતુ ઘરની બહાર નીકળ્યા બાદ બધે જ એર કંડિશન હોય તો કામનું. આ તો બહાર નીકળ્યા પછી બધું ધખધખતું. એટલે તેઓ એર કંડિશનની ના પાડતા કે ચામડી પછી ટેવાઈ જાય. પણ બીજાને જોઈએ એ ખાતર બધું ચાલવા દેતા.

પણ એક વખત બન્યું એવું કે દાદાશ્રી પંખો બંધ કરીને સૂઈ ગયા હતા. રાત્રે પરસેવો થવા લાગ્યો એટલે એમણે ઊઠીને પંખો ચાલુ કર્યો. પણ તરત વિચારણા ચાલુ થઈ કે આ કેટલી બધી ઉપાધિ છે ! પંખાની અને એર કંડિશનની કુટેવમાં પેઠા ત્યારે પરવશ થયા ને ! નહીં તો હું શાંતિથી સૂતો જ હતો ને, એમ ને એમ.

દાદાશ્રીને પરવશતા ગમતી નહોતી. એમનું બધું સ્વવશ હતું. આથી એમને થતું કે આવું પારકાના આધારે મારે આખી રાત જીવવું પડે, એ બંધ થાય તો સારું. એટલે એમણે પંખો ને એર કંડિશન બધું ઓછું કરી દીધેલું.

દાદાશ્રી કહેતા કે અમારે તો મોક્ષે જવું છે. માટે અમારે તપ કરવાનું હોય. એર કંડિશન કરીએ તો અમારું તપ ઊડી જાય. એમને જે હવા હોય, જે વાતાવરણ હોય એને એડજસ્ટ થવાનું ગમતું.

શરીરનો સ્વભાવ એવો છે ને કે તરત અસર પકડી લે. પછી એને આદત પડી જાય. માટે ભગવાને કહ્યું ને કે બાવીસ પરિષહ સહન કરો. નહીં તો આત્મા ભૂલી જાય અને પંખો યાદ આવ્યા કરે કે ત્યાં પંખો સારો હતો, અહીંયા પંખો નથી. જાણે આવતા અવતારે પંખો એને મોક્ષ ના આપવાનો હોય ! એકવાર શાતાશીલિયા થયા પછી પરવશ થવું પડે.

દાદાશ્રી મહાત્માઓને કહેતા, કે હું તમને જે કહું છું એ સમજવા માટે કહું છું ખાલી. તમે પંખો બંધ નહીં કરતા પણ સમજજો. બહારના લોકોને આવું ના કહેવાય, કારણ કે બહારના લોક તો બાહ્ય સુખ ખોળે છે અને આપણા મહાત્માઓ આંતરિક સુખ ખોળે, માટે આની જરૂર રહી નહીં.

ત્યારે કોઈએ પૂછ્યું, કે તમે ખાલી પંખાની જ કેમ વાત કરો છો ? ઘણી બધી વસ્તુઓ હિતકારી નથી. ત્યારે દાદાશ્રીએ બહુ સુંદર ફોડ પાડતા કહ્યું, કે બીજી બધી વસ્તુઓ કરતા પંખો અને એર કંડિશન વધારે નુકસાનકારક છે, કારણ કે એ ડિરેક્ટ સ્પર્શ કરે છે. બીજી બધી વસ્તુઓ ડિરેક્ટ સ્પર્શ નથી કરતી. ઘરમાં ફ્રિજ લાવે અને લોકો એનું પાણી પીતા હોય તો આપણે ના પીવું હોય તો ના પીઈએ. ઘરમાં રેડિયો-ફોન વાપરતા હોય તો બીજાને વાપરવું હોય તો વાપરે અને આપણે ના વાપરવું હોય તો ના વાપરીએ. પણ પંખો એકવાર ચાલુ કરે તો બીજાને પણ સ્પર્શ થાય અને આપણને પણ સ્પર્શ થાય એટલે આ વધારે જોખમ છે.

જેને અંદરનું સુખ વર્તાતું હોય એને બાહ્ય કોઈ ઉપાધિ લાગતી જ નથી. છતાં આપણે કોઈ વાંધો નથી કરતા. આપણો માર્ગ તો વાંધા વગરનો માર્ગ છે. આ તો કેવું છે કે બહાર ગરમી લાગતી હોય તો અંદર જવાય. બહાર ઠંડક જ હોય તો મહીં પોતાના ઘરે કોણ જાય ? એટલે શાતાશીલિયા તો રહેવાય જ નહીં.

દાદાશ્રી ગાડીમાં જતા ત્યારે ખાડાખબડાવાળા રસ્તેથી જવાનું પસંદ કરતા. દાદાશ્રી થોડી ઘણી આવી અડચણોવાળી વસ્તુઓ ખોળતા, જેથી તિતિક્ષા જતી ના રહે. નહીં તો સુંવાળી વસ્તુઓ એટલી બધી પરાધીનતા લાવવાવાળી છે કે એ (પરાધીનતા) સહન ના થાય પછી.

દાદાશ્રી હંમેશાં એક શેતરંજી પર સૂતા પણ પછી મહાત્માઓ આગ્રહ કરે કે નકામી શરદી થઈ જશે એટલે આવી રીતે ના સૂવો, પલંગ પર સૂવો. દાદાશ્રીને થતું, આત્મા તો દેહરૂપી ગાદી પર જ સૂઈ ગયો છે ને ! રેશમી ગાદી, એને કંઈ અસર થાય એવી છે જ નહીં.

આખા શરીરમાં ગાદી જ છે ને ! એમાં જે સારી ચીજ છે, આત્મા, એના અનુભવમાં તો હું રહું છું.

એમને આ બધી સગવડતા બોજારૂપ લાગતી. જેમને મહીંની સ્વતંત્રતા વર્તાતી હોય, એ આ કોઈ વસ્તુનું અવલંબન કેવી રીતે લે ? પણ આવું કોઈ કહે ત્યારે આગ્રહ રાખ્યા વગર તેઓ શાંતિથી પલંગ પર સૂઈ જતા.

આ તો નીચે સૂવાવાળાને ગોદડાંમાં સુવાડીએ તો એની શી દશા થાય ? આખી રાત ઊંઘ ના આવે. અને આ ગોદડાંમાં સૂતેલાને નીચે સુવાડીએ તો ? તો એને નીચે આખી રાત ઊંઘ ના આવે.

દાદાશ્રી જમીન પર સૂઈ જાય, શેતરંજી લઈને સૂઈ જાય, બે ગોદડાં લઈને સૂઈ જાય કે પછી પલંગ પર સૂઈ જાય, એમને કોઈની ટેવ ના પડેલી હોય. આ તો એક ખાડામાંથી છૂટીને બીજા ખાડામાં પડ્યો. બીજામાંથી છૂટીને પહેલા ખાડામાં પડ્યો. અંતે બન્ને ખાડામાં જ છે ને ! કોઈ ખાડો ના હોવો જોઈએ. કશાની ટેવ ના પડવી જોઈએ જગતમાં. ટેવ એ બંધન છે. ઉપયોગપૂર્વક હોય તે જ સાચું. ઉપયોગપૂર્વક એટલે ટેવરૂપે ના હોવું જોઈએ, હેતુપૂર્વક હોવું જોઈએ. હેતુ કેવો કે આ શરીરને કોઈ ચીજ કોઈ જગ્યાએ ના મળી તો મુશ્કેલીમાં ના મૂકાઈએ એ હેતુ હોય. નિરંતર જાગૃત હોય એમાં. દેહ આપણને હેરાન કરી નાખે એવું તો ના જ હોવું જોઈએ. એટલા બધા સુંવાળા શું થવાનું ?

દાદાશ્રી મહાત્માઓને પણ કહેતા, કે મેં તમને બે જગ્યા આપી છે એક ઘડભાંજવાળી અને એક તમારી દરઅસલ સીટ. જો ઘડભાંજ થાય તો જાણવું કે આ આપણી જગ્યા ન્હોય. ત્યાંથી ઊઠીને આપણી દરઅસલ સીટમાં બેસી જવું એવો આત્મા છૂટો આપ્યો છે મેં. કોઈ જગ્યાએ ભડકે નહીં એ ટેસ્ટેડ થઈ ગયા કહેવાય. એટલે કોઈ પણ સંજોગોમાં બૂમ નહીં, બરાડા નહીં. અસમાધાન થાય જ નહીં એને. એને તિતિક્ષા કહે છે. તિતિક્ષા ગુણ કેળવેલો હોય તો ના ગમતું કે અડચણ આવે ત્યારે આત્મા છૂટો પડી જાય.

તિતિક્ષા એટલે કોઈ પણ પરિસ્થિતિ અસર ના કરે. એ કોઈ પણ પરિસ્થિતિમાં એડજસ્ટ કરી લે. એટલે ધ્યાન બદલાય નહીં તે ઘડીએ કે આમ કેમ થાય છે, હવે આખી રાત શું કરીશ, એવું કંઈ ના થાય.

ક્રમિક માર્ગમાં બાવીસ પરિષહ સહન કર્યા સિવાય આગળ વધાય નહીં. દાદાશ્રી કહે છે, અમે આ ત્યાગ-તિતિક્ષાનો લાંબો રસ્તો પાર કરીને આવ્યા છીએ ને બાવીસ પરિષહ સહન કરીને જ્ઞાની થયા છીએ ! જ્યારે મહાત્માઓની પુણ્યૈ ભારે કે આ કશું કરવાનું રહ્યું નહીં ને અક્રમ વિજ્ઞાન મળી ગયું ને આ વિજ્ઞાન થકી બધો ઉકેલ આવી ગયો !

## [૧૧] ગાંડો અહંકાર

દાદાશ્રીને કોઈ જાતનું દુઃખ હતું નહીં, માત્ર અહંકારનું જ દુઃખ હતું. મમતા નહીં એટલે આધિ-વ્યાધિ ના થાય પણ અહંકારનું દુઃખ ભારે. રાત્રે ઊંઘવા ના દે. આમ જોઈએ તો દાદાશ્રીને આવક સારી, છોકરાં નહીં, બીજી કોઈ ઉપાધિ નહીં એટલે લોકો એમને સુખિયા કહે અને એમને મહીં પાર વગરની ચિંતા હતી.

દાદાશ્રીમાં પહેલેથી સંસ્કાર સારા. મિલકત કે એવું કંઈ સારું ના મળે પણ કુટુંબના સંસ્કાર બહુ સારા. સાત-સાત પેઢીથી કોઈ કોઈને હેરાન ના કરે અને બધાને સુખ જ આપે એવું કુટુંબ. જૂઠ નહીં, ચોરી નહીં, હેરાનગતિ નહીં, બદમાશી નહીં અને બીજા કોઈની સાથે વિકારી સંબંધ નહીં. મિલકત કશી નહીં પણ આવી ખાનદાની બહુ ઊંચી. આવું બધું હોય એટલે દીકરાને પૈણાવે ત્યારે પૈઠણ સારી મળે. આમ દાદાશ્રી નાના હતા ત્યારથી જ આજુબાજુવાળા એમને 'ચેક' કહેતા. નાનપણથી જ લોકોએ આવા ખોટા પાણી ચઢાવેલા. એટલે દાદાશ્રીને તો જાણે દુનિયામાં આપણા જેવું બીજું કોઈ જન્મ્યું જ ના હોય એટલો અહંકાર વધી ગયેલો.

દાદાશ્રી કહે, ખરેખર તો અહંકાર ઓછો હોય ત્યારે તમે સંસ્કારી કહેવાઓ. આ તો ઊલટો અહંકાર વધ્યો. પાશેર હતો એનો દોઢ શેર થયો. એને સંસ્કારી કેમ કહેવાય ? સંસ્કાર એટલે અહંકાર ઘટે. સામો

માણસ રોફ રાખે ત્યારે આપણે નમ્ર થવું જોઈએ. એની બદલે આ મેણો ચઢે આપણને, એ સંસ્કારી ના કહેવાય.

આ તો નરી ડફોળાઈ જ ભરેલી હતી. દસ વીઘા જમીન એમાં તો અમારી જાતને શુંય માની બેઠેલા, જાણે પ્રિન્સ ઑફ વેલ્સ હોય એવો તો અહંકાર હતો. મિલકત કશી હતી નહીં ત્યારે કેફ પાર વગરનો હતો. કેફ તો ખરેખર અત્યારે જ્ઞાન પછી રાખવા જેવો છે ત્યારે હવે એ રહ્યો નહીં.

એમાંયે નાનપણથી જ દાદાશ્રીનો નેચર ઓબ્લાઈજિંગ હતો. ઓબ્લાઈજિંગ નેચર એટલે લોકોનું કામ કરી આપે બધું અને સામે પૈસા લે નહીં. એટલે લોકો માનભેર બોલાવતા. દાદાશ્રીથી મોટા હોય એય એમને 'અંબાલાલભાઈ' કહીને બોલાવતા. દાદાશ્રી પોતાની ભૂલ ખુલ્લી કરતા કહેતા કે આવા માનની અમને ભીખ હતી. 'અંબાલાલભાઈ' કહે એટલે જાણે રાજ મળી ગયું !

એમણે પહેલેથી અપમાન જોયેલું જ નહીં. બધાએ માન જ પીરસ પીરસ કરેલું. લગ્નમાં ગયા હોય તો બધા આગળની સીટ પર બેસાડે.

એકવાર લગ્નમાં કોઈએ એમને આગળની સીટ પરથી ઉઠાડી બીજાને બેસાડ્યા. એમને ભયંકર અપમાન લાગ્યું. આ અનુભવનું તારણ કાઢ્યા બાદ તેઓ જ્યારે લગ્નમાં જતા ત્યારે પહેલેથી જ છેલ્લી સીટ પર બેસતા અને વ્યવહારિક જ્ઞાતા-દ્રષ્ટા રહેતા. તેઓ કહેતા, લગનમાં ખરી મજા ક્યારે આવે ? નિરીક્ષક થાય ત્યારે !

દાદાશ્રીની એ ખાસિયત હતી કે એક જ વાર જ્યાંથી દુઃખ પડે કે કાયમ માટે એનું કારણ બંધ કરી દેતા. જબરજસ્ત નિશ્ચયશક્તિ હતી એમનામાં !

લગ્નમાં પાછળ બેસીને દાદાશ્રી એમના જેવા 'માની'ને જોયા કરે. પોતાના જેવું એમની સાથે થાય ત્યારે એમની શી દશા થાય છે એ બધું જુએ. પોતે ક્યારેય રેસકોર્સમાં ઊતરે નહીં.

લગ્નમાં કોઈએ જે' જે' ના કર્યું હોય તોય અપમાન લાગે. ભૂલથી કોઈ 'અંબાલાલભાઈ'ને બદલે 'અંબાલાલ' બોલી જાય તો એમને એમ જ

થાય કે ચાર અક્ષર કેમ બોલ્યા ? છ અક્ષર કેમ ના બોલ્યા ? એ સમજે છે શું એના મનમાં ? હવે આ એક જાતની ચિંતા જ કહેવાય ને ! અહંકારનું ગાંડપણ જ કહેવાય ને ! એ અહંકારની ઉપાધિ એટલી વધતી ગઈ કે સહન થાય નહીં. ત્યારે દાદાશ્રી પોતે જ પોતાની જાતને સમજાવતા કે...

* એકસાથે છ અક્ષર કેવી રીતે બોલી શકાય ?

* બની શકે કે ઉતાવળમાં બે અક્ષર બોલવાના રહી ગયા હોય.

* કદાચ બોલ્યા હોય ને તમને સંભળાયું ના હોય એવુંયે થયું હોય.

* આમેય તમારામાં શું બરકત છે કે આટલો રોફ મારો છો ?

* એક મકાન અને દસેક વીઘા જમીનમાં તો પોતાની જાતને શુંય માની બેઠા છો ?

આમ દાદાશ્રી જાતે જ પોતાના માનને કાપતા. મૂળ ક્ષત્રિય પ્રકૃતિ એટલે કોઈ માન આપે એટલે આખો દેહ ગીરવે મૂકી દે એવું હોય. પાછો કોન્ટ્રાક્ટનો ધંધો એટલે લોકો જાણે કે આ તો શુંય મોટા થઈ ગયા ! પણ ચિંતા વધવા લાગી એટલે પોતે જ માનની ડિવેલ્યૂ કરતા ગયા. પોતાની જાત જોડે વાતો કરતા કે...

* છ અક્ષરમાં શું મળી જવાનું હતું ? મોઢું કંઈ મીઠું થઈ જવાનું છે ? કશો સ્વાદ નથી આમાં.

* લોકો માન આપે એનું શું કરવાનું ? આ ગાયો-ભેંસો આપણને જોઈને કાન હલાવે છે એ શું આપણને માન આપે છે ? આપણે માની બેઠા એટલું જ છે ને !

* બહારના લોકો તો કામ હોય એટલા પૂરતું 'અંબાલાલ શેઠ, અંબાલાલ શેઠ' કરે. કામ પૂરું થયું એટલે કંઈ નહીં. સામેય જુએ નહીં ને હાથેય જોડે નહીં. એટલે આ લોકો કહે એમાં શું વળે ?

* આ તો લોકસંજ્ઞાથી એમાં સુખ માની લીધેલું છે. લોકોએ મોટા બનાવ્યા, માન્યા એટલે આપણેય માન્યું. આ તો ચાર આનાની કિંમત નહીં અને પોતે માની બેઠા છે એટલું જ. એનો શો અર્થ ?

* નિર્અહંકાર એ જ ખરો અહંકાર છે. આ તો મેડનેસ (ગાંડપણ) કહેવાય. જેનો લોકો લાભ ઉઠાવે. 'આવો સાહેબ, આવો સાહેબ' કહીને લાભ જ ઉઠાવે છે નર્યો.

* આ તો પુણ્યૈને લીધે રોફ પડે છે.

એકવાર દાદાશ્રીએ એક ભાઈને કહ્યું, અમારા છ ગામના લોક તો દેવલોક જેવા. તરત જ પેલા ભાઈએ ટકોર કરી કે 'શાના ? પૂંછડાના દેવલોક જેવા છો ?' આ સાંભળ્યું કે તરત દાદાશ્રી સમજી ગયા કે આ તો પોતે જ પોતાની આબરૂ બગાડી. ત્યારથી એમની 'હું કંઈક છું' એવું માનવાની ભૂલ તૂટી. એમણે ગાંઠ વાળી કે આપણે ક્યારેય આવું બોલાય નહીં. સામો આપણને કહે તો જ એ સાચું.

દાદાશ્રીના મોટાભાઈ બહુ અહંકારી હતા. એક દિવસ એમણે દાદાશ્રીને કહ્યું, તારા જેવો અહંકારી મેં કોઈ જોયો નથી. દાદાશ્રીના પિતરાઈ ભાઈએ પણ એમને એવું જ કહ્યું. આ સાંભળીને દાદાશ્રીને આંચકો લાગ્યો. એમને વિચાર આવ્યો કે બધા કહે છે તો મહીં છૂપો અહંકાર ભારે હશે. મને દેખાતો નથી પણ મહીં હોવો જોઈએ ખરો. નહીં તો લોકો શી રીતે બોલે ?

દાદાશ્રીએ મહીં તપાસ માંડી. પછી તો જડ્યું કે એમને કોઈ હિસાબમાં જ ના આવે. મોટા માણસોને પછાડે. નાના માણસોને સારું રાખે. ઉપરીને ગાંઠે નહીં. બહાર ડાહી ડાહી વાતો કરે અને લોકોની પ્રિયતા પ્રાપ્ત કરે પણ અંદરખાને કોઈને ગાંઠે નહીં. સામો બાવીસ વાક્યો બોલે પણ પોતે એક વાક્ય એવું બોલે કે સામેવાળાની ધૂળધાણી થઈ જાય. એટલે લોકો એમનાથી ડરતા. આમ નિષ્પક્ષપાતીપણે તપાસ કરતા એમને બધી બાબતમાં પોતાનો ગાંડો અહંકાર જડ્યો, જે એમને કાયમ કરડતો હતો.

સાથે સાથે એય જડ્યું કે અહંકાર હતો ભારે પણ મમતા નહીં જરાય. ફક્ત એક અહંકારની મમતા, બીજી કોઈ વસ્તુની મમતા નહીં. આવો છૂપો અહંકાર એમને મહીં દેખાયો.

દાદાશ્રી કહે, મમતાવાળો તો ડાહ્યો હોય તોય સંસારમાં જ ઊતરેલો હોય. જ્યારે મમતારહિત હોય ત્યારે એ ભગવાન સુધી પહોંચી શકે. મમતા એ જ સંસાર છે, અહંકાર એ સંસાર નથી. મમતા ઓછી એટલે અહંકાર વધે.

પણ અહંકાર તો સારો. એ કૈડ કૈડ કરે એટલે સંસારમાંથી કેમ કરીને છૂટીએ એવું રહ્યા કરે. કોઈ જરાક ભૂલ કાઢે એટલે ખલાસ, બહુ અપમાન જેવું લાગે. બધું ચઢી બેસે મન ઉપર અને પછી સેફસાઈડ ખોળે. જ્યારે મમતાનો બોજો રહે, એની કૈડ ના હોય.

આમ માનની જ બધી ભાંજગડ દેખાઈ. કશું જમવાનું ના મળે તો કંઈ નહીં, ખીચડી-કઢી ચાલશે પણ 'માન' જોઈએ.

દાદાશ્રી કહે, કેટલાય અવતારોથી અમે આ અહંકાર લઈને આવેલા. તે બહુ ઊંચા સ્થાનેથી પડેલા, અગિયારમે ગુંઠાણેથી. ભગવાનપદ પ્રાપ્ત થયા પછી પડ્યા હતા. અહંકાર એનો એ જ રહ્યો. લોભનું પરમાણુય નહીં. લોભ નહીં એટલે કપટેય નહીં. થોડું ઘણું માનને લીધે કપટ હોય. બાકી કોઈ વસ્તુની પડેલી નહીં.

બહાર લોકોને ખબર ના પડે પણ દાદાશ્રીને ખ્યાલ આવતો હતો, કે અંદરખાને અહંકારની સૂક્ષ્મ આડાઈઓ રહેલી છે. રિસાય એવી દેહની આડાઈ નહીં, પરંતુ સામાની સાચી વાત હોય તોય સ્વીકાર ન થાય, એવા પ્રકારની આડાઈઓ. દાદાશ્રી કહે, અંતે લોકોએ અમને મારી-ઠોકીને ઊંધા-ચત્તા સકંજામાં લઈને પણ પાંસરા બનાવ્યા. આડાઈ ખરી રીતે અહંકાર જ ગણાય છે. છતાં એ જ અહંકાર જો સવળો ચાલે તો ઠેઠ ભગવાન બનાવે એવો છે.

દાદાશ્રીના ભારે અહંકારે એમને બહુ માર ખવડાવ્યા. પણ એક પ્રકારે એ અહંકાર ઉપકારી થઈ પડ્યો. એ અહંકારે દાદાશ્રીને કોઈ પણ જાતના ગંદવાડામાં પેસવા દીધેલા નહીં. આ હિતકારી ને આ હિતકારી નહીં, એવું બહુ જ ધ્યાન રાખેલું. એટલે બહુ ચોખ્ખા રહેલા. કોઈ પ્રકારનો ડાઘ પડવા દીધેલો નહીં.

'દસ હજાર બુદ્ધિશાળી માણસોને ભેગા કરે અને એમનો જેટલો અહમ્ થાય એટલો અમારો અહમ્ હતો', એવું દાદાશ્રી કહેતા. છતાં એમને અંદરખાને ખબરેય પડતી હતી, કે આ અહંકાર આવો છે, આવો પોષાય છે, આવો બાધક છે, ખબર બધી પડતી હતી. પરંતુ સંસારના કોઈ પણ પ્રકારના મોહમાં મજા નહોતી આવતી, એટલે આ એક ફક્ત અહંકારની મજામાં રસ રહેલો. એટલે કોઈ લાખ સોનું આપે તો એ ન ખેંચે, પરંતુ 'આવો, પધારો અંબાલાલભાઈ' કહે તે ખેંચે.

એ જ પોષાઈ પોષાઈને મોટા થયેલ અહંકાર-માનના કારણે સહેજ પણ માનમાં ઘસરકો આવે તો પણ સહન ન થાય. આમ માનની કૈડ, ચિંતા-ઉપાધિઓ બધી ખૂબ જ વધી. રાત્રે ઊંઘ ના આવવા દે એવો અસહ્ય અજંપો થયો. ત્યારે ખબર પડી કે આ તો દુશ્મન છે, મજા નથી આમાં. એનાથી મગજમાં નક્કર બેસી ગયું કે આ જગતમાં કોઈ જગ્યાએ સુખ છે નહીં. મોહ બધો ઊતરી ગયો. આ જગતમાંથી છૂટવું છે એવા ચોક્કસ ભાવ થઈ ગયા.

પહેલા તો એ અહંકાર ગમતો હતો, પણ એણે પોતાનો આવડો મોટો પ્રકાશ આવરી દીધો છે, પોતાનું બધું સુખ રોકી રાખ્યું છે, એ સમજાયા પછી એમને એ અહંકાર દુશ્મન જેવો લાગવા લાગ્યો. તેથી જાતે જ બધી ચિંતાઓનું, અહંકારનું પડીકું વાળ્યું અને નદીમાં નાખી આવ્યા. ત્યાર પછી અહંકાર મોળો પડ્યો પણ સંપૂર્ણ ગયો નહીં. શાંતિ થઈ ગઈ, ચિંતા ઓછી થઈ ગઈ. અહંકારથી અહંકાર છેદ્યો તો ખરો પણ ૧૯૫૮માં જ્ઞાન થયું ત્યારે એમને દાદા ભગવાનની ઓળખાણ થઈ ને કામ થઈ ગયું. આખોય અહંકાર ભાંગી ગયો અને પરમાનંદ પ્રગટ થયો. પૂર્વભવનું કંઈક કરેલું હશે તેનું આવું પરિણામ આવ્યું.

જ્ઞાન થયા બાદ પોતાનો અહંકાર તો સંપૂર્ણ નાશ પામ્યો, પણ જ્ઞાન લીધેલ તમામ મહાત્માઓના અહંકાર નાશ કરી શક્યા. લાખો અવતારે જે અહંકાર ન જાય, એવો અહંકાર જે લઈ લે એ જ કહેવાય 'વિરાટ પુરુષ !'

## [૧૨] મળ્યો ઉપદેશ રસ્તામાં

એક વખત દાદાશ્રી ભરબજારમાં કોઈની સાથે ઊંચા અવાજે બોલ્યા. તે ઝઘડા જેવું થયું. તરત જ આજુબાજુના લોકોએ એમને ટકોર કરી, કે ખાનદાન માણસ થઈને આ શું કરો છો ? તમારાથી આવું થાય ?

સલાહ લેવા જેવા પુરુષનું આવું દેખે તો લોકોને અજાયબ ના લાગે ? બહારથી તો દાદાશ્રી તરત ઠંડા પડી ગયા. પણ મનમાં થયું, કે 'એ આડું બોલ્યા એટલે આપણે વઢ્યા એમાં એવી શું મોટી ભૂલ થઈ ગઈ ?' ત્યારે એમના મિત્રે એમને સમજાવ્યું, કે 'સંડાસ ગંધાતું હોય તો બારણાંને લાતો માર માર કરાય ? એનાથી સંડાસ ગંધાતું બંધ થાય ?' આ સિમિલિ દાદાશ્રીએ સાંભળ્યા બાદ પેલી વઢવાડ તો બાજુએ રહી અને આ સિમિલિના એનાલિસિસમાં જ તેઓ પડ્યા, કે કેવો ગજબનો દાખલો છે, કે 'જાજરૂ ગંધાતું હોય અને એના બારણાંને લાતો માર માર કરીએ તો કોને નુકસાન થાય ? આપણને જ. આપણા જ પગ ભાંગી જાય અને એ તો સુધરે જ નહીં કોઈ દિવસ.' અને દાદાશ્રીને તરત જ પોતાની ભૂલનો સ્વીકાર થયો.

કોઈ ગુરુએ ના કરી હોય એવી એ વાત હતી. સંડાસનો સ્વભાવ જ ગંધાવાનો છે અને ફૂલનો સ્વભાવ જ સુગંધ આપવાનો છે. એ બદલાય નહીં. એને ઓળખી લેવું. ત્યારથી દાદાશ્રીએ કાનની બૂટ પકડી કે આવું ના કરાય.

એકવાર એમની રેલવેના માસ્તર સાથે પૈસા બાબતે થોડી રકઝક થયેલી. દાદાશ્રી પૈસાની થોડી કરકસર કરવા ગયા એમાં રકઝક થઈ ગઈ. માસ્તરે જોયું કે આ પૈસા બચાવવા માટે બુદ્ધિની હદની ઉપર ચાલ્યા ગયા છે. એટલે કહ્યું, 'તમે બુદ્ધુ જેવા છો.' દાદાશ્રીને તરત પોતાની ભૂલ સમજાઈ અને કબૂલ્યું કે 'બરાબર છે, હું બુદ્ધુ જ છું.'

તેઓ સમજી ગયા કે વધારે પડતી બુદ્ધિ ચલાવી એનું આ પરિણામ છે. બુદ્ધિને હંમેશાં લિમિટમાં રાખવી. હદની બહાર જાય એટલે માણસને બુદ્ધુ બનાવે. ત્યારથી તેઓ પાછા વળી ગયા.

કોઈ ગાળો ભાંડે તો શું અસર થાય છે ? કોઈ અપમાન કરે તો શું અસર થાય છે ? માન આપે તો શું અસર થાય છે ? એ બધી અસરોને માપી માપીને જોવાની દાદાશ્રીની આદત હતી. તેઓશ્રી એવું સમજતા કે જેમ થર્મોમિટરથી પોતાનો જ તાવ પોતે જુએ એવી રીતે આ લોકો થર્મોમિટર જેવા છે, જે મને મારા અહંકારનો તાવ દેખાડે છે.

દાદાશ્રીમાં જબરજસ્ત હિંમત હતી. કોઈ જબરો નબળાને હેરાન કરતો હોય તો એની સાથે ઝઘડી પડે. રસ્તે જતા વઢવાડ વહોરે એવા ક્ષત્રિય હતા. ક્ષત્રિય પ્રકૃતિના કારણે નાનપણમાં ભયંકર દ્વેષ હતો ! અહંકારને કોઈ જરાક છંછેડે તો સામાને ઉડાડી મેલે એવો દ્વેષ ! દાદાશ્રી આની સામે નવી પેઢીના ગુણને બિરદાવતા કહે છે, આ અત્યારની ડેવલપ પ્રજા, એ જન્મતા જ દ્વેષ વગરની ને નોબલ પાકી છે, જ્યારે અમે આવા નહોતા. અમને તો તમે ત્યારે જુઓ તો કહો કે આ તો જ્ઞાની થઈ શકે જ નહીં.

પણ બીજી બાજુ દાદાશ્રી સરળ પણ બહુ હતા. સરળતા, નિર્લોભતા, નિષ્કપટી, ચારિત્ર ઊંચું એ બધા ગુણો ટૉપ પરના હતા. તેથી જ્ઞાન પ્રગટ થયું ને !

દાદાશ્રી કહે, જો જ્ઞાન ના મળ્યું હોય તો આ અહંકાર નર્કે લઈ જાય એવો હતો. લોકોના અહંકારને છંછેડે ને, તો બહુ બહુ તો લોકો પાશવતા સુધી જાય એવું કરે અને આ અમારા અહંકારને છંછેડે ને, તો સાતમી નર્કમાં લઈ જાય ત્યાં સુધીના ઊંધા પરિણામ ઊભા થાય. આવો અહંકાર ફક્ત વાસુદેવ એકલાને જ હોય. વાસુદેવ એટલે નરમાંથી જે નારાયણ થયેલા હોય, એવાને આવા કઠણ પરિણામ હોય. સહન કરી શકે નહીં અને બાળી મેલે. ભગવાનનુંય સહન ના કરે. કોઈને ગાંઠે નહીં ને ! ભગવાન તો વાસુદેવને વશ થઈ ગયેલા હોય. આ છેલ્લી કોટીનો અહંકાર હોય.

જ્ઞાન પછી દાદાશ્રીમાં બધું પરિવર્તન થઈ ગયું. જ્ઞાન થયું એનો જે આનંદ ઉત્પન્ન થયો કે અહંકાર સડસડાટ ઊડી ગયો. અત્યારે હવે દાદાશ્રીને કોઈ ગાળ ભાંડે કે ધોલ મારે, એમને કશો વાંધો આવે નહીં.

તેઓ ઉપરથી હસીને આશીર્વાદ આપે. પહેલા તો એમના એવા કડક પરમાણુ હતા કે ખાલી આંખ જ કાઢે ને તો આખું જંગલ ધ્રૂજી જાય. એવી જબરજસ્ત શક્તિ એમનામાં હતી. આજે એ બધા જ પરમાણુઓ સેટ અપ થઈ ગયા (શમી ગયા) અને કરુણામાં પરિણમ્યા !

# [૧૩] જ્ઞાન પહેલાની દશા

## [૧૩.૧] સંસાર પોષાતો નહોતો

સાલ ૧૯૪૨થી દાદાશ્રીના જીવનમાં પરિવર્તન આવવા માંડ્યું હતું. જીવન આખું ધાર્મિક વિચારો તરફ ફરી ગયેલું. સંસારથી છૂટવાની ઈચ્છાઓ થતી હતી. અંદર ધાર્મિક વાતાવરણ બધું ઊભું થઈ ગયું. સંયમી જીવન થવા લાગ્યું. જીવનમાં કોઈ પ્રકારનો રસ નહોતો લાગતો. એમની દશા કંઈક આવી હતી...

### • સંસારમાં ડગલે ને પગલે પરવશતાઓ લાગવા લાગી

* બહાર જતી વખતે ઘરના લોકો જલદી આવી જવાનું કહે એ પરવશતા.

* માથું દુઃખે, દાઢ દુઃખે, કાન દુઃખે... એ શરીરના દુખાવા થાય એ પરવશતા.

* રોજેરોજની રૂટીન દૈનિક ક્રિયાઓ જેવી કે; બ્રશ કરવું, નહાવું, ખાવું-પીવું, સંડાસ જવું... કે જેનો જીવન દરમ્યાન અંત કદી આવતો જ નથી, એ બધી પરવશતા !

### • બધે જ કંટાળો આવે

* ગમે એટલું બાગ-બગીચામાં ફરવા જાય પણ ઘરમાં આવીને એનો એ જ પલંગ, એની એ જ પથારી, એનું એ જ ઓશીકું. રોજ નવો પલંગ, નવું ઓશીકું, બધું નવી નવી જાતનું હોય તો સંસાર પોષાય, પણ આ તો એનું એ જ બધું એટલે કંટાળો આવે.

* જમવામાં પણ એ જ રોટલી, ભાત, દાળ ને શાક. બહુ બહુ તો એક દહાડો હાંડવો હોય, એક દહાડો પાટૂડા હોય પણ અંતે તો એનું એ જ ને !

* મન વેરાયટિઝ ખોળે એ બહુ મોટી પરવશતા લાગતી. દુનિયામાં તો વેરાયટિઝ છે જ, પણ આપણા ભાગમાં નથી આવતી. એની મૂંઝવણ એમને બહુ રહ્યા કરતી હતી.

* જે જોઈતું હોય એ મળે નહીં એટલે પરવશતા લાગ્યા કરે.

આવા સંસારમાંથી દાદાશ્રીનું મન ઊઠી ગયેલું. પૈસાય ના ગમે, પથારીય ના ગમે, સોનું આપો તોય અડે નહીં. કંઈ ગમે જ નહીં. એમને થતું કે જો વેરાઈટી નથી મળતી તો મન વગરના રહેવું સારું. આપણે હતા તેના તે જ મૂળ સ્વરૂપે. મન હોય તો વેરાઈટી તો જોઈએ જ અને એ નથી મળતી તો મન અકળાય છે. રોજ એવું નવું નવું ના મળતું હોય તો આપણે આપણા ઘરે (આત્મામાં) જતા રહેવું સારું. આપણા ઘરે કેટલી બધી જાહોજલાલી છે ! પાર વગરનું સુખ છે ! એ મૂકીને આ ઓરડી શી રીતે ગમે ? રોજ જુદું જુદું હોય અને આનંદ આવતો હોય તો આપણને થાય કે મોક્ષમાં જવાની શું જરૂર છે ? પણ આ તો સાત મહેલ હોય અને જુદી જુદી રૂમ અને જુદા જુદા પલંગ હોય તોય છેવટે ચેન ના પડે. કારણ કે છેવટે નનામી કાઢે ત્યારે બધું ફ્રેક્ચર (ખલાસ) થઈ જવાનું. તો આ બધું કેવી રીતે પોષાય ?

દાદાશ્રીને ઘણીવાર થતું કે આ 'નો વેરાઈટીઝ' જેવું જગત છે, એમાં લોકો કયા સુખના આધારે પડી રહ્યા હશે ? પછી જડ્યું કે જીવને મોહ છે એટલે કંટાળો નથી આવતો. બાકી દુનિયામાં લોકો પાર વગરના દુઃખી છે પણ મોહ હોય એટલે બેભાનપણામાં સહન થાય. મોહનો જથ્થો એટલે દારૂ પીધા જેવો. મોહનો કેફ રહ્યા કરે પણ મહીં બળતરા પાર વગરની હોય !

અંતે દાદાશ્રી સમજી ગયા કે આ દુનિયા કંઈ આપણા પ્રમાણે થવાની નથી. આપણે સવળા થવું પડશે. માટે તપ જ કરેલા.

જ્ઞાન થતા જ દાદાશ્રીએ પોતાના ઘરનો (આત્માનો) વૈભવ અનુભવ્યો. અને પછી તો બહાર પણ એવા સંજોગ બાઝ્યા છે કે દર બે દિવસે દાદાશ્રીને નવો રૂમ, નવો બાથરૂમ, નવો પલંગ, નવી ચાદરો, નવા ઓશીકાં બધું મળતું. દુનિયાને સાંભળવામાંય ના આવ્યું હોય એવી

જાહોજલાલીવાળા સંજોગો રોજ ભેગા થતા. એક નીરુમાની સેવા સિવાય બીજું બધું રોજ બદલાયા કરે. પહેલાની ભાવનાના પરિણામ સ્વરૂપે આવું બન્યું હતું.

**• સંસાર પ્રત્યે જબરજસ્ત વૈરાગ્ય**

દાદાશ્રીને બધું જ યાદ રહેતું. અને જેટલી યાદશક્તિ વધારે એટલો વૈરાગ્ય વધારે. લોકો રોજ સંડાસ જાય છે પણ કોઈ દિવસ વૈરાગ્ય જોયો છે ? કારણ કે યાદશક્તિ જ નહીં ને ! બહાર નીકળે એટલે બધું ભૂલી ગયો હોય. બેભાન લોકોને શું પૂછવાનું ? ભાનવાળો તો ભૂલે જ નહીં કે આવો એંઠવાડો ? અને આ જાતનું જીવન ? પછી એ એમાં હાથ ઘાલે જ નહીં. યાદ જ ના આવે, એને પછી વૈરાગ્ય શાનો આવે ? રોજ એને ગાળો ભાંડે અને સાંજે એને યાદ ના આવે તો વૈરાગ્ય કેવી રીતે આવે ?

દાદાશ્રી વિચારશીલ બહુ અને એમનામાં મમતા નહીં. એટલે સંસારમાં રહેવાય એવું નથી એવું એમને નિરંતર રહેતું. એમને આખો સંસાર નિરંતર કડવો લાગેલો.

દાદાશ્રી કહેતા કે '૧૯૫૮માં હું એક કલાક જીવી નહોતો શકતો. જ્યાં સુધી આ વિજ્ઞાન પ્રગટ ના થયું ત્યાં સુધી હું જીવી નહોતો શકતો.' એટલી બધી સંસારમાં બળતરા લાગતી હતી કે સહન જ ના થાય. કોઈ એવી જગ્યા નહોતી કે જ્યાં દાદાશ્રીને મૂર્છા ફરી વળે કે મોહ ઉત્પન્ન થાય. એટલે અંતરદાહ બંધ થાય જ નહીં.

ત્યારે એમની ભાવના વધુ તીવ્રતાથી થતી કે જગતનું કલ્યાણ થાવ. અમારાથી આ સહન નથી થતું તો લોકો શી રીતે સહન કરતા હશે ?

**• સંસાર અસહ્ય લાગતો**

દાદાશ્રીને કોઈ ઉપાધિ નહોતી તોય સહન નહોતું થતું. જ્ઞાન નહોતું ત્યાં સુધી ભઠ્ઠીમાં જ હોય એવું લાગે. સંસારી હોય કે કોઈ પણ ઈન્દ્રિય સુખમાં પડ્યો હોય ત્યાં સુધી એને સંસાર સારો લાગે, નહીં તો સંસાર ભઠ્ઠી જેવો લાગે એવો છે. એક ક્ષણવાર સહન ના થાય એવો આ સંસાર છે.

દાદાશ્રી કહે, અમને સંસારમાં પાર વગરનું દુઃખ લાગતું હતું. એક સેકન્ડેય સુખ લાગ્યું નથી. નિરંતર દુઃખ લાગ્યું ત્યારે આ જ્ઞાન જડ્યું. ક્રમિક માર્ગે એ છેલ્લી દશા આવ્યા સિવાય જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી.

## • અજ્ઞાનતા છતાં જાગ્રત સ્થિતિ

એક બાજુ આત્મા પ્રાપ્ત નહોતો થયો ને બીજી બાજુ એટલી જાગૃતિ હતી કે સંસાર એક ક્ષણ સહન નહોતો થતો, તે દુઃખ, દુઃખ ને દુઃખ જ લાગતું હતું. અહીં અજવાળું હોય અને સાપ પેઠો હોય એવું જેણે દેખ્યું એની શી દશા થાય ? જેણે ના દેખ્યો હોય એ ઊંઘી જાય, પણ દેખ્યો હોય તે ? લોકો તો રોજ જ સંસારની ભયંકર પરવશતામાં બેભાનપણે જીવ્યા કરે છે, જ્યારે દાદાશ્રી સંપૂર્ણ જાગ્રત હતા માટે સંસારમાં આકરું લાગતું હતું.

## • સંસાર વિકરાળ લાગતો

દાદાશ્રીને નાનપણથી જ સંસારની વિકરાળતા દેખાતી હતી. ક્ષણે ક્ષણે દુઃખવાળું, ક્ષણે ક્ષણે ઉપાધિવાળું. એટલે કોઈ જગ્યાએ એમને મૂર્છા જ ના થાય, ક્યાંય રસ જ ના આવે, નિરંતર ભયવાળું જ દેખાય. ૧૯૫૧થી એમને ક્ષણે ક્ષણે ભય લાગતો હતો અને ભય જ્યારે ટૉપ ઉપર ગયો ત્યારે આ જ્ઞાનના અંશો પ્રગટ થયા.

## • પરિણામલક્ષી વિચાર

દાદાશ્રીને સંસારમાં કોઈ જગ્યાએ રસ આવતો જ નહોતો. ભૌતિક સુખો જે ભોગવવાના હોય, એમાં એમને ખ્યાલ જ હતો કે આ બધા 'ટૂ બી પેઈડ' છે. પેમેન્ટ કરવું જ પડશે. પેમેન્ટ કરવું હોય તો આ સુખ લેવાય. એટલે દાદાશ્રીએ નક્કી કર્યું હતું કે મારે કોઈ પેમેન્ટ કરવું નથી. માટે મારે કોઈ સુખ લેવાય નથી ને જોઈતાય નથી.

આમ દાદાશ્રીને પહેલેથી જ દરેક બાબતમાં પરિણામના વિચાર આવે કે આનું પરિણામ શું આવશે એ હાજર જ થઈ જાય.

દાદાશ્રીને તો બસ આ સંસારમાંથી છૂટવું હતું. તેઓ સ્વતંત્રતાના શોખીન હતા. ભગવાન પણ ઉપરી ના જોઈએ એવી સ્વતંત્રતા એમને

જોઈતી હતી. ઘણા અવતારોની એમની આ શોધખોળ હતી કે મારો ઉપરી કોઈ છે જ નહીં. ભગવાન તો મારું સ્વરૂપ છે. મારા બ્લન્ડર્સ અને મારી મિસ્ટેક્સ એ જ મારા ઉપરી છે.

૧૯૫૮માં જ્ઞાન થયું ત્યારે એમને કળ વળી. પોતાનું સ્વરૂપ જોયું, જાણ્યું અને અનુભવ્યું.

## [૧૩.૨] જ્ઞાનાંક્ષેપકવંત દશા

વર્લ્ડમાં કોઈ એવી ચીજ નહોતી કે જે દાદાશ્રીએ વિચાર્યા વિના બાકી રાખેલી હોય અને તેથી જ આ અક્રમ વિજ્ઞાન પ્રગટ થયું ! વ્યવહાર સંપૂર્ણ વિચારી નાખેલો. કળિયુગનો વ્યવહાર એટલો બધો અટપટો હોય ને કે વ્યવહારના ખુલાસા ના થાય તો માણસ પાછો ગૂંચાઈ જાય એટલે વ્યવહાર સહિતનું આ જ્ઞાન છે. જ્ઞાન થતા પહેલા દાદાશ્રીનો પુરુષાર્થ જ આ હતો. આખો દિવસ વિચાર, વિચાર, વિચાર કર કર કરેલા.

દાદાશ્રીની વિચારધારા એટલી ચાલતી હતી કે પંખો ચાલુ છે કે બંધ એ પણ ખબર ના પડે. આ વિચારધારા જ્ઞાનાંક્ષેપકવંત જેવી ચાલતી હતી. જ્ઞાનાંક્ષેપકવંત એટલે વિચારમાં વિક્ષેપ જ ના પડે. ધારા ચાલુ ને ચાલુ જ હોય. બબ્બે કલાક, ચાર-ચાર કલાક સુધી ચાલ્યા કરે. વિચારમાંથી વિચાર, વિચારમાંથી વિચાર, વિચારમાંથી વિચાર. જ્ઞાનના જ વિચાર ! એમાં ખલેલ પડે જ નહીં.

એક પ્યાલો પડે તો પણ એના પરથી પણ વિચારણા ચાલે કે આ શા આધારે ઊંધો જ પડ્યો ? સ્ત્રીને જુએ તો નાનપણથી લઈને ઘરડી થાય ને નનામી સુધીની બધી અવસ્થાઓનું પૃથક્કરણ થાય. બગીચામાં નાસ્તો ખાતી વખતે બાજુમાં કૂતરાને સંડાસ કરતું દીઠું કે તરત વિચાર આવે કે આ ખાઈએ છીએ એની દશા બીજે દહાડે સવારે આ જ થવાની છે ને ! વાળંદને ત્યાં વાળ કપાવવા જાય ને દુકાન બંધ હોય તો ત્યાંય પણ અંદર વિવરણ ચાલે કે કયા આધારે કામ ન થયું ? એક પણ સંજોગ ખૂટે તો કાર્ય નથી થતું. એટલે એના પરથી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ જડેલું. આમ વિક્ષેપ રહિતના વિચારો ચાલ્યા કરતા. જેમાં બધા જ પાસાઓ વિચારી નાખેલા. જે લોકોને દૃષ્ટાંત રૂપે કામ લાગ્યા.

દાદાશ્રી જે જે દૃષ્ટાંતો આપે છે એ જ્ઞાન તરીકે એમને એક્ઝેક્ટ હાજર હોય. વાંચી કે ગોખીને બોલેલા ન હોય. અને તો જ જગતનું પૂંઠિયું ફરે, નહીં તો પૂંઠિયું ફરે નહીં. કેટલાય કાળનું જૂનું થઈ ગયેલું આ પૂંઠિયું, સંસ્કાર દૃઢ થઈ ગયેલા હોય. એટલે મૂળ સ્થિતિમાં લાવવા માટે દાદાશ્રીના આ દૃષ્ટાંતોએ અદ્ભુત કામ કર્યું.

દાદાશ્રી જ્ઞાન થતા પહેલા પણ આધ્યાત્મિકતાના અવિરત થિંકર (વિચારક) હતા. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે ને કે 'કર વિચાર તો પામ'. પણ શેનો વિચાર ? એ હિતાહિતના વિચાર હોય. હિતાહિતની વિચારદશા વધતી વધતી એકદમ વધી જાય ત્યાર પછી એ જ્ઞાનાંક્ષેપકવંત થાય. પછી એ વિચારદશામાં વિક્ષેપ જ ના પડે. સંસારમાં બધેથી ચિત્ત છૂટું પડી જાય.

જ્ઞાન પહેલાના વર્ષોમાં એમને દિવસોના દિવસો સુધી આત્મા સંબંધી વિચાર ચાલ્યા કરતા. સંસારનો એક પણ વિચાર નહીં. આ વિચારવામાં દાદાશ્રીને એટલો બધો ટેસ્ટ આવતો કે બીજા બધામાંથી ટેસ્ટ ઊડી જતો. એટલે બીજે બધે વૈરાગ્ય ઉત્પન્ન થાય. નફામાંય વૈરાગ્ય અને ખોટમાંય વૈરાગ્ય ! દાદાશ્રીને જ્ઞાન થતા પહેલા આવી જ્ઞાનાંક્ષેપકવંત દશા આવી હતી, જેમાં 'આત્મા શું હશે ? કેવો હશે ?' એવી અવિરત વિચારધારા ચાલતી હતી. આગલા ભવનો કોઈ પુરુષાર્થ હશે, તે આ દશા આવી. પછી જ્ઞાન થયેલું.

દાદાશ્રી કહેતા, જ્ઞાન થતા પહેલા છેલ્લા બે-પાંચ વર્ષ અમે ક્ષણવાર આત્માને વીલો નથી મૂક્યો. મા જેમ એના છોકરાને વીલો ના મૂકે, એ કંઈ પણ કામ કરતી હોય તોય એનું ધ્યાન જેમ સતત એના છોકરામાં હોય, એવી રીતે અમે આત્માને વીલો નહોતો મૂક્યો. ત્યાર પછી જ્ઞાન પ્રગટ થયું.

આટલો વૈરાગ્ય અને આટલી ઊંચી દશા છતાં દાદાશ્રીને સંન્યાસનો ઉદય જ નહોતો. એમને સંન્યાસ ઉપર ચીઢ નહોતી, પણ એવો ઉદય જ નહોતો દેખાયો એમને. દાદાશ્રી દૃઢપણે એવું માનવાવાળા હતા કે મોક્ષે જતા સંસાર નડતો નથી; અજ્ઞાન નડે છે, અણસમજણ નડે છે. ભગવાને

જે ત્યાગનો માર્ગ ઉપદેશ કર્યો છે એ સામાન્યભાવે કર્યો છે, વિશેષ ભાવે નથી કર્યો. વિશેષ ભાવે તો આ સંસાર નડે એવો જ નથી, એવું દાદાશ્રી ગેરેન્ટીપૂર્વક કહેતા. તે જુઓ ને આ અક્રમ પ્રગટ્યું ! સંસારમાં રહીને સામાન્ય જીવન જીવતા ક્ષાયક સમકિત થઈ ગયું. કંઈ છોડવાનું નહીં એનું નામ અક્રમ ! મહેનત કશી નહીં. તદ્દન મહેનત વગરનો માર્ગ, લિફ્ટ માર્ગ !

## [૧૩.૩] નિરીક્ષણ-પૃથક્કરણ

દાદાશ્રીનું ધ્યાન ક્યારેય લક્ષ્મી-વિષય તરફ ગયેલું જ નહીં. એમને જેટલા સંજોગો ભેગા થયા એ બધાનું એમણે પૃથક્કરણ કરેલું. રેલ્વેમાં ગયેલા અને ત્યાં માલસામાન વિભાગમાં એમણે વાંચ્યું કે 'ગ્લાસ વિથ કેર' તો તરત મેળ બેસી ગયો કે આ કાળના આધીન આવું લખવું પડ્યું. પહેલા આવું નહોતું. પહેલા તો આમ નાખો, તેમ નાખો તોય લોકો તાંબાના વાસણ જેવા હતા. એ તૂટે-ફૂટે નહીં અને અત્યારના તો બધા પાકા ચીભડા જેવા છે, જેને હલાવીએ તો તરત ફાટી જાય. એટલે 'હેન્ડલ વિથ કેર' કરવું પડે છે.

દાદાશ્રીનો સ્વભાવ એવો હતો કે કોઈ વસ્તુ તોલીને ના લે. વીણીને લે અને એના ડબલ પૈસા આપે. એમને ત્યાં એક બાઈ બોર વેચવા આવતી. એ વેચતી વખતે એવું બોલતી જાય કે 'મીઠા મીઠા બોર લો.' દાદાશ્રીએ એની પાસેથી બોર લઈને ખાધા ને એ નીકળ્યા કડવા. દાદાશ્રીએ એને કહ્યું, કે તું કહેતી હતી ને કે મીઠા બોર છે, આ તો કડવા નીકળ્યા. ત્યારે પેલી બાઈએ જવાબ આપ્યો હું મીઠા ના બોલું તો કોણ લે, કાકા ? હું તો મારો વેપાર કરવા નીકળી છું. હું મીઠા કહું એટલે બધા લે અને એમને મીઠા જ લાગે પાછા.

દાદાશ્રી સમજી ગયા કે મીઠા બોલવાથી એવી અસર થાય કે મીઠા જ લાગે. એટલે આ સાયકૉલોજી ઈફેક્ટ છે. આ જગત સાચું નથી, ગપ્પેગપ્પ ચુમ્માળસો છે. આમ દાદાશ્રી બધી વાતનું નિરીક્ષણ કરતા. ભલે ધંધામાં જવાનું થોડું મોડું થાય પણ એકેએક વસ્તુનું નિરીક્ષણ કરતા. મનુષ્યો, પ્રાણીઓ, પક્ષીઓ... બધાનું નિરીક્ષણ કરતા.

• **કૂતરામાં ભાળ્યું ભ્રાંતિનું દુઃખ**

એક દિવસ દાદાશ્રીએ ગાડા નીચે કૂતરાને ચાલતું જોયું. દાદાશ્રીએ જોયું કે એ આમતેમ જુએ છે અને પછી એવા ટેસથી ચાલે છે જાણે હું જ ગાડું ચલાવું છે. એ જોઈને લોકોને 'વ્યવસ્થિત' સમજાવવા કૂતરાનું દૃષ્ટાંત ફિટ થઈ ગયું.

કૂતરું સૂતું હોય ને કશુંક અવાજ થાય તો એ તરત ભસે. દાદાશ્રીએ જોયું કે, એણે એ એરિયા પોતાનો માન્યો છે એટલે ત્યાં કોઈ આવે કે તરત ભસે છે. એવું મનુષ્યોય માની જ બેઠા છે ને !

જાનવરો પ્રકૃતિ સ્વભાવમાં રહે. જેનું મન સીમિત છે એનાથી આવું થઈ જાય. પણ આપણે તો મનુષ્ય છીએ. આપણું મન અન્‌લિમિટેડ છે. આપણે વિચારવંત કહેવાઈએ. આપણે મનુષ્ય થઈને આવું કરીએ છીએ, માટે ઘડી ઘડી પશુમાં જવાનું થાય છે.

કૂતરાનું નિરીક્ષણ કરતા એમને એ પણ સમજાયું કે જીવમાત્ર સ્વભાવથી દુઃખ ભોગવી રહ્યું છે. આપણે ગાડી લઈને જતા હોઈએ અને મોટો કૂતરો એ જુએ એટલે એને અપમાન જેવું લાગે કે મારી રૂબરૂમાં આટલી જોરથી હાંકે છે એમ કરીને ભસતો ભસતો આપણી જોડે દોડે. આ એને કોણ ભસાવડાવે છે ? એનો સ્વભાવ. કોઈ બાપોય એને પૂછનાર નથી, વઢનાર નથી. પણ સૂવે નહીં અને ભસ્યા કરે. આ જોઈને દાદાશ્રી સમજી ગયા કે જીવમાત્ર એના સ્વભાવથી દુઃખ ભોગવી રહ્યું છે. નહીં તો દુઃખ હોતું હશે ?

કૂતરા કેવા હોય ? જાણે આખા ગામના રાજા ના હોય ! ફળિયામાં બે-ત્રણ કૂતરા હોય તે સામસામે ફર્યા કરે પણ જો બહારનું કોઈ આવ્યું હોય તો આખી પોળને જગાડે એટલું બધું ભસ ભસ કરે. જાણે શુંય એની પોળ પર માલિકી હોય ને ! નથી દસ્તાવેજ, નથી પુરાવા તોય પોતાનો મહોલ્લો હોય એવી રીતે ભસે. મનુષ્યો પણ ભ્રાંતિથી પોતાનું માનીને, સામસામે ઝઘડીને દુઃખ ભોગવે છે.

જ્યાં કોઈનુંય ધ્યાન ના જાય ત્યાં દાદાશ્રી આવું બારીકાઈથી નિરીક્ષણ કરતા અને સુખ-દુઃખના એવા તારણો કાઢતા. એ અનુભવ

મનુષ્ય માટે ગોઠવી દઈ પોતે મોહમુક્ત દશામાં રહેતા અને લોકોને પણ તે સમજાવતા.

**• ગધેડામાં નોબિલિટી જોઈ**

દાદાશ્રી કહેતા કે ગધેડાની જાત નોબલ હોય. એમને કોઈ પણ જાતનો દ્વેષ નહીં. એમને આમથી ડફણું મારે તો આ સાઈડ ચાલવા લાગે અને આ સાઈડથી મારે તો બીજી સાઈડ ચાલવા લાગે. પણ 'મને કેમ માર્યો' એવું કશું નહીં.

ગધેડાં કાયમ પોતાની મસ્તીમાં રહ્યા કરે. કારણ કે એ જાણે કે આ મનુષ્યોમાં અક્કલ છે જ નહીં. તમને અમારી કદર નથી પણ અમે તો અમારી કિંમત જાણીએ છીએ ને ! બીજા કોઈને પૂછવું પડે એવું નથી. આને ભગવાને શું કહ્યું ? ગધ્ધામસ્તાની.

તે આપણે ત્યાં પણ અમુક લોકો એવા જ હોય કે બધા જ ગાળો ભાંડતા હોય, અપમાન કરતા હોય પણ એ બધા એમ જ જાણે કે આ બધા અક્કલ વગરના છે. હું જ છું, એની મસ્તીમાં રહે. લોકો આવું પોતપોતાના મનમાં મસ્ત થઈને પડ્યા રહે છે.

ગાયો-ભેંસો હોય, કૂતરાં હોય એ જીભથી ચાટે. આવું કરીને એ મસ્કા મારે. પણ ગધેડાંને એવું કશું હોય નહીં. ગધેડાંને કોઈની પડેલી હોય જ નહીં. એ બસ પોતાની જ મસ્તીમાં રહે.

ગધેડાં હોય સંપૂર્ણ અહિંસક, હિંસકભાવ નામનોય નહીં. કોઈ બહુ પજવે તો એકાદ લાત મારે. બાકી જરાય હિંસકભાવ નહીં. ગાયો-ભેંસો, કૂતરાં, બકરાં એ બધા જ રઘવાયા. અને આ ગધેડાં તો આમ આસ્તે આસ્તે ચાલે. પૂંછડી હલાવે, કાન છે તે આમ પાછા વાળી દે અને શાંતિથી ચાલે.

ગધેડાં માટે દાદાશ્રીએ એક નવી જ વાત ખુલ્લી કરી, કે ગયા અવતારે નાક દબાવી દબાવીને હઠાગ્રહથી બધી ક્રિયાઓ કરેલી. તેથી આ અવતારમાં એમને શ્વાસ નથી લેવાતો અને નાકના કાણાં ફાડી નાખવા પડે છે. ગધેડા પર વજન મૂકે ત્યારે એનાથી ચલાય ખરું પણ બહારના

વજનના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે. એટલે પછી નાક ચીરી નાખે... ઘોડા-બળદને આવી રીતે શ્વાસ ઘૂંટાય નહીં. એમના નસકોરા મોટા મોટા હોય અને આનું સાંકડું હોય.

**• કાગડાના ગુણ-અવગુણ**

કાગડાનું નિરીક્ષણ કરતા દાદાશ્રી કહેતા કે તેઓ ભેગું કરવાની વૃત્તિવાળા હોય. સાથે સાથે તેઓ સંપીલા હોય, ડંખીલા હોય, વેરીલા હોય અને બ્લેક લિસ્ટેડ હોય.

એક કાગડાને કંઈ થાય અને એ કાંઉ કાંઉ કરે એટલે બધા જ આવી જાય મદદે. એટલે એ સંપીલા હોય.

ડંખીલા એ રીતે કે જો તમે એને માર્યો હોય ને, તો તમને ચાંચોથી મારી નાખે એવા ડંખીલા હોય, બહુ વસમા હોય.

સાથે સાથે પાકાં પણ એવા કે માણસજાતિ પર વિશ્વાસ ના કરે. રોજ એમને ખવડાવે એની પાસે જાય ખરા પણ જેવી એ વ્યક્તિ એમની પાસે જાય કે તરત ઊડી જાય. બહુ ચાલાકી હોય એમનામાં. નિરાશ્રિત જાત કહેવાય આખી. બીજા બધા જાનવરો ભોળા પણ આ કાગડા બહુ પાકાં. અને ચબરાક પણ એટલા. એક આંખ બંધ કરીને બારીકાઈથી મનુષ્યને જુએ કે એ એને ક્યાંથી, કઈ રીતે પકડશે ! એટલે જેવો આપણે હાથ લંબાવીએ કે તરત ઊડી જાય.

દાદાશ્રી કહેતા કે અમે રોજ કાગડાને જમાડતા. કારણ કે આપણે કોને ખુશ કરવા પડે ? જે છેતરનારા હોય એને ખુશ કરવા પડે. એ ખુશ રહે એટલે આપણને મોક્ષે જતા કોઈ અટકાવનારું રહ્યું નહીં. આમ, દાદાશ્રી છેતરાવાનો ક્વોટા પૂરો કરી પોતાની સેફસાઈડ રાખતા.

**• વાંદરાનું નિરીક્ષણ**

વાંદરાનો ચિકિત્સક સ્વભાવ હોય. જે કંઈ પણ એની પાસે આવે એને ફાડી-કરીને, ચીરીને અંદર બધું જોઈ લે. દરેક વસ્તુ ઉઘાડીને ડૉક્ટરની જેમ જોઈ લે કે અંદર શું છે ? વાંદરાને ઘા વાગ્યો હોય તો વગર ડૉક્ટરે ક્યાંકથી પાંદડા લાવી, ચાવી, ઘા ઉપર ચોંટાડે, તે પેલાને

મટીય જાય, કુદરતી સૂઝ હોય છે ને ! આવા પ્રાણીઓના નિરીક્ષણ દાદાશ્રી હંમેશાં કર્યા કરતા.

## • ભેંસની હાલત જોઈને નીકળ્યા અદ્‌ભુત તારણો

એક દિવસ દાદાશ્રી એમના ઓટલે બેઠા હતા. બે જણા ભેંસને ખેંચીને લઈ જતા હતા. એક જણ આગળ મોઢેથી બાંધેલું દોરડું ખેંચે અને બીજો પાછળ એને મારે. આ લોકો ભેંસ સાથે આવું કેમ કરે છે એ તપાસ કરતા જાણવા મળ્યું કે ભેંસ હઠે ચઢી છે, આડી થઈ છે. દવાખાને લઈ જઈએ છીએ પણ એને આવવું નથી એટલે મારીએ છીએ.

આના ઉપરથી દાદાશ્રીએ તારણ કાઢ્યું કે ક્યારેય આડા ના થવાય, નહીં તો ઉપરથી માર પડશે, ભેંસ જેવી દશા થશે.

દાદાશ્રીએ શોધ્યું કે આ માણસોય આવું જ કરે છે. આગળ દોરડાંથી ખેંચાય, પાછળ માર પડે તોય છોડે નહીં. છોડે તો સેફસાઈડ થઈ જાય. દવાખાને લઈ જાય છે એ સગવડ માટે લઈ જાય છે, એ કંઈ અગવડ નથી. આ અગવડનું ફળ જ સગવડ છે એ આ લોક ઊંધું સમજે છે, માટે ભેંસની જેમ માર ખાવો પડે છે.

અગવડ એ સગવડનું મોટામાં મોટું સાધન છે. ભેંસ તો માર ખાય પણ માણસે તો સમજવું જોઈએ ને ? જે ફરજિયાત છે એ ખુલ્લા મને કરવું. હસતા મોઢે ફરજો બજાવવાની, ના ગમતી હોય તોય. જ્યાં આપણી પરવશતા હોય ત્યાં ખેંચવાનો વખત આવવા જ શું કરવા દેવો ? વ્યવસ્થિત આપણને ખેંચે એના કરતા આપણે વ્યવસ્થિત કહે એના પહેલા તૈયાર જ ના રહીએ કે હું તૈયાર છું, ચાલ.

## • બિલાડીને જોઈ સમજાઈ કુદરતની ગોઠવણી

બિલાડી રોજ સવારે છ-સાડા છએ નીકળે અને કલાકમાં તો એક ઉંદરડી મોઢામાં લઈને આવે અને પછી એના બચ્ચાંઓને નિરાંતે જમાડે. આ જોઈને દાદાશ્રીને વિચાર આવ્યો કે આ બિલાડીને રોજ અહીંથી ખાવાનું ભેગું થઈ જાય છે અને આ મનુષ્યો કમાવા માટે અહીંથી વિદેશ જાય છે.

દાદાશ્રી વિચારતા કે દરરોજ ઉંદરડી લાવે છે, તે ઉંદરડીઓ એના માટે કોણે ગોઠવી ? આ ટાઈમ કોણે ગોઠવ્યો ? પછી તેઓ સમજી ગયા કે આ બધી કુદરતની ગોઠવણી છે. મનુષ્યો અક્કલવાળા એટલે બિલાડી ઉંદરને મારવા જતી હોય તો ઉંદરને બચાવવા માટે બિલાડીને મારે.

એક કૂતરો બીજા કૂતરાંને મારે છે, એમાં એનો કંઈક ગુનો હશે એટલે આ મારતો હશે. એમાં આપણે શું કરવા વચ્ચે ડખલ કરવાની ? આ તો સૌ-સૌના હિસાબ છે ને એ ચૂકવે છે.

બિલાડીનું દૃષ્ટાંત આપતા દાદાશ્રી કહેતા કે બિલાડી મટકી જુએ અને સુગંધ આવે એટલે અંદર મોઢું નાખીને જુએ કે દહીં છે. એટલે એ ચાખવા જોર કરીને અંદર મોઢું નાખે. પછી મોઢું નીકળે નહીં એટલે ફસાય અને મટકી લઈને ફર્યા કરે. આવું એકવાર ફસાયા પછી પણ ચાર-પાંચ દહાડા પછી ફરીથી મટકી જુએ તો એ પાછું એવું જ કરે. એને જ માયા કીધી. બિલાડી જેવી લાચારી આ મનુષ્યો, જીવમાત્ર અનુભવી રહ્યા છે. લાલચથી ફસાય છે લોક !

### • કીડીમાંથી જડ્યો લોભનો સ્વભાવ

કીડીઓ ચાર વાગ્યાની ઊઠે અને ખાંડ પડી હોય એ લેવા જાય. કારણ કે ભયંકર લોભ. લોભ ઊંઘવા જ ના દે ને કોઈને. કેમ આવું કરતી હશે કીડીઓ ? તો કહે કે ક્યારેક વરસ ખરાબ આવે તો આ ભેગું કરેલું કામ આવે એટલે. પણ એ પહેલા તો બે ઉંદરડા પેસીને બધું સફાચટ કરી નાખે. આમ બધા મનુષ્યો પણ પૈસા ભેગા કર કર કર્યા કરે છે, ને કશું ધર્માદામાં ગયું ? ના, તો બધું ગટરમાં જાય છે. જે આવતે ભવે કામ ના લાગે એ બધું ગટરમાં ગયું કહેવાય.

### • પશુ-પક્ષીઓના નિરીક્ષણથી નીકળ્યું તારણ

દાદાશ્રી કહે છે, અમને કુદરત એટલી બધી રમણીય દેખાય કે કોઈ ઉપર રાગ જ ના થાય. કુદરત બહુ રમણીય છે. જાનવરો બધા રમણીય દેખાય છે. બધા પ્રાણીઓ આનંદમાં રહે છે એક મનુષ્ય સિવાય. મનુષ્ય આખો દહાડો હાયવોય હાયવોય કરે છે અને મોઢા પર દિવેલ ચોપડીને

ફરતો હોય છે. મનુષ્યને જીવતા આવડતું જ નથી. એટલે જ ડૉક્ટરના ચક્કર ખાવા પડે છે. બાકી કોઈ પ્રાણીઓને દવાખાને જવું પડતું નથી. બધા ભેગા રહી શકે છે, એડજસ્ટ થઈ શકે છે. વાંદરાં, કૂતરાં, ઘેટાં, બકરાં, પાડાં બધા એડજસ્ટ થઈ શકે છે, આ માણસ એકલાં જ એડજસ્ટ નથી થઈ શકતા ને તેથી ઝઘડાં કરે છે.

દાદાશ્રીએ વિચારવામાં કશું બાકી જ નથી રાખ્યું. વર્ષની ગણતરી, ઋતુઓ, મહિનો કેવી રીતે ગણવામાં આવે છે ! ચંદ્રના જે ફેઝીઝ છે, પંદર દિવસ દેખાય, પંદર દિવસ ના દેખાય એવી રીતે મહિનો ગણાય છે. દાદાશ્રીએ બધું વિચારી નાખેલું. પછી સમજાઈ ગયું કે આ બધું જ કુદરતી નિર્માણ થયેલું છે. ત્યાર પછી એમને સમાધાન રહેતું હતું કે આ બધું લોકોએ ઠોકી બેસાડેલું નથી. ધીસ ઈઝ બટ નેચરલ. અત્યારે આ ચોવીસ કલાકનો દિવસ છે એ પણ પદ્ધતિસરનો છે, નેચરલ છે. મનુષ્યનો વિકલ્પ કરેલો નથી. કલાક, મિનિટ, સેકન્ડ બધું જ પદ્ધતિસરનું છે. એના ઉપરથી ઘડિયાળ બનેલા.

દાદાશ્રીના કેટલાય અવતારોના આ બધા પૃથક્કરણ ભેગા થયા ત્યારે આવરણ તૂટ્યા અને આ ભવે જ્ઞાન પ્રગટ થયું. દાદાશ્રી કહે છે, કે દરેક 'ફેઝીઝ'માંથી હું પસાર થયેલો છું અને દરેક 'ફેઝ'નો 'એન્ડ' મેં લાવી નાખેલો છે. ત્યાર પછી 'જ્ઞાન' થયેલું છે આ.

દાદાશ્રી કહેતા, આ દુનિયામાં એવી કોઈ જગ્યા નથી કે જ્યાં હું ફર્યો ના હોઉં. દરેક પરમાણુ જોઈને ફર્યો છું. કારણ કે કેટલાય અવતારોથી શોધખોળ કરતો હતો કે મોક્ષે જવાનો સરળ રસ્તો કયો હશે ? ઘર સંસાર હોય તોય મોક્ષે કેવી રીતે જવાય ? ત્યારે જડ્યું કે કોઈને દુઃખ ના થાય એવી સ્થિતિમાં જઈએ ત્યારે મોક્ષ થાય. અમારે આવો જ મોક્ષ જોઈતો હતો, અક્રમ. અને છેવટે આ મળી ગયું. ધીસ ઈઝ ધ કૅશ બેંક ઑફ ડિવાઈન સૉલ્યુશન ! બિલકુલ કૅશ ! અને લોકકલ્યાણનીય ઈચ્છા હતી. મારું પોતાનું કલ્યાણ તો કરવું જ છે અને લોકોનુંય કરવું છે એવું નક્કી હતું. નાનપણથી એ ભાવના હતી કે લોકોને એ રસ્તે લઈ જઈશું. એ બીજ એવા નાખીશ કે એ ફરી નિર્બીજ નહીં થાય.

## [૧૩.૪] જીવનમાં વણાયેલી પાંચ આજ્ઞા

જ્ઞાન થતા પહેલા દાદાશ્રીનું જીવન મહદ્ અંશે આજ્ઞાપૂર્વકનું જ હતું. માટે જ્ઞાન પછી એ મહાત્માઓને આજ્ઞારૂપે અપાઈ ગયું. જ્ઞાન થયા પછી એમને એ નક્કી થયું કે આ જે રસ્તે હું તર્યો છું, એ જ રસ્તો જગતને આપવો છે. એમના જ અનુભવનો રસ્તો ! શાસ્ત્રમાં મળે નહીં આ અનુભવનો રસ્તો ! પાંચ આજ્ઞામાં આખા વર્લ્ડની બધી જ વસ્તુઓ (બધા જ શાસ્ત્રોનો સાર) આવી જાય છે. આજ્ઞા પાળે એને નિરંતર સમાધિ જ રહે, અહીં જ મોક્ષ વર્તે.

દાદાશ્રીએ પોતે ક્રમિકથી કમાણી કરી અને જગતને અક્રમ આપ્યું. એટલે મહેનત તો મૂળ દાદાશ્રીની.

પાંચ આજ્ઞામાંથી દાદાશ્રીને સૌથી વધારે વ્યવસ્થિતની આજ્ઞા અનુભવમાં આવેલી. કેટલાય અવતારથી એમની શોધખોળ જ વ્યવસ્થિતની હતી. ભવિષ્યની ચિંતા વગરનું આ જગત જ નથી એટલે આ વ્યવસ્થિતની શોધે બધી ચિંતા ઉડાડી મૂકી. દાદાશ્રીને આત્મજ્ઞાન નહોતું થયું પણ તોય વ્યવસ્થિતનું જ્ઞાન તેઓ લઈને આવ્યા હતા. આ જગત વ્યવસ્થિત છે એ એમને ભાન થઈ ગયેલું, નહીં તો અહંકાર શી રીતે ઊતરે ? વ્યવસ્થિતનું ભાન થયેલું એટલે ક્યાંય ડખો જ નહોતો થતો.

વ્યવસ્થિતની શોધખોળ એમની અનંતકાળની શોધખોળનું પરિણામ છે. કેટલાય અવતારોનો અનુભવ કરતા કરતા પૂર્ણ થયા પછી દાદાશ્રીએ જગતને સિદ્ધાંત આપ્યો કે જગત વ્યવસ્થિત જ છે. દાદાશ્રી કેટલાય અવતાર કોઈ પણ ક્રિયા વગર જ સંસારમાં રહ્યા હતા. એ તપાસવા માટે કે ક્રિયા વગર ચાલે છે કે બંધ થઈ જશે. જગત કયા આધારે ચાલી રહ્યું છે ? કેટલો ભાગ ચાલી રહ્યો છે અને કેટલો ભાગ નથી ચાલતો એ બધી શોધખોળ એમણે કરેલી. એટલે બધો હિસાબ કાઢીને ફેક્ટ વસ્તુ જગતને આપી. અત્યાર સુધી આવું જ્ઞાન અપાયું જ નથી, તેથી જ આ અપૂર્વ વિજ્ઞાન કહેવાય છે ને !

દાદાશ્રી કહેતા કે એકવાર જે વ્યવસ્થિત જાણી ગયો, એને પછી બધું જ્ઞાન પ્રાપ્ત થઈ જ જાય !

જ્ઞાન થતા પહેલા દાદાશ્રીને રિયલ-રિલેટિવની આજ્ઞા સાધારણ રીતે સમજણમાં આવેલી કે આ રિયલ અને આ રિલેટિવ છે. પણ જ્ઞાન થયું ત્યારે એ એક્ઝેક્ટ અનુભવમાં આવી.

દાદાશ્રી જીવનમાં પહેલેથી જ ફાઈલોનો સમભાવે નિકાલ કરતા આવેલા, જ્ઞાન નહોતું તોય. કૃપાળુદેવનું પુસ્તક વાંચતા હતા ને ઉકેલ લાવતા હતા. એકદમ સમભાવ ના હોય પણ સાધારણ સમાધાન થાય એવું તો પહેલેથી જ હતું. પહેલા ક્યારેક મનમાં થોડું અકળાઈ જતા પણ જ્ઞાન પછી એક્ઝેક્ટ સમભાવે નિકાલ થઈ ગયો. મનમાં અકળાવાનું નહીં અને સામાને આશીર્વાદ આપીને ચોખ્ખું કરી દેવાનું.

જે દિવસે દાદાશ્રીને જ્ઞાન થયું એ દિવસથી જ શુદ્ધાત્માનો ચોપડો ખુલ્યો પણ અને ભરાઈ પણ ગયો.

દાદાશ્રી કહેતા કે ભગવાનની કૃપા ઊતરે તો શું ના થાય ? મહાત્માઓને તો દાદા ભગવાનની કૃપા ઊતરી અને શુદ્ધાત્માનું જ્ઞાન પ્રગટ થઈ ગયું. પણ એ મને 'બટ નેચરલ' (કુદરતી રીતે) થયું છે.

❖❖❖❖❖

# અનુક્રમણિકા

## [૧] દાદાનો પહેરવેશ


| | | | |
|---|---|---|---|
| સારા અને ફોરેનના કપડાંનો... | ૧ | બોજારૂપ લાગે છતાંય પહેરે... | ૨૦ |
| બધા શોખ કર્યા પણ છેવટે... | ૨ | અંદરનું સુધરે તો બહારનું... | ૨૧ |
| જબરી શેઠાઈ, સફેદ લોંગ કોટ... | ૫ | હવે તો કપડાંનો રોફ મારા લીધે | ૨૨ |
| ૧૯૨૧ સુધી જન્મેલા... | ૮ | 'તારું લઈને અમે મૂકીએ ક્યાં ?' | ૨૪ |
| ફોરેનના કપડાંની હોળી પછી... | ૯ | પરિગ્રહનો બોજો વેતર વેતર... | ૨૫ |
| આગ્રહ જ ગમે નહીં, તેથી... | ૧૦ | 'વાહ ભગવાન વાહ' ગાય ને... | ૨૭ |
| શિકાગો, સિઅર્સ ટાવર... | ૧૧ | સોય જેટલુંય બોધરેશન... | ૨૮ |
| જોઈએ ઉજળું ને ઈસ્ત્રીબંધ... | ૧૩ | વૈરાગ્યની સૂક્ષ્મ ગણતરીઓ... | ૩૦ |
| આ તો જન્મથી વૈરાગી નહીં... | ૧૩ | પરમાણુ સુધીનો હિસાબ છે... | ૩૧ |
| પટિયાં, સેન્ટવાળું તેલ... | ૧૫ | કુદરતની ચીજો છે લોન... | ૩૨ |
| શોખ લાવે ઉપાધિ | ૧૭ | હવે નહીં ગ્રહણ કે ત્યાગ... | ૩૩ |
| હજુય કપડાં સારા પણ... | ૧૮ | જ્ઞાનીનો ચારિત્રમોહેય... | ૩૪ |
| અંબાલાલમાં હજુ ફૂટે... | ૧૯ | | |


## [૨] જાણીને છેતરાય

### [૨.૧] ખરીદી કરવા જાય ત્યારે છેતરાય


| | | | |
|---|---|---|---|
| ધોતીજોટો લેવા જાય ત્યારે... | ૩૭ | દાદાને 'ભગવાન' કહે પણ... | ૪૬ |
| જાણીને છેતરાઈને પણ... | ૩૮ | હસાવીને પેસું અને હસાવીને... | ૪૬ |
| કપડાંની કસર કરે પણ... | ૩૮ | ઘસાઈને પણ આવી રીતે લે... | ૪૭ |
| હું કચકચ કરું તો હુંય એના... | ૩૯ | ઊર્ધ્વગતિમાં જનારા તે બેઉ... | ૪૮ |
| જ્ઞાન પહેલાય સામાને શુકન... | ૪૦ | અદીઠ તપ, છેતરનારને... | ૪૯ |
| જગતના લોક વિશ્વાસ મૂકે... | ૪૧ | આને કહેવાય ખરો સ્વાર્થ | ૫૦ |
| ભોળા માટે તો ઊલટું આપણે... | ૪૩ | અનોખી દૃષ્ટિ, બહુ પુણ્ય હોય... | ૫૧ |
| છેતરાવાનીય હદ, આખી... | ૪૪ | છેતરાવું નહીં એ મોટામાં મોટો... | ૫૨ |
| દાદા વેપારીને સમજે પણ... | ૪૫ | કર્માધીન જ છે બધું, તો... | ૫૩ |


### [૨.૨] જાણીને છેતરાવા પાછળની અનોખી સમજણ


| | | | |
|---|---|---|---|
| છેતરાવાનો ફાયદો, સામાનું... | ૫૫ | દાદાની અનોખી બિઝનેસ... | ૫૬ |
| નાણું રહ્યું નહીં ને મૉરલ રહ્યું... | ૫૬ | મૉરલ-ઈમ્મૉરલના લે-વેચના... | ૫૭ |
| ભગવાને આ એક જ મૉરલની... | ૫૬ | કેવો કુદરતનો નિયમ, સૂક્ષ્મમાં... | ૫૮ |

| | | | |
|---|---|---|---|
| જગત જેમાં સાવચેત, ત્યાં... | ૬૦ | છેતરાવાથી સામાની પૌદ્ગલિક... | ૭૭ |
| લેવા જઈએ તો આપે નહીં... | ૬૦ | ગજબનું વિજ્ઞાન, સમજીને ને... | ૭૭ |
| પ્રાજ્ઞ સરળતાથી છેતરાય એ... | ૬૧ | પૈસા હોય કે ના હોય પણ... | ૭૮ |
| દુકાનના ચણિયારા પોલા... | ૬૨ | સમજીને છેતરાવાનો પૉઈન્ટ... | ૭૯ |
| જ્યારે ત્યારે છેતરાવું તો પડશે... | ૬૩ | સમજીને છેતરાયા એ જમા ને... | ૮૦ |
| છેતરાવાથી મન થાય રાજેશ્રી | ૬૪ | છેતરનારો ઉપદેશ આપતો... | ૮૧ |
| 'જાણીજોઈને છેતરાવું' એ... | ૬૫ | 'મને બનાવી જાય છે' એ... | ૮૨ |
| છેતરાયાનો ટેક્ષ બધાએ... | ૬૬ | વ્યવસ્થિત સમજાય તો... | ૮૨ |
| અજાણતાથી છેતરાય તો પુણ્ય... | ૬૭ | શા આધારે પૈસા રહ્યા-ગયા... | ૮૪ |
| જે છેતરાય એ ધીમે ધીમે... | ૬૮ | છેતરનારનો ગુણ માનવો... | ૮૫ |
| લાલચને લીધે પાકોય છેતરાય | ૭૦ | સાયન્ટિફિક શોધખોળ... | ૮૬ |
| છેતરાઈ જશો તો ચોખ્ખા થશો | ૭૧ | સુપ્રીમ કોર્ટના જજનીય ભૂલ... | ૮૭ |
| પ્રેમાળ સ્વભાવથી પચાસ... | ૭૩ | છેતરાવાનો પ્રયોગ, જ્ઞાન... | ૮૮ |
| વ્યવહાર સાચવવા નથી આવ્યા... | ૭૪ | ઝવેરબાએ શિખવાડ્યું ને... | ૮૯ |
| નુસખા કહીને આપે સમાધાન | ૭૫ | | |

## [૨.૩] ન છેતરાય તો ત્યાંનો ત્યાં, છેતરાય તો પ્રગતિ

| | | | |
|---|---|---|---|
| લૂંટાયા તો લૂંટાયા પણ ચોર... | ૯૧ | છેતરાતા છેતરાતા સાચી... | ૯૪ |
| ગાંધીજી જાણી ગયેલા... | ૯૨ | સરળનું કામ થશે, શંકાશીલ... | ૯૫ |
| આવી બાબતમાં ગાંધીજીને... | ૯૨ | જાતઅનુભવે કાયમ માટે છૂટ્યા... | ૯૭ |
| છેતરાતા છેતરાતા જ કોઈ... | ૯૩ | બે-પાંચને આધારે બધાને... | ૯૮ |

## [૨.૪] માનીને માન આપે, લોભિયાથી છેતરાય

| | | | |
|---|---|---|---|
| મૂર્ખાઓ છેતરવાની... | ૧૦૦ | મને ધર્મ કરવા દે છે કે નહીં... | ૧૦૫ |
| આમ છેતરાઈને લાવે ઉકેલ... | ૧૦૧ | સર્વનો અહમ્ પોષી... | ૧૦૫ |
| બનાવટ કરીનેય જગતને ખુશ... | ૧૦૨ | વીતરાગો આત્મામાં પાકા... | ૧૦૭ |
| એટલે જાણી જાય બધાનું... | ૧૦૨ | જ્ઞાની વગર પણ આવા લક્ષણે... | ૧૦૮ |
| જે તે રસ્તે અહીંથી છટકબારી... | ૧૦૩ | ચેતવે દાદા, ભયંકર કાળની... | ૧૦૯ |
| આ તો પુદ્ગલની લે-વેચ | ૧૦૪ | | |

## [૩] કોટ પર પડ્યો ડાઘ

| | | | |
|---|---|---|---|
| દૂધ જેવા સફેદ કોટ પર... | ૧૧૦ | જોતા આવડે પોતાનું ખોટનું... | ૧૧૩ |
| આમાં દોષ કોનો ? આમ... | ૧૧૧ | પોતાના ચોપડાના સૂક્ષ્મ... | ૧૧૩ |
| થૂંકાયું, ત્યાં માન્યો ચોપડાનો... | ૧૧૨ | રિવોલ્યુશન ફાસ્ટ તે ઘણા... | ૧૧૪ |

| | | | |
|---|---|---|---|
| આબરૂ સાચવવા બીજો કોટ... | ૧૧૫ | 'ખરો આબરૂદાર કોણ'ની... | ૧૧૬ |
| પોતાને શુંય માની બેઠા... | ૧૧૬ | એટિકેટના ભૂતા વળગેલા... | ૧૧૭ |


## [૪] ઉપાશ્રયની બહારથી જોડા ગયા


| | | | |
|---|---|---|---|
| ચકચકિત જોડા પહેરી... | ૧૧૯ | જોડા ગયાનું નહીં પણ... | ૧૨૬ |
| ત્યાં જૂના જોડા રહે ને નવા... | ૧૨૦ | કપડાં વગર આબરૂદાર ને... | ૧૨૭ |
| બની ગયું કે તરત સ્વીકાર... | ૧૨૧ | દાનત ચોર હોય તો જ... | ૧૨૮ |
| કાણ કોની કરાય ને કોની... | ૧૨૨ | જેટલા ચોરાય એટલા જવા... | ૧૨૯ |
| લાંબો કોટ ને જોડા નહીં તે... | ૧૨૩ | આવું કરો તો ભગવાન અને... | ૧૩૦ |
| જાતે માનેલું પ્યોર ગોલ્ડ પણ... | ૧૨૪ | અનોખી ટેકનિક, જોડાની... | ૧૩૧ |
| મોચી હોય તો જોડાને જુએ... | ૧૨૪ | એક જશે તો લાખનું ફળ... | ૧૩૨ |
| આ અનુભવે 'લોક શું... | ૧૨૫ | આવા બધા જ્ઞાન પહેલાના... | ૧૩૩ |


## [૫] ચશ્માની ઉપાધિ


| | | | |
|---|---|---|---|
| ખરાબ-વાંકું જોયું નથી તે... | ૧૩૪ | પરાણે વાંચવું પડે છે તે લાવે... | ૧૪૦ |
| લોકસંજ્ઞાથી બેતાળાંના ચશ્મા... | ૧૩૪ | માની લીધેલી બિલીફથી આવે... | ૧૪૦ |
| એનો ઘરાક ભેટ્યો કે તરત... | ૧૩૫ | ચિત્તનું દર્શન ખુલ્લું છે તો... | ૧૪૧ |
| પેલાને આપ્યા તે દેખાવા... | ૧૩૬ | ચશ્મા કાઢવાના ઉપાય | ૧૪૨ |
| ના દેખાય તો નહીં વાંચીએ | ૧૩૮ | આંખમાં બહુ શક્તિ, એને... | ૧૪૩ |
| સાડા ત્રણ ફૂટ સુધી દૂરનું... | ૧૩૮ | ડફોળ ગુરુઓ ને નિમ્ન... | ૧૪૩ |
| બિનજરૂરિયાતનું જોવું છે તેથી... | ૧૩૯ | | |


## [૬] ના જોઈએ પરાધીન કરનારી ઉપાધિઓ


| | | | |
|---|---|---|---|
| સાઈકલ લાવ્યા પણ અંતે... | ૧૪૫ | કશું છોડશો નહીં, માત્ર... | ૧૫૫ |
| હું તો આત્મા શીખવા માટે... | ૧૪૬ | મહીંની જાગૃતિ ન આવે... | ૧૫૬ |
| કોઈ પણ મશિનરીને... | ૧૪૭ | ઘડિયાળ હાલે, પણ આપણે... | ૧૫૭ |
| રાજેશ્રી મન તે ઈનામમાં... | ૧૪૮ | કશે ચિત્ત ન વિખરાતા ઐશ્વર્ય... | ૧૫૭ |
| પોતાની પાસે હોય એ બધુંય... | ૧૪૯ | પેપર વાંચવા જતા લોકોના... | ૧૫૮ |
| કાંડા ઘડિયાળ ખૂંચ્યું કે બીજે... | ૧૫૦ | અનસર્ટિફાઈડ વાતો કરે એ... | ૧૫૯ |
| જેને ખાવાનીય ઉપાધિ લાગે... | ૧૫૧ | આ જીવતા રેડિયાથી જ કાન... | ૧૬૦ |
| મોહને લીધે ખૂંચે નહીં અને... | ૧૫૨ | આ તો મનોરંજન કે... | ૧૬૧ |
| ઘડિયાળ આપણને શૉક લગાડે... | ૧૫૩ | આ તો નીચે ઉતારવાની... | ૧૬૨ |
| ઘડિયાળ ચેતવે ને મારે... | ૧૫૫ | મનુષ્યપણાના બાલમંદિરને... | ૧૬૨ |

અનંત અવતારથી ધરાયેલા... ૧૬૩
એક મિનિટ પણ બગાડાય... ૧૬૪
જીવતાનું સાંભળીએ, બીજું... ૧૬૫
કેવા ભાવ કર્યા હોય તો આ... ૧૬૬
રોફ પાડવાના ભાવથી ભેગું... ૧૬૭
સહજ દર્શને નીકળી પડ્યું... ૧૬૯
આ હિતકારી જ ન હોય... ૧૭૦
દુર્લક્ષ સેવે ને ત્રાસ પામે નહીં... ૧૭૦
નિરાંતે ઊંઘતા હોઈએ ત્યાં... ૧૭૨
વટ બતાવવા માટે આ બધી... ૧૭૩
અમારે તો આત્માની જ રેખા... ૧૭૪
આવશ્યક ને અનાવશ્યકની... ૧૭૫
આવશ્યક દુઃખદાયી લાગે તેને... ૧૭૬
સ્પર્ધામાં પડીને દુઃખો... ૧૭૭
પોણા છ રૂપિયાના ફર્નિચરમાં... ૧૭૮
પસ્તાવો ના કરવો પડે એવી... ૧૮૦
બીજાનું જોઈને હું એક સેકન્ડ... ૧૮૦
અમે અસલ કહેવાઈએ... ૧૮૧
દુનિયાથી જુદું જ કેલ્ક્યુલેશન ૧૮૨

## [૭] વાપર્યું પુણ્ય ફક્ત ધર્મ કાજે

સમજણપૂર્વકનું ટેન્ડર, તે... ૧૮૪
પુણ્યની અજોડ કરકસર... ૧૮૫
પુણ્યનું ઈન્વેસ્ટમેન્ટ ધર્મ ખાતે... ૧૮૮
પુણ્ય અવળે રસ્તે ન જાય... ૧૮૮
હવે આવતા ભવે બીજું કશું... ૧૮૯
બુદ્ધિના આશય પ્રમાણે... ૧૯૦
'કશું જ જોઈતું નથી' તોય... ૧૯૨
મૃત્યુ થતા સુધીમાં ફેરવી... ૧૯૨
પોતે પોતાની અભેદ ભક્તિ... ૧૯૩
સંસાર સુખ બાય પ્રોડક્ટમાં... ૧૯૪
પુણ્ય વટાવવાની સિસ્ટમ... ૧૯૫
કશું જ ના હોય તોય ચાલે... ૧૯૬
પછી માથું શાનું દુઃખે તે ? ૧૯૬
માનમરતબા ને કપડામાં... ૧૯૭
રાજીખુશીથી નવી યોજના... ૧૯૮
જગત જેનાથી અજાણ એવી... ૧૯૯

## [૮] વૈરાગ્યની ઝાંખી

### [૮.૧] થર્ડ ક્લાસની ભીડમાંય ખોળ્યું એકાંત

અપર ક્લાસમાં લાગે બોધરેશન ૨૦૦
વટ મારવાની ટેવ, તે... ૨૦૧
લોકોની સંસારી લાલચો દેખી... ૨૦૨
કશું જોઈતું જ નથી તેથી... ૨૦૩
થર્ડ ક્લાસવાળા સગાભાઈ... ૨૦૪
થર્ડ ક્લાસની ભીડનો અનુભવ ૨૦૪
ભીડમાં રહીને ભીડ જ... ૨૦૫
ઈઝીનેસ જોઈ જ ના હોય... ૨૦૬
ન રાખે એટિકેટ, ભોગવે... ૨૦૮
જ્ઞાની પણ ટ્રેનમાં તો મુસાફર... ૨૦૯
અણસૂણ્યો પ્રયોગ, વાગે ઠોકર... ૨૧૧
મહીંવાળા ભગવાન, પટેલને... ૨૧૧
ભીડમાં મન આઘુંપાછું ન... ૨૧૨
બહાર ભીડ તો અંદર... ૨૧૩

### [૮.૨] જ્ઞાન થયા પહેલા, આમ રહેતા મોક્ષમાં

લોકોનું જોઈ લાવ્યા બિસ્તરો... ૨૧૬
લોકો જેવું ચાલવામાં બહુ... ૨૧૭
પરિગ્રહની ઉપાધિ સમજાતી... ૨૧૮
સદા જાગૃત, માર પડે કે તરત... ૨૧૮

ગજબની રીત, બેગ સાથેય... ૨૨૦
ઉપાધિ કોણ વહોરે વગર... ૨૨૧
વસ્તુઓ સાથે દાદાનો... ૨૨૨
દાદાની પેટન્ટવાળો આ પ્રયોગ... ૨૨૪
જ્ઞાન પહેલા મુક્તકાળમાં... ૨૨૫
મુંબઈ છૂટ્યું, વડોદરા આવ્યું... ૨૨૫
ધાંધલિયા કાળમાંય રહે મુક્ત ૨૨૬
જીવતા આવડી ગયેલું પહેલેથી ૨૨૮
અતૂટ વિચારધારા, ગોપિત... ૨૩૦
હતું સાચી સમજણનું સુખ ૨૩૨
ફણગા ફૂટેલા જાતજાતના... ૨૩૩

## [૮.૩] રાહ જોવાના સમયે ઉપયોગની ગોઠવણી

એક મિનિટ માટે બસ ચૂક્યા... ૨૩૪
રાહ જોવાની થઈ ત્યારે... ૨૩૬
ગોખે નહીં પણ અક્ષર વાંચે... ૨૩૭
ચૂક્યા બસ, તે થઈ શોધખોળ ૨૩૮
પુસ્તક વિના વાંચે પુસ્તક ૨૩૯
નિયમ ખોળી કાઢ્યો... ૨૪૦
હોય એડજસ્ટમેન્ટ પળેપળ... ૨૪૧
સરપ્લસ ટાઈમ નકામો ના... ૨૪૧
રાહ જોવાની ભૂલ ખૂંચેલી... ૨૪૨
ચેતો, રાહ જોવામાં છે આટલું... ૨૪૩
આવું સાંભળે તો કુટેવ છૂટે... ૨૪૫
સ્પીડી રિવોલ્યુશન તે પળની... ૨૪૬
આવો ફ્રી ઑફ કૉસ્ટ ટાઈમ... ૨૪૭
રાહ જોવી હોય તો મરણની... ૨૪૯
રાહ નહીં પણ શુદ્ધ પ્રેમ... ૨૫૦
ત્યારે ડાફાં નહીં મારવાના... ૨૫૧
થાય દોષો ચોખ્ખા ને... ૨૫૩
દાદા સ્વઉપયોગમાં ક્ષણે ક્ષણે ૨૫૬
પોતાના માટે કરેલી શોધખોળ... ૨૫૭
જ્ઞાન સાથે બુદ્ધિકળા ફ્રી... ૨૫૯
ગાઢ રિવોલ્યુશન તેથી થઈ... ૨૬૦
રિવોલ્યુશન ફેર, તેથી... ૨૬૧
ઓછા રિવોલ્યુશનવાળા સાથે... ૨૬૨

## [૯] જ્યોતિષ સાથે પ્રસંગ

જ્યોતિષે ભાખેલું કે ઊંચું રત્ન... ૨૬૪
હું તો મારી ચિઠ્ઠી લખાવીને... ૨૬૫
મારા હાથમાં બધી ચીજ છે... ૨૬૬
આ હાથ તો જ્યોતિષને... ૨૬૭
વહેમ ઘાલી દે નકામો, માટે... ૨૬૮
લાલચથી ફસાય છે ને દીન... ૨૬૯
લાલચુને ધૂતારા મળી આવે ૨૭૦
જ્યોતિષશાસ્ત્ર છે સાચું પણ... ૨૭૧
જોષ જોવડાવે કે આત્મશ્રદ્ધા... ૨૭૨
નિમિત્તિયા સુધી સાચું... ૨૭૨
પુણ્ય પરવારે ત્યારે જ્યોતિષ... ૨૭૩
પોતે રોફ મારવા શીખેલા... ૨૭૫
જ્યોતિષ, હસ્તરેખા બધું... ૨૭૬
અહંકારની ડખલ બંધ, તેની... ૨૭૭

## [૧૦] તિતિક્ષા ગુણ કેળવેલો

બૂટની ખીલી વાગવા દેતા... ૨૭૮
અજ્ઞાનતાથી આ કઠોર તપ કર્યું ૨૮૦
કષ્ટ બેહદ ના હોવું જોઈએ ૨૮૦
શરીરને નૉર્માલિટીમાં રાખે ૨૮૧
ન રાખે પંખો, કેળવેલો... ૨૮૨
તિતિક્ષા ગુણ એ ફાયદાનો વેપાર ૨૮૪

શાતાશીલિયા ના થશો ૨૮૪
ઉપયોગમાં રહેવા... ૨૮૫
બાહ્ય સાધનો પરવશ બનાવે... ૨૮૬
સ્વવશ હતું પણ પંખા... ૨૮૭
ગમે તેવા વાતાવરણને... ૨૮૮
થાવ એડજસ્ટ પણ કટેવ ન... ૨૮૯
પંખા બંધ કરશો નહીં પણ... ૨૯૦
અડચણવાળી વસ્તુઓ ખોળીએ... ૨૯૨
નિરાગ્રહી દશા, તેથી દંડને... ૨૯૩
નિરાલંબપણું, ત્યાં કોઈ... ૨૯૪
ગાદલું ઉપાડવામાં લાગે... ૨૯૫
નિરંતર સ્વતંત્ર જ રહેવું ગમે ૨૯૬
આત્માને તો દેહની મહીં... ૨૯૭
ગમે નીચે સૂવાનું પણ... ૨૯૮
હવે શેતરંજીમાં સૂવાતુંય... ૨૯૯
શેતરંજી કે ગોદડાં, ન પાડે... ૩૦૦
હેબિચ્યૂએટેડ નહીં... ૩૦૧
લોકથી વિરુદ્ધ અંકગણિત ૩૦૩
તપથી ટેસ્ટેડ થાય ને બધી... ૩૦૪
તિતિક્ષા ગુણ હશે તો ના... ૩૦૫
દાદાનો તિતિક્ષાનો લાંબો... ૩૦૫

## [૧૧] ગાંડો અહંકાર

શબ્દે શબ્દે તોલન તે... ૩૦૭
લોક કહે સુખિયા, પણ મારું... ૩૦૮
'અંબાલાલભાઈ' સાંભળવાની... ૩૦૮
'અંબાલાલભાઈ' શબ્દ ન... ૩૦૯
પોતાનું અનુભવેલું અજ્ઞાન... ૩૧૦
ક્ષત્રિયબીજ ને લોકોએ ખોટા... ૩૧૧
કુટુંબના સંસ્કાર તે પૈઠણ મળે... ૩૧૩
ત્યારે પાસે કશું નહોતું પણ... ૩૧૪
'હું કંઈક છું' એવો ડફોળ... ૩૧૬
એક જ ટકોરથી ભૂલ ભાંગી ૩૧૬
ચરોતરનો રાજા હોય એવો... ૩૧૮
સાત પેઢીથી ઊંચા ગુણોવાળું... ૩૧૮
અહંકારના ફુગ્ગામાંથી હવા... ૩૧૯
ભાઈઓએ બતાવ્યો ભારે... ૩૨૦
કોઈનોય હિસાબ નહીં... ૩૨૧
દેખાવમાં નમ્ર પણ અંદર... ૩૨૨
એ અંદરવાળો ભારે અહંકાર... ૩૨૩
ગાંડો અહંકાર પણ... ૩૨૩
મમત્વ ખરું પણ એકલા... ૩૨૪
મમતાનો બોજો નહીં પણ... ૩૨૫
અગિયારમાં ગુંઠાણેથી પડેલા... ૩૨૬
આગવી શોધખોળ કરી માનને... ૩૨૭
આમ રહે વ્યવહારિક જ્ઞાતા-દ્રષ્ટા ૩૩૦
લગ્નમાંય ચાલુ જગ... ૩૩૧
હતી સૂક્ષ્મ, અહંકારી આડાઈઓ ૩૩૧
એ જ અહંકાર સવળે... ૩૩૨
પહેલા લોકોના મારથી અને... ૩૩૩
હતો ગાંડો અહમ્ પણ... ૩૩૪
ખબર પડે અહંકારની બાધકતા... ૩૩૫
માન કૈડ્યું તેથી જગતથી... ૩૩૬
અહંકારે અતિ બળાપો... ૩૩૬
પોતાનો પ્રકાશ આવરતો... ૩૩૭
ત્યારે જુદાપણું એ બુદ્ધિ ને... ૩૩૮
૧૯૫૧થી અહંકાર છેદ્યો... ૩૩૯
ઉપાધિ ન થઈ હોત તો... ૩૪૦
જોઈ લીધા અહંકારના બધા... ૩૪૧
અહંકારે ગંદવાડામાં પેસવા... ૩૪૩
હવે જ્ઞાનથી લોકોના અહંકાર... ૩૪૪

## [૧૨] મળ્યો ઉપદેશ રસ્તામાં


એક ટકોરે જ પાછા ફરી જાય... ૩૪૫
'જાજરાને લાત મરાય ?'... ૩૪૭
બારણાંને લાત મારવાથી... ૩૪૮
એક ટકોરે બુદ્ધુ બનતા પહેલા... ૩૪૮
ઊંધા ગયેલા તેથી મળેલી ટકોર ૩૪૯
ઊંધું-છતું બોલનારને આપણું... ૩૫૦
અસરને માપે ને મુક્ત મને જુએ ૩૫૧
પહેલા તો ક્ષત્રિય લોહી... ૩૫૩
ઈલેક્ટ્રિકની ભઠ્ઠી જેવી... ૩૫૪
ક્ષત્રિયપણાના પરમાણુ કાઢી... ૩૫૪
છંછેડવાથી શું થાય એ જાણે... ૩૫૫
'વાસુદેવ'ના જેવો છેલ્લા... ૩૫૬
એ જ કડક પરમાણુ હવે... ૩૫૬


## [૧૩] જ્ઞાન પહેલાની દશા

### [૧૩.૧] સંસાર પોષાતો નહોતો


સંસારમાં પરવશતા લાગતા... ૩૫૮
જ્યાં જ્યાં દુઃખ પડ્યા ત્યાં... ૩૫૯
મળે રોજ એકનું એક જ, તે... ૩૬૦
એનું એ જ રોજ રિવિઝન... ૩૬૧
જે જોઈએ તે ના મળે, તેથી... ૩૬૨
બધુંય ઉપાધિરૂપ લાગે, તેથી... ૩૬૩
આના કરતા 'આપણા ઘેર'... ૩૬૪
પૂર્વભવના હિસાબથી હવે... ૩૬૫
નહોતું મળતું ત્યારે કરેલા તપ ૩૬૬
સેવામય નીરુબેન એના એ... ૩૬૭
મોહના કેફે જગત... ૩૬૭
એક ઠોકર વાગે તો એની... ૩૬૮
મોહ નહીં હોવાથી ભઠ્ઠીમાં... ૩૬૯
સંસારનું સ્વરૂપ દેખાવાથી... ૩૭૧
સંસાર ક્ષણે ક્ષણે ભયવાળો ૩૭૧
પરિણામના જ વિચાર આવે... ૩૭૨
મોહમયી નગરીમાં પણ... ૩૭૩
પરવશપણું બહુ ખૂંચે... ૩૭૪
જગતમાંથી છૂટવાનો માર્ગ... ૩૭૫


### [૧૩.૨] જ્ઞાનાંક્ષેપકવંત દશા


વ્યવહાર સંપૂર્ણ વિચારી... ૩૭૬
વિક્ષેપરહિત વિચાર થયેલા ૩૭૭
એટલું બધું પૃથક્કરણ થાય... ૩૭૮
આવું સાંભળવા મળ્યું તે... ૩૭૯
આટલી જાગૃતિ રહે એને... ૩૮૧
દૃષ્ટાંતો સહજ ને એક્ઝેક્ટ... ૩૮૧
અવિરત વિચારણા દાદાની... ૩૮૩
એક જ ધારા, આત્માસંબંધી... ૩૮૩
દાદાને કુદરતી પદ આવેલું... ૩૮૪
એવી વિચારધારાથી દરેક... ૩૮૬
મા છોકરાને વીલો ન મૂકે... ૩૮૭
માટે ન લીધો સંન્યાસ ૩૮૮


### [૧૩.૩] નિરીક્ષણ-પૃથક્કરણ


પૃથક્કરણ કરી આપ્યા... ૩૮૯
તોલીને નહીં પણ સારું... ૩૯૦
બોલતી હતી મીઠા બોર પણ... ૩૯૧
કડવા બોર લાગે સાયકૉલોજી... ૩૯૨

'ગાડા નીચે કૂતરું'... ૩૯૩
બારીકાઈથી નિરીક્ષણ કરી... ૩૯૪
જીવમાત્ર સ્વભાવથી દુઃખ... ૩૯૫
કૂતરીના દૃષ્ટાંત પરથી... ૩૯૭
ગધેડાનું પૃથક્કરણ કરતાં... ૩૯૯
ગધેડાનીય ખબર પૂછે ને... ૪૦૦
હતી ટીખળ કરવાની ટેવ ૪૦૧
ગધ્ધામસ્તાની, કોઈની... ૪૦૩
અધમણ-ગધમણ-પોણો મણ... ૪૦૫
કાગડા ચાલાક ને ભેળું... ૪૦૭
સંપીલા, ડંખીલા, વેરીલા... ૪૦૮
નિયમિતપણે જમવા આવે... ૪૦૯
એવા પાકાં કે નિરાશ્રિત... ૪૧૦
એક આંખે દેખે ડબલ, કયા... ૪૧૧
કાગડા જમાડવા પાછળનું... ૪૧૨
વાંદરાનો ચિકિત્સક સ્વભાવ ૪૧૩
કલાકો બેસી રહે ને જોયા... ૪૧૪
જોવા જેવી કુદરતની... ૪૧૫
ભેંસની જેમ આડાઈ ના... ૪૧૭
અગવડનું ફળ જ સગવડ... ૪૧૯
ફરજિયાત જાણી ખુલ્લા મને... ૪૨૧
લોકોને આવો દાખલો લેતા... ૪૨૧
ભેંસના દાખલે કર્મફળના... ૪૨૩
સ્ટડી કરે બિલાડીના ધંધાનો... ૪૨૪
બિલાડીના દૃષ્ટાંતથી... ૪૨૬
ઘણાંની માટલીઓ ફોડી આપી ૪૨૭
ટીખળી સ્વભાવ, તેથી... ૪૨૮
કીડીના નિરીક્ષણે ચેતવે... ૪૨૯
પોતાની શંકાને પોતે જ... ૪૩૧
આવરણ તૂટતા કેટલાય... ૪૩૨
દરેક ફેઝમાંથી પસાર થયા... ૪૩૩

**[૧૩.૪] જીવનમાં વણાયેલી પાંચ આજ્ઞા**

જ્ઞાન પહેલાય પાંચ આજ્ઞારૂપ... ૪૩૫
પાંચ આજ્ઞા અમારી... ૪૩૬
કમાણી ક્રમિકમાંથી, પણ... ૪૩૬
મૂળ શોધખોળ વ્યવસ્થિતની ૪૩૭
પૂર્ણ અનુભવ કર્યા પછી... ૪૩૮
જ્ઞાન પહેલાય વર્તે... ૪૩૯
શુદ્ધાત્માનું ખાતું ખૂલ્યું ને... ૪૪૦

❖❖❖❖❖

# જ્ઞાની પુરુષ

## 'દાદા ભગવાન' ભાગ-૫

## [૧]

## દાદાનો પહેરવેશ

### સારા અને ફોરેનના કપડાંનો શોખ નાનપણથી

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાન થતા પહેલા તમને કપડાંનો શોખ ખરો, નહીં ? કપડાંનો શોખ હતો ને, સારા કપડાં પહેરવાનો ?

**દાદાશ્રી :** હા, એ સારા જોઈએ, કપડાં-બપડાં. બીજી કંઈ ભાંજગડ નહીં. કપડાં સારા જોઈએ, પહેલેથી, નાનપણમાંથી. એ તમને શી રીતે ખબર પડી કપડાંની ?

**પ્રશ્નકર્તા :** એ બધું વાંચ્યું ને, ચોપડીઓમાં, બધું ભેગું કર્યું મેં.

**દાદાશ્રી :** અત્યારે એવા કપડાં નથી પહેરતો હું. તે દહાડે પહેરતો'તો. ઈંગ્લેન્ડના કાપડનો જ સેટ પહેરતો'તો. પૈસા નહીં હોવા છતાં ડોળ આ. બહાર લોકો કહે કે આ કંઈ સાધનવાળા છે ! અંદર કશું ના મળે પણ. બેંકમાં સો-બસ્સોય ના હોય. અને લોક કહે, પચ્ચીસેક હજાર હશે આમને. ત્યારે ડોળ ડોળ ડોળ ! દંભી કહેવાય એને. બહાર કહેવું હોય ને, તો કહે, 'જવા દો ને એમને, દંભી માણસ છે.' 'દંભી' કહે એને.

**પ્રશ્નકર્તા :** એવું તો કોઈએ નહોતું કહ્યું, દાદા.

**દાદાશ્રી :** ના પણ, એવો, એટલો બધો દંભી થયેલો નહીં. સંસ્કાર સારા ને, બહાર દંભ દેખાય કે એવું તેવું નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે તો ઊલટું મિત્રોને મદદ કરતા'તા.

**દાદાશ્રી :** કપડાં-બપડાં ફર્સ્ટ ક્લાસ પહેરે પણ મહીં (પૈસા) કશુંય ના મળે ! કપડાં ફર્સ્ટ ક્લાસ ! પ્રકૃતિ એવી લાવેલા મહીં.

**પ્રશ્નકર્તા :** આખા ચરોતરમાં અત્યારના જાવ તો ફર્સ્ટ ક્લાસ કપડાં બધા પહેરાતા હોય.

**દાદાશ્રી :** ના, ઘણાંખરાં પહેરે. કારણ કે એ તો ચરોતરની પ્રજા ડોળી હતી. ડોળી એટલે શિયાળ હોય ને, તે વાઘના ચામડા પહેરીને ફરે. 'હું વાઘ છું' દેખાડે. ડોળી, ઘમંડી, ઘમંડ પાર વગરનો, તુંડમિજાજી !

## બધા શોખ કર્યા પણ છેવટે ભગવાનેય ખોળી કાઢ્યા

અમે તો બધાય શોખ કરીને છેવટે ભગવાનને ખોળી કાઢ્યા ! શોખ તો બધાય કર્યા. એક જ નથી કર્યો, કે દુનિયામાં દુરાચારી કહેવાઉં, ચારિત્રનો શિથિલ કહેવાઉં એ એક નથી કર્યો. એ સિવાય બીજા બધાય શોખ કર્યા છે. એમાં કપડાંનો શોખ વધારે. અને ક્રેપનું (ખમીસનું) કાપડ આવતું હતું ઈંગ્લેન્ડના માંચેસ્ટરથી, તે પહેરતો'તો. અને ધોતિયાય માંચેસ્ટરના આવતા હતા. અહીંના જોટા સારા આવતા નહીં. બધી મિલો અહીંની એક્ઝેક્ટ નહીં થયેલી. અને માંચેસ્ટરના જોટા સારા મળે. અહીં કોણ પહેરે ? માંચેસ્ટરના ઈંગ્લિશ ધોતિયા બહુ પહેરેલા.

**પ્રશ્નકર્તા :** તે વખતે ત્રણ - સાડા ત્રણ રૂપિયે ધોતિયાના જોટા મળતા.

**દાદાશ્રી :** હા, બસ. માંચેસ્ટરના ફર્સ્ટ ક્લાસ ધોતિયા. એય... આટલી કિનાર, ચશ્મીકોર*. આવડી ચશમકોર હોય, ચશમકોરી.

---

*ચશ્મીકોર - લાંબી ચોકડીની ભાતવાળી કોર

**પ્રશ્નકર્તા :** કિનારી.

**દાદાશ્રી :** પૈણવા જાય એવી કોર. એવા સરસ... અત્યારે ધોતિયા જ ક્યાં છે એવા ?

**પ્રશ્નકર્તા :** આમ સરસ, અપ ટૂ ડેટ કપડાં પહેરવાનું તમને ગમતું તે વખતે ?

**દાદાશ્રી :** બહુ, બહુ, અપ ટૂ ડેટ ! અપ ટૂ ડેટ ના હોય તો હું નીકળું નહીં બહાર. મારા ખમીસો-બમીસો બધા ઈંગ્લિશ કાપડના. બધા ચેક્સ, ફર્સ્ટ ક્લાસ. બૂટ-બૂટ હાઈ ક્લાસ, બધું હાઈ ક્લાસ. મોજો-બોજો રામ તારી માયા ! મોજો ક્યારે પહેરેલો ? પરણ્યા ત્યારે.



કપડાં-બપડાં બધું સરસ જોઈએ આમ, રોફ પડવો જોઈએ. કપડાંલત્તાં બહુ સારા પહેરતા. અત્યારે તો એવા કપડાં નથી મળતા. એવા કપડાં કંઈથી લાવે અત્યારે ? બહુ સરસ કપડાં. એય, ફૉરેનના જોટા-બોટા, બધુંય ફૉરેનનું જુઓ ને ! માંચેસ્ટરના જોટા બધા પહેરવાના, પછી શું વાત !

**પ્રશ્નકર્તા :** અને શર્ટિંગેય (ખમીસનું કાપડ) માંચેસ્ટરનું ?

**દાદાશ્રી :** હા, શર્ટિંગેય. ક્રેપ આવતું હતું ને, તે બહુ સુંદર આવતું હતું. એવું કપડું જ જોવા નથી મળતું.

**પ્રશ્નકર્તા :** સારામાં સારું શર્ટિંગ આઠ આને વાર મળતું, દાદાજી.

**દાદાશ્રી :** હા, આઠ આને. અને દસ આને બે ઘોડાની બોસ્કી.

**પ્રશ્નકર્તા :** હા, ચાઈનીઝ, ડબલ ઘોડાની.

**દાદાશ્રી :** સારું હતું. અત્યારે તો એવું કપડું જ ક્યાં મળે છે ? ડબલ ઘોડાનું મજબૂત આવતું'તું.



**પ્રશ્નકર્તા :** ચાઈનાનું આવતું, ચાઈનાનું સિલ્ક આવતું'તું.

**દાદાશ્રી :** ચાઈનાનું, તે બહુ સરસ આવતું'તું. આ ખમીસ મહીં પહેરું ને ! તે ડબલ ઘોડાનું બોસ્કીનું ખમીસ.

**પ્રશ્નકર્તા :** કૉટન નહીં, આવું જ કાયમ ? બોસ્કીનું જ પહેરતા'તા ?

**દાદાશ્રી :** હા, બોસ્કીનું પહેરતો'તો.

**પ્રશ્નકર્તા :** કહેવું પડે !

**દાદાશ્રી :** અને પહેરણેય* સિવડાવતો'તો, તે પહેરણ ને ધોતિયુંય પહેરતો'તો. તે પહેરણેય છે તે ડબલ ઘોડાની બોસ્કીનું. એ સિલ્ક બહુ સરસ સિલ્ક આવે. આવા કપડાં બહારના દેશોના. અમે ઈન્ડિયાનું કપડું તો પહેરતા જ નહીં તે વખતે. એ તો ગાંધીજીએ કહ્યું, કે આપણા અહીંના પહેરો. નહીં તો આ લોકો સમજે નહીં. અને એ તો કાપડેય હાઈ ક્લાસ બધું. એ ધોતિયું પહેરીએ તો આમ કેવું સુંદર હોય ! અને સાડા ત્રણ રૂપિયાનો જોટો માંચેસ્ટરથી અહીંયા આવીને વેચાય.

**પ્રશ્નકર્તા :** સાડા ત્રણ રૂપિયા ! અત્યારે તો એટલામાં શેર શાકેય નથી મળતું. જોટો એટલે બે પાછા.

**દાદાશ્રી :** આઠ આને ક્રેપ મળે સરસ, હાઈ ક્લાસ ! એ તો અત્યારે સિત્તેર રૂપિયેય ના મળે. તે દહાડે આલપાકા (એક જાતનું કપડું) પહેરવાના મળતા'તા ને આજ આલપાકો દેખાતોય નથી. અને તે દહાડે બહુ રૂપિયાય નહોતા ને ! સાડા બાવીસ રૂપિયે તોલો સોનું હતું. અને છ આને તોલો ચાંદી હતી. અને છ આને રતલ તાંબું હતું. રૂપિયા જ નહીં ને, તે દહાડે.

## જબરી શેઠાઈ, સફેદ લોંગ કોટ ને સ્પેશિઅલ દરજી

**પ્રશ્નકર્તા :** દાદા, તમે લોંગ કોટ પહેરતા'તા ને, પહેલા ?

**દાદાશ્રી :** હા, લોંગ કોટ. લોંગ કોટ એ શેઠિયાનો કોટ કહેવાય.

*પહેરણ - સદરા જેવું આખી કે અડધી બાંયનું વસ્ત્ર

**પ્રશ્નકર્તા :** રોજ લોંગ કોટ પહેરતા'તા ? ધોળો, સફેદ ?

**દાદાશ્રી :** રોજ, સફેદ. પેલા સટોડિયાઓ પહેરતા'તા ને, એવો.

**પ્રશ્નકર્તા :** તે આમ મોટા ગોળ બટન હોય. છપ્પન ઈંચનો કોટ !

**દાદાશ્રી :** પેલા પારસી લોકો પહેરે એવો. શેઠિયાઓ આપણા બધા એવો પહેરીને ફરતા'તા ને ! વેશ કર્યા બધા એમ, પણ કશું કાઢ્યું નહીં. સવાદ (સ્વાદ) કાઢ્યો નહીં. આ હમ... હમ ને હું. તે કશું કાઢ્યું નહીં ને મહીં બળાપો પાર વગરનો ! બહાર મોટા શેઠ ગણાય. મૂળ શેઠ થવાની ટેવ. અને મૂળથી હતાય શેઠિયા જ, આમ જો જોવા જઈએ તો. કારણ કે ધંધાદારી કાયમને માટે અને હાથમાં રકમ, એટલે આમ તો શેઠિયા કહેવાઈએ !

ત્યારે તો ડગલો પહેરીને જઉં ને મદ્રાસની ગાડીમાં, તો બહુ જગ્યા આપી દે લોક. 'મોટા શેઠ આવ્યા', કહેશે. શેઠ આવ્યા, શેઠ !

**પ્રશ્નકર્તા :** રૂઆબ, રૂઆબ ! કો'ક જ પહેરે એ.

**દાદાશ્રી :** આજથી પંદર-વીસ વર્ષ પહેલાની વાત, જ્ઞાન થતા પહેલાની અમારી વાત. એક ફેરો મહાવીર સ્વામીનો વરઘોડો જતો હતો. ત્યારે તે વરઘોડામાં હુંયે લાંબો કોટ પહેરીને ગયો હતો તે દહાડે. તે 'અંબાલાલ શેઠ, અંબાલાલ શેઠ આવ્યા', કહે. હવે અમે વાણિયા નહીં પણ આમ વેપારી ખરા ને, એટલે શેઠ કહે બધા. તે સફેદ લાંબો કોટ પહેરું, આટલો અહીં ઢીંચણ સુધીનો. તે સિવડાવું મુંબઈમાં પાછો. અહીં પ્રિન્સેસ સ્ટ્રીટમાં સિવડાવતો'તો. પ્રખ્યાત ટેલર (દરજી) હતો ત્યાં.

**પ્રશ્નકર્તા :** હા, એના સ્પેશિઅલ ટેલર હતા.

**દાદાશ્રી :** એય... હાઈ ક્લાસ કોટ સીવે. ત્યાંથી સિવડાવેલા પહેરતો. અને વડોદરામાં એક પ્રેમજી આંબા કરીને બનાવતો'તો. ૧૯૨૨થી ગફૂર માવજી પાસે હું જોડા સિવડાવતો'તો. અહીં આગળ દુકાન છે પેલી...

**પ્રશ્નકર્તા :** સાગર ટૉકિઝ આગળ.

**દાદાશ્રી :** આ પેલા સિનેમાની જોડે, બહુ પ્રખ્યાત. અને પ્રેમજી આંબા પાસે હું લોંગ કોટ સિવડાવતો'તો. પારસી લોકો બધા એની પાસે કરાવે, શેઠિયાઓ બધાય. એનો બહુ રોફ પડે. પારસી લોકોય લાંબો કોટ પહેરે, પેન્ટ પહેરીને ઉપર ટોપી. મારે ધોતિયું, કોટ ને ટોપી. અમારા ભાગીદારેય લાંબો કોટ પહેરતા. અમે બેઉ જણ લોંગ કોટ પહેરતા'તા. કનુભાઈ (અમારા ભાગીદારનો દીકરો) સત્તાવનમાં પૈણ્યો'તો ને, તોયે લોંગ કોટ પહેરેલા અમે બેઉ જણે. અને અઠ્ઠાવનમાં પછી આ જ્ઞાન થયું.

**પ્રશ્નકર્તા :** પછી બંધ થઈ ગયું.

**દાદાશ્રી :** આ લોંગ કોટ રૂપાળો સારો દેખાતો'તો શરીરને. દેખાવડો સારો દેખાતો, શરીર પાતળું ખરું ને !

**પ્રશ્નકર્તા :** નહીં, તે વખતે તો પહેરવેશ જ આ હતો. એ વખતે બધા વેપારી સર્કલનો પહેરવેશ જ, છપ્પન ઈંચનો ડગલો.

**દાદાશ્રી :** હા, પહેરવેશ જ એ.

**પ્રશ્નકર્તા :** એ જ પહેરવેશ. કાળી ટોપી, ડગલો, ધોતિયું અને કાળા બૂટ-ચંપલ. એ જ વેપારી ડ્રેસ. વેપારી પેઢીમાં જવું હોય તો આ ડ્રેસ પહેરીને જવું પડે.

**દાદાશ્રી :** નહીં, પણ દસ હજાર રૂપિયાનો માલ આપે તરત. આ કોટ પહેરેલો હોય તો દસ હજાર રૂપિયાનો માલ ધીરે. આ કોટની કિંમત એટલી ! અને 'આવો શેઠ' એમ કહે લોક.

**પ્રશ્નકર્તા :** આ છપ્પન ઈંચનો ડગલો ક્યારે બંધ કર્યો, જ્ઞાન થયા પછી ?

**દાદાશ્રી :** હા, જ્ઞાન થયા પછી બંધ થયો. એ પછી એ પડ્યા, ત્યાં પડ્યા હશે મહીં કબાટમાં. તે મેં કહેલુંય ખરું કે આ સરવણી* માટે રહેવા દેજો. પાછા સરવણીમાં મૂકવા જોઈએ ને, કે આ ડગલો પહેરતા'તા.

---

*સરવણી - હિંદુઓમાં મરણ પછી તેરમા દિવસે કરાતું શ્રાદ્ધ

**પ્રશ્નકર્તા :** દાદા, એ તો હવે એના સંગ્રહસ્થાનમાં જશે, કંઈ સરવણીમાં ઓછું જવાનું ?

**દાદાશ્રી :** એ ગમે તેમાં જાય, પણ મને તો એવું લાગે ને કે સરવણીમાં જશે.

લોંગ કોટ તો પછી આ ધર્મમાં બહુ એ (ઈન્વોલ્વ) થયા ને, તે આમ આમ ઊંચકીને પાછું બેસવું પડે ને પછી. બાકી ત્યાં ધંધા-બિઝનેસમાં ચાલે ને બધા ત્યાં, ત્રાવણકોર સ્ટેટમાં ને બધે.

**પ્રશ્નકર્તા :** તે લાંબો કોટ ક્યારથી પહેરતા, દાદાજી ? લાંબો કોટ કેટલા વર્ષની ઉંમરથી પહેરવાનો શરૂ કર્યો ?

**દાદાશ્રી :** હું વીસ વર્ષની ઉંમરથી પહેરતો હતો.

**પ્રશ્નકર્તા :** પછી આ ટૂંકો કોટ આવ્યો ક્યારે ?

**દાદાશ્રી :** થાકી ગયા પછી, બધે કંટાળી ગયા. આ ધંધા-બંધા બધા લગભગ છૂટવા માંડ્યા ત્યારે.

## ૧૯૨૧ સુધી જન્મેલા ધોતિયાવાળા, ૧૯૨૨થી લેંઘાવાળા

**પ્રશ્નકર્તા :** દાદા, તમે ધોતિયા જ પહેરેલા કે લેંઘા પણ પહેરેલા ?

**દાદાશ્રી :** એક ફેરો લેંઘો સિવડાવ્યો'તો. બાકી...

**પ્રશ્નકર્તા :** ધોતિયા.

**દાદાશ્રી :** હા, લેંઘો પણ પહેર્યો'તો.

**પ્રશ્નકર્તા :** પેન્ટ-બેન્ટ નહીં ? પેન્ટ નહીં કોઈ દહાડો ?

**દાદાશ્રી :** ના. લેંઘો સિવડાવ્યો'તો ફક્ત આ. આ રેશમી આવું છે તે પેલું ખમીસ પહેરું, પહેરણ, તે અને લેંઘો, તે કામ પર પહેરતો'તો. બાકી લેંઘો મને શરમ આવે, મુસલમાન જેવું લાગે. પણ એક આ પહેર્યો'તો ખરો, લેંઘો.

**પ્રશ્નકર્તા :** દાદા, આમ પણ લેંઘા તો પછી આવ્યા, પહેલા તો ધોતિયા જ હતા.

**દાદાશ્રી :** ૧૯૨૨માં જન્મ્યા તે લેંઘાવાળા, ૧૯૨૧વાળા બધા ધોતિયાવાળા. આ સાંધો બેનો. ૧૯૨૧ ને '૨૨ની સાલનો સાંધો. '૨૨માં ટેન પરસન્ટ લેંઘા પેઠા. ત્યાંથી લેંઘા વધતા વધતા વધતા પાછા... તે હું કોઈ લેંઘાવાળાને જોઉં તો હું જાણું કે '૨૨ની સાલવાળો છે આ.

## ફોરેનના કપડાંની હોળી પછી લેંઘા આવ્યા

'૨૨ પછી જન્મેલા એ બધા લેંઘાવાળા જ જોયા મેં. એ સાંધો છે. કારણ કે '૨૧માં કપડાં બાળ્યા ને, કપડાંની હોળીઓ કરાવડાવી ગાંધીજીએ.

**પ્રશ્નકર્તા :** વિદેશી કાપડની.

**દાદાશ્રી :** હા, એટલે આ પરદેશી કપડાંઓની. અને દેશી કપડાં આવ્યા ત્યારે લેંઘા પેઠા ધોતિયાને બદલે. અને બેંગ્લોરી કાળી ટોપીઓ બાળી મેલી અને ધોળી પેઠી. ત્યારે બેંગ્લોરી પહેરીને ફરતા'તા. તમે બેંગ્લોરી જોયેલી ને, અહીંયા ?

**પ્રશ્નકર્તા :** આમ ઊંચી ટોપી.

**દાદાશ્રી :** હા, કાળી ને ઊંચી, આમ મુસલમાનો પહેરે એવી. એય... છ ઈંચ ઊંચી. પહેરેલી કે ?

**પ્રશ્નકર્તા :** હા, છ ઈંચવાળી.

**દાદાશ્રી :** ઉપર હોલ (કાણું) હઉ હોય. હવા જવાની જાળી હોય.

**પ્રશ્નકર્તા :** હોલવાળી ટોપી મેં જોયેલી.

**દાદાશ્રી :** નાની ઉંમર હોય ત્યાં સુધી છે તે જરીકસબવાળી ટોપી પહેરે, સાચી જરીકસબની.

**પ્રશ્નકર્તા :** એ તમે પહેરેલી ?

**દાદાશ્રી :** હા, જરીકસબની પહેરેલી. આ વેશ બધા થયેલા આવા. પછી આ ગાંધીજીએ બાળ્યું પછી બધું જતું રહ્યું, જરીકસબ-બસબ બધુંય જતું રહ્યું, હડહડાટ. નહીં તો એ તો બધું સારું હતું. પણ ગાંધીજી કંઈક કરતા ગયા ને, દેશને માટે...

**પ્રશ્નકર્તા :** કાંઈક નહીં, ઘણું કરતા ગયા.

**દાદાશ્રી :** ઘણું કરતા ગયા છે. નહીં તો આપણે ત્યાં તો ધોતિયા ત્યાંના પહેરવા પડે. અમેય માંચેસ્ટરના જ ધોતિયા પહેરતા'તા ને આય ખમીસેય માંચેસ્ટરનું. અને ટોપીય બેંગ્લોરી ત્યાંથી આવતી'તી.

## આગ્રહ જ ગમે નહીં, તેથી સત્યાગ્રહમાં નહોતો લીધો ભાગ

**પ્રશ્નકર્તા :** દાદા, તમે સત્યાગ્રહ વખતે ભાગ લીધેલો ?

**દાદાશ્રી :** હું શું કરવા લઉં એમાં તે ? હું તો સત્યાગ્રહવાળો માણસ જ નહોય, હું તો મુક્તિવાળો ! મેં તો ભાગ લીધો જ નહીં. આ ટોપી બદલી નાખેલી, ટોપી ધોળી પહેરેલી.

**પ્રશ્નકર્તા :** કપડાં ખાદીના ?

**દાદાશ્રી :** ના, કપડાં તો માંચેસ્ટરના પહેરતો'તો. એ જાડું ખાતું આપણને ના ફાવે.

**પ્રશ્નકર્તા :** દાદા, તમેય સુંવાળા જ હતા ત્યારે.

**દાદાશ્રી :** સુંવાળા, સુંવાળા. કપડાંલત્તાં એ બધું સરસ જોઈએ.

**પ્રશ્નકર્તા :** ટોપી કેમ ધોળી પહેરેલી ?

**દાદાશ્રી :** કાળી ટોપી બાળી મેલતા'તા. માથેથી લઈને બાળી મેલે, તે નાછૂટકે ધોળી પહેરી'તી. છતાંય એ કરે છે એ ખોટું નથી, પણ મને પોતાને પસંદ નહીં આ. મને તો ક્રેપનું ખમીસ જોઈએ, માંચેસ્ટરના

ક્રેપનું. અને લીવરપુલનો જોટો જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો દાદા, હવે ટોપી કેમ નથી પહેરતા ? ઓછી પહેરો છો, દાદા.

**દાદાશ્રી :** ટોપી પહેરતો'તો ને, અત્યાર સુધી. પણ હવે મહીં ઉપાધિ લાગે છે, બળી. પેલો લાંબો કોટ-બોટ ક્યાં પહેરીએ ને બધું તોફાન...

## શિકાગો, સિઅર્સ ટાવર વખતે પહેરેલું પેન્ટ

**પ્રશ્નકર્તા :** પેન્ટ કેમ નહીં સિવડાવેલું ?

**દાદાશ્રી :** નાનપણમાં પહેરેલું ને, આ ચગદી (ટૂંકી સુરવાલ) જેને કહે છે ને, ચગદી. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** હાફ પેન્ટ.

**દાદાશ્રી :** ના, હાફ પેન્ટ નહીં પહેરેલું, એવું ના પહેરીએ અમે. એ જાંઘો દેખાય એવું ના પહેરીએ અમે, પણ એને ચોયણી (ચોરણી) કહેતા'તા.

**પ્રશ્નકર્તા :** ચોરણી, એમાં અહીં બંધ આવે, અહીં બંધ પટ્ટો આવે પેલો.

**દાદાશ્રી :** હા, એ હતી. એ પહેરેલું.

**પ્રશ્નકર્તા :** એવું નાનપણમાં પહેરેલું ?

**દાદાશ્રી :** પહેરેલું એ, ગરમ કપડાંના હઉ.

**પ્રશ્નકર્તા :** હા, તે રજવાડી ઠાઠ.

**દાદાશ્રી :** હા. પેન્ટ-બેન્ટ સમજીએ નહીં, પેન્ટ પહેરેલું નહીં.

**પ્રશ્નકર્તા :** સુરવાલ કહેતા એને પહેલા. અહીં ત્રણ બટન આવે, બંધ થઈ જાય.

**દાદાશ્રી :** ત્યાં આગળ અમેરિકામાં એક દહાડો પાટલૂન પહેર્યું'તું ને મેં ?

**પ્રશ્નકર્તા :** સિઅર્સ ટાવર ઉપર ગયા હતા ને, શિકાગોમાં.

**દાદાશ્રી :** હા, ત્યાં પહેરેલું. પણ આ મારું કહેવાનું, કે પહેર્યું હતું ને, આપણે એવું નથી, કે 'ના જ પહેરું' એવું. એ લોકોએ ફોટાય લઈ લીધા. એવું નહીં, આગ્રહ-બાગ્રહ નહીં. એ કંઈ ફાવે નહીં, એ પહેરતા અમને ફાવે નહીં.



## જોઈએ ઉજળું ને ઇસ્ત્રીબંધ, તેથી જાતે ધોતા

**પ્રશ્નકર્તા :** દાદા, કપડાં એકદમ સફેદ પહેરતા, તે કોણ ધોઈને ઈસ્ત્રી કરી આપતું હતું ?

**દાદાશ્રી :** હું તો આના જેવડો નાનો હતો તો મારું કપડું મેં કોઈને ધોવા નહીં દીધેલું. ખમીસ હઉ મારું ધોઈ નાખતો'તો હું. એક આનાની ઈસ્ત્રી કરાવી લાવું જઈને, ધોતિયું હોય તે બઈ ધોઈ નાખે. ખમીસ બઈનું ધોયેલું ના ફાવે. તો આપણે જાતે બે વખત સાબુ ઘાલતાની સાથે ઉજળું ફર્સ્ટ ક્લાસ, ધોઈ-બોઈને.

**પ્રશ્નકર્તા :** ના, એટલે પેલું ઉજળું થાય ને ઈસ્ત્રીવાળું પહેરવાનો પેલો શોખ, એટલા માટે જાતે ધોઈ નાખવાનું ?

**દાદાશ્રી :** ઈસ્ત્રીય જોઈએ, ઉજળુંય જોઈએ. અને તે દહાડે, આ પણ (ખમીસ) ત્રણ-ચાર દહાડે બદલતો'તો. અને હવે એવું તેવું નહીં ને, કંઈ જવા-આવવાનું નહીં ને !

ભરતને તો કપડાં રોજ બદલવાના. ઈજનેર ખરો ને ! તે મારું હઉ રોજ બદલતા'તા. અલ્યા ભઈ, મારું શું કરવા બદલો છો ? તે એમ કરતા કરતા પાંચ દહાડે બદલવાનું શિખવાડ્યું. એ ને નીરુબેને સંપ કરી દીધેલો કે બે-ત્રણ દહાડામાં આપણે બદલી નાખવાના. અલ્યા ભઈ, મારું શું કરવા બદલો છો ? તમારા બદલો ને ! મારે નહીં પરસેવો, નહીં કામ, નહીં કાજ. કામકાજ હોય, મહેનતુ હોય, તેને બધું થાય. તે પણ એ એનેય લાભ મળે છે, એય હવે બે-ત્રણ દહાડે બદલે છે. જો લાભ થયો ને ! હેં ? કપડાં કાઢનારને એમ ખબર હશે કે આમાં ધોનારને શી મજા આવતી હશે ? ધોનારને કેવી મજા આવતી હશે, એ ખબર છે કપડાં કાઢનારને ? કાઢી લીધું ને નાખી દીધું.

## આ તો જન્મથી વૈરાગી નહીં, સ્વપરાક્રમથી જ્ઞાની

(સત્સંગમાં એક મહાત્મા દાદાશ્રીને એમનો '૩૨ની સાલમાં પડાવેલો ફોટો બતાવે છે. અને એ ફોટો જોઈને દાદાશ્રી કહે છે.) જરાય

વૈરાગ નથી દેખાતો આમાં.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ ત્યારે ન જ હોય.

**દાદાશ્રી :** નહીં તો જન્મથી જ વૈરાગી હોય એ તો.

**પ્રશ્નકર્તા :** એ વૈરાગ દેખાય નહીં ને, બહાર તો ? વૈરાગ હોય તો એ તો આંતરિક વૈરાગ હોય ને, આમાં ખબરેય ના પડે ને !

**દાદાશ્રી :** હા, હા, વેપારી લાગે છે ને ! ગરમ કોટ-બોટ પહેર્યો છે ને ! આપણા રસિકભાઈના જન્મ વખતનો.



**પ્રશ્નકર્તા :** હા.

**નીરુમા** (પ્રશ્નકર્તાને) **:** '૩૨ની સાલનો છે આ ફોટો. આ એમનો જન્મેય '૩૨ની સાલનો ને દાદાનો ફોટોય '૩૨ની સાલનો.

**દાદાશ્રી :** રાખી મેલજો. આ કૉપી જરા સારી છે. લાવો જોઈએ. એય, કાળા વાળ-બાળ બધા...

**પ્રશ્નકર્તા :** ત્યારે તો કાળા જ હોય ને, દાદાજી.

**દાદાશ્રી :** અને કોટ આમ પાછો દબાવવાનો, આમથી આમ.

**પ્રશ્નકર્તા :** હા, ડબલ પૅક.

**દાદાશ્રી :** તે વખતે જે કહેતા હોય તે. અને બૂટ-બૂટ દોરીવાળા.

આ તે દહાડે તો ફોટો લે ને, તો બહુ બેસતાય નહોતું આવડતું. છોકરાંને તો સમા કરવા પડે, આમ ખસેડી ખસેડીને. આમ હાથ ધકેલે, વળી પાછો આમ ધકેલે, આમ કરે.

**પ્રશ્નકર્તા :** હા, તે જરા એ પોઝમાં લાવે, સરખી રીતે પોઝિશનમાં લાવે.

**દાદાશ્રી :** પોઝિશનમાં લાવવા માટે. પણ છોકરાંને બિચારાને આ બધી પોઝિશન ના આવડે.

**પ્રશ્નકર્તા :** હા, ના આવડે.

## પટિયાં, સેન્ટવાળું તેલ, ક્લિન શેવ, વટ માટેના શોખ

**દાદાશ્રી :** જ્ઞાન પહેલા તો મારેય રોફ હતો જ ને ! મનેય રોફ હતો, કપડાંલત્તાંનો બહુ.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર જોઈએ દાદાને !

**દાદાશ્રી :** અને વાળ બરાબર ઓળવા જોઈએ, બીજું જોઈએ, ત્રીજું જોઈએ. તે દહાડે હું બહુ સરસ તેલ વાપરતો'તો.

**પ્રશ્નકર્તા :** એમ ! શેના તેલ વાપરતા હતા ?

**દાદાશ્રી :** સારા સારા ઊંચા તેલો, જે સેન્ટવાળા આવતા'તા ને સારા, પહેલા તો તેલ બહુ સારા આવતા હતા. ચોખ્ખાચટ તેલ આવતા'તા. તે બધા વાપરતો'તો.

અરે, આમ તો વટ ખરો મહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, કેવો વટ ?

**દાદાશ્રી :** વટમાં જ ચિંતા ઊભી થઈ, એટલે મને થયું, મારું હારું, આ તો ફસાયા ! બળ્યો તારો વટ-બટ ! મારે આ શું કામનો વટ ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમે પહેલેથી ક્લિન શેવ જ કરતા'તા ? મૂછો કોઈ દહાડો નહીં રાખેલી ?



**દાદાશ્રી :** ના, ના, ના. પછી એ સિસ્ટમ જ બદલવાની નહીં ને, એક ફેરો જે કરી એ સિસ્ટમ.

**પ્રશ્નકર્તા :** પછી કોઈ દહાડો બદલ્યું નહોતું, પહેલેથી જ એમ ?

**દાદાશ્રી :** ના, પછી એ કોઈનું જોઈને શીખવાનું નહીં. એક ફેરો કરી એ કરી, શીખવાનું નહીં પછી. હવે તે દહાડે તો બહુ જાતના કટ હતા. ફ્રેંચ કટ હતો, પછી...

**પ્રશ્નકર્તા :** હિટલર કટ, મુસોલિની કટ... બધી જુદી જુદી કટ.

**દાદાશ્રી :** બહુ જાતના કટ હતા.

## શોખ લાવે ઉપાધિ

**પ્રશ્નકર્તા :** કપડાંનો કેટલા વર્ષ સુધી શોખ રહેલો ?

**દાદાશ્રી :** ઠેઠ સુધી (જ્ઞાન થતાં સુધી), કપડાંનું તો બહુ ઠેઠ (વર્ષો) સુધી. કપડાંનું તો જરાય ચાલે નહીં એવું તેવું.

**પ્રશ્નકર્તા :** દાદા, હજુય આમ સારા કપડાંનો શોખ ખરો ?

**દાદાશ્રી :** ના, અત્યારે શોખ નહીં.

**પ્રશ્નકર્તા :** શોખ નહીં, પણ સારું હોય તો ગમે ?

**દાદાશ્રી :** હા, ગમે, તે પણ બહુ નહીં, એવું નહીં. એટલી બધી પડેલી નહીં.

**નીરુમા :** હવે નથી એમ.

**પ્રશ્નકર્તા :** આ ભાઈએ આજે સવારે તમને માલિશ કરી આપીને, તમે માથું ઓળતા'તા ને, તે વખતે કહે છે, કે 'દાદા એમની જુવાન વયમાં બહુ શોખીન હશે, હું અત્યારે કહી દઉં છું.'

**દાદાશ્રી :** હા, તે શોખ વધારે હતો.

**પ્રશ્નકર્તા :** એણે તરત મેક આઉટ (અનુમાન) કરી નાખ્યું.

**દાદાશ્રી :** બરોબર છે.

**પ્રશ્નકર્તા :** પટિયા પાડતા'તા તો તે જોઈને કહે છે, કે 'દાદા...'

**દાદાશ્રી :** ના, શોખ હતો. શોખનો જ આ માર બધો. તે આ ઉપાધિ તેની થયેલી ને ! પછી ચિંતા વધેલી જ હોય ને, બળી !

## હજુય કપડાં સારા પણ ઉદયમાં આવેલા ને નાછૂટકાના

**પ્રશ્નકર્તા :** અત્યારે પણ તમે બધામાંય સારામાં સારા કપડાં ને બૂટ પહેરો છો ને સારામાં સારા રૂપાળા થઈને ફરો છો.

**દાદાશ્રી :** કપડાં તો તે દહાડે સારા પહેરતો'તો. અત્યારે તો એવાં કપડાં જ પહેરતો નથી. અત્યારે તો જે હોય તે ચાલશે. કપડાં તો તે દહાડે પહેરતો'તો. બીજું, ખાવાનું ઓછું હશે તો ચાલશે, શિખંડ નહીં હોય તો ચાલશે, પણ કપડું સારું જોઈશે. એટલે પ્રકૃતિ એવી. અત્યારે તો કપડાં કેવા પહેરું છું ? અત્યારે તો કોટનું કપડું બીજા લઈ આવે તે હું પહેરું. પહેલા તો હું કોટનું કપડું જાતે લેવા જઉં. બીજો લાવ્યો હોય તેને તો પાછો કાઢી મેલું. 'મૂરખ, તને શું લેતા આવડે, આ શું લાવ્યો તું ?' અત્યારે તો બધા મને લાવીને આપે એ પહેરું છું. ધોતિયાય લાવીને આપે તે પહેરું છું. તે પરવશતામાં બધું. અને એવું મનમાં કશું એ છેય નહીં. મનમાં એ સંબંધી ઉપાધિએય નથી.

હવે કશુંય લેવા જતો નથી, ઘેર બેઠા આવે. આ બધા લઈ આવે. નીરુબેન લઈ આવે, બીજા લઈ આવે. શણગાર તો પહેરવો જ પડશે ને, છૂટકો થાય જ નહીં ને ! અને જે વેશે જ્ઞાન થયું હતું તે વેશે જ રહે, વેશ બદલાય નહીં. તે દહાડે કોટ-ટોપી પહેર્યા ને અત્યારે પહેરણ પહેરીને ફરું, એ કંઈ ચાલે નહીં. તે દહાડે કોટ પહેર્યો તો કોટ જ પહેરવાનો. બાકી, આ તોફાન અમને પસંદ હોતું હશે ? આ તો મહીં આવી પડેલો માલ, છૂટકો જ નહીં. નાછૂટકે પહેરવું પડે.

કપડાં તો અમે જેવા ઉદયમાં આવે ને તેવા પહેરીએ. કોઈ કહેશે, કે 'આવું નહીં પહેરવાનું, તમારે આવું પહેરવાનું.' તો એવું પહેરીએ.

હમણે લીલા રંગનું ધોતિયું લાવે ને, તો તેવું પહેરીએ. અમને તો એવું કંઈ નહીં. એ જે લાવી આપે તે પહેરીએ અમે. લાવેલા હોય તેય પાછું અમે એક વખત એમને કહીએ, કે 'આ રંગ ફેરફાર થઈ ગયો.' ત્યારે કહે, 'ના, એ પહેરવાનું છે.' ત્યાર પછી પહેરીએ અમે. એક વખત તો બોલીએ અમે, 'રંગ ફેરફાર થઈ ગયો છે.' પછી પહેરીએ અમે.

**પ્રશ્નકર્તા :** પણ આમ બધું અપ ટૂ ડેટ જોઈએ છે તમારે.

**દાદાશ્રી :** એ તો આવે છે એ જ પહેરું છું. હું તો ઘણા ફેરા મહીં જરાક ઘસાયેલું હોય ત્યારે આમને કહું, કે 'રહેવા દો ને !' ત્યારે કહે, કે 'ના, કાઢી નાખો.' હું બધાને કહું છું, 'જરા રહેવા દો ને, વાંધો શો છે ? રહેવા દો થોડો વખત.' ત્યારે કહે, 'ના, કાઢી નાખવાનું.' અમે પહેલા સંસારી વેશમાં તો રહેવા દેતા'તા, થોડું થોડું ઘસાયેલું હોય ને, તો રહેવા દઈએ.

## અંબાલાલમાં હજુ ફૂટે સુંવાળા કાપડના પરમાણુ

**પ્રશ્નકર્તા :** '૬૮માં જે જોયેલા ને, તેના બદલે અત્યારે કપડાંની બાબતમાં તમારું આમ બહુ ઢીલું થઈ ગયું છે.

**દાદાશ્રી :** કપડાંનું રહ્યું જ નહીં ને ! હવે કશું રહ્યું નહીં.

**પ્રશ્નકર્તા :** હવે કશું નહીં. તે વખતેય કંઈક હતું થોડુંઘણું. હવે બિલકુલ ખલાસ થઈ ગયું છે.

**દાદાશ્રી :** '૬૮માં તો કપડાંનું બહુ રહેતું. અત્યારે તો કપડાંનું, આ ખાવાનું-પીવાનું કશુંય રહ્યું નથી, જતું રહ્યું બધું. ઓગળતું જાય છે, દહાડે દહાડે.

**પ્રશ્નકર્તા :** છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં બહુ ઓછું થઈ ગયું.

**દાદાશ્રી :** બધું ઓછું થઈ ગયું. અને આ સાલ ખોરાકનું ઊડી ગયું બધું. નહીં તો જો ઘી-બી ને બધું તોફાન-બોફાન... આ જો ડૉક્ટરે ઉડાડી મેલ્યું, હડહડાટ. મને ગમ્યું એ. ફરી નહીં પેસવા દઉં હવે ઘીને. મને તો

એમ જ લાગતું'તું, ઘી વગર તો મારાથી જીવાશે જ નહીં. જેમ પેલો ધણી કહે, કે 'મારે બૈરી વગર જીવાશે નહીં.' તે અપાસરામાં પડી રહે બે મહિના, તો એની મેળે જીવાય કે ના જીવાય ? એવી રીતે આ ઘી ખાધા વગર બે મહિના કાઢ્યા, તે જીવાય કે ના જીવાય ? એવું આપણને આ હિંમત આવી જાય.

હવે સંજોગ એવા છે. અને આ ઘીનું લફરું બહુ હતું. તે ખરું ઉડાડી આપ્યું આણે. એવું ઉડાડી આપ્યું... અને હવે એવી ખાતરી થઈ ગઈ કે હવે ઘીની જરૂર જ નથી. એટલે એ વગર જીવાશે હવે. વધારે પડતું ઘી મારી નાખે. એ બાએ ઘી ઘાલી દીધેલું. ખૂબ ઘી ને દૂધ ને આમ તેમ ખવડાય ખવડાય કર્યું.

કપડું-બપડું એ બધું તો જતું રહ્યું હવે. કશી ઉપાધિ નથી રહી હવે. કપડાં-બપડાંની કશી ઉપાધિ નહીં. પણ તોય હજુ ડબલ ઘોડો બોસ્કી કાપડ સાંભરે. મહીં મનમાં એમ થાય કે લાવ, પહેરીએ. આ પેલા કપડાં ગરમ લાગે છે ઊલટા.

## બોજારૂપ લાગે છતાંય પહેરે નાટક રૂપે

અમને હવે બધુંય બોજારૂપ લાગે.

**પ્રશ્નકર્તા :** એટલે તમને એનું આકર્ષણ નથી ને અમને એનું આકર્ષણ છે.

**દાદાશ્રી :** કોટ ના પહેરવો પડે એ સારું એવું અમને લાગે, છતાં નીરુબેન કહે, 'ના, દાદા, કોટ તો પહેરવો પડે', એટલે પહેરીએ અમે. નાટકનો ખેલ બધો. કહેશે, 'આવા તમારી પાસે નથી.' અમારે વળી શું કરવું છે ? અમારે તો બંડી એકલી પહેરી હોય તોય ચાલે. શિયાળાનો દહાડો ના હોય તો એમ ને એમેય ચાલે અમારે. અમારે શું છે તે ?

**પ્રશ્નકર્તા :** દાદાજી બોજો લાગે, તો તરછોડ કહેવાય ? આ જે બોજો છે, પણ એ તરછોડ નથી ને ?

**દાદાશ્રી :** ના, તરછોડ નહીં. એ બોજારૂપ લાગે કે આ બોજો પણ

ના હોય તો સારું. જ્યારે આ બોજાથી મુક્ત થઈએ ને, ત્યારે પૂરી મુક્તિ લાગે.

**પ્રશ્નકર્તા :** ત્યારે હળવાશ.

**દાદાશ્રી :** હળવાશ. ઘણી હળવાશ તો અમારે થઈ ગયેલી છે પણ હજુ આટલો બોજો રહે છે.

## અંદરનું સુધરે તો બહારનું સાદું પણ ચાલે

આ અમારે ગરમ કોટ પહેરીને ત્યાં પરદેશ જવું પડ્યું ને, નહીં તો એ અમે કંઈ અત્યારે લાવીએ નહીં. ગરમ કોટ અમે પહેરીએ નહીં એ. અમારે શેના હારુ આ તોફાન જોઈએ ? અમારે સાદું, જે કપડે અમને જ્ઞાન થયું તે કપડાં અમારા હોય.

**પ્રશ્નકર્તા :** એમાંય કોટ હતો ને, દાદાજી ? એટલે કોટ પહેરવાનો શું વાંધો ?

**દાદાશ્રી :** હં, પણ કોટ ગરમ છે એ.

**પ્રશ્નકર્તા :** પણ શિયાળો આવે તો ગરમ જોઈએ ને ?

**દાદાશ્રી :** નાનપણમાં ગરમ-બરમ બધું પહેરેલું. પછી સાદું થઈ ગયેલું.

**પ્રશ્નકર્તા :** સાદું તો ખરું દાદાજી, પણ ઠંડી આવે, તે ઠંડીમાં તો ગરમ હોય, એવું તો કંઈક જોઈએ ને ?

**દાદાશ્રી :** ઠંડીનું તો હું પહેરતો જ નહીં. કંઈ ગરમ હોય કે ટાઢું, અમારે તો સાદો ડ્રેસ જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા, સાદું બરાબર છે.

**દાદાશ્રી :** આ તો આ ફૉરેનમાં જવાનું થયું તેથી બધા કહે કહે કરે ને ! અને તે પાછું 'પાટલૂન પહેરો.' મેં કહ્યું, 'અલ્યા, નહોય પાટલૂન, મારે ના ચાલે.' એટલે આ બધા ઠઠારા કરવાના. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા, ઠઠારા છે.

**દાદાશ્રી :** અને ઠઠારામાંય બળ્યા, આ અમે ત્યાં બેઠા હોય અને બધા બેઠા હોય ને સરસ કપડાં પહેરીને બધા બેઠા હોય, અને ઉપરથી છે તે કંઈ ધૂળ ઊડી કે એવું તેવું ઊડ્યું, તો અમારે તો કશો વાંધો નહીં, બા. અમારે શું એ બગડી જવાનું ? બગડેલું જ છે ને ! પેલાને મહીં તેલ રેડાય. ના રેડાય તેલ ?

**પ્રશ્નકર્તા :** રેડાય, દાદા.

**દાદાશ્રી :** એટલે અમે રહીએ જ એવા કે અમને કશી હરકત જ ના થાય.

પહેરવાનો વાંધો નથી, આ તો ચારિત્રમોહ જ છે ને ! પણ જો અંદરનું સુધરે તો કશું કપડું પહેરવા જેવુંય નહીં. સાદું હોય તો ચાલે.

## હવે તો કપડાંનો રોફ મારા લીધે

આ બાંડિયું લઈ આવ્યા છે. કહે છે, 'હવે તમે આ પહેરો, તમે બાંડિયું પહેરો તો સારું દેખાય છે.' ત્યારે મેં કહ્યું, 'સારું.' શોભતો હોય તો સારું. મૂર્તિને આંગી તો પહેરાવવી જ પડે ને ! મૂર્તિઓનેય આંગી પહેરાવવી પડે છે. આરસની હોય તોય આંગી પહેરાવવી પડે ને !

**પ્રશ્નકર્તા :** દાદા, તમને બાંડિયું પહેરતા તરુબેને કર્યા. સૌથી પહેલું બાંડિયું એ લઈ આવ્યા'તા. એ પહેલીવાર પહેર્યું, તો મહાત્માઓ કહે, 'બહુ સરસ લાગે છે.'

**દાદાશ્રી :** આ તો આ શાંતાબેને પહેરાવ્યું કે 'આવું પહેરો, દાદા.' મેં કહ્યું, 'ના પહેરાય અમારાથી આવું.' ત્યારે કહે, 'ના, આજે પહેરવાનું. અને તમે લઈ જાવ.' મેં કહ્યું, 'ના, હું લઈ ના જઉં.' તમે અહીં પ્રસાદી રહેવા દો તો પહેરું. ત્યારે શુકન તો થાય એમને. પછી પાથરીને સૂઈ જાવ જોઈએ, કેવી મજા આવે ?

આ સારું લાગે, બેન ?



**પ્રશ્નકર્તા :** હા, બહુ સરસ લાગે છે.

**દાદાશ્રી :** એમ ?

**પ્રશ્નકર્તા :** દાદા, બહુ રૂપાળા લાગો છો આજે. અમારી બધાની નજર લાગશે. આજે વરઘોડામાં દાદા સરસ લાગતા હતા.

**દાદાશ્રી :** એ તો મનેય સરસ લાગતા હતા. પણ કરીએ શું પછી ? કાઢી મેલાય ?

**પ્રશ્નકર્તા :** કાઢી નહીં મૂકવાના, દાદા. સરસ લાગે ત્યારે જોઈને મને નાચવાનું મન થાય.

**દાદાશ્રી :** હા, સરસ લાગતા હતા, તેથી તો પેલો બિચારો ખુશ થઈ ગયો હતો ને, પેલો અમેરિકન ડૉલર ! (મેયર વરઘોડામાં આવ્યા હતા તેમને દાદાશ્રી 'અમેરિકન ડૉલર' કહે છે.) ખુશ, ખુશ, ખુશ, ખુશ ! ઓગળી ગયો'તો બિચારો !

જ્ઞાન થતા પહેલા કપડાંથી રોફ પડતો'તો. હવે તો કપડાંનો રોફ મારા લીધે પડે છે !

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે, તમારી વાત તદ્દન સાચી છે.

**દાદાશ્રી :** ગમે એવું ફાટેલું હોય તોય અહીં આગળ રોફ પડી જાય એનો. અને લોક પરસાદીમાં લઈ જાય ને, ફાટેલું હોય તોય !

**પ્રશ્નકર્તા :** લઈ જાય છે ને !

## 'તારું લઈને અમે મૂકીએ ક્યાં ?'

**દાદાશ્રી :** આ અમેરિકામાં એક જણ આવ્યો, 'ના, ના, દાદાજી, આટલું...' કંઈક ગરમ પહેરવાનું ને એવું તેવું બધું લાવ્યો હશે બધું ! સ્વેટરો ને બધું ! પછી અમને કહે છે, 'આ લ્યો.' મેં કહ્યું, 'તારું લઈએ પણ અમે મૂકીએ ક્યાં ? અમારી પેટીમાં ભરેલું છે ને બીજી જગ્યા જ નથી હવે. માટે તું પાછું લઈ જા. ક્યાં મૂકીએ અમે આ બધું ? કારણ કે તું આપવા આવું, પાછો બીજો આપવા આવે, ક્યાં મૂકીએ અમે ?' એ ચીજોને લઈને વેશ થયા આ !

**પ્રશ્નકર્તા :** પેલાએ ભૂલ કરી, બીજી પેટી સાથે આપવું'તું.

**દાદાશ્રી :** ના, પેટી અમે લઈએ જ નહીં ને ! આ પેટી છે તેનાથી જ હું કંટાળ્યો છું, ઊલટું ! પછી છે તે બીજી પેટી ક્યાં રાખીએ ? આ ફેરે ખેતશીભાઈએ બે જોટા લાવીને મહીં ઘાલી દીધા. તે પછી મેં કહ્યું, 'આવું ના ચાલે. તમારા જોટા પાછા લઈ જાવ. અમારે અહીં ના ચાલે. પેટીમાં મૂકીએ ક્યાં આગળ ?' ત્યારે કહે, 'એના બદલે જે તમે પહેરેલા હોય, તે મને પાછા આપો.' જો વાણિયા ખરા ને પાકા ! ત્રણ થેપાડા (ધોતિયા) લીધા ને ચાર મૂક્યા આમાં. એટલે આ કળા કોઈના બાપની નથી.

ભગવાનેય ફસાયા'તા ને ! 'સાતમી પેઢીએ મારા છોકરાની વહુ સોનાની ગોળીમાં* વલોવે, એ હું જોઉં નીચે રહીને.' એ ભગવાન ફસાયા'તા ને ?

**પ્રશ્નકર્તા :** હા, ભગવાન ફસાયા !

**દાદાશ્રી :** અમે એટલું કહીએ, કે 'ક્યાં મૂકીએ, ભઈ ? તું મને દેખાડ.' આ પરિગ્રહ ક્યાં લઈ જઈએ તે ? મને તો મૂળથીયે પરિગ્રહ ગમે નહીં. એક-બે કોટ રાખેલા વર્ષમાં, બે ખમીસ. બે જ ખમીસ રાખતો હતો. આ તો આ લોકોએ શિખવાડ્યું, 'ચાર રાખો ને આઠ રાખો.' તે આ આઠ તો રાખ્યા જ નહીં, તોય ચાર રાખો તે. બે જ ખમીસ, આ શી ભાંજગડ તે ?

**પ્રશ્નકર્તા :** તમે એક વખત જરૂરિયાત ઉપર કહ્યું હતું કે, 'જેની જરૂરિયાત ઓછી, તે વધારે સુખી.'

**દાદાશ્રી :** બસ... બિલકુલ જરૂરિયાત જ નહીં ને આપણે તો, જરૂરિયાત જ નહીં.

## પરિગ્રહનો બોજો વેતર વેતર જ કરેલો

હુંય આ લોકોને જોઈને શીખેલો. એક ફેરો આઠ-દસ ખમીસ સિવડાવ્યા, બીજા ભઈબંધોના આધારે. પછી તો આમ હીરાબાને મેં કહ્યું, ''પેલું ખમીસ કંઈ ગયું, સહેજ કાળો ડાઘ પડ્યો'તો તે ?'' ત્યારે એ કહે, 'એ તો મને શું ખબર પડે, તમે ધોબીને ત્યાં આપી આવ્યા કે શું કર્યું ?' મને થયું, આ હારા વધારે ખમીસ છે ત્યારે ગૂંચવાડા ઊભા થાય છે ને ! એટલે બે કે ત્રણ રાખવા, તો આપણે તરત જડે કે આ લાલીયો આવ્યો, આ લલ્લુ આવ્યો, અને આ લીલવો આવ્યો. આ તો બાર લીલવા ભેગા થાય છે ને, ત્યારે ગૂંચવાડા થાય છે.

**પ્રશ્નકર્તા :** એ ખબરેય ના પડે, દાદા.

**દાદાશ્રી :** ત્યાર પછી નક્કી કર્યું, બે કે ત્રણ ખમીસ, બે કોટ,

*ગોળી - દહીં વલોવવાનું મોટા મોઢાનું ગોળ વાસણ

બીજી ભાંજગડ નહીં. દહાડે દહાડે ઓછું કરતો ગયેલો. મેં મનને બોજો થાય એ કાર્ય નહીં કરેલું. 'ધોબીને ત્યાં પડ્યો હશે ? ક્યાં હશે ?' હવે ધોબીને ત્યાં જઉં, ત્યારે ધોબી કહેશે, 'અહીં નથી.' એટલે હીરાબાને કહું ત્યારે કહે, 'તમારું ઠેકાણું નહીં.' એટલે મારે આ ભાંજગડ ઊભી થાય. જો આ ખમીસ હોય તો ભાંજગડ ઊભી થઈ ને ? આપણે ઓછા એમ કહી દેવાના હતા, કે 'મારું ઠેકાણું નથી !' એવા તે કંઈ આમ ડાહ્યા નથી આપણે ! એટલે આ ભાંજગડ ઊભી થાય. મેં કહ્યું, આ ભાંજગડ કાપો આપણે. એટલે આખી જિંદગી આનું આ જ બધું વેતર વેતર કર્યું. આ વેતર્યું, તે વેતર્યું, આ વેતર્યું, પણ હલકું કરી નાખ્યું.

એટલે હું તો પહેલા, આ જ્ઞાન નહોતું થયું ને ત્યારે બે જ ખમીસ સિવડાવતો'તો. અને બે કોટ. શા હારુ ? ઈકૉનોમી કરવા હારુ કે ? શેના હારુ એવું કરતો હોઈશ ? આ બેથી ત્રીજું હોય તો મારા મનમાં થાય, 'પેલું ક્યાં ગયું ? પેલું ક્યાં ગયું ?' ત્યારે કહે, 'એ તો ધોબીને ત્યાં ગયું છે. એ ફલાણે ગયું છે.' માટે જો કકળાટ પાછો. બે હોય તો કશું નહીં. 'બીજું કંઈ ગયું ?' તો કહે, 'અહીં છે.' તો કહે, 'સારું.' ધોબીને ત્યાં ગયું છે. બસ ! બીજી ભાંજગડ નહીં. ખોવાઈ જાય તો બીજું સિવડાવી દો, પણ બે જ. બેથી ત્રીજું નહીં. આ સરકાર કહે છે ને, બે જ છોકરાં જોઈએ, ત્રણ નહીં. એટલે બે ખમીસથી વધારે હોય તો ઉપાધિ હોય એવું લાગે ને ! જ્ઞાન નહીં એટલે ઉપાધિ તો લાગે ને ! એટલે મેં કહ્યું, આના કરતા સિવડાવવા જ નહીં, એટલે આ ઉપાધિ જ નહીં ને સંભાળવાની ! એટલે જેમ જેમ ઉપાધિ આવી, તેમ કાપતો ગયેલો. આ શી ઉપાધિ, અમથી, વગર કામની ? પછી મહીં વિચાર આવે, ધોબીને ત્યાં રહી ગયું હશે ? તે પાછો ત્યાં દોડે પાછો. અલ્યા મૂઆ, ખમીસ ચાલીસ-પચાસ રૂપિયાનું, એટલા હારુ શું કરવા દોડધામ કરે છે ? આખો અડધો કલાક તો એમાં કાઢી નાખ્યો તેં મનુષ્ય જન્મનો ! અડધા કલાકમાં તો ઈન્દ્રનું ઈન્દ્રાસન ડોલે, જો સારું કરીને એને ભજીએ તો. શું કરવા ટાઈમનો દુરુપયોગ કરો છો ? આ તો વાળ કપાવવા પડે છે તે જ મને મુશ્કેલી લાગે છે ! તે એનો ઉપાય ખોળું, પણ એ જડતો નથી.



**'વાહ ભગવાન વાહ' ગાય ને વાળ કાપતો જાય**

કારણ કે પા કલાક, વીસ મિનિટ, પચ્ચીસ મિનિટ સુધી હેં... (દાદાશ્રી પોતાના વાળ કાપનારા માટે એક્શન કરે છે.) એક તો જ્ઞાની પુરુષને અડાય નહીં કોઈથી, અને આ તો અડે તો વળી આમ આમ કર્યા કરે, આમ આમ.

**પ્રશ્નકર્તા :** દાદા, એની પુણ્યૈ ને ? કેટલો પુણ્યશાળી એ !

**દાદાશ્રી :** હા, તે પાછું મુંબઈમાં વાળ કાપનારો હતો ને, તે થોડીવાર વાળ કાપવા વળગે ને, પછી ગરબા ફરે. પેલો ગરબામાં શું ગાતો હતો, બળ્યું ?

**પ્રશ્નકર્તા :** વાહ રે ભગવાન વાહ !

**દાદાશ્રી :** 'વાહ ભગવાન વાહ, વાહ ભગવાન વાહ !' આવું ગાયા જ કરે આમ. પછી થોડીવાર પછી કાપે પાછો. પછી પાછો 'વાહ ભગવાન વાહ' ગાયા કરે.

**પ્રશ્નકર્તા :** એનો ભાવ છે ને ! એનો ભાવ કેવો ઊંચો !

**દાદાશ્રી :** જબરજસ્ત ભાવ ! પાછો બધાને શું કહે ? પૈસા નહીં લઉં. મેં કહ્યું, 'ભઈ, તો કાપવાનું બંધ થઈ જશે તારે. પૈસા તારે લેવા પડશે.' ત્યારે કહે, 'તો લઈશ.' પછી કહે છે, 'થોડા ઓછા લઉં ?' મેં કહ્યું, 'ના, ઓછાય ના લઈશ. અહીં મારી પાસે છે. ના હોય તો હું તને કહું કે નથી મારી પાસે, કાતરી જા એમ ને એમ ! અહીં છે ને શું કરવા આવું ?' ના હોય તો એવું કહેવું પડે કે 'ભઈ, નથી આજે. પાન તું ખવડાવ આજ, ચલ હેંડ !'

## સોય જેટલુંય બોધરેશન પહાડ જેવું લાગે

બેગમાં એક વધારાનું ખમીસ જોઈએ, એક ધોતિયું જોઈએ. ટોપી એકની એક જ. કોટ એકાદ લઈ લઉં તો લઈ લઉં, નહીં તો ના લઉં. ખમીસ એકાદ વધારે, બસ બીજું કશું નહીં. આ ધાંધલ-ધમાલ કશું જ ના મળે. ખોળવું જ ના પડે ને ! યાદ જ ના રાખવું પડે. એની મેળે જ આવીને ઊભું રહે. ખોવાય જ નહીં એની મેળે.

**પ્રશ્નકર્તા :** દાદાજી બરોબર કહે છે.

**દાદાશ્રી :** મારે સામાન તો છે. આ કોટ-બોટ પહેરવો પડે ને ! ના પહેરવો પડે ? પણ મેં બેગમાં જોયું નથી કોઈ દહાડોય. બેગમાં શું છે,

એ જોયું નથી. આ નીરુબેન જોઈ આપે, કાઢી આપે મહીંથી. આ ક્યાં વેશ કરું હું ? પાછું બેગમાં જુઓ !

એટલે બોધરેશન બધું તમે રાખો. બધું આ સિવડાવો ને આ સિવડાવો ને આ. અને આ જો આ તો ઘરના પૈસા છે તોય આટલા સિવડાવો છો, તો મફત હોય તો કેટલા સિવડાવો તમે ? લોક મારા માટે છાનામાના અહીં મૂકી જાય મહીં. અલ્યા ભઈ, મને આ ક્યાં આગળ ગોટાળિયો કરે છે તું ? તું ગોટાળિયો છું, મને પાછો ગોટાળિયો કરું છું ? મને મારા નિયમમાં રહેવા દે ને ! મને બોજારહિત કર ને ! અને મારે ધંધો ચાલે છે હજુ, આવક છે, પછી મારે શું ઉપાધિ છે ? તે મારે તમારું શું કરવા લેવું પડે ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ પૂર્વથી તમે બુદ્ધિના આશયમાં ઓછા પરિગ્રહમાં સંતોષના કોઝીઝ નાખ્યા છે અને અમે કોઝીઝ બીજા બહુમાં નાખ્યા છે.

**દાદાશ્રી :** હા, તે બહુ નાખ્યા પણ એ...

**પ્રશ્નકર્તા :** એની ઈફેક્ટ્સ છે આ.

**દાદાશ્રી :** હા, પણ એની ઈફેક્ટ તે પણ આપણે સમજવું તો જોઈએ ને, કે આ ભૂલ થઈ રહી છે. પણ એય નથી સમજાતું. હજુ તો બાર ખમીસ હોય તોય આ ભઈ સિવડાવે બીજા, સસ્તું મળે કાપડ તો.

**પ્રશ્નકર્તા :** એ તો જેમ છે તેમ ચાલવાનું જ છે. ભલે દાદા કહે અત્યારે. કપડાં ચાર જોડી, આઠ જોડી, બાર જોડી એ સિવડાવવાના છે, એ ચાલુ રહેવાનું છે.

**દાદાશ્રી :** એ તો હું ના નથી કહેતો. આ તો સાધારણ વાત કહું છું. આ મારો કોઈ કાયદો નથી. તમે સો પહેરતા હોય તો સો પહેરજો, મને વાંધો નથી. તમારે ધોવાની શક્તિ હોય એટલા પહેરજો. ધોવડાવવાની શક્તિ હોય તો પહેરજો, મને વાંધો નથી. આ તો મારી પૂર્વ લાઈફ કહું છું, જ્ઞાન પહેલાની લાઈફ, કે બોધરેશન ગમતું નહોતું

મને, કોઈ પણ પ્રકારનું. સહેજ બોધરેશન આવે, એ અનુકૂળ આવે નહીં.

## વૈરાગ્યની સૂક્ષ્મ ગણતરીઓ જ્ઞાન પહેલાની

**પ્રશ્નકર્તા :** પેલો નિયમેય છે ને, કે વધારે કપડાં વાપરી નાખે, ત્રણ જોડીની જરૂર હોય અને છ જોડી રાખે, તો કહે, '૯૦માં આવવાનું હોય, તે '૯૦નું અત્યારે વાપરી કાઢે તો '૯૦માં દુકાળ પડે પછી.

**દાદાશ્રી :** હા, તે આગળ પછી દુકાળ પડે. એનો આગળનો માલ અત્યારે વાપર્યો આ. બહુ જ ખોટું કહેવાય ને ! પણ આમને પહેરનારને તો સમજણ જ નથી ને આ ! કંઈથી આવે, કંઈથી જાય, એ ભાન નથી. રૂપિયો કંઈથી આવે, કંઈથી નહીં, ભાન જ નથી. આ તો કુદરત ચલાવે છે આ ભમરડાને. પોતે ભમરડો છે એવીય ખબર નથી એને. જો એટલું જાણતો હોત તોય હું જાણત, કે મોટો રાજા કહેવાય એ.

**પ્રશ્નકર્તા :** એટલે પેલું ત્રણને બદલે છ શર્ટ હવે થઈ ગયા પોતાની પાસે, કરાવી લીધા, તો હવે ત્રણ વાપરે અને ત્રણ રહેવા દે, તો એવું કરાય ને ?

**દાદાશ્રી :** હા, પણ એવું જ જોઈએ બધું.

**પ્રશ્નકર્તા :** એટલે બીજા નવા સીવડાવે નહીં, જ્યાં સુધી પેલા ઘસારો ના પામે ત્યાં સુધી.

**દાદાશ્રી :** અમારા હાથમાં જ્યારે કંટ્રોલ હતો બેગનો, ત્યારે બધું પદ્ધતસર હતું. હવે એ જેમ બેગ રાખે તેમ રહેવું પડે અમારે. બેગ ને બેગના જે ગવર્નરો હોય, તે રાખે તેમ રહેવું પડે અમારે.

અમને ગમે નહીં આ બધું, કોઈ માણસને દુઃખ થાય એ. મિલવાળાને વધારે કપડું કરવું પડે, ત્યાં સુધી અમારો સાંધો હોય. એ મિલની શક્તિ આપણે વગર કામની બગાડીએ છીએ. બીજા લોકને કામ લાગત. ત્યાં સુધી અમારી ગણતરી હોય. વાળ કાપવામાં અમારી ગણતરી

હોય, કે આટલે દહાડે જ કપાવવા જોઈએ, ને આ સાલું એકદમ ઓચિંતું કપાવવાનું થયું, તે બીજા એક માણસના એ ઓછા કાપશે ને ?

**પ્રશ્નકર્તા :** એવું કેમ ?

**દાદાશ્રી :** એટલો ટાઈમ એનો બગાડીએ એટલે પછી. વગર કામનો ટાઈમ બગાડવાનો, સામા માણસનો. ભીંત ચણાવીએ ને પછી તોડી નાખીએ આપણે, તો કડિયાનો ટાઈમ કેટલો બધો બગડી ગયો !

**પ્રશ્નકર્તા :** હા, એ બગડ્યો.

**દાદાશ્રી :** એવું નુકસાન ના કરાય કોઈ ચીજનું. આ દુનિયામાં કોઈ ચીજનું નુકસાન ના કરાય. હું તો નહાતો તોય ગણતરીબંધ ડોલથી, પાણીથી. એ તો હમણે આ લોકો નવડાવે છે ત્યારથી વહેતું મૂકેલું હવે.

**પ્રશ્નકર્તા :** શાથી એવું વહેતું મૂકી દીધું ?

**દાદાશ્રી :** શરીરને શેકની જરૂર છે એવું તે બધું જરૂરી છે એમ ખાતરી થઈ, ઉંમરના પ્રમાણમાં. અને પહેલા તો એક ડોલમાં કમ્પ્લીટ, બીજો ડખો નહીં. અને ઊનું કેટલું જોઈએ ? ટાઢ ના વાય એટલું. કચકચેય નહીં અને ખટખટેય નહીં. કોઈ દહાડો જાણ્યું નથી હજી ત્યાં સાંતાક્રૂઝમાં બઈઓએ કે દાદા નહાયા કે ધોયા, ખાધું કે બાધું, કોઈએ જાણ્યું નથી. કોઈ દહાડોય નહીં ને !

## પરમાણુ સુધીનો હિસાબ છે, માટે કશું બગાડ કરશો નહીં

આપણા કનુભાઈ છે, એ નાના હતા ત્યારે મને શું કહે, કે 'અંબાલાલ કાકા, હું તો ત્રણ જ ખમીસ સીવડાવું છું, પણ આ રસિકભાઈ છ-છ ખમીસ સીવડાવે છે.' ત્યારે મેં કહ્યું, 'તું ડાહ્યો, પણ તું તો ત્રણ સીવડાવું છું, જ્યારે હું તો બે જ સીવડાવું છું.' પછી મેં એને સમજ પાડી, કે 'આ જે જે તું વાપરી રહ્યો છે ને, તે તું તારું જ વાપરી રહ્યો છે. એટલે જો તારે પાછળ ખોટ ના પાડવી હોય, તો તું અત્યારથી સાચવી સાચવીને વાપર.' આનો અર્થ તમને સમજાઈ ગયો ને ?

હું શું કહેવા માંગું છું કે આ દુનિયાનો ક્રમ કેવો છે, કે તમારે ૧૯૯૫માં જે ખમીસ મળવાના છે, તે આજે તમે વધારે વાપરી ખાશો તો ૧૯૯૫માં ખમીસ વગર રહી જશો, એવું હું કહેવા માંગું છું. માટે તમે એવી રીતે એને પદ્ધતિસર વાપરો. અને ઘસારો પડ્યા વગર આમ કોઈ ચીજ કાઢી ના નાખશો અને એ ચીજ કાઢી નાખો તો અમુક જગ્યાએ ઘસારો હોવો જોઈએ ને પછી કાઢી નાખો, આવો મારો કાયદો છે. તેથી હું કહું કે આટલો ઘસારો હજી નથી પડ્યો, માટે આ ચીજને કાઢી નાખશો નહીં. કારણ કે એ આટલો જ ખરાબ થયેલો છે, હજુ ચાલે એવો છે. એને ગમે ત્યારે કાઢી નાખો તો એ મીનિંગલેસ થયું ને ! એટલે આ બધી ચીજો તમે વાપરો છો એનો હિસાબ હશે કે નહીં હોય ? એ હિસાબ છે અને એ કેટલો હિસાબ છે ? એક પરમાણુનો પણ હિસાબ છે. બોલો, ત્યાં પોલંપોલ શી રીતે ચાલ્યું જશે ? એવા 'વ્યવસ્થિત'ના નિયમ છે, પરમાણુના હિસાબ છે. માટે કશું બગાડ કરશો નહીં.

## કુદરતની ચીજો છે લોન ઉપર, કરવી પડે રીપે

અને કુદરતની ચીજો છે એ બધી લોન ઉપર છે. જે તમારે જેટલી લેવી હોય એટલી લો પણ એ લોન રીપે કરવી પડશે.

**પ્રશ્નકર્તા :** કુદરતી ચીજોની લોન રીપે કરવી પડશે.

**દાદાશ્રી :** હા. માટે જેટલું સુખ ભોગવવું હોય એટલું ભોગવો કુદરતની પાસેથી, પણ રીપે કરવું પડશે. અને રીપે ઘૈડપણમાં કરવું પડશે તે ઘડીએ, 'બળ્યું, આ ઘૈડપણ !' અલ્યા મૂઆ, ઘૈડપણનો શું કરવા દોષ કાઢે છે ? તારે રીપે કરવું ના પડે, મૂઆ ? લીધું શું કરવા તે આ ?

**પ્રશ્નકર્તા :** તે બધાનું જમા લીધું.

**દાદાશ્રી :** હં. રીપે કરતી વખતે બળ્યું આ ઘૈડપણ ને બૂમાબૂમ કરીએ ! 'છોકરાં મને હેરાન કરે છે !' આ છોકરાં ક્યાં હેરાન કરે છે ? તે તારે રીપે કરવાના, તે રીપે કર ને છાનોમાનો. સુખ ચાખવામાં કંઈ

બાકી રાખતા નથી ને લોકો, જ્યાંથી મળ્યું ત્યાંથી.

**પ્રશ્નકર્તા :** દાદા, એ તો નવી કંપનીમાં જેટલું બને એટલું જમા લે.

**દાદાશ્રી :** અરે, ના, ના, એક દહાડો આઈસ્ક્રીમ બનાવડાવી જોજે, પાંચ-પાંચ, છ-છ ખાઈ જશે. ત્યાર પછી એનું ફળ તો આવે ને ? એનું રીપે તો કરવું પડશે કે નહીં ? ત્યારે બધા મને કહે છે, 'તમે કેમ એક જ ખાવ છો ?' મેં કહ્યું, 'મારાથી રીપે થાય એવું નથી.'

બાવીસમે વર્ષે મહીંથી જવાબ મળ્યો'તો કે 'રીપે કરવું પડશે, આ બધું લ્યો છો તે.' અંદરથી જવાબ મળેલો, અને શબ્દ એનો એ જ 'રીપે' રહ્યો પછી.

એટલે આમ વિશેષ મારી પાસે નહીં હોય, કપડું-બપડું બધુંય રીપે કરવું પડે. આ કંઈ ફેંકાફેંક કરવાની ચીજ નહોય બધી. રેગ્યુલરલી વર્તવાની જરૂર છે બધું.

## હવે નહીં ગ્રહણ કે ત્યાગ, મૉડર્ન બધી વાત

**પ્રશ્નકર્તા :** દાદા, અમારે હવે કંઈ કપડાંનો ત્યાગ કરવાનો રહ્યો કે નહીં ?

**દાદાશ્રી :** ત્યાગ અજ્ઞાનનો, એટલે 'હું' ને 'મારું' બેનો ત્યાગ કરવાનો છે, તે થઈ ગયો. એ બેના ત્યાગને માટે આ સગવડો છે એ બધી હવે. ત્યાગ કરવાની હતી તે ત્યાગ થઈ ગઈ અને ગ્રહણ કરવાનું, ઉપાદેય કરવાનું શુદ્ધાત્મા, તે ઉપાદાન સ્વરૂપે પ્રાપ્ત થઈ ગયો. એટલે ગ્રહણ-ત્યાગ બેઉ કામ થઈ ગયું, હવે કંઈ કડાકૂટો રહ્યો નહીં. હવે તો જેવા તમે બુશશર્ટ પહેરતા હોય તેવા પહેરજો. બુશશર્ટવાળા નવા ડ્રેસમાં ના આવશો અને આ ડ્રેસવાળા બુશશર્ટમાં ના આવશો. જેવું જેવું એનું હોય તે એમાં રહેવા દેજો. એટલે આપણે એનું કોઈ ખાસ વાંધા જેવું નથી. કારણ કે મૉડર્ન છે વસ્તુ, વાત જ મૉડર્ન છે. એક અવતાર કપડાં રહેવા દે, બૂટ-ચંપલ રહેવા દે, બૂટની પાલિશ કરાવજે. નહીં તો પેલા પાલિશવાળાના છોકરાં શું ધંધો કરે બિચારા ?

**પ્રશ્નકર્તા :** દાદાનું ફૉર્મ અને કન્ટેન્ટ બન્ને મૉડર્ન છે !

**દાદાશ્રી :** મૉડર્ન, મૉડર્ન. અને મૉડર્ન ના હોય તો ચાલે નહીં. અત્યારે ગમે તેમ ઘુસાડીએ એ વાત ચાલે નહીં. અને હું મૉડર્ન વિચારનો જ હતો, પહેલેથી. લોકોના જૂના વિચારને પકડું ખરો, પણ જ્યાં સુધી એમાં દૈવત (સાર) હોય ત્યાં સુધી. મને દૈવત ના લાગે તો છોડી દઉં. અને નવા વિચારને પકડું, પણ એમાંય દૈવત હોય ત્યાં સુધી. દૈવત ના હોય તો એનેય છોડી દઉં. કંઈક હોવું જોઈએ ને એમાં, વિચારોની પાછળ ? નવા-જૂના વિચાર એ તો બધી એક જાતની ખોટી પકડ છે. છતાં હું તો નવા વિચાર પસંદ કરું.

અમે આ પહેરેલે કપડે, જે કપડે જ્ઞાન થયું છે, તેના તે કપડાં રાખ્યા છે, એનું એ ધોતિયું ને એનો એ વેશ.

**પ્રશ્નકર્તા :** એનું એ ધોતિયું ને એ કોટ ને એ જ ટોપી. એનો એ ડ્રેસ.

**દાદાશ્રી :** હા. ત્યારે લગનને દહાડે લાંબો કોટ ચડાવતા'તા, એ બંધ કરી દીધો. એ તો શેઠાઈને લીધે જ ચડાવતા'તા. એ મહીં રોગ જ શેઠાઈનો હતો, કે 'આવ્યા શેઠ !' આટલે સુધી લાંબો કોટ ને મનમાં પોતેય જાણે કે 'હું શેઠ છું.' એ ભાન ના ભૂલાડે, એ લાંબો કોટ તો છેટો જ મૂકી દીધેલો.

**પ્રશ્નકર્તા :** ન જોઈએ તે.

**દાદાશ્રી :** 'શેઠ આવ્યા' કહેશે, લે ! જુઓ ને, આ 'શેઠ' થયા તોય પછી છેવટે 'શઠ' થઈ જાય. એના કરતા શેઠ થવું જ નહીં શું ખોટું ? આપણે જે છીએ એ ખરા. આ બધો રોગ છે.

## જ્ઞાનીનો ચારિત્રમોહેય ફાયદાકારક પણ પ્રતિક્રમણ કરાવવું પડે

આ વાતો કરી એને 'ચારિત્રમોહ' કહે છે. આવ્યો ને જતો રહ્યો. કો'ક અત્યારે બહારનો પૂછે, કે 'આ તમે અત્યારે આ વાતો કરો છો, કયા

મોહમાં છો ? આ આત્માની વાતો નથી કરતા, તમે કયા મોહમાં છો ?' આવી રીતે દબડાવે, ત્યારે અમે કહીએ, 'ભઈ, ચારિત્રમોહમાં છીએ.' અને જગત આખું મોહમાં છે. કેવું ?

**પ્રશ્નકર્તા :** ખાલી મોહમાં છે, આ ચારિત્રમોહમાં છે.

**દાદાશ્રી :** પણ ત્યારે કહે, 'ચારિત્રમોહનો લાભ શો થયો ? તમને કર્મ બંધાયું ?' ત્યારે કહે, ''ના, કર્મ તો બંધાયું નહીં, પણ જે મહીંથી આત્માનો ઉપયોગ રહેતો'તો, તે ચૂક્યા.'' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** એટલો આત્માનો ઉપયોગ ચૂક્યા.

**દાદાશ્રી :** ઉપયોગ ચૂક્યા. કર્મ બંધાયું ? ત્યારે કહે, 'ના.' કેવા ન્યાયી છે આ વીતરાગો !

**પ્રશ્નકર્તા :** એમાંય ન્યાય પાછો, ચોખ્ખો ન્યાય.

**દાદાશ્રી :** આમ હું હઉ ઉપયોગ ચૂક્યો. તમારો એકલાનો નહીં, મારો હઉ આ... આનું નામ જ ચારિત્રમોહ. ચારિત્રમોહ એનું નામ કે ઉપયોગ ચૂકાવડાવે. લોકોને આનંદ ચૂકાવડાવે. આ તો મારી હાજરીમાં તમને આનંદ જરાય ઓછો ના થાય. બાકી ઉપયોગ ચૂક્યા એટલે આનંદ ચૂકે જ.

**પ્રશ્નકર્તા :** થોડોક ફેર પડી જાય.

**દાદાશ્રી :** હા, આનંદ રહે, પણ ઉપયોગ ચૂક્યા તમે. જે કમાણી કરતા'તા, એ કમાણી બંધ થઈ એટલી.

આ પાછલી વાત કરી એનું અમારે પ્રતિક્રમણ કરવું પડે, રાતે બાર વાગ્યા હોય તોય. શાથી પ્રતિક્રમણ કરવું પડે ? આને ચારિત્રમોહ કહેવાય છે, વર્તનમોહ. તેનું પ્રતિક્રમણ કરવું પડે પાછું. ના બોલાય, જ્ઞાની થયા પછી અક્ષરેય પાછલી હિસ્ટ્રી ઉઘાડાય નહીં. પણ આ તો તમારા નિમિત્તે નીકળી ગઈ વાત.

**પ્રશ્નકર્તા :** પણ એ છે કે અમને દાદાના જીવનનું એટલું બધું

જાણવાનું મળ્યું ને ! એટલે એમ તો અમને બધાને લાભ જ થયો કહેવાય. નુકસાન નહીં અમને.

**દાદાશ્રી :** હા, એ બરોબર. એટલે આ ચારિત્રમોહ ખોટો નહીં, નુકસાનકારક નહીં. આ અમારો ચારિત્રમોહ એવો હોય. અમારો ચારિત્રમોહ નુકસાનકારક ના હોય બીજાને. બીજી રીતે ફાયદાકારક હોય, હેલ્પિંગ હોય.

**પ્રશ્નકર્તા :** હા, એ બહુ હેલ્પિંગ થાય. આ આખું પ્રતિબિંબ દાદાનું, એ આખું વાણીનું પ્રતિબિંબ અંદર બેસી જાય. બસ, એ જ નિદિધ્યાસન રહ્યા કરે પછી.

**દાદાશ્રી :** હા, હેલ્પિંગ હોય.

❖❖❖❖❖

# [૨]
# જાણીને છેતરાય

## [૨.૧]
## ખરીદી કરવા જાય ત્યારે છેતરાય

### ધોતીજોટો લેવા જાય ત્યારે...

**પ્રશ્નકર્તા :** દાદા, પેલી ધોતીજોટાની વાત કરો ને !

**દાદાશ્રી :** ધોતીજોટો શું ?

**પ્રશ્નકર્તા :** તમે ધોતીજોટો લેવા જતા ત્યારે વેપારી તમારી જોડે બે રૂપિયા વધારે લેતા હતા.

**દાદાશ્રી :** હા, હા. એ તો બધા વેપારીઓ ઓળખે આમ, અને 'અંબાલાલ' ના કહે, 'અંબાલાલભાઈ' કહે. એમ ને એમેય માલ એને ત્યાંથી ના લેતા હોય તોય 'અંબાલાલભાઈ' કહે. કારણ કે બીજી રીતે હાથ ધરે નહીં. કો'કનું કામ કરવામાં શૂરા અને હાથ ધરે નહીં પાછા. એટલે બધી રીતે સારું.

હવે હું તો દુકાને જોટો લેવા જઉં. તે પછી હું તો વેપારીને ત્યાં જઈને ઊભો રહું. તે કહે 'આવો, આવો, આવો.' તે બળ્યું, આખી દુકાન હલાવી નાખે. નોકરને કહે, 'જા અલ્યા, ચા કહી આવ, ફલાણું કહેજે, આજ અંબાલાલભાઈ આવ્યા છે.' 'અંબાલાલ' એકલા નહીં,

'અંબાલાલભાઈ', બિલ્લા સાથે ! આમ સફેદ લોંગ કોટ પહેરું વેપારીનો, એટલે પછી બોલાવે. આત્મા-બાત્મા બધું બંધ. શેઠ-બેઠ ઊંચા-નીચા થયા કરે. પછી કહે, 'શું લેશો ? શું લેશો ?' હું કહું, 'ભઈ, કશુંય લેતો નથી. હું ચાય નથી લેતો, કશું લેતો નથી.' ચા પીતો હોઉં તોય કહું નહીં. કારણ કે આવું પીઉં ને, તો મારે કેટલા કપ થાય ! એટલે એવું જૂઠું બોલીને પણ ઉકેલ લાવું. પીતો નથી, કહીને. એટલે કંઈ પણ મંગાવે, પછી છેવટે ના હોય તો ઉસાનું* પાણીય મંગાવે. ઉસા કહે છે કે ?

**પ્રશ્નકર્તા :** હા, ઉસાચા રસ*.

## જાણીને છેતરાઈને પણ વેપારીને ઠંડક આપે

**દાદાશ્રી :** પછી મને કહે, 'શું લેવું છે ?' હું કહું, 'એકાદ જોટો, બીજું કશું નહીં.' 'બે-ત્રણ જોટા લઈ જાવ, હમણે સારા જોટા આવ્યા છે', કહે છે. એટલે હું 'ત્યારે બે બાંધી આપ' કહું. એટલે એ જોટા આપે મને, ખૂબ પ્રેમપૂર્વક આપે એ. પણ ભાવ મારી પાસે બે રૂપિયા વધારે લે બધા કરતા. એટલે હું જાણું કે આ બધા કરતા બે રૂપિયા ભાવ વધારે છે, પણ હું નહીં લઉં તો એને દુઃખ થશે. માટે આપણે લઈ લો. તે એનું લઈ લઉં. એટલે બધા વેપારીઓ જાણે કે આ માલ તરત જ લઈ લેશે. એ પછી વાસણનો વેપારી હોય કે ગમે તે હોય.

હું જાણું કે આ જો વધારે નહીં લે, તો એના મનને ઠંડક નહીં થાય. આવા સારા ઘરાક આવ્યા ને જો ના આપે તો બીજો કોણ આપવાનો છે ? આવા ખાનદાન ઘરાક આવ્યા ને ના આપે તો બીજા કચકચિયા તો આપવાના જ શું તે ? હું કોઈ દહાડો કચકચ ના કરું. હું સમજું કે હવે એ બિચારો લાલચુ માણસ, મારી આશા રાખીને બેઠો હોય, કે આવે તો કંઈક ખાટીએ. કારણ કે લોકો તો કચકચ કરીને એનું માથું મારે ને !

## કપડાંની કસર કરે પણ વેપારીને સંતોષ આપે

બબ્બે રૂપિયા વધારે પડાવી લે, મૂઆ. બબ્બે એટલે જ્યારે ત્રણ - સાડા ત્રણ રૂપિયાના જોટા હતા તે દહાડેના એ બબ્બે નહીં. આ તો જ્યારે

*ઉસ - મરાઠીમાં શેરડી; *ઉસાચા રસ - શેરડીનો રસ

અઢારના રૂપિયાના ભાવના હતા જોટા, તે દહાડાની વાત કરું છું હું. ત્યારે અહીંનો માલ પહેરતા'તા. ત્યારે બે રૂપિયા પડાવી લે, તે અઢારને બદલે વીસ લઈ લે મારી પાસે. ત્યારે હું શું સમજું કે અઢાર દૂ છત્રીસ, એને બદલે ચાલીસ, પણ એને મૂઆને મનમાં સંતોષ થયો ને ! હું પાછો વળ્યો હોત તો એને મનમાં થાત, કે આવ્યા પણ કશુંય ચાર આનાય મળ્યા નહીં. ચા નકામી ગઈ. એક આનાની ચા ! કહેશે, 'બળ્યું, આ ઘરાકેય સારા માણસ આવ્યા તોય કંઈ કિંમત જ નહીં આપણી !' નઠારો તો ના આપે, પણ સારાય ના આપે ? એવું થાય એને.

એટલે એને મનમાં ખરાબ ના દેખાડું કશુંય. કસર કરું કપડાંની, પણ એને ખરાબ ના દેખાડું. એને સંતોષ થવો જોઈએ. આપણા પગલાં પડે તો એને બિચારાને સંતોષ થવો જોઈએ. આપણા પગલાં થયા ને એનું મોઢું બગડે, 'આ ક્યાંથી ઘરાક આવ્યો, આવો ? જોટો લઈ ગયો, પણ હારું બે રૂપિયા જ મળ્યા આખા.' તે મૂઆ, પૈસા પૂરા આપ્યા અને પાછું આવું મોઢું બગાડે. બે રૂપિયા વધારે આપ્યા હોત તો બધુંય દીપત. વીસેય રૂપિયા દીપત. આ તો અઢાર દીપ્યા નહીં. એક કળશ બાંધવા માટે, સોનાના કળશ માટે આખું દેરાસર બગાડ્યું !

## હું કચકચ કરું તો હુંય એના જેવો જ થઈ ગયો ને !

લોભિયાને ત્યાં દુકાને જઉં ને, તો અવશ્ય 'આવો અંબાલાલભઈ' કહે. એટલે હું જાણું કે આ બિચારો બે-પાંચ રૂપિયાની આશા રાખે છે મહીં. હું જાણું કે આટલી આશા ના રાખે ત્યારે બીજું શું રાખે ? એટલા હારુ તો 'સાહેબ, સાહેબ' કર્યા કરે છે બિચારો. અને હું તો મૂળથી માની સ્વભાવનો માણસ, એટલે દુકાનમાં પેસું ત્યાંથી એ સમજી જાય કે અંબાલાલભાઈ આવ્યા. પાછા કન્ટ્રાક્ટર ખરા ને, એટલે રોફવાળા ગણાય ! તકિયો-બકિયો હઉ મૂકી આપે, ફલાણું મૂકી આપે. 'શું કહો, શું હુકમ છે ?' હું કહું, 'કંઈ હુકમ નથી. એક ધોતીનો જોટો અને બે-ત્રણ ખમીસનું કાપડ લેવાનો વિચાર થયો, એટલે આવ્યો છું.' એટલે કાઢી આપે અને તરત બિલ ફાડી નાખે. 'સાહેબ, પૈસા નહીં હોય તો ઘેર આવીને લઈ જશે.' હું કહું, 'ના, છે મારી પાસે તૈયાર.' તે આપણે આપી

દઈએ, અને ના હોય તો કહીએ, 'ઘેરથી લઈ જજો.' પણ હું જાણું કે આ બે રૂપિયા જોટામાં વધારે લીધા છે એણે. કારણ કે અમથા આ કોઈ તકિયા-બકિયા આપતા હશે કંઈ ? આ લોકો કાચી માયા છે કંઈ ? એટલે હું જાણું કે આ એનો સ્વભાવ આવો છે, તો એની જોડે કચકચ કરું તો હું એના જેવો જ થઈ ગયો ને, પછી ? હું એની જોડે કચકચ કરું, કે 'આટલા બધા હોય ? આમ છે, તેમ છે.' તો હુંય એના જેવો જ થઈ ગયો ને !

હું જાણું કે જો હું કચકચ કરીશ તો કહેશે, 'આવા સારા માણસેય કચકચ કરે છે ને નબળાય કરે છે.' એટલે સારા માણસ તરીકે હું નહોતો કરતો કચકચ. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** બરોબર.

## જ્ઞાન પહેલાય સામાને શુકન કરાવી કરતા ફાઈલોનો નિકાલ

**દાદાશ્રી :** હું જાણું, કે આ બે રૂપિયાની લાલચે તો આ મૂઓ 'શેઠ શેઠ' કર્યા કરે છે.

**પ્રશ્નકર્તા :** બે રૂપિયા વધારે આપીને 'શેઠ' કહેવડાવાનું ?

**દાદાશ્રી :** શેઠ કહેવા માટે નહીં, એના ભાવ સુધરે એટલા માટે.

**પ્રશ્નકર્તા :** એના ભાવ સુધરે એ માટે ?

**દાદાશ્રી :** હા, એના ભાવ સુધરે એટલા માટે. મારે શેઠનું તો કંઈ પડેલી નહીં. મને તો બધા શેઠ જ કહેતા હતા ને ! ઊલટો કંટાળી ગયો'તો, 'શેઠ' કહે એનાથી. હું 'શેઠ'ના પૂંછડા શું કરવા વધારું ? પણ મારી પાસે વધારે રૂપિયા લઈ લેતા'તા. કારણ હું જાણું, કે આ ખોટું લઈ લે છે, તોય પણ આપીને જ આવું. ક્યારેક તો જોટામાં ત્રણ રૂપિયા નફો લઈ લે. બીજા પાસે, સીધા માણસો પાસે બે લે અને કચકચ કરતો હોય તેની પાસે દોઢ લે. બળ્યું, દોઢ તો દોઢ, મૂઓ જવા દ્યો, ઘરાક જવા દઈને શું કામ ? અને મારી પાસે ત્રણ લે. હું એમની જોડે કચકચ ના કરું, ખુશી થઈને આપું, રાજીખુશીથી. મારા મનમાં એમ કે આટલાથી જો

આનંદ થતો હોય, આને રૂપિયો-દોઢ રૂપિયો વધારે લઈને પણ આનંદ થતો હોય તો આપણે એને આનંદ કરવા માટે આવ્યા છીએ. અને કચકચ કરીએ તો પછી પેલો વેપારી શું બોલે ? 'આવડા મોટા શેઠિયા પણ જુઓ ને, કચકચ કરે છે !' જો એટલા હારુ એને આવું કરવું પડે.

અમને કોઈ એમ ના કહે કે 'આ કચકચિયા છે.' વેપારી એવું ના કહે, જ્ઞાન નહોતું તોય. કોઈ દહાડોય કોઈ વેપારીએ નહીં કહે. અને એ સમજેય ખરો કે શુકન થયા આજે અંબાલાલભાઈ આવ્યા તે ઊલટા. અને કચકચ કરું તો કહેશે, 'આ મૂઆ કંઈથી આવ્યા અત્યારે ? અપશુકન થયા અત્યારે.' એટલે હું તો શુકન કરાવતો'તો. ભલે રૂપિયા ના રહ્યા, વપરાઈ ગયા પણ આમ ને આમ... આમેય જતા રહ્યા અમારે ત્યાં. એલેપ્પીની પેઢીમાં બહુ રૂપિયા જતા રહ્યા, એના કરતા આ જતા રહ્યા સારા. એટલે નિકાલ કરવાનો છે.

## જગતના લોક વિશ્વાસ મૂકે એનો જ ઘાત કરે

એટલે આ લોકો તો ઓછી બુદ્ધિવાળા પાસે લાભ ઉઠાવી લે, અગર સાવ સીધા માણસ પાસે. કચકચિયાની પાસે તો લાભ જ ના લે ને !

ખરી માના પેટે જન્મેલો તો વિશ્વાસ મૂકે, તેને દગો ના કરે. જે ભાવતાલ ના પૂછે, ભાવ ના પૂછે, તાલ ના પૂછે ને કહે છે, 'બે જોટા આપો.' ત્યાં છેતરવાનું ?

આ પ્રજા કેવી છે ?

**પ્રશ્નકર્તા :** વિશ્વાસ મૂકે એનો જ ઘાત કરે.

**દાદાશ્રી :** ચીકણાને છેતરે એવી છે પ્રજા ? જે શંકાવાળો છે, એને છેતરે એવી છે પ્રજા ? પેલો વેપારી કહેશે, 'એ જોટાના સત્તર.' વેપારી સત્તર કહે, ત્યારે પેલો પંદરે માગે. ત્યારે ત્યાં આગળ છેવટે પછી એના મનમાં થાય, કે એમ ને એમ જતો રહેશે એના કરતા સાડા સોળમાં આપી દે ને, બળ્યું. તો ત્યાં પાંસરા રહે એવી આ જાત છે, આ ક્વૉલિટી. જ્યારે

મોક્ષે જનારી જાત કેવી હોય ? વિશ્વાસુ દેખે ત્યાં આગળ બે રૂપિયા ઓછા લઈને પણ... 'આવો વિશ્વાસ આપણી ઉપર રાખે છે ! આપણામાં શું એવું જોયું તે આપણી ઉપર આટલો બધો વિશ્વાસ રાખે છે, કે બે જોટા મને આપો એવું કહે છે, ને ભાવ નથી પૂછતા. આપણામાં શું જોયું ?' મેર ચક્કર, તારામાં જોયું તે બધું ખોટું નીકળ્યું ! કઈ માને પેટે જન્મ્યો છું ! આવો પાક્યો, મૂઆ. વિશ્વાસુને છેતરો છો ? વિશ્વાસુ તમને એમ કહે છે, 'બે જોટા આપો.' તમને સમજાઈને આ વાત ? વિશ્વાસુ જોડે કેવું વર્તવું જોઈએ ? બીજા કરતા, જે ભાવ ના પૂછે તેનો તો રૂપિયો ઓછો લેવો જોઈએ. ચીકાશવાળા લાભ ઉઠાવી જવા ના જોઈએ. વિશ્વાસુ લાભ ઉઠાવી જવો જોઈએ. કેવું ?

**પ્રશ્નકર્તા :** વિશ્વાસુ લાભ ઉઠાવી જવો જોઈએ.

**દાદાશ્રી :** ચીકાશવાળા લાભ ઉઠાવી જાય એમાં તેં શું કર્યું, મૂઆ ? વિશ્વાસુ એટલે સમજ્યા તમે ?

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** જગતના લોક કેવા છે ?

**પ્રશ્નકર્તા :** જે વિશ્વાસ કરે એનો ઘાત કરે.

**દાદાશ્રી :** એ તો અમે જ્યાં જઈએ ત્યાં આવું કરતા હતા, બધા. કારણ કે અમે તો માણસજાતના વિશ્વાસુ !

**પ્રશ્નકર્તા :** તેમ છતાં પણ સારા પણ લોકો છે. દુકાનદારો ઘણાં એવા છે સારા. થોડાંઘણાં એવા પણ હોય છે, કે જે વિશ્વાસ રાખે તો એને એ રીતસરનું વ્યાજબી ભાવથી આપે.

**દાદાશ્રી :** હા, ખાનદાની ખરી. એમનેય કંઈ ખાનદાની વેચાઈ નથી ગઈ, પણ લોકોની દાનત ચોર થઈ ગઈ, ભ્રષ્ટાચારી થઈ ગયા. મૂઆ, નાલાયક થઈ ગયા. ભ્રષ્ટાચાર તો આ ના કહેવાય. ભ્રષ્ટાચાર તો ઘેર-ઘેર છે બળ્યો, અહીં સરકારમાં તો નથી ભ્રષ્ટાચાર. એ તો ભીડને લઈને પોતાનું કામ કઢાવવા માટે પાંચ-પચાસ-સો રૂપિયા આપીને

કામ કઢાવીને આગળ ચાલતા થઈ જાય. ભ્રષ્ટાચાર તો ઘરમાં પેઠા છે, દુકાનોમાં પેઠા છે. આખો દહાડો દુકાનોમાં ભ્રષ્ટાચાર ચાલે છે. સારા માણસને છેતરવું એ એમનો ધંધો, કૂરા (કુમળાં) માણસોને. અને નબળો (નઠારો) આવ્યો, ત્યાં આગળ છે તે બે રૂપિયા ઓછા લે. એટલે આ વર્લ્ડ બધું આવું છે. વિશ્વાસ મૂકે ને, એને પહેલા છેતરે.

## ભોળા માટે તો ઊલટું આપણે ઘસાઈ છૂટવું જોઈએ

લોકો ભોળો આવે તેને લૂંટી લે અને એવો પક્કો આવે ત્યાં આગળ ચલાવી લે. ભોળાને લૂંટે કે પક્કાને ?

**પ્રશ્નકર્તા :** ભોળાને જ લૂંટે ને !

**દાદાશ્રી :** તે આ ભોળાને લૂંટે ને, તે ભોળાનો તો ભગવાન હોય. અલ્યા, ના લૂંટાય. મૂઆ, પક્કાને લૂંટ. એને ભગવાન ના હોય. આપણે કહે છે ને, ભોળાના ભગવાન હોય.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તેને લૂંટે તો આવતો ભવ ચાર પગ ને એક પૂંછડું, ત્યાં જવાનો અને રોટલી ખાતા ખાતા રાડાં ખાવા જવાનું. માટે પુણ્યાનુબંધી પુણ્ય એટલે શું ? હું મારું લઈને આવેલો છું, એટલે છે તે તડકો-છાંયડો થાય ઘડીકમાં, એ વાંધો નહીં રાખવાનો. પણ આપણે ભગવાનની ભક્તિ જ કર્યા કરવાની. આ મહેનતથી મળતું નથી. આ તો ક્રેડિટ લાવ્યા છો, તે બેંકમાં મૂકેલું છે. તે ઘરમાંથી ચેક ફાડી અને બેંકમાં જઈને લઈ આવવું. પછી ઘેર આવીને કહે, 'કેટલી મહેનત કરી મેં આ રૂપિયા લાવવામાં !' એના જેવી વાત છે આ તો. તમારા પૈસા છે ને તમારું છે એને વાપરવાનું છે. આ જોઈને કહું છું, માટે હાયવોય-ઉપાધિ ના કરશો. તેથી મેં કહી દીધું, વ્યવસ્થિત છે. શાથી ? આ ભવ પૂરતું તમારું વ્યવસ્થિત જ છે. તમે નવેસરથી હવે પાંસરું કરો. અને જે નાણું પાપાનુબંધી પુણ્યનું છે, એ નાણામાં બરકત ના આવે. ધારેલા કામ પૂરા થાય નહીં અને બરકત આવે નહીં. તો બરકત ક્યારે આવે ? ભોળા

લોકોને ઠગ્યા ના હોય, ભોળાને તો ઊલટું આપણે ઘસાઈ છૂટવું જોઈએ, કે આ તો કેવો ભલો માણસ છે ! એને સૌ કોઈ લૂંટી જાય ત્યાં આપણે ઘસાઈ છૂટવું જોઈએ, નહીં ?

## છેતરાવાનીય હદ, આખી જિંદગી કોઈ નહીં છેતરી શકે

હવે ત્યાં કચકચ કરનારો હોય તેને એ સત્તરે આપે. હું કચકચ ના કરું એટલે વીસે ! લોકોના નિયમ કેટલા સુંદર છે (!) કેવા સુંદર (!) બહુ સારા લોકો (!) ફૉરેનમાં આવા લોક ના હોય. આ તો આપણું ઈન્ડિયન પઝલ કહેવાય છે ! આ પઝલ એવું છે કે એને કોઈ સૉલ્વ ના કરી શકે, એનું નામ 'ઈન્ડિયન પઝલ' કહેવાય છે. શું કહેવાય છે ?

**પ્રશ્નકર્તા :** ઈન્ડિયન પઝલ કહેવાય.

**દાદાશ્રી :** 'અલ્યા, ઊલટા સારા માણસની પાસે વધારે લેવાના ?' ત્યારે કહે, 'હા.' નબળો તો આપે જ નહીં ને ! આવા સારાને લૂંટે નહીં, તો કોને લૂંટવાના છે એ ? અને લૂંટીને શું લઈ જવાના છે ? બે રૂપિયા ! એટલા હારુ તો બિચારો અછો અછો...*[૧] 'બેસો સાહેબ, બેસો સાહેબ, ચા મંગાવું.' હું કહું, 'ના બા, બહુ દહાડા ચા પીધી. ચા તો હવે પીવાની છોડી દીધી.' પીતો હોય તોય કહું, 'છોડી દીધી.' પણ હું છેતરાયેલો. તે આખી જિંદગી છેતરાય છેતરાય કરું. હું જાણું કે આમનાથી છેતરાવાનું, તે કોઈ બસ્સે છેતરે, કોઈ પાનસે છેતરે. મારી આખી જિંદગી સુધી છેતરે એવો કોઈ મને મળ્યો નથી. છેતરવાની કંઈ હદ હોય છે, બાઉન્ડ્રી હોય છે ! માટે છેતરાવાનો તો આપણે નિયમ જ લેવો જોઈએ. સારા માણસ છો, તો તમે નહીં છેતરાવ તો બીજા કોણ છેતરાવાના છે ? નાલાયક તો છેતરાય નહીં. નાલાયક તો, 'નાગા ઉપર ઉઘાડો પડ્યો.'*[૨] અગર 'સાપને ઘેર સાપ ગયો, જીભ ચાટીને પાછો આવે.'*[૩] તે કંઈક આપણી

---

*[૧]અછો અછો કરવું - ખૂબ ઉમળકાથી આદર સત્કાર કરવો

*[૨]કહેવત - નાગાની સોડે ઉઘાડો ગયો કે તું મને ઢાંક - નાગે નાગા; કોણ કોને ઢાંકે ?

*[૩]કહેવત - સાપને ઘેર સાપ જાય, ને જીભ ચાટીને પાછો થાય - સાપને ઘેર સાપ જાય તો કશું ન પામે.

ખાનદાની ત્યારે જ કહેવાય ને ! આપણને 'આવો પધારો, પધારો' કહે એ એનું પ્રીપેમેન્ટ (અગાઉથી કરેલી ચૂકવણી) હોય છે. કેવું હોય છે ?

**પ્રશ્નકર્તા :** પ્રીપેમેન્ટ.

**દાદાશ્રી :** હા. ના હોય ?

**પ્રશ્નકર્તા :** આ જુઓ ને, બે રૂપિયા, એક્સ્ટ્રા.

## દાદા વેપારીને સમજે પણ વેપારી દાદાને ના સમજે

**પ્રશ્નકર્તા :** પેલો વધારે પૈસા લઈ ગયો તમારી પાસેથી, તે તમે સમજીને છેતરાયા ?

**દાદાશ્રી :** હા, સમજીને. પાછા શું કહે, ''સરસ માલ, સારામાં સારો માલ તમારા માટે જ રાખ્યો'તો.'' તે વીસે આપે. હવે જોડેવાળો અઢારમાં આપતો હોય.

હું જાણુંય ખરો, કે આ અઢારમાં જોડેવાળો આપશે. પણ આને વીસ આપો, નહીં તો એની ભીખ મટશે નહીં. ભિખારી છે, ત્યારે જ આવી દાનત છે ને ! આ સારા માણસ પાસે લૂંટવાનું ? ત્યારે નઠારો તો લૂંટાય નહીં. એટલે એને કહું, કે 'ભાઈ, હા, વીસ રૂપિયા લઈ લે. સરસ છે જોટો.' એમ 'સરસ' કહું પાછો એને. એ જાણે કે 'સમજ્યા નથી એટલે.' અને હું સમજીને બોલ્યો હોઉં. એ જાણે કે 'સમજ્યા નથી' ને હું જાણું કે 'સમજ્યો છું હું. હું તને સમજું છું ને તું મને સમજ્યો નથી !' નઠારો તો છોડે નહીં ને ! નઠારો તો કહેશે, 'અઢારે આપવો છે, બોલ ?' તે અઢારે એને આપે. અને મારી પાસે તો વધારે લે. એ જાણે કે આ પૂછશે નહીં ને ! ફરી કહેશે, ''આ કોઈ દિ' ફરી પૂછવાના જ નથી ને !'' કામ થઈ ગયું એનું. હું તો સમજીને જવા દઉં છું. હું જાણું છું, કે 'આ જોડેવાળો આટલા ભાવે આપે છે, તો પણ આ માણસને એની ભીખ છે. એને જવા દો ને !' તેથી કવિરાજે લખ્યું છે, 'લોભિયાથી...'

**પ્રશ્નકર્તા :** 'માનીને માન આપી, લોભિયાથી છેતરાય.'

**દાદાશ્રી :** 'માનીને માન આપી, લોભિયાથી છેતરાય.' એ માનીને માન આપીને અને લોભિયાથી છેતરાયેલા. તો એનો લોભ સંતોષાય. નહીં તો એ રાજી જ ના રહે ને મારી પર. એને આનોય ના કમાવા દઉં, તો એ રાજી રહે નહીં ને ! આ તો બે રૂપિયા વધારે મળ્યા ને !

## દાદાને 'ભગવાન' કહે પણ તોય પૈસા વધારે લે

**પ્રશ્નકર્તા :** અને એ પાછું સારા માણસ પાસેથી બે રૂપિયા મળ્યા એ !

**દાદાશ્રી :** તે પાંચ વર્ષ પછી જઉં તોય પાછી એની ભીખ ના મટે. એની એ જ ટેવ ! જો આટલાથી ભીખ મટતી હોય... પણ ભીખની હાંલ્લી ચઢતી નથી*, નહીં ? ગરીબના ગરીબ બિચારા. સારા માણસને તો છેતરાય જ નહીં. ઊલટું બધા જે વેચતા હોય તેવા જ ભાવે આપી દેવું જોઈએ. જેને 'સારા માણસ' કહેવામાં આવે છે અને ભાવતાલ નથી કરતા, જે ચીકાશ કરતા નથી, એને તો આપી દેવું જોઈએ. ત્યાં જ લૂંટે આ લોકો. અત્યારેય બજારમાં જઉં તો લઈ લે. અત્યારે 'દાદા ભગવાન' કહે છે તોય મારી પાસે વીસ જ લે. તમારી પાસે અઢાર લે, તમે કચકચ કરો તો. અને મારી પાસે વીસ લે. 'દાદા ભગવાન' છે એને નમસ્કાર કરે, પગે અડી જાય, બધું કરે. આમ આમેય કરે. પણ આમ તો વીસ લઈ લે.

**પ્રશ્નકર્તા :** દાદા, એ વીસ વાળા બધા ફાવ્યા છે પણ. તમે જે છેતરાયા છો, તે વીસ વાળા ફાવ્યા છે.

**દાદાશ્રી :** ફાવ્યા તો એની કંઈ પુણ્યૈ હશે તેથી મને અડ્યો હશે ને ! પણ ફાવી ગયા છે ખરા બધા.

## હસાવીને પેસું અને હસાવીને નીકળું

હું જાણું કે આ અઢારને બદલે વીસ લે છે. પણ હું આપી દઉં, કે એનું મન જ આવું છે ભિખારી, તે ખુશ થવા દો. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે, એની સાથે કસવું નહીં.

*કહેવત - ભીખનાં હાંલ્લાં શીકે ચડે નહીં - માગીને એકઠું કરવાથી શ્રીમંત થવાતું નથી.

**દાદાશ્રી :** હં. એનું પોતાનું ભિખારીપણું જ આપણને દેખાડે છે, તો આપણે બે રૂપિયામાં શું કચકચ કરવી ?

**પ્રશ્નકર્તા :** મારા મગજમાં કાયમ ક્લેશ રહ્યા કરે, જ્યારે આપણે ત્યાંથી ઘરમાં સલાહ આપે કે બજારમાં જાવ તો ભાવ કસીને લેવું, પણ મને એ ગમતું નથી.

**દાદાશ્રી :** ના ગમે. પણ એ તો એવું છે ને, આવું રાખવું પડે મન, માઈન્ડ મોટું રાખવું પડે. એ ગરીબ મનના છે માણસો. અને બીજો માણસ હોય, 'મારે ત્યાં એમના પગલાં ક્યાંથી ? અને એ આવ્યા, સારા માણસ, બેસ્ટ માણસ !' તે બીજે અઢાર લેતો હોય ને, તો એ સત્તર રૂપિયા લે, એક રૂપિયો ઓછો લે. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** હં, બરોબર છે.

**દાદાશ્રી :** એવા પણ હાઈ ક્લાસ હોય. પણ પેલા વધારે, વીસવાળા. હું જાણુંય ખરું કે વીસ લીધા એટલે બે વધારે લીધા છે. પણ જિંદગીમાં કચકચ કરેલ નહીં કોઈ જગ્યાએ. કારણ કે હસતે મોઢે ગયો અને હસતે મોઢે જ પાછો જઉં. એમને હસાવીને પેસું અને હસાવીને નીકળું. એ એમ ના કહે, કે 'આ આવ્યા હતા પણ કંઈ ફાયદો ના થયો !' એટલે બધું જ લઈ લેવાનું. એક ફેરો ડબલ ચાર્જ લે તોય લેવાનું.

**પ્રશ્નકર્તા :** નારાજ નહીં કરવાનો એને.

**દાદાશ્રી :** ના, બિલકુલ નહીં. પેસતી વખતે એટલું બધું મોઢું પહોળું કરીને બોલાવે, 'આવો, આવો, આવો પધારો.' ભલે પણ તે આ બનાવટથી કરતો હોય કે એ ગમે તે, પણ ફોટાવાળો તો એમ જ જુએ ને કે હસે છે આ. પછી અંદરખાને બનાવટી હોય કે જે હોય, એ વેપારી રીત હોય. પણ પાછા નીકળતી વખતે એટલું જ હોય. બસ એ રીતનું જ હોય.

## ઘસાઈને પણ આવી રીતે લે મોક્ષ માટેનું ગ્રીન સિગ્નલ

**પ્રશ્નકર્તા :** એને મગજમાં એમ પણ થતું હોય કે આ બકરો આવ્યો અને છેતરાયો. પેલો એવું વિચારે.

**દાદાશ્રી :** હા. એ તો એમને એવું લાગે કે આ મેં બકરો છેતર્યો. પણ આપણને એવું ના લાગે. આપણને એમ થાય કે આ હું જાણીને છેતરાયો છું. પણ હલકી ક્વૉલિટી આવું જ કરે ને !

**પ્રશ્નકર્તા :** પણ આપણે એવુંયે વિચારવું જોઈએ ખરું, કે આ હલકી ક્વૉલિટી છે કે ભારે ક્વૉલિટી છે ?

**દાદાશ્રી :** ના, આપણે એવું વિચારવાની જરૂર નથી. આપણે એને ખુશમાં રાખવો. આપણને બોલાવ્યા'તા એટલે આપણે એને ખુશમાં રાખીને નીકળવું. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** કારણ કે મારે મોક્ષે જવું છે. એને એ વેપાર કર્યા કરવા છે. હું ક્યાં એની જોડે બેસી રહું, કચકચ કર્યા કરું ? એ તો જ્યારે હું કહું, કે મારે જવું છે, તો એ લીલો વાવટો તરત ધરી દે. એણે ક્લેમ (દાવો) માંડ્યો હોય ત્યારે ભાંજગડ ને ? અને નિયમ એવો છે કે જે સાચા સંસ્કારી પુરુષો છે ને, તે લેતાય ઘસાય અને આપતાય ઘસાય. ખરીદી કરવા જાય તોય પોતે ઘસાઈ છૂટે, વેચવા જાય તોય ઘસાઈ છૂટે. જગતનો વ્યવહાર કેવો ? ખરીદી કરતી વખતેય કસીને લાવે. તોલમાં લેતી વખતે છેતરાય નહીં. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે. અને વેચતી વખતે કાતર ચલાવે.

**દાદાશ્રી :** બેઉ બાજુ કરે.

## ઊર્ધ્વગતિમાં જનારા તે બેઉ બાજુ છેતરાય

એક પ્રકારના માણસ એવા હોય કે લેવા જાય તોય વેચનારનું થોડુંક કાઢી લે અને એ વેચે ત્યારે પેલા ઘરાકનું થોડુંક કાઢી લે. બેઉ બાજુ કાઢનારા હોય. પણ સંસારનો વ્યવહાર શું કહે છે, કે 'આ બાજુ તું માર ખા, અને આ બાજુ તું માર આપ. જે તને વેચે છે, તેનો તું માર ખા. અને જેને તું વેચું છું, તેને તું માર આપ.' એ વ્યવહાર કહેવાય. એટલે એક માર ખાઈને એક માર આપી દેવો એ વ્યવહાર કહેવાય.

અને વ્યવહારની વિરુદ્ધ એટલે ઊંધી ગતિમાં જનારા માણસો બેઉ બાજુ છેતરે. અને જે ઊર્ધ્વગતિમાં જનારા તે બેઉ બાજુ છેતરાય. એટલે લેતી વખતેય શું થાય એને ? બિચારો શું કમાશે એ, એવો એક બાજુ વિચાર હોય. ખરીદી કરવા જાય ને, ત્યારે કહેશે, ભઈ, એને કંઈક કમાવવું જોઈએ ને ! એટલે ત્યાં કમાવડાવાની ઈચ્છા હોય. આપતી વખતે એના મનમાં એમ થાય કે 'એને બિચારાને મોંઘું પડી જાય ને !' તમને સમજણ પડી ને ?

**પ્રશ્નકર્તા :** પોતાની જાતે ઘસાય, પણ બીજાનું...

**દાદાશ્રી :** બન્ને બાજુ ઘસાય. તો જ એને સંસ્કાર કહેવાય ! અને તે ઊર્ધ્વગતિમાં જયા કરે. એક બાજુ ઘસાય અને એક બાજુ કમાય એ વ્યવહાર કહેવાય. એ ફરી માનવતામાં આવે. અને બન્ને બાજુ છેતરે એ જાનવરમાં જાય. આ તો તમારું પોતાનું જ છે ને આ પ્રોજેક્શન ! બીજા કોઈનું ઓછું છે ? બહારની કંઈ ડખલ નથી કોઈની. કે ઈશ્વર આમાં હાથ ઘાલતા નથી કે બ્રહ્મા-વિષ્ણુ ને મહેશ જેવી કોઈ વસ્તુ નથી. એ કલ્પનાઓ છે. એ રૂપકો આપેલા છે, રૂપકો.

## અદીઠ તપ, છેતરનારને ખબર પડવા દીધી નથી

એટલે મેં કોઈને છેતર્યા નથી. હું છેતરાયેલો બધેય, ઘણી ખરી જગ્યાએ. બૂટવાળોય છેતરે, બધા જ છેતરે. મહીં એકાદ-બે સારાય મળેલા પાછા. તે બિલકુલેય છેતરે નહીં. છેતરવા માટે પ્રયત્ન જ ના કરે મને. અને એવા માણસોય મળ્યા તે કાયમ છેતર્યા જ કરે. ત્યાંય પણ તે એનો સંબંધ છોડ્યો નથી અમે. એ છેતર્યા કરે ને હું જોયા કરું. એ જાણે કે 'આ દાદા સમજતા નથી.' હું જાણું કે 'એ મૂર્ખો છે. એ સમજતો નથી મને, ઓળખતો નથી મને.'

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એને એકાદ વખત ખબર પડવા દેવી જોઈએ ને કે આપણે જાણીને છેતરાઈએ છીએ ?

**દાદાશ્રી :** ના, એ નહીં. એને તો એની મેળે હિસાબ કાઢવો હોય તો કાઢે.

## આને કહેવાય ખરો સ્વાર્થ

અમારા ભાગીદાર એકલાને કહ્યું'તું, કાન્તિભાઈને. મને કહે છે, 'તમારા ભોળપણનો લોકો બહુ લાભ ઉઠાવે છે.' મેં કહ્યું, 'આ તમે શું બોલ્યા ? મને ભોળો કહેનાર માણસ પોતે જ ભોળો છે. હું તો જાણીને બધું જવા દઉં છું. અત્યાર સુધી એક પઈએ મારી જાણની બહાર હોય જ નહીં.' 'શું કહ્યું ? હેં ! આવડી મોટી દૃષ્ટિ ખીલેલી છે તમારી ?' કહે છે.

આખી જિંદગી છેતરાયો ત્યારે તો આ પદ મને મળ્યું છે.

**પ્રશ્નકર્તા :** તમે ખરેખર છેતરાયા છો ?

**દાદાશ્રી :** ના, એ છેતરાયા છે. સ્વાર્થી લોકોએ મને છેતર્યો. મેં એ લોકોને સમજણ પાડી કે આ સ્વાર્થ એ એનું નામ સ્વાર્થ ગણાતો નથી. ત્યારે કહે, 'આ જ સ્વાર્થ છે, સ્વાર્થ આને જ કહેવાય ને ? મારા ઘરના માટે કરું તે ?' અલ્યા મૂઆ, આ તો પરાર્થ કહેવાય. સ્વાર્થ તો હું કરું છું, કે છેતરાઉ છું. કારણ કે મને સ્વનો અર્થ છે, મારે મોક્ષે જવાનો અર્થ છે. બીજો કોઈ મને અર્થ નથી. છેતરાઉ તો તું મને સારી રીતે જવા દઉં, નહીં તો તું મને ખેંચી રાખું.

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** અને લઈ લઈને શું લઈ જઈશ ? પૈસા લઈ જઈશ, સોનું લઈ જઈશ, બીજું શું લઈ જઈશ ? અને છે તો લઈ જઈશ. નહીં તો બીજો લઈ જ જવાનો છે ને ? નહીં તો છોકરાંને મિલકત વારસામાં આપી જ દેવાની છે ને ? એના કરતા તું લઈ જા ને, મારો મોક્ષનો રસ્તો તો સીધો થઈ જાય.

**પ્રશ્નકર્તા :** ક્લિયર થાય.

**દાદાશ્રી :** એટલે આ બધેય અનેક જાતના લોક. સાચો સ્વાર્થ તો જેને મોક્ષે જવું છે એનો કહેવાય. અને આ જગતના લોકો જેને સ્વાર્થ કહે છે, એ એમના દૃષ્ટિબિંદુથી દેહાધ્યાસને કહે છે. દેહાધ્યાસથી કહે છે, પણ તે પરાર્થ છે. એટલે પારકા માટે જ અર્થ કરી રહ્યો છે. અને

પરમાર્થેય નથી, પરાર્થ છે. અબજો રૂપિયા કમાય પણ પોતાના માટે કશું ના થયું તે બધું પરાર્થ. એટલે પારકા લોક ખાઈ જશે. છોકરાં-બોકરાં બધા ખઈ જશે.

## અનોખી દૃષ્ટિ, બહુ પુણ્ય હોય તો છેતરનારો મળે

હું તો છેતરાવામાં સુખ માનતો હતો. શું માનતો હતો ?

**પ્રશ્નકર્તા :** છેતરાવામાં સુખ માનતા હતા.

**દાદાશ્રી :** છેતરાવામાં બહુ સુખ કહેવાય. હું તો એમ જ માનતો કે છેતરાવાનું મળે ક્યાંથી આપણને ? બહુ પુણ્ય હોય તો આપણને છેતરનારું મળે ! છેતરનાર મળે એટલે આપણે જાણવું કે બહુ પુણ્યશાળી છીએ આપણે ! આ કાળમાં જ છેતરનારા મળ્યા. પહેલા તો આપણે બાધા રાખીએ તોય છેતરનારા નહોતા મળતા. એટલે પછી હું તો દુકાને જઈ ઊભો રહું. તે ભાવ પૂછું નહીં. હું સમજુંય ખરો કે આ બે રૂપિયા વધારે લેશે. પણ મેં કહ્યું, 'એની મૂર્ખાઈ પર હું શું કરવા ભાવ પૂછયા કરું ? એને સંતોષ થાય છે ને બિચારાને !' 'અંબાલાલભાઈ આવ્યા તો મને બે રૂપિયા કમાવવા લાગ્યા ને !' મેં કહ્યું, 'ભલે કમાશે. આપણે કંઈ ગરીબ થઈ જવાના નથી.' સ્વભાવ જેનો ગરીબ એ ગરીબ. પણ હું કોઈ દહાડો એવું નથી બોલ્યો કે તારા વધારે ભાવ છે. એનો અર્થ જ નહીં. એ બિચારો કેટલા પ્રેમથી બોલાવે છે ! એ જાણે છે કે અહીં કંઈક મળશે ! અને ના મળે ત્યાર પછી એના મનમાં એમ થાય, કે આ સારા માણસ આવ્યા તોય કંઈ મળતું નથી. પાછું આમ (એક્શન) કરે. એવું પાછળથી કરવાનો વારો હું લાવું નહીં. છેતરાઈને આવું. નિરાંતે છેતરાઈને આવો તો રોફ પડે આપણો.

**પ્રશ્નકર્તા :** નિરાંતે છેતરાઈને આવો, આ તો બહુ અજબ વાત કહેવાય !

**દાદાશ્રી :** હું તો છેતરાવામાં બહુ સુખ માનતો હતો. અમે દરેક છેતરનાર પાસે છેતરાયેલા છીએ. કોઈ દહાડો હું છેતરાયા વગર ના રહું.

એ જે છેતરવાની ઈચ્છા રાખતો હોય ને, તો હું જાણે ભોળો છું એવું દેખાડો કરીને પણ એની પાસે છેતરાઈ જઉં. પણ એ હું ઊઠું ત્યારે કહે, 'ફરી આવજો હોં, ફરી આવજો. આ દુકાન તમારી જ છે.' અલ્યા મૂઆ, આટલા હારુ તું 'અમારી દુકાન' કહું છું આ ! આ મારે જ્ઞાન નહોતું ત્યારે લોકો કહેતા'તા. બે રૂપિયા છેતરાઉ વખતે ધોતિયાના જોટામાં, તો એ ખુશ ખુશ. 'આ દુકાન તમારી જ છે', કહે. મૂઆ, આટલામાં બે રૂપિયા હારુ આવું ! પાછો ચાનો પ્યાલો પાય બળ્યો, તે જુદો. હવે એક કે બે રૂપિયા વધારે લઈ જાય, પણ એને ઊંઘ કેવી સરસ આવે. કહેવું પડે આજ ઘરાક જોઈને, તમારું મોઢું જોયું ને, તો મને આનંદ થયો, કહે છે. અને કેટલાકને કહે છે, 'તમે ક્યાં આવ્યા અમારે ત્યાં ? અમારો આજનો આખો દહાડો નકામો જશે.'

## છેતરાવું નહીં એ મોટામાં મોટો ખોટનો ધંધો

**પ્રશ્નકર્તા :** દાદા, જાણીજોઈને છેતરાઈએ તો છેતરાયા ના કહેવાઈએ.

**દાદાશ્રી :** તે હું આખી જિંદગી જાણીજોઈને છેતરાયેલો ! એ જાણે કે અંબાલાલકાકા રાજા જેવા છે, ઓલિયા છે. હું જાણીજોઈને જ છેતરાયેલો આખી જિંદગી, નાનપણમાંથી. મને એમાં ટેસ્ટ આવી ગયેલો, કે એને જતી વખતે આનંદ થાય છે ને ! નહીં તો મોઢું બગડી ગયેલા મેં જોયેલા. એટલે પછી મેં ફેરફાર કરેલો. મેં કહ્યું, આ બળ્યા મોઢા બગડી જાય છે એના, જતી વખતે. 'આવજો'ય ના કહે આપણને, 'આવજો' કહેવાય ના આવે ! અને ઊલટો મનમાં વિચાર કરે, કે 'આજ કોનું મોઢું જોયું હતું, તે આ ભેગા થયા !' અલ્યા મૂઆ, અમે કંઈ કાળમુખા છીએ ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે છેતરાઈએ એટલે એ 'આવજો' ત્રણ-ચાર વખત કરે.

**દાદાશ્રી :** હા, 'આવજો સાહેબ, આવજો સાહેબ.' કેમ ભઈ આમ ? સાલું છે ને કાંઈ પણ ! અને ત્યાં આગળ જો એને અડવા ના દીધો હોય,

તમારા ભાવ બહુ મોંઘા છે ને આમ તેમ અથડામણ કરી હોય ને, તો જતી વખતે ગાળો દે. 'મૂઆ નાલાયક, ક્યાં આ ભેગા થયા ? આજ મેં કોનું મોઢું જોયું હશે કે આ મળ્યા !' એવું કહે. એટલે આપણે થોડુંઘણું છેતરાવું જોઈએ. અમે છે તે લોભિયો હોય ત્યારે છેતરાઈએ. માની આવે ત્યારે 'આવો, પધારો, બેસો', આમ તેમ કરીએ, એટલે ખુશ થઈને, જતી વખતે 'આવજો, આવજો, આવજો' કર્યા કરે. પણ લોકો કંઈ એવું છેતરાય એવા નથી, નહીં ? ના છેતરાય નહીં ?

**પ્રશ્નકર્તા :** પોતે જાણીને ક્યાંથી છેતરાય ?

**દાદાશ્રી :** બહુ ખોટ છે એમાં તો. નરી ખોટના જ ધંધા છે. છેતરાવું નહીં ને, એ મોટામાં મોટો ખોટનો જ ધંધો છે. છેતરાય નહીં એ તો બહુ મોટો ખોટનો ધંધો કહેવાય.

## કર્માધીન જ છે બધું, તો સામાને રાજી રાખો ને

તમને છેતરાવાનું ગમે ? ના ગમે ? શું કરો પછી ?

**પ્રશ્નકર્તા :** પ્રયત્ન કરીએ ના છેતરાવાનો.

**દાદાશ્રી :** હા, પણ હવે છેતરાવાનો થોડોક પ્રયત્ન રાખજો ને ! હું કહું છું, છેતરાવાથી કે ના છેતરાવાથી પડી રહેવાની વસ્તુ અહીં જ પડી રહેવાની છે ને બધી ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને પેલું તો જીવતાને આનંદ થાય ને ! એને આનંદ કેટલો બધો થાય ! છેતરનારને આનંદ થાય ને ! છેતરનારને આનંદ થાય કે ના થાય ? શું કહે છે સાહેબ ?

**પ્રશ્નકર્તા :** એને આનંદ થતો હોય તો જુદી વાત, બાકી આનંદ ના થાય છેતરવામાં. એ માને એટલું જ.

**દાદાશ્રી :** એ માને એટલું જ. ખરી રીતે છે આનંદ ? નથી. પણ એના મનમાં માને છે. સાયકૉલોજીકલ ઈફેક્ટ તો ખરી ને, કે

આપણે ફાવ્યા. એટલે લોભી હોય તેનાથી છેતરાવું. આપણી પાસે હોય તો બસ્સે-પાનસે આપીને પણ છેતરાવું એનાથી. કપટી હોય તે કપટ કરે તો આપણે ખુશ થવું જાણીને. તો આ જગત રાજી રહે, નહીં તો રાજી શી રીતે રહે ? કારણ કે કર્માધીન જગતમાં શું કરશો તમે બીજું વધારે ? જગત કર્માધીન છે. કોઈ બાપ-દીકરો છે નહીં. કર્મના આધીન મા-બાપ છે. કર્મ પૂરા થઈ જાય એટલે છૂટું જ પડી જાય બધું. લેવાય નહીં ને દેવાય નહીં. હિસાબ જ છે ખાલી. એટલે અમે તો શું કરતા'તા, છેતરાતા'તા.

❖❖❖❖❖

# [૨.૨]

# જાણીને છેતરાવા પાછળની અનોખી સમજણ

## છેતરાવાનો ફાયદો, સામાનું મૉરલ વેચાતું મળે

હવે છેતરાવામાં શું ફાયદા ? મને લોક કહે છે, 'છેતરાવામાં તમે શું ફાયદો કાઢ્યો ?' મેં કહ્યું, 'છેતરાવું એટલે શું, એનો અર્થ સમજાવું. સામો માણસ પોતાનું મૉરલ વેચી રહ્યો છે, તે મૉરલ હું ખરીદી રહ્યો છું.' સમજાય મારું વાક્ય આ ? ના સમજાયું, નહીં ? છેતરનાર માણસ એનું મૉરલ જે છે એની પાસે સિલક, તે વેચી રહ્યો છે. કારણ કે એની પાસે દુઃખ છે માટે આ વેચી રહ્યો છે, દુઃખનો માર્યો. અને તે લેનાર કોઈ છે નહીં. કોણ લે ? એ મારા જેવા જ લે ને, વેપારી, ખરો વેપારી. તે મૉરલ હું વેચાતું લેતો'તો. ગાળ ભાંડનાર મૉરલ વેચી રહ્યો છે, અપમાન કરનાર મૉરલ વેચી રહ્યો છે, તે હું ખરીદી કરતો'તો. તમને તો અપમાન કરનાર કોઈ મળ્યા નહીં હોય ને ? મને તો અપમાન કરનારાય મળેલા.

**પ્રશ્નકર્તા :** ઘણા મળેલા છે. આ જાહેર જીવનમાં તો બહુ મળે. જાહેર જીવનને લીધે બહુ મળે.

**દાદાશ્રી :** એમ ! પણ તે મૉરલ એટલું આવે ને, તમારી પાસે. સામે વેચેલો માલ તો તમારી પાસે જ આવે ને ! આ મૉરલ રહ્યું છે તેની જ આ બધી તમારી કિંમત ને ! હજાર વીઘાની કિંમત કે મૉરલની કિંમત ? હજાર વીઘા તો ઘણા લોકોની પાસે છે, પણ તેનું કશુંય નહીં... 'ખેડૂત' કહે છે. શું કહે છે ? પણ મૉરલની કિંમત, મૉરલ !

## નાણું રહ્યું નહીં ને મૉરલ રહ્યું તે ભગવાન પ્રગટ્યા

આ જગત જ્યારે એટલું સમજશે, કે છેતરાઈને મૉરલ ખરીદીએ છીએ, આ એક વાક્ય મારું, બહુ ઝીણી વાત છે તે સમજશે, તો કલ્યાણ થઈ જશે. મને નાની ઉંમરમાં વાત સમજણ પડી ગઈ હતી, કે કોઈ માણસ છેતરે તો છેતરાવામાં ફાયદો શું ? ત્યારે મને એમ લાગ્યું કે એનું મૉરલ હું વેચાતું લઉં છું. એ જે કિંમત મેં ચૂકવી, એમાં એનું મૉરલ લઉં છું. એની મોરાલિટી વેચે છે ને હું પોતે લઉં છું. એવી રીતે ગ્રાહક થઈને મારી પાસે આ બધો સામાન ભેગો થયો છે. પછી મારી પાસે નાણું બહુ રહ્યું નહીં. મારે જોઈતુંય નથી. હીરાબાને જેટલું જોઈએ એટલું છે એમની પાસે. અને મારે તો બીજું જોઈતું નથી. એટલે આ બધું મૉરલ વેચાતું લે લે કર્યું છે.

## ભગવાને આ એક જ મૉરલની દુકાન દીઠી પ્રગટવા માટે

**પ્રશ્નકર્તા :** એટલે મૉરલનો જથ્થો મોટો થઈ ગયો ને !

**દાદાશ્રી :** એટલે એ જથ્થો, આ બધું જે ખરીદ્યું છે ને, એની દુકાન થઈ, એનું નામ ભગવાન પ્રગટ થઈ ગયા ! આવી રીતે માલસામાન ભેગો થયો, એટલે ભગવાને જાણ્યું કે હવે કોઈ દુકાનમાં આવો માલ નથી, માટે આ દુકાનમાં અહીં બેઠા. પછી મેં એમને કહ્યું, 'તમારે અહીંથી જવું હોય તો બીજી જગ્યાએ જઈ શકો છો.' ત્યારે કહે, 'બીજી જગ્યાએ આવો માલ છે નહીં, એટલે હું ક્યાં જઉં ?' એટલે એમણે એવી મને આ ખાતરી આપી, એટલે પછી મેં કહ્યું, 'ચાલો, તો રહો.' હજુય બીજી જગ્યાએ માલ હોય તો જાય તો મને ખુશી છે, મને વાંધો નથી. મને તો બધું આપી દીધેલું છે એમણે. બીજી જગ્યાએ ત્યાં જાય તો વાંધોય નથી.

## દાદાની અનોખી બિઝનેસ પૉલીસી

લોભી મળે તો અમે છેતરાતા'તા. પચાસ-સો રૂપિયા છેતરાઈએ એટલે એ ખુશ. ઉપાધિ નહીં ને પછી ! એ કંઈ આપણું માથું ઓછું લઈ

જવાનો હતો ? એ તો એના મનમાં એમ કે મેં પચાસ રૂપિયાનો ફાયદો કર્યો. પચાસ રૂપિયા હારુ એનું મૉરલ વેચે છે, તો હું કેમ ના લઈ લઉં ? હું તો ખરીદી કરતો'તો પહેલેથી. શું ખરીદી કરતો'તો ? પચાસ રૂપિયા માટે એનું મૉરલ વેચી રહ્યો છે, તે હું લઈ લેતો'તો. બીજો કોઈ લેનાર નહોતો, એટલે હું એનો ગ્રાહક હતો.

**પ્રશ્નકર્તા :** હા, બીજા કોઈ તો ગ્રાહક મળે જ નહીં. એવા ગ્રાહક બીજા તો થાય જ નહીં.

**દાદાશ્રી :** બીજા ઘરાક થાય નહીં ને આના. સમજે જ નહીં ને ! વેપાર કરતા આવડે નહીં ને ! એય બિઝનેસ પૉલીસી છે ને ! આખી જિંદગીનો મારો વેપાર હતો આ. બેસ્ટ વેપાર પકડી લાવ્યો'તો આ. કો'કે, ગમે તેણે શિખવાડ્યું હોય પણ મારો વેપાર આ હતો, સમજીને છેતરાવું.

**પ્રશ્નકર્તા :** એટલે એવો વેપાર જ હવે શીખવો છે અમારે.

## મૉરલ-ઈમ્મૉરલના લે-વેચના સૂક્ષ્મ હિસાબો

**દાદાશ્રી :** છેતરાય એને ગુણ તમે માનો છો કે અવગુણ માનો છો ?

**પ્રશ્નકર્તા :** હા, હવે ગુણ માનું છું.

**દાદાશ્રી :** છેતરાવાનું થાય તો પોતાની જાતને ધનભાગ્ય માનજો ! કારણ કે આપણને દુનિયામાં છેતરનારો કોઈ મળે નહીં અને મળે તો આપણા ધનભાગ્ય છે કે એનું વેચી અને આપણને આ માલ આપ્યો. એનું મૉરલ વેચ્યું એણે અને ઈમ્મૉરલ આપણી પાસેથી લીધું. શું થયું ? તમને ના સમજ પડી ?

**પ્રશ્નકર્તા :** હા, પડી, પડી.

**દાદાશ્રી :** વાત સાચી છે કે જૂઠી ?

**પ્રશ્નકર્તા :** વાત સાચી છે, બરાબર.

**દાદાશ્રી :** બનાવટ નથી ને આમાં ?

**પ્રશ્નકર્તા :** ના, ના.

**દાદાશ્રી :** આ એક્ઝેક્ટ વાત કહું છું. એણે શું વેચ્યું ? એક વસ્તુ મૉરલ એની પાસે હતું, એ વેચ્યું ને ઈમ્મૉરલ લીધું. ત્યારે શું ખોટ ગઈ આપણને ?

**પ્રશ્નકર્તા :** આ ફાયદો થયો.

**દાદાશ્રી :** એટલે આ લે-વેચની લોકોને ખબર નથી ને પછી કહે, 'મને છેતરી ગયો ને મને આમ થઈ ગયું.' મૂઆ, એ શું છેતરીને લઈ ગયો એ કહે તું. એ ખબર નહીં હોવાથી આ લોકોને કકળાટ થાય છે. જ્ઞાની પુરુષની પાસે જરા સમજે તો નિવેડો આવશે.

એટલે આ વાત અનુભવની છે અને આગવી છે. કેવી છે ? આગવી એટલે બીજો કોઈ રિસ્પૉન્સિબલ નથી, રિસ્પૉન્સિબલ હું જ છું. જો તમે એ પ્રમાણે કરશો, તેની જોખમદારી મારી છે. મૉરલ વેચાતું લેતો'તો હું.

## કેવો કુદરતનો નિયમ, સૂક્ષ્મમાં બેલેન્સ થઈ જ જાય

**પ્રશ્નકર્તા :** આપે વાત કરી ને, કે જાણીને છેતરાવું. પણ એનું કંઈ પ્રમાણ, એની કંઈ હદ તો હોવી જોઈએ ને, જાણીને છેતરાવાની ?

**દાદાશ્રી :** હા, આપણી પાસે ખલાસ થાય ત્યાં સુધી. એની હદ તો છે જ ને ! હદ છે, આપણી પાસે ખલાસ થાય એટલે આવી ગયો અંત.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે આ છેલ્લા વીસ વર્ષથી બજારમાં ગયા નથી. દસ રૂપિયાની ચીજ એક રૂપિયામાં મળે છે. એ દસ કહે અને આપણે કહીએ, કે 'રૂપિયો આપીશ', તો કહે, 'હા, લ્યો, લઈ જાવ, ભઈ.'

**દાદાશ્રી :** વીસ રૂપિયાની ચીજ હોય તો તમે વીસમાં લાવો તો એને બીજો માણસ પાંચ રૂપિયામાં લઈ આવે એવું જ.

**પ્રશ્નકર્તા :** હં, અત્યારનું વાતાવરણ ને બજાર એવું છે. પહેલા તમારા વખતમાં ને મારા વીસ વર્ષ પહેલા આવું નહોતું. પહેલા આનાનો ફરક પડતો'તો, અત્યારે તો દસ રૂપિયાનો ફરક પડે. હવે સમજીને છેતરાવું મુશ્કેલ છે, દાદા. રૂપિયાની ચીજ હોય અને દસ રૂપિયા આપવા, એ સમજણ આવવી એ તો મુશ્કેલ છે.

**દાદાશ્રી :** ના, પણ સમજીને શા માટે છેતરાવાનું, કે આ આવડો મોટો માણસ મૉરલ વેચવા બેઠો છે એનું. છેતરાવું એટલે શું ? કે લે-દે, બેલેન્સ. દરેક બાબત બેલેન્સ કરે છે, કે તમે દસ રૂપિયાનો માલ મને આપો છો અને એ જ માલ તમે બીજાને પાંચમાં આપો છો, તો મારી પાસે પાંચ વધારાના લો છો તે અહીં રોકડા તરીકે પાંચ લો છો અને બીજું, સૂક્ષ્મમાં તમે મને પાંચ પાછા આપો છો. દસનું પેમેન્ટ તો તમે પૂરું જ કરી દો છો. સૂક્ષ્મ પેમેન્ટ અંદર થઈ જ જાય છે. એ લોકોને ખ્યાલ નહીં હોવાથી છેતરાતા નથી. પહેલા એ ખરીદી મેં બહુ કરેલી આવી. લોકો વેચવા તૈયાર જ હોય. સૂક્ષ્મની એને કંઈ ખબર જ નથી ને આ તો રોકડું જુએ. મેં એ સૂક્ષ્મ માલ ભેગો કર્યો ત્યારે આ પદ મળ્યું છે.

સામો પોતાનું બધું વેચવા તૈયાર હોય, રોકડા મળતા હોય તો. તમને સમજ ના પડી ?

**પ્રશ્નકર્તા :** હા, સમજ પડી.

**દાદાશ્રી :** સો રૂપિયાના માલમાં એ આપણને છેતરવા ફરતો હોય, એમાં પચ્ચીસ રૂપિયા વધારાના લખ્યા હોય અને બીજો માણસ પોણો સોમાં લાવ્યો હોય એ માલ, તો આપણને પેલો કહે કે હું પોણો સોમાં લાવ્યો. તો આપણે સમજવું કે આપણે જો જાણીને છેતરાયા હોઈએ, તો પચ્ચીસ રૂપિયાનું બીજું એનું સૂક્ષ્મરૂપ આપણને મળી ગયું. આ જગતમાં એમ ને એમ કશું થતું જ નથી, બધું બેલેન્સ થઈ જ જાય છે, ઑન ધી મૉમેન્ટ, એવો આ કુદરતનો નિયમ છે. અને કુદરતના નિયમ નહીં જાણવાથી આ લોકો આંખે દેખેલા નિયમને ખોળે છે, તેથી માર ખાઈ ખાઈને મરે છે. સમજવા જેવું છે આ. બહુ ઝીણી-ઊંડી વાત

છે આ બધી. જાતે અનુભવ કરેલો છે મેં આ તો. જાતે અનુભવ પર લીધેલું છે.

## જગત જેમાં સાવચેત, ત્યાં જ્ઞાનીઓ અચેત

અમે આ બધી શોધખોળ કરેલી છે. આ અક્રમની શોધખોળ નાનપણમાંથી જ કરેલી છે. કેટલાય અવતારની શોધખોળ પછી આ મૂક્યું છે બહાર. જગત જેમાં સાવચેત છે ત્યાં અમે અચેત છીએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** જગત સાવચેત છે ત્યાં અચેત છીએ.

**દાદાશ્રી :** હા. જગત જ્યાં આગળ પોતાની હોશિયારી ગણે છે, ત્યાં જ અમે મૂર્ખાઈ કહીએ છીએ. તેથી જગત વધારે ઊભું થયું. અમને નાનપણમાંથી આ સમજ પડી ગયેલી, ગેડ બેસી ગયેલી.

## લેવા જઈએ તો આપે નહીં, એ વેચવા નીકળે તો લઈ લેવું

આ બધું જે થઈ રહ્યું છે ને, તે આપ-લે થઈ રહી છે. એ એને ખબર નથી.

**પ્રશ્નકર્તા :** એની ખબર નથી, હા. હિસાબની આપ-લે થઈ રહી છે.

**દાદાશ્રી :** હા. નમ્ર માણસને કોઈ છેતરી જાય, તો છેતરનારો એની આત્મશક્તિ એમને આપી દે છે, અને એમની આ આત્મશક્તિ એ પોતે લઈ લે છે. એટલે સૂક્ષ્મમાં અપાઈ રહ્યું છે બધું. એટલે હું છેતરાવા જ માગતો'તો. છેતરાઈને તો આ કમાણી થઈ છે મારી. આમ તો વેચાતું લેવા જઈએ, તો આપે નહીં કોઈ. એ તો એ વેચવા નીકળ્યો હોય તો લઈ લઈએ.

**પ્રશ્નકર્તા :** હા, એ વેચવા નીકળ્યો... જે છેતરવા નીકળ્યો એ પોતાની આત્મશક્તિ વેચવા જ નીકળ્યો ને ?

**દાદાશ્રી :** એ વેચવા નીકળ્યો તે આપણને સહેજે મળી જાય છે, ઘેર બેઠા. એટલે આ મને સમજાઈ ગયેલું. કોઈએ સમજાવેલું નહીં, પણ

આ મને પોતાને સમજાઈ ગયેલું. એટલે પછી લોકો મને કહે છે, તમે તો છેતરાઈ જાવ, ભોળા છો. પણ હું અંદરખાને સમજું. છેતરાઈને છેવટે 'હું' તો રહ્યો ને ? આત્મા આપી ગયા એટલે 'હું' તો રહ્યો. દેહ લઈ ગયા. 'હું' કાંઈ તે લઈ ગયો છે ?

**પ્રશ્નકર્તા :** ના, એ તો રહ્યો ને, આત્મા તો રહ્યો જ.

## પ્રાજ્ઞ સરળતાથી છેતરાય એ કામનું

**દાદાશ્રી :** હું ભોળપણથી નહીં છેતરાયેલો. હું જાણું કે આ બધા મને છેતરી રહ્યા છે, પણ હું જાણીને છેતરાઉં. ભોળપણથી છેતરાય એ ગાંડા કહેવાય.

અજ્ઞ સરળતાવાળા તો બહુ લોકો છે, ભોળા. જેમ વાળીએ તેમ વળે અને છેવટે નાદારી કાઢે. પણ પ્રાજ્ઞ હોવો જોઈએ. કેવું ? સમજીને છેતરાયેલો હોય. છેતરાય પણ સમજીને છેતરાય. અહીં બસ્સે-પાંચસે જણ હશે સમજીને છેતરાય એવા ?

**પ્રશ્નકર્તા :** એકેય નહીં.

**દાદાશ્રી :** નહીં ? આ તો અણસમજણથી જ છેતરાય ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પોતાની કેપેસિટી ના ચાલે ત્યારે છેતરાય, નહીં તો ના છેતરાય, નહીં ? સાહસ કરવું પડે. પ્રાજ્ઞ સરળતા એટલે શું ? સમજીને છેતરાવું, દરેક વખતે. પેલો સામો છેતરવા આવ્યો હોય ને, તે એમ જાણે કે એનો સ્વભાવ છે, એવી પ્રકૃતિ છે, જવા દે ને. આપણે બે હજાર ઓછા. પેલો જાણે કે મેં છેતર્યા એમને. અને પોતે સમજીને છેતરાતો હોય. અજ્ઞ સરળતા તો આ જાડા હોઠવાળાય હોય બધા. હોઠ ઢેબરા જેવા હોય ને, તેય અજ્ઞ સરળતાવાળા હોય. તમે કહો ત્યારે મૂઓ, ઢેબરા જેવો હોઠવાળો, પાછો છેતરાઈ જાય. એને બિચારાને ભાન ના હોય એવું. ઢેબરા જેવા હોઠ નહીં જોયેલા ?

**પ્રશ્નકર્તા :** જોયેલા ને !

**દાદાશ્રી :** જોયેલા કે ? આ પ્રાજ્ઞ સરળતા જોઈએ. કેવી ? સમજણપૂર્વકની સરળતા. છેતરાઈને આપે. જાણીજોઈને સમજીને છેતરાય. સમજીને છેતરાય એ પ્રાજ્ઞ સરળતા કહેવાય.

## દુકાનના ચણિયારા પોલા, ઘરનું ચોક્કસ

જ્ઞાનમાં ભોળા નહીં કામના, સંસારમાં ચાલે. ભોળાના ભગવાન.

**પ્રશ્નકર્તા :** દાદા, આ બેન કહે છે કે તમે ભોળા છો.

**દાદાશ્રી :** દાદા ભોળા જ છે ને ! જુઓ ને, ભોળા છે, એવું કહે છે. પણ ચણિયારે ચોક્કસ. કેવું ? પણ 'આ' ચણિયારું ચોક્કસ. દુકાનના ચણિયારા બધા પોલા, ક્યારે પડી જાય કહેવાય નહીં. ઘરનું ચણિયારું ચોક્કસ. તે દુકાનને તો છેવટે કાઢી નાખવાની છે ને ? આ સંઘરી રાખવાની છે ?

**પ્રશ્નકર્તા :** ના રે ના.

**દાદાશ્રી :** મોક્ષે જતા લઈ જવાય જોડે દુકાન કંઈ ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તમે દુકાનનું ચણિયારું મજબૂત કરાવ્યું છે કે નથી કરાવ્યું ?

તે બેને તમને કહ્યું, કે દાદા જરા ભોળા છે, એમ ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ભોળાને આ જ્ઞાન ના થાય. ભોળો તો અહીં જ ભટકાઈ મરે. ભોળા તો કોણ હોય ? જાડા હોઠ હોય ને, ઢેબરા જેવા, એ ભોળા હોય. ત્યારે લોકો કહે, 'જવા દે ને, એના હોઠ જ ઢેબરા જેવા છે ને !' તમે સાંભળેલું એવું, ઢેબરા જેવા હોઠ ? નહીં સાંભળેલું, નહીં ?

**પ્રશ્નકર્તા :** દાદા, મેં નિખાલસના ભાવમાં આપને ભોળા કહ્યા'તા.

**દાદાશ્રી :** હા, એ બરોબર, નિખાલસ ભાવ. એ નિખાલસ ભાવમાં તમારે તે કહેવાય. પેપરવાળાએ લખ્યું, કે દાદા નિખાલસ...

**પ્રશ્નકર્તા :** ખૂબ ખૂબ નિખાલસ.

**દાદાશ્રી :** ખૂબ ખૂબ નિખાલસ છે, કહે છે. એ બાબતમાં બરોબર છે. એ લાઈનમાં બરોબર છે. બાકી નાગર મિત્રોની પાસે છેતરાઈ અને મિત્રોને ખૂબ ખુશ કરી નાખેલા. કારણ કે એ નાગરને તો આવડત બધી હોય ને ? એટલે હું છેતરાઉ એટલે એ જાણે કે આ દાદાજી બહુ સારા માણસ આવા.

## જ્યારે ત્યારે છેતરાવું તો પડશે ને !

શાસ્ત્રકારોએ નિર્ભયતા બતાવી છે, તને કંઈ આંચ ના આવે દુનિયામાં. વાંક છેતરનારનો, ચોરી કરનારનો વાંક, લુચ્ચાઈ કરનારનો વાંક, હિંસા કરનારનો વાંક. પેલા ગુણોવાળાનો વાંક ના હોય.

છેતરાવાનો કોઈએ ઉપકાર માન્યો છે ? છેતરાવામાં ઉપકાર ગુણ માન્યો છે કોઈએ ?

**પ્રશ્નકર્તા :** ના, સંસારમાં નહીં.

**દાદાશ્રી :** શાસ્ત્રોમાં લખેલું છે ?

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં નબળાઈ ગણાય.

**દાદાશ્રી :** હા, વ્યવહાર તો એવું જ કહે ને ! અને છેતરી લાવનારાને જબરાઈ કહેતા નથી પાછા ! વ્યવહાર ! વ્યવહારમાં જે છેતરી લાવે છે તેને જબરાઈ કહેતા નથી અને છેતરાય છે એને નબળાઈ, કહે છે. તો પેલાને જબરાઈ કેમ કહેતા નથી ?

**પ્રશ્નકર્તા :** એ તો કંઈ પ્રૉપર નથી વસ્તુ. વ્યવહારવાળા એને ખરાબ વસ્તુ જ માને છે.

**દાદાશ્રી :** વ્યવહાર એટલે નૉર્માલિટી. આમ થયું એટલે છેતરાયો કહેવાય, આમ થયું એટલે છેતરે છે કહેવાય.

**પ્રશ્નકર્તા :** અત્યારે તો છેતરીને આવે તેને સમાજમાં મોટું સ્થાન નેતા તરીકે, પૈસાદાર તરીકે મળે છે. એને બધા શાબાશી આપે છે. ઊલટી નેતા તરીકે તો એની પ્રતિષ્ઠા થાય છે. એટલે લોકો પૈસાદાર થાય છે, એટલે એની પ્રતિષ્ઠા સમાજમાં થાય છે.

**દાદાશ્રી :** સમાજ તો પૈસાદાર દેખે એટલે એની પ્રતિષ્ઠા કરે જ ! પણ એ ટકે નહીં ને પ્રતિષ્ઠા. ઝાઝો ટાઈમ ટકે નહીં ને !

**પ્રશ્નકર્તા :** હા, એ પ્રતિષ્ઠા ટકે નહીં.

**દાદાશ્રી :** સાચું નાણું ટકતું નથી, તો પછી પેલું નાણું તો ક્યાંથી ટકે ? કારણ કે સાચા નાણાનો સ્વભાવ ચંચળ છે, પેલો વિશેષ ચંચળ છે. બળ્યું, ચંચળ છે આ જગત તો. તમને ચંચળનો અનુભવ થયેલો ?

**પ્રશ્નકર્તા :** છે જ, દાદા.

**દાદાશ્રી :** તમારી પાસે નાણું આવેલું ?

**પ્રશ્નકર્તા :** ઘણું આવેલું.

**દાદાશ્રી :** ગયુંય ખરું ? શેમાં, દારૂમાં ? તો શેમાં ગયું ?

**પ્રશ્નકર્તા :** એવું ગયું પણ નથી.

**દાદાશ્રી :** છેતરાય એવા તો છે નહીં માણસ ! બહુ પાકા, છેતરાય નહીં. અને પાકા એટલે પછી વાડ તોડીનેય છેતરાવું તો પડશે ને, જ્યારે ત્યારે ?

## છેતરાવાથી મન થાય રાજેશ્રી

છેતરાઈ તો જુઓ એકાદ વખત, કેવી મજા આવે છે !

**પ્રશ્નકર્તા :** આમેય કંઈ ફાયદો થયો નથી. હવે છેતરાઈને શું ફાયદો થાય છે, એ જોઈએ.

**દાદાશ્રી :** આમેય કંઈ ફાયદો થયો નથી ને ! કરોડો રૂપિયા હોય ને, તોય એ રૂપિયા ત્યાં ને ત્યાં પડ્યા રહે ને ભાઈ નનામીમાં

જતા રહે. અને થોડાક રૂપિયા હોય પણ રાજેશ્રી સ્વભાવનો હોય ને, તે જ્યારે હોય ત્યારે દસ-વીસ રૂપિયા ખર્ચી નાખે. એટલે આપણા ઘૈડા લોક કહેતા હતા, 'જવા દ્યો ને, બંધ છે.' શું કહેતા હતા ? 'બંધ બાંધેલા છે, નહીં છૂટે', કહે છે. બંધ બાંધેલા છે, તે પૈસા વપરાય જ નહીં ક્યાંય. તે આ જેટલું વાપરો એટલું તમારા બાપનું છે. માટે વાપર વાપર કરો ને, વાપરવા જેવું છે. પણ બહાર વાપરીને ભેલાડવા જેવું નથી. આપણા છે તે સત્સંગમાં-બત્સંગમાં વાપરવા જેવું. વધારે હોય તો પુસ્તક છપાઈએ, બીજું કશું કરીએ. અને ના હોય તો કંઈ નહીં. પણ તે વાપર વાપર કરો. આ તો બધું આપીશું તો આવશે. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને આ બહાર જો જાતે વાપરશો ને, એ બધું ગટરમાં જશે. કીર્તિ માટે ને માન માટે બહાર જે વાપરશો ને, તે કીર્તિ મળી ગઈ, પણ નાણું ગટરમાં ગયું. એ કીર્તિ કંઈ જોડે આવે ? એ તો અહીં ને અહીં રહેવાની છે. નનામી જવાની, કીર્તિ રહેવાની. એ કીર્તિ પછી ધીમે ધીમે સુકાઈ જાય. એ જીવતો હોય તો ફરી પાણી છાંટ છાંટ કરે ઊલટાનું. એ જીવતો ના રહ્યો એટલે પાણી છાંટનાર ના રહ્યું, તો સુકાઈ જાય કીર્તિના વેલા બધા. ખાંભીઓ મૂકીને જાય છે ને લોકો, ખાંભીઓ.

છેતરાવામાં વાંધો નહીં. નાનપણથી જ આ મેં કીમિયો ખોળી કાઢેલો કે આપણે કંઈક છેતરાવું. તે સામાને ઈચ્છા શું હોય કે બે-પાંચ રૂપિયા વધારે મને મળી જાય તો બહુ થઈ ગયું. તે મારું નામેય બહાર પડેલું, 'રાજેશ્રી માણસ છે' એવું બધા કહે.

આ દુનિયામાંથી કશું જ લઈ જવાનું નથી, તો પછી આપણે સામાને શું કામ રાજી ના રાખીએ ? જેનું મન રાજેશ્રી તે રાજા !

## 'જાણીજોઈને છેતરાવું' એ દુષમ કાળનું મોટામાં મોટું મહાવ્રત

થોડું સમજવું તો પડે ને ? સમજ્યા વગર કેમ ચાલશે ? કોઈ દહાડો છેતરાયા'તા ?

**પ્રશ્નકર્તા :** ઘણીવાર.

**દાદાશ્રી :** ત્યારે સારું. એ મોટામાં મોટું મહાવ્રત કહેવાય છે. દુષમ કાળનું મહાવ્રત છેતરાવું તે. 'જાણીજોઈને છેતરાવું' એના જેવું મહાવ્રત કોઈ નહીં !

**પ્રશ્નકર્તા :** દાદા, બહુ સહેલો રસ્તો છે આ છેતરાવાનો. જો જાણીને છેતરાવાનું કળી ગયો* તો બધો જ ઉકેલ આવે.

**દાદાશ્રી :** શું કહે છે ભઈ ?

**પ્રશ્નકર્તા :** ઘણા એમ કહે, 'તું છેતરાય છે કેમ ?' મેં કહ્યું, 'મને છેતરાવામાં આનંદ આવે છે.'

**દાદાશ્રી :** કંઈ પૂર્વની પુણ્યૈ લાવ્યા હશે ને ! નહીં તો મારી પાસેથી સાંભળીને કંઈ એમણે શરૂઆત કર્યું છે ? એમની કંઈ પૂર્વની પુણ્યૈના હિસાબે શરૂ કરાવડાવ્યું છે. પણ આ મારી વાત એમને પુષ્ટિ આપે હવે, કે આપણે જે કર્યું છે, એ જ્ઞાની પુરુષે આપણને કહી આપ્યું, કે ભઈ, આ સાચું સોનું છે. આપણે ચોકસી પાસે નક્કી કરાવીએ તો આપણને ખાતરી થાય, નહીં ?

## છેતરાયાનો ટેક્ષ બધાએ ચૂકવવો જ પડે

છેતરાવું તો જાણીજોઈને, અજાણતાથી તો બધાય છેતરાયેલા. એક અમારો મિત્ર હતો, બહુ ભારે હોશિયાર. એટલો બધો હોશિયાર, તોય 'ઓહો, આટલી બધી હોશિયારી હોવા છતાં પણ આ સાલું મને એક જણ છેતરી ગયો', કહે છે. ના છેતરાવાની કળાવાળો ! 'આખી જિંદગી છેતરાઈશ' કહ્યું. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** આખી જિંદગી છેતરાઈશ.

**દાદાશ્રી :** છૂટકો જ નથી. કૃષ્ણ ભગવાન હઉ છેતરાતા'તા.

**પ્રશ્નકર્તા :** કૃષ્ણ ભગવાન શી રીતે છેતરાયા ?

*કળી જવું - જાણી જવું; સમજી જવું

**દાદાશ્રી :** બહુ છેતરાયેલા એ તો જાણીને.

**પ્રશ્નકર્તા :** શી રીતે છેતરાતા'તા ?

**દાદાશ્રી :** રીતને આપણે જાણીને શું કામ છે ?

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું, કે 'આખી જિંદગી છેતરાઈશ અને છેતરાયા સિવાય છૂટકો જ નથી', તો એ તો આપે આશીર્વાદ આપ્યા.

**દાદાશ્રી :** હા, છૂટકો જ નથી, છેતરાયા સિવાય. બળ્યું, છેતરાયા વગર રહે જ નહીં માણસ. એ તો છેતરાય એમાં નવાઈ ના માનવી. આ એક જાતનો ટેક્ષ છે. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ટેક્ષ છે.

**દાદાશ્રી :** એ તો આ ટેક્ષ ભર્યા વગર ચાલે એવો નથી. તે મેં પેલાને કહ્યું, 'આખી જિંદગી છેતરાઈશ. તું છેલ્લી રાતેય બૂમ પાડીશ કે મને હજુ છેતરી જાય છે. એવું આ જગત તને નહીં સમજાય.'

## અજાણતાથી છેતરાય તો પુણ્ય, જાણીને છેતરાય તો મોક્ષ

તેથી અમે શોધખોળ કરેલી ને, કે 'ધ વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ.' પઝલ જ ઊભા થયા કરવાના. સ્વભાવથી જ પઝલ છે આ જગત. તે પઝલ જ ઊભા થયા કરે. હવે એ સૉલ્યુશન કરવાનું આપણે. એટલે આ હું તમને જ્ઞાન આપું તો બધા પઝલના સૉલ્યુશન તમારા થયા કરે. અને આ જ્ઞાન ના હોય તો આજે પઝલમાં જગત ડિઝોલ્વ થઈ ગયેલું છે. સાધુઓ-સંન્યાસીઓ બધા આ પઝલમાં ડિઝોલ્વ થઈ ગયા છે.

આ જગત કોઈનેય છોડે નહીં. એવું લોક અજાણતા છેતરાયા છે અત્યારે. અત્યારે એવા છેતરાઈ રહ્યા છે, કે મોટા મોટા બુદ્ધિશાળીઓની બુદ્ધિય ફ્રેક્ચર થઈ ગઈ એવું એમને લાગે, કે આ હારી બુદ્ધિ કામ શું લાગી અત્યારે ? એવું છેતરાયા છે. કારણ કે એમાં થીયરી કર્મની છે. લોક બુદ્ધિ જોડે ગાંઠે છે. પણ બુદ્ધિ પોતે જ કર્માધીન છે.

મારો મિત્ર મને કહે છે, 'પિસ્તાળીસ વર્ષ થવા આવ્યા. હવે

ચાર-પાંચ વર્ષમાં પચાસ વરસના થઈશું. જિંદગી જવા આવી તોય હજુ કેમ છેતરાવાનું થાય છે મારે ?' મેં કહ્યું, 'કરોડો અવતાર છેતરાતો આવ્યો છું. છેતરાવાનું બંધ જ નહીં થાય.' છેતરાવાનું બંધ થયું નથી કરોડો અવતારથી. માટે છેતરાવાના. આ લોકો બધા છેતરાયા કરે છે. છેતરનારોય છેતરાયા કરે છે, ચોરેય છેતરાયા કરે છે, લુચ્ચાય છેતરાયા કરે છે. બધું આખું જગત છેતરાયા કરે છે. પણ જો સમજીને છેતરાય, તો મોક્ષ તરફ જાય. અજાણતાથી છેતરાય તોય પુણ્યફળ તો મળે જ એને, છોડે નહીં. ભોળાપણાનો લાભ લીધો એનો. એની ભદ્રિકતાનો લાભ લીધો. ના લેવાય કોઈનો લાભ. જે છેતરે નહીં એને માલેય જથ્થાબંધનો આવે નફો. રઘા સોનીના કાંટા જેવો એનો માલ... નફો આવે.

**પ્રશ્નકર્તા :** ચોખ્ખો નફો.

**દાદાશ્રી :** રઘા સોનીનો કાંટો જ જોઈ લો ને ! નોબલ હોય એનો નફો નોબલ, ચીકણો હોય એનો નફો ચીકણો, લુચ્ચો હોય તેનો નફો લુચ્ચો. એટલે જેવો પોતે છે એવો એનો નફો. કેવા ભલા માણસ છે, નહીં ? ત્યારે એ નફોય એમનો એવો. એવા સંસ્કારમાં ઊછરેલા છે. છેતરાય એવા છે તોય કોઈ છેતરે નહીં. અને છેતરનારો તે બરોબર એક્ઝેક્ટ છે. બાકી બીજા બધા છેતરે નહીં. છેતરાય એવા છે તોય છેતરે નહીં. જગત નિયમની બહાર ચાલતું નથી ઘડીવારેય. છે નિયમમાં ! ધ વર્લ્ડ ઈઝ ઈન એવર રેગ્યુલર. એટલે એમાં જગત તો બધું નિયમમાં છે જ. આ જગત નિયમને આધીન ચાલી રહ્યું છે. શેના આધારે ચાલી રહ્યું છે ?

**પ્રશ્નકર્તા :** નિયમને આધીન.

**દાદાશ્રી :** ગપ્પું નથી આ. આનું રેગ્યુલેટર ઑફ ધ વર્લ્ડ પણ છે અને નિરંતર આ વર્લ્ડને રેગ્યુલેશનમાં જ રાખે છે.

## જે છેતરાય એ ધીમે ધીમે ભગવાન થશે

એટલે જે છેતરાયો હોય તેને હું કહું, 'કશો વાંધો નહીં, બા. છેતરાઈને પણ આખરે તું સલામત છું ને !' એની સલામતી જોઈએ. જો

આ શેઠ સલામત હતા તો અત્યારે હસે છે ને નિરાંતે ! છેતરાવાનું તો થાય જ. કૃષ્ણ ભગવાન હઉ છેતરાયેલા, મહાવીર છેતરાયેલા. છેતરાઈને મોટા થયા'તા એ. છેતરીને મોટા ના થાય કોઈ. છેતરીને નાનો થાય. છેતરાયા હોય એ મોટા થાય. ભગવાન મહાવીર છેતરાઈ છેતરાઈને મહાવીર થયા હતા, હોં. અને હું છેતરાઈ છેતરાઈને આ પદમાં આવ્યો છું. લોકોએ જેમ છેતર્યો ને, તેમ મને એમ લાગ્યું કે છેતરનારે મને બાર પગથિયા ચડાવ્યો. કો'ક ત્રણ ચડાવે, કોઈક દસ ચડાવે, કોઈક પાંચ ચડાવે, કોઈ બાર ચડાવે.

જે છેતરાય એ ધીમે ધીમે ભગવાન થશે. છેતરાવાનો જેણે ધંધો માંડ્યો છે, એ જ્યારે ત્યારે ભગવાન થઈને ઊભો રહેશે. અને જેણે છેતરવાનો ધંધો માંડ્યો છે, એ શેતાનિયતની ટોચ પર જશે. શેતાન તમે જોયેલા ખરા ? નહીં જોયા હોય, નહીં ?

**પ્રશ્નકર્તા :** જોયા છે.

**દાદાશ્રી :** જોયેલા શેતાન ?

**પ્રશ્નકર્તા :** હા, મેં જોયા છે.

**દાદાશ્રી :** તમે ક્યાં જોયેલા ?

**પ્રશ્નકર્તા :** આ અંદર જ જોયેલા.

**દાદાશ્રી :** એમ ! બધાથી છેતરાયેલા એનું નામ 'ભગવાન' કહેવાય ! અને છેતરે એ તો શું કહેવાય ?

**પ્રશ્નકર્તા :** પાશવ. છેતરે એ તો પાશવ કહેવાય, પશુ કહેવાય.

**દાદાશ્રી :** છેતરાયા કરે, એનું નામ 'ભગવાન' કહેવાય. કાયમ છેતરાયા કરે. આ હું આખી જિંદગી છેતરાયેલો, તેથી મને આ ભગવાન હાજર થયા, નહીં તો થાય કે ?

**પ્રશ્નકર્તા :** પણ ભૂપેન્દ્રભાઈ કહે છે, ''એમનામાં મૂળથી, અમે ભણતા'તા ત્યારથી ભગવાનના ગુણ.''

**દાદાશ્રી :** હા, માલ એવો. એ તો બધું સ્ટ્રેટ ફૉરવર્ડ ને એવું-તેવું તો ખરું ને ! બીજી બધી રીતમાં કોઈને છેતરવાનું નહીં. પોતે છેતરાવું પણ છેતરવાનું નહીં. કંઈક હોય ત્યારે આવું નીકળે ને કંઈક ! એમ ને એમ માર્ક આવ્યા હશે ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** ભલે મેટ્રિકમાં માર્ક ના આવ્યા, પણ આમાં તો આવ્યા કે ના આવ્યા ? અને તમે મેટ્રિકમાં લાવ્યા તોય પાછું મારી પાસે આવવું પડ્યું ને !

## લાલચને લીધે પાકોય છેતરાય

**પ્રશ્નકર્તા :** મારા કાકા મને કહેતા હતા, કે 'તું બહુ ભોળિયો છું. તને બધા ઉલ્લુ બનાવી જાય છે. તને બધા છેતરી જાય છે.'

**દાદાશ્રી :** કાકાને પૂછો ને, 'તમે છેતરાયા નથી ?' એ છેતરાયા હોય તો લોકોને કહે નહીં, છાનામાના દાબી દે. આ દુનિયામાં કોઈ છેતરાયા વગર રહેલો નહીં. મોટી મોટી વાતો કરે બધા, પણ આખી દુનિયામાં કોઈ છેતરાયા વગર રહેલો નહીં.

ભોળો ના હોય એ કાયમનો છેતરાય. કારણ કે ભોળો વહેલો છેતરાઈ જાય, અને પેલો તો 'છેતરાવું નથી' કરીને બેઠો હોય પણ તે એવો છેતરાય, તે ખરેખરો ! જાતજાતની દુનિયા !

**પ્રશ્નકર્તા :** દાદા, પણ કાયમને માટે પાકો કેવી રીતે છેતરાય ? એ ભોળાની વાત તો સમજ પડી, પણ જે પેલો પાકો હોય, તો તે કેવી રીતે છેતરાઈ જાય, કાયમ માટે ?

**દાદાશ્રી :** જો લાલચ હોય તો છેતરાય.

**પ્રશ્નકર્તા :** લાલચ હોય તો.

**દાદાશ્રી :** પાકો હોય ને લાલચ ના હોય, એ છેતરાય નહીં. આ બધા છેતરાયેલા લાલચુ જ. લાલચુવાળા છેતરાય. લાલચ નથી તેને શી

રીતે છેતરે ? તે વીતરાગો બહુ પાકા હતા. આવા પાકા તો કોઈ માણસ જ નહીં, કોઈથી છેતરાય જ નહીં. એ લાલચુ નહીં. લાલચુ હોય તે છેતરાય. આ શેઠ લાલચુની પેઠ છેતરાય નહીં. અત્યારે કોઈ ગમે તે હીરા દેખાડે, ગમે તે દેખાડે, એ છેતરાય નહીં. કારણ કે લાલચુ નથી. એવા ગુણો ઉત્પન્ન થતા જાય દહાડે દહાડે.

**પ્રશ્નકર્તા :** એ લાલચુ હોય તો જ છેતરાય ?

**દાદાશ્રી :** હં, નહીં તો ના છેતરાય. લાલચ વગર તો ના છેતરાય ને !

## છેતરાઈ જશો તો ચોખ્ખા થશો

**પ્રશ્નકર્તા :** દાદા, મને તો બધાય છેતરી જાય છે, તો હું લાલચુ છું ?

**દાદાશ્રી :** ના, લાલચુનો અર્થ તમે તમારી ભાષામાં સમજો છો. લાલચુ એટલે શું ? કંઈક માનમાં લાલચ હોય, બીજામાં લાલચ હોય, ત્રીજામાં લાલચ હોય, પણ માનથી છેતરાવ છો તેય આ લાલચુ કહેવાય. આમ છેતરાવ તોય, 'પૈસા વધે' એ લોભે કરીને છેતરાવ.

**પ્રશ્નકર્તા :** આ તો કીર્તિની વાત આવી ને ?

**દાદાશ્રી :** ના, એની પણ લાલચ છે આ તમને. માનની પણ લાલચ છે, માટે છેતરાવ છો. જેને કોઈ પણ પ્રકારની લાલચ નથી, એને છેતરાવાનો ભય ક્યાં રહ્યો તે ? તમારું માનથી ઠગાયું છે બધું. તમારા જેવા છેતરાયા છો, તે માનથી છેતરાયા છો. એટલે તમને એમ લાગે કે હું ક્યાં લાલચુ હતો ? લાલચુ તો તમે શું સમજો છો કે કોઈક લોભિયો હોય, તે એને આપણે ત્યાં લાલચુ કહે છે. પણ લાલચ એટલે શું ? કોઈ પણ બાબતમાં, માનની ખાતર, બીજી બાબતમાં, દરેક બાબતમાં લાલચ.

**પ્રશ્નકર્તા :** તો એ કેવી રીતે કાઢવી, દાદા ?

**દાદાશ્રી :** એ પાછી કાઢવાની જરૂર શું ? એને કાઢશો ત્યારે પછી કોને બોલાવશો ? કાઢવાની જરૂર શું ? આપણે સમજી લેવાની જરૂર.

આપણે સમજી લીધું, એક ફેરો ઓળખી લીધા, પણ આ આપણે કોઈને કાઢી મેલીએ તો તો ગુનો છે.

**પ્રશ્નકર્તા :** તો એ શું કરવાનું ? એને એમ જ ચલાવ્યા કરવાનું ?

**દાદાશ્રી :** એને તો જોયા જ કરવાનું. ચાલ્યા કરે, જાણી લેવાનું કે આ લાલચથી છેતરાયા.

**પ્રશ્નકર્તા :** હા...

**દાદાશ્રી :** એટલું આપણે સમજી લેવાનું.

**પ્રશ્નકર્તા :** પણ છેતરાવા દેવાનું.

**દાદાશ્રી :** હા, છેતરાવા દેવાનું. છેતરાવા માટે જ આ જગત છે. જો છેતરાઈ જશો તો ચોખ્ખા થશો, નહીં તો ચોખ્ખા શી રીતે થશો ?

**પ્રશ્નકર્તા :** આ છેતરાવું એક બંધન તો નથી ને ?

**દાદાશ્રી :** છેતરાવું એ બંધન નથી, ઊલટા એ જ ચોખ્ખા થાય છે. લોક પોતે ગંદવાડો વીંટીને સામાને ચોખ્ખો કરી આપે છે. શું કરે છે ?

**પ્રશ્નકર્તા :** હા, પોતે ગંદવાડો વીંટીને સામાને ચોખ્ખો કરી આપે, સાચી વાત છે. કોઈને છેતરે એટલે પોતે તો ખરાબ થયો જ ને, એટલે પછી સામેવાળો સાફ થઈ ગયો.

**દાદાશ્રી :** અમે તો બહુ છેતરાયેલા, અને તે રાજીખુશીથી છેતરાતા'તા અમે. આપણે શું જોઈએ ? આપણે ખાવાનું જોઈએ બે ટાઈમ. તે કુદરતી રીતે એની મેળે આવશે. શરીર છે, બધો હિસાબ ગોઠવણી કરીને આવેલો હોય.

લોક બધું લાલચુ, નહિતર ના છેતરાય. અગર એક્સેસ (વધારે પડતો) માની હોય તો છેતરાય. મને પણ બહુ જ માન ખાવાની ટેવ હતી. તે ખોરાક ના મળે તો ચાલે પણ માન ખાધા વિના ના ચાલે. છેલ્લા વીસ વર્ષથી એ ટેવ જતી રહી છે.

હું એક્સેસ માની, છેતરાયેલો ખરો માનમાં. લાલચ માટે નહીં છેતરાયેલો, માન માટે છેતરાયેલો. ખરેખર છેતરાયેલો નહીં, જાણીને જવા દીધેલું. જાણ્યા વગર તો જવા જ નહીં દીધેલું.

## પ્રેમાળ સ્વભાવથી પચાસ સુધર્યા ને પાંચ બહારવટિયા થયા

તમે વકીલ છો ને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** પાછું વકીલ તો એવું કહે ને, 'બીજા લોકોને એન્કરેજમેન્ટ કરો છો.' એટલે પછી શું ? 'ટિટ ફોર ટેટ' જ, વકીલ તો એક જ શિખવાડે, કે 'ટિટ ફોર ટેટ'. આપણે છેતરાઈએ જાણીજોઈને, એટલે વકીલ શું કહે ? 'તમે જાણીજોઈને છેતરાયા, પછી આ છેતરનારને ટેવ પડી જશે. એની જોખમદારી કોના માથે જાય ?' મનેય લોક કહેતા'તા કે તમે આ લોકોને, બહારવટિયા ઊભા કર્યા. એટલે હું કહું, 'અમારાથી બે પ્રકારના પરિવર્તન થયા, અમારા ટચમાં આવવાથી. કેટલાક બહારવટિયા થઈ ગયા અને કેટલાક છે તે ભક્ત થઈ ગયા.' અજ્ઞાન દશામાં પાંચ-પચાસ માણસોમાં ફેરફાર થઈ ગયેલો, ડાહ્યા થયેલા. વ્યવહારમાં કંઈક સારા કરેલા. સારા રસ્તે ચઢાવ્યા, શુભ માર્ગે ચઢાવ્યા. પણ પાંચ-છ બહારવટિયા થઈ ગયા મારા હાથે.

**પ્રશ્નકર્તા :** બહારવટિયા થઈ ગયા ?

**દાદાશ્રી :** હા, બહારવટિયા, નાના ચોર જેવા હતા તે બહારવટિયા થઈ ગયા મારા હાથે.

**પ્રશ્નકર્તા :** એ જરા ફોડ પાડો ને, દાદા. કેટલાક બહારવટિયા થઈ ગયા, એ કેવી રીતે ?

**દાદાશ્રી :** એ મને છેતરવા આવ્યા ને, એટલે મેં એને લેટ ગો (જતાં) કર્યા. લેટ ગો કર્યા એટલે લોકોએ મારી પર વાંધો ઉઠાવ્યો, કે 'આ તમને છેતરે છે, એને તમે શિક્ષા નથી કરતા. એટલે એ લોકો બહારવટિયા થવા માંડ્યા છે.' શિક્ષા થાય એટલે પાછો ફરે ને ?

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** ત્યારે મેં એમને કહ્યું, કે 'ભઈ, એ તો આમાં કંઈ ઉપાય નથી. કારણ કે હું પ્રેમાળ માણસ છું. એ છે તે છેતરી ગયો તોય મને એની ઉપર અભાવ તો થતો નથી.'

## વ્યવહાર સાચવવા નથી આવ્યા, મોક્ષે જવા આવ્યા છીએ

અને મહીં એક ગુણ ખરો. સહન કરી લેવાનો કે દયાળુ ગુણ ખરો મહીં. કોઈ પણ દુઃખ દે, કોઈ ત્રાસ આપે તો સહન કરી લેવાનો માંહ્યોમાંહ્ય તે. સગોવહાલો, કોઈ મિત્ર હોય તો આટલો ગુણ ખરો એ. એટલે કોઈ પાંચ-દસ હજાર રૂપિયા ઘાલી ગયો હોય ને, પણ દ્વેષ નહીં એના માટે. એટલે પછી લોકો મને શું કહે, કે 'તમે એને સીધો ના કર્યો અને શિક્ષા ના કરી, તે આ હવે બહારવટિયો થઈ બેઠો છે.' શિક્ષા કરી હોત તો પાછો પડે.

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** શિક્ષા ના કરી એટલે પછી પેલો દુરુપયોગ કરવાનું વધારે શીખ્યો. શું થયું ?

**પ્રશ્નકર્તા :** દુરુપયોગ કરવાનું વધારે શીખ્યો.

**દાદાશ્રી :** અને આપણા લોક શું કરે છે ? શાથી એને દંડ કરે છે ? ફરી એ દુરુપયોગ કરતો ભૂલી જાય એ.

**પ્રશ્નકર્તા :** હા, હા. ફરી દુરુપયોગ કરતો ભૂલી જાય.

**દાદાશ્રી :** હા, એ વ્યવહારિકમાં એવું હોવું જ જોઈએ. પણ અમે કંઈ આવું વ્યવહાર સાચવવા નથી આવ્યા, અમે તો મોક્ષે જવા આવ્યા છીએ. એટલે અમે તો દુરુપયોગ કરે ને, તો કશું કહેવા-કરવાનું નહીં એને. ત્યાર પછી ઊલટા મને લોક ઠપકો આપવા આવે. 'તમે લોકોને બહારવટિયા બનાવી રહ્યા છો. તમારો દુરુપયોગ કરવા દઈને લોકોને બહારવટિયા બનાવી રહ્યા છો.'

## નુસખા કહીને આપે સમાધાન

પછી મારે કંઈક જવાબ તો આપવો જોઈએ ને ! મારી સેફસાઈડ તો જુદી જ હોય. પણ મારે એને જવાબ તો આપવો જોઈએ ને, એને સંતોષ થાય એવો. ત્યારે હું શું કહું ? 'અલ્યા, હું દયાળુ છું. હું ધોલ મારું તો કેવી મારું ? પોલી વાગશે, નહીં વાગે ઊલટી. એના કરતા રહેવા દે ને, મને ધોલ મારવા કહેવાનું. એની મેળે આમ આગળ જતા એના માથાનો કોઈ મળી આવશે ને, તો એનું માથું તોડી નાખશે.' ઊંધા શીખતો શીખતો એના માથાનો કોઈ મળી આવશે તો માથું તોડી નાખશે. ત્યારે કહે, 'કેવી રીતે ? દાખલો આપો, માથાનો મળી આવે ને માથું તોડી નાખશે એનું.' ત્યારે મેં કહ્યું, એક હજામ હતો ને, સેવિંગ સલૂનવાળો. તે માથાને આમ એ કરાવડાવે છે ને, રેઝર ફેરાવડાવે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એવો કોઈ એક જણ રેઝર ફેરવાવી ગયો. તે દહાડે એ જમાનામાં ચાર આના કે ત્રણ આના લેતા હતા. ત્યારે પેલો એક માણસ કહે છે, 'ના, હું તો બે આના આપીશ, તું મને ફેરવી આપ.' તે પેલાએ ફેરવી આપ્યું બિચારાએ. આ ફેરાવડાવનાર વાણિયો હતો. તે પેલું બે આનામાં ફેરવવાનું થયું ને, એટલે એણે ઉપરથી આમ ટકોર મારી, મશ્કરી કરી એની. એટલે વાણિયો સમજી ગયો, કે મારું હારું મશ્કરીએ ચડ્યો આ. એટલે વાણિયાએ મહીંથી આઠ આના પોતાની પાસે હતા ને, તે ધડ દઈને આપ્યા. 'લે ઈનામ', કહે છે. ત્યારે કહે, 'શેનું ?' ત્યારે કહે, 'તેં ટકોરો માર્યો તેનું !' આ વાણિયાએ અવળે રસ્તે ચઢાવ્યો એને. પછી એક ક્ષત્રિય આવ્યો. તે એને માથું મૂંડવાનું હતું. તે એને તો ચાર આના આપવાના કહ્યા. પછી માથું મૂંડ્યું. પછી એને પેલો વિચાર યાદ આવ્યો કે, પેલાને ટકોરો માર્યો તો આઠ આના આપ્યા, તો આ કેટલા આપશે ? એટલે એણે ટકોરો માર્યો ને, તે પેલાએ એને મારી મારીને સાંધા તોડી નાખ્યા ! એટલે એવું મારી ધોલ નકામી જશે, કહ્યું.

**પ્રશ્નકર્તા :** એટલે તમારી ધોલ નકામી જાય એટલે...

**દાદાશ્રી :** એટલે હું લોકોને આવી રીતે સમાધાન કરી આપું, આવા કાંઈ નુસખા આપીને. બાકી આ તો એક જાતનું ગપ્પું.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** સમાધાન કરી આપીએ. જે પૂછવા આવે એને સમાધાન તો આપવું પડે ને ? આ નથી અધ્યાત્મ કે નથી સંસાર, વચ્ચેનો ગાળો છે.

**પ્રશ્નકર્તા :** આ બોધકળા, દાદા ?

**દાદાશ્રી :** હા, બોધકળા બધી. જ્ઞાનકળા જુદી, આ બોધકળા બધી. જો પઝલ જ છે ને જગત. ટકોર મારવામાં લાભ ઉઠાવી ગયો ને પણ. વાણિયાએ જો કળા કરી ને ! બે આના આપનારાએ આઠ આના મહીંથી કાઢીને આપ્યા. વાણિયાએ જાણ્યું, હેં... આ હારો મશ્કરી કરતા શીખ્યો છે ને, તો એને ચડવા દો જરા આ તો. જુઓ ત્યારે, ભેજા જાતજાતના હોય છે ને, નહીં ?

**પ્રશ્નકર્તા :** જાતજાતના હોય છે.

**દાદાશ્રી :** તમે તો આવા બધા નુસખા નહીં સાંભળેલા, નહીં ?

**પ્રશ્નકર્તા :** દાદા, થોડા પ્રમાણમાં, પણ આટલા બધા નહીં.

**દાદાશ્રી :** એવું તમારી આખી જિંદગીમાં લહેર કરી છે તમે કોઈ દહાડો ? એ તો લહેરી થવું પડે, લહેરી ! ત્યારે લહેરી ના હોય તો એને જગત શું કહે ? 'મૂંજી* છે, જવા દો ને !'

**પ્રશ્નકર્તા :** હા, મૂંજી છે.

**દાદાશ્રી :** થોડુંઘણું લહેરી ના થવું પડે ?

**પ્રશ્નકર્તા :** થવું પડે.

**દાદાશ્રી :** રોજ ના ખાઈએ, પણ એક દહાડો બધા કહે, 'નહીં, આજ તમારે પકોડી ખાવી પડશે.' તો 'ચાલો, આજ ખાઈ લઈએ, હેંડો' કહીએ. પકડી નહીં રાખવાનું, એનું નામ લહેર.

---

*મૂંજી - ઉમળકા કે હોંસ વગરનું; ઓછાબોલું

**પ્રશ્નકર્તા :** એનું નામ લહેર.

**દાદાશ્રી :** 'આજ પકોડી ખાઈએ, ચાલો.'

**પ્રશ્નકર્તા :** તો દાદા, આપે બધો લહેરમાં ને લહેરમાં જ મોક્ષમાર્ગ બતાવી દીધો.

**દાદાશ્રી :** ત્યારે શું કરે ? મોક્ષમાર્ગ સહેલો છે, અઘરો નથી. આ તો લોકોએ ડેકોરેશન કરીને ઊલટું બગાડી નાખ્યું છે. અને લોકોને ડેકોરેશન ગમે છે.

## છેતરાવાથી સામાની પૌદ્‌ગલિક પ્રગતિ ને આપણી આત્મિક

**પ્રશ્નકર્તા :** જે છેતરાય એ થોડોક ગુનો નથી કરતો ? સામાને છેતરવાનો ચાન્સ આપે છે, એ ખોટું નથી ?

**દાદાશ્રી :** પોતાના એડવાન્સ માટે છે ને ! છેતરવાનો ચાન્સ તે એના એડવાન્સ માટે છે ને આપણે આપણા એડવાન્સ માટે. એ પૌદ્‌ગલિક પ્રગતિ કરે છે, આપણે આત્માની પ્રગતિ કરીએ છીએ. એમાં ખોટું શું છે ? એને આંતરે ત્યારે ખોટું.

**પ્રશ્નકર્તા :** એક વાર આપણને છેતર્યા, તે આપણે છેતરવા દઈએ તો એ સામા માણસની છેતરવાની વૃત્તિને આપણે પોષણ નથી આપતા ?

**દાદાશ્રી :** હા, પણ અજાણથી છેતરાય છે, ત્યાં નથી આપતા ?

**પ્રશ્નકર્તા :** હા, તો પછી અજાણથી એક વાર છેતરાયા, પછી આપણને ખબર પડી કે આપણને તો આ છેતરી ગયો, એટલે ફરી આપણે શું કરવા જઈએ એની પાસે ? બીજી વખત આપણે એની પાસે નથી જતા.

**દાદાશ્રી :** ઓહો ! તો તમારા હાથમાં ખરું, સત્તા ખરી આ બધી ?

## ગજબનું વિજ્ઞાન, સમજીને ને નાસમજીને છેતરાવાનું

**પ્રશ્નકર્તા :** પણ એટલી સમજ તો આવે ને, ઠોકર વાગી એક વખતે, એક વખતે આપણને પથરો વાગ્યો, હવે એને એ રસ્તે ફરી પાછા જવાનું ?

**દાદાશ્રી :** આ દુનિયામાં એક પણ માણસ એવો ખોળી કાઢો કે જે છેતરાતો ન હોય.

**પ્રશ્નકર્તા :** જે છેતરાય છે પણ એ ઘડાય છે ને !

**દાદાશ્રી :** એંસી-એંસી વર્ષ સુધી છેતરાયા કરે. પણ જો એ સમજીને છેતરાયો હોત ને, તો પાછલી ઉંમરમાં છેતરાવાનું હોય જ નહીં. પછી કોઈ છેતરે જ નહીં. જો સમજીને છેતરાયો હોય તો. આ તો ઊલટું રાખી મેલે છે, સ્ટૉકમાં રાખી મૂક્યું છે. એટલે અણસમજણ હતી. સમજીને નથી છેતરાતા, એટલે સ્ટૉકમાં રહેવા દઈએ છીએ. એટલે પેલા અણસમજણમાં કાઢી જાય છે. સો આપવાના છે.

**પ્રશ્નકર્તા :** જી, હિસાબમાં સો આપવાના છે, હા.

**દાદાશ્રી :** એ અણસમજણથી આપો કે સમજણથી આપો. હવે આપણે અણસમજણથી આપીએ તો જ્યાં સુધી અણસમજણ આપણી ભેગી થાય ત્યાં સુધી ચાલ્યા કરે અને મહીં સમજણથી આપતા જઈએ, કે મને છેતરનાર આવવો જોઈએ. સમજણથી છેતરાઈને આપતા જઈએ તો ઉકેલ આવી જાય ને ચોપડા ચોખ્ખા થઈ જાય જલદી. અને સમજણથી છેતરાઈએ ને, તે આપણા દિલમાં એમ લાગે, કે બહુ સારું થયું, હું તો સમજીને છેતરાયો છું ને ક્યાં આગળ મારે પાછું હિસાબમાં આવવું ?

**પ્રશ્નકર્તા :** એ અંદરની વાત બરોબર છે. હા, અંદર સમજીને છેતરાનારને જરા અંદર એમ રહે કે...

**દાદાશ્રી :** હા, એ દાન આપ્યા બરોબર છે. સમજીને છેતરાવું એ દાન આપ્યા બરોબર છે.

## પૈસા હોય કે ના હોય પણ છેતરાવાનું છે એ નક્કી

**પ્રશ્નકર્તા :** પણ એ તો દાદા, જ્યાં સુધી આપણી પાસે હોય ત્યાં સુધી છેતરાઈએ અને તેનો આપણને આનંદ મળે કે જુઓ, આપણે સમજીને છેતરાયા. પણ બેલેન્સ જ્યાં ખૂટવા માંડે ત્યાર પછીથી આપણને

એ આનંદ મળે નહીં ને, રહે નહીં ને ? સમજીને છેતરાવાની બાબતમાં જ્યાં સુધી પૈસાનું પોતાની પાસે સાધન હોય ત્યાં સુધી એ છેતરાયા કરે પણ પછી પૈસા ના હોય તો ?

**દાદાશ્રી :** સાધન હોય કે ના હોય એ સવાલ નથી. તમારે સાધન નહીં હોય તોય છેતરાવાનું છે એ નક્કી છે, જે છે એ. પંદર છે તો પંદર, પણ પંદરમાંય છેતરાઈ જવાના છો. એના કરતા એ પાંચ લેવા આવે એ પણ હોય તો પાંચ લઈ જશે ને ના હોય તો શું ? ગજવામાં બે રૂપિયા પડ્યા છે, તો બે લઈ જશે.

**પ્રશ્નકર્તા :** હા. તે બે જ લઈને ગયા છે, તો પાંચ ક્યાંથી છેતરાવાના ?

**દાદાશ્રી :** પણ સમજીને છેતરાવ એ બહુ ઊંચી વસ્તુ છે !

## સમજીને છેતરાવાનો પૉઈન્ટ જ જાણ્યો નથી જગતે

**પ્રશ્નકર્તા :** હા, દાદા, એ બેસે છે કે સમજીને છેતરાવું અને અણસમજથી છેતરાવું, એ બન્નેની અંદર જે સમજીને છેતરાય એની અંદર પરિણામ સારા રહે છે અંદરના.

**દાદાશ્રી :** સમજીને છેતરાવ ત્યારે આનંદ રહે.

**પ્રશ્નકર્તા :** હા, એ રહે છે. જ્યારે પેલામાં ક્લેશ થયા કરે કે મને છેતરી ગયો !

**દાદાશ્રી :** પેલો ક્લેશ થયા કરે. એટલે આ બધી વસ્તુ સમજવાની જરૂર છે, એ અનુભવમાં લેવાની જરૂર છે.

**પ્રશ્નકર્તા :** કોઈ છેતરાય એવું નથી. દાદા સિવાય કોઈ સમજીને છેતરાય એવું મને દેખાતું નથી.

**દાદાશ્રી :** ના, હું તો છેતરાતો'તો. હું સમજીને છેતરાઉ, સમજીને. ત્યારે મને આ પોસ્ટેય એવી જ મળી ને ! આ પોસ્ટની ઈચ્છા નહીં કરેલી એ પોસ્ટ મને મળી ને ! આ પોસ્ટની મને ખબરેય નહોતી, કે આ પોસ્ટ મળશે. પણ સમજીને છેતરાવાનો મેં કીમિયો બહુ સરસ ખોળી કાઢેલો. તે

આ અણસમજણમાં તો છેતરાઈએ છીએ. પછી એની પર કકળાટ માંડીએ છીએ, કે આ છેતરી ગયો, આ છેતરી ગયો. આ એક હલકી નાતનો માણસ મને છેતરી જાય તો મારી કિંમત શું રહી ? અલ્યા, છેતરાવાનું શું છે, એ પૉઈન્ટ તને ખબર જ નથી.

**પ્રશ્નકર્તા :** એ પૉઈન્ટ ખબર નથી. હિસાબની વાત બરોબર છે. હિસાબ વગર કેવી રીતે આવવાનો છે છેતરવા ?

## સમજીને છેતરાયા એ જમા ને જાત માટે વાપર્યા તે ગટરમાં

**દાદાશ્રી :** માટે એક ફેરો સમજીને છેતરાવ. છેતરાવાથી હલકું ફૂલ થઈ જવાય ને આપણને રાહત રહે. અને ફરી છેતરનારા આપણી પાસે આવતા નથી. પૂરું થઈ જાય, હિસાબ ચૂકતે.

કોઈ જૂઠું બોલીને લઈ ગયું, છેતરીને લઈ ગયું, કોઈ ચોરી ગયું, કોઈએ છે તે રૂપિયા લઈને આપ્યા નહીં પાછા, એ બધા જમે થયા. અને આ વાપર્યા એ બધા ગટરમાં ગયા હડહડાટ ! ગટરમાં હડહડાટ ગયા ! ચોરી થઈ તેય જમે થયા.

**પ્રશ્નકર્તા :** સમતા રાખી ત્યારે જમા થાય ને, નહીં તો તો ઉધારી, એ તો તમારું ગયેલું જ છે !

**દાદાશ્રી :** ના, એ સમજણ હોય તો...

**પ્રશ્નકર્તા :** તો જમા.

**દાદાશ્રી :** હા, કારણ કે ચોરી થઈ, એ પહેલાનો હિસાબ છે. એટલે એ હિસાબ ચૂકતે થઈ ગયો. જૂઠું બોલીને લઈ ગયો, તેય હિસાબ ચૂકતે થઈ ગયો. રૂપિયા આપીએ ને પાછા ના આવ્યા તેય હિસાબ ચૂકતે થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** એટલે એ જમા. અને તમારા એવિડન્સ વગર છેતરી શકવાના નથી. તમારે તો જ્યાં સો માણસ છેતરાયા હોય ત્યાં જવું. તમારું હશે તો જ છેતરાશો, નહીં તો કોઈ છેતરશે નહીં. એ તમારું કંઈ નહીં હોય તો તમે નહીં છેતરાવ.

**દાદાશ્રી :** હંઅ, ના છેતરાય.

**પ્રશ્નકર્તા :** હા, એટલે છેતરવાનું એ પણ તદ્દન વ્યવસ્થિત છે એમ.

**દાદાશ્રી :** વ્યવસ્થિત છે, ભડકવાની જરૂર નથી. એટલે આપણે કહેવું કે 'ભઈ, જ્યાં જે જે મને છેતરનારા હોય તો છેતરજો.' કારણ કે છેતરાવાની બાબતનો નિયમ કેટલો કે વ્યવસ્થિતને આધીન છે ને ! એથી વધારે કેટલા છેતરાવાના ? તો એનાથી ભડકવાનું શું કારણ છે ?

## છેતરનારો ઉપદેશ આપતો જાય

તે દહાડે (શરૂઆતમાં) સમજાયેલું નહીં વ્યવસ્થિત, પણ તે દહાડે મનમાં એમ કંઈક શ્રદ્ધા એવી કે 'કેટલાક છેતરાવાના છે ?'

**પ્રશ્નકર્તા :** અને છેતરી છેતરીને કેટલું છેતરશે ?

**દાદાશ્રી :** છેતરીને પાછો ઉપદેશ આપતો જાય આપણને.

**પ્રશ્નકર્તા :** હા, એ છેતરનારો ઉપદેશ આપે.

**દાદાશ્રી :** એની જોડે પ્રેમ કરવા જેવો છે કે નહીં ? એ છેતરે નહીં તો એની જોડે આપણે પ્રેમ કર્યા કરીએ. લોકોને છેતરતો હોય, આપણને ના છેતરતો હોય, તો આપણે એની ઉપર પ્રેમ કરીએ. પણ ક્યારે દગો કરે એ શું કહેવાય ? એના કરતા પહેલેથી કરી જાય તો સારું છે.

**પ્રશ્નકર્તા :** હા, એ પતી ગયો એક...

**દાદાશ્રી :** પતી ગયો હિસાબ, ચોખ્ખો થઈ જાય. અને ઉપદેશ તો મળ્યો. કોઈ લૂંટે છે ને, તે કંઈ ઉપદેશ આપ્યા વગર લૂંટતો નથી.

**પ્રશ્નકર્તા :** હા, ખરું. એ વાત મુદ્દાની.

**દાદાશ્રી :** આ ઉપદેશ તો મારી પાસે રહ્યો, તે અત્યારેય એ ઉપદેશ હું આપું છું ને તમને. જે ઉપદેશ મેં લીધેલા છે વ્યવહારિક ઉપદેશો, તેય હું તમને આપું છું ને જોડે જોડે. આ ઉપદેશ મેં લીધેલો હશે ને ?

## 'મને બનાવી જાય છે' એ એકજાતની ભ્રાંતિ

**પ્રશ્નકર્તા :** દાદા, મને મુંબઈમાં ટેક્ષીવાળા છેતરી જાય છે, તો ત્યાં શું કરવું ?

**દાદાશ્રી :** મુંબઈમાં દેવ જેવાય ડ્રાઈવર છે અને લુચ્ચાય છે, એ તો વ્યવસ્થિત છે. એમની જોડે બહુ શાંતભાવે નિકાલ લાવવાનો. નાગા લોકો છેતરી જાય તોય છે તે અમે છેતરાઈએ પણ અમે બેલ મારીએ, ઘંટ મારીએ અને ચેતવીએ. તે પણ શુદ્ધાત્મભાવે ઘંટ મારીને, 'કેમ ભઈ, ફરી છેતરે છે ?' આ તો જાણીજોઈને, જ્ઞાનમાં રહીને શુદ્ધાત્મભાવે ફરી છેતરાવાનું. ટાઈમ વેસ્ટ નહીં કરવાનો, ફાઈલનો નિકાલ કરવાનો.

આપણે કોઈને કહીએ, કે 'મને છેતરજે', તો નહીં છેતરે પણ સમય-સંયોગ મળે તે ન્યાયમાં જ છેતરે છે.

આપણા મનમાં દુઃખ ક્યારે થાય ? આપણને મનમાં એમ લાગે કે એ મને બનાવી જાય છે. અરે મૂઆ, એ જ બને છે. એ આપણી ભ્રાંતિ છે એક જાતની કે મને બનાવી જાય છે. એ અક્કલનું યુદ્ધ છે ત્યાં આગળ. એ યુદ્ધમાં ઊતરવું નહીં.

**પ્રશ્નકર્તા :** હા, અક્કલનું યુદ્ધ છે.

**દાદાશ્રી :** હા, એ અક્કલનું યુદ્ધ છે, અક્કલની મારામારી. એ અક્કલ વગરના થઈ જવું સારું. એ યુદ્ધમાં ક્યાં પડ્યા પાછા ? આપણે તો સરળ છીએ. ફરીથીયે છેતરી જવાનો છે એના કરતા પહેલેથી છેતરી જાય તો સારું.

## વ્યવસ્થિત સમજાય તો છેતરાયા તેય લાગે કાયદેસર

હું તો બહુ સરળ, તે મને તો છેતરી છેતરીને જ પાંસરો કરી નાખ્યો લોકોએ. અને છેતરાયો તેય વ્યવસ્થિત હતું, કંઈ ગપ્પું હતું ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તે છેતરી ગયા તે કંઈ ગેરકાયદેસર હોય છે ?

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત જ હોય છે એ તો.

**દાદાશ્રી :** હા, તે અમારા ભાગીદાર ઘણુંય કહે, 'તમે ભોળા દિલના છો, બધું ખઈ ગયા લોકો.' 'બહુ સારું થયું, ખઈ ગયા તો. કંઈ કાયદા બહાર નથી ખાતા, કાયદેસરનું ખાય છે', કહ્યું.

**પ્રશ્નકર્તા :** હા, ખરી વાત છે.

**દાદાશ્રી :** એ મને જડેલું ને, કાયદેસરનું છે.

**પ્રશ્નકર્તા :** કેમનું એ કાયદેસરનું ખાય છે ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત છે, એક્ઝેક્ટ વ્યવસ્થિત છે આ તો. અને જગત વ્યવસ્થિતને સમજી શકતું નથી એટલે આવું બધું થાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે હા, બરોબર છે. વ્યવસ્થિત સમજવામાં કચાશ એટલે એ રીતે સમજાય.

**દાદાશ્રી :** વ્યવસ્થિત મને સમજાઈ ગયેલું એટલે બધી વાતો સમજી ગયેલો હું.

**પ્રશ્નકર્તા :** છેતરાવાની બાબતમાં હું બહુ કાળજી રાખું, છેતરાઉ નહીં.

**દાદાશ્રી :** એટલી આપણી ભૂલ છે, કાળજી રાખવી તે. કાળજી રાખવી જ નહીં.

**પ્રશ્નકર્તા :** પણ પછી ધંધામાં છેતરી જાય બધા !

**દાદાશ્રી :** તો છેતરાવું, એટલે ઉકેલ આવે. એમ ને એમ, કાયદાથી બહાર છેતરતો નથી માણસ. થોડું વ્યવસ્થિતને સમજવું જોઈએ ને આપણે ? કાળજી તે તમે કહો છો એવી નહીં. કાળજી એટલે આપણે સમજી લેવું જોઈએ, કે ભઈ, આ પૈસા લોકોને આપવા જેવા નથી આ કામમાં.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એટલું સમજી લેવું જોઈએ. છતાં અપાઈ જાય, પછી તે વખતે બંધ કરી દેવું.

## શા આધારે પૈસા રહ્યા-ગયા એ ખોળી કાઢો

**પ્રશ્નકર્તા :** મારે તો મકાન બાંધીને આપીએ એટલે પૈસા લેવાના આવે. તે લોકો વાયદા કરે અને પછી ના આપે. પછી મોડા આપે, ના આપે.

**દાદાશ્રી :** હા પણ મારું કહેવાનું, કે બિલકુલેય ના આપે તો શું કરીએ ? શેના આધારે આપે છે, એ ખોળી આપો મને. આ માણસો ખોળી આપે મને, કે આ શેના આધારે આ લોકોને પૈસા આપે છે !

**પ્રશ્નકર્તા :** તે માલ લઈને પૈસા આપે.

**દાદાશ્રી :** માલ લઈને પછી આપે છે ને, પૈસા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પછી શેના આધારે અપાય છે ?

**પ્રશ્નકર્તા :** આપણે પહેલા પૈસા લઈને પછી માલ આપીએ છીએ. આપણે માલ જ ના આપીએ પહેલા, પહેલા પૈસા આપ, પછી માલ તારો.

**દાદાશ્રી :** એ તો કેટલીક જગ્યાએ, બીજે બધે ઘણી ખરી જગ્યાએ તો પૈસા આપ્યે જ રાખે છે. અને આ ધીરધાર આ માણસો શા આધારે આપતા હશે ? આ બધી લોનો આપે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, એ...

**દાદાશ્રી :** હા, પણ એ આધાર ખોળી આપે તો હું જાણું કે આ માણસ સમજી ગયો જ્ઞાનને.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** શા આધારે આપે છે ?

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત હિસાબે જ અપાય છે.

**દાદાશ્રી :** નહીં, એવું સુંદર સમજી ગયો છે કોઈક ? એવું સમજવાની જરૂર છે. છેતરનારો 'એ' હોય જ નહીં. સ્વતંત્ર હોય તે છેતરી શકે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એ શેના આધારે ફરે છે ? વ્યવસ્થિતના આધીન એય ગૂંચાયેલો છે ને તમેય વ્યવસ્થિતના આધીન...

## છેતરનારનો ગુણ માનવો, આપણને મોક્ષમાં મોકલે છે

**પ્રશ્નકર્તા :** દાદાજી, આપણને કોઈ બનાવ્યા કરતું હોય તો શું કરવું ?

**દાદાશ્રી :** તો બનવું આપણે.

**પ્રશ્નકર્તા :** બનવું ?

**દાદાશ્રી :** એ બનવું બહુ સારું. એના જેવું એકુંય નહીં. મને કોઈ બનાવતો નથી. મને તો બહુ ગમે. હું જાણું કે એની અક્કલનેય ધન્ય છે આ !

**પ્રશ્નકર્તા :** તમે ભગવાન છો, તમને ક્યાંથી બનાવાય ?

**દાદાશ્રી :** બનાવે એ તો, તોય બનાવે.

**પ્રશ્નકર્તા :** ના બનાવાય.

**દાદાશ્રી :** નથી બન્યો, બનતો નથી પણ એ કોઈક ફેરો કોઈ હોય તો પાછળથી બનાવે, મારી રૂબરૂ ના કરે. બનાવે ખરા પણ ! આ લોકોમાં બધી જાતો છે. આ લોક કશી જાત વગર ખાલી નથી, બધી જ જાતો.

**પ્રશ્નકર્તા :** દેરાણી-જેઠાણી બનાવી જાય તો શું કરવાનું ? બનાવવા દેવાનું ને ?

**દાદાશ્રી :** મહીં ખુશ થઈ જવાનું આપણે, કે બહુ સારું ! ધનભાગ્ય આપણા કે આપણને બનાવનારી જેઠાણી મળી ! પોતાની જાતને ધનભાગ માનવું.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** અને આ દુનિયામાં છેતરાવા જેવો મોટામાં મોટો ઉપકાર કોઈ નથી. એ તો બહુ ઊંચામાં ઊંચી વસ્તુ છે. લોક છેતરે એ તો બહુ મોટું, તે દહાડે ગુણ માનવો.

**પ્રશ્નકર્તા :** પછી એ તો દરરોજ છેતર્યા જ કરે આપણને.

**દાદાશ્રી :** પણ છો ને છેતરે ! સારું, છેતર્યા કરે તો.

**પ્રશ્નકર્તા :** અને આપણે હસ્યા કરવાનું.

**દાદાશ્રી :** આપણને ભગવાન તરફ... મોક્ષમાં મોકલી દે એ છેતરનારો.

**પ્રશ્નકર્તા :** એવું છે ?

**દાદાશ્રી :** હા. એટલે તને તો છેતરનાર મળી આવવાના. તને તો મોક્ષમાં મોકલવાના આ લોકો. છેતરનારનો તો ગુણ માનવો આપણે.

**પ્રશ્નકર્તા :** બનાવટ કરી જાય ને ?

**દાદાશ્રી :** હા, બનાવટ એવી કરે, એના મનમાં અક્કલવાળી માને, કે મેં કેવી બનાવી ?

**પ્રશ્નકર્તા :** હા, એને એમ થાય કે આને ખબર નથી પડતી.

**દાદાશ્રી :** હા, એને મેં કેવી મૂરખ બનાવી !

## સાયન્ટિફિક શોધખોળ, લોકસંજ્ઞા કરતા જુદી જ

તમને તો કોઈ બનાવી નહીં ગયેલું, નહીં ? તમને હઉ બનાવી ગયેલા ?

**પ્રશ્નકર્તા :** કોઈ બાકી રહ્યું જ નથી બનાવવામાં, બધાય બનાવી જાય.

**દાદાશ્રી :** તે બનેલા સારા પણ. કોઈને બનાવીએ, તેના કરતા બની ગયેલા સારા. તમને કવિરાજ શું ગમે છે ?

**પ્રશ્નકર્તા :** આપણે છેતરાઈ જઈએ. છેતરાઈ જવું.

**દાદાશ્રી :** કોઈ બનાવે તો ના ગમે, નહીં ?

**પ્રશ્નકર્તા :** ના પણ, જાણીજોઈને ના છેતરાઈએ. છેતરાઈ જઈએ તો પછી લાગે આપણે મૂરખ બન્યા. બીજું શું ? મૂરખ બનીએ.

**દાદાશ્રી :** બનાયેલું ગમે અને કોઈ છેતરી જાય એ ગમે, એ શોધખોળ છે મારી, ઊંચી સાયન્ટિફિક શોધખોળ છે. કોઈ છેતરી જાય આપણને એ તો બહુ ઊંચામાં ઊંચી વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** હા, હા. પેલું નાટક જોવા ગયા'તા ને તમે, એ વખતે જે ટિકિટના પૈસા આપી દીધા, એ સમજીને છેતરાયા'તા ને ?

**દાદાશ્રી :** હા, સમજીને જ છેતરાયા'તા. પણ તોય એ સમજીને છેતરાયા ના કહેવાય. એ તો એક નાકનો વટ રાખવા માટે આપેલા, કે આ મૂઆ આવા છે, ફરાફર કરે છે ! આ તો આપણી આબરૂ જ શું કહેવાય ? એ સમજીને છેતરાવાનું તો કોની જોડે ? રોજનો જ વ્યવહાર જેની જોડે હોય તેની જોડે. અને બહારેય કો'કની જોડે છેતરાવાનું, પણ સમજીને. એ જાણે કે મેં છેતર્યા, હું જાણું કે તું મૂરખો બન્યો.

## સુપ્રીમ કોર્ટના જજનીય ભૂલ બતાડે એવી બુદ્ધિ થાય

**પ્રશ્નકર્તા :** સમજીને છેતરાવાની હિંમત નથી આવતી.

**દાદાશ્રી :** છેતરાવાની ? મને સહેજેય વાર લાગે નહીં. મને તો કોઈ છેતરવા આવે એટલે હું સમજી જઉં કે છેતરવા આવ્યો છે, માટે છેતરાઈ જાવ આપણે. ફરી આવો ઘરાક મળવાનો નથી. ફરી ઘરાક કંઈથી મળે આવો ? તારી હિંમત જ નથી ચાલતી ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપણને ખબર હોય કે આ વસ્તુનો એક ટનનો

ભાવ આ છે ને આ માણસ એક હજાર રૂપિયા વધારે ચાર્જ કરે છે. આપણે કોઈ વસ્તુ લેવા જઈએ, કોઈ મટિરિયલ લેવા જઈએ અને ખબર હોય કે માર્કેટ પ્રાઈઝ આ છે ને આ કિલોએ એક રૂપિયો વધારે ચાર્જ કરે છે, તો એમ સમજીને એક હજાર રૂપિયા વધારે આપતા હિંમત ના થાય. મેં કહ્યું, 'નહીં, આ પ્રાઈઝ હોવી જોઈએ !' પહેલા એને થોડું બોલવું પડે મારે.

**દાદાશ્રી :** સમજીને આપવા એ તો એવું છે ને, કે અમે જાણીજોઈને છેતરાઈએ છીએ એ તો અપવાદ છે. એ કો'ક ફેરો અપવાદ હોય. કો'ક ફેરો જાણીજોઈને છેતરાય તેય શરમના માર્યો, બીજા કોઈ અંગત કારણોનો માર્યો. બાકી જાણીજોઈને છેતરાવું એવો ધ્યેય ના હોય. અમારો તો ધ્યેય હતો એ. અને જાણીજોઈને છેતરાય એનું પદ શું મળે ? મગજ એટલું બધું હાઈ લેવલ જાય, કે સુપ્રીમ કૉર્ટના જજની ભૂલ કાઢી આપે.

**પ્રશ્નકર્તા :** એ મગજ એટલું હાઈ જાય ?

**દાદાશ્રી :** હા, મગજ એટલું હાઈ જાય.

**પ્રશ્નકર્તા :** બહુ મોટો ફાયદો છે.

**દાદાશ્રી :** જે છેતરતો નથી તેનું મગજ હાઈ જાય છે, તો જે છેતરાય એનું મગજ તો કેટલું હાઈ જાય !

જો નીતિ પાળે છે તો એની બુદ્ધિ હાઈ લેવલ પર જાય છે, તો જે પોતે છેતરાય તેની તો ક્યાં પહોંચે ! જાણીજોઈને પાછા. આ સમજીને છેતરાવાથી શું થાય મગજ ?

**પ્રશ્નકર્તા :** બ્રેઈન ટૉપ ઉપર પહોંચી જાય.

**દાદાશ્રી :** ટૉપ ઉપર પહોંચી જાય.

## છેતરાવાનો પ્રયોગ, જ્ઞાન પછી જરૂર નહીં હવે

તું આવો પ્રયોગ ના કર. આપણે જ્ઞાન લીધેલું છે ને, હવે તો ? આ તો જ્ઞાન ના હોય ત્યારે પ્રયોગ કરવાનો. શું તમને ગમી વાત એ ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા, બહુ ગમી.

**દાદાશ્રી :** શું ગમી ?

**પ્રશ્નકર્તા :** છેતરાવા જેવો મોટો પરમાર્થ નથી.

**દાદાશ્રી :** એના જેવો કોઈ પરમાર્થ નથી. હું આખી જિંદગી જાણીજોઈને જ છેતરાયેલો છું. લોકો કહે છે, એનું ફળ શું ? ત્યારે મેં કહ્યું, સુપ્રીમ કૉર્ટના જજનેય ટૈડકાવે એવી તે બુદ્ધિ ઉત્પન્ન થાય. જજનેય કાયદામાં લઈ લે એવી બુદ્ધિ ઉત્પન્ન થાય. પણ એવું કોણ છેતરાય જાણીજોઈને ? કયો એવો પુણ્યશાળી હોય ? અને આ સમજણ જ એડૉપ્ટ (સ્વીકાર) શી રીતે થાય ? છેતરવાની સમજણ આપે લોકો પણ આ છેતરાઈને આવજે... આ સમજણ જ કોણ આપે એને ?

## ઝવેરબાએ શિખવાડ્યું તે દાદાને દેખાયા ફાયદા અનેક

મને તો અમારા બાએ સમજણ આપેલી. એ પોતે સમજીને-જાણીને છેતરાયેલા. એટલે અમે તો નાનપણથી જ છેતરાવાની સિસ્ટમ ખોળી કાઢી, અમારા માજીએ શિખવાડેલી અમને. એ પોતે છેતરાય જાણીને ! એ બધાને સંતોષ આપે. જાણીને છેતરાઈને બધાને સંતોષ આપે. મને એ ગમેલું કે આ બધાને સંતોષ બહુ સરસ આપે છે ! ભલે છેતરાઈને, શુંય મૂડી હતી તે જતી રહેવાની હતી ? અને નહીં તોયે મૂડી ખોટમાં નથી જતી રહેતી ?

**પ્રશ્નકર્તા :** જાય જ છે ને, દાદા !

**દાદાશ્રી :** ત્યારે એના કરતા છેતરાઈને જતી રહે તો શું ખોટી ? આ કળા કેવી લાગે છે તને ?

**પ્રશ્નકર્તા :** બહુ ઉત્તમ કળા છે, દાદા. પણ એનાથી બીજો ફાયદો શું થાય છે ? મોક્ષ મળે ? એ ગુણથી ફાયદો શું થાય ?

**દાદાશ્રી :** મોટામાં મોટો ફાયદો એનાથી જ છે, આ બધા ગુણો કરતા.

**પ્રશ્નકર્તા :** દાદા, ફોડ પાડો ને, એટલે અમને ખ્યાલ આવે. કઈ રીતનો ફાયદો ? એ જરા આમ ખબર પડે ને, પદચ્છેદ કરો તો !

**દાદાશ્રી :** જો, એક તો છેતરનારો માણસ આપણને મુક્ત કરી દે.

**પ્રશ્નકર્તા :** હા, હા, એ રીતે હેલ્પ કરે.

**દાદાશ્રી :** આપણને વીંટી શકે નહીં પછી એ, કારણ કે એ જાણે કે એમને બનાવ્યા. એટલે બનનાર છૂટો થઈ જાય.

બીજું, છેતરાયો એટલે પોતાની પાસે પુદ્‌ગલ જે ખોટું હતું તે જતું રહ્યું. એટલે ભાર ઓછો થઈ ગયો. અને પોતાને વિચારવાનો પ્રસંગ મળ્યો કે ચાલો, હલકા થયા. હવે મોક્ષે જરા જલદી જવાશે. એવા બધા બહુ ગુણો હોય છે આ તો. એનું વર્ણન કરવા જઈએ તો આખી ચોપડી થાય. આ તો મારી શોધખોળ છે. આખી જિંદગી છેતરાયેલો છું. છેતરાવાનો શોખ છે મને. છેતર્યા નથી કોઈને. કોઈને ભગવાન થવું હોય તો છેતરાઈને ભગવાન થાવ અને કોઈને નર્કે જવું હોય તો છેતરીને થાવ. થોડુંઘણું સમજાય છે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદાજી, સમજાય છે.

**દાદાશ્રી :** જાણીને છેતરાય ત્યારે ભગવાન થાય એ માણસ. જેને છેતરાવું હોય એ છેતરાજો.

❖❖❖❖❖

# [૨.૩]

# ન છેતરાય તો ત્યાંનો ત્યાં, છેતરાય તો પ્રગતિ

## લૂંટાયા તો લૂંટાયા પણ ચોર તો દીઠા

**પ્રશ્નકર્તા :** દાદા, સંસારમાં તો છેતરાઈએ એ બરાબર છે પણ ધર્મમાં કોઈવાર ગુરુ કે જે ગાઈડ જેવા હોય તો એ ગાઈડમાં ઠગ મળી જાય, ત્યારે તકલીફ થઈ જાય. પછી ધર્મ અંગે કોઈ પર વિશ્વાસ મૂકી ન શકાય.

**દાદાશ્રી :** બળ્યું, ઠગ તો વિટામિન છે ! છેતરી ગયો પણ આપણે... એવું છે ને, આપણા લોક શું કહે છે ? 'અલ્યા ભાઈ, શું લૂંટી ગયા ? લૂંટાઈ ગયા, બસ્સો રૂપિયા ગયા, પણ ચોર તો દીઠા', કહે છે. નહીં તો એવું ચોર દેખવા કંઈ સહેલા નથી ! એ તો 'લૂંટાયા તો લૂંટાયા પણ ચોર દીઠા', એવું કહે આપણે ત્યાં. એટલે છેતરાય તેનો વાંધો નથી. છેતરાઈને આવજો, છેતરીને ના આવશો. છેતરીને આવશે તો મોટી જોખમદારી છે. છેતરાવાથી કો'ક ફેરો મોટા મહાન પુરુષ મળી આવશે. એવા ચાર-પાંચ ઠગથી છેતરાયા હોય તો એક ફેરો એક સારો મળી આવશે. પણ છેતરાવાનું બંધ કરી દો એટલે દુકાન જ બંધ કરી દો, પછી સારો માણસ હોય તો તમે કેમ કરીને તે એક્સેપ્ટ કરો ? માટે ખુલ્લું રાખજો બારણું. છેતરાવાનું બારણું ખુલ્લું રાખજે. ના ફાવે તને ?

**પ્રશ્નકર્તા :** મને એ ફાવે. મારો એ જ ધંધો છે. મને ગમે છે એ.

**દાદાશ્રી :** હા, બરોબર. એ જ ધંધો રાખજે. મેં એ જ લાઈન પકડી'તી, છેતરાઈ છેતરાઈને. એટલે આ બધું જગત સમજવા જેવું છે.

## ગાંધીજી જાણી ગયેલા છેતરાવાની કળાની કિંમત

અહીં તો છેતરાવા જેવું કશું કિંમતી વસ્તુ જ નથી, પણ છેતરાઈને આવે તો બહુ ઉત્તમ જ...

**પ્રશ્નકર્તા :** ઉત્તમ ગણાય, હા.

**દાદાશ્રી :** તો પણ એને કિંમત નથી ને, કે આ નોટની શી કિંમત આવશે ! કોઈને એની કિંમત જ નહીં ને ? સમજણ જ નહીં ને ! છેતરાઈ આવવાની કિંમત આટલી બધી આવે, એવું જાણે લોકો ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ના જાણે, નહીં ?

**પ્રશ્નકર્તા :** એ લોકો તો હજુય ના જાણે ને ! લોકો તો જાણે જ નહીં ને એ !

**દાદાશ્રી :** એ ગાંધીજી એકલાને ખબર પડી'તી આ વાત, કે 'હું માણસજાતનો વિશ્વાસુ છું.' ત્યારે લોકોએ કહ્યું, કે 'તમે વારેઘડીએ છેતરાવ છો.' ત્યારે કહે, 'હવે છેતરાઈને પણ મને લાભ થાય છે. હું ક્યારેય પણ વિશ્વાસ છોડી નહીં દઉં, માણસ પર વિશ્વાસ રાખીશ.' એ ગાંધીજી એકલા જ જાણી ગયા'તા.

## આવી બાબતમાં ગાંધીજીને મળતું આવ્યું

**પ્રશ્નકર્તા :** ગાંધીજી એમ કહેતા ને, હું છેતરાવામાં માનું છું.

**દાદાશ્રી :** આ દુનિયામાં છેતરાવું એ તો મોટામાં મોટો આચાર છે, સદાચાર ! આ જગતમાં મોટામાં મોટો સદાચાર હોય તો છેતરાવું અને તે જાણીને છેતરાવું તે, હં. અજાણમાં તો ભોળા માણસોય છેતરાય.

**પ્રશ્નકર્તા :** ઉઘાડી આંખે.

**દાદાશ્રી :** ઉઘાડી ને સમજીને, કે અરેરે, બિચારાની દાનત આવી છે ! જવા દો ને, લેટ ગો કરો. ઉઘાડી આંખે છેતરાવું એ મોટો સદાચાર છે. એવો કોઈ સદાચાર નથી. ગાંધીજીએ કહ્યા પછી એ મને બહુ નાની ઉંમરમાં ફિટ થયેલું.

**પ્રશ્નકર્તા :** જી, એમ કે ?

**દાદાશ્રી :** હા, હું તો પહેલેથી છેતરાતો છેતરાતો જ આવ્યો છું.

**પ્રશ્નકર્તા :** અમે આપની પાસેથી હવે શીખીએ છીએ.

**દાદાશ્રી :** એ બાબતમાં ગાંધીજી અને મારે મળતું આવ્યું, ત્યાર પછી મને સમજાયું કે મારું હારું ગાંધીજી કહેવું પડે, ગાંધીજી ખરું કહે છે, 'જો તમે છેતરાશો નહીં, તો તમને કોઈ મહાન પુરુષ મળશે નહીં.' સો વખત છેતરાઈએ ત્યારે એકાદ જણ એવો સાચો મળી આવે. પણ જો તમે એમ જ કહો, કે હવે છેતરાવું નથી, તો સાચા માણસ છોડી દેશો. એટલે દુકાન ચાલુ રાખજો છેતરતા હોય તોય, એક માણસ સારો મળી આવશે. પણ બારણાં જ બંધ કરીએ, તો કોઈ ના આવે... એટલે કોઈને પેસવા જ ના દેવા ? તો પછી થઈ રહ્યું. તમને સમજાયું હું શું કહેવા માગું છું તે ?

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** અને છેતરીને શું લઈ જવાનો છે ? આ બધો એંઠવાડો છે બધો. શું લઈ જવાનો છે ? ત્યારે સંડાસ કંઈ ઓછું લઈ જાય છે આપણી પાસેથી ? ત્યારે આય બધા લઈ જાય છે એ બધુંય સંડાસ છે. પણ પોતાને સમજાય, પોતાની ભાષામાં સમજાય તેને શું થાય ? કામ લાગે એવી વાત છે ?

**પ્રશ્નકર્તા :** હા.

## છેતરાતા છેતરાતા જ કોઈ મહાન પુરુષ મળી જશે

**દાદાશ્રી :** એટલે છેતરાયેલો સારો. આગળ કો'ક દહાડો કો'ક સારો માણસ મળી આવે. છેતરાવાનું બંધ કરીએ તો એને સારો માણસ

શી રીતે મળી આવે ? છેતરાતા, છેતરાતા, છેતરાતા કોઈ સારો માણસ ના મળી આવે ?

**પ્રશ્નકર્તા :** મળી આવે, દાદા.

**દાદાશ્રી :** અને છેતરાવાનું બંધ કરી દઈએ, એ દુકાન જ, એ ઘરાકી જ બંધ કરી તો ?

**પ્રશ્નકર્તા :** ના આવે, દાદા.

**દાદાશ્રી :** હં, માટે સો જગ્યાએ છેતરાય પણ એક માણસ એવો મળી આવશે કે તારું કામ નીકળી જશે. માટે છેતરાઈને શીખો. શું કહ્યું ? છેતરાવું.

**પ્રશ્નકર્તા :** છેતરાવું.

**દાદાશ્રી :** એ મને ગમેલું બહુ. અને ગાંધીજીએ એમાં મને હેલ્પ કરી. ગાંધીજી કહે છે, 'હું તો માણસજાત ઉપર વિશ્વાસુ છું. છેતરાવાને જ મજા માનું છું.'

પણ મને તો આ જડેલું કે છેતરાવામાં કો'ક દહાડો કોઈ સારો માણસ મળી આવે છે આપણને. પણ છેતરાવાનું જે બંધ કરીને, કોરો-ચોખ્ખો રહે છે, તે ચોખ્ખેચોખ્ખો ત્યાં આગળ લાકડામાં જતો રહેશે. લાકડામાં ચોખ્ખો જ જતો રહે ને ?

**પ્રશ્નકર્તા :** હા, જતો રહે, દાદા.

**દાદાશ્રી :** અને અહીં તો કો'ક મળી આવેય, તે કામ કાઢી નાખે.

## છેતરાતા છેતરાતા સાચી વસ્તુ મળી આવશે

**પ્રશ્નકર્તા :** કામ કાઢી નાખે. પણ છેતરનારો છેતરાય છે, એમ કહેવાય છે ગુજરાતમાં.

**દાદાશ્રી :** તે હું એ માન્યતાવાળો છું. હંમેશાં છેતરાઈને સુખી થાવ. છેતરાઈને એક દહાડો તમે ગોલ (ધ્યેય) ઉપર પહોંચશો. ધર્મમાં આવી જગ્યાએ છેતરાયા, આ ધર્મમાં છેતરાયા, આ સ્કૂલમાં છેતરાયા,

પણ છેતરાવ તો એક દહાડો ગોલ પર પહોંચશો. પણ 'આ ખોટું છે બધું' કરીને એવું માંડવાળ ના કરી દેશો. તમારો ગોલ નહીં મળે. છેતરાતા છેતરાતા સાચી વસ્તુ મળી આવશે. એટલે ગાંધીજીની આ થીયરી બહુ સુંદર હતી, કે હું માણસજાતનો વિશ્વાસુ છું. અને એટલો જ હું વિશ્વાસુ હતો. હજુય છું એટલો વિશ્વાસુ.

**પ્રશ્નકર્તા :** ગાંધીજી એમ કહેતા, કે શરીરમાં જે સ્થાન શ્વાસનું છે, તે સમાજમાં વિશ્વાસનું છે.

**દાદાશ્રી :** હા, હા, એ સમાજમાં વિશ્વાસ.

**પ્રશ્નકર્તા :** હું દરેકમાં વિશ્વાસ મૂકું છું.

**દાદાશ્રી :** હા, દરેકમાં. ત્યારે કહે, 'કોઈ છેતરી જશે તો ?' ત્યારે કહે, ''એક છેતરશે, બે છેતરશે, પણ કો'ક દહાડો એવો માણસ મને મળી આવશે કે મારું કામ થઈ જશે.'' છેતરાતા છેતરાતા કામ સારું થશે. અને જે છેતરાવા ના રહ્યા એ તો ભટકીને મરી જશે તોય ઠેકાણું નહીં પડે. કારણ કે વિશ્વાસ જ ના બેસે ને ! શંકાશીલ થયા એનો ક્યારે પાર આવે ?

## સરળનું કામ થશે, શંકાશીલ રહેશે ત્યાંનો ત્યાં

તમને સમજાય છે આ થીયરી ?

**પ્રશ્નકર્તા :** હા, સમજાય છે. પણ દાદા, એક વસ્તુ તો છે ને, કે માણસ જ્યાં સુધી અનુભવ ના કરે ત્યાં સુધી માન્યામાં એ તો ના આવે ને ? ટૂ ટૉક સમથિંગ એન્ડ ટૂ ડૂ સમથિંગ ઈન પ્રેક્ટિકલ ઈઝ એન્ટાયર ડિફરન્ટ મેટર (કહેવું અને કરવું એમાં ખરેખર બહુ ફેર છે).

**દાદાશ્રી :** ના, અનુભવની જરૂર નથી. એ તો વિશ્વાસ... સરળ કોનું નામ કહેવાય ? આ ગાડી અહીંથી અમદાવાદ જાય છે, એટલે આપણે બેસી જઈએ, એનું નામ સરળ. અને પેલો, 'એની શું ખાતરી ? આપણે બીજે તપાસ કરીએ, પેણે ત્યાં.' ત્યાર હોરી પેલી ગાડી ઊપડી જાય. ગાડી ઊપડી જાય કે ના ઊપડી જાય ?

**પ્રશ્નકર્તા :** ઊપડી જાય.

**દાદાશ્રી :** કેટલીય ગાડીઓ ઊપડી ગયેલી આવી તો અને ભઈ ત્યાંનો ત્યાં ! એટલે ભગવાને શું કહ્યું ? સરળનું કામ થશે. અસરળને ત્યાં આગળ કામ ચાલે નહીં. સરળ એટલે શું ? ખેતરમાંથી ભીંડા લાવ્યા અને તરત વઘાર મૂકીને ચઢવા મૂક્યા કે તરત એ દસ મિનિટમાં વરકો વળી જાય. અને અસરળ એટલે શું ? ફ્રિજમાં મૂકેલા ભીંડા ! ફ્રિજમાં ભીંડા મૂકીએ બે દહાડા, તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** વાસી થઈ જાય, ચવડ થઈ જાય.

**દાદાશ્રી :** પછી એ અસરળ ભીંડા કહેવાય. એટલે સરળનો મોક્ષ છે ! આટલા લક્ષણ હોવા જોઈએ. નમ્રતા સાધારણ હોવી જોઈએ, સરળતા હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, એ તો ગુણો છે જ આપણામાં.

**દાદાશ્રી :** હા, પણ સરળતા હોવી જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** સરળતા તો છે જ.

**દાદાશ્રી :** સરળતા એટલે બીજા કહે કે તરત માની લે, ભલે છેતરાવાનું થાય. એક છેતરશે, બે છેતરશે, પાંચ છેતરશે. પણ તો સાચો માણસ ત્યાં મળશે, નહીં તો મળશે નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** ગાંધીજીની સિસ્ટમ સારી છે ? તમને કેવું લાગ્યું વાતમાં ? ગાંધીજીની સિસ્ટમ કેવી લાગી ?

**પ્રશ્નકર્તા :** હા, તે ઠીક છે.

**દાદાશ્રી :** છેતરાય, એ તો આપણા પ્રારબ્ધમાં લખ્યું હશે તો છેતરશે, નહીં તો છેતરશે શી રીતે ? એટલે છેતરાતા છેતરાતા આગળ જશો તો પેલું મળી આવશે. નહીં તો આપણે શંકાશીલ થયા એટલે પછી વહુ ઉપરેય શંકા પડે. અને આ દુનિયામાં શંકાશીલ ને મરેલો બે સરખા.

જે માણસને બધે શંકા જ આવ્યા કરતી હોય તે શંકાશીલ ને મરેલો, બેમાં ફેર નહીં. મરેલું જીવન જીવે એ ! મારી વાત સમજાય છે તમને ? શંકા કોઈ ઉપરેય, કોઈ વસ્તુ પર રાખવાની નહીં. શંકા એ મહાદુઃખ છે. એના જેવું કોઈ દુઃખ જ નથી. તમારો મહીંવાળો બધું ચલાવનારો છે, પછી શંકા શા હારુ રાખો છો ?

## જાતઅનુભવે કાયમ માટે છૂટ્યા પ્રિજ્યુડિસથી

**પ્રશ્નકર્તા :** દાદા, ધારો કે આપણને ખબર પડે કે કોઈ માણસ ચોર છે, તો એના પર તો શંકા રહે જ ને ? એના પર વિશ્વાસ કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** કોઈ માણસે ચોરી કરી હોય અને આજે આપણને શંકા પડે કે આ તો પેલો કાલે ગજવામાંથી લઈ ગયો હતો તે આવ્યો છે. તોય શંકા ના રખાય. કર્મનો ઉદય કાલે એવો હોય ને કાલે ચોરી કરી હોય, અને આજે નાય કરે. હું જ એક ફેરો છે તે એક માણસ અવિનયથી બોલી ગયો હતો અમને જ્ઞાન થતા પહેલા, તે ફરી પાછો આવ્યો. આવ્યો તો મેં કહ્યું, 'આ શું કરવા આવ્યો હશે ?' મને તો અવિનય પોસાય નહીં. પૈસા ખોટી રીતે લઈ જાય તો વાંધો નહીં, પણ અવિનય ના પોસાય. અને આ દુકાન માનની. માનની દુકાનમાં અવિનય શી રીતે પોસાય ? પૈસા લઈ જાય તેનો વાંધો નહીં. એ તો દબાયેલો રહે ને, મૂઓ. આપણે દબાયેલો રાખવો છે ને !

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** પૈસા લઈ જાય એ દબાયેલો રહે કે ના રહે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પછી પેલો આવ્યો ફરી. એટલે મેં કહ્યું, કે આ પાછો ક્યાં આવ્યો ? મને એને માટે અવળો વિચાર આવ્યો. પછી એ મને કહે છે, 'હમણે ને હમણે કાકા હેંડો, મારે ત્યાં જમવાનું છે.' અલ્યા, મારા મનમાં અવળો વિચાર થઈ ગયો. આણે જમવા બોલાવ્યો ને એની પર

મેં આવો વિચાર કર્યો ? એટલે મોટી ચોપડીમાં લખ્યું મોટા અક્ષરે. કેવડી મોટી ભયંકર ભૂલ કરી ! એ જમવા બોલાવવા આવતો હતો તેની મને ખબર ના પડી. મેં માની લીધું, કે આ મૂઓ ઊલટો આવ્યો. બને ખરું એવું ?

**પ્રશ્નકર્તા :** હા, બને જ છે.

**દાદાશ્રી :** બને કે ના બને ?

**પ્રશ્નકર્તા :** બને ને, બને.

**દાદાશ્રી :** તમારે કોઈ દહાડો બનેલું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પ્રિજ્યુડિસ થાય છે ?

**પ્રશ્નકર્તા :** મનનું ચિતરામણ, જે પ્રસંગ બન્યા પહેલાનું ચિતરામણ હોય છે, તેના પ્રમાણે પ્રસંગ હોતો જ નથી. મનના ચિતરામણ મુજબ...

**દાદાશ્રી :** પ્રસંગ હોતો જ નથી. આજે જે કોઈ પણ કાર્ય કરે છે, તે કાલે છે તે શું કરશે એ કહેવાય નહીં. માટે તમે એના માટે કહી શકો નહીં અને કહેશો તો જોખમદાર બનશો.

## બે-પાંચને આધારે બધાને દગાખોર ન કહેવાય

ગાંધીજી વિશ્વાસ બધે રાખતા. કારણ કે એમનો તો સિદ્ધાંત જ હતો ને, કે છેતરાઈ અને આગળ જવું. શું કહે છે ? જાણીબૂજીને, સમજીને છેતરાવું, એના જેવી પ્રગતિ કોઈ નથી આ દુનિયામાં.

એ તો સિદ્ધાંત બહુ ઊંચો હતો એમનો. એમને મનુષ્યજાતિનો વિશ્વાસ ઊંચો. એમાં દસ જણા વિશ્વાસઘાત કરે એટલે આપણે મનુષ્યજાતિનો વિશ્વાસ છોડી દેવો ? ના છોડી દેવાય. તમને કેમ લાગે છે ? આપણા લોકો તો શું કરે છે ? બે-પાંચ ભઈબંધોએ દગો દીધો હોય તો 'બધાં દગાખોર છે...' અલ્યા મૂઆ, ના બોલાય આવું. મહીં પરમાત્મા

જેવા લોકો છે. આ આપણી આડવંશ દેખાય છે આવી, પણ પરમાત્મા જેવા છે આ બધા. ભલે ને, હમણે સંજોગોને આધારે આવી દશા છે, પણ જો મારું જ્ઞાન આપું તો એક કલાકમાં કેવા થઈ જાય છે, નહીં ? આમ આગલે દહાડે શાકવાળી જોડે કચકચ કરતો હોય, પણ આ જ્ઞાન આપું તો બીજે દહાડે ડાહ્યો થઈ જાય. એટલે પરમાત્મા જેવા છે, પણ એમને સંજોગ બાઝ્યા નથી.

એટલે છેતરાવામાં વાંધો નહીં ને ? તમને એ સિદ્ધાંત ગમ્યો ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** મને બહુ ગમતો હતો એ સિદ્ધાંત. કારણ કે સમજીને છેતરાવું તે પ્રગતિ આપે છે. અને અણસમજણથી છેતરાવું એમાં લાભ નથી. એમાં છેતરનાર માર ખાય છે. આ વાણિયા આદિવાસીઓને શું કરે, વેપાર કરે તે ? આ વાણિયા વેપારી હોય, તે આદિવાસીઓ જોડે બુદ્ધિનો દુરુપયોગ કરે કે ના કરે ?

**પ્રશ્નકર્તા :** છેતરે જ એમને.

**દાદાશ્રી :** વાણિયો વધારે બુદ્ધિવાળો, પેલો ઓછી બુદ્ધિવાળો, તે એને છેતરે. તેમાં આદિવાસીને તો એનો જે હિસાબ બનવાનો, તે વ્યવસ્થિત બની ગયું, પણ પેલો વાણિયો તો ઠેઠ ફરી આદિવાસી થાય એવો... ! આદિવાસી નહીં, જાનવરપણું થાય. કેવું ? તે પોતે પોતાની જાતને જ છેતરી રહ્યા છે ને લોકો ! બીજા કોઈને છેતરી શકે જ નહીં ને !

❖❖❖❖❖

# [૨.૪]
# માનીને માન આપે, લોભિયાથી છેતરાય

## મૂર્ખાઓ છેતરવાની જોખમદારી લે

**પ્રશ્નકર્તા :** દાદા, કબીરજીના ભજનનો એક દોહો છે,

'કબીર આપ ઠગાઈયે, ઔર ન ઠગીયે કોઈ,
આપ ઠગે સુખ ઉપજે, ઔર ઠગે દુઃખ હોય.'

આ સિદ્ધાંત વાસ્તવિક રીતે, લૌકિક રીતે કોઈ દુનિયાદારીને ગમતો નથી. તો એ યથાર્થ શું છે ?

**દાદાશ્રી :** સાચી જ આ વાણી છે. આખી જિંદગી સુધી અમે આ જ ધંધો માંડેલો.

**પ્રશ્નકર્તા :** પોતાને ઠગાવાનું હોય તો ગમે કોઈને ? બીજાને ઠગવાનું જ શોધતા હોય. આ બધી દુનિયા બીજાને જ ઠગવાનું શોધે છે.

**દાદાશ્રી :** ના, ના... જુઓ ને, આ અમે ભગવાન થયા, છેતરાઈને થયા છીએ. છેતરાય છેતરાય કર્યું આ લોકોની જોડે. અને છેતરે એનો ગુણ માનું પાછો હું કે ભલે, બહુ સારું થયું બા. નહીં તો આપણે પાંચ હજાર રૂપિયા આપીએ ને, તોય કોઈ છેતરે નહીં આપણને. હું તમને પાંચ હજાર રૂપિયા આપું તોય તમે છેતરો નહીં, કે આ જોખમદારી હું શું કરવા લઉં ? અને આ મૂર્ખાઓ એમ ને એમ લે છે જોખમદારીઓ.

કોણ લે છે ? ફૂલિશ લોકો એમ ને એમ જોખમદારીઓ લે છે. ડૉક્ટર, લે કે ના લે ?

**પ્રશ્નકર્તા :** લે જ.

## આમ છેતરાઈને લાવે ઉકેલ, માની ને લોભી જોડે

**દાદાશ્રી :** જે છેતરાયા ને, તેનું કલ્યાણ થશે. જે છેતરીને આવ્યા છે એનું અકલ્યાણ થવાનું. અમે આખી જિંદગી જાણીને લેટ ગો જ કરેલું. એની બિચારાની જો આવી જ ઈચ્છા છે, ને મારા સંબંધની કિંમત આવી સમજે છે, તો એટલાથી પતી જવા દો ને ! આ સંબંધની શું કિંમત છે, એ કોને સમજણ પડી ? એ તમને સમજણ પડી, તો તમે આ બધાને કહ્યું, કે 'ભાઈ, આવું છે આ તો.'

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** આ સાહેબને સમજણ પડી, તો એમણે બધા લોકોને કહી, સંબંધની કિંમત ! આ ઓળખાણની કિંમત શું છે, એ જાણવી જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** હા, જાણવી જોઈએ.

**દાદાશ્રી :** તેથી કવિએ લખ્યું છે ને, માનીને માન આપી...

**પ્રશ્નકર્તા :** લોભિયાથી છેતરાય.

**દાદાશ્રી :** હા... 'માનીને માન આપી, લોભિયાથી છેતરાય.' એટલે મને કોઈ માની ભેગા થાય અને હું મારી વાત એને કરવા માગું, પણ વાત ઊંડી ઊતરે નહીં. એટલે હું જાણું કે આ માની છે. એટલે પછી હું કહું, તમારી વાત જુદી છે. તમારી વાત આમ છે, તેમ છે કહીને ખસી જઉં. ક્યાં એની જોડે બેસી રહું ? અહીં મારું પાણી ઊતરે એવું નથી. મારી મહેનત નકામી જવાની છે. તે માનીને માન આપીએ તો મને જવા દે, નહીં તો જવા દે કે ? 'તમારામાં અક્કલ નથી' કહ્યું કે 'ઊભા રહો, તમે કહેનાર કોણ ?' એટલે માન આપીએ તો જવા દે. જવા દે કે ના જવા દે ?

**પ્રશ્નકર્તા :** હા.

## બનાવટ કરીનેય જગતને ખુશ કરી નીકળી જાવ

**દાદાશ્રી :** એડજસ્ટમેન્ટ આપણે લેવાનું છે. હાઉ ટૂ એડજસ્ટ એવરીવ્હેર, એવું સમજવું જોઈએ. પેલો લોભિયો હોય, તો આપણે ઘસાઈ છૂટવું જોઈએ. એટલે એ ખુશ થઈ જાય. પેલો માની હોય તો એને માન આપી છૂટવું. એને આમ માન-તાન આપીને, 'આવો, પધારો' આમ તેમ કરીને નિવેડો લાવો. નહીં તો એ બૂમો પાડે. જુઓ ને, હવે આ મોટા કન્ટ્રાક્ટર થઈ ગયા છે ! મગજ કેટલું પાવરવાળું થઈ ગયું છે ! એના કરતા આ 'આવો, પધારો' એમ કહીએ તો નિવેડો આવે. એવું છે ને, માન આપીને અમારે એની પાસેથી કંઈ જોઈતું નથી, પણ એને દુઃખ ના થાય. એનો સ્વભાવ જળવાઈ રહે. એ કહે, 'મને કશું દુઃખ થયું નથી.' એના સ્વભાવ ઉપર પાટું મારીએ તો એને દુઃખ થાય. એના સ્વભાવ ઉપર આપણે ઘા કરીએ તો દુઃખ થાય. હવે માની સ્વભાવનો છે ને એને આપણે હમણાં એમ કહીએ, 'શું અક્કડ થઈને ફર્યા કરો છો આમ ?' તો દુઃખ થાય બિચારાને ! એવું શા માટે આપણે કરીએ ?

કોઈનેય દુઃખ થયું ને તું મોક્ષે જઈશ એ બનશે નહીં. કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ થયું ને તું મોક્ષે જઈશ એવું બનશે નહીં. માટે અટાવી-પટાવીને છેવટે 'ભાઈસાહેબ' કહીનેય પણ એને ખુશ કરી નાખ. એક જણ કહે છે, 'મહારાજ મારી જોડે બહુ ચિડાયા છે.' તે મેં કહ્યું, 'મહારાજને એમ કહેજે, કે મારી બૈરીએ આજ મને માર્યો ને, સાહેબ, તે મેં તમારું નામ દીધું તો બાયડી ખુશ થઈ ગઈ.' એટલે મહારાજ સાહેબ ખુશ થઈ જાય. એમાં શું, આમ બનાવટ કર ને, મૂઆ ! બનાવટ કરીનેય પણ જગતને ખુશ કરો. એના મનનું સમાધાન કરી આપો ફક્ત. નહીં તો એ મોક્ષે નહીં જવા દે. સ્વતંત્ર છે બધા.

## એટલે જાણી જાય બધાનું બધું જ

અમને ક્રોધી મળે ને, તોય અમે એને શાંતિ આપતા'તા. જો એનાથી ક્રોધ થઈ જાય ને, તો અમે એનું કશું એ ના કરીએ, એટેક-બેટેક કશું કરીએ નહીં, ત્યારે પછી પસ્તાતો આવે આપણી પાસે. પછી કહે,

'તમે કશું બોલતા નથી, પણ મારો સ્વભાવ છે આવો, તે હું બોલી ગયો.'

હું આખી જિંદગી માનીને માન આપી ખુશ રાખતો. હેલ્પ માગે તેને હેલ્પ આપીને ખુશ રાખતો, સ્વાર્થીઓને તેનો સ્વાર્થ સધાવીને ખુશ રાખું. કપટવાળાને કપટ, ચોરીવાળાને ચોરી પણ કરવા દઉં, તે લોકો મને ભોળો જાણે પણ હું બધું જ જાણું.

**પ્રશ્નકર્તા :** હા, દાદા, તમે અમારા બધાનું બધું જાણી જાઓ છો.

**દાદાશ્રી :** તમને એમ લાગે કે આ દાદા શી રીતે જાણી ગયા છે બધું આ બધાનું ? કારણ કે સૌથી ભોળામાં ભોળો માણસ હું, એટલે ભોળા માણસને બધું માલૂમ પડી જાય.

**પ્રશ્નકર્તા :** બધું માલૂમ પડી જાય, હં.

**દાદાશ્રી :** ભોળો માણસ ટચમાં વધારે આવે ને !

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** છેતરાય વધારે, બધું વધારે... એમ કરતા કરતા ખબર પડી જાય કે આ આવો જ માલ છે. છેતરાતા છેતરાતા સમજણ પડે. છેતરાયો જ ના હોય તો ?

**પ્રશ્નકર્તા :** તો ના ખબર પડે.

## જે તે રસ્તે અહીંથી છટકબારી કરવા જેવી

**દાદાશ્રી :** હું લોભિયા જોડે છેતરાઈને ચાલેલો. કારણ લોભિયા માણસને જો હું છેતરાઉં નહીં, તો એના મનમાં થાય કે આ મારે ત્યાં આવ્યા પણ કશું કામ લાગ્યા નહીં. એ તો મનમાં એમ જ સમજે કે દાદા મળ્યા, એમાં મને શું મળ્યું ? એવા ભગતડા બહુ મળે છે. 'ના બા, તું અહીં છેતરી જા મને.' કેટલુંક છેતરી જવાનો ? સો, બસ્સો, પાંચસો લઈ જવાનો. પણ એને સંતોષ થાય.

જ્ઞાન નહોતું, પણ આમાં જરાય કાચા ન પડીએ. કારણ કે આ છેતરી ગયો એ તો નફામાં જાય. પણ જાણીબૂજીને છેતરાવાની જ ટેવ

હતી પહેલેથી. એનો સ્વભાવ છે એ કર્યા વગર રહે નહીં. એ બિચારાને સંતોષ તો થવો જોઈએ ને ! મારો હિસાબ મોક્ષે જવાનો હતો ને, એટલે આ બીજી કોઈ બાબતમાં બહુ પડેલી નહોતી. એટલે શું માનતો'તો, કે છેતરનાર હોય એનેય અસંતોષ ના થાય એટલા માટે એક વખત છેતરી ગયો તો ફરી પણ છેતરાવાની જગ્યા રાખતો, કે ભલે બિચારાને સંતોષ થાય. ગમે તે રીતે માન ખાવાની આદત હોય એટલે એને માન-તાન આપીને પણ મારો રસ્તો નીકળ્યા કરે ને ! હું અપમાન કરું તો મને પકડી રાખે લોકો બધા. 'ક્યાં, મોક્ષે જવાનું છે ? નથી જવાનું.' એટલે જે તે રસ્તે આ લોકોને માન-તાન આપીને, પૈસા આપીને પણ અહીંથી આ છટકબારી કરો. આ બધું અહીં જ પડી રહેવાનું છે. નહીં આપો તો છેવટે લઈ લેશે. મારી-ઠોકીને લઈ લે કે ના લઈ લે ?

**પ્રશ્નકર્તા :** હા, લઈ લે. નહીં તો પડ્યું રહે.

**દાદાશ્રી :** તો તે ઘડીએ મા-બાપ કહેવું તેના કરતા પહેલેથી મા-બાપ કહો ને ! પણ શું થાય ? કર્મમાં લખેલા વાંધા હોય ને, તે છૂટે નહીં બા. તે જશ મળે નહીં અને વાંધા કાઢે.

## આ તો પુદ્ગલની લે-વેચ

લોભિયો જે મળે ને, એ હું જાણું કે બસ્સે-પાનસેની લાલચ હારુ આ માણસ કરે છે. માટે ઘસાઈ છૂટો ને ! અને આપણને જવા દે ને અહીંથી ! નહીં તો કોણ જવા દે ?

**પ્રશ્નકર્તા :** ન જવા દે, બરોબર છે.

**દાદાશ્રી :** હું જાણું કે આની ઈચ્છા છે. બિચારાની ઈચ્છા પૂરી થવા દો ને કશી. અને શું લઈ જવાનો છે ? પુદ્ગલ સિવાય બીજું કશું લઈ જાય ? આત્મા લઈ જાય ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** આત્મા ના લઈ જાય, નહીં ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** પણ આપીએ જ શી રીતે ? જાણતા જ નથી તો આપીએય શી રીતે આત્મા ? પુદ્ગલના બજારમાં પુદ્ગલની લે-વેચ. લે-વેચેય પુદ્ગલની ને ! આત્માનું બજાર જ હતું નહીં, તે ઘડીએ. પરક્ષેત્રે હતા, પરવૃત્તિમાં હતા. એટલે આ જ્યારે ક્ષેત્ર બદલાય પોતાનું, સત્તા બદલાય, પરસત્તાના બદલે સ્વસત્તા ઉત્પન્ન થાય, પછી ચાલુ થઈ ગયું બધું.

## મને ધર્મ કરવા દે છે કે નહીં, એટલું જ જોવાનું

લોભિયાથી છેતરાયો એનું નામ જ ઊંચામાં ઊંચો માણસ !

**પ્રશ્નકર્તા :** લોભિયાથી છેતરાયો તેનું નામ ઊંચામાં ઊંચું ?

**દાદાશ્રી :** હા. આ તો આપણા લોક શું કહે ? 'ભલભલા મને છેતરી નથી શક્યા, એમનું શું ગજું છે ?' અલ્યા મૂઆ, એનો છેતરનારનો ધંધો છે, એને થવા દે ને ! ધંધો ચાલવા દે ને ! તમારો કંઈ ધંધો છે છેતરવાનો ? એના બિઝનેસને ના ચાલવા દેવો જોઈએ ? આપણે એને હેલ્પ તો કરવી જ જોઈએ ને કંઈક, બિઝનેસ ચાલતો હોય તેમાં ? ના કરવું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** હા, હેલ્પ થવા દ્યો. ભલે હેલ્પ થાય.

**દાદાશ્રી :** ના, એમ નહીં. એ કરવા માગે છે, તો પછી થવા દો આપણે, નહીં તો કોચ કોચ કર્યા કરશે.

હું ઓળખું કે આ માની છે, એટલે એને માન આપીને આપણે આપણું કામ કાઢી લેવાનું. લોભિયો હોય ત્યાં છેતરાવાનું થોડીવાર. છેતરે એટલે એ જાણે કે આપણે આપણું કામ થઈ ગયું અને આપણે આપણું કામ કાઢી લેવાનું. મને ધર્મ કરવા દે છે કે નહીં, એટલું જ જોવાનું. નહીં તો પેલા લોભિયાને, જો છેતરાવ નહીં તો લોભિયો ધર્મ કરવા દે નહીં.

## સર્વનો અહમ્ પોષી, વીતરાગ ચાલી જાય

એટલે આમાં કવિએ લખ્યું છે, કે લોભિયાથી છેતરાઈએ અમે. માનીને માન આપીને ખસી જઈએ, આમ વીતરાગ ચાલ્યા જાય. અને

લોભિયાથી જાતે જ છેતરાઈએ, આ અમારો ધંધો. તેમ કરીને છુટકારો થયો. મારે મોક્ષે જવું છે. હું અહીં આગળ પૈસા ભેગા કરવા નથી આવ્યો. તેથી કવિરાજે કહ્યું છે ને, 'વીતરાગ ચાલી જાય...'

**પ્રશ્નકર્તા :** 'માનીને માન આપી, લોભિયાથી છેતરાય,
સર્વનો અહમ્ પોષી, વીતરાગ ચાલી જાય.'

**દાદાશ્રી :** સર્વનો અહમ્ પોષી વીતરાગ ચાલ્યા જાય. એનો અહમ્ પોષાઈ જાય બિચારાને ! એટલે આપણે થયું, છુટકારો થઈ ગયો ને ! કંઈ રૂપિયા ઠેઠ આવવાના છે ? અહીં છેતરાઈ જાવ ને આમ. આ નહીં તો એમ ને એમ છેતરાઈ જશો. નિર્વારસી લોકો વારસદાર થશે. શું ?

**પ્રશ્નકર્તા :** નિર્વારસી થશે.

**દાદાશ્રી :** હા, તો એના કરતા આ લોકોને લઈ લેવા દો, છેતરવા દો ને ! કોઈ આપણું છે નહીં. છેતરવા દો ને, છેતરવા આવ્યો તેને. ના છેતરે તેને આપણાથી કહેવાય કંઈ ?

**પ્રશ્નકર્તા :** ના કહેવાય.

**દાદાશ્રી :** છેતરવા આવ્યો તેનું મોઢું શું કરવા દબાઈએ ?

**પ્રશ્નકર્તા :** હવે તમારી પાસેથી પૈસા લીધા તો એની શી દશા ? એને લાભ કે ગેરલાભ ? તમને છેતરીને પૈસા લઈ ગયો તો એને લાભ કે ગેરલાભ ?

**દાદાશ્રી :** એ એનું જે થવાનું હોય તે થાય. મારી શિખામણથી એમ નથી કર્યું ! અમે તો એની વૃત્તિ પોષી છે. કૂતરું ખાવા આવ્યું તો ભલે ને, અણહકનું ખાવા આવ્યું, પણ લાપોટ અમે નથી મારી, ખઈ જા, બા. એનો ગેરલાભ થાય.

**પ્રશ્નકર્તા :** ગેરલાભ થાય ?

**દાદાશ્રી :** એ તો અણહકનું લે એટલે ગેરલાભ થાય જ ને ! પણ અમારો મોક્ષ ખુલ્લો થયો ને ! વીતરાગ ચાલ્યા જાય. કેવું ?

**પ્રશ્નકર્તા :** વીતરાગ ચાલ્યા જાય.

**દાદાશ્રી :** સર્વનો અહમ્ પોષીને. અહમ્ ના પોષીએ તો જવા જ ના દે ને, આ લોકો. જવા દે કે ? 'અમારું આ બાકી રહ્યું, અમારું આ બાકી રહ્યું, એ પોષો.' જવા દે કોઈ ?

**પ્રશ્નકર્તા :** ના જવા દે.

**દાદાશ્રી :** ફાધર-મધર જવા દે, નહીં ?

**પ્રશ્નકર્તા :** જવા દે.

**દાદાશ્રી :** કોઈ જવા ના દે. 'તેં તો મારું કશું ધોળ્યું નહીં', કહે. અલ્યા મૂઆ, આવો બદલો ખોળો છો ? બદલો તો સહજાસહજ મળે તો સાચી વાત. નહીં તો મા-બાપને બદલો ખોળવાનો હોય ? બદલો ખોળે એ મા-બાપ જ ના કહેવાય ને ! એ તો ભાડૂતી કહેવાય.

સમજીને છેતરાનારા ઓછા હોય, નહીં ?

**પ્રશ્નકર્તા :** હોય જ નહીં, ના હોય.

**દાદાશ્રી :** તો મોક્ષનો માર્ગેય મળી આવે ને ! જાણીજોઈને છેતરાયેલા એ મોક્ષે ગયેલા અને અજાણથી છેતરાય એ તો ભટકવાનો માર્ગ. આખું જગત અજાણથી છેતરાઈ રહ્યું છે ને ! અને હું તો જાણીને છેતરાયેલો છું.

## વીતરાગો આત્મામાં પાકા, પુદ્ગલમાં કાચા

વીતરાગ કંઈ કાચી માયા નથી. બધાય કાચા હશે પણ વીતરાગો જેવા કોઈ પાકા નહીં. અસલ પાકા ! બહુ અક્કલવાળા એમને શું કહેતા હતા ? ભોળા હઉ કહેતા હતા. આ વીતરાગો જન્મેલા ને, ત્યારે એમના ભાઈબંધોએ એમને 'ભોળા' કહ્યા છે, 'ભોળા છે, મૂરખ જેવા છે.' મૂઆ, તું મૂરખ છું, તારો બાપ મૂર્ખો છે ને તારો દાદોય મૂર્ખો છે ! એને તો તું કે કોઈ ઘટાવી શકશે નહીં, એવા એ ડાહ્યા હોય. પોતાનો રસ્તો ચૂકે નહીં. એ છેતરાઈને એનો રસ્તો ના ચૂકે. કેવું ?

**પ્રશ્નકર્તા :** છેતરાઈને રસ્તો ના ચૂકે.

**દાદાશ્રી :** એ કહેશે, જો હું છેતરાઈશ નહીં, તો આ મારા રસ્તે જવા નહીં દે. એ કેવા પાકા ! માટે છેતરાઈને પણ એ છે તે પોતાનો રસ્તો ના ચૂકે. પેલો શું જાણે કે આ કાચો મૂઓ છે ! નહોય કાચો, અસલ પાકો !

**પ્રશ્નકર્તા :** આ વીતરાગોની પક્કાઈ તમે આ એક કહી, હવે બીજી કઈ કઈ જગ્યાએ વીતરાગોની પાકાઈ હોય છે ?

**દાદાશ્રી :** પોતાના હોમ ડિપાર્ટમેન્ટમાંથી બહાર ના નીકળવું એ એમની પાકાઈ ! અને બહારનું જે લૂંટાતું હોય તો લૂંટાવા દે, ત્યાં પાકાઈ નથી. જ્યાં આ લોકોને પાકાઈ છે ત્યાં એમની પાકાઈ છે નહીં. બહારનું લૂંટાતું હોય તો લૂંટાવા દે, પણ પોતાના ઘરમાં લૂંટાવાનું નહીં. જગતના લોકો પોતાના ઘરનું લૂંટાવીને બહારનું લૂંટાવા નથી દેતા. શું કરે છે ? એવું તું કહું તો તને મારવા ફરી વળશે. 'અમે અમારા ઘરનું લૂંટાવીએ ? અમે કંઈ ગાંડા છીએ ?' કહેશે. આ શું કહેવા માગે છે એ સમજણ ના પડે ને ! એ પુદ્ગલમાં પાકા એ પાકા જ ના કહેવાય. પુદ્ગલમાં પાકા એ જ કાચા.

## જ્ઞાની વગર પણ આવા લક્ષણે મોક્ષે ચાલ્યો જશે

આ દુનિયામાં જે જાણીજોઈને છેતરાય એના જેવો પાકો જગતમાં કોઈ છે નહીં. જાણીબૂજીને છેતરાય, એના જેવો કોઈ પાકો છે નહીં, અને તે જાણીબૂજીને છેતરાયેલા તે જ વીતરાગ થયેલા છે આ. અને હજુય પણ જેને વીતરાગ થવું હોય એ જાણીબૂજીને છેતરાજો. અજાણમાં તો આખી દુનિયા છેતરાઈ રહેલી છે. સાધુ-સંન્યાસી, બાવો-બાવલી સૌ કોઈ છેતરાઈ રહ્યું છે. પણ જાણીબૂજીને છેતરાય, એ આ વીતરાગો ! નાનપણથી જ જાણીબૂજીને ચોગરદમથી છેતરાયા કરે. જાણીને છેતરાય છતાંય ફરી પાછા પેલાને એમ ના લાગવા દે કે તું મને છેતરી ગયો છું, એ મારી આંખમાં તું વાંચી જઉં. આંખમાં ના વાંચવા દે. આવા પાકા ! એ જાણે કે આનો પુદ્ગલનો વેપાર છે. બિચારાને પુદ્ગલ લેવા દે ને !

મારે પુદ્ગલ આપી દેવાનું છે. લોભિયો છે એને લોભ દેવા દે, માની હોય તેને માન આપીને પણ એનો ઉકેલ લાવે, પોતાનો રસ્તો ના ચૂકવા દે.

**પ્રશ્નકર્તા :** પ્રેમથી આપીને.

**દાદાશ્રી :** હા, પોતાનો મૂળ માર્ગ જે પ્રાપ્ત થયો છે એને ચૂકે નહીં, એવા વીતરાગ ડાહ્યા હતા. અને અત્યારે પણ એવો માર્ગ પકડશે, એને મોક્ષનો વાંધો જ શું આવે તે ? જ્ઞાની પુરુષ તો આજે છે. આ તો આજ ખોળિયું છે અને કાલે પરપોટો ફૂટી જશે, ત્યારે શું કંઈ મોક્ષમાર્ગ રખડી મર્યો છે ? ત્યારે કહે, ના. આટલી શરતો હશે, કે જેને મોક્ષ સિવાય બીજી અન્ય કોઈ પણ જાતની કામના નથી અને જેને પોતે જાણીજોઈને છેતરાવું છે એવા કેટલાક લક્ષણો એનામાં પોતાનામાં હશે ને, તો એના મોક્ષને કોઈ રોકનારો નથી. એમ ને એમ એકલો ને એકલો જ્ઞાની સિવાય બે અવતારી થઈને ચાલ્યો જશે.

## ચેતવે દાદા, ભયંકર કાળની દુંદુભિ વાગી રહી છે

જગતથી છેતરાઈનેય પણ મોક્ષે ચાલ્યા જવા જેવું છે, વખત ખરાબ આવી રહ્યો છે. એક્યાશી હજાર વર્ષ સુધી તો માણસને ઊંચું જોવાનો વખત નથી મળવાનો. એટલા ભયંકર દુઃખોમાં, યાતનામાં રહેશે બધા ! માણસ માણસ થશે તોય !

**પ્રશ્નકર્તા :** એક્યાશી હજાર વર્ષ ?

**દાદાશ્રી :** હા. તેથી આપણે કહીએ ને કે ચેતો, ચેતો, ચેતો. તેથી કવિએ કહ્યું ને, કે 'ઉઠાવી લ્યો આ છેલ્લી તક.' છેલ્લી તક ઉઠાવી લ્યો, કહે છે.

❖❖❖❖❖

# [૩]

# કોટ પર પડ્યો ડાઘ

## દૂધ જેવા સફેદ કોટ પર પાનની પિચકારી !

**પ્રશ્નકર્તા :** દાદા, પેલા કોટ પર પાનની પિચકારી પડી હતી તેની વાત કરો ને.

**દાદાશ્રી :** આ જ્ઞાન થતા પહેલા હું એક ફેરો લાંબો સફેદ કોટ પહેરીને લગનમાં જતો હતો. અહીં સુધીનો (ઘૂંટણ સુધીનો) લાંબો કોટ પહેરીને, બટનો-બટનો ટાઈટ વાસીને. એકદમ સફેદ કોટ, ધોયેલો અને ઈસ્ત્રીવાળો, આમ પહેરીને જતો'તો અલકાપુરી, લગ્નમાં. તે ત્યાં આગળ મામાની પોળથી બહાર નીકળ્યો, તે આમ જતા જતા ઉપરથી કો'ક થૂંક્યો, ત્રીજે માળથી, પાનવાળું. તે પાનવાળું અહીં કોટ ઉપર પડ્યું. સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ એવા, તે ત્રીજે માળેથી એનું થૂંકવાનું, પાન ખાનારો હશે માણસ, એનું થૂંકવાનું ને મારું આ કોટ પહેરીને જવું અને લગનનો ટાઈમ થઈ ગયેલો એટલે હું ઉતાવળમાં હતો. તે ઘોડાગાડી ખોળતો હતો એટલામાં. ત્યાર હોરું પેલો ભઈ ઉપરથી થૂંક્યો તો અહીં કોટ ઉપર પડ્યું. એટલે મેં જાણ્યું કે આ સાલું લાલ લાલ શું થઈ ગયું ? પાન ખાધેલું થૂંક્યું તે અહીં જ પડ્યું સીધું. સફેદ ફર્સ્ટ ક્લાસ દૂધ જેવો કોટ અને પેલો પાનવાળું થૂંક્યો. નિરાંત (!) બોલો, સફેદ કોટની શી દશા થાય ? હવે લાંબો કોટ એક જ હતો. હવે લગનમાં જવાનું, તે શી

દશા થાય ? પેલો માણસ થૂંક્યો તો થૂંક્યો, પણ એ સમજી ગયો, કે 'આ ભૂલ થઈ મારી.' એટલે અંદર પેસી ગયો. મેં આમ ઉપર જોયું, ત્યાં એ ખસી ગયો અંદર.

## આમાં દોષ કોનો ? આમ કારણો તપાસતા વ્યવસ્થિત જડેલું

કોટ લાલ, ફર્સ્ટ ક્લાસ દેખાવા માંડ્યો. પહેલા તો જરા મિજાજ ખસી ગયો પણ પછી વિચાર્યું કે જાણીજોઈને કંઈ થૂંક્યો છે બિચારો એ ?

**પ્રશ્નકર્તા :** ના, જાણીજોઈને નહીં.

**દાદાશ્રી :** અંદર પેસી ગયો એ શું કારણ ? થૂંકીને એને અરર થઈ ગયું, સાલું ભૂલથી પડ્યું એ પડ્યું પણ આ તો કો'કની ઉપર પડ્યું. એટલે આપણે વિચારવું જોઈએ ને જરા તો. આપણે જો એ જગ્યાએ થૂંકતા હોઈએ અને એવું થાય તો શું થાય ?

પણ મને તરત સમજાઈ ગયું, તરત જ આ જ્ઞાન બધું હાજર થઈ ગયું. મહીં વ્યવહારિક જ્ઞાન હાજર ને, તે મહીં ન્યાય થવા માંડ્યો, કે 'થૂંકનાર જાણીજોઈને થૂંક્યો છે કે અજાણથી થૂંક્યો છે ?' ત્યારે મહીં ખાતરી થઈ ગઈ કે અજાણતાથી થૂંક્યો'તો. કારણ કે એ થૂંકનાર ભડકીને તરત ભાગી ગયો'તો, મેં ઉપર જોયું ત્યારે.

**પ્રશ્નકર્તા :** હા, એટલે અજાણતાથી થૂંક્યો'તો.

**દાદાશ્રી :** આ માણસને કંઈ બિચારાને મારી પર થૂંકવાની ઈચ્છા હતી નહીં. એની ઈચ્છા આવી નહોતી, છતાં થૂંકાઈ ગયું, અને મારી પર પડ્યું એટલે જતો રહ્યો પેલો આદમી. મેં જોયો ને તરત ભાગ્યો. એ ભડક્યો, કે આ શું થયું ? એટલે મેં કહ્યું, એ તો ભડક્યો છે બિચારો, એટલે એનો દોષ છે નહીં. તો દોષ કોનો ? તો કહે, મારો. મારે ભાગ ક્યાંથી આવ્યો ?

**પ્રશ્નકર્તા :** મારે ભાગે આ ક્યાંથી આવ્યો ?

**દાદાશ્રી :** અને અહીં ગળા વચ્ચે, અહીં આગળ જ ! એક્ઝેક્ટ જગા.

જ્ઞાન નહોતું તે દહાડે, પણ અજ્ઞાન હતું તોય વિચાર બહુ ચોગરદમના. સો બાજુના વિચાર આવે મને. તે મને તરત જ વિચાર આવ્યા, કે એ બિચારાનું થૂંકવું અને મારું ભેગું થવું અને તેય હિસાબ અહીં આગળ જ. પછી હિસાબ કાઢી અને સમજી ગયો, કે એમાં એનો દોષ નથી, દોષ આપણો જ છે. એનો બિચારાનો શું દોષ ? તે જાણીજોઈને થૂંક્યો નથી. તેને દસ રૂપિયા આપું તોય થૂંકે નહીં. એ વગર ગુને બિચારો દંડાઈ જાત. એનું થૂંકવું ને આપણું જવું, એડજસ્ટમેન્ટ કોણે કરી આપ્યું ? એડજસ્ટમેન્ટ કરી આપનારને ખોળી કાઢો. અહીં જ હિસાબ શી રીતે આવ્યો ? એને કંઈ મારી ઉપર થૂંકવું નહોતું, ત્યારે કોટની ઈચ્છા નહોતી કે મારી ઉપર પડવા દેવું છે એમ. એટલે આ બધું જ્ઞાન નહોતું, પણ આ વ્યવહારિકતા સમજાઈ ગઈ, કે આમાં ગુનેગાર કોણ ? એટલે એમ કરતા કરતા આ 'વ્યવસ્થિત' જડેલું. શું જડેલું ?

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત.

**દાદાશ્રી :** વ્યવસ્થિત કહેતો નહોતો, પણ એક આવી કોઈ શક્તિ છે કે આનો ગુનેગાર (કરનાર) છે આ.

## થૂંકાયું, ત્યાં માન્યો ચોપડાનો હિસાબ

આ ભૂલ કોની છે એ તપાસ કરતા આવડવી જોઈએ ને ? એને બિચારાને કોઈ દહાડો એવી ઈચ્છા હોય કે એમના ધોળા કોટ ઉપર હું થૂંકું ? આપણી જોડે ના ફાવતું હોય તેય એમ કહે, કે 'ના, ના, બિચારા લગનમાં કે કંઈ સારા ઘેર જતા હશે ને આપણે ક્યાં થૂંકીએ ?' ના ફાવતું હોય તેય પછી સામા આવીને વઢવાડ કરે, પણ આવું ના કરે. તો આ માણસ તો આ કરે જ નહીં, જેને લેવાદેવા નથી આપણે.

મેં હિસાબ કાઢ્યો, કે આમાં એ થૂંક્યો કે આ થૂંક મારી પર પડ્યું, શું બન્યું એ હિસાબ કાઢી જોયો. પછી લાગ્યું કે હવે એની કંઈ ભૂલ છે નહીં. ત્યારે આપણી શું ભૂલ છે ? કંઈ જાણીજોઈને એની નીચે ગયા છીએ આપણે ? તો કહે, ના, આપણીય કંઈ ભૂલ લાગતી નથી. આ કંઈક પહેલાના ચોપડાનો હિસાબ લાગે છે. આજની ભૂલ

લાગતી નથી, પહેલાના ચોપડાનો કંઈક ખાતાવહીનો હિસાબ છે આ. માટે એને ચૂકવી દીધો આપણે તે ઘડીએ. જ્ઞાન નહોતું, પણ હિસાબ ચૂકવી દીધો.

## જોતા આવડે પોતાનું ખોટનું ખાતું તે ઉધાર વધારે નહીં

હવે ત્યાં આગળ તો એ નીચેની દુકાનવાળો મને કહે છે, ''અત્યારે બીજો કો'ક હોત તો ઉપર જઈને મારી આવત.'' મેં કહ્યું, 'ભઈ, એ ધંધો આપણો નહીં.' મારે તો આ ચોપડામાં જોઈ લીધું કે કયા ચોપડાનો આ માલ છે ? એટલે ચોપડામાં મને જડી ગયું ખાતું. પેલો ઠક્કર કહે છે, 'ઉપર જઈને મારી આવત પેલાને.' તે પછી એમાં શું થાત ? ચોપડો વધ્યો કે ઘટ્યો, ઉપર જઈને મારી આવ્યો તો ?

**પ્રશ્નકર્તા :** વધે, વધે.

**દાદાશ્રી :** એમ માનો કે પેલો વખતે બે ગાળો ખાય. કારણ કે હું પોતે ગુનેગાર છું, એવું એને લાગે. કારણ કે એણે આવા ગાફેલ ભાવ કરેલા છે. ગાફેલ ભાવના બીજ પડેલા છે એના, તે એને ભાગે આવે. તમે થૂંકો ને, તો બે ઈંચ છેટે પડે અને પેલો થૂંકે તો એક્ઝેક્ટ પડે. કારણ કે ગાફેલપણાના ભાવ જેણે કરેલા હોય એને ભાગે આવે. એટલે ગાફેલેય રહેવા જેવું નથી આ જગતમાં. એક્ઝેક્ટનેસ આવવી જોઈએ. આ તો ચૌદમા જિન તણી તરવાર છે.

'ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિન તણી ચરણ સેવા;'

- શ્રી આનંદઘનજી

અહીં ચાલે એવું નથી. શું કહેવા માગું છું એ તમને પૉઈન્ટ ઑફ વ્યૂ સમજમાં આવ્યું ને ?

## પોતાના ચોપડાના સૂક્ષ્મ હિસાબ સમજાય તો ક્ષમા રહે

**પ્રશ્નકર્તા :** આ બધા હિસાબ આટલા બધા સૂક્ષ્મતાએ નક્કી હોય છે ? આટલા બધા માઈનર હિસાબો ફિક્સ હોય છે ?

**દાદાશ્રી :** એ બધું ફિક્સ જ હોય. ફિક્સની બહાર તો કશું છે જ નહીં. જો ફિક્સની બહાર હોત ને, તો દુનિયા આવી ના હોત. તો તો બધાય વીસ-વીસ માળના મકાનો કરીને બેઠા હોત. આ તો એકને આવડી (ઓરડી), એકની આવડી (હવેલી), એકને પ્લોટ એમ ને એમ ખાલી, કેટલાય વર્ષોથી. કેટલાય વર્ષોથી મહીં ઘાસ ઊગ્યા કરે ને વાડ કર્યા જ કરે.

**પ્રશ્નકર્તા :** આ દાખલામાં જે સ્થૂળ વસ્તુ છે એનું પણ પ્રારબ્ધ ખરું ને ? સ્થૂળ જે વસ્તુ હતી 'કોટ', એનું લગનમાં જવા માટેનું પ્રારબ્ધ નહીં તે એને પાછું જવું પડ્યું.

**દાદાશ્રી :** એનું પ્રારબ્ધ શાનું ? પ્રારબ્ધ ભોગવે એનું. કોટને શી ચિંતા ?

**પ્રશ્નકર્તા :** ના, ના, પણ કોટને નહીં જવાનું હોય, તે ઘેર જવું પડ્યું ને પાછું.

**દાદાશ્રી :** કોટને શું ચિંતા, ભાંજગડ શું ?

**પ્રશ્નકર્તા :** એ ચિંતા નહીં પણ એમ કે સ્થૂળ વસ્તુ...

**દાદાશ્રી :** કોટના પહેરનારને ભાંજગડ છે. કોટને તો પાછો કાઢી નાખો તોય કશું નહીં ને લગનમાં લઈ જાઓ તોય કશું નહીં. એટલે હિસાબ આપણો, કોટનો હિસાબ નહીં બિચારાનો. કોટ એ તો મુખ્ય વસ્તુ જ નહીં ને ! આપણો હિસાબ ! હવે ડુંગર પરથી ઢેખાળો પડે એને જેમ ક્ષમા આપે છે ને, એવું જો બધા ઢેખાળા ઉપર ક્ષમા આપવામાં આવે તો કલ્યાણ થઈ જાય, બસ ! એટલું જ સમજવાનું કહેવા માગીએ છીએ આપણે.

## રિવોલ્યુશન ફાસ્ટ તે ઘણા જ્ઞેયો દેખાય, માટે દોષ ના દેખાય

મને જ્ઞાન નહોતું ત્યારે પણ જ્ઞેયો દેખાતા હતા. તે તરત જ મને વિચાર આવ્યો કે મારું કોટ પહેરીને નીકળવું, એક મિનિટ આઘીપાછી નહીં અને પેલા ભાઈ થૂંક્યા ! કોટ બગડ્યો. પેલા ભાઈ દેખાયા નહીં,

બિચારા શરમાઈને ઘરમાં ગયા હતા. તેમની કંઈ થૂંકવાની ઈચ્છા નહોતી. લગ્નમાં આ વેશે જવાનું તે બધું જ દેખાતું હતું. બધા જ જ્ઞેયો તે સમયે દેખાતા હતા. જ્ઞેયો દેખાય એટલે દોષ ના દેખાય, પઝલ ઊભું ના થાય.

## આબરૂ સાચવવા બીજો કોટ પહેરીને લગનમાં ગયા

**પ્રશ્નકર્તા :** દાદા, આ કોટ પર ડાઘ પડ્યો પછી શું કર્યું ? એ ડાઘવાળો કોટ પહેરીને જ લગ્નમાં ગયા ?

**દાદાશ્રી :** ઘેર જઈને હાફ કોટ પહેરીને ગયો પછી. કારણ કે લાંબો કોટ તો એક જ હતો. લાંબા (વધારે) કપડાં અમે રાખીએ નહીં, આ શેઠિયાઓની પેઠ. બાર-બાર ખમીસો રાખે, જાણે જોડે લઈ જવાના હોય ને !

બીજા હાફ કોટ બધા હતા પણ લાંબો કોટ એક જ, તે લગનમાં જઉં ત્યારે લાંબો પહેરીને જઉં. હવે શું થાય ? એટલે પછી ઘેર આવી અને કોટ કાઢી નાખી અને હાફ કોટ પહેરીને જઈ આવ્યો. ત્યારે કહે, 'આ થૂંક્યો, એ તમને ત્યાં પહેરીને જવામાં શું હરકત હતી ?' ત્યારે કહે, 'એ તો આબરૂ જાય.' લોકો આ કોટ જુએ ને ! એટલે આ દોષ.

**પ્રશ્નકર્તા :** દોષ, હા, આબરૂનો.

**દાદાશ્રી :** આ બધા દોષો દેખાયા.

હવે જ્ઞાન થયેલું નહીં, એટલે આબરૂ તો જાય ને, તે દહાડે તો ! જ્ઞાન થાય પછી આબરૂ ના જાય, પણ જ્ઞાન થયું ના હોય ત્યાં સુધી ? તે મનમાં એમ થયું કે હવે આ લગ્નમાં જઈએ છીએ ને આ શું વેશ થયો ? અને એ અત્યારે ? એટલે પછી પાછો આવ્યો. પાછી આબરૂ જાય, ત્યાં જાય ને કોઈ દેખે તો ! હું બીજો કોટ પહેરીને ગયો. જુઓ ને, આબરૂની કેટલી બધી સાચવણી ! અને તેમાં નીકળી નહીં કશુંય. છેવટે તો મારે આમ જ જતું કરી દેવું પડ્યું. એ આબરૂ તો તમે બહુ સાચવી, નહીં ? તમે તો આબરૂ સાચવો. કારણ કે તમે તો સો-સો વીઘાના વતનદાર હોય, અમારે દસ વીઘા ભોંય ! કેમની આબરૂ તે !

## પોતાને શુંય માની બેઠા, પણ કોણ જોવા નવરું છે ?

પણ મહીં અસર બહુ ભારે થઈ'તી. તે દહાડે આબરૂનું જરાક મનમાં રહે મહીં અંદરખાને. આબરૂનું રહે, લોક જોઈ જશે. અરે મૂઆ, આ લોક તો ક્યાં જુએ છે જ કંઈ ? કોઈ નવરો જ નથી મૂઓ. લોક બારસોની સાડી પહેરે ને, પણ કોઈ નવરો જ નથી જોનારો ને શું કામ તું અમથી સાડી આમ આમ ખંખેર ખંખેર કર્યા કરે છે ! આ તો એમના દુઃખમાં જ ભટક ભટક કરે છે બિચારા. એમના પોતાના દુઃખનો જ છેડો આવતો નથી ને, પછી તારું જોવા કંઈ નવરો હોય તે ? આ છોકરાંઓ છે તે ફર્સ્ટ ક્લાસ પાટલૂન પહેરીને આમ આમ કરે છે ! (દાદાશ્રી પાટલૂન ખંખેરવાની એક્શન કરે છે.) અલ્યા, આવું શું કામ માર માર કરે છે ? ના માર માર કરીશ ને ! કોઈ બાપોય જોનારો નથી. આ તો મનમાં પોતે પોતાની મેળે જ અરીસામાં જોઈને હિસાબ ચીતર ચીતર કર્યા કરે છે. મૂઆ, શું જોવાનું છે આમાં ? હવે એ જન્મ્યો હતો, તેનો તે જ છે આ. આમાં શું જોવાનું છે તે નવું ? આમાં પણ કંઈ નવું છે કશું ? પણ શુંય માની બેઠો છે પોતાના હિન્દુસ્તાનને ! આ હિન્દુસ્તાનના નકશાને શુંય માની બેઠો છે ! એવું માની બેઠો છે, તે રોજ રોજ ચીતર ચીતર કર્યા કરે છે ! આમાં શું માની બેઠો છું તે, મૂઆ ? એવું છે આ બધું.

## 'ખરો આબરૂદાર કોણ'ની નવી જ ડેફિનેશન

કોટ ફાટ્યો હોય તેય ત્રણ દહાડા સુધી ના રહેવા દે. સીવી નાખ, સીવી નાખ, નહીં તો લોક દેખી જશે. અરે મૂઆ, સીવવાથી આબરૂ રહી ? બળ્યો તારો અવતાર ! આબરૂવાળા આવ્યા ! આબરૂ તો, કોઈને દુઃખ ના કરે, કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ કરવાની ઈચ્છા નથી, જે કરતો નથી, જેને એવો ભાવ નથી, એ આબરૂદાર કહેવાય. આ તો મનમાં ને મનમાં 'ક્યારે વહુ લાગમાં આવે', એવું તારા મનમાં રહ્યા કરે. લાગ ખોળે છે, મૂઓ !

ભૂતા નીકળી જવા જોઈએ આ બધા. ભૂતા ના રહેવા જોઈએ. છે મારે કશી એટિકેટ-બેટિકેટ ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપ તો રિટાયર્ડ થઈ ગયા એટલે ચાલે, એમ કહે તો કોઈ ?

**દાદાશ્રી :** ના, પણ એ સાહજિકતા શીખો. જો એમાં સુખ હોય છે ! આ તો એટિકેટના તો ભૂતા કહેવાય. અત્યારે હું આ વાળ રાખું, તો આ માથું ઓળવું તો પડે. સભ્યતા ના ચૂકવી. ત્યારે કંઈ મોઢામાં કોગળા કર્યા વગર નીકળું ? બ્રશિંગ કર્યા વગર નીકળાય ? ના. નીકળીએ એટલે એવી સભ્યતા હોવી જોઈએ, પણ એટિકેટના ભૂતા ના જોઈએ.

## એટિકેટના ભૂતા વળગેલા પણ હવે પોતે બીજાના કાઢે

અમારે તો આ ભાઈનું કામ સારું, એટિકેટ-બેટિકેટની બાધા, બીજી બાધા. બહુ ભાંજગડ નહીં.

**પ્રશ્નકર્તા :** બિલકુલ નહીં, એટિકેટ-બેટિકેટ નહીં આપણે.

**દાદાશ્રી :** તે એમના વાઈફ મને એમ કહેતા'તા કે, એ તો એવું કહે છે, 'મારે તો આ ફાટેલું હશે તોય ચાલશે.' અને આ એટિકેટવાળાને તો સાજું હોય તોય ના ચાલે. પાછો ખંખેર ખંખેર કર કર કરે, આમ આમ. (દાદાશ્રી કપડાં ખંખેરવાની એક્શન કરે છે.) અલ્યા, શું કરવા માર માર કરે છે વગર કામનો ? તારો બાપોય કોઈ જોનાર નથી. બધા પોતાની ચિંતામાં પડેલા છે. કોઈ જોનાર જ નથી દુનિયામાં, તે શું કરવા અમથો ફર ફર કર્યા કરું છું ? વગર માથું ઓળ્યે, તે ઓળ્યા વગર જઈશ કે માથાની ટાલકી કરીશ, તોય કોઈ નવરો નથી જોવા. તું ભડકીશ નહીં, બધા સૌ-સૌની ચિંતામાં જ પડ્યા છે. અને પેલો મનમાં શું જાણે કે મને જુએ છે આ ! કોઈ બાપોય નવરો જ નથી જોવાને. વગર કામનું માથે કેટલું ભૂત, ભૂત, ભૂત ને ભૂત !

મને હઉ નાનપણમાં એટિકેટનું ભૂત વળગેલું. તે જરાય આમ કપડાંલત્તામાં કશી કસર હોય તે ફાવે નહીં. એટલે પછી તે દહાડે સીધેસીધો ઘેર આવી અને કોટ બદલી પછી લગનમાં ગયો, એટિકેટનું ભૂત વળગેલું એટલે. અને અત્યારે તો ખમીસ પહેરીનેય જઉં હું તો. એકલી બંડી

પહેરીનેય જઉં હું તો. પેલું ભૂત વળગેલું, તે રાતેય ઊંઘવા ના દે અને દહાડેય જંપવા ના દે. એ એટિકેટના ભૂતો. હવે એ એટિકેટના ભૂતો હું કાઢવા આવેલો છું. આ હિન્દુસ્તાનમાં જ પેસી ગયા છે. એ નીકળી જાય તો સુખી થાય બિચારા. ખાવા-પીવાનું ઘરનું છે તોય ઉપાધિ ! જો એટિકેટના ભૂતવાળા ઉપર કોઈ થૂંક્યો હોય તો શી દશા થાય એની ? કેટલી અકળામણ થાય મહીં ! ના થાય ? કેટલી ઉપાધિ ! એને અહીંથી જતું રહે એવી કંઈ બાધા-બાધા રાખો ને ! આ ભૂત જતું રહે એવી.

**પ્રશ્નકર્તા :** એ ભૂત તો કાઢવું જ જોઈએ.

**દાદાશ્રી :** આ ભૂત તો કાઢવું જોઈએ. આ ભૂત બહુ દુઃખદાયી છે. સુખ કશુંય ના આપે.

❖❖❖❖❖

# [૪]
# ઉપાશ્રયની બહારથી જોડા ગયા

## ચકચકિત જોડા પહેરી ઉપાશ્રય ગયા

**પ્રશ્નકર્તા :** દાદા, તમારા બૂટ ચોરાઈ ગયા'તા એની વાત કરો.

**દાદાશ્રી :** એ તો તે દહાડે લગભગ બત્રીસ-તેત્રીસ વર્ષની હશે મારી ઉંમર. હું બૂટ સારા પહેરતો. મારા જોડા તો ચકચકિત જ હોય



હંમેશાં. અત્યારે તો થોડાકેય જૂના જોડા પહેરું છું, પણ તે દહાડે તો સહેજેય જૂનો જોડો પહેરવાનો નહીં. અમુક જૂનો થાય એટલે કાઢી નાખવાનો ને નવા જ જોડા પહેરવાના. મૂળથી એટિકેટવાળો માણસ. એટિકેટ આવી નહીં, પણ જરાક મનમાં એમ, કે 'હું કંઈક છું', એવું માની બેઠેલો. પણ છેવટે હિસાબ ખોળી કાઢ્યો તો કશુંય ના નીકળ્યું, મહીં પોલંપોલ હતું.

તે એક વાર ધોળો કોટ લાંબો અને સારા બૂટ પહેરીને ઘડિયાળી પોળમાં એક ઉપાશ્રય છે ત્યાં ગયેલો. ત્યાં કોઈ મોટા મહારાજ આવેલા. તે મને વાતની ખબર મળી, તે હું ત્યાં ગયેલો. તે દહાડે મહારાજની પાસે જઈને બેસીએ ને સાંભળીએ ને નાનામાં નાનું હું પૂછું. મહારાજને પૂછું તો મહારાજને મહીં પાછું વાયડુંય પડી જાય. મારું પૂછવાનું એટલે બહુ વસમું. અને હું પૂછ્યા વગર રહું નહીં ને !

## ત્યાં જૂના જોડા રહે ને નવા ઉપડી જાય

તે પછી ત્યાં આગળ મહારાજના દર્શન કરવા ગયો, ત્યાં વ્યાખ્યાન સાંભળવા, એટલે હું તો બૂટ કાઢીને અંદર ગયો. અને મહારાજની પાસે બધું વ્યાખ્યાન સાંભળ્યું. હું તો પહેલી વખત ગયેલો ત્યાં આગળ, એ બાજુ ગયેલો જ નહીં કોઈ દહાડો. તે મને તો કાંઈ ખબર નહીં, કે ત્યાં આગળ શું રિવાજ છે ! ત્યાંના રિવાજ ના જાણું. એટલે મેં તો આ બધાય બૂટ કાઢે તો મેંય બૂટ કાઢેલા. પણ એટલું ચોક્કસ, જ્યાં બૂટ કાઢ્યા'તા ને, ત્યાં કોઈનો સારો બૂટ નહોતો. જે કચરા જેવા હતા તે જ ત્યાં હતા, એ પછી ખબર પડી. પહેલું તો એમ જ જાણ્યું કે બધા બૂટ અહીં જ કાઢીને જાય છે. તે મારા બૂટ તો સારા હતા, ચકચકિત. તે ત્યાં કાઢીને ગયો.

પછી સત્સંગ પૂરો થયો એટલે બહાર નીકળ્યો, અને તપાસ કરી તો બૂટ દેખાયા નહીં. ત્યારે મને એક છોકરું કહે છે, 'કાકા, શું ખોળો છો ?' મેં કહ્યું, 'બૂટ.' તો કહે, 'તમારા નવા હતા ?' મેં કહ્યું, 'હા, નવા જેવા જ હતા. તદ્દન નવા નહીં, પણ બે-એક મહિના પહેરેલા હતા પણ

પાલિશ કરીએ તો તદ્દન નવા જેવા લાગે.' તો એ કહે, 'અહીં રહે નહીં, છ મહિના પહેરેલા હોય તોય રહે નહીં અહીં. અહીં તો બાર મહિના ને બે વર્ષ પહેરેલા હોય તે અહીં રહે. બીજા કોઈ બૂટ ઊભા રહે નહીં અહીં આગળ. એ તમારે સમજવું જોઈએ.' ત્યારે મેં કહ્યું, 'ભઈ, હું અહીં આગળ આ જાની શેરીમાં નવો છું.' અને એ ખ્યાલમાં જ નહીં આવેલું કે આવું બધું ત્યાં થતું હશે ! આવું ખ્યાલમાં નહીં, જે અનુભવ થયો નથી તે અનુભવ શું થાય તે ? ત્યારે મને ખબર નહીં કે આ નવા બૂટ હોય તેટલા જ લઈ જાય છે. આ લોકો સારાને જ લઈ જાય છે. બીજા, નબળા રહેવા દે છે, એવી કંઈ ખબર નહીં. આ આપણે જાણીએ નહીં રિવાજ. અહીંનો રિવાજ શો છે, આપણે જાણીએ નહીં ને ! રિવાજ ના જાણવો જોઈએ ?

**પ્રશ્નકર્તા :** જાણવો જોઈએ.

## બની ગયું કે તરત સ્વીકાર, પછી કાણ નહીં

**દાદાશ્રી :** હવે આમનો આ રિવાજ જાણું નહીં, તેનો આ ફસાયો. આપણે 'અહીં શો રિવાજ છે' એવું જાણીએ નહીં, ત્યાં સુધી બળ્યું એવું જ થાય ને ! ત્યારે મેં કહ્યું, 'કશોય વાંધો નહીં ભઈ, જે થયું એ કરેક્ટ.' અમે તો જે થયું એને કરેક્ટ જ માનતા પહેલેથીય. એટલી આવડત તો આવી ગયેલી પહેલેથી. થઈ ગયું એટલે એની ભાંજગડ નહીં. ગોન, ગોન ! પછી એની પાછળ ચોપડો ઉઘાડવાનો નહીં.

અને નવા બૂટ કો'ક લઈ ગયું તો તરત જ મહીંથી કહેશે, ક્યારના એય મહિનો તો થયો... એ ત્યાં હું બોલી જઉં, કે મહિનો તો ઘસાયેલા હતા, એના કરતા અત્યારે નવા આવીને ઊભા રહેશે. આવી અમને નાનપણથી સમજણ હતી, બધી બાબતમાં. કોઈ દહાડો ચિંતા જ નથી કરી. તરત આવું કંઈક મહીં આવી જ જાય, દૈ જાણે. જાણે ઉપરથી કંઈ શીખીને ના આવ્યા હોય ! તરત આવી જાય, હાજરજવાબ બધો. આ બીજા તો જોડાની કાણ કરે ! આ મોટો મિલનો શેઠ હોય ને, તેના સવાસો-દોઢસો રૂપિયાના જોડા ખોવાઈ ગયા હોય,

અને સવારમાં તમે એમને ત્યાં ગયા હોય તો તરત... 'સવાસોના જોડા લઈ ગયો', કહેશે.

**પ્રશ્નકર્તા :** સવાસોની કાણ થઈ ગઈ.

**દાદાશ્રી :** ના, સવાસોના જોડા લઈ ગયો ! ત્યારે મૂઆ, તુંય કાણ કરે છે ! જોડાની કાણ તારાથી થતી હશે ? તું મિલનો માલિક, મૂઆ, જોડામાં તારી મિલ જતી રહી ? તારે તો અક્ષરેય બોલવાનું ના હોય આવું. એવું કહેવાય કે એ કો'ક નસીબદાર મૂઓ હશે, જે મને ભેગો થયો. તે જોડા એને મળી ગયા, તો મને સારું લાગ્યું. સારું થયું, બિચારો પહેરશે નિરાંતે. એવું બોલાય તારે તો. તેના બદલે તું આવું કહીને કાણ કરે છે ? ચાર જણને કહે એવું, એક જણને નહીં પાછું. તો એનું ચિત્ત શેમાં છે ?

**પ્રશ્નકર્તા :** જોડામાં છે.

**દાદાશ્રી :** અરે, આ તું મિલમાલિક શેઠ ! બળ્યો તારો અવતાર ! મૂઆ, આ મિલમાલિક થઈને બૂટની વાત કરાતી હશે ? રોજ એકેકું બૂટ ચોરાઈ જાય તોય કોઈને કહેવું ના જોઈએ. પોતે એમ વિચારવું જોઈએ, કે મારી પુણ્યૈય કાંઈ ખરાબ થઈ ગઈ, તે આ રોજ ચોરાઈ જાય છે ! ઊલટું ત્યારે ગુપ્ત રાખવાનું.

## કાણ કોની કરાય ને કોની ન કરાય ?

અમદાવાદના શેઠિયા જોડો ખોવાઈ જાય ને, તો કાણ કરે. અત્યારે તો એમના જોડા સવાસો-સવાસોના હોય છે. અને કોઈ ઊપાડી ગયો, એટલે પછી જે આવે તેને કહે, 'અરે, તદ્દન નવો ને નવો હતો.' મેર મૂઆ, જોડાની કાણ ના કરીશ. જમાઈ એકલાની કાણ કરવા જેવી છે આ જગતમાં, તેય છોડી પચ્ચીસ વર્ષની નાની હોય તો. છોડી પચાસ વરસની થઈ હોય તો એય કાણ કરવા જેવું નથી. આ જગતમાં કાણ કરવા જેવો અવસર જ નથી એકુંય. છોડી રાંડે તે એકલામાં કાણ કરવા જેવું છે. ત્યારે મૂઆ, જોડાની કાણ કરીશ ? આ જોડાની... આ બધાની

કાણો કરીએ તો ક્યારે પાર આવે ? આપણી મોકાણ જ થઈ જાય ને ! મોકાણ શેને કહેતા હશે ?

**પ્રશ્નકર્તા :** મોં વાળવા જાય એને. છાજિયાં* લેવા એને.

**દાદાશ્રી :** ના, મોકાણ એટલે મહાકાણ. આ કાણો કહેવાય ને પેલી મહાકાણ. એને મોકાણ કર્યું કહેવાય.

અને જોડો ગયો એટલે આપણે જાણીએ કે કોઈક પુણ્યશાળી માણસના હાથમાં ગયો છે ! એની પુણ્યૈ હોય ત્યારે જ એને આવો મોંઘો જોડો ભેગો થાય ને ? નહીં તો નવો જોડો એને ભાગ ક્યારે ભેગો થાય ? પણ જોડો ગયો એટલે આપણે સમજી જવાનું કે આપણો હિસાબ ચૂકતે થઈ ગયો.

## લાંબો કોટ ને જોડા નહીં તે 'લોકો શું વિચારશે'નો ભય

પણ મને તો આ અનુભવ તો થયેલો. એમાં લેનારનોય શો દોષ ? એને કંઈ અડચણ હશે ત્યારે જ લીધા હશે ને ? અડચણ વગર તો કોઈ લે નહીં ને ! અડચણ વગર કોઈ લે, જોડા ?

**પ્રશ્નકર્તા :** ના લે કોઈ.

**દાદાશ્રી :** તે મેં કહ્યું, કલ્યાણ થઈ ગયું આજે. આવું ઈનામ આપણને કોઈ દહાડો મળ્યું નથી. આ પહેલું, ફર્સ્ટ ટાઈમ મળ્યું. કોઈ દહાડો મળ્યું નહોતું એ ઈનામ મળ્યું, એટલે મને આનંદ થયો. મેં કહ્યું, બહુ સારું થયું આજ. પણ મુશ્કેલી શી હતી ? તે દહાડે લોંગ કોટ પહેરેલો. હવે લોંગ કોટ ને બૂટ વગરના માણસ હોય એટલે વેશ થઈ પડે. લોંગ કોટ અને બૂટ વગરના માણસ, એ બે ગુણાકાર મળતો નથી. લાંબો કોટ ને જોડા ના હોય, તો ફોટો કેવો સરસ પડે (!) કાળી ટોપી માથે અને લાંબો કોટ અહીંયા (ઢીંચણ) સુધીનો, અને તે જોડા ના હોય, એ ફોટો ! તેનું તો મનમાં આહટ થયું, કે આજે શી રીતે જઈશ ?

*છાજિયાં - શોકના આવેશમાં છાતી કૂટવી તે

## જાતે માનેલું પ્યોર ગોલ્ડ પણ નીકળ્યું છાશિયું

મેં કહ્યું, હવે જવું શી રીતે ? મોટા આબરૂદાર માણસ ! પોતાની જાતે માનેલો, હોં. લોકો માને નહીં. પોતાની જાતે માની લીધેલું. પોતાની જાતને આમ બહુ માને કે 'હું બહુ મોટો, ખાનદાન, આબરૂદાર.' લોકો માને નહીં એવું કંઈ. આ તો આપણા મનમાં છે તે માનીએ. પછી ખબર પડી કે આ લોકો માનતા નહોતા. વગર કામના માન માન કરીએ એનો શું અર્થ છે તે ? કેટલા દહાડા પિત્તળીયું સોનું ચાલ્યા કરે ? એ તો પેલું છાશિયું ગોલ્ડ. કેવું ?

**પ્રશ્નકર્તા :** છાશિયું.

**દાદાશ્રી :** છાશિયું ગોલ્ડ, સાચું ગોલ્ડ નહીં. પછી લાંબો કોટ પહેરેલો એટલે એમ તો પાછા ફર્સ્ટ ક્લાસ આમ ! મેં કહ્યું, 'અમે પાછા જઈશું ત્યારે લોક શું કહેશે કે આ બૂટ નથી. કોટ પહેર્યો છે ને બૂટ કેમ નહીં ? મારી જોડે વાત નહીં કરે તો એના મનમાં શંકા પડશે કે શાથી એ બૂટ નહીં પહેર્યા હોય ? ખલાસ થઈ ગયા કે શું ? નાદારી-બાદારી કાઢી છે કે શું ?' એટલે મને જાતજાતના ભય પેઠા. પછી મેં કહ્યું, 'જે કહેવું હશે એ કહેશે, આપણે ચાલો ને ! થોડે છેટે જઈને ઘોડાગાડીમાં બેસી જઈએ એટલે ભાંજગડ મટી જાય.'

## મોચી હોય તો જોડાને જુએ ને, આ તો વેપારી બધા

એટલે પછી ઠેઠ રોડ સુધી આવ્યો ત્યાં સુધી ઘોડાગાડી ના મળે, એટલે ઉઘાડે પગે ચાલવું પડ્યું. ત્યારે મેં કહ્યું, 'હમણે આ વેપારીઓ જોશે, આ શું ?' પણ વેપારીઓએ જોયું, જે' જે' કર્યા, મેંય જે' જે' કર્યા. મારા મનમાં છોભીલો થઈ જઉં, પણ વેપારીઓને ખબર પડી...

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** એટલે મને સમજાયું કે આ લોકો પોતપોતાની ચિંતામાં જ ફર્યા કરે છે. મેં શું પહેર્યું છે, એ જોવાની કોઈને નવરાશ જ નથી. એટલે ત્યાર પછી છે તે મને આ દુનિયાનો ભય છૂટી ગયો. બૂટ પહેરેલ

છે કે નહીં તે જોવાય કોઈ નવરું નહોતું. એ એની ચિંતા કરે કે આપણું જુએ, મૂઆ.

તે પણ પગ સામું કોઈએ જોયું નહીં. પછી મેં શોધખોળ કરી કે પગ સામું કોણ જુએ ? ત્યારે કહે, મોચીના લત્તામાં જાવ, ત્યારે મોચી હંમેશાંય સીવતા સીવતાય તમારા પગમાં શું પહેર્યું છે એ જોઈ લેશે. મોચીનો નિયમ એવો કે તમે પગમાં ગમે તે પહેર્યું હોય, પણ મોચી જાણતો હોય કે આ ભાઈએ આ ફલાણું પહેર્યું છે. કારણ કે એ મોઢા સામું ના જુએ કોઈ દહાડોય. બાકી આ લોકો કંઈ મોચી છે, તે પગ જુએ ? મને ઘોડાગાડી કંઈ સુધી ના મળી તોય ચાલ્યું. પણ પછી મળી ગઈ, તે બેસી ગયો. પણ ત્યાં સુધી કોઈ વેપારીએ એમ નહીં જાણ્યું કે આ બૂટ વગરના છે. જો બૂટ વગરના થઈને આવ્યા ને ?

## આ અનુભવે 'લોક શું વિચારશે'નો ભય છૂટી ગયો

અને પછી ઘોડાગાડી કરીને બેસી ગયો. તે ઘેર જઈ અને પહેલા બૂટ બહારથી વેચાતા મંગાવી લીધા, તૈયારમાં. પછી બહાર નીકળ્યો. શી રીતે આ તે ફાવતું હશે ? આ તો આબરૂદાર માણસ ! લોકો જોઈ જાય. તે દહાડે શરમ આવે, અહંકાર ખરો ને ! એ પેલું અહંકારનું પોટલું ને, તે શરમ આવે. ઓહો ! શું આબરૂ જતી રહી ? પછી મેં શોધખોળ કરી, કે કોઈ નવરા જ નથી. મારી ભૂલ છે આ.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** નવરા જ નથી એવું કોઈનું જોવા. પણ તે દહાડે તો મનમાં એમ કે લોક જોઈ જશે. અરે, પણ એ શું જોવાનો છે ? એ નવરો જ થતો નથી, તો એ તારું શું જોવાનો છે તે ? એટલે ચિંતા-બિંતા કરવા જેવી નથી એની, કોઈ નવરો જ નથી. વડાપ્રધાનેય નવરા નથી. એ એના ઘાટમાં હોય. સૌ સૌના ઘાટમાં જ હોય. એ જ્ઞાની પુરુષ એકલા જોઈ લે, ત્યારે જ્ઞાની પુરુષને કશો વાંધો નથી. તમે ફાટેલું પહેર્યું હોય કે બૂટ ના હોય તોય કશો વાંધો નથી. તમને વાત ગમી ?

**પ્રશ્નકર્તા :** ગમી.

**દાદાશ્રી :** વગર કામના એ 'બૂટ ખોવાયા, બૂટ ખોવાયા, બૂટ ખોવાયા' કરે.

આપણને એક જાતનો ભય પેસી ગયો છે કે હું કંઈક ખરાબ દેખાઈશ, પણ એને જોનારો હોવો જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ મુશ્કેલી પડેલી ને મને, કે 'શું થશે ? લોક શું કહેશે તે ?' એટલે મેં વિચારી નાખેલું બધું. શોધખોળ કરી કે કોઈ બાપોય જોનાર નથી ને છતાંય મનમાં માની બેઠા છે.

**પ્રશ્નકર્તા :** બરાબર, માની બેઠા છે.

**દાદાશ્રી :** કોઈ બાપોય પૂછતું નથી ને મનમાં માની બેઠો છે કે 'હું આમ છું.' કોઈ બાપોય પૂછનાર નવરો ના હોય. હા, દસ જણ સાંજે પૂછવા આવતા હોય તો આપણે જાણીએ કે ભાઈ, એનામાં અક્કલ વધુ છે. આ તો કોઈ પૂછવાય આવતો નથી. આ તો મનમાં માની બેઠેલા ખાલી.

## જોડા ગયાનું નહીં પણ આબરૂ જશે તેનું દુઃખ

એટલે જતું રહે, પણ તે આ મહીં કશું હાલે નહીં. હાલે એટલા માટે કે 'લોક શું કહેશે ?' અરે પણ, શું કહેવાના છે ? પણ તે દહાડે આવું સ્ટ્રોંગ નહીં.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અત્યારે તો સ્ત્રીના કપડાં પહેરાવે તોય હું આ અહીં બધે રોડ ઉપર ફરું નિરાંતે. હું જાણું કે એને અણસમજણ હોય તે હસે પણ હુંયે હસવા લાગું ને, એને ! તને આનંદ થાય તો મને આનંદ છે. તારા આનંદમાં મને આનંદ છે. શું ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** લોકને એવું નથી કે આમ જ કરવું એવું. એમને નવીનતા લાગે એટલે હસે એ. પહેલા તો માળા પહેરીને નીકળતો ને, તોય હસતા'તા લોકો. એટલે હું હસવા લાગું. પછી ભૂલી ગયા લોક.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે તે દિવસે આવ્યા ઘરે, ત્યારે હીરાબાએ આપને શું કીધું હતું ?

**દાદાશ્રી :** શું ?

**પ્રશ્નકર્તા :** આ તમે કીધું હશે ને, બૂટ ગયા.

**દાદાશ્રી :** હા, એ તો હીરાબાએ કહ્યું, કે 'આ બીજા લોક તો ચંપલ-બંપલ પહેરીને જાય, તમે બૂટ પહેરીને જાવ તો પછી તો હાથમાં આવે આ કાળમાં ?' એટલે એમણે તો ઊલટો ઠપકો આપ્યો. હવે આપણી ભૂલ થઈ એટલે એવું સહન કરવું પડે ને ?

**પ્રશ્નકર્તા :** આખું ગામ કહે.

**દાદાશ્રી :** હા, પણ ચંપલ રાખતો'તો તોય હું પહેરી જઉં નહીં, આબરૂ જાય એટલા માટે. ચંપલ તો અહીંથી પોળના નાકે જઉં ત્યારે અને શાકભાજી લેવા જવાનું હોય ત્યારે. આબરૂદારનો બહુ કડકો ! કડકો, પીસ, પીસ !

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** આય આબરૂદારના કડકા બધા !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ઘેર મિલકતો લાંબી હોય નહીં. પૈઠણ માગે આટલી, પેલું દહેજ. આ દહેજ માગનારા બધા. દુનિયા છે ને ! કડકાનેય આપે ને !

## કપડાં વગર આબરૂદાર ને પહેરેલ કપડે નાગા

આ જગતની પોલ તો પછી મને ખબર પડી, કે મૂઆ, કોઈ આબરૂદાર જ નથી. આ તો બધા કપડાં પહેરે છે તેથી નાગા નથી

દેખાતા. પહેલા તો હું એમ જ જાણું, કે હું એકલો જ આવો છું. લોકો બધા આબરૂદાર છે ! એટલે હુંય ઢાંક ઢાંક કરું. તે ઢાંકેલી આબરૂ કેટલા દહાડા રહે ?

**પ્રશ્નકર્તા :** એ તો ગમે ત્યારે ઉઘાડી પડી જાય.

**દાદાશ્રી :** એ કપડું ફાટે તો તરત સાંધી લે છે ને ? એય આબરૂ જશે, આબરૂ જશે ! મૂઆ, આબરૂના કારખાના ! લૂગડાં પહેર્યા વગરની આબરૂ રહે તે સાચી. બિલકુલ લૂગડું પહેરેલું ના હોય, ત્યારે એ દર્શન કર્યા કરતા હોય, અને તે આબરૂ રહેલી હોય, તે સાચી. આ તો મૂઆ, કપડાં ઢાંકીને છેવટે કેટલાક સારા કહેવાય છે ને, અને કેટલાક કપડાં પહેરીનેય નાગા કહેવાતા નથી ? તમારા અમદાવાદમાં નહીં હોય, તે પહેરેલા કપડે નાગા ?

**પ્રશ્નકર્તા :** ઘણાય છે.

**દાદાશ્રી :** શું વાત કરો છો ? કપડાં પહેરે તોયે નાગા કહેવાય, ત્યારે એ ડિઝાઈન કેવી ! એ ઈન્ડિયન પઝલ જ છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એ પઝલ વર્લ્ડમાં બીજી કોઈ જગ્યાએ નથી. આપણે અહીં ઈન્ડિયન પઝલ છે. કેવું છે આ ? ઈન્ડિયન પઝલ ! જે સૉલ્વ બીજો કોઈ કરી જ ના શકે કે આ કઈ જાતનો નાગો કહેવાય તે ? આ લોક કહે છે, નાગો છે. અને છે કપડાં પહેરેલો ! તમને સમજાય છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે આ ઈન્ડિયન પઝલ છે. આવું પઝલ કોઈ જગ્યાએ હોય નહીં. નવી જાતનું પઝલ છે આ.

## દાનત ચોર હોય તો જ જોડા જાય

**પ્રશ્નકર્તા :** દાદા, મંદિર જઉં ત્યારે મને એવું લાગે કે જોડા ઊપડી જશે, એટલા માટે હું પહેરીને જતો નથી.

**દાદાશ્રી :** તને તારી જાત પરેય વિશ્વાસ નથી. આ સ્ટીમરમાં બેસે તો તરત જ ડૂબી જશે એવું લાગે છે ? કોઈના જોડા ગયા એટલે તારા ચોરાઈ જશે ?

જો તમે ચોખ્ખા છો ને, તો પેણે ત્યાં આગળ ફૉર્ટ એરિયામાં તમારું બે હજાર રૂપિયાનું સોનાનું ઘડિયાળ હોય ને, એ પડી ગયું હોય ને, તો ત્રીજે દહાડે ખબર આવશે પેપરમાં, કે જેનું ઘડિયાળ ખોવાયું હોય, સોનાની ચેન સાથેનું, એણે પુરાવો આપી, અને દસ રૂપિયા ખર્ચના આપીને લઈ જવું. જો તમારું સાચું હશે ને, તો ઘેર બેઠા આવશે. આ પૈસા ગયા એ તમારી દાનતચોરના છે, નહીં તો વળી જતું હશે તે કંઈ ? એક અક્ષરેય ના જાય એવી આ દુનિયા છે. દાનત જ ચોર થઈ ગઈ છે તમને આ. આવી ભડક રહેતી હશે, કે જ્યાં બૂટ કાઢીને આવ્યા એની ભડક ! ભગવાનના દર્શન કરવામાંય પાંસરા ના રહો, તો ક્યાં રહેશો પાંસરા ? આપણે જતા હોય એટલા વખત જવા દેવાના. કેમ કે જો ચોરી કરી હશે તો જશે, નહીં તો નહીં જાય. પણ કંઈક સ્થિરતા કરો, ભગવાનના દર્શન તો સારી રીતે કરો. ભગવાનને લાજ આવે છે, કે 'આ લોકો કેવા પાક્યા !' તમને શરમ ના લાગે ?

## જેટલા ચોરાય એટલા જવા દો પણ હિસાબનો અંત લાવો

તમારો એકલાનો દોષ નથી, મારેય એક ફેરો જતા રહ્યા'તા. તે એટલી દાનત ચોર હશે મારી, એટલે તો ગયા ને ! પછી નથી જતું કશુંય. આ તો તમારી દાનત ચોર છે. દુનિયામાં કોઈ ચોરી શકે એમ છે જ નહીં, કોઈ લૂંટી શકે એમ છે જ નહીં. તમારી દાનતો જ લૂંટે છે આ. આ બધા નિમિત્તો છે બહાર. અત્યારે આ બહાર લૂંટનારા, ચોરી કરનારા, એ બધા કોણ છે ?

**પ્રશ્નકર્તા :** એ નિમિત્તો છે.

**દાદાશ્રી :** એ નિમિત્તો, તમારો જ હિસાબ છે. માટે જો સમજો તો સ્થિરતા પકડો. ચોરવું હોય તો ચોરી જવા દો, અહીંથી ઉકેલ આવી જાય,

બધા ચોપડામાં જમે થઈ જાય. બળ્યું, આ ક્યાં સુધી આવું ને આવું, ક્યાં સુધી ચોરીઓ કરશો ?

અને પાછો નિયમ છે એવો, તમે માનશો નહીં, કે તમારા સાત જોડા જવાના છે ને, તો સાતથી આઠમો નહીં જાય, તમે પછી રોજ જોડા લઈને જાવ. તમને હિંમત હોય તો તમે જવા દો, જેટલા જાય એટલા જવા દો. એ પાછો કાયદો જોડે જોડે કહેલો છે. શું કહું છું ? પછી ચોરનો બાપ આવે તોય ના ઉઠાવાય. આ કાયદો જાણ્યો હોય તો સારો ને મહીં, કે બહુ ત્યારે સાત જશે કે દસ જશે કે બાર જશે. ચાલ, બાર જશે, પણ એનો કંઈ અંત આવશે કે નહીં આવે ? માટે આવી જવા દો ને અંત. આ બધું અંતવાળું છે.

## આવું કરો તો ભગવાન અને જોડામાં ફેર શું રાખ્યો ?

એક જૈન આવ્યા, તે કહે છે, 'સાહેબ, રોજ દર્શન કરવા જઉં છું તોય મારો કકળાટ નથી મટતો ને ચિંતા મટતી નથી.' મેં કહ્યું, 'દર્શન એકુંય દહાડો કર્યા નથી.' ત્યારે મને કહે છે, 'દર્શન કરું છું ને !' મેં કહ્યું, 'જો દર્શન કરવા જઉં છું, ત્યારે ચંપલ બહાર કાઢું છું ને ? પછી દર્શન કરવા જઉં છું, તો મહીં ચંપલ યાદ રહ્યા કરે છે ને ?' ત્યારે કહે, 'હા, એ તો પેલા લોક લઈ જાય એટલે મને યાદ રહે જ ને ?' ત્યારે મેં કહ્યું, 'ભગવાનમાં ને ચંપલમાં તેં ફેર શું રાખ્યો છે ? પછી શી રીતે ભગવાન સદે ?'

આ કાળમાં ધર્મધ્યાન કરવા માટે રોજ રોજ મંદિરે જાય છે, ભગવાનના દર્શન કરે છે, તોયે આર્તધ્યાન-રૌદ્રધ્યાન લઈને આવે છે. ત્યાંય જોડો સાંભરે છે, બીજું સાંભરે છે, ત્રીજું સાંભરે છે. અને કેટલાક માણસો સાચાય દર્શન કરતા હશે. અને તમને એવો ભય હોય, તો જોડો ઘેર ઉતારીને જાવ ને, એમ ને એમ ઉઘાડા પગે જાવ. તમને ભગવાન એવું ના નથી કહેતા કે ભઈ, તમે જોડા પહેર્યા વગર ના આવો. જોડો ઘેર કાઢીને જાવ તો વાંધો છે કંઈ ? આ તો ત્યાં ગયો, કે જોડામાં ને જોડામાં ચિત્ત રહે.

તીર્થંકરોની મૂર્તિમાં એટલું બધું કસ છે, એમાં એટલું બધું દૈવત છે કે તમે સાચા દર્શન કર્યા નથી. નહીં તો એ દૈવતના જોરે તમારી શક્તિ વધી જાય. તમે સાચા દર્શન નથી કરતા એનું શું કારણ ? કે પુરાવો શો ? ત્યારે એ જેનું મંદિર હોય, પછી તે મહાવીર ભગવાનનું હોય, તો ભગવાન મહાવીરને પૂછવા જઈએ, 'કેમ ભગવાન રાજી નથી થતા આમની ઉપર ?' ત્યારે કહે, 'એ તો દર્શનેય કરે છે ને બહાર જોડાનેય યાદ કર્યા કરે છે.' ભગવાને શું કહ્યું ? જોડા પહેરીને આવો તેનો મને વાંધો નથી, પણ જોડા ને મારો, બેનો ફોટો સાથે પાડે છે આ લોકો ! અને દોષેય નથી લોકોનો. લોકોની ઈચ્છા પૂરેપૂરી સારી છે. પણ એટલો બધો વિચિત્ર કાળ આવ્યો છે !

## અનોખી ટેકનિક, જોડાની સાથે વાત કરી દર્શન કરવા જજો

કેટલાક માણસો છે તે દર્શન કરવા જાય છે, તે જોડા બહાર કાઢ્યા હોય, અને પછી અંદર દર્શન કરતી વખતે એને મનમાં જોડા રહ્યા કરે, કે કો'ક લઈ જશે તો, કો'ક લઈ જશે. એટલે આ દર્શન કરતી વખતે જોડાનું ધ્યાન જોડે હોય. આ પરિસ્થિતિ ઊભી થઈ છે લોકોની. ત્યારે લોકો મને પૂછે છે, 'તો અમારે કરવું શું હવે ? જોડા તો અમારે બહાર કાઢીને મહીં જવું પડે, તો જોડાનું મનમાં રહે તો ખરું જ ને ? મોંઘા ભાવના જોડા !' ત્યારે મેં કહ્યું, 'મનમાં તેવું ધ્યાન રહેવાથી જોડો નહીં જતો રહે એની ખાતરી છે તમારી પાસે કોઈ ? એ ગેરેન્ટી હોય તો લાવો ને, હુંય હઉ રાખું, પછી ભલે ભગવાનને ખોટું લાગવાનું હોય. ગેરેન્ટી છે ?' ત્યારે કહે, 'ના, ગેરેન્ટી તો નથી. એ તો લઈએય જાય.' ત્યારે મેં કહ્યું, 'એવું રાખો આપણે. તમારે જોડાને એમ કહેવું, કે જુઓ, અમે ભગવાનના દર્શન કરવા જઈએ છીએ અને તારે જવું હોય તો તું જજે, પણ અમારી ઈચ્છા નથી.' શું કહીએ ?

**પ્રશ્નકર્તા :** બરોબર, અમારી ઈચ્છા નથી કે તું જાય.

**દાદાશ્રી :** હા, તારે જવું હોય તો તું જજે, પણ અમારી ઈચ્છા નથી. એટલે આપણે અંદર ગયા, દર્શન કર્યા, અને પછી ગયો તો

આપણે કહીએ, કે આપણે એને કહ્યું'તું ને ગયો. એટલે ભાંજગડ મટી ગઈને !

## એક જશે તો લાખનું ફળ મળશે, બાંહેધરી દાદા સાક્ષીની

**પ્રશ્નકર્તા :** બે વરસમાં પહેલા દરરોજ છે તો દેરાસર જતો હતો, ઘરની પાસે જ છે. પણ આ બે વરસમાં બે વખત નવા નવા ચંપલ ગયા એટલે હવે ક્યારેક જઉં છું, બાજુમાં દેરાસર છે તોય.

**દાદાશ્રી :** ના, પણ હવે ચંપલ પહેરીને જજો અને મારું નામ લેજો, કે દાદા ભગવાનની સાક્ષીએ આ ચંપલ મૂક્યા અહીં આગળ. અને ચંપલને એટલું કહેજો, કે 'હું ભગવાનના દર્શન કરવા જઉં છું. તારે જવું હોય તો જજે અને રહેવું હોય તો રહેજે.' ચંપલને એમ કહી દેવું આપણે. શું કહેવું ?

**પ્રશ્નકર્તા :** રહેવું હોય તો રહેજે.

**દાદાશ્રી :** તારે જવું હોય તો જજે ને રહું તો અમને વાંધો નથી. અમારી ઈચ્છા છે કે તું રહેજે. એમ કરીને પછી અંદર દર્શન કરીને પાછા આવશો, તો દાદા ભગવાન તમારા ચંપલ ત્યાં દેખાડશે. મારી સાક્ષીએ એક ફેરો બોલ તો ખરો !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હું તારામાં બેઠેલો છું, આમનામાં બેઠેલો છું, આમનામાં બેઠેલો છું, આમનામાં બેઠો છું. જ્યાં હોઉ ત્યાં હું છું, પછી તારે ભાંજગડ શી ?

**પ્રશ્નકર્તા :** કંઈ નહીં. હવે તમારું નામ લઈને દરરોજ જઈશ.

**દાદાશ્રી :** એ લાખ ચંપલનું ફળ તમને મળશે, અમારી વાત જો કરશો તો. 'તારે જ્યારે જ્યાં જવું હોય ત્યાં જજે, આ હું તને મૂકીને જઉં છું.' તે કો'ક સાંભળે એવું ના બોલશો !

**પ્રશ્નકર્તા :** નહીં તો વળી પાછું કહેશે, 'ગાંડો થઈ ગયો છે.'

## આવા બધા જ્ઞાન પહેલાના માઈલસ્ટોન

**દાદાશ્રી :** તમને વાત ના ગમી ? ખોટ જાય એવી વાત છે આ કે નફો આવે એવી વાત છે ? શું કહો છો ?

**પ્રશ્નકર્તા :** જવા દેવું, જવું હોય એને તો.

**દાદાશ્રી :** તને ગમી વાત અમારી ? થોડીક ધીરજ રહેશે ?

**પ્રશ્નકર્તા :** હા, રહેશે, રહેશે.

**દાદાશ્રી :** આ અમારી શોધખોળ છે બધી.

**પ્રશ્નકર્તા :** હા, સમાધાન, સૉલ્યુશન.

**દાદાશ્રી :** સૉલ્યુશન. જ્ઞાન થતા પહેલા અમારા સૉલ્યુશન આ. સમજવું તો પડશે ને, આ બધું ? અમે કેવી રીતે આ જ્ઞાનમાં આવ્યા, એવા કંઈ રસ્તાના સાધન તો જોઈએ કે ના જોઈએ ? શું ?

**પ્રશ્નકર્તા :** માઈલસ્ટોન હોય ને, માઈલસ્ટોન !

**દાદાશ્રી :** હા, માઈલસ્ટોન. એટલે ધર્મધ્યાન આને કહેવાય છે કે રૌદ્રધ્યાન ને આર્તધ્યાનને ચેન્જ કરવા, એને અટકાવી દેવું. ત્યાં આગળ તે નહીં થવા દેવું, એનું નામ ધર્મધ્યાન !

❖❖❖❖❖

# [૫]
# ચશ્માની ઉપાધિ

## ખરાબ-વાંકું જોયું નથી તે ચશ્મા શાના આવે ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમને છોતેર વર્ષ થયા. તે તમને ચશ્મા કેમ નથી આવ્યા ?

**દાદાશ્રી :** મેં ખરાબ જોયું હોય તો ચશ્મા આવે ને ? સીધું જ જોયું હોય, પછી શાના ચશ્મા આવે તે ? વાંકુ જોનારને ચશ્મા આવે. અને મેં આંખ મારી નથી કોઈને !

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આપને છોતેર વર્ષે પણ ચશ્મા નથી ?

**દાદાશ્રી :** છોતેર વર્ષે નથી ને પણ. પેપર નિરાંતે વંચાય, બધું વંચાય નિરાંતે. પછી આપણે શું વાંધો છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, એ આશ્ચર્ય લાગે છે, કે ચશ્મા વગર તમે આ ઉંમરે વાંચી શકો છો.

**દાદાશ્રી :** બધું આશ્ચર્ય જ છે. ધીસ ઈઝ ધ વન્ડર ઑફ ધ વર્લ્ડ !

## લોકસંજ્ઞાથી બેતાળાંના ચશ્મા લાવ્યા

**પ્રશ્નકર્તા :** દાદાજી, પણ આપને બેતાળાંના ચશ્મા તો આવ્યા હશે ને ?

**દાદાશ્રી :** હા, હું તેતાલીસ વર્ષની ઉંમરનો થયો, ત્યારે પેપર વંચાય નહીં મારું હારું. આ પેપર વાંચવા માંડ્યું પણ ઝીણા અક્ષર તે અક્ષરો ના દેખાયા. ત્યારે મેં કહ્યું, આ શું થયું ? યે ક્યા હુઆ ? તે દહાડે જ્ઞાન નહીં. એટલે મનમાં થાય ને, કે આ શું થયું પાછું, વંચાતું કેમ નથી ? વરસદહાડા પહેલા, છ મહિના પહેલા તો વંચાતું'તું અને હમણે નથી વંચાતું એનું કારણ શું ? પાછું આ લફરું ક્યાંથી આવ્યું ?

ત્યારે એક જણે પૂછ્યું, 'કેટલા વર્ષ થયા ?' ત્યારે મેં કહ્યું, 'તેતાળીસ.' ત્યારે કહે, 'બેતાળાં આવ્યા.' મેં કહ્યું, 'મારે ઘેર શું કરવા આવ્યા, મૂઆ ? લોકોને ત્યાં ના જવાય ? મારે ઘેર બેતાળાંનું શું કામ હતું ?' ત્યારે કહે, 'એ બધાને ત્યાં આવે.' મેં કહ્યું, 'વળી મારે ત્યાં શું કરવા આવ્યા ? મેં શું ગુનો કર્યો હતો તે બેતાળાં મારે ત્યાં આવ્યા ?' ત્યારે કહે, 'એ તો સહુનેય આવે.' એવું કહેવા માંડ્યા એ તો. ત્યારે મેં કહ્યું, 'હવે શું કરવાનું ?' ત્યારે કહે, 'ચશ્મા લાવો, બેતાળાંમાં વાંચવું હોય તો.' તે પછી ચશ્મા લાવ્યો બેતાળાંના. મેં એક જણને કહ્યું, તે લઈ આવ્યો બેતાળાંના ચશ્મા, તે પહેર્યા. બેતાળાંના ચશ્માથી પેપર દેખાયું. મેં કહ્યું, આ શું થઈ ગયું સાલું, આ નહોતું દેખાતું ને આ દેખાયું ? આ કાચ આટલું બધું કામ કરે છે ! દેખાયું એટલે આપણે જાણ્યું કે હા, બેતાળાં આવ્યા છે.

એટલે મને હઉ બેતાળાં આવેલા. આમ પેપર વંચાવા ના માંડ્યું એટલે મેં કહ્યું, બેતાળાં આવ્યા. એટલે લોકસંજ્ઞાથી હુંય ગયો, બેતાળાંના ચશ્મા લાવ્યા. લોકસંજ્ઞાથી, મારી અક્કલથી નહીં, લોકોની અક્કલથી ગયો.

## એનો ઘરાક ભેટ્યો કે તરત પધરાવી દીધા

તે મેં તો રાખ્યા પછી ચશ્મા. પણ ઉપયોગ ઓછામાં ઓછો કરું. આ ડાબલા (ચશ્મા) તો ગમતા હશે, મૂઆ ? આ તો પેલા ઘાણી પીલનારાને (બળદને) તે પહેરાવાના. ઘાણી પીલે ને, તેને આમ કરીને

પહેરાવે. તે આમ મને હઉ ડાબલા પહેરવાના શિખવાડ્યા. ડાબલા તો ઘલાતા હશે, મૂઆ ? હા, જરૂર હોય તે ઘડીએ અમે ઘાલીએ અને જરૂર ના હોય તો બાજુએ મૂકી દેવાના.

પછી વર્ષ-બે વર્ષ વાપર્યા બેતાળાંના ચશ્મા. તે પછી એક જણ આવ્યો કામ પર. તે અમથા અમથા મારા ચશ્મા આમ હલાય હલાય કરીને પછી પહેરી જોયા એણે. 'આમાં બહુ સરસ દેખાયું', કહે છે. મેં કહ્યું, 'કોના ચશ્મા છે ?' ત્યારે કહે, 'આ તમારા જ, મેં પહેરી જોયા, સરસ દેખાયું આ તમારા ચશ્માથી તો, મને તો વંચાતું જ નહોતું. તમારા ચશ્મા મને ફિટ થયા. મને સરસ વંચાય છે. મને બધું દેખાતું નહોતું, તે આનાથી દેખાયું બધું. બહુ સારા ચશ્મા છે, ક્યાંથી લાવ્યા તમે ?'

મેં એને કહ્યું, 'તમને સારું દેખાય છે ?' ત્યારે કહે, 'હા, મને બહુ સારું દેખાય છે.' ત્યારે મેં કહ્યું, 'ભઈ, લઈ જાવ ચશ્મા. તમે પહેરીને વાંચો.' ત્યારે કહે, 'મેં પહેર્યા તેથી ?' મેં કહ્યું, 'ના, તેવું નહીં. હું ખોળતો હતો, કે કોઈ ઘરાક છે ? આ વળગ્યા, ફસાયા તો ફસાયા પણ હવે કોઈ ઘરાક થાય છે એનો ? એ તું થઈ ગયો. લઈ જા, તું આ.' એણે કહ્યું, 'તમે શું કરશો ?' મેં કહ્યું, 'મારે હવે કાઢી નાખવાના છે. માટે હવે લઈ જા.' હું એને પૈણાવવા (કોઈને આપવા) જ ફરતો'તો. સારું, તને ફિટ થયું તો લઈ જા. હવે અહીંયા મૂકીશ નહીં, બા.

## પેલાને આપ્યા તે દેખાવા માંડ્યા ઝીણા અક્ષરો ચશ્મા વગર

મેં કહ્યું, 'તું લઈ જા આ અહીંથી.' એ લઈ ગયો તે પછી બીજે દહાડે મને દેખાવા માંડ્યું ! બીજે દહાડે મને પેપર વંચાયું ! મારું હારું, ગાંડપણ છે કે શું છે તે આની પાછળ ? પેલાનેય વંચાયું ને મનેય વંચાયું, લ્યો ! એ અજાયબી જ છે ને ! પછી લોકો ખુશ થઈ ગયા. એ પેલાને આપ્યા તે ચશ્માના નંબર ગયા, ત્યાર પછી આવ્યા નથી ચશ્મા. અને ઝીણામાં ઝીણા અક્ષર આજ વાંચી શકું છું.

**પ્રશ્નકર્તા :** દાદા, વંચાય છે તમારાથી. અમે જોયું છે.

**દાદાશ્રી :** તદ્દન ઝીણામાં ઝીણા અક્ષરોય ! એટલે આવું છે. અત્યારેય સરસ વંચાય છે. ઝીણા અક્ષર બધા દેખાય. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' છે તે સાંજે સાડા છએ વાંચી શકું. દહાડે સૌ કોઈ વાંચે પણ સાંજે સાડા છએ વાંચી શકું. બ્રીજ લેટરના એકેએક શબ્દ મને વંચાય છે.




**પ્રશ્નકર્તા :** એટલે પેલો હિસાબ હતો કે કેવી રીતે એમ ?

**દાદાશ્રી :** એ ગમે તે હો પણ અહીં તો આપી દીધા.

**પ્રશ્નકર્તા :** એટલે કંઈક તો હિસાબ હશે ને, એનો ?

**દાદાશ્રી :** એ ગમે તે હો પણ આપણે શું બન્યું એ કહો ને ! હિસાબ... કંઈ ચોપડા જોવા જવું છે ? ચોપડા જોવા તો બહાર ટાઈમ લાગે. પાછું ઈન્કમટેક્ષવાળાને પૂછવું પડે કે કઈ ફાઈલ હતી ને કેવી હતી ? એ બધી ભાંજગડ મેલો ને ! આપણે તો, આ ભૂત ગયું અહીંથી, આપી દીધા એટલે. આ તો ભૂતા હોય છે આવા બધા.

## ના દેખાય તો નહીં વાંચીએ

**પ્રશ્નકર્તા :** દાદા, અમેય ટ્રાય કર્યો પણ હજુ અમારે નથી થતું. કોઈને વળગાડવાનો પ્રયત્ન કર્યો.

**દાદાશ્રી :** એ કંઈ કુદરતી હશે તે મેં આપી દીધા. તે કંઈ હિંમત જોઈએને, તો જ આપ્યા હશે ને ! આપણે તો મહીં એવું, કે નહીં વાંચીએ, બળ્યું ! હેંડ ને, ભાંજગડ મૂક ને ! શું મહીં આ વાંચવાનું છે, બળ્યું. અને અલ્યા ! ફ્રેન્ચ ભાષામાં લખેલું હોય તે ન વંચાય, તો બેતાળાં ન આવ્યા છતાં આવેલા જ છે ને ?

અમારે વેહ થયેલો આ તો. પેલો કહે, કે 'મને દેખાવા માંડ્યું.' તે મેં કહ્યું, 'લઈ જા હવે.' હવે મેં તો વિચાર કર્યા વગર કહેલું. મેં કહ્યું, 'ના દેખાય તો નહીં વાંચીએ' એવું મનમાં, એ અમને પડેલી નહીં. એ પેપર પહેલું કે હું પહેલો ?

**પ્રશ્નકર્તા :** હું પહેલો.

**દાદાશ્રી :** હં. તે પેપર તો પછી આવ્યા. વો ચલે જાએ. બૈરી પહેલી કે આપણે ?

**પ્રશ્નકર્તા :** આપણે પહેલા.

**દાદાશ્રી :** હં. પૈણનારો પહેલો. તે અમારે તો બધી કોઠાસૂઝ હોય !

## સાડા ત્રણ ફૂટ સુધી દૂરનું જોજે, ભગવાનની આજ્ઞા

**પ્રશ્નકર્તા :** તો દાદાજી, નજીકનું વાંચવા માટે આપને ચશ્માની જરૂર ના રહી, પણ દૂરનું જોવા માટે ક્યારેય ચશ્માની જરૂર પડેલી ?

**દાદાશ્રી :** છેટે જે દેખાતું'તું ને સારું, તે ફેરફાર થઈ ગયો. મને એક જણ કહે છે, 'દાદા, તમને છેટે દેખાય છે બરોબર ?' મેં કહ્યું, 'મારે છેટે જોઈને કામ શું છે તે પણ ?' ભગવાને શું કહ્યું'તું, કે 'સાડા ત્રણ ફૂટ જોઈને ચાલજે આગળ.' એથી આગળ જોવાનું જ ના પાડી'તી, ભગવાને.

**પ્રશ્નકર્તા :** હા, જરૂર જ નથી.

**દાદાશ્રી :** સાડા ત્રણ ફૂટ આગળ જોઈને ચાલજે. કોઈ જીવડું-બીવડું વટાય નહીં કે કોઈ અથડાય નહીં, એટલું જોઈને ચાલજે. તે એની આગળ શું આવે છે કે શું નહીં, એનું મારે શું કરવાનું છે ?

**પ્રશ્નકર્તા :** હા, તે જરૂર નથી.

**દાદાશ્રી :** ભગવાનની આજ્ઞા છે એવી. તેમાં વાંધો શું ? પછી હવે છેટેનું શું કામ છે ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** ત્યારે કહે, 'આ રેલવેનું બૉર્ડ તમે શી રીતે વાંચો ?' મેં કહ્યું, 'બીજો કહેશે ને ! આપણે કહીએ, કયું સ્ટેશન ? ત્યારે કહે, અમદાવાદ.'

આ સાધારણ અક્ષર છે પેપરવાળા પણ સાવ બારીક હોય તોય મને વંચાય છે, પછી મારે શું જરૂર છે બીજી બધી ? આગળ બરોબર નથી દેખાતું, છેટે બરોબર ના દેખાય. બૉર્ડ પૂરું વંચાય નહીં, સો ફૂટ છેટે હોય તો. પણ મારે કામ શું છે પણ એનું ? એ બૉર્ડની ગરજ હોય તો સામું આવે મારી પાસે. મારે ગરજ નથી હવે.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** આપણા ઘૈડિયા તો આમ આમ કરીને જુએ ! અલ્યા મૂઆ, શા હારુ સલામ કરે છે તે વગર કામનો ? આમ સલામ કરે પાછો.

## બિનજરૂરિયાતનું જોવું છે તેથી ડાબલા ચઢાવે છે

અત્યારે પેલું મને ઘડિયાળમાં કંઈ દેખાતું નથી અને પછી તમે કહો, 'કેટલા વાગ્યા ?' હું કહું, 'ઘડિયાળ જ નથી ને ત્યાં આગળ.' શું ? ત્યારે તમે બધા કહો, 'આ ઘડિયાળ છે, દેખાય છે.' 'અરે પણ મને દેખાતું નથી, એનું શું કરું તે ?' ત્યારે લોકો કહે છે, 'ચશ્મા ઘાલો.' 'અલ્યા મૂઆ, પાછું આ ડાબલા હું ક્યાં ચઢાવું, છોતેર વર્ષે પાછા ? અત્યાર સુધી ડાબલા ઘાલ્યા નથી ને વળી પાછું નવા ડાબલા ક્યાં ચઢાવું ? જેટલી

મારી જરૂરિયાત એટલું દેખાય છે. પછી બિનજરૂરિયાતને મારે જોઈને શું કામ છે ?' ત્યારે લોક શું કહે છે, 'બિનજરૂરિયાત પહેલું જોવું જોઈએ.' એટલે ડાબલા ચઢાવે પાછા !

## પરાણે વાંચવું પડે છે તે લાવે છે ચશ્મા

જુઓ ને, આંખોને ડાબલા ઘાલી દીધા ને ! કેવી સરસ આંખ્યો ઈન્ડિયનોની ! એમનીયે (ફોરેનર્સનીયે) સારી આંખ્યો. પણ છેવટે ડાબલા ઘાલવાનો વખત આવ્યો ને ? એબ્નૉર્મલ (વધારે પડતું) વાંચન. આંખને શેને માટે એગ્ઝોશન (કષ્ટ આપવું) ? આ બહારનું વાંચન નુકસાન ન કરે. તમે જે વાંચન કરો છો, એ નુકસાન ન કરે. સ્કૂલનું જ વાંચન નુકસાન કરે છે, કે જે પરાણે કરવું પડે છે. આ બહાર તો શોખથી વાંચે પેપર-બેપર, એનો કશો વાંધો નથી. પણ આ જે પરાણે વાંચવું પડે છે તે આ આંખ્યોને ચશ્મા લાવી નાખે છે ! ના હોવા જોઈએ ચશ્મા, કેમ હોવા જોઈએ ?

## માની લીધેલી બિલીફથી આવે છે ચશ્મા

ચશ્મા એટલે ખાલી સાયકૉલોજીકલ ઈફેક્ટ છે. એણે શું કરવાની જરૂર છે, કે થોડો વખત વાંચવાનું બંધ કરી દેવું જોઈએ, બસ. થોડો વખત જ, કે આવી ગયું ફરી. પણ આ તો તે વખતે મૂંઝાય છે કે 'હવે શું થશે, શું થશે !' અને ડૉક્ટરોય પણ તૈયાર છે, 'એય ચશ્મા રાખજો હં, નહીં તો આંખ બગડી જશે.' એ તો બહુ શક્તિઓ છે અંદર, જબરજસ્ત શક્તિઓ છે !

એટલે આ બધી ઈફેક્ટો છે. બધી ઈફેક્ટો નુકસાનકર્તા છે. એણે માની લીધેલી ઈફેક્ટો, તે એનું પડળ થાય છે, પડળ.

'મને જરા આંખે હવે ઓછું દેખાય છે, પાંત્રીસ વર્ષનો હતો ને ત્યારે સારું દેખાતુ હતું', કહે છે. અલ્યા, આંખના પર્યાય બદલાય નહીં ? કંઈ કાયમ માટે એ જ પર્યાય રાખવા છે તારે ? મેં કહ્યું, 'બોલ, કે મને આંખે સારું દેખાય છે.' શું ?

**પ્રશ્નકર્તા :** આંખે સારું દેખાય છે.

**દાદાશ્રી :** આ એવું વધુ પડતું બોલે, 'મને આંખે સારું દેખાય છે' એવું બોલવાથી આંખ સારું દેખતી થાય પછી.

## ચિત્તનું દર્શન ખુલ્લું છે તો ચક્ષુદર્શન કેમ બંધ થાય ?

શું નામ તારું ?

**પ્રશ્નકર્તા :** ચંદ્રેશ.

**દાદાશ્રી :** ચંદ્રેશની પાસે બોલાય બોલાય કરવાનું તારે. બોલ ચંદ્રેશ, 'હું અનંત દર્શનવાળો છું.' એટલે પછી આંખમાં આવી જાય દર્શન, એ ચક્ષુદર્શન છે. મહીં ચિત્તથી દેખાય છે એ અચક્ષુ દર્શન છે. અત્યારે તારા ઘરનું ટેબલ-બેબલ તને દેખાય કે ના દેખાય ?

**પ્રશ્નકર્તા :** હા, દેખાય.

**દાદાશ્રી :** તો એ દર્શન ખુલ્લું છે ને આ દર્શન કેમ બંધ થઈ જાય છે ? વખતે ખોરાકને લઈને અસર થાય, તો આગળનું ન દેખાય, તો ત્યાં ઊભા રહેવું થોડીવાર, પછી દેખાતું થાય બરાબર. થોડીવાર ઊભા રહેવું. જેમ આ લાઈટ હોય છે આપણે, તે પવન આવે તો હલી જાય છે, ત્યારે આપણે ઊભા રહીએ છીએ થોડીવાર. એમ કરતું કરતું તૈયાર થઈ જાય.

આ તો તેં પાછા ચશ્મા પહેર્યા ને, તેની મુશ્કેલી થોડો વખત નડશે. એ મુશ્કેલીથી ગભરાવાનું નહીં. આ ચશ્મા પહેર્યા તે ગુનો કર્યો એ. કો'ક ઊંધો ડૉક્ટર મળ્યો તને, કારણ કે ચશ્માનો વેપારી હશે એ ડૉક્ટર. અને વેપારી નહીં હોય તો એનો દલાલ હશે. પણ તને ઊંધો કોઈ મળ્યો ખરો.

ગધેડાને નહીં, કૂતરાને નહીં, વાંદરાને નહીં, માંકડાને નહીં, કોઈને ચશ્મા નહીં ને આપણે એકલાને આવું બળ્યું આ કઈ જાતનું તૂત ? નહોતું ને આ તૂત કંઈથી આવ્યું ? કોઈ વાંદરોય પહેરતો નથી. આટલા બધા લાંબા કૂદકા મારે છે વાંદરું, પણ વાંદરાને ચશ્મા-બશ્મા કશું નહીં બિચારાને !

## ચશ્મા કાઢવાના ઉપાય

**પ્રશ્નકર્તા :** મનેય આંખના મોટા ડૉક્ટર કહે, 'તારા ચશ્મા કેમ નથી પહેરતી ? કંઈ ગયા ?' મેં કહ્યું, 'મેં કાઢી નાખ્યા.'

**દાદાશ્રી :** 'મારા બદલે તમે પહેરો, ડૉક્ટર સાહેબ ! હું બાર મહિને પાંચ રૂપિયા ફી ભરીશ', કહીએ.

**પ્રશ્નકર્તા :** મેં કહ્યું, 'ગયા.' તો કહે, 'એકદમ, એમ તો જતા હશે ?' મેં કહ્યું, 'ત્યારે જુઓ, તમે કરો ટેસ્ટ, કે નીકળે છે તો કાઢો.'

**દાદાશ્રી :** હા, ત્યારે શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** 'નંબર હોય તો તમે આપો ચશ્મા. ગયા', કહ્યું. એમને કંઈથી જડે ?

**દાદાશ્રી :** એટલે આ ચશ્મા પહેર્યા ને, બે વર્ષ, તેનો ગુનો થયો તે બદલ પેલું એ લાવજે આપણે ત્રિફળા... ત્રિફળા આવે છે.

**પ્રશ્નકર્તા :** હા, ત્રિફળાનું ચૂર્ણ આવે છે.

**દાદાશ્રી :** તે આટલું સાંજે પાણીમાં નાખી દેવાનું અને પછી સવારમાં મસળી નાખી અને કપડાંથી ગાળી અને પેલી શીશી આવે છે આમ.

**પ્રશ્નકર્તા :** આઈ વૉશ માટે (આંખ ધોવા માટે).

**દાદાશ્રી :** તેની મહીં આંખ ખુલ્લી કરવી. શીશી આવે છે આવડી પેલી કાચની, અહીં લગાડવાની આવે છે. તેમાં આંખ ખુલ્લી કરવી. તેનાથી આ જે બે વર્ષ તેં કર્યો ગુનો, તેનો ગુનો જતો રહેશે. આ બે વર્ષ તેં ચશ્મા લગાડ્યા આમ. આપણે ગર્ભમાં આવ્યા ત્યારે કંઈ શર્ત નહોતી કરી કે ચશ્મા પહેરવા. આપણે તો એવી કન્ડિશનથી આવ્યા હતા, કે આંખો-બાંખો બધું સાબૂત લઈને આવ્યા છીએ. આ તો અહીં આ ડફોળો શિખવાડે છે અને ડફોળોએ બધું ડફોળાઈ કરીને ભ્રષ્ટાચાર કરી નાખ્યો છે બધો. વગર સમજ્યે લોકોને આંધળા બનાવ્યા છે. આપણે ત્યાં તો

એંસી-પંચ્યાસી વર્ષના માણસનેય દેખાય. તે બળ્યું અત્યારે ઘી સારા નથી તેથી આવું થઈ ગયું છે. ઘી સારા નહીં, તેલ સારું નહીં. શું ખાય તે ? ચોખાય સારા નહીં, નહીં ? હં... એટલે પેલું પાણી છાંટવાનું રાખજે હવે. કાઢી નાખવા છે કે તારે ? રહેવા દેવા હોય તો રહેવા દે.

**પ્રશ્નકર્તા :** ના, એને પહેરવાની ઈચ્છા જ નથી હવે, દાદા.

## આંખમાં બહુ શક્તિ, એને ડાબલા કેમ પહેરાવાય ?

**દાદાશ્રી :** અરે, આંધળા જેવા દેખાય. એવું છે ને, પાંચ છોકરીઓ જોઈએ ને આપણે એકુંય પસંદ ના કરીએ, અને આપણે જેને પસંદ કરીએ તે કહેશે, કે 'તમે ચશ્મા કાઢી નાખો જોઈએ, મારે તમને જોવા છે.' ત્યારે આંધળા જેવો દેખાય. તો કહેશે, 'બળ્યું, તમારી આંખો બરાબર, સારી નથી દેખાતી !' ઊલટું એ નાપાસ કરે. આપણી આંખ તો વેધક હોવી જોઈએ. સામાને વીંધી નાખે એવી આંખો હોવી જોઈએ. આંખમાં તો બહુ શક્તિ છે. તે ચશ્મા ઘાલી દેવાના, ડાબલા પહેરી દેવાના ? શું શોખને ખાતર પહેરતા'તા ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** શોખ નહીં ? કેટલાક છોકરાં તો શોખની ખાતર જ.

**પ્રશ્નકર્તા :** ખાલી... નંબર ના હોય તો પણ પહેરે.

**દાદાશ્રી :** રૂપાળા દેખાવા માટે.

**પ્રશ્નકર્તા :** હં, ગોગલ્સ.

**દાદાશ્રી :** પેલું છાંટજે હવે. બે વર્ષ ગુનો કર્યો છે ને, તેની અસર રહેશે. પણ મેં કહ્યું એવી રીતે તારે બોલવાનું.

## ડફોળ ગુરુઓ ને નિમ્ન ખોરાક, તેથી મૂંઝાઈ છે પ્રજા

જાતજાતના ગુરુ રસ્તે જતા મળે ને, કોઈને ડાબલા પહેરાવી દે ને કોઈને આમ કરાવી દે. અને કો'ક ગુરુ મળે ત્યારે એ કહે, 'દાઢી વધારો', તો દાઢી વધારે. આપણે ગુરુને કહીએ, 'તમારે દાઢી વધારવાની, હું બાર

મહિને પાંચ રૂપિયા હપ્તો ભરીશ તમારો.' જ્યાં ને ત્યાં આ બધા ચડી બેઠા છે ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એક તો અજ્ઞાની પ્રજા છે બિચારી અને ખોરાકમાં મૂંઝાઈ ગયેલી છે. ભ્રષ્ટાચારમાં મૂંઝાઈ ગયેલી પ્રજા છે અને તેની મહીં આવા ગુરુઓ ચઢી બેસે છે પાછા. પછી રહ્યું શું એની પાસે તે ? સિલકમાં કશું રહે નહીં એની પાસે.

તને આ ચશ્મા જતા રહેશે એવી ખાતરી છે કે નથી ?

**પ્રશ્નકર્તા :** એ તો સોએ સો ટકા.

**દાદાશ્રી :** સો ટકા ખાતરી છે કે થોડી શંકા છે ?

**પ્રશ્નકર્તા :** નહીં, નહીં.

**દાદાશ્રી :** સારું. તમારે ચશ્મા-બશ્મા નથી આવ્યા ?

**પ્રશ્નકર્તા :** હજુ નથી આવ્યા, દાદા.

**દાદાશ્રી :** ત્યારે તમે ખરા પુણ્યશાળી છો ને ! વાતને સમજવા જેવી છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા. સમજવા જેવી છે.

❖❖❖❖❖

# [૬]
# ના જોઈએ પરાધીન કરનારી ઉપાધિઓ

## સાઈકલ લાવ્યા પણ અંતે ઉપાધિ લાગી

**પ્રશ્નકર્તા :** દાદા, તમને સારા કપડાં-બૂટનો શોખ હતો એ તો જાણ્યું, પણ અમને જેમ બીજી સાંસારિક વસ્તુઓ, પરિગ્રહો, મોજશોખની વસ્તુઓ, ગાડી, બંગલા વગેરેનો શોખ છે, તો એ બાબતે આપને કેવું રહેતું હતું ? અમારા જેવું જ કે જુદું ?

**દાદાશ્રી :** અમે તો પચ્ચીસ-છવ્વીસ વર્ષની ઉંમરે સાઈકલ લાવેલા. બાવન રૂપિયા ભેગા કર્યા અને રેલે સાઈકલ લાવ્યા નવી. તેય જાણે કે મોટું આ એસ્ટેટ મળી ગયું હોય એવું લાગે. અને તેય કોન્ટ્રાક્ટનો ધંધો એટલે રૂપિયા વધે, નહીં તો રૂપિયો વધે નહીં ને ! પછી સાઈકલ ઉપર જવાનું સરસ લાગવા માંડ્યું કે આ સાઈકલ બહુ સરસ છે. પણ એક પાણીનો વેકળો* આવ્યો, ત્યાં ઊંચકીને લઈ જવી પડી. ત્યારે મેં કહ્યું, મારું હારું, આ તો ઉપાધિ થઈ ગઈ ! લ્યો, હવે સાઈકલ ઉપર હું કે મારી ઉપર સાઈકલ ? મેં કહ્યું, બળ્યું, આ મારું હારું આની ઉપર બેઠા ત્યારે આને ઊંચકવી પડી ને, એના કરતા એની ઉપર બેસવાનું જ છોડી દો ને, હવે. હું તો તાળા જ વાસતો ગયેલો આવી રીતે. જે દુઃખ દે એને છોડી દેવાનું. એનું સુખ લેવું નહીં આપણે.

---
*વેકળો - પાણીનું નાનું વહેણ

અને પાછું થોડાક દહાડા થાય ને, એ પડ્યું પંક્ચર. મેં કહ્યું, આ શી ઉપાધિ પાછી ! પણ હવે એ તો આપણે જલદી જવું હોય તો કામ તો આવે સાધન. એટલે એ ઉપાધિ ચાલવા દીધી.

## હું તો આત્મા શીખવા માટે આવ્યો છું

પંક્ચર પડે એટલે બધા સૌ-સૌની ઘેર જાતે પંક્ચર રિપેર કરે. અને હું અહીં આગળ ઉદાર કરીને એક હતો સાઈકલવાળો. તે એને કહું, કે 'ભઈ, આ સાઈકલનું પંક્ચર રિપેર કરજે.' તો બધા મને કહે, 'આમ કેમ કરો છો તમે ? આમાં શું કરવાનું છે ? વારે વારે અહીં આગળ પંક્ચર કરાવવા આવો છો અને બે આના આપવાના. એના કરતાં તમે જાતે સાંધતા શીખી જાવ ને, એમાં શું ?' મેં કહ્યું, 'ભઈ, આ દુનિયામાં જેટલી ચીજો છે એ બધું શીખવા માટે હું આવ્યો નથી, હું તો આત્મા શીખવા માટે આવ્યો છું. અને જો આ શીખવા રહું તો પેલું શીખવાનું એટલું કાચું પડી જાય. મારું ભગવાનનું કામ રહી જાય બધું.' આના તો સાંધી આપનાર મળે છે બધા.

**પ્રશ્નકર્તા :** હા, બધા જ મળે છે.

**દાદાશ્રી :** સાંધી આપનાર મળે કે ના મળે ?

**પ્રશ્નકર્તા :** મળે, જોઈએ એટલા મળી રહે.

**દાદાશ્રી :** અને તે દહાડે તો આના-બે આના જ આપતા હતા ને સાંધી આપતા હતા. એક-બે આના આપીએ ને, તે સાંધી આપે પંક્ચર.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે.

**દાદાશ્રી :** તે પંક્ચરવાળાની દુકાને મૂકીને આવું સાઈકલ. આવીએ ત્યારે સાંધીને તૈયાર. આપણે પંક્ચર-બંક્ચર સાંધેલું નહીં કંઈ એ. આવું કામ કરીએ તો તો બધી શક્તિ એમાં વપરાઈ જાય. આવું શીખવા જઉં તો તો મારે પાર જ ક્યારે આવે ? હું તો એક જ વસ્તુ શીખવા આવ્યો છું. આ ટ્યૂબ સાંધનારા મળી આવે છે, બિચારા. ફૂંક મારી મારીને સાંધી આપી બે આના લે છે. મેલ ને છાલ ! આમ હેન્ડલ પગથી કરે, કિચૂક

કિચૂક કિચૂક... પેલો મોટો પંપ હોય નહીં ને, તે નાના પંપથી ઠોક ઠોક ઠોક કરે. પણ કેટલી મહેનત કરે ત્યારે બે આના લે બિચારો. આવા આવા જ્ઞાની તો હિન્દુસ્તાનમાં બહુ મળે છે. ફૉરેનમાં હોય તો ફસાયા જાણીએ. મળતા જ નથી ત્યાં આગળ. અહીં તો જોઈએ એટલા. ઘેર બેઠા તો શાક આવે અને છોલીને, સમારીને આપે. અહીં તો જેટલી જાહોજલાલી જોઈએ તેવી ! આ તો બધા મફતિયા જ્ઞાનીઓ ! ઠેર ઠેર મળે છે આ વ્યવહારના જ્ઞાનીઓ તો. એ શીખીએ શું કરવા તે ? મૂરખ હોય તે શીખે. આ તો તરત તૈયાર જ. શીખવા જેવું તો આ છે, કે જેનો જ્ઞાની જ મળે નહીં, દુર્લભ ! શીખવા જેવું કયું છે, હેં ? આમાં શું શીખવાનું ?

એટલે હું શીખ્યો જ નહીં કશુંય. સાઈકલેય કેવી આવડતી'તી ? પાછલે પૈડે રહીને ચઢું, સીધું નહીં આવડેલું. પાછળ ધરી ઉપર પગ મૂકીને ચઢું, તે બીજું આવડ્યું નહીં. અને શીખવાનો પ્રયત્ન જ ના કરું. તે શીખવાની જરૂર નથી. આ તો જરૂરિયાત પૂરતું જ.

## કોઈ પણ મશિનરીને નાનપણથી જ અડતા નહોતા

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આપ સાઈકલ સારી ચલાવી શકતા હતા ?

**દાદાશ્રી :** હા, એ તો અમે ઓછામાં ઓછા સર્કલમાં સાઈકલ ફેરવી શકતા હતા. છોકરાઓ બધા શું કહે, ઓછામાં ઓછા ચક્કરમાં ફેરવો, તે અમે ફેરવી શકતા હતા. છતાં બીજા કશામાં ધ્યાન જ નહોતો આપતો ને ! નવું કંઈ શીખવાનું નહીં. શીખું તો મારું એટલું પેલામાં રહી જાય ને ! નવું શીખવાનું નહીં.

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં નવું શીખવામાં જાગૃતિ આખી આવરાઈ જાય બધી. કંઈ મશીનનું ને એ બધું નવું શીખવાનો પ્રસંગ આવી પડે, તે વખતે જે તન્મયાકાર પરિણામ કહીએ ને, તેવું થઈ જાય.

**દાદાશ્રી :** મશીનનું કામ કરવામાં તો આત્મા જ જતો રહે, કારણ કે મશિનરીની ભક્તિ કહેવાય. મશિનરી ભક્તિ માગે હંમેશાંય. શું માગે ?

**પ્રશ્નકર્તા :** ભક્તિ માગે.

**દાદાશ્રી :** હજુ એક બાજુ મશિનરી રિપેર કરું છું, તે ઘડીએ શું થાય છે એક કલાક ? આત્મા એમાં જ રહે પછી, નહીં ? કારણ કે ભક્તિ કહેવાય છે એને. તન્મયાકાર ભક્તિ વગર મશિનરીનો એક નટ ફિટ ના થાય. તેથી અમે મશિનરીને નાનપણથી જ અડતા નહોતા. સાઈકલને છે તે પંક્ચર પડ્યું હોય તેય હું બહાર કરાવી લેતો હતો. એમાં મારું ધ્યાન જાય તો બગડી જાય બધું. નટેય ફેરવતો નહોતો. મને આવડતું નથી, એવું કહી દઉં. પૈસા આપીને કરાવી લઈએ આપણે.

## રાજેશ્રી મન તે ઈનામમાં જીતેલી સાઈકલ આપી દીધી

નાનપણમાં હું ને સી. પટેલ સરકસ જોવા ગયેલા. ત્યાં ચાર-ચાર આનાની બે ટિકિટો લીધેલી. હવે સરકસ જોવા લઈ જનાર એ, એમણે ટિકિટ કઢાવેલી ને મને તેડી ગયેલા. તે મને કહે છે, 'તમારી ટિકિટ કઢાવી છે ને તમારે મારી જોડે આવવું પડશે.' મેં કહ્યું, 'ભઈ, મને સરકસ ગમતું નથી, આવું તેવું.' 'ના, પણ તમે હો તો મને મજા આવે. તે બે ટિકિટ કઢાવી લાવ્યો છું', કહે છે. તે હું તો ગયો ત્યાં આગળ. પછી કહે છે, 'આ ટિકિટ ઉપર નંબર છે ને, તે ઈનામ છે ટિકિટ ઉપર. તે લ્યો આ ટિકિટ અને તમારી આ ટિકિટનો નંબર નોંધી રાખો', કહે છે. એટલે મેં ટિકિટ હતી તે ગજવામાં મેલી, એણે એની પાસે રહેવા દીધી. પછી પહેલો નંબર આવ્યો, સાઈકલ ! તે મારી ટિકિટને લાગ્યો. હવે સાઈકલ પાછી કેવી ? આવી રેલે જેવી નહીં, બાવન રૂપિયાની. જાપાનની ત્રેવીસ રૂપિયાની સાઈકલ, ટ્વેન્ટી થ્રી રૂપીઝ. નવી નક્કોર તદ્દન, પણ જાપાનીઝ. એવી ચાલે નહીં અમને તો. કાઢી નાખવા જેવી નહીં, પણ આ રેલે જેવી મજબૂત નહીં. રેલેની જે હતી ને, બહુ મજબૂત હતી. ગમે ત્યાં ટકરાય કરે તોય કશું ના થાય. અને આ જાપાનીઝ જરા તકલાદી માલ ! તે પછી ઈનામ લાગ્યું. તે પેલા બેઠા હતા જોડે, એ મને કહે છે, 'તમારી ટિકિટને લાગ્યું આ. તે લઈ આવો.' તે બેઠેલા ત્યાંથી ઊઠીને લઈ આવ્યો એ સાઈકલ.

પછી સાઈકલ લઈને હું તો એની જોડે જોડે, અમે બેઉ સાથે ચાલ્યા. સાઈકલ મારા હાથમાં ને એ ભઈએય જોડે ચાલે. પછી મને કહે

છે, 'તમારી પાસે તો રેલે સાઈકલ છે, તમે આનું કરશો શું ?' ત્યારે મેં કહ્યું, 'તું કહું એ કરીએ.' ત્યારે કહે, 'મારા મામાના છોકરાને સાઈકલ નથી, તે લાવોને એને આપી દઈશું.' ત્યારે મેં કહ્યું, 'લઈ જા બા, આ મારે ઉપાધિ ટળી.' આવું એનું મન ! એના મનમાં એમ કે સાલું ટિકિટ મેં લીધેલી... અરે, મેં લીધી હોત તોય સાઈકલ હું તને આપી દેત. અમારું મન ભિખારી નથી પહેલેથી. અમારું મન કોઈ દહાડો ભિખારી થયું નથી. ભલે પૈસા નહીં હોય, તો પણ અમારું મન રાજેશ્રી છે.

પેલાનું ચિત્ત સાઈકલમાં ને સાઈકલમાં જ હતું પણ અમારી ખાનદાની નાનપણથી જ અને પટેલોમાં ખાનદાની ખરી. કો'કને જ સ્વભાવ અવળો પડી ગયેલો તે પૈસામાં જાગૃતિ રહ્યા કરે, કે પૈસો વપરાઈ જશે તો શું થશે ? એટલે આ સ્વભાવ તોડવા પૈસા છૂટથી વાપરવા માંડો.

આ પૈસા ના વપરાય એ સ્વભાવ જ પડી ગયો હોય, તે તેને જ પોષણ આપ આપ કરે. તેથી જ તો હું પૈસા વેરવાનું કહું છું, જેથી કરીને જો મન કચકચ કરે તો એને કહી દેવું કે ચૂપ, જે થાય તે જોયા કર.

છેવટે જો મરી જવાનું ના હોય તો આપણે સાઈકલ માગીએ પણ મરવાનું છે ત્યાં માગવાનું શું ?

## પોતાની પાસે હોય એ બધુંય આપી દેતા

હું તો જે માગે એ આપી દઉં, કશું રહેવા ના દઉં પાસે. એવો હતો સ્વભાવ. આ જ્ઞાન થયા પછી હાથ ના ઘાલું.

**પ્રશ્નકર્તા :** દાદા, હજુય એવું જ છે. જ્ઞાન બધાને આપી દો છો. જે માગે એને જ્ઞાન આપી દો છો.

**દાદાશ્રી :** ના, ના, મારી પાસે હોય એ બધુંય આપી દઉં. હાથમાં આવવું જોઈએ. રૂપિયા હોય તો રૂપિયાય આપી દઉં.

**પ્રશ્નકર્તા :** હીરાબા પેલું ઘડિયાળ હજુય સંભારે છે. 'પેલું સરસ ઘડિયાળ આપી દીધું', કહે છે.

**દાદાશ્રી :** હા, સાત દહાડાની ચાવીવાળું ઘડિયાળ હતું. અમારે ત્યાં ચાવીની ભાંજગડ, રોજ કોણ ચાવી આપે ?

## કાંડા ઘડિયાળ ખૂંચ્યું કે બીજે દહાડે બંધ

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કાંડા ઘડિયાળ કેમ નથી પહેરતા ? એમાં રોજ ચાવી આપવી ના પડે.

**દાદાશ્રી :** ના પહેરાય, પરાધીન થઈ જવાય. એ પાછું મારે આમ જોવું પડે ને આમ ચિત્ત જાય ને !

**પ્રશ્નકર્તા :** તે એની પાછળ શું પ્રસંગ બન્યો'તો કાંઈ ?

**દાદાશ્રી :** ના, ના, લોકો ઘડિયાળ રાખીને ઘડિયાળ જેવા થઈ ગયા છે !

**પ્રશ્નકર્તા :** આપને કેમનું છૂટી ગયું ?

**દાદાશ્રી :** એક જ લાવ્યો'તો. તે એક જણનું જૂનું વેચાતું લીધું'તું, હું પંદર વરસનો હતો ત્યારે. એક જણ કહે છે, 'મારે ઘડિયાળ વેચવું છે.' ત્યારે મેં કહ્યું, 'લાવ, હું વેચાતું રાખું.' તે જૂનું, સેકન્ડ હેન્ડ વેચાતું લીધું'તું. ત્યારે આ નવા માટે રૂપિયા ક્યાંથી લાવવા ? અને તે પછી પહેરીને સૂઈ ગયો હું. તે જમણા હાથે પહેરવાની ટેવ, અને જમણો હાથ છે તે આમ ઓશીકા પર મૂકવાની ટેવ. તે આમ સૂતા સૂતા અહીંયા



આગળ હાથ ગયો ને અહીં આગળ કાનમાં દુખ્યું, પેલું વાગ્યું ઊલટું અહીં આગળ, આખી રાત દુખ્યું એ. મેં કહ્યું, આ તો ઊલટું અડચણ કરે છે. આ તો ઉપાધિ ! આ પહેલે દહાડે ઉપાધિ કરે છે, તો રોજ શું થશે ? આ જે અત્યારથી જ દુઃખ દે છે, તે કાલે શું થશે પાછું ? બીજે દહાડે કાઢીને મૂકી દીધું, આ ના જોઈએ. મેં કહ્યું, ભઈ, આને વેચી દો આપણે, બે-ત્રણ રૂપિયા ઓછા આવે તોય. આપી દીધું વેચાતું પાછું. ફરી લીધું નથી. ઉપાધિ કોણ રાખે તે ?

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** મેં કહ્યું, બળ્યું, આ શી ભાંજગડ આપણે ? આ કાનને દુખે, આપણે આમ જેમ ફાવે એમ સૂઈ જવું હોય તો સૂઈ જવા ના દે !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને ડાબા હાથે પહેરાય નહીં, એવું લોક કહે. એટલે... આ તો વેશ આપણા કામનો નથી. આ દુઃખદાયી છે, ત્યારથી બંધ ! દુઃખદાયી થયું, મને ખૂંચ્યું, એટલે બીજે દહાડે ઘડિયાળ બંધ. ફરી ઘડિયાળ ના જોઈએ. આ તો પૈસા આપ્યા ને ઊલટું ખૂંચ્યું આપણને ! માટે ફરી લાવ્યો નથી.

## જેને ખાવાનીય ઉપાધિ લાગે તેને બીજું પછી શું વળગે ?

ઘડિયાળ પછી કાઢી નાખ્યું અમે. ના લેવાય, આવું કામ નહીં ને શી માથાકૂટ બધી. આ વળગાડ છે તે જ ખસતી નથી, પાછી નવી વળગાડ ક્યાં કરું ? આ વળગાડ છે એ કંઈ ઓછી છે ? બે આંખ્યો, બે નાક-કાન, આ બધા તોફાન, વાળ કેટલા બધા ! આ ખસતી નથી ને પાછી નવી વળગાડ ક્યાં વળગાડવી ? જો ને, દાઢી કરી કરીને દમ નીકળી જાય છે. નહીં તો મારે દાઢીનું શું કામ છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, અમને તો તમે દાઢીવાળાય ગમશો. આપ દાઢી રાખો તો ગમશે.

**દાદાશ્રી :** હા, પણ તેય ધોઈ ધોઈને દમ નીકળી જાય ને, એમાં. આ ઘસ ઘસ કર્યા કરે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, રોજ સાફ કરે. એ વાત ખરી છે.

**દાદાશ્રી :** બધી ઉપાધિ ને ! એટલે બધી ઉપાધિ જ છે આ, તે કોણ વધારે ? જે છે એટલી જ ઓછી નથી ને ! સંડાસ જવાની ઉપાધિ, ખાવાની ઉપાધિ. ખાવું એ તો ઉપાધિ જેવું લાગ્યા કરે, કે આ સાંજ ના પડે તો સારું, તો ખાવાનું આવે નહીં. પરાણે ખાવું પડે, પરાણે ચા પીવી પડે, પરાણે સૂઈ જવું પડે, બેસવાનુંય પરાણે.

**પ્રશ્નકર્તા :** અને એટલે જ રાગ-દ્વેષ છૂટી ગયા ને ! આ બધું પરાણે લાગે છે એટલે છૂટી ગયા એમ ?

**દાદાશ્રી :** ના, એટલે આ બધું પરાણે કરવું પડે. પાછું વધારું ક્યાં આ નવા લફરાને ? વ્યવહારમાં રહેવું પડે ને ! અને જો ના નાહીએ તોય ઉપાધિ.

## મોહને લીધે ખૂંચે નહીં અને જેલ ઊભી કરે

અને ઘડિયાળ શાને માટે ? આ તો બધા લોક દેખાવ માટે ઘડિયાળ વાપરે છે, સામાસામી દેખાડા કરવા માટે.

**પ્રશ્નકર્તા :** અરે દાદા, મેં તો એવા જોયા છે, ના ચાલતું ઘડિયાળેય એને પહેર્યા વગર ચાલે જ નહીં.

**દાદાશ્રી :** ઘેર બેઠા જેલ ! જાણીજોઈને એવો મોહ ઉત્પન્ન થયો કે જેલ ઊભી કરી. રાતે ખૂંચેય ખરું પછી, સૂઈ જાય ત્યારે. મને તો આ ઘડિયાળ એક વાર પહેર્યું, તે આમ સૂઈ ગયો તે મારું હારું ખૂંચ્યું. પછી બીજે દહાડે ફરી પહેરાયેય નહીં. કો'કનુંયે ના પહેરાય. જાતનું તો ના પહેરાય પણ કો'કે આપ્યું હોય તેય ના પહેરાય. ખૂંચે કે ના ખૂંચે બળ્યું આમાં ? આ આપણને ખૂંચે એ શું કામનું ?

તમને ઘડિયાળ ખૂંચતું નથી ? મોહ જ છે બધાને. શું છે ?

**પ્રશ્નકર્તા :** મોહ છે.

**દાદાશ્રી :** આ આમને જેમ આ ડાબલા અહીં ઘાલવાનો મોહ

ખરો ને ! હવે એ ડાબલા જો પાંચ શેર-દસ શેરના છે તે સોનાના કરી આપે ને, શી દશા થાય એમની ?

**પ્રશ્નકર્તા :** એ થાકી જાય પછી. અને થાકે ત્યારે કંઈક મોહ ઓછો થાય.

**દાદાશ્રી :** મોહના માર્યા માર ખાય છે ને ! તમનેય ઘડિયાળનો મોહ છે ?

**પ્રશ્નકર્તા :** આ મોહ છે એટલે તો પહેર્યું છે.

**દાદાશ્રી :** આ સ્ત્રીઓને ત્રણ શેર સોનું પહેરાવીએ અહીં આગળ...

**પ્રશ્નકર્તા :** તોય ભાર ના લાગે. રાજી થઈ જાય.

**દાદાશ્રી :** તો રાજી થઈ જાય. અરે, આ વજન નથી લાગતું, સોનાનું ? અને મને તો ઘડિયાળનુંય વજન લાગતું'તું.

## ઘડિયાળ આપણને શૉક લગાડે એ શું કામનું ?

પછી પાછું ઘડિયાળ જોવાની ટેવ પડી, એ ઈમોશનલ કરતું'તું. એટલે પછી મેં કહ્યું, આ તો ઈમોશનલ કરે છે. આ મારા કરતા ઉપરી આવ્યો વળી ! એટલે પછી લાઈફમાં ઘડિયાળ નથી પહેર્યું. કારણ કે મારો ઉપરી થાય એ મારે શું કામનો ? મને ઈમોશનલ કરે, એ શું કામનું ?

કેટલાક મેં જોયેલા, આમ... (દાદાશ્રી ઘડિયાળ જોવાની એક્શન કરે છે.) અલ્યા, શું આ કોણે તને આવું ચૂંક મારી ? બળ્યું એ ઘડિયાળ ! જે આપણને ચૂંક મારે, મહીં આખો આત્મા જ વિસરાઈ જાય. અને સારા સારા માણસો, ગવર્નર જેવા માણસ મારી જોડે બેસે ને, ત્યાર પછી થોડીવાર થાય ને, ઘડિયાળ જુએ અને આમ તુર્ત ઊભો થઈ જાય. મેં કહ્યું, 'અલ્યા, ઘડિયાળ તને આમ કેમ કૂદાવડાવે છે ? ઘડિયાળ તને આમ કેમ કરે છે ?' આ તો મને ગમે જ નહીં, આ મારું કામ નહીં. મને કોઈ આવો ગોદો મારે ને, તો હું ઊઠું એવો માણસ નથી. ગોદો

મારે તો વધારે બેસી રહું. પેલો આમ જોઈને એકદમ કૂદાકૂદ કરવા માંડ્યો. હવે સેન્સિટિવપણું કરે, એ માણસ ચંચળ થતા થતા વધુ એવો થતો જાય. શું થાય ?

**પ્રશ્નકર્તા :** ચંચળ થાય.

**દાદાશ્રી :** મૂળ તો ચંચળ જ છે. અને ચંચળતા વધે કે ઘટે ?

**પ્રશ્નકર્તા :** વધે.

**દાદાશ્રી :** એ ગાડીને જતું રહેવું હોય તો જતી રહે. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** આવું ના ચાલે. જેને મિનિટે મિનિટે કામ કરવાનું હોય ને, તે જો જો કરે ને કૂદે. 'એ ટાઈમ થઈ ગયો, એ થઈ ગયો, એ થઈ ગયો.'

**પ્રશ્નકર્તા :** અમારે એવું જ થાય છે.

**દાદાશ્રી :** એવું જ થાય. અને એય જોતાની સાથે કૂદતા મેં જોયેલા. જાણે શૉક (કરંટ) ના લાગતો હોય ! શૉક લાગે ખરો ઘડિયાળનો ?

**પ્રશ્નકર્તા :** લાગે, ઘડિયાળને કારણે બીજા જે વિચારો ચાલતા હોય તેનો શૉક લાગી જાય ને ! ઘડિયાળ માધ્યમ બની જાય છે.

**દાદાશ્રી :** ના, આમ જોતાની સાથે શૉક !

**પ્રશ્નકર્તા :** જોતાની સાથે લાગે કે ઑફિસનો ટાઈમ થઈ ગયો, આનો ટાઈમ થઈ ગયો, એટલે શૉક લાગે.

**દાદાશ્રી :** ત્યારે બળ્યા એ શૉક લગાડે. તે મનુષ્ય જીવન કો'ક ફેરો હાથમાં આવ્યું હોય, ત્યારે શૉક લગાડે એવું પહેરવું એ કોના ઘરની વાત છે ! રાજાયે ભડકાવતો હોય જે દેશમાં, તો એ દેશમાં રહેવું નહીં. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** રાજા ભડકાવે તે દેશમાં નહીં રહેવાનું.

**દાદાશ્રી :** હા... આપણે જંગલમાં જતા રહીએ. શૉક લગાડે ત્યાં નહીં રહેવાનું.

## ઘડિયાળ ચેતવે ને મારે ચેતવાનું ?

મને મનમાં એક એવું, કે ઘડિયાળ ચેતવે ને મારે ચેતવાનું ? આ જડ વસ્તુ એ મને કહે, 'ઊઠ અહીંથી !' શું કહે છે એ ? ત્યાંથી હું સમજી ગયો હતો, તે પછી ઘડિયાળ રાખવાની બંધ કરી.

લોકો તો આમ જોયું ને તરત ઊભા થઈ જાય ! અલ્યા, મારું હારું ઘડિયાળ આને શું કરે છે ? તું આખો કેમ આમ થઈ ગયો ? મારું હારું આ ઘડિયાળ બિવડાવે એને ! મહીં એને ગોદો મારે છે કે શું ? અને ઘડિયાળ છે તેથી આ ભડકો છો, મૂઆ ? કંઈ સૂર્ય-ચંદ્ર પડી જવાના છે ? અને ભડકવાથી બે મિનિટ ફાયદો થઈ ગયો ? છતાંય ધંધાદારીને ત્યાં એવું છે ને, કે એ ટેવાઈ ગયેલા છે. બાકી નહીં તો માણસને જો ઘડિયાળ ના હોય ને, તો બધી વાતો એની પોતાની મહીંથી જ ખબર પડે છે, મહીં જ ઘડિયાળ છે ! એટલે બધું ચક્કર, મહીં ટાઈમ હઉ દેખાડે. બધું જ ચાલે અંદર. પણ હવે ટેવાઈ ગયેલા છે એને શું થાય ? અત્યાર સુધી ટેવ પડી ગયેલી હોય, તેને છોડાવીએ તો એ શી રીતે છૂટે ?

## કશું છોડશો નહીં, માત્ર જાણી રાખો જ્ઞાન

**પ્રશ્નકર્તા :** દાદા, વ્યવહારમાં કેમ ચાલે તે ?

**દાદાશ્રી :** તેમ છતાં તમે છોડી ના નાખશો, હં. કારણ કે તમે જે વ્યવહારમાં સપડાયા છો, એ વ્યવહાર તમારે હિસાબે છે અને હું સપડાયો તો એ મારા હિસાબે હતો. તમે છોડી ના દેશો. આનો દાખલો લેવા જેવો નથી આ. હું જેટલા બોલું છું, એ દાખલા તમારે લેવા જેવા નથી. એ તમારે જાણવા જેવા છે આમ, કે માણસ શું શું કરે ? પોતે ભાવનાથી કરી શકે તો થઈ શકે એમ છે. બાકી મારો દાખલો લેશો નહીં, નહીં તો માર ખઈ જશો.

**પ્રશ્નકર્તા :** દાદા, માર ખાવા તો આવ્યા છીએ, તમારી પાસે.

**દાદાશ્રી :** ના, એ માર ખાવા આવ્યા છો, એ વાત જુદી છે. પણ મારો દાખલો લેવો નહીં, તમારે મને પૂછવું, કે 'ભઈ, મારે આ શું કરવું ? છોડી દેવું ?' તો હું રસ્તો કરીશ.

## મહીંની જાગૃતિ ન આવે ત્યાં સુધી ઘડિયાળ પહેરીને ફરજો

**પ્રશ્નકર્તા :** 'જાગ્રત માણસ હોય એ ઘડિયાળ ના પહેરે', એવું આપે એક વાર કહેલું, તો એનું કારણ શું ?

**દાદાશ્રી :** હું ઘડિયાળ પહેરતો જ નહોતો. કારણ કે જાગ્રત માણસ, મારે ઘડિયાળ શું કરવું છે ? આપણી ગોઠવણી એક દહાડો હોય, તે પ્રમાણે ઊઠવું. માણસ જો ગોઠવણી કરે તો, રેગ્યુલર ઊઠાય છે, ચા-પાણી બધું થાય છે. અને કો'ક દહાડો ઈરેગ્યુલર થઈ જઉં તો આપણે સમજી જવું કે, આ ટેન મિનિટ્સ કંઈક ગોટાળો થયો છે. તો ટેન મિનિટ્સ એટલું આપણે સાચવી લેવાનું. અને એ ટાઈમસર જ જઈએ આપણે ત્યાં. ત્યાં આગળ પહોંચીએ ત્યારે અગિયારમાં દસ જ કમ હોય.

**પ્રશ્નકર્તા :** હા, એટલે હું ઘડિયાળ તો કાયમ પહેરતો નથી. ઘડિયાળ છે, પણ આ પહેરું છું કો'ક જ વખત.

**દાદાશ્રી :** એ બરોબર છે, વાંધો નહીં. પહેરો તેનોય વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, ઈરેગ્યુલર થાય તો કાઢી મૂકે, નોકરીએ જો મોડું થઈ જાય તો.

**દાદાશ્રી :** ના, એટલે મારું કહેવાનું, કે આ લોકો એટલા બધા જાગૃત નથી, એટલી જાગૃતિ નથી. એટલે ઘડિયાળની જરૂર જ છે. હું તમને કહું, 'ઘડિયાળ પહેરીને જ ફરજો.' એટલી બધી જાગૃતિ ક્યાંથી લાવે એ !

**પ્રશ્નકર્તા :** એવી જાગૃતિ આવે, પછીની વાત છે એ. ત્યાં સુધી સાધન તરીકે જરૂરી છે.

## ઘડિયાળ હાલે, પણ આપણે ના હાલીએ

**દાદાશ્રી :** ઘડિયાળ હું તો પહેલેથી જ રાખતો નહોતો. શી ડખલ વળી, નકામું હેરાન કર્યા કરે ! ઘડિયાળ કંઈ એવું દેખાડવાનું છે કે નવને પિસ્તાલીસે મરણ આવશે ?

**પ્રશ્નકર્તા :** ના, દાદા.

**દાદાશ્રી :** તો પછી શું કામ છે આપણે એ ઘડિયાળનું ? લોકોની નોકરી કરવાની અને ઘડિયાળ આપણું વાપરવાનું ? તે ઘણા માણસ તો થોડી-થોડીવારે... (દાદાશ્રી ઘડિયાળ જો-જો કરવાની એક્શન કરે છે.) હં... અલ્યા મૂઆ, કોણ ખઈ જવાનું છે ? એ સરખો રહીને જો ને આમ. શું ઈનામ આપી દેવાના હતા તે ? મૂઆ, આટલો બધો ફડકાટ રાખે ! જો ઘડિયાળ તને આટલો બધો ચમકાવે છે, તો તારી દશા શું થશે ?

**પ્રશ્નકર્તા :** બરોબર, સાચી વાત છે. એ જોયા કરે આમ આમ. આમ આમ કરે એ. એવું ઘણા કરે છે એમ.

**દાદાશ્રી :** ના, આમ હોય ને તે... (દાદાશ્રી એક્શન કરે છે.) મૂઆ, શું તે આ વગર કામનું બધું ? મને કહે છે, 'તમે ટાઈમ થઈ ગયો હોય તો શું કરો ?' ત્યારે મેં કહ્યું, 'જરા પાછું ફેરવીને દસ મિનિટ પાછળ લઈ લઉં.' પછી નિરાંતે જમાય તો ખરું. એમ ને એમ મોડું થઈ ગયું હોય ત્યારે શું કરીએ છીએ ? આપણે એવો ઉપાય ખોળી કાઢો કે આપણે મહીં હાલે નહીં. ઘડિયાળ હાલે, પણ આપણે ના હાલીએ. નોકરી લોકોની અને કૂદાકૂદ એ કરે, મૂઓ ! તારો ધંધો હોય ને તું કૂદતો હોય તો જાણે ઠીક છે. અહીં લોકોની નોકરી, ત્યાં ભાડે જવું અને પાછું આટલું બધું કૂદાકૂદ કરવું !

## કશે ચિત્ત ન વિખરાતા ઐશ્વર્ય ન વટાય દાદાનું

આ ઘડિયાળ છે તે ચિત્તની આખા દહાડામાં પચ્ચીસ-ત્રીસ સેકન્ડ ખઈ જાય છે. ચિત્તની સેકન્ડો ! એટલું ચિત્ત છે તે વિખરાઈ ગયું કહેવાય. એટલે આ જે ઐશ્વર્ય શક્તિ હતી તે વિખરાય એટલી. ચિત્ત, સંપૂર્ણ

ચિત્તશક્તિ એ ઐશ્વર્ય શક્તિ, સંપૂર્ણ ઐશ્વર્ય ! અમારી ચિત્તશક્તિ સંપૂર્ણ ! કશી કોઈ જગ્યાએ ભાંજગડ જ નહીં ને ! અને અમારે તો ચિત્તવૃત્તિ જે વપરાતી હતી, તે જ બંધ થઈ ગઈ ને ! જુઓ, મારે જાતે નહાવું પડતું'તું, તે દહાડે મારે ચિત્ત જાય થોડો વખત કે નહાવાનું પાણી મૂક્યું ? આ તો નવડાવનારા છે હવે એટલે પાણી મૂક્યું કે નહીં તે જોવાની જરૂર નહીં. પછી માથામાં તેલ નાખનારાય છે, એટલે તેલ નાખવામાં મારે છે તે ચિત્તવૃત્તિ જાય નહીં. કશામાં ચિત્તવૃત્તિ જાય નહીં. કપડાં હઉ એ પહેરાવે છે, બૂટેય પહેરાવે છે, મોજાય પહેરાવે, પછી શામાં અમારી ચિત્તવૃત્તિ જાય ? એટલે ઐશ્વર્ય જ ના વટાય ને !

હવે એમાં તમારે આ જ્ઞાન આપ્યા પછી થઈ છે દશા બહુ ઊંચી, પણ તેમાંથી તોય આ ખઈ જાય, પેલું ખઈ જાય, પેલું ખઈ જાય, પેલું ખઈ જાય. એ ઐશ્વર્ય શક્તિ ઉડાડી મેલે એટલી. આ પંદર-વીસ સેકન્ડ તો ઉડાડી દેતી હશે ને ?

**પ્રશ્નકર્તા :** વધારે, દાદા. પાંચ-છ વાર જુએ તો તો વધારે થઈ જાય. એકાદ મિનિટ જેવું થઈ જાય આમ.

**દાદાશ્રી :** હવે કોઈ મને પૂછે, કે 'શું ઘડિયાળ ના જોઈએ ?' ત્યારે મેં કહ્યું, 'ઘેર ઘેર ઘડિયાળ ત્યાં ઘડિયાળની શું જરૂર ? જ્યાં ઘડિયાળ જ ના હોય ત્યાં ઘડિયાળની જરૂર.' ઘેર ઘેર ઘડિયાળ હોય તો પૂછીએ, 'ભઈ, કેટલા વાગ્યા છે ?'

**પ્રશ્નકર્તા :** તરત કહે પેલા.

**દાદાશ્રી :** ના, ખુશી થઈને કહે કે જો મારું ઘડિયાળ છે તે મને પૂછ્યું. એટલે અમે તો આવી શોધખોળ કરીને ઘડિયાળ લીધેલું જ નહીં ને, જિંદગીભર.

## પેપર વાંચવા જતા લોકોના મોઢા ગંધાય, તે છૂટ્યું વાંચવાનું

**પ્રશ્નકર્તા :** દાદા, મામાની પોળમાં છાપું મંગાવતા હતા ?

**દાદાશ્રી :** હું પહેલા તો, જ્ઞાન નહોતું ત્યારે અમથો, પેપર છે તે

આ પેલું પોળને નાકે યુવકસંઘે બંધાવેલું હોય ને, તે હું શાક લેવા ગયો હોય, ત્યારે બધાય છે તે વાંચતા હોય ત્યારે હુંય જઈ મહીં ડોકું મારું. જરા પેપરમાં મોઢું મારીએ ત્યારે ચાર પાંચના મોઢા ગંધાતા હોય એટલે પાછો આવતો રહું. માથું ચડી જાય આપણું. આ લોકોમાં વિષયોની ચંચળતા વધારે એટલે તરત ગંધાય મને. એટલે ખસી જઉં પછી, કે નથી વાંચવું. આ દુઃખ કરતા પેલું દુઃખ સારું છે, ન વાંચવું એનું દુઃખ. એટલે હું ખસી જઉં.

## અનસર્ટિફાઈડ વાતો કરે એ રેડિયોની શી જરૂર ?

પછી રેડિયો અમારા ફ્રેન્ડ લાવ્યા હતા. કહે છે, 'હું બે રેડિયા સાથે લાવીશ.' મેં કહ્યું, 'મારો રેડિયો ના લાવીશ.' અરે મૂઆ, તું મનુષ્ય થઈને આ રેડિયો ખોળું છું ? આ બહાર અહીં ઓછા છે, આ આટલો ઘોંઘાટ તો થાય છે ! તે આટલા ઘોંઘાટમાં તો આપણને નવરાશ ના હોય, ઘડીવાર શાંતિ નથી રહેતી. તે આ પાછો ઘોંઘાટ ? એ રેડિયો મને યાદ પણ આવ્યો નથી, કોઈ દહાડો લેવાનો વિચાર પણ નથી આવ્યો. મેં આ કોઈ પણ વસ્તુ આજ સુધી લીધી નથી.

ઘરમાં વસ્તુ વધારે લાવવાની થાય, તો હીરાબા કહેશે, 'ઊલટી આ એક પાછી મૂકીશું ક્યાં, ઉપાધિ શું કરવા વધારો છો ?' તે હીરાબા ને અમેય એક મતના. ગાડી ખરેખરી ચાલે અમારી. બીજી ભાંજગડ જ નહીં ને !

ભઈબંધો કહે છે, રેડિયો લાવો. અલ્યા મૂઆ, આ માથાફોડ, આખો કાન ફોડી નાખે એવો રેડિયો ! અને તેમાં મહીં બોલનારા માણસો કંઈ વાત સર્ટિફાઈડ કહેતા નથી. એમાં તો શું સાંભળવાનું ? મૂઆ, શાના હારુ આ રેડિયો જોઈએ ? આ રેડિયો શેના હારુ લોકો શોધે છે ?

**પ્રશ્નકર્તા :** મનનો આનંદ.

**દાદાશ્રી :** મનનું રંજન કરવા માટે. તો અમારા મનને તો આનંદ પાર વગરનો રહેતો હોય, તો રંજન કરીને અમારે શું કામ છે તે ? મને

તો એમ લાગે કે આ ફૂલિશ માણસોના હાથમાં આ આવું રમકડું આવ્યું ! આ આટલી બધી ફૂલિશનેસ તો છે ને પાછા આ રમકડા હાથમાં આપ્યા ! વાંદરાના હાથમાં પેલું આપે ને, ડુગડુગિયું, એના જેવું આ બધું. આ કશું હું અડું નહીં.

## આ જીવતા રેડિયાથી જ કાન દુઃખે છે તે

રેડિયો હું સાંભળું, તો મારા ટાઈમનું શું થાય ? માણસની પાસે સાંભળતા છે તે કંટાળો આવે છે, તો આ રેડિયો વળી શાને ? એ કશું ના હોય અમારી પાસે. આ મેડનેસ છે બધી.

**પ્રશ્નકર્તા :** દાદા, અમારે એ બધુંય જોઈએ છે ને તમારે નહોતું જોઈતું એનું કારણ શું ?

**દાદાશ્રી :** ના, એ તો પછી તમે લોકોનું શીખીને કરો. હું લોકોનું જોઈને શીખ્યો નથી. મેં એક પઈ દુરુપયોગ નથી કર્યો આખી જિંદગીમાં. ઘડિયાળ તો જાણે પહેર્યું જ નથી કોઈ દહાડોય. એમ રેડિયોય જોયો નથી. એ સાંભળ્યો જ નથી. આ મૂરખ બનાવવાનું કામ, મને તરત જ સમજણ પડે કે મૂરખ બનાવે છે આ રેડિયા. આ બધા રેડિયા ગા ગા કરે છે તે ગમતા નથી અને આ નવો રેડિયો અહીં લાવ્યો, ભોં ભોં કરે એવો. આ બહાર રેડિયાઓ બૂમાબૂમ કરતા હોય ને, તે ના ગમે. આ બધા લોકો રેડિયા જ છે ને ! કેટલાક તો એવા રેડિયા હોય છે, તે આપણને વાત કહેવા આવ્યો હોય ને આપણે એને કહીએ, કે 'હું બધી વાત સમજી ગયો, હવે બંધ રાખો ને !' ત્યારે કહે, 'તમે મારી વાત પૂરી સાંભળો ને !' અરે, રેડિયો તો બંધ થાય, તું તો મૂઆ બંધેય ના થઉં ઊલટો.

આ બધા રેડિયા છે તે ઊલટું કાન ફૂટે છે ! આ બધા રેડિયા જાય છે ને બજારમાં, રસ્તામાં જતા નથી જોયા રેડિયા ? જોયેલા કે નહીં ? અને કોઈ ના હોય ત્યારે પેલા ગધ્ધેસિંગ છે તે રેડિયો વગાડે, હડહડાટ. પેલા લંબકર્ણ. અમારે તો કોન્ટ્રાક્ટનો ધંધો ને, તે પાંચસો-પાંચસો ગધેડા હોય, માટી નાખનારા. એય પાછા રેડિયો વગાડે હડહડાટ. મેં અમારા ભાગીદારને કહ્યું, 'જુઓ, આ રેડિયો વગાડ્યો.'

## આ તો મનોરંજન કે પરવશતાના સાધનો !

તે મારો મિત્ર કહે છે, ‘રેડિયો કેમ નહીં ?’ ‘અલ્યા મૂઆ, જાનવરો જે સંઘરે નહીં, તે રેડિયો મનુષ્યો સાંભળે ?’ મેં કહ્યું.

**પ્રશ્નકર્તા :** દાદા, અભિનયની કળા પણ છે આપનામાં. તત્ત્વજ્ઞાન સાથે કળાકાર હશો એ ખબર નહોતી.

**દાદાશ્રી :** હા, કળાકાર તો બહુ હતો. અને તે ભારે કળાકાર કહેવાય ! બોધકળા બહુ હતી. તે જ્ઞાનકળા પછી થઈ.

રેડિયો લાવો, ફલાણું લાવો. અલ્યા મૂઆ, આ પરવશતાઓનો પાર નથી, તેમાં પાછી આની પરવશતા ઊભી કરી. મૂઆ, શું કરવા પરવશ થાવ છો, ઠોકાઠોક ?

**પ્રશ્નકર્તા :** પણ આ તમારી વાત રેડિયો ઉપર આવે તો બધાને સંભળાય ને ?

**દાદાશ્રી :** પણ કોની વાત સાંભળવાની, બળી ? આ તો રેડિયો થયા... જન્મ્યા પછી કોઈ એવો માણસ પાક્યો નથી કે જેની વાત સાંભળવા જેવી હોય. ગોબેલ્સ (Paul Joseph Goebbels - એક જર્મન નેતા) જેવા જન્મ્યા છે.

**પ્રશ્નકર્તા :** કોના જેવા કહ્યું ? ગોબેલ્સ જેવા ?

**દાદાશ્રી :** ત્યારે બીજું શું તે ? સાયકૉલોજી ઈફેક્ટ કર્યા કરે ને વઢંવઢા, લઢંલઢા, મારંમાર...

એ તો હવે કામ લાગશે હવે, એક જ ફેરો હું બોલ્યો છું. શેની ઉપર ગયા’તા આપણે ? ટી.વી. ?

**પ્રશ્નકર્તા :** આપણે ટી.વી. ઉપર (ઈન્ટરવ્યુ માટે) ગયેલા.

**દાદાશ્રી :** એક જ દહાડો ટી.વી. ઉપર ગયો’તો. તે લોક ખુશ થઈ ગયા. દાદા તમે આવ્યા, દાદા તમે આવ્યા ! હજુ નોંધ આગળ રાખે છે.

સાચું સાંભળેલું જ નથી. બિચારાએ સાચો શબ્દ સાંભળેલો નથી. અહીં શિકાગોમાં એક ફેરો છે તે રેડિયો ઉપર બોલ્યો'તો ને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

## આ તો નીચે ઉતારવાની શોધખોળ

**દાદાશ્રી :** રેડિયો મારા મિત્રએ મફત આપેલો તોય મેં પાછો આપી દીધેલો, બીજાને આપી દીધેલો. એ રેડિયો તો હોતો હશે ? માણસ રેડિયો સાંભળી શકે ? એ તો જે ઈન્દ્રિયગમ્ય છે, જ્યાં આગળ ઈન્દ્રિયગમ્ય સુખો છે, તેને માટે છે. એટલે આપણા હિન્દુસ્તાન સિવાય બહાર ઈન્દ્રિયગમ્ય લોકો છે, એમને માટે બરોબર છે.

**પ્રશ્નકર્તા :** જી હા.

**દાદાશ્રી :** એ કષાયયુક્ત નથી, આ કષાયયુક્ત પ્રજા છે. આમને આવો રેડિયો-બેડિયો સંભળાતા હશે ? પણ એ પેસી ગયા ને ! જુઓ ને, એ ભૂતા આ લોકોએ પ્રૉપેગન્ડા (પ્રચાર) કરીને ઘાલ્યા. રેડિયો નહીં, બીજી કોઈ ચીજ મારામાં પેઠી નથી.

આમ તો કન્ટ્રાક્ટનો ધંધો હતો એટલે લાવી શકીએ. પણ પહેલેથી જ મને ઊલટું એમ લાગે, કે આ કઈ જાતના મૂરખા માણસો, તે આવું શું શોધી કાઢ્યું છે ? તે મને ફૂલિશ લાગ્યા કરે. આ લોકો કેવા ફૂલિશ થઈ ગયા છે ! આગળ વધવાને બદલે આમ ચાલ્યા ! આ કંઈ હિન્દુસ્તાનને માફક આવે એવી શોધખોળ છે ? આ તો નીચે ઉતારવાની શોધખોળો છે !

## મનુષ્યપણાના બાલમંદિરને આ ગમે, કોલેજવાળાને નહીં

આ છોકરાં જુઓ ને, અહીં કાને રેડિયો લગાડી નથી રાખતા ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** બસ બીજું કંઈ નહીં, આમ રેડિયો લગાડીને સાંભળે. કારણ કે નવેનવું ઉદયમાં આવ્યું છે, બિચારાને. નવું ડેવલપમેન્ટ છે. જો ડેવલપમેન્ટ થયેલું હોત તો તો અડાડે જ નહીં. એક ફેરો જોઈ લીધો પછી

અડાડે જ નહીં. નવીન વસ્તુને એક ફેરો જોવાની હોય, કંઈ એનો કાયમ અનુભવ લેવાનો ના હોય. અનુભવ તો લઈને જ આવેલા છે. પણ આ છોકરાંઓ બધા અહીં ને અહીં અડાડીને બેસી રહે છે ને, આખો દહાડોય. તમને કેમ ગમતું નથી ?

**પ્રશ્નકર્તા :** એ જ વિચાર મારા મનમાં ચાલે છે હમણાં.

**દાદાશ્રી :** એ ડેવલપ થઈને આવેલા છે.

**પ્રશ્નકર્તા** (મહાત્માને) **:** તમને ગમે છે રેડિયા-બેડિયા સાંભળવા ? બિલકુલ કાંઈ પસંદ નથી ?

**દાદાશ્રી :** ના, એય ના અડે, આ બધા તો ના અડે.

**પ્રશ્નકર્તા :** ત્યારે તો બધા ડેવલપ્ડ કહેવાય.

**દાદાશ્રી :** એ ના અડે, કોઈ ના અડે. આમાં કોઈ અડે નહીં. આ તો નવા કાચા માણસો અડાડ અડાડ કરે અહીં આગળ. મનુષ્યમાં પહેલી વખત આવેલો હોય તો એ અડાડે. મનુષ્યમાં હજારો વખત આવેલો માણસ શી રીતે અડાડે ? સમજાય છે ને તમને ?

## અનંત અવતારથી ધરાયેલા, તેથી કશી ભૂખ લાગે જ નહીં

અનંત અવતાર સુધી પોતે ભોગવેલું હોય તેને સંતોષ હોય. એને કશી ચીજ જોઈએ નહીં અને ના ભોગવેલું હોય તેને જાત જાતનો લોભ પેસી જાય મહીં. આ ભોગવું ને તે ભોગવું ને ફલાણું ભોગવું.

આ સંતોષ એ શું છે ? પોતે પૂરું ભોગવેલું છે પહેલા. એનો સંતોષ રહ્યા કરે. જે બાબતમાં તમે ભોગવેલું હોય, જે કોઈએ રાજસુખ, રાજાનું સુખ ભોગવેલું હોય, તેને અત્યારે રાજ આપીએ તોયે ના ગમે. મનમાં ને મનમાં કંટાળે એ. 'અલ્યા, તે આ ભવમાં તો નથી ભોગવ્યું.' તો કહે, 'ના પણ મને એ ગમતું નથી.' એને નક્કી થઈ ગયેલું હોય છે. એટલે સુખ ભોગવેલું હોય તેને કશી જરૂર નથી આ દુનિયામાં, અને ના ભોગવેલું હોય ત્યાં સુધી મહીં ઉપાધિઓ-ઉપાધિઓ, વિચાર આવ્યા જ કરે.

**પ્રશ્નકર્તા :** અડધા લોકોને તો લોકસંજ્ઞાએ બધું જોઈતું હોય છે. આમને ગાડી હોય એટલે મારે જોઈએ, એવું હોય છે.

**દાદાશ્રી :** ના, પણ એ લોકસંજ્ઞાય છે તે મહીં પોતે ધરાયેલો ના હોય, ત્યારે ઉત્પન્ન થાય ને ! નહીં તો ધરાયેલાને કોઈ ભૂખ લગાડે એમ નથી. મને અત્યાર સુધી કોઈ ભૂખ લગાડનાર મળ્યો જ નથી ને ! નાનપણથી મને રેડિયો સરખોય લાવવાની જરૂર પડી નથી. અને શેને માટે આ જોઈએ ? આ તો કઈ જાતની બુદ્ધિ હોય, એવી ભયંકર ચક્રમ હોય ત્યારે. અને મૂઆ, આટલા બધા, રેડિયા લોક ફરાફર કરે છે ને, તું આ નવો રેડિયો કંઈ લાવ્યો ? મૂઆ અક્કરમી ! આ બધા જીવતા જાગતા રેડિયા ફર્યા કરે છે !

**પ્રશ્નકર્તા :** અને તે ફેરોય ના ખાય પાછો આપણો.

**દાદાશ્રી :** નહીં, ભાન જ નથી ને ! હવે તો વળી છોકરાંઓ અહીં કાનને અડાડીને ફર ફર કરે છે. એટલે ભાન જ નથી એમાં.

ભોગવેલું હોય તેને શેને માટે આની જરૂર હોય, આ દુનિયામાં ?

## એક મિનિટ પણ બગાડાય કેમ કરીને ?

માણસોને ટાઈમ જ શી રીતે મળે છે, આ રેડિયો સાંભળવાનો ? મહીં આપણી મશિનરી એટલા બધા કામમાં લેવાની છે અને આ રેડિયો સાંભળવામાં શી રીતે ટાઈમ જાય છે ?

પેલો દૂર... ત્યાંથી બીજા દેશવાળો બોલ્યા કરતો હોય એની મેળે, મારા કાન ફૂટે છે એ સાંભળીને. આપણને શું લાભ ? એ લઢાઈમાં લઢે, તેમાં આપણને શું લાભ ? અને હિન્દુસ્તાનની લઢાઈ વખતે જોઈ લઈશું આપણે. પણ અત્યારે વગર કામના માથે લઈ લઈને ફર્યા કરો છો ! આવીને પાછા મને શું કહે ? 'જોયું દાદાજી, પેલા ચંદ્ર પર પહોંચ્યા ને !' તને આમાં શું ફાયદો ? મૂઆ, તું શું કરવા કૂદાકૂદ કરે છે વગર કામનો ? ચંદ્ર પર પહોંચ્યા કે નહીં પહોંચ્યા ! તે આપણા લોકોની બેભાન અવસ્થા છે. પોતાનો ટાઈમ બધો લોકો યૂઝલેસ ખોવે

છે. એટલે આ અક્રમ વિજ્ઞાન જાણ્યા પછી ટાઈમ ના ખોવે. સારા કામમાં વાપરે પછી.

ટાઈમની ગોઠવણી થઈ જવી જોઈએ. ટાઈમ એક મિનિટ બગાડાય કેમ કરીને ? અમે નિરંતર ઉપયોગમાં રહેવાના, નિરંતર. મનુષ્યનો અવતાર, અવતાર કોનો ? માનવદેહ. અને તેમાં રેડિયો સાંભળવાનો ટાઈમ મળે છે તને ? મને તો કોઈ દહાડો મળ્યો નથી. કારણ કે મિનિટ પણ ઊંધે રસ્તે નહીં જવા દેવાવાળો માણસ. ઉપયોગપૂર્વક રહેવાનું. ગમે તે ઉપયોગ, અજ્ઞાન ઉપયોગ હતો, પણ આવું તો નહીં. આ છોકરવાદ નહીં. આ તો હોતું હશે આપણને ?

## જીવતાનું સાંભળીએ, બીજું આ બધું તો મડદારૂપ

મને તો નાનપણમાં રેડિયો જોઈને એવું થયેલું કે આ બધું ગાંડપણ કંઈથી પેસી ગયું ? આમાં શું સાંભળવાનું ? આપણે માણસો સામસામી બોલીએ તે સાંભળવાનું હોય જીવતાનું. આ મરેલાનું (મશિનરીનું) શું સાંભળવાનું ? આ તો બધી મેડનેસ છે. આ તો ઘનચક્કર બનાવવાનું કારખાનું છે બધું.

**પ્રશ્નકર્તા :** પાછા સ્ટીરિઓ લાવ્યા છે. આ તો કહે છે, દસ લાખ રૂપિયા આવે તો ટેલિવિઝન લઈ આવું.

**દાદાશ્રી :** કોઈ વસ્તુ એવી નથી કે મને ચોંટી હોય. અરે મૂઆ, આ તો બધી માંકડાની રમતો છે. અલ્યા, હું માંકડું છું ? આ તો જડ વસ્તુને તું સાંભળું છું ? જડ વસ્તુ ઘોં ઘોં ઘોં કર્યા કરે, તે આ મૂઓ પાછો કાન દઈને સાંભળે ! મૂઆ, મરી જઈશ. રેડિયો સાંભળે, આ ટી.વી. જુએ. અલ્યા, શું જુએ છે તે આંખ્યોને બગાડે છે વગર કામનો ? આ મનુષ્યોમાં ક્યાં બરકત છે તે ?

કૂતરાને ટી.વી જોવા બેસાડીએ તો બેસે ? ટી.વી. જુએ ખરું ? ત્યારે કૂતરાને પૂછતા હોય તોય સમજણ પડી જાય ! આમાં શું જોવાનું ? આ મેડનેસ કહેવાય. અમારે ત્યાં તો મહેન્દ્રભાઈ લાવ્યા છે, તે અમને

એક ફેરો પા કલાક બેસાડ્યા તો અમને ના ફાવ્યું. એ અનુકૂળ જ ના આવે ને ! આ આંખો ખેંચાઈ જાય બધી.

**પ્રશ્નકર્તા :** દાદા, એડજસ્ટ થવું પડે ને ?

**દાદાશ્રી :** ના, એડજસ્ટ તો થઈએ, પણ આપણને અનુકૂળ ના આવે ને ! એડજસ્ટ થઈએ, આપણે વિરોધી નથી. એ કહે છે, 'અમારે લાવવું છે વેચાતું.' મેં કહ્યું, 'લાવો ભઈ.' એમાં વિરોધ ના કરીએ આપણે. લાવો, મૂકો, જુઓ. એ પૂછે, કે 'આમાં નુકસાન શું ?' તો અમે કહીએ, નહીં તો વારેઘડીએ આપણે શું કરવા કચકચ કરીએ ? સહુ સહુનું બગાડે.

આ સિનેમામાં શું જોવાનું છે ? જોવાનું તો અહીં આગળ બધું, આ બધું સિનેમા જ છે ને ! બજારમાં જાય તો નર્યા માણસો આમ આય-જાય કરતા હોય, એ જો જો કર્યા કરીએ. તો આ જોઈએ તો આંખોય સારી થાય. કોઈનું મોઢું સારું દેખાઈ જાય કો'ક ફેરો.

## કેવા ભાવ કર્યા હોય તો આ બધું ભેગું થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ ટેપરેકૉર્ડર છે, આ ટી.વી. છે, પિક્ચરો-ફિલ્મો છે, એ બધી વસ્તુઓ ભેગી થાય છે, તો પૂર્વે કેવા ભાવો કરેલા ?

**દાદાશ્રી :** હં. 'મારે ભણવું છે' એવો ભાવ કર્યો હોય તેથી કૉલેજ ભેગી થાય અને પુસ્તકો ભેગા થાય. કેવો ભાવ ?

**પ્રશ્નકર્તા :** ભણવાનો ભાવ.

**દાદાશ્રી :** હં. એ કૉલેજનો ભાવ કોઈ કરે...

**પ્રશ્નકર્તા :** બરોબર. તો આવી બધી વસ્તુઓ ભેગી થાય તેમાં કયો ભાવ હશે ? આ મોજશોખના સાધનો બધા. જો આ જન્મમાં જે ભોગવવાનું હોય એ ગયા જન્મના ભાવનું પરિણામ હોય તો ગયા જન્મમાં ટી.વી., રેડિયો, કમ્પ્યૂટર શોધાયા ન હતા. તો એ આ જન્મમાં ભોગવવાના કઈ રીતે થયા ?

**દાદાશ્રી :** એવું નથી હોતું. મનમાં ભાવ હોય કે મારે આ નવી નવી ચીજ બધી જાણવી છે. એટલે પછી નવી ચીજો ખોળે બધી. એ ભાવનું પરિણામ છે. બાકી ટી.વી., રેડિયો જોઈએ, એવું ખ્યાલ જ ના હોય ને ! પણ નવી જે કોઈ ચીજ ઉત્પન્ન થઈ હોય તે મારે જાણવી છે. એટલે આંખની ચંચળતા, કાનની ચંચળતા એ બધું ભેગું થાય.

**પ્રશ્નકર્તા :** એટલે ચંચળતાથી એ ભેગું થાય પણ ભાવ કયો હોય એમાં ?

**દાદાશ્રી :** આ જોવાનું ગમે, તે જોવાનું ગમે અને ભાવો પડતા જ જાય ને, બધા.

**પ્રશ્નકર્તા :** ઈન્દ્રિયગમ્ય ભાવો ?

**દાદાશ્રી :** હં. ઈન્દ્રિયગમ્ય ભાવનાથી આ બધુંય. કેવા ? મને કેમ ભેગું નથી થતું ? નાનપણથી ઘડિયાળેય નથી ભેગું થયું.

## રોફ પાડવાના ભાવથી ભેગું થયું બધું

વાળ ભેગા થાય પાછા, જુઓ ને ! જેટલા ભાવ કર્યા એટલા ભેગા થશે.

**પ્રશ્નકર્તા :** એ ઘડિયાળ પહેરવાના ભાવ નહોતા કર્યા, તે ઘડિયાળ ના ભેગી થઈ અને આના ભાવ કરેલા તો એ ભેગું થયું.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** આવા આ વાળના ભાવ કરેલા ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** એ કેવા ભાવ ?

**દાદાશ્રી :** ત્યારે કંઈ બોડિયાના ભાવ કર્યા'તા ?

**પ્રશ્નકર્તા :** એવું કોઈ કરે જ નહીં ને !

**દાદાશ્રી :** એ જે ભાવ કર્યો'તો તે પછી મળે ને !

**પ્રશ્નકર્તા :** એટલે પેલી ટાલ પડી જાય તેનું શું કારણ ?

**દાદાશ્રી :** ટાલ એ પાપનું પરિણામ છે અને ઘડપણ થાય ને પડે છે ને, ટાલ બધી. વેરાન થઈ જાય માથેરાનને બદલે. અત્યારે માથે રાન જેવું છે, નહીં ? જંગલ જેવું. તે વેરાન જેવું થઈ જાય.

**પ્રશ્નકર્તા :** આમાં બે વસ્તુ થઈને, એક તો કુદરતી નિર્માણ પણ છે અને એની પાછળ પોતાનો ભાવ પણ છે.

**દાદાશ્રી :** શું ?

**પ્રશ્નકર્તા :** આ વાળ પાછા કાળામાંથી ધોળા થયા કરે. એ કુદરતી રીતે એની પ્રક્રિયા ચાલુ રહેવાની, પણ એની પાછળ આ વાળ ટકવા કે નહીં, એની પાછળ પોતાનો ભાવ છે.

**દાદાશ્રી :** ખરું ને !

**પ્રશ્નકર્તા :** એટલે બેઉ વસ્તુ થઈ ને ?

**દાદાશ્રી :** કેમ કરીને કોઈ મને દેખે ને મારો રોફ પડે. કપડાં જોઈએ, એવા બૂટ જોઈએ, રોફ પાડવા માટે. તે રોફ પડ્યા નહીં ને નકામા ભેગા કર્યા બધા. ધોઈ ધોઈને દમ નીકળી ગયો આપણો.

**પ્રશ્નકર્તા :** પણ એ ભાવ કરેલો તેથી હવે પેલું પહેરવું પડે ને ? અત્યારે ના ગમતું થાય, તો પણ પેલું પહેરવું પડે ને બધું ?

**દાદાશ્રી :** પહેરવું પડે, છૂટકો જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** એ પેલા ભાવ કરેલા તેથી ?

**દાદાશ્રી :** હાસ્તો.

**પ્રશ્નકર્તા :** આ પોલિશવાળા બૂટ દાદા પહેરે છે, તો બિલકુલ ચકચકતા પહેરે છે ને ! એટલે પેલો એવો ભાવ કે આમ રોફ પડવો

જોઈએ ને એવું તેવું ?

**દાદાશ્રી :** રોફ પડવો જોઈએ, બસ એ જ. બીજું શું ? બીજું કંઈ નહીં. 'હું કંઈક છું' એવું લાગવું જોઈએ. ત્યારે બીજાને એવો ના ભાવ હોય ? એ બીજા શાનો રાખે ? હું રાખું. આય ગાંડપણ એક જાતનું. તે હવે ખબર પડી.

અને વાણિયાના છોકરાં તો નાનપણથી ડાહ્યા હોય. અમે ડાહી માના ગાંડા દીકરા કહેવાઈએ.

## સહજ દર્શને નીકળી પડ્યું સચોટ ભવિષ્ય દર્શન

**પ્રશ્નકર્તા :** શરીર પ્રત્યેનો મોહ પેદા કરાવનાર મહાન શક્તિશાળી સિનેમા, તે આપણી યુવાન પેઢીને નિર્માલ્ય બનાવે છે. યુવાનોને તેનાથી કેવી રીતે બચાવી શકાય ?

**દાદાશ્રી :** સિનેમા આવ્યાને તો લગભગ પંચાવન વર્ષ થયા. પંચાવન-સાંઈઠ વર્ષથી સિનેમા આવ્યા છે. આ યુવાનો તો હજુ હમણે પંદર-વીસ વર્ષ ઉપર જન્મેલા છે. તે બગડવાની પેઢી તો બગડી ગઈ, હવે યુવાનોનું શું બગડવાનું ? એ સિનેમાઓએ જે અત્યાર સુધી નુકસાન કર્યું છે ને, એ જ ફાયદો આપશે હવે.

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે ? સમજ ના પડી.

**દાદાશ્રી :** સિનેમાએ આ ઊંધે રસ્તે ચઢાવ્યા'તા, તે જ પાછું સારા રસ્તે ચઢાવનારું બનશે, ઝડપી સાધનો છે એ. ઊંધે રસ્તે ચઢાવવામાંય ઝડપી અને સવળે રસ્તે ચઢાવવામાંય ઝડપી. આ રેડિયો ઉપર છે તે રોજ ગાયનો આવતા'તા, તેને બદલે સારા ઉપદેશ ને સારી વાતો આવે, તો ફેરફાર થઈ જાય. એટલે આ ઝડપી સાધનોનો જ્યારે સવળો ઉપયોગ થશે, ત્યારે કામ નીકળી જશે. એ ઝડપી સાધનોનો નાશ કરવાની જરૂર નથી, એનો સવળો ઉપયોગ કરવાની જરૂર છે. સાધનો નુકસાનકારક નથી, એનો ઉપયોગ અવળો થઈ રહ્યો છે, પૈસા કમાવવા માટે.

## આ હિતકારી જ ન હોય એમ જાણી ભજના જ નથી કરી

**પ્રશ્નકર્તા :** આજકાલમાં જોઈએ આપણે તો તમે જે દેશોમાં ફરીને આવ્યા ત્યાં અશાંતિ કેમ ઉત્પન્ન કરવી એ જ જાણે ધ્યેય હોય એમનો, એનું વર્તન આખું એવું દેખાય. ટી.વી. જોઈએ, રેડિયો જોઈએ, આ જોઈએ, બીજી બધી સવલતો જોઈએ, કાર જોઈએ. એટલે એને જંપ ક્યારે વળશે ? આ બધું જ ભેગું કરે. ભૌતિક વસ્તુઓ બધી જોઈએ.

**દાદાશ્રી :** એવું છે ને, બે જાતના દર્દી; એક છે તે અહંકારના દર્દી. એટલે પોતાનું માન દેખાડવા માટે રેડિયો જોઈએ ને ફલાણું જોઈએ, અને એકને રેડિયો સાંભળે નહીં તો એને ચેન ના પડે રાતે. એ એવા દર્દી કે જેને એ વગર ચેન ના પડે. નાટકનું એક ગાયન-બાયન ગાય ત્યાર પછી એને મસ્તીમાં ઊંઘ આવે, નહીં તો બધું કૈડે. એટલે આ દર્દ છે બે પ્રકારના. આ જોઈએ, તે જોઈએ તે. એમાં ખાસ કરીને માનના દર્દ વધારે છે આપણે ત્યાં. અને પછી છે તે લપેટાઈ જાય છે, લેપાયમાન થઈ જાય છે. માનના દર્દમાંથી લેપાયમાનપણું ઊભું થઈ ગયું. હવે હું તો જાણું કે આ બધું હિતકારી જ ન હોય. તો આની આપણે ભાંજગડ જ શું તે ? એટલે મેં તો ભજના જ નથી કરી એની.

## દુર્લક્ષ સેવે ને ત્રાસ પામે નહીં આવા સાધનોથી

**પ્રશ્નકર્તા :** દાદા, નવી પેઢીને આવું બધું ગમતું હોય છે, ત્યાં પછી કેવી રીતે એડજસ્ટ થવું ?

**દાદાશ્રી :** એક જણ મને પૂછતો'તો, મામાની પોળમાં. કહે છે, 'મારી સામે આ ગરબા થાય છે ને, તે મારે ત્યાં છે તે રાત્રે બે વાગ્યા સુધી એવું લાઉડ સ્પીકર ગોઠવે છે ને, તે આખી રાત હું તો કંટાળી જઉં છું.' ત્યારે મેં કહ્યું, 'બે વાગ્યા સુધી લાઉડ સ્પીકર બોલે, પછી ?' ત્યારે કહે, 'પછી એના પડઘા પડ્યા કરે. એટલે આખી રાત મારી થઈ જાય પૂરી !' ત્યારે મને એ પૂછવા આવ્યો, 'તમને કશું થતું નથી ?' મેં કહ્યું, 'ના, મને તો એમાં, એ બાજુ ધ્યાન જ નહીં ને ! બહાર નગારા વાગતા હોય કે વાજાં વાગતા હોય કે ગરબા ગાતા હોય, મારે શું લેવાદેવા તે ?'

**પ્રશ્નકર્તા :** બરોબર છે, દાદા.

**દાદાશ્રી :** તો કહે, 'એટલું બધું ધ્યાન છૂટું રહે ? મને લાગે છે કે કાને જરા બહેરાશ હશે તમને.' મેં કહ્યું, 'ના, એ એટલી મોટી બહેરાશ નથી, આ બધું સંભળાય છે ખરું.'

**પ્રશ્નકર્તા :** હા, લાઉડ સ્પીકર તો સંભળાય ને !

**દાદાશ્રી :** પણ જેને એ બાજુ ધ્યાન જ નથી તેને શું અડે એટલે હું કહેતો હતો, કે 'મારે ત્યાં ગોઠવો, બા.' એ બધા કંટાળશે. હીરાબાને ભાંજગડ નહીં આવી તેવી. સરળ કામ એમનું. એ શું કહે ? 'બહાર વાગતું હોય તેમાં આપણે શું ? લોકો એમને ઘેર ગમે તે વગાડે, આપણે કેમ બોલાય ?' એટલે એ સરળ, અને હું સરળ નહીં, પણ મને તો આમાં ધ્યાન જ નહીં ને ! નહીં તો મારે તો ચગી જાય પછી ! આપણે સરળ-બરળ નહીં હીરાબા જેવા. કો'કને ઘેર પણ વગાડે કેમ ? આપણું માથું એમ આપણને હેરાન કરે ! એ ના પોસાય. પણ પેલું ધ્યાન એ બાજુ નહીં ને ! કિંમત ના રહીને એની.

**પ્રશ્નકર્તા :** એની કિંમત ના રહી.

**દાદાશ્રી :** જેની કિંમત ના હોય, એ બહાર હીરા લઈને ફરતા હોય તો આપણે બહાર જોવા જઈએ ?

**પ્રશ્નકર્તા :** ના, નહીં જઈએ. એની કિંમત જ ના રહી.

**દાદાશ્રી :** કિંમત જેને છે એ જાય.

**પ્રશ્નકર્તા :** તેને વાત છે, હા, એની.

**દાદાશ્રી :** આપણે કિંમત જ નહીં ને એની. એટલે ચીડેય ના રહે ને કશુંય નહીં. અને પેલો તો કહે છે, કે 'બે વાગ્યા સુધી તો ખુદ સંભળાય છે ને તેમાં જ મારો દમ નીકળી જાય છે.' ત્યારે મેં કહ્યું, 'પછી આરામ કરીને સૂઈ જતા હોય તો શો વાંધો, આમ પાસું ફેરવીને ?'

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ત્યારે કહે, 'પછી આખી રાત પડઘા પડે છે એના.' હવે આને ક્યાં પહોંચી વળાય ? એટલે હું સમજી ગયો કે જગત કેટલું બધું ત્રાસી ઊઠે છે આ બહારની વસ્તુઓ, સંયોગોથી. ત્રાસી ઊઠે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, સંયોગોથી ત્રાસી ઊઠે છે.

**દાદાશ્રી :** હજુ પોલીસવાળો તો આવ્યો નથી. પોલીસનો સંયોગ આવે ત્યારે શું થાય પછી ? પોલીસવાળો હાથકડી લઈને આવે ત્યારે શું થાય ?

## નિરાંતે ઊંઘતા હોઈએ ત્યાં ફોનની ઘંટડી વાગે

મને કનુભાઈ કહે, 'આપણે ફોન લઈએ.' મેં કહ્યું, 'નિરાંતે ઊંઘીએ છીએ. ઘરમાં કોઈને ઊંઘ ના આવતી હોય, અને પછી તે ઊંઘી ગયો હોય ત્યારે પેલી ઘંટડી વાગે ! એ ધંધો શું કરવા જોઈએ તે ?' ત્યારે કહે, 'ફોન વગર શું કરશો ? અત્યારે વ્યવહાર થઈ ગયો છે ને !' ત્યારે મેં કહ્યું, 'જોડેવાળા રાખે છે ને ! સરનામું આપી રાખેલું છે.' તે ત્રણ વાગે રાતનો ફોન એ સાંભળે અને સવારમાં આપણને કહે. અને તે આપણે એને ધન્યવાદ આપીએ, ઉપકાર માનીએ. અને વાળીએય ખરા. કારણ કે એ બિચારો રાત્રે ત્રણ વાગે સાંભળે, પછી સવારમાં આપણને કહે. કહે કે ના કહે ?

**પ્રશ્નકર્તા :** કહે.

**દાદાશ્રી :** આપણને કહેય ખરા, 'રાતે ત્રણ વાગે આવેલો ! મને તો હમણે ઊંઘ નથી આવતી ને મેં જરાક ઝોકું ખાધું ત્યાર હોરું તો આ ફોન આવેલો.' કલ્યાણ થઈ ગયું બા ! હું પહેલેથી જાણતો'તો.

છતાંય વખતે કંઈક સંજોગોમાં, ધંધામાં એવું લાગે, કે ફોન રાખવાની જરૂરત પડતી હોય અને કોઈ ફોન રાખતો હોય, તો અમે ના કહેવાના નથી. અને મારા ના કહેવાથી બધા કંઈ ન રાખે એવું બને નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** તે પછી મારી રૂમમાં રાખ્યો હોય ફોન આ લોકોએ, તે

ફોન ઉપર જેની વાત આવે ને, તેને કહી દઉં, કે રાતે મારી સ્થિતિ સારી રહેતી નથી, તબિયતની અનુકૂળતા નથી, માટે રાતે ફોન કરવાનું બંધ રાખજો, એવી મારી વિનંતી છે. એટલે રાતે કંઈક ફોન કરવો હોય, તો મનમાં નક્કી કરવું કે સવારમાં જ કરીશું હવે. બહુ ઉતાવળ હોય તોય એમ નક્કી કરવું કે સવારમાં કરીશું. એટલે રાતે ફોન કરવાનું ના જ કહી દીધેલું હોય બધાને જ, મારી પાસે જે આવતા હોય તેને.

## વટ બતાવવા માટે આ બધી મરજિયાત ખલેલ

મેં કહ્યું, ફોનનું વળગણ કયાં વળગાડીએ ? આપણે નિરાંતે સૂઈ ગયા હોય તો... ટાઢ વાતી હશે તો આવશે, આપણે ત્યાં આપણને વાતી નથી. જેને વાતી હશે તો અહીંયા આવશે. નહીં વાતી હોય તો તો આવવાનો જ નથી. અને આપણને કંઈ ટાઢ વાતી નથી. તે બધા ઑફિસરો કહે છે, કે 'તમે લ્યો, લ્યો.' મેં કહ્યું, એ ઑફિસરો તો બધા શોખની ખાતર કે એમનો વટ વધે તે વટવાળા વટદાર લોકો હોય. જ્યારે આપણે મામૂલી આદમી, નિરાંતે સૂઈને રહેનારા. નિરાંતે આખી રાત પોતાની સ્વતંત્રતાથી સૂવે. કોઈ મચ્છરેય આઘીપાછી ના કરે. એટલે એ ફોન કોણ રાખે ? ઘંટડી ખખડે કે ઉપાધિ.

ઘંટડી વાગી એટલે ઊંઘમાં ખલેલ કરી. કનુભાઈને કહ્યું, 'આપણે ના હોય ખલેલ.' વખતે માકણ-ચાંચડ કરે કે મચ્છરું કરે તે તો ફરજિયાત છે, એ મરજિયાત નથી. અને આ તો મરજિયાત ખલેલ, વટ બતાવવા માટે. અમે પછી ગાડી કેમ નહોતા રાખતા, પહેલા રાખતા હતા. ત્યારે ડ્રાઈવર કહે, 'સાહેબ, ફલાણા પાર્ટ તૂટી ગયા છે.' હું તો નામેય ના જાણું. પછી મને થયું, આ તો ફસામણ. ફસામણ તો વાઈફ જોડે કરવા જેવી. એની જોડે છોકરાં થઈ ગયા તો થઈ ગયા. બજાર કરવું હોય તો એક બજાર ઊભું કરવા જેવું. એક બજાર, બે-ચાર બજાર હોય નહીં. કેટલા બજાર માથે લઈ લઈને ફર્યા કરીએ ? આ તો બધી કૉમનસેન્સની વાત. હા, તે ડ્રાઈવર મૂઆ કાઢી લે પેટ્રોલ. કહે, 'પેટ્રોલ નાખવાનું છે, કાકા.' કાકા કશું જાણે નહીં. આ શી પીડા ? તે પાછા સંજોગવશાત્ એવું કહીએ, કે ગાડી લાવો. ના એવુંયે

નહીં, સંજોગવશાત્. પણ આ ખલેલ તો ના પેસવા દઈએ. ફ્રી ઑફ કૉસ્ટ ઉપર આપે તોયે ના, બા, ખલેલ નહીં જોઈએ.

તમારે સમજવાની જરૂર છે. મારી વાત તમારે બધાયે લેવાની જરૂર નહીં. પણ એટલી વસ્તુ સમજો કે આ શોખની વસ્તુ નહોય, આ ખલેલની વસ્તુ છે એટલું સમજો. એટલે એની ઉપર પ્રીતિ ભાવ ના કર્યા કરશો. હે ફોન ! તારા લીધે જ હું જીવું છું, એવું ના કરશો. આ ખલેલવાળું છે એવું જાણવાનું. ઊંઘમાં ખલેલ કરે. અમારી બે રૂમો છે ને, તે રાતે વસાઈ કે પછી કોઈ ખખડાવનાર કે ટકોરો મારનાર ના મળે. કો'ક ફેરો ટકોરો મારનાર આવે તેય દહાડે આવે, રાતે ના આવે.

## અમારે તો આત્માની જ રેખા, ભાગીદારની રેખાથી ગાડી મળે

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહ્યું, કે તમે પહેલા ગાડી રાખતા હતા, તો કઈ સાલમાં ? કઈ સાલમાં લાવેલા ?

**દાદાશ્રી :** એ '૪૬ની સાલમાં.

**પ્રશ્નકર્તા :** એ કાન્તિકાકા ચલાવતા'તા ?

**દાદાશ્રી :** એ જાતે. રોફ મારવા માટે તે ગાડી લઈ આવેલ.

**પ્રશ્નકર્તા :** તમે નહોતી ચલાવી કોઈ દહાડો ?

**દાદાશ્રી :** મને તો આવડે જ નહીં ને ! હું પડું જ નહીં ને, એમાં. મને તો આ આત્માની બાબત આવડે, બીજી કશી આવડે જ નહીં.

**પ્રશ્નકર્તા :** એ જ ખરું છે ને !

**દાદાશ્રી :** અને એય મને ના કહે બિચારા, કે 'તમે આમાં પડશો નહીં, તમારું કામ નહીં. આ હાર્ડ લેબર અને હાર્ડ ભેજું હોય તેનું કામ છે. તમારું હાર્ડ લેબરેય નહીં ને હાર્ડ ભેજુંય નહીં. તમારું કુમળું હૃદય, કુમળું મગજ.'

અમારે તો અમારા ભાગીદારની રેખા બહુ જ સારી હતી, તે ગાડી વગર ફરે જ નહીં. અમારે તો એવી રેખા-બેખા મળે જ નહીં. પણ તેમની રેખાથી ગાડી આવે ને અમનેય ફરવાનું મળે.

## આવશ્યક ને અનાવશ્યકની ભેદરેખા જાણવી જોઈએ

આખી જિંદગી ગઈ છતાં નવી ગાડી લાવેલા જ નહીં, સેકન્ડ હેન્ડ ગાડી લાવેલા, પૈસા હોય છતાંય. અને નાનપણથી કોન્ટ્રાક્ટનો ધંધો એટલે ઘડિયાળ લાવવાના પૈસા હતા, રેડિયો લાવવાના પૈસા હતા, પણ ઘડિયાળ લાવ્યો નહીં, જિંદગીમાં. અને નથી મારી જિંદગીમાં રેડિયો જોયો. કારણ કે મારે જરૂર નહોતી એટલે. પૈસા તો હતા, પણ રેડિયાની મારે જરૂર નહોતી. હાથમાં લાખો રૂપિયા આવ્યા છતાંય કશું લાવ્યો નથી. એક ચાર આનાયે મેં ખોટો ખર્ચ કર્યો નથી. ખોટો ખર્ચ થાય નહીં, બિનજરૂરિયાત. આવશ્યક ચીજનો ખર્ચ હોય. કેવો ?

**પ્રશ્નકર્તા :** આવશ્યક.

**દાદાશ્રી :** આવશ્યક ચીજ. આવશ્યક વસ્તુ ને અનાવશ્યક વસ્તુ, એની ભેદરેખા જાણવી જોઈએ. ઑફિસર તરીકે એના માનમરતબાના હિસાબે જોઈએ, કપડાં-બપડાં બધું જ જોઈએ, ઘડિયાળેય જોઈએ, પણ અનાવશ્યક વસ્તુઓ બહુ ભેગી કરી છે. આવશ્યક તો ઠીક છે, કે જરૂરિયાત પૂરતું. નેસેસિટી, મોસ્ટ નેસેસિટી કહેવામાં આવે છે. કેવું ? આવશ્યક શબ્દ સમજ્યા તમે ?

**પ્રશ્નકર્તા :** હા, સમજ્યા.

**દાદાશ્રી :** એટલી ચીજનો જ ખર્ચો. બીજો તો મોહ છે બધો. શું છે ?

**પ્રશ્નકર્તા :** મોહ છે.

**દાદાશ્રી :** હા, આવશ્યક ચીજની જરૂર છે. એક તો જમવાનું. તે ફૂડ (ખોરાક) કેવો હોવો જોઈએ પાછો ? શરીરને પોષણ થાય એવો, પોષક દ્રવ્યવાળો. પછી કપડાં જોઈએ. ઓરડી પડી રહેવાની જોઈએ અને ઈસ્ત્રી (સ્ત્રી) જોઈએ. પેલી કપડાંની ઈસ્ત્રી નહીં, લગ્નની, મેરેજ (લગ્ન) કરેલી હોવી જોઈએ. આ બધું જોઈએ. એ આવશ્યક છે. બાવો કો'ક હોય, તેણે ગયા અવતારે ભાવ કર્યા હોય કે મારે બ્રહ્મચર્ય જ પાળવું છે, તો એને સ્ત્રી ના હોય. એણે ભાવ નક્કી કર્યો હોય, તેવી ચાલે દુકાન. એને બીજી જરૂર જ ક્યાં હોય છે ?

## આવશ્યક દુઃખદાયી લાગે તેને અનાવશ્યકનો મોહ થાય ?

કોઈ ઘડિયાળની કંપની કે રેડિયાની કંપની મારી પાસેથી પૈસા લઈ ગઈ નથી. અમે એ વસાવ્યા જ નથી. એટલે કોઈએ પૈસા એવા મારી પાસે લીધા નથી. મને થાય કે આનો અર્થ જ શો ? મીનિંગલેસ. જે ઘડિયાળ મને હેરાન કરે, આમ જોતાની સાથે મહીં તેલ રેડાય ! જેમ ઘણા ફેરા બાપને દેખવાથી તેલ રેડાતું હોય, બાપ આવી પડ્યા હોય અને આપણે કશું વાંચતા ના હોઈએ, ચોપડી આઘી મેલીને કંઈ બીજી રમતમાં પડ્યા હોય ને, ત્યારે બાપને દેખીને તેલ રેડાય, એવું તેલ આમ ઘડિયાળ જોતા રેડાય. બળ્યું મેલ એ ઘડિયાળને છેટું ! અને આ રેડિયો-બેડિયો તો પ્રત્યક્ષ ગાંડપણ છે, મૂઆ, મેડનેસ છે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ તો ઘર ઘરમાં છે, બધા જ ઘરમાં.

**દાદાશ્રી :** નહીં, એ વાત જુદી છે. એ તો એની સમજણમાં જ નથી, ભાન જ નથી ત્યાં આગળ શું થાય તે ? એને મોહ કહેવાય છે ને ! મોહ કોને કહેવાય છે ? ના જરૂરિયાતની ચીજ લાવે અને જરૂરિયાત ચીજની કસર વેઠે. શું ?

**પ્રશ્નકર્તા :** જરૂરિયાત ચીજની કસર વેઠે.

**દાદાશ્રી :** અને ના જરૂરિયાતની ચીજ લાવે, એનું નામ મોહ કહેવાય. અમને જરૂરિયાત ચીજ જ નથી રહી હવે.

**પ્રશ્નકર્તા :** ઘરના બધાને પરિગ્રહને લીધે ભેગું કરવું છે. મારે છોડવું છે પણ છૂટતું નથી.

**દાદાશ્રી :** હા, તમને ગમતું નથી, ખરી વાત છે. પરિગ્રહો છોડ્યા છૂટે એવા નથી ને, છૂટે એવા છે ? આ ઘડિયાળ તમારું ક્યારે છૂટે ? અને મેં આખી જિંદગીમાં ઘડિયાળ પહેર્યું નથી. લ્યો, બોલો હવે ! આ રેડિયો તો હું ઊભોય ના રહું. આ ટાઈમ નકામો જાય છે. આ ગુડ ગુડ ગુડ બોલ્યા કરે છે ! મેર અક્કરમી, આમાં શું સાંભળવાનું છે તે ? ટાઈમ નકામો જાય છે. પણ અણસમજુને માટે એ બધું કામનું છે. અમુક

માણસને માટે કામનું નથી. મારે માટે કામની નથી, આ કોઈ વસ્તુ. આ દુનિયામાં કોઈ એવી ચીજ નથી કે મને મોહ ઉત્પન્ન થયો હોય !

આ તો કોઈ સ્ટોર નવો લે ને, તે મારા જેવા માણસ હોય ને, તો ત્યાં વેપાર કરે તો ચાલે નહીં. કોઈ દેખાય જ નહીં. દુકાન જ ચાલે નહીં ને, બિચારાની. મારા જેવાની સોસાયટી હોય ને, એ સોસાયટીમાં દુકાન કાઢે તો શી રીતે ચાલે એમાં ? કારણ કે મેં ઘડિયાળ જ નથી લીધું વેચાતું કોઈ દહાડોય કે રેડિયો નથી લીધો. ભાગ્યે જ પેન વેચાતી લીધી હોય તો, નહીં તો પેન્સિલથી લખું કે પેલા હોલ્ડરથી* લખું.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે એમ કહો છો કે માણસે એની પોતાની જરૂરિયાતો એટલી બધી ઘટાડવી જોઈએ, જેથી એ શાંતિથી જીવી શકે ?

**દાદાશ્રી :** એવું છે ને, નેસેસિટી મનુષ્યને શું છે ? જેને આવશ્યક કહેવાય છે. આવશ્યક એટલે અવશ્ય જરૂરિયાત જ છે. કોઈ ના પાડી શકે નહીં. એ નક્કી કરવું જોઈએ. અને એનાથી વધારાનું અમથું લોકોને દેખાડવા માટે કે એ અમથું પોતાના વટ માટે લાવીએ. પણ એ બિનજરૂરી હોય છે.

એટલે જરૂરિયાત એ જ દુઃખદાયી છે એવું મને પહેલેથી સમજાઈ ગયેલું. પરિગ્રહ એ જ બોજો છે ને એ જ દુઃખદાયી છે, એવું સમજાઈ ગયેલું એટલે એ બધુંય દુઃખદાયી લાગે.

## સ્પર્ધામાં પડીને દુઃખો ઊભા કર્યા

આ જે દુઃખો છે તે બધા ઈન્વાઈટેડ દુઃખો છે અને કલ્પિત દુઃખો છે. બધા ઈન્વાઈટ કરેલા દુઃખો છે. ઘેર સોફા લાવ્યા હોય તે નવા સોફા હોય અને છોકરાંઓ ઉપર ચઢી બેઠા હોય અને ચપ્પુ લઈને આમ ખોતર ખોતર કરતા હોય, તો મહીં એના શરીરમાં ખોતરતું હોય એવું લાગે એને ! ત્યાર પછી મને કહે છે, 'બળ્યા, આ છોકરાંઓ મને હેરાન કરી નાખે છે !' મેં કહ્યું, 'છોકરાંઓને બહાર નાખી દો અહીંથી, સોફા રહેવા દો !' ત્યારે કહે, 'ના, છોકરાને કંઈ નાખી દેવાય ?' ત્યારે મેં કહ્યું, 'સોફા નાખી દો, બળ્યા ! જે ઉપાધિ કરાવે એને છૂટું કરો ને !' ત્યારે

*હોલ્ડર - વિલાયતી ઢબની ટાંકવાળી કલમ

કહે, 'ના, સોફો છૂટતો નથી.' કારણ કે આબરૂ વધારવી છે ને ! લોકો આવે તો ક્યાં બેસાડે ? આબરૂ વધારવા સારુ સોફો રાખે છે. અને સોફો કાપે નહીં છોકરાં, એટલા સારુ આ ચિંતા-ઉપાધિ કરે છે ! આ બધાય ઈન્વાઈટેડ દુઃખો છે. એક પણ માણસને દુઃખ જ નથી, આ તો બધા ઈન્વાઈટેડ દુઃખો છે.

સોફો લાવ્યા ત્યારે આ ઉપાધિ થઈ ને ! સોફો જ ના લાવીએ આપણે. આપણી મેળે એક શેતરંજી પાથરી અને ઉપર ચાદર મૂકી અને બે તકિયા મૂકીએ, તો ગમે એવા દાદા આવ્યા હોય તોય ક્યાં બેસે ત્યારે ? એ તકિયાથી વધારે મોટી સીટ ના હોય આ દુનિયામાં. તકિયાથી મોટી સીટ હોય નહીં. મોટામાં મોટી સીટ જ તકિયો.

**પ્રશ્નકર્તા :** ગાદીતકિયો એ મોટામાં મોટું પ્રેશિયસ (કિંમતી) કહેવાય આમ.

**દાદાશ્રી :** તેને બદલે આ સોફો ઘાલી દીધો. મને હઉ લોક કહેતા, 'દાદા, સોફા લાવો ને ?' મેં કહ્યું, હું કંઈ એવી કાચી માયા નથી કે હું સોફા લાવું ! અને પછી ઉપાધિ કરું. અને લાવું તો છોકરું કાપે ત્યારે ખુશ થઈ જઉં, હેંડ નિરાંત થઈ ! જો આપણને મહીં જ્ઞાન થયું ને, કે આ સોફા લાવ્યા તો આ વેહ થયો ! સોફા... સોફા ! મૂઆ, સોફા ઘાલ્યા, ખુરશીઓ ઘાલી, માર તોફાન-તોફાન અને ખાવા-પીવાનું ક્યાં ગયું અને આમ બીજું જ તોફાન માંડ્યું છે. લોક સ્પર્ધામાં પડ્યા. આના કરતા હું સારો દેખાઉં, આના કરતા હું સારો દેખાઉં. કોઈ દેખાયો નહીં, બધા જ ખરાબ દેખાયા. તો અક્કલવાળો કોણ, કે જેને ત્યાં એક રૂપિયાનુંય ફર્નિચર ના હોય !

## પોણા છ રૂપિયાના ફર્નિચરમાં બ્રહ્માંડી ખુમારી

હું કોન્ટ્રાકટનો ધંધો કરતો, તે પાર વગરના પૈસા હતા. પણ ઘેર સવા ત્રણ રૂપિયાનું ફર્નિચર લાવ્યો હતો. તેનું તે જ હતું મારી પાસે. સવા ત્રણ રૂપિયા નહીં પણ બે... બે... ચાર, અને પોણા બે. પોણા છ રૂપિયાનું. બે ખુરશીઓ અને એક ટીપોય, એમ કુલ પોણા છ રૂપિયાનું લાવેલો. એ જ મારી પાસે સામાન હતો.

આ હાય હાય હાય, તે લોકો હરીફમાં પડ્યા ! એટલે એક માણસને ત્રણ રૂમો હતી. તે એના મિત્રો આવે, તે કોઈ એક રૂમવાળો, કોઈ બે રૂમવાળા, બધા મિત્રો આવે ને બેસે. અને પેલા ત્રણ રૂમોવાળા ચા-પાણી પાય બધાને. કારણ કે પેલા માન આપે ને, કે અમારા કરતા તમારે ત્રણ રૂમો છે, એટલે તમારા તરફ માન હોય ને ? ના હોય ?

**પ્રશ્નકર્તા :** હોય.

**દાદાશ્રી :** એટલે ચા-પાણી પેલો કરે અને આ લોકો પીવે. હવે એમાં એક રૂમવાળો હતો, એને કંઈક સરકારી સોસાયટીઓ મંડાઈ ને, તેમાં લોન મળી ગઈ, કોઈ ઓળખાણવાળો હશે તે ! એટલે એણે પાંચ રૂમનો બંગલો બાંધ્યો અને પછી છે તે આ લોકોને વાસ્તુમાં બોલાવ્યા. એટલે આ ત્રણ રૂમવાળી બઈ ત્યાં ગઈ, ત્યારે પેલી એક રૂમવાળીએ શું કહ્યું ? 'બહુ દહાડા અમે તો એક રૂમમાં પડી રહ્યા, હવે આ મારી રૂમો છે તે જુઓ તમે !' તે પેલી બઈને દેખાડી. હવે બઈ દેખીને ઘેર આવી અને ભઈનું તેલ કાઢી નાખ્યું ! આ ત્રણ રૂમોમાં શી રીતે ફાવે ? જુઓ ને, પેલાને પાંચ રૂમો કેવા સરસ હતા ! મૂઈ, તું અત્યાર સુધી સુખી હતી ને આ એકદમ દુઃખી કેવી રીતે થઈ ગઈ ? પેલીના પાંચ રૂમ જોયા એટલે !

આ તો સારું છે કે ધણી બદલાતા નથી, નહીં તો પેલાનો ધણી છે તે સિત્તેર કિલોનો ને મારો તો ચાલીસ કિલોનો જ ધણી છે ! એવું કરે એવા લોક છે આ !

**પ્રશ્નકર્તા :** અને કો'કને દોઢસો કિલોનોય ના પોસાય, દાદા. કો'ક કહેશે, મારો દોઢસો કિલોનો છે.

**દાદાશ્રી :** દોઢસો કિલો ! એટલે મારું કહેવાનું કે આ રીત કહેવાય ? માણસ બનવું જોઈએ, સ્વતંત્ર થવું જોઈએ. કોઈ ચીજની જરૂર ના હોય. પૈસા ઓછા મળતા હોય, તો ભલે ને, કોઈ વસ્તુ લાવો નહીં. અને શેને માટે આ બધા તોફાન જોઈએ તે ? એક પણ ચિંતા ન થાય એવું આ તમારું જીવન, અત્યારે એટલા બધા પગાર મળે છે, કે તમારી પાસે ઊલટા રૂપિયા વધે. સહેજ જ ઈકૉનોમીનું (કરકસરનું) નામ હોય ને, તો રૂપિયા જોઈએ એટલા વધે. આ તો દર મહિને ખૂટે છે ઊલટા.

જીવન જીવવાની આ રીત હોતી હશે ? અને પાછી વહુ ટૈડકાવે, ખૂટે એટલે. પેલું તો ખૂટે એવો રસ્તો જ ના થાય, તો વહુ શેની ટૈડકાવે પછી ? વહુ કહેશે, 'મારે સાડી જોઈએ છે, તમે લાવશો કે નહીં ?' તો કહે, 'પૈસા બેંકમાં છે, તે લાવીએ.' પણ બેંકમાં હોય જ નહીં તો પછી શું થાય ?

## પસ્તાવો ના કરવો પડે એવી રીતે લાઈફ જીવવી

એટલે આ દુઃખો ઊભા કરેલા છે, ઈન્વાઈટેડ દુઃખો છે. જે દુઃખને તમે પત્ર લખ્યા છે, કે 'આવ વહેલું', એટલે આવીને ઊભું રહ્યું. ત્યારે તમે કહો છો, 'તું કેમ આવ્યું ?' ત્યારે કહે, 'આ રહ્યો તમારો ઈન્વિટેશન લેટર.' એટલી બધી ભૂલ થઈ ગઈ. આવી ભૂલો થાય, ઈન્ડિયનોથી ? આપણે કોના છોકરાંઓ ? ઋષિમુનિઓના સંસ્કારી પુત્રો. આપણે ત્યાં આવું કેમ શોભે તે ? આખી જિંદગીમાં એક પસ્તાવો ના કરવો પડે એવી રીતે લાઈફ જીવવી જોઈએ. મારે કોઈ દહાડો પસ્તાવો થયેલો હોય, તો ફરી આખી જિંદગી એ પછી... એ રીતનો એનો પસ્તાવો ન થાય. આપણે માણસ છીએ, અને હિન્દુસ્તાનના માણસ છીએ. હિન્દુસ્તાનના માણસોને તેત્રીસ કોટિ દેવ કહ્યા છે શાસ્ત્રકારોએ ! હવે દેવની કોટિમાં આપણે આવ્યા તોય પણ આવા પાંસરા ના રહીએ, તો કઈ જાતના લોક આપણે ?

## બીજાનું જોઈને હું એક સેકન્ડ પણ નથી ચાલ્યો

આ હિન્દુસ્તાનમાં દુઃખ હોય જ નહીં, પણ બળ્યા અણસમજણથી જ દુઃખ છે આ બધા. ખરેખર દુઃખ જ નથી, દુઃખ જેવી વસ્તુ જ નથી. બધા અણસમજણના દુઃખો છે. ત્યાંથી નક્કી કરીને આવ્યો હોય, બધું પૂર્વભવમાં ટેન્ડર ભરી, ટેન્ડર મંજૂર કરાવીને પછી અહીંયા આવે છે. આટલા છોકરાંઓ, આટલી છોડીઓ, વાઈફ આવી, આ મકાનના ત્રણ રૂમ હશે તો ચાલશે, બધું ટેન્ડર નક્કી કરીને આવે છે ને પછી અહીં આગળ આવ્યા પછી થોડા દહાડા કહેશે, 'આ તો સારું છે.' પછી એના ભાઈબંધે પાંચ રૂમનો બંગલો બંધાવ્યો, ત્યાં જોવા જાય ત્યારે કહે, 'આપણે ત્રણ રૂમ નાના પડે છે.' એ ચાલ્યું પાછું તોફાન ! બીજાનું જોઈને પોતે કશું ન કરતા હોય તો સુખ જ છે બધું. બીજાનું જોઈને ચાલે એવા લોકો છે મહીં થોડા ઘણા ?

**પ્રશ્નકર્તા :** બધા એવા જ છે. એ તો બધું બરાબર.

**દાદાશ્રી :** બીજાનું જોઈને હું એક સેકન્ડ પણ નથી ચાલ્યો. આખી જિંદગી જ નથી ચાલ્યો. મૂઆ, એ તડબૂચા ગમે તે કરે, આપણે શું લેવાદેવા ? આપણે આપણી લાઈન દોરેલી હોય એ કરેક્ટ છે. આપણે લોકોની નકલ કરવા આવ્યા છીએ અહીં ? આપણે તો અસલ લઈને આવેલા છીએ. નકલ-બકલ કરવા આવેલા નથી. આવું કેમ હોવું જોઈએ ? દુઃખ કેમ ઉત્પન્ન થવું જોઈએ ? છતાંય મને એક ફેરો દુઃખ થયું'તું. તે પછી આ દેહને લઈ ગયો ત્યાં ગરીબ લોકોના લત્તામાં અને પછી દેખાડ્યું કે 'આ સુખી છે કે તમે સુખી છો ?' ત્યારે કહે, 'આપણે સુખી છીએ.' ત્યારે પછી મેં કહ્યું, 'ચાલો પાછા હવે.' જે ભૂત પેઠું એ પેઠું, તે પછી કાઢવું પડે ને એને ?

## અમે અસલ કહેવાઈએ, અમારી નકલ કરે તો કામની

હું તો કોઈ દહાડો કોઈનું જોઈને નકલ કરું જ નહીં ને ! હું જાણું કે આપણે કરાર કરીને આવ્યા છીએ, જે હોય એ કરેક્ટ.

મેં મારી આખીય જિંદગીમાં કોઈનીય નકલ કરી જ નથી. કોઈ પણ વસ્તુમાં, કોઈ પણ બાબતમાં મેં ક્યારેય પણ કોઈની કોઈ દહાડો નકલ જ નથી કરી.

એ કૂવામાં પડે, પણ આપણે કૂવામાં પડીને શું કામ છે ? અગર એ ડુંગર પર ચડે, હિમાલય પર ચડે, એની શક્તિ હોય તો. આપણી શક્તિ ન હોય ને હિમાલય પર ચઢીએ તો માંદા પડીએ. લોકોનું જોઈને ના કરીશ. મૂઆ, નકલ તો કરીશ જ નહીં. આ જગતમાં કોઈનીય નકલ કરીશ નહીં. લોકો જ નકલી છે, તો તું નકલીની નકલ ના કરીશ. કોઈ અસલ હોય, એની જો નકલ કરે તો વાત કામની છે. અમે અસલ કહેવાઈએ. અમારો એક-એક શબ્દ અસલ કહેવાય. અમારી વાત અસલ કહેવાય. અસલની નકલ કરીએ તો ! આ તો લોકો જ નકલી છે. હવે આ નકલીની નકલ શું કરવાની તે ? લોકો નકલી છે, નથી લાગતું એવું ? નકલીની નકલ કરીશ તો ફસાઈ જઈશ. એણે બંગલો બંધાવ્યો છે ને આપણે બંધાવો. અલ્યા મૂઆ, એના બંગલાને આપણે શું કરવો

છે ? આપણે આપણી અત્યારે આજની જરૂરિયાત છે, નેસેસિટી છે તે પૂરી થાય છે. અત્યારે સંતોષ છે ઘરમાં, તે ઊલટાનો બંગલો જોવાથી અસંતોષ થયો. એનો બંગલો જોઈ આવ્યા. અને આપણા લોકેય એવા છે. ઉદ્‌ઘાટન કરીને બંગલો દેખાડે છે બધાને. એટલે પેલા મૂઆને ના જોયું હોય તોય પાછું જાગે અંદરથી. તે ઉદ્‌ઘાટન કરે, પાછા આમનું જગાડે છે.

નકલ કરવી હોય તો લોકની ક્યાં કરે છે ? કરને ભેંસની ! એને છે જરીય ચિંતા, કપડાં-બપડાં છે કશુંય ? એ અસલી છે. આ તો બસમાં જવા ઉતાવળ, ઓફિસમાં ઉતાવળ અને ઘેર પાછો આવવામાં ઉતાવળ ! આ તો બંધનમાં છે, તોય ઉતાવળ. ઓફિસે બંધન છે, તે ત્યાં જવાય ઉતાવળ ! આ ભેંસો કેવી છે કે જ્યાં બંધન હોય ત્યાં ધીમે ધીમે જાય.

એટલે નાનપણથી મારો સ્વભાવ જ એવો કે નકલ કોઈની કરવી નહીં. સારું હોય કે ખોટું હોય, પોતાનું જ હોવું જોઈએ. ભલે હું બેકવર્ડ જતો રહ્યો હોઈશ, પણ મારા પોતાના ઉપર જ રહ્યો છું. સંસારમાં ના આવડ્યું તોય કંઈ વાંધો નહીં, આ તો આવડ્યું ને ! સંસારમાં ના આવડ્યું, પણ આ તો આવડ્યું જ ને ! સંસારને શું કરવાનો છે ?

**પ્રશ્નકર્તા :** આ તો બધાને ના આવડે ને ! આ આવડવું મુશ્કેલ છે.

**દાદાશ્રી :** આ આવડવું મુશ્કેલ છે. એટલે હું તો આવું જ ખોળતો હતો.

હિતાહિતનું ભાન તો પોતાને સ્વતંત્ર હોવું જોઈએ. હું શું કરું તો સુખી અને શું કરું તો દુઃખી ? સત્યુગમાં લોકોને વ્યવહારના હિતાહિતનું ભાન હતું. ત્યાં આગળ અનાચાર નહોતા, પોતે સદાચારી હતા. તે હિતાહિતનું ભાન ઉત્પન્ન હતું. અત્યારે તો બધે જ અનાચાર છે, ત્યાં ક્યાંથી હિતાહિતનું ભાન ઉત્પન્ન થાય ?

## દુનિયાથી જુદું જ કેલ્ક્યુલેશન

આ ઈન્વાઈટેડ દુઃખો છે આ મનુષ્યોને, એવું તમને સમજાય છે ?

**પ્રશ્નકર્તા :** સમજાય છે.

**દાદાશ્રી :** ત્યારે ઈન્વાઈટેડ દુઃખ મેં ઊભું જ નથી કર્યું. મારું કેલ્ક્યુલેશન દુનિયાથી ઊંધું હતું. મુંબઈમાં આમ બે રૂમ હોય ને, તે કાયમ ઝંખના કર્યા કરે કે ત્રણ હોત તો સારું ફાવત. ઝંખના શું કર્યા કરે ? બે રૂમવાળો ત્રણ રૂમની અને ત્રણ રૂમવાળાને પૂછીએ, ત્યારે ચાર રૂમની વાત કરતો હોય. ચાર રૂમવાળો પાંચ રૂમની વાત કરતો હોય. પાંચ રૂમવાળો છ રૂમ લેવી કહેતો હોય. પાંચ રૂમવાળો કહે છે, એક રૂમ ખૂટે છે મારે. છ રૂમવાળો સાત રૂમની, સાત રૂમવાળો આઠ રૂમની. મેં કોઈ એવો માણસ ના જોયો કે જે એમ કહે કે મારે કશું ના જોઈએ. બધાને અંદર ખૂંચ્યા જ કરતું હોય. ભઈ ના બોલે તો બઈ બોલી ઊઠે, કે એક રૂમ ખૂટે છે. ત્રણ બેડરૂમ તો જોઈએ અમારે ત્યાં, મોટા માણસ છીએ. ત્યારે હું શું જોતો'તો, કે બે રૂમ હોય ને, તો એક રૂમવાળાની દશા જોઈ આવતો'તો, કે આ બિચારો શી રીતે રહેતો હશે ? એના કરતા આપણું કેટલું સરસ છે !

જેને મારી વાત ના ગમે, તો કહેજો કે 'દાદાજી, તમારી વાત ના ગમી.' તો હું રેડિયો નથી કે બોલ બોલ કરું. હું તરત બંધ કરી દઈશ આ રેડિયો, ના ગમે તો. રેડિયો બોલ બોલ કરે. હું એ રેડિયો નથી કે બોલ બોલ કર્યા કરું.

**પ્રશ્નકર્તા :** અને તમારી વાત બહુ ગમે તો ?

**દાદાશ્રી :** તો હું સ્પીડ કરાવીશ.

**પ્રશ્નકર્તા :** દાદા, તો કરાવો.

**દાદાશ્રી :** ના, પણ બધા કહેતા નથી ને !

**પ્રશ્નકર્તા :** હા, આંગળી ઊંચી કરો.

**દાદાશ્રી :** જય સચ્ચિદાનંદ.

એટલે વાત સમજો. આ દુઃખો ન હોવા જોઈએ હવે.

❖❖❖❖❖

# [૭]

# વાપર્યું પુણ્ય ફક્ત ધર્મ કાજે

## સમજણપૂર્વકનું ટેન્ડર, તે ભેગા થાય સવળા સંજોગ

અમારા ભત્રીજાના દીકરા ચંદ્રકાન્તભાઈ હતા ને, એમણે મને પૂછ્યું, 'દાદા, તમે એવું તે કેવું પુણ્ય લાવ્યા છો કે સંસાર વ્યવહાર ચાલ્યા કરે છે ને તમારે એમાં ધ્યાન જ નથી આપવું પડતું ? તમને તમારી ઈચ્છા પ્રમાણે જ બધું અનુકૂળ રહે છે. તમે સત્સંગ કરી શકો છો, ઈચ્છા પ્રમાણે ધર્મ કરી શકો છો. ઈચ્છા પ્રમાણે બધું કરી શકો છો ! તમને કોઈ સંજોગો નડતા નથી. તમે જેમ ઈચ્છા કરો તેવા સંજોગ તમને બધા લીલો વાવટો ધરે છે, અને અમને તો બધાય સંજોગો વાંકા પડે છે. એટલે અમે શું ભૂલ કરી છે ? અમારે બે મિલ છે, ગાડીઓ છે, બંગલા છે. એમ ને એમ જ મળેલું છે, મફતમાં. તે અમારે આમાંથી છૂટવું હોય તોય છૂટાતું નથી.'

આ '૬૨ની સાલમાં વાત કરેલી, કે 'મારે આવું આરામથી આત્માની યોજના કેમ નીકળતી નથી ? મારે આખો દહાડો કામ કરવું પડે છે ને એ બધું કરવું પડે છે અને તમારે કામ નથી કરવાં પડતાં ને તોય તમારે ચાલે છે. તમે ધંધા મોટા મોટા કરો છો તોય...' તે ઘડીએ અમારે ધંધાય આ જે દરિયામાં જેટી હોય ને, એ બાંધવાના, એવા તેવા અમારે ધંધા ચાલે બધા. તે એ કહે છે, 'ધંધા કરો છો ને છતાંય તમે તો નવરા ને નવરા હો છો, અને હું તો છૂટો જ નથી થતો. આઠ કલાક

મિલમાં બેસું છું તોય કામ પૂરું થતું નથી.' મેં કહ્યું, 'એ તો તું ગૂંચવાયેલો પડી રહું છું તેથી.' ગૂંચવાયેલી વાઈફ હોય, તે દૂધપાક, પૂરી ને ભજિયાં કેટલા ટાઈમમાં બનાવે ?

**પ્રશ્નકર્તા :** ચાર-છ કલાક લગાડે.

**દાદાશ્રી :** અને જે એવી સ્માર્ટ હોય તે ?

**પ્રશ્નકર્તા :** અડધો-પોણો કલાકમાં.

**દાદાશ્રી :** હા... એ બનાવી દે ઝપાટાબંધ. એટલે આ જગત બધું ગૂંચવાઈ ગયેલું છે, નર્યા ગૂંચવાડામાં છે, તેથી આ બધા કામો થતા નથી. પછી મેં એને કહ્યું, 'હું ગૂંચવાયેલો નથી, એટલે મને આ છૂટું કરતા આવડે.' ત્યારે કહે, 'ના, એવું શું તમે પૂર્વેનું કંઈક લઈને આવ્યા છો, કે તમને આ બધું જ્યાં જુઓ ત્યાં વસ્તુ સરળ થઈ પડે છે, તમે જ્યાં જ્યાં ઈચ્છો ત્યાં આગળ. અને મારે તો આ બધું અસરળ થઈ પડે છે. ઘેર લક્ષ્મી પાર વગરની છે, બધુંય છે. અને હું તમારા ભત્રીજાનો દીકરો છું, હું કંઈ છેટેનો છું નહીં.' કારણ કે મારા દાદાની પ્રજા. એટલે પછી મેં કહ્યું, 'ટેન્ડર ભરતી વખતે સમજણ નહોતી તને.'

## પુણ્યની અજોડ કરકસર, ૮૫ ટકા ધર્મ ને ૧૫ ટકા સંસાર

મેં કહ્યું, 'તે તારી યોજના હતી તે પ્રમાણે તારું ને મારી યોજના પ્રમાણે મારું.' ત્યારે કહે છે, 'એ યોજના સમજાવો જોઈએ.' ત્યારે મેં કહ્યું, 'જો સો ટકા તારી પાસે વાપરવાને માટે પુણ્ય ભેગું થયેલું હોય ને, તે પુણ્ય બુદ્ધિના આશય પ્રમાણે વપરાય. બુદ્ધિની યોજના પ્રમાણે એ વપરાય.'

**પ્રશ્નકર્તા :** પુણ્ય હોય પણ બુદ્ધિની યોજના ના હોય તો પુણ્ય ના વપરાય ?

**દાદાશ્રી :** ના વપરાય. યોજના વગર તો ચાલે જ નહીં ને ! તે ચંદ્રકાન્તભાઈને મેં કહ્યું, સો ટકા તમારેય વપરાવાના હતા ને સો ટકા મારેય વપરાવાના હતા. પણ તારા સો ટકા હતા, તે ધારો કે આવતા

ભવની માંગણીનો ક્વૉટા નક્કી કર્યો હોય તારો હંડ્રેડ અને મારો હંડ્રેડ, તો તેં હંડ્રેડ પેટે શું શું લખાવ્યું, કે 'એક તો સારું ભણતર મારે જોઈએ, અને મારે વાઈફ આવી જોઈશે, છોકરાં બે જોઈશે, છોડી જોઈશે, આમ છે ને તેમ છે, બંગલો જોઈશે, ગાડી જોઈશે, રેડિયો જોઈશે, ઘડિયાળ જોઈશે, ફલાણું જોઈશે, નેકટાઈ જોઈશે, કપડાં આવા જોઈશે.' એ બધું લખાવ્યું અને તે પછી દસ-પંદર ટકા બાકી રહ્યા, તે તેં કહ્યું, કે 'ધર્મ ખાતે લખી નાખો.'

અને મેં શું લખાવ્યું, કે 'મારે તો આ ફક્ત હીરાબા જેવા સરળ પત્ની મળી જવા જોઈએ.' ત્યારે કહે, 'છોકરાંનું ? છોકરાં કેવા જોઈશે ? હોશિયાર, રૂપાળા બધું.' 'એમાં પુણ્ય વપરાતું હોય તો વાપરજો, ના વપરાતું હોય તો ના વાપરશો. હીરાબાએ જે માગ્યું હોય એ ખરું', કહ્યું. ત્યારે કહે, 'તમારી ઈચ્છા શું પણ ?' 'મારી ઈચ્છા છે કે એ હોય તોય વાંધો નહીં અને ના હોય તોય કશો વાંધો નહીં. હોય અને પછી મરી જશે તોય મને વાંધો નથી. છોકરાંય રહેવું હોય તો રહેજો અને જવું હોય તો જજો.' ત્યારે આવ્યા અને ગયા. છોકરાં તો અમે કેટલાય અવતારથી માગતા નથી. આ અવતારમાં નહીં, એ તો કેટલાય અવતારોથી માગ્યા નથી. લોકોને 'છોકરાં થજો', એમ કહીએ. એટલે નિશાળો ભરાશે બધી, હાઈસ્કૂલો બધી.

ત્યારે કહે છે, 'બીજું કશું ? મકાન-બકાન ?' ત્યારે મેં કહ્યું, 'મકાનેય નહીં. અમને તો જે હોય તે ચાલશે. અમને જે પ્રાપ્ત થશે એ અમારે ચાલે એવું છે. સંસ્કારી લોકોના ભેગું મામાની પોળ જેવી પોળ રહેવા માટે હોય તો આ ઓરડી હશે તોય ચાલશે.' ત્યારે કહે, 'બંગલા-બંગલા નહીં ?' મેં કહ્યું, 'ના બા, બંગલો હું અહીં ક્યાં ફજેતો કરું પાછો ?' પૂંજા વાળી વાળીને દમ નીકળી જાય. અહીંથી છે તે પાછું કશુંક લેવા જવું હોય તો ચાલીને દમ નીકળી જાય. શહેરમાં ને શહેરમાં, કશું ઉપાધિ નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના. ત્યાં મળી રહે બધું.

**દાદાશ્રી :** કોઈ દહાડો મચ્છરું નથી જોયું એ રૂમમાં. મચ્છર તો કોઈ દહાડો જોયું જ નથી, એવી સંસ્કારી પોળ. ત્યાં દેરાસર હોય. ઠંડક રહે બધી એની. બહાર કશું ભૂલી ગયા હોય તો કોઈ લઈ ના જાય કશું.

ત્યારે કહે છે, કે 'બીજું ?' ત્યારે મેં કહ્યું, 'બીજા બધાય ટકા ધર્મમાં, આત્મા માટે.' મને કહે છે, 'ઘડિયાળ-બડિયાળ ?' મેં કહ્યું, 'ના બા, ઘડિયાળ-બડિયાળ કશું નહીં. ઘડિયાળ તો લોક પહેરે જ છે ને ! મારે એ નહીં વાપરવાનું. હું એકલો ના પહેરું એથી મામાની પોળમાં આવનારની ગાડીઓ ઓછી થઈ જાય છે કંઈ ! મારે એમાં વપરાય નહીં.' ત્યારે કહે, 'ભઈ, ખાવા-પીવાનું સારું તે જોઈશે એમ ?' મેં કહ્યું, 'ના, એમાં પૈસોય વાપરશો નહીં એમ. હીરાબા કરશે એ મારે ખાવાનું.' મેં વાપરેલું નહીં, તે હીરાબાનું વાપરેલું હું ખઉં છું. કારણ કે એમને સમજણ નહીં, તે વાપરી ખાય.

બધામાં પુણ્ય કસર કસર કરીને... ફક્ત એટલું રાખેલું કે કપડાં ઓછા પણ અપ ટૂ ડેટ જોઈએ. એ અમારા પુણ્યમાંથી વાપરવાની છૂટ રાખેલી. પછી શું ? 'ઘડિયાળ ?' તો કહે, 'નહીં.' 'રેડિયો ?' તો કહે, 'નહીં.' 'ફલાણું ?' તો કહે, 'નહીં.' એટલે મને કોઈ ઘડિયાળ ને એ બધું પણ ભેગું થયું જ નહીં. ટી.વી. કે રેડિયો તો ક્યાંથી, પણ ઘડિયાળ જ નથી લાવ્યો. કારણ કે એક જ માલ, આ જ જોઈએ, બીજું કંઈ જોઈએ નહીં. આ બધું મારા બુદ્ધિના આશયમાં હતું જ નહીં. અને બંગલોય નહીં. અહીંનું કર્યું ને, તેય મારામાં ભાવ નહીં, આ તો હીરાબાને લઈને. મારે તો એ ભાવ જ નહીં ને ! મકાન-બકાન જોઈએ છે, એવો ભાવ જ નહીં. અત્યારે બધાએ જોર કરીને ફ્લેટ બાંધ્યો, ત્યારે એ કામમાં લાગતો નથી. ત્રીજે માળ ચઢાતું નથી ને ! બુદ્ધિનો આશય નહીં એટલે. આ મકાનેય ભાદરણ બાંધ્યું ને, તે દિવાળીબાના લીધે થયું. નહીં તો ના થાય. મારામાં એ ભાવ જ નથી ને !

મેં તો પંદર ટકા આમાં (સંસાર માટે) રહેવા દીધા ને પંચ્યાસી ટકા આમાં નાખ્યા છે. શેમાં ?

**પ્રશ્નકર્તા :** ધર્મમાં.

**દાદાશ્રી :** પંચ્યાસી ટકા આમ ધર્મમાં. કોઈ પણ માણસ જ્યારે આવે ત્યારે હું ધર્મમાં જ હોઉ, એની ટાઈમ. રાતે બાર વાગ્યે આવે, સાડાબારે આવે, એક વાગે આવે, ગમે ત્યારે. એટ એની ટાઈમ !

## પુણ્યનું ઈન્વેસ્ટમેન્ટ ધર્મ ખાતે જ, તેથી કોઈ અંતરાય નહીં

મારા જેવી કરકસર કોઈએ નહીં કરી હોય, એવું હું માનું છું.

**પ્રશ્નકર્તા :** ના જ કરે, દાદા.

**દાદાશ્રી :** કારણ કે ધંધો કરતો'તો તોય હું મારા ધર્મમાં જ હતો. મને એવો બધો ટાઈમ મળી જાય.

એટલે ચંદ્રકાન્તને સમજણ પાડી કે આ બધી તે શેની ગોઠવણી છે ? મેં કહ્યું, 'જો, તું શું શું લાવ્યો ? સો હતા, તેમાંથી તેં વાપરવા માંડ્યા. તે ગાડીમાં, આમાં, રેડિયામાં બધામાં વપરાતા-વપરાતા, રહ્યા દસ-પંદર. ત્યારે તેં કહ્યું, કે આટલા મારા ધર્મમાં નાખી દો. તે તારું પુણ્ય એમાં જતું રહ્યું ને અમારું પુણ્ય તો પેલામાં સ્ટૉક રહ્યો બધો.' આમાં કરકસર કરી આપણે, અને રહ્યો પેલો સ્ટૉક, તે આપણી ઈચ્છા મુજબ કામ ચાલ્યા કરે, નિરંતર. જેની આપણી ઈચ્છા થઈ તે પ્રમાણે આગળ તૈયારી થઈ ગઈ હોય. આપણે વહીવટ કરતા ના આવડે ને પછી માર ખાઈએ એમાં કોઈનો શો દોષ ? આ તો તમારું જ છે પુણ્યકર્મ, એના પછી ભાગ પાડવા એ તમારું જ છે.

## પુણ્ય અવળે રસ્તે ન જાય એવી નોંધ કરાવેલી

મારું પુણ્ય અવળી જગ્યાએ વાપરવું નહીં, એવી છે તે મેં પહેલા નોંધ કરાવડાવી છે. એક આટલુંય અવળે રસ્તે જતું ના રહે. ઘણુંબધું ધર્મને માટે જ કાઢ્યું છે. અને જગતના માટે થોડુંક હશે, તે થોડુંક એમાંય પેસી ગયેલું. તે ક્યાં ક્યાં પેસી ગયેલું, કે ખાવાનું ઠીક છે, પણ કપડાં જોઈએ ફર્સ્ટ ક્લાસ. એટલે ફક્ત સારા કપડાં માટે થોડું

પુણ્ય વપરાઈ ગયેલું. બીજું, જ્યાં વાહવાહ થતી હોય, ત્યાં ખર્ચવાની ટેવ, એમાં થોડુંક વપરાઈ ગયું અને બીજું બધું ધર્મમાં રહ્યું. બંગલાની મારે જરૂર પડી નથી. લાખો રૂપિયા હોવા છતાં કોઈ દહાડો બંગલો બાંધ્યો નથી. પછી છેવટે અમારી એક જમીન હતી, એમાં એક ફ્લેટ એકલો રહેવા દઈને, બીજું બધુંય આપી દીધું. પછી જરૂર જ નહીં અને નેસેસિટી જ નહીં પોતાની. કોઈ ચીજની જરાય જરૂર નહીં. અને કોઈ અવળે રસ્તે ગયેલું જ નહીં પુણ્ય, બધું આમાં જ. એટલે પુણ્ય જ બધું આમાં વપરાયેલું.

## હવે આવતા ભવે બીજું કશું જોઈએ નહીં

મેં કહ્યું, 'આત્મધર્મ અને એના સંજોગો, બે જ પુણ્યમાં પ્રાપ્ત થાઓ.' તેનું આ મને મળ્યું છે. અને તમે તો આ જોઈએ ને બે-ત્રણ છોકરાં જોઈએ ને એક છોડી જોઈએ ને એને હું પૈણાવું અને પસ્તાઉ ને...

**પ્રશ્નકર્તા :** એમાં અમારો શાનો દોષ ? તમારો દોષ. અમને ગયા જન્મમાં શું કામ ના મળ્યા તમે ?

**દાદાશ્રી :** મારે ઘડિયાળ જોઈએ ને ટી.વી. જોઈએ, ને તે ટી.વી. હઉ લાવ્યા.

**પ્રશ્નકર્તા :** હા, પણ તે તમે ગયા જનમમાં મળ્યા હોત તો કશુંય ના હોત.

**દાદાશ્રી :** અરે, મળ્યા'તા તો ખરા, પણ તમે માગો એવા નહોતા. તમે કંઈ પાંસરા હતા નહીં. અને ગયા જનમમાં મળ્યા વગર છઠ્ઠી પેઢીના પિતરાઈ થતા હશો તમે ? એક બ્લડ કહેવાય ! સાત પેઢી થયા પછી નાહવા-નિચોવાનું* નહીં. સાત પેઢી સુધી નાહવા-નિચોવાનું કહેવાય છે. એટલે ગયા અવતારે તો ભેગા થયેલા જ, પણ તમને આ ગમે નહીં મારી વાત. 'છોકરાં તો જોઈએ ને, આ તો બાવા જેવા છે', કહેશે.

*નાહવું-નિચોવવું - લાગતું વળગતું હોવું; સંબંધ હોવો

પણ પેલું તો મને કેટલાય અવતારથી એમાં અભાવ થઈ ગયેલો ને, એટલે વસ્તુ આમ જ, આ જ જોઈએ. બીજું કંઈ જોઈએ નહીં. અને હવે ભવિષ્યમાં તો આ, આયે નહીં જોઈએ. કોટ-બોટ કશુંય નહીં હોય, આગલા (આવતા) અવતારમાં તો. કારણ કે આય પહેરવાની ઉપાધિ, બળ્યું ઈસ્ત્રી કરવાની ઉપાધિ, ધોવાની ઉપાધિ.

**પ્રશ્નકર્તા :** એ તો જોઈશું ને ! ભેગા થાવ તો કહેજો અમને, કે અમે પેલા !

**દાદાશ્રી :** બધું કહેલું હોય પણ તમે પાંસરા ક્યાં રહો છો તે ?

**પ્રશ્નકર્તા :** ફરી આવતા અવતારમાં કહેજો, ભેગા થઈએ ત્યારે.

**દાદાશ્રી :** બહુ પાકા ! જુઓ ને, કેવો પ્રશ્ન પૂછે છે એમ, આખો ખુલાસો થઈ જાય એવો !

## બુદ્ધિના આશય પ્રમાણે ખર્ચાય પુણ્ય

બુદ્ધિના આશયમાં 'સંસારનું ગમે તે થાય, સંસારનું ગમે તે મળે, તોય મને નથી જોઈતું અને મારે જ્ઞાનીની પાસે જ રહેવું છે', તો તેવું મળી આવે. આ બધું પોતાનું જ છે, પોતાની ગોઠવણી જ છે. અને પોતાની ગોઠવણી પર હવે પોતે ભૂલ કાઢવાની છે. આ બધું તમારા આશયનું, એમાં નકામું બૂમાબૂમ કરો છો ! અત્યારે બુદ્ધિના આશય પ્રમાણે તમને મળેલું છે.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિના આશયમાં પછી પુણ્ય અને પાપના આધારે જ આ બધું ભેગું થાય છે ?

**દાદાશ્રી :** પુણ્ય અને પાપ છે ને, એ તો બધી વહેંચણી થાય છે પછી એની. એ તો મૂડી થાય છે અને મૂડીમાંથી વહેંચણી થાય છે. વહેંચણી કેવી રીતે થાય ? દરેકને પોતાનું પુણ્યકર્મ ને પાપકર્મ બેનો બંધ હોય છે. હવે પાપકર્મનું તો એને કંઈ પૃથક્કરણ કરાવતા નથી, પણ પુણ્યકર્મનું પૃથક્કરણ કરાવે છે. શું પૃથક્કરણ કરાવે છે ? ત્યારે કહે,

'ટેન્ડર ભરો, શું શું જોઈશે હવે ?' તમે કહો, કે 'મારે વાઈફ આવી જોઈશે, બંગલો આવો જોઈશે, મોટર આવી જોઈશે.' એ પુણ્યમાંથી તમે જેટલું ટેન્ડર ભરો, એ પ્રમાણે તમને મળવાનું. હવે બુદ્ધિના આશયમાં ભર્યું હોય, કે બેંકમાં રકમ રાખવી જ નથી બહુ. એ આવશે એટલા જાય તો બહુ થઈ ગયું, મારે ઘર ચાલે એટલું જોઈએ. હવે ત્યાં બેંકમાં ખોળો, શી રીતે બને ? તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** જી હા.

**દાદાશ્રી :** આ માણસ જે ભોગવી રહ્યો છે, એ પોતાના ટેન્ડર પ્રમાણે, પોતાની ડિઝાઈન પ્રમાણે જ ભોગવી રહ્યો છે. એ ડિઝાઈનમાં સહેજ ફેર નથી. અને અત્યારે દુઃખી થઈ રહ્યો છે. પોતાની જ ડિઝાઈન છે આ. કોઈ ઈશ્વર આમાં હાથ ઘાલતો જ નથી બિચારો. ઈશ્વર તો ઉપરી નથી તમારો, એ તો તમારું જ સ્વરૂપ છે. આ તમારી જ ડિઝાઈન છે. આ અત્યારે તમે જે મકાનમાં રહેતા હોય તે મકાન, તમારી જે સ્ત્રી છે, છોકરાં છે, એ બધું તમારી ડિઝાઈન પ્રમાણે જ છે. આ શરીર-બરીરનું જે રંગરૂપ, ઊંચાઈ-બુંચાઈ બધું તમારી ડિઝાઈન જ છે. એ ડિઝાઈનની બહાર કશું વસ્તુ આપેલી હોય ને, એ ચાલે જ નહીં. તો જગત આવી સ્થિતિમાં રહી શકે નહીં. નાના છાપરામાં, ઝૂંપડામાં રહી શકે નહીં. મારી-ઠોકીને લઈ લે લોકો. આ તો પોતાની ડિઝાઈન પ્રમાણે છે. આપને સમજમાં આવે છે આ વાત ?

**પ્રશ્નકર્તા :** દાદા, એ જરા ડિઝાઈન સમજાવો ને !

**દાદાશ્રી :** ડિઝાઈન એટલે તમારા બુદ્ધિના આશય જે હોય ને, કે 'મારે આવું જોઈએ, આવું જોઈએ, આવું જોઈએ, આ ના જોઈએ મારે.' એ જે જોઈએ છે ને, એ બધું તમારું ટેન્ડર તે એમાં ખર્ચાઈ જાય.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** તે બધું આ ટેન્ડર જ હોય છે આટલું, કે મારે બે છોકરાં જોઈએ, એક છોકરી જોઈએ, મકાન આટલું.

## 'કશું જ જોઈતું નથી' તોય જરૂરી મળશે બધું

હવે તમારે જેમાં વાપરવું હોય તેમાં છૂટ છે. તમેય હવે ટેન્ડર ભરો તો બરોબર પાંસરું ભરજો હં, હવે બે અવતાર છે. નહીં તો પછી મોટરો માગવી હોય તો મોટરો માગજો, બંગલો માગવો હોય તો બંગલો માગજો, તે બધું તમારામાંથી બાદ થશે. શેમાંથી બાદ થશે ? આ તમારી મૂડી થઈ છે ને, તેમાંથી. આ તમારી પોતાની રકમમાંથી ખર્ચાય. અને તમે કહેશો, કે 'સાહેબ, મારે કશું જ જોઈતું નથી.' તો આ દેહ પ્રાપ્ત થયો કુદરતી રીતે, તે પેલું ખાવાનુંય કુદરતી રીતે પ્રાપ્ત થશે. એટલે એક પૈસોય આપણો મૂળ રકમમાંથી જાય નહીં.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એવું ક્યાંથી બને ? તમે શુદ્ધાત્માનું લક્ષ આપ્યું, એની પહેલા માંગણી તો કરી જ હોય ને, કે આમ થાય ને તેમ થાય એવું કાંઈ, મને કાંઈ જ ન મળે એવી તો કોઈએ ભાવના કરી જ ન હોય. કોઈએ કંઈ જ ના માગ્યું હોય એવું તો બને જ નહીં ને ?

**દાદાશ્રી :** ના, એ તો એવું માગવું નથી પડતું, એની મેળે જ મહીં આશય હોય તે પ્રમાણે મળે છે. અત્યારે માગ્યું મળતું નથી. એ તો એમ જ બોલે છે, કે 'આ શુદ્ધાત્મા સિવાય કંઈ જ જોઈતું નથી.' પણ અંદરખાને આશય ખરો. અંદર બુદ્ધિના આશયમાં હોય. એટલે બુદ્ધિનો આશય આવો હોય તો વાંધો નહીં, કે ભઈ, દેહ મળવાનો છે, દેહને અંગે મળવાનું છે, તો આપણે એની મહીં આઈટમ ચેન્જ કરીએ તો કપાય ને, આપણી મૂડીમાંથી. જે હોય તે, આ દેહને જે અનુકૂળ આવે તે આપણને પ્રાપ્ત થશે. તો એ તો ફ્રી ઑફ કૉસ્ટ છે. બે ટાઈમ ખાવાનું, એ તો દેહ પ્રાપ્ત થાય તેની સાથે જ જૉઈન્ટ જ હોય બધું. ખાવા-પીવાનું બધોય હિસાબ હોય.

## મૃત્યુ થતા સુધીમાં ફેરવી શકાય છે આશય

તમારું આ જે ક્રેડિટ અને ડેબિટ ખાતું હોય છે, ગયે અવતારનું, તેના પછી દરેક ખાતામાં તમને પરસન્ટેજ આપવામાં આવે છે. અને પછી

કહો, કે 'મારે વધારેમાં વધારે વધે તો ધર્મમાં પંદર-વીસ ટકા નાખવા છે', તો એંસી ટકા બીજામાં વહેંચાઈ જાય પછી, સંસારી બાબતમાં. અને સંસારી બાબતમાં વધારે વપરાય તો એ ધર્મમાં રહે નહીં. પછી બેએક ટકા રહે, તો પછી બે ટકાના ધર્મનો અર્થ જ નહીં ને ! માટે બુદ્ધિના આશયમાં ધર્મ સિવાય બીજું કશું જ ભરશો નહીં. ચપટીક પુણ્યૈની પોટલી લાવ્યો હોય તે તેણે બુદ્ધિના આશયોમાં વહેંચી જ નાખી હોય. મોટર, બંગલો, રેડિયો, ઘડિયાળ વિગેરે સંસારિક સુખોમાં વહેંચી નાખેલ હોય. કંઈક ચપટીક વળી ધર્મમાં નાખી હોય. જેમાં વધારે નાખી હોય તે વધારે આવે.

**પ્રશ્નકર્તા :** દાદા, આ બુદ્ધિના આશયનો જે સરવાળો થાય છે, એ મૃત્યુના નજીકના સમયે નક્કી થાય છે ?

**દાદાશ્રી :** બધું મૃત્યુ વખતે જ નક્કી થઈ જાય. ત્યાં સુધી ફેરવવું હોય તો ફેરવી શકે, કે 'ના, મારે ધર્મ નહીં જોઈએ, બીજું જોઈશે.' તો કહેશે, 'લે ચાલ.' પછી છેલ્લા કલાકમાં જે ટેન્ડર ફિક્સ થયું એ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** દાદા, જે છેલ્લા એક કલાકમાં પણ આપણે ટેન્ડર ભરીએ, એ પણ આપણા હાથમાં તો નથી ને ?

**દાદાશ્રી :** આપણા હાથમાં કશું નથી. આપણા હાથમાં ફક્ત આશય, કે આપણે કયું સુખ જોઈએ છે. એ આશય ફેરવવો જોઈએ આપણે. આ સો ટકા શેમાં વાપરવાના છે, એ આપણો આશય. આ અવતારમાં જે પુણ્ય ભેગું કર્યું, એના હંડ્રેડ પરસન્ટ છે. એમાંથી કેટલા પરસન્ટ શેમાં શેમાં વાપરવા છે એ તમારો આશય.

## પોતે પોતાની અભેદ ભક્તિ કરું એવું માગેલું

તમને સમજાયું, હું શું કહેવા માગું છું તે ?

**પ્રશ્નકર્તા :** જી. તો દાદાજી, નરસિંહ મહેતાનો એવો કયો આશય, કે એમણે શું માગ્યું હશે ? આખી જિંદગી માટે એમણે શું માંગણીઓ કરી હશે ? બુદ્ધિના આશયમાં એમણે શું ગોઠવ્યું હશે ?

**દાદાશ્રી :** બીજું કશુંય નહીં, વહુ અને આ ભક્તિ ભગવાનની.

**પ્રશ્નકર્તા :** ભગવાનની ભક્તિ. તો દાદા, આપે બુદ્ધિના આશયમાં શું માગેલું ? જ્ઞાન માગેલું ?

**દાદાશ્રી :** આવી ભક્તિ-બક્તિ અમારે હોય જ નહીં. ભક્તિમાં તો એ મારાથી મોટો ઠર્યો, અને હું તો કોઈને મોટો ઠરાવું નહીં ને ! કોની ભક્તિ કરું હું ? મારી ભક્તિ કરું કે કો'કની ? એટલે ભગતો બધા કરે ભક્તિ. અમારે તો પોતે પોતાની ભક્તિ કરવાની. કોઈ ઉપરી ના જોઈએ. અને ભગત તો કહેશે, 'આ ઉપરી એટલું જ નહીં, બધો એ જ મારો, મારો પરમેશ્વર એ, મારો ધણી એ, બધુંય એ જ.' એને એમાં બહુ મજા આવે પણ ! મજા એને બહુ આવે ભક્તિમાં. પછી શું કહે ? 'ભવોભવ હવે ભક્તિ આપજો.' પણ મળે નહીં ને, કુદરતનો નિયમ એવો. એને એડવાન્સ થવાનું ને ! એ ભક્તિની જે દશામાં આવ્યો, ત્યાંથી એની પ્રગતિ થયા જ કરે ને ! એટલે પેલી ભક્તિ ઊડી જાય. પેલી પ્રગતિમાં પછી બીજું આગળનું આવે. કેટલી બધી પ્રગતિ થાય ત્યારે પોતે ભગવાનને ઉપરી ના કહે. છેલ્લા પ્રકારની પ્રગતિ ઉત્પન્ન થાય, ત્યારે ભગવાનને ઉપરી ના કહે.

## સંસાર સુખ બાય પ્રોડક્ટમાં, એમાં પુણ્યૈ ખર્ચી જ નહીં

બુદ્ધિના આશયમાં વીતરાગતા વિના હું બીજું કશું જ લાવ્યો જ નથી. બંગલા, ગાડી, ઘોડા, રેડિયો, ઘડિયાળ કશું લાવેલા જ નહીં. છતાં અમને ગાડી મળે. અમે જાણતા જ હતા કે સંસાર, સંસારી માલ, ગાડી-ઘોડા ને જાહોજલાલી એ બધું ધર્મની બાય પ્રોડક્ટ જ છે ને તેય પાછી ફ્રી ઑફ કૉસ્ટ (મફતની) છે. એટલે અમે અમારા બુદ્ધિના આશયમાં કેટલાય અવતારોથી એક માત્ર ધર્મ જ લાવેલા. ધર્મ છે ત્યાં બધી જ ચીજો સ્વાભાવિક રીતે હોય. હું તો ભવોભવ મારા બુદ્ધિના આશયમાં એક જ વસ્તુ ધર્મની જ લઈને આવ્યો છું. છતાં કોઈ એમ્પરર (શહેનશાહ) ન ભોગવતો હોય તેવું સુખ હું ભોગવું છું. ધર્મ છે ત્યાં બધી જ ચીજો સ્વાભાવિક રીતે હોય જ. કો'ક પુણ્ય જુએ તોય ખુશ થઈ જાય.

અહીંથી બે માઈલ છેટે ઘર હોય અને ત્યાંથી હું નીકળ્યો હોઉ ગાડીમાં અને અહીં હું ગાડીમાંથી ઊતરું, તો લોકો ખુરશી લઈને હાજર હોય. તે બીજા બધાને એમ થાય, કે આ દાદાનું કેવું પુણ્ય કહેવાય ! હરેક વસ્તુ હાજર ! નહીં ? તમે જોયું ને ? પુણ્યનો પ્રભાવ જોયો ને ?

**પ્રશ્નકર્તા :** હા દાદા, જોયો ને, બહુ જ !

**દાદાશ્રી :** અને જ્ઞાન કેવું પ્રગટ થયું ?

**પ્રશ્નકર્તા :** જબરજસ્ત !

**દાદાશ્રી :** મારી ધારણા પ્રમાણે બધા લોકોનું કલ્યાણ થાઓ, તે કલ્યાણ થાય એવું પુણ્ય નીકળ્યું. એટલે હવે તમારે જે માગણી કરવી હોય એ કરજો.

## પુણ્ય વટાવવાની સિસ્ટમ જુદી રાખેલી

આ બધાના જેવું પુણ્ય લાવેલો, પણ મારું પુણ્ય હશે, તે વટાવવાની સિસ્ટમ મેં જુદી રાખેલી.

**પ્રશ્નકર્તા :** એટલે પાપ-પુણ્યના આધારે જ બધું છે એવું થયું.

**દાદાશ્રી :** હા, પણ એની ભાવનામાં હોય તો ભેગું થાય. ભાવનામાં ના હોય તો ના થાય. અમને જો કશું જ ભેગું થયું જ નથી ને ક્યારેય.

**પ્રશ્નકર્તા :** જી.

**દાદાશ્રી :** એટલે બધું પુણ્યાનુબંધી પુણ્ય જ લાવેલો. કશું ઘડિયાળ નહીં પહેરેલું. આ વખતમાં ઘડિયાળ ના પહેરેલો માણસ ખોળી કાઢવો...

**પ્રશ્નકર્તા :** હા, મુશ્કેલ દાદા.

**દાદાશ્રી :** એક આદિવાસીઓ (જંગલમાં રહેનારા) હોય ને આમ દાદા હોય, બે હોય. એને ભો હશે અને મને આપે તોય મારે કામનું નહીં. લાખો રૂપિયા આવ્યા-ગયા પણ ઘડિયાળ નહીં, રેડિયો નહીં, કશું જ નહીં. આ જુઓ ને, પુણ્ય કેવું સરસ ! ભઈબંધો લાવીને આ મૂકી

જાય ને એ કહે, 'તમારે ખર્ચો નહીં, ચાલો.' એ જાણે ખર્ચ થાય માટે નહીં લાવતા હોય. એટલે એ લાવે, પછી બીજો કોઈ આવે તેને હું કહું, કે 'લઈ જા ને, ભાઈ.'

અને ઘેર ૧૯૩૬ પછી કશું લાવ્યો નથી. વસાવ્યું નથી બીજું કશું. એક કબાટ, એક પલંગ, બે ખુરશી અને એક ટિપોઈ એટલું જ વસાવેલું, બીજું કશું લાવ્યો નથી, એનું એ જ. જ્યારે જુઓ ત્યારે ભઈબંધ એ જ જુએ. ત્યારે મને તો આમાં રંગ લાગેલો, બીજો રંગ જ નહીં ને !

## કશું જ ના હોય તોય ચાલે એવું મજબૂત ફાઉન્ડેશન

અમારે ફાઉન્ડેશન બહુ મજબૂત, તે કશું જ ના હોય તો ચાલે. ઘેરેય કોઈ દહાડો કશું લાવ્યો નથી હું. ઘેર કોઈ દહાડો કશુંય વસાવેલું નહીં. સ્વતંત્રતામાં સુખ માનેલું, કે કોઈ કશું આપણને આવું પરવશતા ના કરે. આ તો બધી નરી જંજાળ છે. આ તો સુખ છે કંઈ ? છૂટકો નથી પણ તમે ક્યાં જાવ ? આ સુખ ના ભોગવો તોય ક્યાં જાવ ? તે દુઃખેય ભોગવવું પડે અને સુખેય ભોગવવું પડે. કર્મના લખેલા છે ને ! હિસાબ છે ને ! એ જ્ઞાન મળે તો જ સુખ અને દુઃખ બેઉ હોય તે પલટાઈ જાય. ભોગવટો તો છે જ, પણ ભોગવટો પેલા જ્ઞાનના પ્રતાપે અસર ના કરે. ભોગવટો તો ખરો. આ મારે ભોગવટો છે જ પણ અસર ના કરે જ્ઞાનના પ્રતાપે.

## પછી માથું શાનું દુઃખે તે ?

મને તો કોઈ દહાડો પગ દુખ્યો નથી, કેડ દુખી નથી, માથું દુખ્યું નથી. માથું તો મારી જિંદગીમાં સાંભરતું નથી કે મને માથું દુખ્યું હોય એવું. કારણ શું ? ઘડિયાળ-બડિયાળ એ બધું છોડીને બેઠો છું, તે માથું શાનું દુખે તે ? ઘડિયાળવાળાને દુખે, રેડિયાવાળાને દુખે. હું તો બધું પુણ્ય આમાં લાવ્યો છું. એટલે પુણ્યના ટકા આમાં નાખ્યા છે. ઘડિયાળ-રેડિયામાં નાખ્યા નથી ને ! તમે થોડી ભૂલ કરેલી ને, ઘડિયાળ ને રેડિયાની ?

**પ્રશ્નકર્તા :** દાદા, કરી જ છે ને ! જુઓ ને, આ પહેર્યું છે ને !

**દાદાશ્રી :** અને ફ્લેટોની. જુઓ ને, ત્રણ-ત્રણ ફ્લેટો !

**પ્રશ્નકર્તા :** દાદા, મને પંદર દિવસે એકાદ વખત માથું દુખે છે.

**દાદાશ્રી :** ના, એ તો માથું ના દુખતું હોય તો બીજું દુખ્યા કરે. પણ એ હંમેશાં આ જ્ઞાન લીધા પછી પાંસરું પડી ગયું હોય.

**પ્રશ્નકર્તા :** હા, એ મુખ્ય.

**દાદાશ્રી :** પહેલા પાંસરું પડે જ નહીં ને ! કારણ કે ટકા આના અમુક જ રાખેલા.

**પ્રશ્નકર્તા :** હા, અમુક જ રાખેલા ને, બરોબર છે.

**દાદાશ્રી :** બીજા ટકા તો બધા ફ્લેટો-બ્લેટોમાં, સાહ્યબી-બાહ્યબી એ બધામાં.

**પ્રશ્નકર્તા :** હા, સાચી વાત, દાદા.

**દાદાશ્રી :** અમે એય એવું નથી રાખ્યું.

## માનમરતબા ને કપડામાં અમુક પુણ્ય વપરાયેલું

એટલું કે આ દેહે પૈસાથી મોજશોખ નથી કર્યા, એ વાત નિર્વિવાદ. માનમરતબા ખાધા, પણ પેલા મોજશોખ નહીં કરેલા. હા, કપડાં સરસ પહેરેલા છે એટલું જ. એ તો નાનપણથી પહેરતો'તો. મારા ઘરની ધાટી (રીત) જ હતી. લૂગડાં ફર્સ્ટ ક્લાસ પહેરું. એક ટેવ, એક કટેવ એવી કંઈક હતી તે આ માયા લાવેલો એટલે. બીજું કશું નહીં. ઓરડીઓ જેવી હશે તે ચાલશે.

**પ્રશ્નકર્તા :** નાનપણથી ને ?

**દાદાશ્રી :** હા, નાનપણથી.

**પ્રશ્નકર્તા :** સ્કૂલમાં જતા'તા ત્યાંય પણ સારા લૂગડાં જોઈએ.

**દાદાશ્રી :** સ્કૂલમાં જતા'તા ત્યારે, ગમે ત્યારે કપડાં સરસમાં સરસ

જોઈએ. એટલે આ કપડાં એકલામાં જ આ મહીં શક્તિ વપરાયેલી. સિવડાવવા માટે પાછું દરજીને કહેવું પડે, કે 'આમ જોજે હં, કોલર આવો હોવો જોઈએ, આમ હોવું જોઈએ, તેમ હોવું જોઈએ.' બાકી બીજા કશામાં શક્તિ નહીં વાપરેલી. પૈણવામાંય શક્તિ વાપરી નથી.

## રાજીખુશીથી નવી યોજના ઘડાવે ધર્મ માટેની

એટલે અમારા બધા જ ટકા આમાં, એટલે માથું-બાથું દુખે કરે નહીં. બીજી ભાંજગડ નહીં કશી. એટલે આ તો બહારના લોકોને જાણવા જેવા છે આ ટકા. આપણે તો કંઈ જરૂર ના રહી હવે, પણ બહારવાળાને જાણવા જેવા છે કે બુદ્ધિના આશયમાં શું શું લેવું ને શું શું ના લેવું. નકામા ગાડી-બંગલા માગી માગીને પેલા ટકા રહે નહીં અને પછી કહે, 'મારે સત્સંગમાં આવવાનો અંતરાય શાથી પડ્યો હશે ?' અલ્યા મૂઆ, તે ટકા રાખ્યા જ નથી ને !

**પ્રશ્નકર્તા :** સત્સંગના ટકા જ નથી રાખ્યા તો ક્યાંથી આવે, બરોબર છે.

**દાદાશ્રી :** ટકા જ રાખ્યા નથી ને એને ખાતે ? આ ટકાની ગણતરી તો લોક જાણે જ નહીં ને આવી. ખરેખર એમ જ છે. આ અમારી શોધખોળ છે બધી. તમે થોડા રાખ્યા ત્યારે આવ્યા ને ! જુઓ ને, આવ્યા પછી રોજ ખસતા નથી ને ! એ રાખ્યા છે ત્યારે ને ! અને આ મોહ એટલા ઓછા કર્યા છે, નહીં ? નહીં તો આ તો રાજમહેલ જેવો બંગલો બંધાવીને ત્યાં દોડાદોડ કર્યા કરે, તો આમાં રહે જ નહીં ને ટકો !

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** થોડું ચલાવી લીધું ને ? બરોબર છે કે ? કેમ બોલતા નથી ?

**પ્રશ્નકર્તા :** આ હિસાબે અમને પેલા અમારા જૈન ગુરુઓ મળે છે અને પછી અમને બાધાઓ અપાવે છે કે ભઈ, તમે આટલા લાખથી વધારે નહીં કમાવાનું એવું, ભલે તમે ન કમાઈ શકો, પણ આથી વધારે

નહીં કમાવું એવી બાધા લો. તો એ રીતે અમારે માનવું જ જોઈએ આ હિસાબે ? તો એ વાત સાચી થઈ ને ?

**દાદાશ્રી :** એ બાધાઓ લેવાની છે તે તમને મારી-ઠોકીને કરાવડાવે છે. અને હું તમને કહું છું, કે રાજીખુશીથી તમારી મેળે યોજના કરો. તમારી મેળે યોજના ઘડો તો શું ખોટું છે એમાં ? એ એમને ખબર નથી કે આ યોજનાપૂર્વક છે, એટલે એ લોકો આવી રીતે કરે છે, બિચારા. એ તમને સંકોચ કરાવડાવે છે. પણ એના કરતા યોજના જ આપણી મેળે ઘડીને મૂકીએ, તો શું ખોટું ? સિત્તેર ટકા ધર્મમાં, ત્રીસ ટકા આમાં વાપરવાના એમ કરકસર કરીને કરીએ.

## જગત જેનાથી અજાણ એવી વાત ઉઘાડી કરી

**પ્રશ્નકર્તા :** દાદા, આ ચોખવટ બહુ સરસ થઈ, આ તો આપે જે ચોખવટ કરીને, કે તમે જે જે પુણ્ય ભેગું કરો પણ તમારે જે રસ્તે વાપરવું હોય એ રસ્તે વપરાય એમ.

**દાદાશ્રી :** તમારી જે ઈચ્છા હોય તેમાં વપરાય. પછી દસ-બાર જાતની ઈચ્છા હોય તો દસ-બારમાં વપરાય. મૂળ ઈચ્છા હોય, તે મૂળમાં ઘાલી દો. આ અમારું જે રીતે વપરાયેલું છે તે રીતે ઉઘાડું કરું છું. આ વાત ઉઘાડી ના હોય દુનિયામાં. દુનિયામાં આના જાણકાર ના હોય. આ જાણતા જ ના હોય.

**પ્રશ્નકર્તા :** કોઈ જાણતું જ નથી આ વાત.

**દાદાશ્રી :** ના, જાણે નહીં ને પણ, તે આ તો અમારા અનુભવની વાત અમે ઉઘાડી કરી દઈએ ને, કે માંગણી જ અમે એ કરેલી. તમે જુઓ છો ને, અમારા સંજોગો બધાય છે. આ કળિયુગમાંય અમારા બધા સંજોગો જ એ હોય. કારણ કે પુણ્ય આમાં માગેલું, બીજામાં નહીં.

❖❖❖❖❖

# [૮]
# વૈરાગ્યની ઝાંખી

## [૮.૧]
## થર્ડ ક્લાસની ભીડમાંય ખોળ્યું એકાંત

### અપર ક્લાસમાં લાગે બોધરેશન

હું આજથી દસ-બાર વર્ષ ઉપર છે તે ટ્રેનમાં જ ફરેલો. ત્યારે હું થર્ડ ક્લાસમાં બેસું અને અમારા ભાગીદાર શું કહે ? સેકન્ડ ક્લાસ વગર તમારે મુસાફરી કરવી નહીં. અને હું થર્ડ ક્લાસમાં જ કરું. જ્ઞાન પહેલા થર્ડ ક્લાસમાં મુસાફરી કરતો'તો ને જ્ઞાન થયા પછીય થર્ડ ક્લાસમાં મુસાફરી કરેલી. કારણ કે સેકન્ડ ક્લાસમાં મને પેલું બોધરેશન (હેરાનગતિ) ના ગમે બિલકુલેય. શું ના ગમે ?

**પ્રશ્નકર્તા :** બોધરેશન ના ગમે.

**દાદાશ્રી :** એટલે થર્ડ ક્લાસમાં બેસતો, તેથી અમારા ભાગીદારને તો ઊલટું મનમાં કાયમ દુઃખ થયા કરે, કે આ તમારા શરીરના આધારે તમારે સેકન્ડ ક્લાસમાં ફરવાનું. '૪૨ની સાલથી અમારા ભાગીદાર કાન્તિલાલભાઈ કહેતા, કે તમારી તબિયત જરા એ નહીં એટલે તમારે છે તે અપર ક્લાસમાં આવવું-જવું. એટલે અપર ક્લાસમાં આવવા માંડ્યો. મને ગમે નહીં આવું. અપર ક્લાસમાં કોઈ હોય નહીં, એક-બે જણ હોય અને તેય પાછા તૂંબડા

જેવા હોય, એટિકેટવાળા, તે મારો મેળ શી રીતે પડે ? પછી તોય આવ-જાય કરવા માંડ્યું. પણ એટિકેટનું ભૂત મને વળગે તો પેસે ને ?



## વટ મારવાની ટેવ, તે વળગ્યા ભૂતા

તે થોડો વખત બેઠેલાય ખરા. પણ બેઠા પછી પેલો લાંબો કોટ અને પાછી ટોપી, એટલે આપણે આ શેરબજારના શેઠ જેવું દેખાય.

**પ્રશ્નકર્તા :** હા, છપ્પન ઈંચનો કોટ.

**દાદાશ્રી :** છપ્પન ઈંચનો કોટ ને ટોપી કાળી, ફર્સ્ટ ક્લાસ. એય પાછી તે અહીં આમ અણી-બણી સાથે.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર દાદા, ટાઈટ.

**દાદાશ્રી :** અને ફર્સ્ટ ક્લાસ કોટ પહેરીએ એટલે ગાડીમાં પેલો જોડે બેઠો હોય ને, એ સમજે કે આ કોઈ શેઠ છે, શેરબજારના. અને મૂળ વટ મારવાની ટેવ, તે ધોતિયું-બોતિયું સારું હોય, બૂટ સારા હોય ને પછી ભાંજગડ નહીં ને ! અને પછી પેલો ધીમે રહીને, 'આપ ક્યાં રહો છો ?' પૂછે છે. અમે મૂળ સાચાબોલા. મેં કહ્યું, 'ભઈ, સાંતાક્રૂઝ રહીએ છીએ.' પાછો એ પેપર વાંચે. પછી પાછું થોડીવારે ફરી કહે, 'શું ધંધો કરો છો આપ ?' મેં કહ્યું, 'કોન્ટ્રાક્ટરનો.' પછી એવા તો એક-બે જણ મારે ઘેર આવ્યા પછી. અને નવી નવી ઓળખાણ વધારવા માંડ્યા. મને થયું, કે આ ભૂતા ક્યાં વળગ્યા પાછા ? ગમે નહીં એ, કોઈ નવી ઓળખાણ વધારે તો હું પોતે જ ઓળખાણ ના કરું.

## લોકોની સંસારી લાલચો દેખી ફસામણ લાગી

તે ચાર-છ મહિના સેકન્ડ ક્લાસમાં મુસાફરી કરી, તે ઊલટો ફસાયો. બે-ત્રણ જણ ઓળખાણવાળા, તે અહીં ઘેર આવે પાછા. સરનામું લઈ લીધેલું. અમે ટ્રેનમાં બેઠા હોય તો પૂછે, કે 'ભઈ, તમે ક્યાં રહો છો ?' એવું બધું પૂછે તો આપણે શું કરવું પડે ?

**પ્રશ્નકર્તા :** કહેવું પડે.

**દાદાશ્રી :** આ બધી સંસારી લાલચના સરનામા બધા. ધર્મની બાબતના હોય તો મને વાંધો નહીં, તો વાત જુદી. સંસારી લાલચોમાં, 'આ તમારું કામ ક્યાં ચાલે છે, કેવી રીતે ચાલે છે, અમને કશું મળે એવું છે, અમારો કંઈ ભાગ થોડો ઘણો, તો કન્ટ્રાક્ટ રાખીએ.' તે મેં કહ્યું, આ તો ફસામણ થઈ ઊલટી. હું તો કોઈની ઓળખાણ જ ના કરું. ઓળખાણ કરવાનું મને પસંદ નહીં. 'કેમ છો' કહેવાનીય મને જરૂર નહીં. મારે કોઈનું કામ નથી. હું કોઈને પૂછું નહીં. મારે કોઈની જોડે ઓળખાણ વધારવી નથી. મારો નિયમ કંઈક આવો. આ ઓળખાણ છે એટલા પૂરા નથી થતા ને બીજી ઓળખાણ ક્યાં વધારું તે ? પણ હવે એ એમ પૂછે ત્યારે આપણે ના કેવી રીતે કહેવી ? એટલે પછી કહીએ, 'અમે સાંતાક્રૂઝ રહીએ છીએ.' સરનામું આપું ને, તો લખી લે. પછી પાછો આવે ત્યાં. પછી અમારા ભાગીદારને મેં કહ્યું, 'આ તમે સેકન્ડ ક્લાસમાં બેસાડીને

મને ઉપાધિ કરાવડાવી છે. મારો ક્લાસ જે હતો, ત્યાંથી મને આ સેકન્ડ ક્લાસમાં શું કરવા ઘાલ્યો ? હું ભલો માણસ, તે પૂછે એટલે સરનામું સાચું લખાવું બળ્યું !' પછી એ કામેય કઢાવી લે મારી પાસેથી તો. એ આપણું કામ નહીં. ઓળખાણ હોય તો એવું કરે ને ! આપણે ઓળખાણ કરવાની નહીં પણ એણે કરવી હોય ને ? આપણે ઓળખાણ નથી કરવી પણ એ કરી લે કે ના કરી લે ?

**પ્રશ્નકર્તા :** કરી લે, એનું કામ કઢાવી લે.

## કશું જોઈતું જ નથી તેથી નવી ઓળખાણમાં ફસામણ લાગે

**દાદાશ્રી :** એટલે અમારે ઓળખાણ કરવાનો નિયમ જ નહીં કોઈ જગ્યાએ. કોઈ દહાડો ગાડીમાં કોઈની ઓળખાણ ના કરું. આમની બધાની શું ઓળખાણ કરવાની ? આપણે જો લાલચ ને દાનત ચોર હોય તો આપણે ઓળખાણ કરવાની જરૂર છે. આપણે આપણી આત્મશ્રદ્ધા ઉપર સભર હોઈએ, તો એને ઓળખાણ જ ક્યાં કરવાની ? આપણે દાનત ચોર હોય ને લાલચ હોય ત્યાર પછી એ કહે, ''સાહેબ, ક્યાં ગયા'તા, ક્યાંથી આવો છો ?'' ગલીપચી કર કર કર્યા કરે ને એ ? અરે, મને તો લોકો બહુ ગલીપચી કરે. પેલો લાંબો કોટ પહેરું ને, એટલે એ તો જાણે કે આ બહુ મોટા શેઠ ! અરે, નહોય અલ્યા, આ તો સાંતાક્રૂઝમાં રહેનારા શેઠ, નહોય પેલી બાજુ પેડર રોડવાળા ! આ લાંબો કોટ દેખે, એટલે પેડર રોડવાળા શેઠ સમજે. તે ઘેર આવે પાછા.

એટલે આ સેકન્ડ ક્લાસમાં જતા હતા તેથી તો આ ભૂતા વળગી પડતા'તા. જે ને તે આવ્યો તે વળગી પડે. હું તો હપૂચું બોલું નહીં, મૌન રહું તોય પણ વળગી પડે. આપણે સીધા, આપણને ના આવડે આ લોકોની જોડે. લોકો જુદી જુદી જાતના એક્સપર્ટ ને ! હવે આપણે આવા એક્સપર્ટ થયેલા ના હોય. આપણું કામ નહીં. મને તો આ એકલું આવડે, બીજું કશું આવડે નહીં. સમજી જઉં ખરો કે આ આવો છે, પણ શરમનું માર્યું, ખાનદાનીનું માર્યું બોલીએ નહીં આપણે, એને દુઃખ ના થાય એટલા માટે. સમજી તો જઉં જ.

## થર્ડ ક્લાસવાળા સગાભાઈ જેવા, કશું ખોળે જ નહીં

તે મેં અમારા ભાગીદારને કહ્યું, ‘‘આ મારે કામનું નથી, એના કરતા મને થર્ડ ક્લાસમાં જ આવવા દો ને, બળ્યું. કોઈ ઘેર તો આવે નહીં, પૂછવાની ભાંજગડ નહીં. આ તો મારે ઉપાધિ વધે છે, એના કરતા જે હું પહેલા આવતો'તો તે જ બરોબર છે. અમારે એ ક્લાસ જ સારો છે. સેકન્ડ ક્લાસમાં બેસું છું, ત્યારે મને પૂછે છે, કે ‘તમે ક્યાં રહો છો ?' તો મારાથી સાચું બોલી જવાય છે, કે ‘સાંતાક્રૂઝ.' તો લોક મારી પાછળ પડે છે ! એટલે સેકન્ડ ક્લાસ કે ફર્સ્ટ ક્લાસ મને માફક નથી આવતો. અને પાછળ પડે છે એટલે પછી મને વાંકું બોલતા આવડતું નથી. પોલિશવાળું બોલતા નથી આવડતું. એટલે આ તો ઝંઝટો બધી વળગે છે, વળગાડ વળગે છે. એના કરતા આ મારા સગા ભઈઓ જેવા બધા થર્ડ ક્લાસવાળા છે એ પેસેન્જરો સારા છે. એમાં બીજી કોઈ ભાંજગડ ના કરે બિચારા.'' અને એ લોકો આવું ખોળતાય ના હોય, થર્ડ ક્લાસવાળા તો. આ સેકન્ડ ક્લાસમાં બેસનારા ખોળ ખોળ કરે, કોણ ભઈ એને કામ લાગશે ! થર્ડ ક્લાસમાં કોઈ પૂછે-ગાછે નહીં, કશુંય નહીં. આવું કોટ પહેરો તોય ના પૂછે.

**પ્રશ્નકર્તા :** સૌ પોતપોતામાં જ પડ્યા હોય.

**દાદાશ્રી :** કોઈ પૂછે કે ગાછે નહીં ને ઘેર આવેય નહીં કોઈ. એ બિચારા સીધા હોય, આમ ખટપટિયા ના હોય. પેલામાં બધા ખટપટિયા હોય. એ લાગ જ ખોળતા હોય, કે કોઈ જગ્યાએ કોઈ સીડી મળી આવે છે ? એટલે મારી મેળે જ હું તો મારા થર્ડ ક્લાસમાં આવી ગયો.

## થર્ડ ક્લાસની ભીડનો અનુભવ

**પ્રશ્નકર્તા :** એ થર્ડ ક્લાસનો કોઈ અનુભવ જણાવશો ?

**દાદાશ્રી :** એક ફેરો ટ્રેનમાં થર્ડ ક્લાસમાં છોકરાં બધા બેઠેલા, આમ નીચે-ઉપર, તે કોઈ જગ્યાએ પગ મૂકવાની જગ્યા ના મળે. હું મહીં પેઠો. એટલે છોકરાને મેં કહ્યું, ‘અલ્યા, કંઈક આઘાપાછા થાવ તો હું મહીં પેસું.' ત્યારે કહે, ‘મહીં જગ્યા જ નથી, કાકા.' ત્યારે મેં કહ્યું, ‘આ બેગ

મૂકું એટલી જગ્યા થાય તો બેસું એની પર.' ત્યારે કહે છે, 'એમ કરો, તમે અહીંયા આવો, અમે બે છોકરાંઓ જરા જગ્યા કરીએ.' તે આટલી જગ્યા કરી આપી, તે પછી બેઠો. પછી એ પગ ઉપર પગ નાખીને બધા બેઠેલા આમ આમ, નીચે હઉ. પેલાનો પગ પેલા ઉપર ને પેલાનો પગ પેલા ઉપર, આમ લાકડા ગોઠવ્યા હોય એવી રીતે ! ગાડીનું તળિયું... ટ્રેનનું નીચેનું બેઝમેન્ટ ના દેખાય. ઉપલું એકલું જ દેખાય. બાકી સાઈડમાંય ના દેખાય કંઈ ! અને ઉપરેય જો સૂવાતું હોત તો સૂઈ જાત, બે-ચાર !

## ભીડમાં રહીને ભીડ જ ઓળખતા નથી

ત્યારે મેં કહ્યું, 'છોકરાંઓ તમને આ ભીડ નથી લાગતી ? આ ભીડમાં તમને મુસાફરી કરવાની કેમ ગમે છે ?' ત્યારે કહે, 'કાકા, શેને ભીડ કહો છો ? ભીડ એટલે શું ?' ઓહો ! ત્યારે મને મહીં મોટો બૉમ્બ પડ્યો એવું લાગ્યું. મેં કહ્યું, 'અલ્યા, ભીડ એટલે શું નથી જાણતો ?' ભીડમાં રહીને ભીડેય સમજતા નથી આ ? મારું હારું તે મેં મહીં તપાસ કરવા માંડી, કે એ આવું કેવું પૂછે છે ? મેં કહ્યું, 'આ બધા ભેગા બેઠા છો, તમને આ અડચણ નથી પડતી, ભીડ પડતી નથી ?' ત્યારે કહે, 'કાકા, તમે શેને ભીડ કહો છો, એ અમને સમજાતું નથી.' ત્યારે મેં કહ્યું, 'આમ આટલા ભેગા બેસો છો, આમ અડચણ ના પડે બધી ? આ તમે પગ ઉપરાઉપરી નાખ્યા છે, એ બધું તમને ભીડ જેવું નથી લાગતું ?' ઉપરાઉપરી પગ નાખેલા આમ આમ અને ખભેખભા અડાડીને બધા બેઠેલા. પાર વગરની ભીડ ને, બળી ! ત્યારે એ છોકરાંઓએ મને નોંધ કરવા જેવો જવાબ આપ્યો. એ કહે, 'અમે તો જન્મ્યા ત્યારથી જ આવું જોતા આવ્યા છીએ, એટલે અમે જાણ્યું કે આવું જ હશે પહેલેથી જ ! કૃષ્ણ ભગવાનના વખતથી જ આવું ને આવું હશે ! અમે જન્મ્યા ત્યારથી આવું જ છે ને, એટલે એમાં ને એમાં મોટા થયા છીએ.' એટલે મેં કાનબૂટી પકડી, મને થયું, કે હારું, આ તો જેને અનુભવની વાત હોય, ત્યાં આપણે આપણો અનુભવ કહીએ તો મૂરખ ઠરીએ ને !

**પ્રશ્નકર્તા :** હા, ઠરીએ.

**દાદાશ્રી :** જુઓ ને, ભીડ જ ઓળખતો નથી ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે પછી મને કહે છે, 'કાકા, તમને શાથી ભીડ લાગી ?' ત્યારે મેં કહ્યું, ''ભઈ, ગાડીઓમાં હું મુંબઈ જતો'તો, તમારી ઉંમરનો હતો ત્યારે. ત્યારે મારે ટ્રેનમાં છે તે ડબ્બામાં માણસો ખોળવા પડે. હવે રાતે કો'ક લૂંટી લે કે કોઈ ચોરી જાય, ત્યારે શું કરીએ ? તે ડબ્બામાં ચાર-પાંચ જણ હોય. અને પાંચ જ રૂપિયાની ટિકિટ, વડોદરેથી મુંબઈ. એટલે ત્યારે બે-ચાર જણ હોય એક ડબ્બામાં, તે ભય લાગ્યા કરે. તે કોઈને બોલાવી લાવવો પડે, કે જોડે સૂજે.'' તે છોકરાં હસવા માંડ્યા, કે એવું હોતું હશે ? મેં કહ્યું, 'ભઈ, એવું જ હતું બધું. અમે આ ભીડ જોયેલી નહીં. અમે છૂટ જોયેલી નરી. સૂતા સૂતા ગયેલા.' બોલો હવે, આવું અમે જોયેલું, એવું રામરાજ્ય ! તો કહે, 'કાકા, એ તમે છૂટ જોયેલી. અમે તો આ આવું ને આવું જોયેલું છે. એટલે અમને તો આમાં, આ મસ્તીમાં આનંદ જ છે.' મેં કહ્યું, 'ભઈ, તેં મને અનુભવ કરાવડાવ્યો. આ તો મારો અનુભવ કાચો પડ્યો. તારો અનુભવ સાચો છે કે તું જન્મ્યો ત્યારથી જ આવું જોયું.' એમને એવું જ લાગે કે આ લાખો વરસથી આવી જ દુનિયા છે.

## ઈઝીનેસ જોઈ જ ના હોય તેને અનઈઝી હોય જ નહીં ને

ભીડ તમે જોયેલી કે નહીં ?

**પ્રશ્નકર્તા :** જોયેલી.

**દાદાશ્રી :** ક્યાં ક્યાં જોયેલી ?

**પ્રશ્નકર્તા :** દરેક જગ્યાએ, અહીંયાય ભીડ જ છે.

**દાદાશ્રી :** હા, પણ જ્યાં જુઓ ત્યાં ભીડ, ભીડ ને ભીડ. ટ્રેનમાં જાવ, બસમાં જાવ, જ્યાં જુઓ ત્યાં ભીડ, ભીડ ને ભીડ. જે માણસે ભીડ, ભીડ ને ભીડ જોયેલી હોય, એને તો આ ભીડમાં બહુ એકાંત જેવું લાગે. ગાડીમાં ખૂબ ભીડ હોય તોય મજા જ રહે, એને ભીડ જેવું ના લાગે. અને જેણે છૂટ જ જોયેલી હોય તેને ભીડ લાગે.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** હવે એમણે છૂટ જોયેલી જ નહીં ને બિચારાએ. એમણે તો આ ભીડ જ, જન્મ્યા ત્યારથી આનું આ જ જોયેલું. લટકીને આવવાનું ને લટકીને જવાનું. અને આ ક્યૂ (લાઈન) વગર તો જોયું જ નથી એમણે. બધામાં જ ક્યૂ ! ખાંડમાં, ચામાં, ઈલાયચીમાં, જાયફળમાં, જાવંતરીમાં... ! એટલી બધી મુશ્કેલીઓમાં લોક જીવી રહ્યા છે કે ન પૂછો વાત. હવે જેને એ મુશ્કેલીઓ છે એને આપણે પૂછીએ, કે 'મુશ્કેલી તમને બહુ છે ?' 'ના, તમે મુશ્કેલી શેને કહો છો ?' કહેશે. કારણ કે ઈઝીનેસ જોઈ જ ના હોય તેને અનૂઈઝી હોય નહીં ને ! ઈઝીનેસ જેણે જોઈ હોય તેને અનૂઈઝી લાગે. પણ ઈઝીનેસ જોઈ જ નથી...

**પ્રશ્નકર્તા :** એને મુશ્કેલી હોય નહીં.

**દાદાશ્રી :** તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** એને આપણે કહીએ કે 'તમે અનૂઈઝી બહુ છો ?' ત્યારે કહે, 'ના, શાનો અનૂઈઝી ? એ તો હમણે હૉટલમાં જઈને આવ્યો ને ત્યાં ચા-નાસ્તો કર્યો.' હવે પેલા ઈઝીવાળાને હૉટલમાં જવાની મુશ્કેલી પડતી હોય, મફતમાં ખવડાવે તોય ના કહેશે. એને યાદ આવે કે 'સાલું, આ પરસેવાના ટપકાં પડેલા તે જ ને !' અને યાદ આવે ત્યારે જ ચિંતા છે ને ? જેને ભાન હોય તેને ચિંતા, ભાન જ નહીં તેને શું ?

**પ્રશ્નકર્તા :** એ બરોબર છે. ઈઝીનેસ જોઈ જ ન હોય પછી અનૂઈઝી એવું દેખાય જ નહીં.

**દાદાશ્રી :** અનૂઈઝી તે એને લાગે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** કારણ કે અનૂઈઝી પહેલેથી જ... વ્યવહાર જ એ હોય.

**દાદાશ્રી :** એને એ વ્યવહાર જ થઈ ગયેલો હોય, એટલે આવું ! એક છોકરો મારી પર હસતો હતો, હું પૂછતો હતો તેથી.

## ન રાખે એટિકેટ, ભોગવે અગવડમાં સગવડ

**પ્રશ્નકર્તા :** દાદા, પેલું બેગ પર બેસીને આવતા'તા એ કહો ને ! આપ જ્યારે બહુ ગિરદી હોય, તે વખતે બેગ ઉપર બેસી અને પાછું શાલ ઓઢીને...

**દાદાશ્રી :** હા... આ જ્ઞાન થતા પહેલા ટ્રેનમાં મુસાફરી કરું ને, તે બેગ જોડે લઈને મુસાફરી કરું. એક બેગ રાખતો હતો, ચામડાની. તે હાથમાં ઝલાય એવી, મોટી હોય નહીં. અને થર્ડ ક્લાસમાં ગિરદી હોય ને, ત્યારે જગ્યા મળે નહીં, તો એ નીચે મૂકીને બેસતા ફાવે. તે મહીં જઈને બેગ ઊભી મૂકી દઉં. પછી એની ઉપર બેસી જવાય. એટલે બેગ તૂટી જાય તેનો વાંધો નહીં, મહિને-મહિને બેગ તૂટે તેનો વાંધો નહીં. એ આપણું સેકન્ડ ક્લાસ ! ભાંગી જાય તેની ચિંતા નહીં, પણ આપણને આ અહીં રિઝર્વેશન તો મળ્યું ને ! એટલે નિરાંતે બેસતો, રોફથી, ભલે બેગ વળે-કરે... લોક કહે, કે 'દાદા, આ બેગ વળી ગઈ.' 'તે વાળવા હારુ જ બેસું છું' કહ્યું. પછી એ બેગ જરા આઘીપાછી થઈ જાય ને, એટલે કોઈ સગાંવહાલાંને કહું, કે 'લે, આ બેગ તું લઈ જા હવે.' જો એનો નફો લઈ લીધો અને સગાંવહાલાંને આપી. સગોવહાલો સમી કરીને વાપરે એને.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** એટલે એક બેગ એવી રાખતો'તો, કે બેગનું જે થવું હોય તે થજે પણ હું તો બેગની ઉપર બેસવાનો. તે ઊભી કરીને બેસું.

**પ્રશ્નકર્તા :** ઊભી કરીને બેસો એટલે સીટ જેવું થઈ જાય.

**દાદાશ્રી :** એટલે મારે જરા આટલી સીટ મળે. તે બેગ જરા મજબૂત લઉં આમ. પણ તોય ભાંગી જવાની, લોચો થવાની થઈ જાય, પણ એક ફેરામાં તો વસૂલ થઈ ગયું ભાડું. હવે એવી બેગ ના હોય તો એમ ને એમ નીચે બેસું. અને બીજા કેટલાક મારી જોડેવાળા ઊભા રહ્યા હોય, 'અલ્યા, નીચે બેસ ને', પણ તે બેસે નહીં. 'હા, હા' કહે. 'હું બેસું છું, બેસું છું.' એની આબરૂ જાય ને ! અલ્યા મૂઆ, આબરૂ ગયેલી તેથી

આ લોકો બેઠા છે. એ તો બધાની આબરૂ તો ગયેલી જ છે, આમાં તારી ક્યાંથી રહેવાની છે ? આબરૂદાર માણસ તો નીચે બેસે ને નિરાંતે બેઠો બેઠો મહીં ભગવાનનું નામ લીધા કરે, આંખો મીંચીને. નહીં ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** આ તો ઠેઠ સુધી ઊભો રહે, મુંબઈ આવતા સુધી. અને કપડાં એવા પહેરે, કે પાટલૂન-બાટલૂન એવા ટાઈટ હોય કે બહાર જઈએ તો નીચે બેસવું હોય તો બેસાય નહીં.

એટિકેટના નર્યા ભૂતા વળગેલા. અમે સભ્યતા રાખીએ. હા, વાળ-બાળ ઓળીને બેસીએ નિરાંતે. એટિકેટ નહીં. એટિકેટવાળા ઊભા રહેલા હોય. જરાય બેસે નહીં. અને મેં તો બધાને કહી દીધેલું, કે નીચે આપણી બેગ કે થેલી હોય ને, તે મૂકીને બેસી જવાનું. આ આપણી આબરૂ ગયેલી જ છે, તેને આ વળી શી આબરૂ ? હા, ના ગયેલી હોય તેણે જવા દેવી પડે.

**પ્રશ્નકર્તા :** જેની ના ગયેલી હોય તેણે જવા દેવાની...

**દાદાશ્રી :** આબરૂદાર, તે જુઓ ઊભા રહે છે, મૂઆ ! તાવ ચઢી જશે. બેસી જાને છાનોમાનો. નકામી ઉપાધિ આ !

## જ્ઞાની પણ ટ્રેનમાં તો મુસાફર જ ને, તે બેસી જાય નીચે

અમારા ચંદ્રકાન્તભાઈનીય આબરૂ જતી રહેલી, 'હેં દાદા, તમે નીચે બેસો છો ?' તો મેં કહ્યું, 'આ દાદા ક્યાં બેસે ? તું દર્શન કરવા આવ્યો છું, આ લોકો કંઈ દર્શન કરવા આવ્યા છે મને ?' એ દર્શન કરવા આવ્યા હોય ને, કંઈ લોક દર્શન કરવા આવ્યું છે ?

અને આબરૂ તો જવાની નથી એવું પહેલેથી હું જાણું છું. આબરૂદાર ઊભા રહે અને અમે તો ત્યાં આગળ છે તે ટ્રેનના ડબ્બામાં સંડાસ આગળ પોટલી નીચે મૂકીને આ બેઠા ! રામ તારી માયા ! આબરૂને સાચવવા ગયા નથી. પહેલેથી હતી જ નહીં, પછી કોની સાચવવાની હોય તે ? આ લોક આબરૂદાર ઊભા રહે છે બધા, છેક સુધી ઊભા રહે ને આમ !

**પ્રશ્નકર્તા :** હા, ઊભા રહે છે.

**દાદાશ્રી :** મુંબઈ આવતા સુધી. જો જગ્યા મળી તો મળી, નહીં તો લોકોની દયા ઉપર, કે આ ઊતરશે ત્યારે બેસીશ, ઊતરશે તો બેસીશ. મૂઆ, એ વચ્ચે નહીં ઊતરે, એ તો પાલઘર ઊતરવાનો છે !

**પ્રશ્નકર્તા :** મુંબઈ ઊતરવાનો છે.

**દાદાશ્રી :** એ લાલચમાં ને લાલચમાં, મૂઆ...

**પ્રશ્નકર્તા :** દાદા, એટલાન્ટાના એરપોર્ટ ઉપર આપ સૂઈ ગયા હતા ને ?

**દાદાશ્રી :** હં... અત્યારે આ રોડ પર સૂઈ જઉં હું. આ ગાડીઓવાળા કહે, 'અમે આજ ગાડી ફેરવવાના નથી', તો રોડ ઉપર નિરાંતે સૂઈ જઉં.

**પ્રશ્નકર્તા :** યુનિવર્સલ ક્લાસ !

**દાદાશ્રી :** યુનિવર્સલ ક્લાસ કહેવાય ! આ અમને શી રીતે કોઈ કશું કહે ? જેને ભગવાન પણ પૂછનાર નથી, તેને શું કહેવાના છે લોકો ? ભગવાન વશ થઈ ગયેલા એને શું કહે ?

**પ્રશ્નકર્તા :** કહેવાનું કોઈને રહ્યું જ નહીં ને !



## અણસૂણ્યો પ્રયોગ, વાગે ઠોકર, નીકળે કચાશો

**દાદાશ્રી :** હું શું કરું ? ગાડીમાં બેસવાનું ના મળે ને, તો ચાલવાની જગ્યામાં બેસી જઉં.

**પ્રશ્નકર્તા :** ચાલવાની જગ્યામાં, હા.

**દાદાશ્રી :** અને પછી શિયાળાનો દહાડો હોય એટલે નિરાંતે શાલ ઓઢીને બેસું. મહીં એકાંત કરી અને પોતાના ધ્યાનમાં રહેવાનું. શાલ ખરી પહેલેથી. માથે શાલ ઓઢીને આટલી જગ્યામાં આ બાજુ પોલું રાખું તે જરા હવા આવ્યા કરે.

એટલે પછી ચંદ્રકાન્તભાઈ કહે છે, કે 'દાદા, આપ થર્ડ ક્લાસમાં જાવ છો, તે મને બહુ એ લાગે છે. આ મને ગમતું નથી.' મેં કહ્યું, 'તમને ના ગમે પણ મને બહુ ગમે છે આ. પેલા ભૂતા વળગી જાય, એના કરતા આ સારા છે.'

ત્યારે ચંદ્રકાન્તભાઈ કહે છે, 'આવતા-જતા લોકોના બૂટ વાગે તે ?' મેં કહ્યું, ''તે જાગૃતિ રાખે. ઊંઘ આવે નહીં ને ! અને બીજો શું લાભ થાય છે, કે આવતા-જતા લોકોના પગ મને વાગે છે, તે મહીં જે ખરાબ ભાવો હતા, એનું નિવારણ થાય છે. જતા-આવતા કો'કની ઠોકર વાગે, તો મહીં શું કષાય ભાવ ભરેલા છે, એ ખબર પડે. લોકોની ઠોકર વાગી હોય ને, તો કચાશો બધી માલમ પડે. એટલે કચાશો બધી એમ કરીને નીકળી જાય.''

## મહીંવાળા ભગવાન, પટેલને હૂંફ આપે

હું તો ઓઢીને બેસું આખી રાત, એટલે ભાંજગડ નહીં ને ! છતાં કોઈ આવતા-જતાવાળાના પગ મહીં અથડાયા કરે, પણ શું થાય તે ? પછી મહીં આ દુખે ને, એટલે પછી હું શું કહું, કે 'અંબાલાલભઈ, તમને પગ બહુ દુખ્યા, નહીં ? થાકી ગયા હશો. કારણ કે આમ ને આમ અકડાઈને બેઠા હશો ને, એટલે પગ દુખ્યા હશે.' એટલે પાછો સંડાસમાં તેડી જઉં. સંડાસમાં તેડી જઈને ખભો થાબડું, હું તમારી જોડે છું ને શું

વાંધો છે ? એટલે પાછા ફર્સ્ટ ક્લાસ થઈ જાય. હું આટલું જ કહું, 'અમે ભગવાન છીએ ને, તમારી જોડે. એટલે તમારે ફિકર નહીં કરવાની.' ત્યાર હોરું ફર્સ્ટ ક્લાસ થઈ જાય, બસ ! 'હું છું ને', કહું એટલે પછી મને દુખેય મટી જાય.

## ભીડમાં મન આઘુંપાછું ન થાય તે થઈ ગયું એકાંત

**પ્રશ્નકર્તા :** દાદા, ભીડમાં એકાંત એ ?

**દાદાશ્રી :** હા, 'ભીડમાં એકાંત' એ અમારી શોધખોળ પાછી ! એ 'ભીડમાં એકાંત' વાક્ય તો ક્યારે નીકળેલું, કે આ ગાડીઓ ખરી ને આપણી, સબર્બનની (ઉપનગરની).

**પ્રશ્નકર્તા :** હા, લોકલ ટ્રેઈન.

**દાદાશ્રી :** એમાં પેઠેલા, તે આ તો થર્ડ ક્લાસ. તે દહાડે ટ્રેનમાં જવાનું બધે. પણ પેઠેલા તે ઊભા રહેવાની કે કંઈ બેસવાની જગ્યા મળે નહીં. એટલે ઊભું રહેવામાં તો આમથી ઠોકારે*, આમથી ઠોકારે, તે માણસ ભીંસાય, ઘણા લોક. એટલે હુંય દબાઈ ગયો હતો. આમ ચોગરદમથી ભીંસ આવે ને, તે દબાઈ જઈએ. જેમ લોકોય દબાય છે ને, બિચારા ! ત્યારે મહીં વિચાર આવ્યો કે આ દબાયા પછી મન તો દબાયેલામાં જ રહે ને ! બહાર જાય નહીં ને, કોઈ જગ્યાએ. મન ક્યાં જાય ?

**પ્રશ્નકર્તા :** દબાયેલામાં.

**દાદાશ્રી :** તે દબાયેલો, આમથી દબાયો, આમથી દબાયો, આમથી દબાયો... તે એકાંત થઈ ગયું. શું થયું ? ભીડમાં એકાંત. મન આઘુંપાછું થાય નહીં એનું નામ એકાંત.

**પ્રશ્નકર્તા :** મન આઘુંપાછું થાય નહીં, એ એકાંત.

**દાદાશ્રી :** તે ઘડીએ ઘર-દુકાન કશું સાંભરે ? શું સાંભરે ?

*ઠોકારવું - ઠોકીને અંદર બેસાડવું કે ધરબવું

વિષય-બિષય કશું સાંભરે નહીં ? આમ દબાયો હોય તે સાંભરે. આમથી આમ દબાયેલો, આમથી આમ... ત્યારે મેં 'ભીડમાં એકાંત' શબ્દ મૂકેલો. કલાક સુધી નિરંતર એકાંત રહે ! જે ધ્યાનમાં રહેવું હોય તે ધ્યાનમાં રહેવાય. ઠેઠ સેન્ટ્રલ આવતા સુધી ! છે કશું ડખો ? પણ આવી સમજણ હોવી જોઈએ ને !

## બહાર ભીડ તો અંદર અભેદતાની સ્વપ્નમયી સૃષ્ટિ

'ભીડમાં એકાંત !' શું વાક્ય બોલીએ છીએ આપણે ? ભીડમાં એકાંત...

**પ્રશ્નકર્તા :** 'ભીડમાં એકાંત એવી સ્વપ્નમયી સૃષ્ટિમાં;
સુણનારો હું જ ને ગાનારો હું જ છું...'

**દાદાશ્રી :** શું કહે છે ? 'ભીડમાં એકાંત એવી સ્વપ્નમયી સૃષ્ટિમાં; સુણનારોય હું છું ને ગાનારોય હું છું.' હં, ભીડમાં એકાંત ! આ મારો અનુભવ કહું છું. મેં ભીડ ક્યાં જોયેલી ? ત્યારે કહે છે, બૉમ્બેની લોકલ ટ્રેનોમાં. મહીં બેસવા તો ના દે, ઊભું રહેવાની જગ્યા ના મળે. અને ઊભા રહ્યા હોય ને, તો આપણું માથું હઉ દબાઈ જાય, બળ્યું ! પણ મેં તો સદુપયોગ કર્યો, કે કશું થઈ ગયું, કે હારું માથું દબાઈ ગયું, ભલે ને દબાઈ ગયું. પણ આપણે મહીં જુઓ ને એ એકાંત ! એ બહુ સરસ એકાંત જોયેલું. કારણ કે તે ઘડીએ મન તો બહાર નીકળે શી રીતે ? એ ક્યાં જાય બહાર ? એટલે બહાર નહીં જવાનું. અને બધી બાજુ ભીડ જ. એ એકાંત અમે અનુભવેલું. અને પછી કહેલું કે 'ભીડમાં એકાંત !' અને એકાંત હંમેશાં ભીડમાં જ હોય.

**પ્રશ્નકર્તા :** આપણું વિજ્ઞાન એવું કહે છે કે ભીડમાં એકાંત છે.

**દાદાશ્રી :** ખરું એકાંત જ ભીડમાં હોય ને !

**પ્રશ્નકર્તા :** જ્યારે બાહ્ય વિજ્ઞાન એમ કહે છે કે સ્પેસ હોવી ઘટે, તો વિચાર કરવાનો અવકાશ મળે. બીજી એક વખત આપે એવું કહેલું કે

વિસ્તાર કરવાથી વસ્તાર થાય છે. તો આપણું વિજ્ઞાન તો એમ કહે છે કે જેટલી ભીડ હોય તેમાં જ આ જ્ઞાન પ્રગટી શકે.

**દાદાશ્રી :** એકાંતમાં ત્યાં પછી મન ખીલે. એ તો સમજણ ખરી પડે તો કામ નીકળી જાય ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ત્યાં હિમાલયમાં એકાંત કરવા જાય, ક્યારે પાર આવે ?

**પ્રશ્નકર્તા :** અને ત્યાં દાદા એને અવકાશ મળે છે એટલે ઊલટો વધારે ખીલે છે.

**દાદાશ્રી :** ના, ના. એ તો મન ત્યાં ફ્રેશ થઈ જાય. મન ફ્રેશ થઈ જાય અને ભટકાય ભટકાય કરે બિચારાને. એકાંત ખોળવાની કંઈ જરૂર નહીં. ભીડમાં એકાંત તેના જેવું એકાંત નહીં કોઈ.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** આ ત્યાં (મુંબઈમાં) સબર્બનની ગાડીઓમાં આમ ભીડમાં જે દબાયો મહીં, માથું-બાથું દબાય બધું, તે ઘડીએ ધ્યાનમાં રહે ને, તે ઘડીએ લક્ષ્મીય યાદ ના આવે, દુકાન યાદ ના આવે, કશું જ યાદ ના આવે. તે ઘડીએ ધ્યાન રહે એના જેવું તો કોઈ દહાડોય ના રહે. એટલે એવું બધાને કહી દીધેલું હોય, તે બધા એવું ધ્યાન કરે પાછા. ત્યાં આગળ ફસાય ને, તો સરસ ધ્યાન થાય તે વખતે.

**પ્રશ્નકર્તા :** આ જે બાહ્ય વિજ્ઞાન એવું કહે છે કે સ્પેસ જોઈએ, અવકાશ જોઈએ, ત્યારે વિચાર કરી શકીએ.

**દાદાશ્રી :** વિચાર કરવું એ ધ્યાન જ ના કહેવાય ને ! વિચાર કર્યો ને, એની ચંચળતા ઊભી થઈ, એટલે મન છે તે ફ્રેશ થઈ ગયું. એટલે પછી એક તુલસીનો છોડવો રોપે અને એ છોડવાને જો કદી ઉંદરડો કાપી જાય તો બિલાડી પાળે. બિલાડી છે તે પાછી હેરાન કરતી હોય તો કૂતરું

પાળે પાછું. તોફાન બધા ! સંસાર બધો ઊભો કરી દે જ્યાં જાય ત્યાં. જ્યાં જાય ત્યાં સંસાર જ ઊભો કર્યો છે આ જીવે.

**પ્રશ્નકર્તા :** બરોબર. હવે તમારું વાક્ય બેઠું, કે વિસ્તારમાં પડવાથી વસ્તાર થઈ જાય.

**દાદાશ્રી :** હા, વસ્તાર થઈ જાય. એટલે ભીડમાં એકાંત, શોધખોળ છે આપણી. કારણ કે અક્રમ છે ને, તે બધું જુદી જાતનું હોય આ. અક્રમમાં બધું જુદી જાતનું હોય.

**પ્રશ્નકર્તા :** દાદા, અક્રમની ખૂબી એ છે, કે ક્રમને સમજી જાય છે.

**દાદાશ્રી :** હા, એટલે ભીડમાં એકાંત તો પ્રખ્યાત થઈ ગયું છે.

**પ્રશ્નકર્તા :** દાદાને જ્ઞાન પણ ભીડમાં જ થયેલું ને એટલે.

**દાદાશ્રી :** હા, સુરતના સ્ટેશને ભીડમાં જ થયેલું ને જ્ઞાન.

**પ્રશ્નકર્તા :** હા, ભીડ વગર જ્ઞાન છે જ નહીં.

**દાદાશ્રી :** ભીડ જ કામની, નહીં તો મન ફ્રેશ થઈ જાય હંમેશાં. જરાક સ્કોપ મળ્યો કે મન ફ્રેશ થઈ જાય. એટલે અત્યાર સુધી આ લોકોએ એકાંત એકાંત એકાંત કર્યું છે, એને મારી-મચડીને ઊંધું કરી નાખ્યું છે.

**પ્રશ્નકર્તા :** ખરું એકાંત કોને કહેવાય ?

**દાદાશ્રી :** મન ફ્રેશ ના થાય તો. મન મડદાલની પેઠ પડી રહે તો એકાંત કહેવાય. મન ફ્રેશ થયું એને એકાંત કેમ કહેવાય તે ? મનને તો સંસાર ઊભો કરી દેતા વાર ના લાગે. મન ફ્રેશ થયું કે સંસાર ઊભો કરે. એટલે ભીડમાં એકાંત એવી સ્વપ્નમયી સૃષ્ટિ કહેવાય.

❖❖❖❖❖

# [૮.૨]

# જ્ઞાન થયા પહેલા, આમ રહેતા મોક્ષમાં

## લોકોનું જોઈ લાવ્યા બિસ્તરો, તે ઠોકર ખરેખરી વાગી

**પ્રશ્નકર્તા :** દાદા, આપ વાત કરતા હતા કે ટ્રેનમાં આપ એક જ બેગ રાખતા હતા ને અમારે તો સાથે બહુ સામાન હોય.

**દાદાશ્રી :** હું તો જ્યારે મુંબઈ જતો ને, ત્યારે એક બેગ રાખું, આવડી. અને ગોદડું કે ઓશીકું એવું કશું રાખું નહીં. પહેલા રાખેલા બિસ્તરા, લોકોની પેઠ એટિકેટમાં. લોકોનું જોઈને મનેય કટેવ પડેલી. લોક મોટા-મોટા બિસ્તરા લઈ જાય ને, પેલો બિસ્તરો વીંટાળે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, બેડિંગ.

**દાદાશ્રી :** તે લોકોનું જોઈ અને હુંય બિસ્તરો લાવતા શીખ્યો, પચ્ચીસ વર્ષની ઉંમરે. તે ભઈબંધો બિસ્તરા લઈને નીકળે એટલે મેંય એક બિસ્તરો મુંબઈથી વેચાતો લીધેલો, અને મહીં ગોદડું ઘાલીને લઈ જઉં. મૂળ અમે તો પટેલના છોકરા, અમારે બિસ્તરા કેવા હોય તે ? એ તો આ બધા શહેરના રહેવાવાળા નાગરિકો, એમની જોડે શીખ્યા, કે મુંબઈ જતી વખતે બિસ્તરા લઈ જવાના. નહીં તો અમારે ચાલે એમ. અમે તો પટેલના દીકરા, ગામડામાંથી આવેલા. તે પછી બિસ્તરા લઈને જઈએ, પાછી બેગ લઈ જઈએ. ઓહોહો ! તે રોફ તો બહુ પડવા માંડ્યો. એ બે-ત્રણવાર રોફ તો પડ્યો પણ પછી ઠોકર વાગી

તે ખરેખરી વાગી. એક ફેરો ફસાયો હતો, તે પસ્તાવો કરવાનો વખત આવ્યો હતો.

એક વાર બિસ્તરો ને બેગ લઈને આવ્યો અહીં આગળ. હવે બિસ્તરામાં થોડી હાફુસની કેરીઓ નાખીને આવેલો, પણ કાચી જરા, અહીં આવીને પકવીએ એવી. તે બિસ્તરો થયેલો ભારે, આમ ઊંચકાય નહીં પોતાથી. અને ઊંચકવાની ટેવેય નહીં. પોતે હાથમાં ઝાલે નહીં કોઈ દહાડોય, એટલો વટ ! તે નોકરને આપી દેવા જોઈએ. એ જોડે આવ્યો હોય, સામો તેડવા આવ્યો હોય તો તેને આપી દેવાનો. એ સામો તેડવા આવ્યો હોય તે લઈ લે. મારા હાથમાં કોઈ દિવસ કશું રાખેલું નહીં, નાનપણથી અત્યાર સુધી. દસ વર્ષનો હતો તોય મારા હાથમાં કોઈ કશું રાખે નહીં, એની મેળે કુદરતી રીતે.

એટલે પછી બિસ્તરો પેલા મજૂરને માથે ચડાવ્યો, મજૂર એકલાથી ચડતો નહોતો, તે પાછો મેં ઝાલ્યો અને પછી ચડાવ્યો. ચડાવ્યો ને પછી મજૂરને કહ્યું, કે 'ભઈ, અહીં મૂકી દે.' એટલે ત્યાં આગળ પેલી ઘોડાગાડી આવવાની હતી. મૂક્યા પછી મજૂર તો પૈસા લઈને ગયો. પણ પછી તો ઘોડાગાડી ત્યાં ના આવી શકી. તો મારે કંઈ સુધી ઊભું રહેવું ? બિસ્તરો ઊંચકવા માંડ્યો, પણ ઊંચકાયો નહીં. તે બિસ્તરાને લીધે મારે અડધો કલાક બેસી રહેવું પડ્યું.

## લોકો જેવું ચાલવામાં બહુ મોટી ભૂલ કરી

પછી ભાઈબંધો જોડે એકવાર એક હિલ સ્ટેશન પર ગયા, તે મજૂર જ ના મળે. તે પેલા બધાનું શરીર તો મારાથી મજબૂત હતું, તે સામાન ઊંચકી લીધો, પણ હું આ શી રીતે ઊંચકું ? તે હું ઢસરડા માર્યા જ કરું. મારાથી તો તે સામાન કેમ કરીને ઊંચકાય ? બીજા બધા તો ઊંચકીને ચાલવા માંડ્યા. તે લોકોનું જોઈને અમે શીખ્યા. લોકો ચાલે છે તેમ ચાલવામાં બહુ મોટી ભૂલ કરી. બીજા તો જાતે સામાન ઊંચકી જાય, પણ મારાથી ઊંચકાયો નહીં ને મજૂરેય મળ્યો નહીં. હવે શી દશા થાય ? આમ ખેંચ ખેંચ કરું, થાક ખાઈખાઈને ! કોઈ ઝાલવા લાગનારોય ના

મળ્યો. હવે કંઈ સુધી બેસી રહેવું મારે ? ઢસેડું તો ઢસેડાય નહીં, શક્તિ બળી નહીં એટલે. પહેલેથી જ આવું પાતળું શરીર. કેમનું હું ઊંચકું ? પેલા બધા તો માથે લઈને હડહડાટ ચાલવા માંડ્યા. કારણ કે એટ એ ટાઈમ બસ્સેર (બે શેર) દૂધ પી જાય એવા હતા એ ! મારાથી અચ્છેર (અર્ધો શેર) દૂધ પીવુંય મુશ્કેલ પડી જાય.

## પરિગ્રહની ઉપાધિ સમજાતી ગઈ, તેમ તેમ છોડતા ગયેલા

એટલે પછી મેં નક્કી કર્યું, ત્યારથી સોગંદ લઈ લીધા, કે ફરી ઊંચકાય એટલું જ લેવું. આપણે જાતે ઊંચકાય એટલો જ સામાન રાખવો ગાડીમાં. હવે કોઈ દહાડો આ પરિગ્રહ રાખવો નહીં. આ શી ઉપાધિ વગર કામની ? મોટા બિસ્તરા ને બિસ્તરા... બિસ્તરાવાળા તો ઊંચકે એની મેળે. એ પાછા માથે લેય ખરા, એવા હોય છે એ ! એ બિસ્તરા જેવા લોક હોય છે ! બિસ્તરા જ જોઈ લો ને ! એટલે હું ફસાયો હોઉં ત્યાંથી ફરીને નીકળી જઉં અને ફરી ફસાઉં નહીં. ત્યારે તો આમાં આ હું બીજાનું જોઈને ફસાયો હતો. મેં કહ્યું, આ બધા બિસ્તરા વાપરે તો આપણે શો વાંધો છે ? પણ જ્યારે મજૂર ના મળે ત્યારે ખબર પડે.

મેં કહ્યું, ફરી કોઈ દહાડો બિસ્તરો રાખવો નહીં. સામાન થોડો રાખવો અને અપરિગ્રહી રહેવું. જેટલા પરિગ્રહ, એટલી જ માથા ઉપર ઉપાધિ. મને લોક કહે, 'કન્ટ્રાક્ટનો ધંધો કરો છો, સાધનવાળા છો અને બેગ આવી રાખો છો ? આવડી નાની !' ત્યારે મેં કહ્યું, 'જેટલી ઊંચકાય એટલી રાખું છું.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ઊંચકાય એટલી રાખું.

**દાદાશ્રી :** એટલે આ બધું જેમ જેમ પરિગ્રહની ઉપાધિ સમજાતી ગઈ, તેમ તેમ છોડતો ગયેલો.

## સદા જાગૃત, માર પડે કે તરત છોડી દે

એટલે પછી શું કરું ? આટલી બેગ એકલી રાખું, બીજી કશી ભાંજગડ રાખું નહીં. પાથરવા-કરવાનું, એક ચાદર પાથરવી હોય તો

પાથરીએ, નહીં તો ઐસે હી. એક ચાદર પાથરી દેવાની ત્યાં બાંકડા ઉપર અને સૂઈ જવું. જૈનના સાધુ મહારાજ જેવું. અને ઓશીકું તો લેતો જ નહીં કશુંય. મારી બેગ એવી રાખતો હતો કે માથા નીચે મૂકીએ તો ચાલે એવી, બસ. પછી એ બેગ છે તે ઓશીકા તરીકે માથા નીચે મૂકું. તે બેગ ખૂંચે તો એની પર છે તે મહીંથી એકાદ ટુવાલ હોય ને, એને આમ મૂકીને એની પર માથું મૂકીને સૂઈ ગયા, કે ભાંજગડ પતી ગઈ. શું ?

**પ્રશ્નકર્તા :** બહુ સરસ, કટકટ નહીં.

**દાદાશ્રી :** બીજું સામાન-બામાન કશું જ નહીં. હાથમાં લેવાય એટલું જ જોર કરું, બીજી ભાંજગડ નહીં. તોય ગાડું ચાલતું હતું, ઉપાધિ નહીં.

હા, પણ આવું ઉઠાવાય નહીં, ઊંચકાય નહીં, નકામો ઊલટો દમ નીકળી ગયો મારો તો તે દહાડે ! આ લોકોની જોડે હું કંઈ આ હરીફમાં પડ્યો ? મજૂર ના મળે તો આપણી શી દશા થાય ? ત્યારે બિસ્તરો ઘેર તો લાવવો પડે ને ? ત્યાં છોડીને આવતું રહેવાય કંઈ ?

**પ્રશ્નકર્તા :** બિસ્તરો ના છૂટે. બિસ્તરો આપણને ના છોડે.

**દાદાશ્રી :** અરે, બિસ્તરો તો ના છોડે, પણ મહીં અમથા આવડા આવડા ચીભડા ઘાલ્યા હોય ને, તોય ના છોડે જીવ તો. જીવનો સ્વભાવ છે, કે ચીભડા હઉ છોડે નહીં. એમ નહીં, કે 'લાવ, હવે આ બધું વજન ઊંચકવું, એના કરતા ચીભડા છોડી દે ને ! અહીં આગળ જ નાખી દે.' પણ ના છોડે મૂઓ, સ્વભાવ એવો. કારણ કે મમતાનો સ્વભાવ કેવો છે ? કશું છોડે નહીં આ. શું ?

**પ્રશ્નકર્તા :** ના છોડે મમતા.

**દાદાશ્રી :** એટલે મને જેટલી સમજણ પડે ને, એટલામાં તરત છોડી દઉં કે જ્યાં માર પડે ત્યાં છોડી દઉં તરત જ. પછી નક્કી કરેલું, જ્ઞાન થતા પહેલા આ બધી વાત, હં. જ્ઞાન થયા પછી તો દૃષ્ટિ જ ફરી ગઈ ને ! પણ જ્ઞાન થતા પહેલા આવી દૃષ્ટિ ઊભી થયેલી !

## ગજબની રીત, બેગ સાથેય વાતચીત

પછી આખી જિંદગી ઊંચકાય એટલું જ રાખેલું, એક બેગ એકલી જ. અને પછી રાત્રે પાછી બેગ માથા નીચે મૂકી દેવાની. અને સૂઈ ગયા પછી પાછું મનમાં એમ થાય, કે 'બેગ કોઈ લઈ જશે તો ?' એટલે બેગને કહી દેવાનું, કે 'તારે અનુકૂળ હોય તો જજે, હું સૂઈ જઉં છું અને મારી ઈચ્છા નથી કે તું જાય. તું જઉં એ મને ગમતું નથી પણ તારે જવું હોય તો જજે' એમ કરીને સૂઈ જઉં અને સવારમાં જો ગઈ હોય એવું દેખાય, તો હું કહું, કે જવાનું કહ્યું હતું, એટલે ગઈ બિચારી. અને રહી હોય તો સારું છે અને ના રહી તો મેં કહ્યું'તું ને ગઈ. એટલે આવા તાળા વાસીને જ બધું કામ કરતો'તો હું. અને સવારમાં હાય હાય ના કરું. આ તો બધા સવારમાં કહેશે, 'મારી બેગ કંઈ ગઈ, મારી બેગ કંઈ ગઈ ?' અલ્યા, બીબી તો છે ! મેલ ને, બેગ જવા દે ને અહીંથી ! બીબી હોય ત્યાં સારું, પછી પાછી બેગને શું કરવી છે ? બેગ તો બીજી લવાય. આ તો બીબી હોય તોય બેગ ખોળ ખોળ કરે. રડે કે આ લોક કકળાટ કરે કે ? કકળાટ કરે લોકો, કે 'મારી બેગ કંઈ ગઈ ?' કકળાટ ના કરે ?

**પ્રશ્નકર્તા :** કરે.

**દાદાશ્રી :** એ અમે શીખેલા નહીં. ગોન ઈઝ ગોન. છોકરોય ગયો એટલે તરત પેંડા ખવડાવી દીધા ને !

**પ્રશ્નકર્તા :** પણ એ બેગ 'મારી' હતી, એ જે માલિકી ભાવ છે આખો, એ કકળાટ કરાવે ને ?

**દાદાશ્રી :** ના, પણ તે અમે તો જાતે કહી દઈએ ને, કે 'તારે જવું હોય તો જજે, અમારી ઈચ્છા નથી.' નહીં તો પાછી બેગ રિસાય, કહેશે, 'લ્યો, આ તો અમારી પરવા જ નથી કરતા.' એટલે આપણે શું કહીએ, 'અમારી ઈચ્છા નથી, તારે જવું હોય તો જજે. અમને તું નથી ગમતી એવું છે નહીં. તું અમને બહુ ગમે છે, પણ તારે ડાઈવોર્સ લેવો હોય તો લેજે.' એટલે પછી સવારમાં કોઈ કહેશે, કે 'ભઈ, ગઈ.' ત્યારે હું કહું, કે 'હા, ડાઈવોર્સ લેવાનું કહ્યું હતું, તે ગઈ આ.' ત્યારે ભાંજગડ મટી ગઈ,

ઉપાધિ છૂટી. વગર કામની 'મારી, મારી' ! હાય હાય હાય કરીને ! ક્યાં એને હાય હાય નથી ? આ જવા હારુ તો આવ્યું છે બધું, એની શી હાય હાય તે ? પણ એમ ના કહેવાય કે 'તું જતી રહેજે' એવું. ને પછી સવારમાં જોઉં કે બેઠી છે, તો જાણું, કે આ એને જવાનું નથી ગમતું. મને નથી ગમતું એવું એનેય નથી ગમતું ! અને એને જવાનું ગમે તો જતી રહે. તે ભાંજગડ શી આ ? બધા છેડા છોડીને બેસવું બધાય જોડે. મુક્ત પુરુષ, નિરંતર મુક્ત !

## ઉપાધિ કોણ વહોરે વગર કામની ?

હું તો ટ્રેનમાં સૂઈ જઉં, ને બેગને અહીં મૂકું નીચે, ત્યારે કો'ક કહેશે, ''આ બેગને જરા પેણે મૂકો, નહીં તો કો'ક લઈ જશે.'' ત્યારે મેં કહ્યું, 'લો, ત્યાં મૂકું.' તોય હું તો પેલો હિસાબ કરીને સૂઈ જઉં, કે 'જ્યારે જવું હોય ત્યારે જજે, બા.' આ આપણે તો સૂઈ ગયા. અમારે બીજી ભાંજગડ નહીં ને ! ક્યાં પાર આવે ? રાતમાં સપનું આવે, કે 'લઈ જશે, લઈ જશે, લઈ જશે !' હવે મેલ ને પૂળો, અહીંથી લઈ જવા હારુ તો મૂકી છે. બેગમાં પાંચસોનું હોય તોય ચિંતા, પાંચ લાખનું હોય તોય એની એ ચિંતા અને પાંચનું હોય તોય ચિંતા ! ખાલી બેગ હોય તોય કહેશે, 'લઈ જશે તો ?'

**પ્રશ્નકર્તા :** દાદા, પચ્ચીસ કે પચાસ આપવા પડશે મારે. એટલે ચિંતા, ચિંતા ને ચિંતા જ. વસ્તુ હોય એટલે ચિંતા તો રહે જ.

**દાદાશ્રી :** મેલ ને પૂળો. મૂઆ, અહીંથી પૂળો મેલી દે. તમારે પૂળા હોય ને, એને તે સળગાવીને મૂક્યો, શું થાય એનું ?

આ ઉપાધિ કોણ ખોલે, વગર કામની ? કેટલી બધી ઉપાધિ, વગર કામની !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, પહેલા જે ઉપાધિ વહોરેલી એનું તે આ બજાવ* અત્યારે ચૂકવવું પડે ને ? એ વહોરેલી જે લઈને આવ્યા છીએ.

*બજવું - અમલમાં આવવું

**દાદાશ્રી :** હા, એ ચૂકવવી રહી. પણ એ જાણતો નથી, કે આ ઉપાધિ છે !

**પ્રશ્નકર્તા :** ના, હવે તો ભાન થઈ ગયું, ઉપાધિ જ છે આ બધી.

**દાદાશ્રી :** આ તો બધી ઉપાધિ છે, એવું હવે ખબર પડી.

**પ્રશ્નકર્તા :** એ તો હવે ખબર પડી ને !

**દાદાશ્રી :** પણ પેલામાં ખબર ના પડે ને ?

## વસ્તુઓ સાથે દાદાનો વાતચીતનો પ્રયોગ

**પ્રશ્નકર્તા :** દાદા, આપની વાણીમાં છે ને, કે 'પિસ્તાને એની જગ્યાએ બેસી રહેવા દે ને, નિરાંતે જંપીને સૂતા હોય.' પછી બીજી વખતે પેલી બેગની વાત હોય, ''અમે પેલી ચામડાની બેગ રાખતા'તા. બેગને કહી દીધેલું, કે તારે જ્યારે જવું હોય ત્યારે જજે.''

**દાદાશ્રી :** હા, જજે, બસ.

**પ્રશ્નકર્તા :** એટલે એની જોડેય વાતચીત, કે 'તારે ડાઈવોર્સ લેવો હોય તો લેજે, તું જાય તો મને વાંધો નથી.'

**દાદાશ્રી :** ના, એવું 'વાંધો નથી' એવુંય ના બોલીએ. 'વાંધો નથી' એવું બોલીએ તો તો એને રીસ ચડે ને જતી રહે. આપણે તો 'અમારી ઈચ્છા નથી' એમ કહેવું ને પછી 'તારે જવું હોય તો જજે.'

**પ્રશ્નકર્તા :** પેલી સ્ટીમરના કાનમાં ફૂંક મારી.

**દાદાશ્રી :** હા, ફૂંક મારી દીધી. એટલે જ્યારે ડૂબવું હોય ત્યારે ડૂબજે, અમારી ઈચ્છા નથી. જો અમારી ઈચ્છા તને ડુબાડવાની હોય તો આ પૂજા શું કરવા કરી ? પૂજા-બૂજા કરાવીને પછી તરતી મૂકીએ.

**પ્રશ્નકર્તા :** એટલે આમાં ખૂબી એ છે કે દરેક જોડે... સ્ટીમર, બેગ, પેલી ચા હોય, પિસ્તા હોય, જાણે એના અસ્તિત્વની જોડે વાતચીત ના હોય !

**દાદાશ્રી :** હા, તે એવી રીતે જ ને !

**પ્રશ્નકર્તા :** અને પેલું મન હોય, પછી બુદ્ધિની જોડેય, બુદ્ધિને કહેવાનું, 'આવી રીતે રહેજે તું, કાલે આવજે', એ બધું જાણે આમ એક્ઝેક્ટલી એની જોડે વાતચીત કરી અને આપણે સમાધાન રાખવાની રીત આખી.

**દાદાશ્રી :** હં. આ બધા એવું કહે છે પાછા, 'કાલે બપોરે જમવા આવજે, આજનો દહાડો રહેવા દે.' પછી નહીં આવે, આવેય નહીં. આ લોકો એવું ના કહે ત્યાં સુધી પેલી જાણે મહીં ફણગા માર માર કરે. આવું છે બધું આ તો મહીં. આય ચંચળતાને પામેલું ચિત્ત, મિશ્રચેતનતા છે. એ પાવરવાળું છે. ના બોલીએ તો આવેય પાછું. એનો ભાગ ભજવ્યા વગર ના રહે.

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** આમ બેગ મૂકીને સૂઈ જઈએ અમે તો. લોક કહે, 'બેગ લઈ જાય છે.' અરે મૂઆ, જાણ્યું. હવે એ જાણીને તને શું એ હિતકારી થઈ પડશે ? આખી રાત જગાડશે, અને તું ઝોકું ખઈ ગયો, તે ઘડીએ લઈ ગયો હોય. હવે મેલ ને છાલ, આખી રાત સૂઈ જાને નિરાંતે. જે થવાનું હશે તે થશે. અને લઈ જનારો તો આપણી રાહ જુએ. લઈ જનારો તો રાહ જુએ ને ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** એના કરતા આખી રાત સૂઈ ગયા કહીને, કે 'તારે જ્યારે જવું હોય ત્યારે જજે, અમારી ઈચ્છા નથી.' પણ તોય એ સવારે દેખાયેય ખરી.

**પ્રશ્નકર્તા :** પેલું જોડાનેય કહી દીધેલું.

**દાદાશ્રી :** જોડાનેય કહેલું, 'તમારે જ્યારે જવું હોય ત્યારે જજો.' હું કંઈ તમારી ઉપાધિ કરું આખી રાત ? મને તો સૂઈ રહેવા દો, નિરાંતે.

કેવી રીતે જાય છે, આવે છે, એ અમે જાણીએ પહેલેથી, એટલે અમે કહી દઈએ.

## દાદાની પેટન્ટવાળો આ પ્રયોગ બુદ્ધિકળા ફૂટવાથી થયેલો

**પ્રશ્નકર્તા :** પણ આમાં એ વાતચીતના પ્રયોગનો હેતુ શો છે આખો ? આમાં બે વસ્તુ છે, એક તો કહેવા પાછળનું કારણ અને પાછું એને આખું કયા પ્રકારથી કહેવું, કહેવાની રીત, એ બધો પ્રયોગ કેવી રીતે આખો ડેવલપ કરેલો છે આપે ?

**દાદાશ્રી :** એ એક્ઝેક્ટ ફળ આપે, એક્ઝેક્ટ !

**પ્રશ્નકર્તા :** એ ફળ એક્ઝેક્ટ આપે છે પણ આવું કોઈનેય વિચાર જ ના આવે, કે આની જોડે વાત કરીએ.

**દાદાશ્રી :** શી રીતે આવે, એ તો... ?

**પ્રશ્નકર્તા :** ના પણ આપે કેવી રીતે આ પ્રયોગ ઊભો કર્યો ?

**દાદાશ્રી :** એવું છે ને, જ્યાં સુધી બુદ્ધિકળા ને જ્ઞાનકળા ફૂટે નહીં ત્યાં સુધી આવા વિચાર કેવી રીતે આવે ? આ તો બુદ્ધિકળા છે ! એ ક્યાંથી હોય માણસનામાં ! એનું ગજું જ નહીં ને ! એક ફેરો હજુ અમારી જોડે રહે, ત્યાર પછી આમ થોડી શીખે એટલે બુદ્ધિકળા આવતી જાય એનામાં. પછી એની મેળે ફૂટે અમુક કાળને લઈને. પણ બુદ્ધિકળા જાણતો જ નથી, બુદ્ધિ નામની કળા ! એ તો કહેશે, 'મહીં આમને બ્રેઈન ટૉનિક બહુ ભારે છે.' નહોય મૂઆ, બ્રેઈન તો મારા કરતા બહુ છે, મોટા મોટા સૉલિસિટરોને. આ તો બુદ્ધિકળા છે ! શું છે ?

**પ્રશ્નકર્તા :** બુદ્ધિકળા. એટલે નાનપણની આપની વાતો જે આપ બોલતા હો છો ને, એમાંય કહો, કે 'અમે જમણા હાથને કહી દીધેલું કે તારે માગવાનું નહીં કોઈ પાસે.' એટલે એ કહી દેવાનો પ્રયોગ પહેલેથી ચાલતો આવ્યો છે.

**દાદાશ્રી :** હા, હા.

## જ્ઞાન પહેલા મુક્તકાળમાં કૃપાળુદેવ સાથે રહેવાનું

અમને સહુથી પહેલવહેલું તો એ જડેલું કે રાત્રે જ્યારે મુંબઈથી વડોદરા જતો, તે આ ભાગીદારના દીકરા મૂકવા આવે સ્ટેશન પર. તે એ લોકો પાછા વળે એટલે મારે ઉપાધિ છૂટી, એવું મને લાગે. ત્યાં સુધી મારે વાતચીત કરવી જ પડે ને !

**પ્રશ્નકર્તા :** હા, કરવી જ પડે.

**દાદાશ્રી :** એ પાછા વળે, એટલે બેગ છે તે નીચે ઘાલી દઈ અને બેગને કહી દઉં, કે 'તારે જવું હોય તો જજે ને રહેવું હોય તો રહેજે, તું જાય એવી મારી ઈચ્છા નથી.' આટલું કહીને નીચે ઘાલી દઉં અને પછી સૂઈ જઉં. સૂઈ ગયા પછી છે તે કૃપાળુદેવ ને અમે. બેઉ સાથે જ સૂઈ જવાનું, ભાંજગડ જ નહીં. અને પછી બીજું શું બોલું, કે 'વડોદરું હજુ આવ્યું નથી અને મુંબઈથી છૂટ્યા. માટે હવે મોક્ષમાં રહો.' તે મોક્ષ રહે પણ, ફર્સ્ટ ક્લાસ !

**પ્રશ્નકર્તા :** જ્ઞાન નહોતું ત્યારે પણ આવી રીતે ?

**દાદાશ્રી :** હા, જ્ઞાન નહોતું ત્યારની જ આ દશા ! શા માટે કડાકૂટોમાં રહેવું ? જીવવું શી રીતે ?

## મુંબઈ છૂટ્યું, વડોદરા આવ્યું નથી તે વચલો મોક્ષનો કાળ

અમને હવે મુંબઈથી ગાડી ઊપડી ને, આ દાદરથી, એટલે મહીં તરત જ વિચાર આવે, કે મુંબઈથી મુક્ત થયા હવે. મુંબઈ, મુંબઈના વિચાર, મુંબઈના સગાંવહાલાં, મુંબઈનું એડજસ્ટમેન્ટ, બધાથી આપણે મુક્ત થયા. એ એમની મેળે એને ઘેર ગયા ને આપણે હવે મુક્ત થયા. દાદરથી ગાડી ઊપડી એટલે કહ્યું, કે 'અંબાલાલકાકા આવજો, આવજો, આવજો.' તે ગાડી ઊપડી ગઈ ને એ ફરી દેખાયા નહીં, એટલે આપણે શું કહીએ ? 'મુંબઈથી મુક્ત થયા અને બડૌદા આયા નહીં.' એટલે બડૌદાથી બંધાયેલા નથી અને અહીંથી મુક્ત થયા. હવે શેમાં રહેવાનું ?

**પ્રશ્નકર્તા :** મોક્ષમાં રહેવાનું.

**દાદાશ્રી :** આવી રીતે મોક્ષ ખોળી કાઢતો રાત્રેય, કે મુંબઈવાળાએ મુક્ત કર્યા અને ત્યાં વડોદરાવાળા લીલો વાવટો ધરે છે, પણ એમણે હજુ બાંધ્યા નથી આપણને.

**પ્રશ્નકર્તા :** બાંધ્યા નથી, હા.

**દાદાશ્રી :** સ્ટેશન પર ઊતર્યા પછી બાંધશે એ. પણ હજુ તો એમણે કંઈ બાંધ્યા નથી. માટે આ વચલો કાળ આપણો મોક્ષનો કાળ છે, તે આપણે મોક્ષમાં રહો. એટલે એવું કહું ને, એટલે અંદર નિરંતર આ કૃપાળુદેવ જોડે સાંધો હોય. સહેજેય આઘાપાછા ના થાય. કારણ કે મુંબઈથી મુક્ત થયા અને ત્યાં બંધાયા નથી. એટલે ત્યાંના વિચાર આવે નહીં, મુંબઈના વિચાર ના આવે. પછી શું રહ્યું ? નિર્વિચાર દશા ! આમાં શું અઘરું છે, કહો. સહેલો રસ્તો છે ને ?

**પ્રશ્નકર્તા :** બહુ સરસ, સહેલો.

**દાદાશ્રી :** તે જ્ઞાન થતા પહેલા હું આવી રીતે મોક્ષમાં રહેતો'તો, કે અહીંથી છૂટ્યા અને ત્યાં બંધાયા નથી. આ કયો કાળ કહેવાય ?

**પ્રશ્નકર્તા :** વર્તમાન.

**દાદાશ્રી :** ના પણ, આ કાળમાં બંધન નથી. બંધનમુક્ત કાળ ! અહીંથી છૂટ્યા, મુંબઈથી, અને વડોદરે બંધાયા નથી, એ મુક્તિ જ કહેવાય ને ?

**પ્રશ્નકર્તા :** હા, મુક્તિ.

**દાદાશ્રી :** તે આ આવો લાભ ઉઠાવેલો, જ્ઞાન થતા પહેલા.

## ધાંધલિયા કાળમાંય રહે મુક્ત

અને લોકો તો શું કરે ? મુંબઈ છોડ્યું ને, તોય મહીં મુંબઈ જોડે લઈ ગયા હોય, અને વડોદરું આવતા પહેલા મહીં વડોદરું ઘાલી દીધું હોય માથામાં. પછી ગૂંચાયા જ કરે ને, મહીં ?

**પ્રશ્નકર્તા :** હા, ગૂંચાયા કરે.

**દાદાશ્રી :** બેઠો ત્યાંથી 'હવે વડોદરું ક્યારે આવે ? વડોદરું ક્યારે આવે ?' મૂઆ, હજુ આવ્યું નથી ને શું કરવા અમથો બંધાય બંધાય કરે છે ! નથી બાંધતું આ અને પેલું મુંબઈ ભૂલે નહીં પાછું.

**પ્રશ્નકર્તા :** પેલું ભૂલે નહીં.

**દાદાશ્રી :** 'પેલું રહી ગયું. પેલું કહેવાનું તો રહી ગયું.' અલ્યા મૂઆ, લીલો વાવટો ધરીને પછી મુક્ત કર્યા, હવે શું કરવા સંભાર સંભાર કરું છું ? માંદા હશે કે સાજા પણ આપણને કહ્યું, કે 'તમે જાવ.' પછી પાછા શું કામ સંભારવાની જરૂર આપણે ? સંભારે તો શું હેલ્પ કરે એ ? કેમ કશું બોલતા નથી ? કંઈ ગૂંચવાડો ઊભો ના થાય બળ્યો અંદર ? આખી રાત જાગ્યા કરે. હવે બોલો, આ નિરંતર ધાંધલિયા કાળમાં અમે કેવા મુક્ત રહેતા'તા ! જ્ઞાન નહોતું તોય મુક્ત રહેતા'તા !

જ્ઞાન નહોતું તોય આ ગોઠવણી કરી'તી. તે આખી રાત ઉપયોગ શુદ્ધ રહે. શુદ્ધ ઉપયોગ નહીં, પણ શુદ્ધ ઉપયોગમાં જવાનો રસ્તો. શુભ ઉપયોગેય નહીં. તે આખી રાત ત્યાં રહે. રહે કે ના રહે ? જેટલું જાગ્યા એટલો, પછી ઊંઘ આવે તોય વાંધો નહીં. ચૂંટીઓ ખણીને જાગવાનું નહીં, પણ જેટલું જાગ્યા એટલો વખત બગડે નહીં ને !

**પ્રશ્નકર્તા :** હા, બગડે નહીં.

**દાદાશ્રી :** આ સરપ્લસ ટાઈમ તમે ગાડીમાં બેસો ત્યારે મળે. કારણ કે ત્યાં વડોદરે હજુ બાંધ્યા નથી આપણને. અને વડોદરાનો આપણે નકશો ચીતરીએ... અને આ લોકોએ કહ્યું, કે 'જાવ તમે.' તે આ હવે વગર કામના પાછા અહીંનું ચીતરીએ, ત્યાંનું ચીતરી મારીએ, આ ગાંડપણ કોણ કરે તે ? વાત સમજે તો નિવેડો આવે.

અહીંવાળા કહે, 'છૂટા તમે.' મુંબઈ સ્ટેશનેથી ગાડી ઊપડે એટલે છૂટા કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, છૂટા જ.

**દાદાશ્રી :** અહીંવાળા એમ કહે છે, કે હવે તમે અમને આખી રાત યાદ કરજો ? આ અક્કરમી મૂઓ એવો છે તે એને પાછો બોલાવે, પેલાને યાદ ના હોય. 'આની તબિયત નરમ છે તો શું થશે હવે ?' તબિયત નરમવાળો કહે છે, 'ખુશીથી જાવ.' તબિયત નરમવાળો શું કહે ?

**પ્રશ્નકર્તા :** હા, ખુશીથી જાવ.

**દાદાશ્રી :** 'ખુશીથી જાવ.' અરે, પક્ષાઘાતવાળાય કહે ને, 'તમે તમારી મેળે રાજીખુશીથી જાવ હવે નિરાંતે.' અલ્યા મૂઆ, એ કહે છે ત્યારે તું શું કરવા ડાહ્યો થઉં છું ? તે પક્ષાઘાતવાળાની જોડે જઈને સૂઈ જાય પાછો (યાદ કર્યા કરે) ! 'અરેરે ! આ અંગ ક્યારે સારું થશે ? આ અંગનું શું થશે તે ?' આવા ને આવા વિચારો કર્યા કરે. આને શું સમજે ! ભગવાન કેવા ડાહ્યા હશે, વીતરાગો ! કેટલું વિચારી-કરીને ડહાપણ ખોળી કાઢ્યું ! કેટલા ડાહ્યા હશે ! અને આ લોકો, વસ્તાર તો જુઓ આ લોકોનો ! જાણીજોઈને દુઃખમાં, દુઃખમાં ને દુઃખમાં !

## જીવતા આવડી ગયેલું પહેલેથી

બીજા કેટલાક પ્રકારો હું માણસના બતાવું. તે કાગળ આવે ને, કે મુંબઈ વહેલામાં વહેલી તકે આવજો. એટલે વડોદરા સ્ટેશને જઈ અને પા કલાક ગાડી લેટ હોય ને, તો ત્યાં આગળ છે તે પ્લેટફૉર્મ પર જઈને રઘવાયો થઈ ફર્યા કરે. અલ્યા મૂઆ, ચા પીને નિરાંતે. આ ગાડી લેટ થઈ તો આપણે થોડીવાર ચા પીઈએ, બેસીએ, થોડીવાર આત્માનું ધ્યાન કરીએ. ત્યારે કહે, 'મને કાગળ આવ્યો છે, ઉતાવળા આવજો.' ત્યારે ઉતાવળ એટલે મૂઆ અહીંથી કૂદાય કંઈ ? તો કહે, 'આ ગાડી પહેલી જ પકડી મેં.' હવે ગાડીમાં બેઠા પછી શું કરે પાછો ? બેસવાની જગ્યા સારી મળી હોય ને, તોય થોડીવાર રહીને, એય... ઠેઠ આગલા ડબ્બા સુધી જઈને ઊભો રહે. ત્યાં આગળ બહુ દોડવું ના પડે, હેંડવું ના પડે !

અને બહાર જો જો કરે. એય... બોરીવલી આવ્યું, એય... દાદર આવ્યું. અરે મૂઆ, શું કરવા આમ કરે છે તે ? સૂઈ રહે ને, છાનોમાનો. ગાડી જાય છે ને તું શું કરવા હાય હાય કરે છે ? એટલે આ લોકોને જીવતા જ નથી આવડતું. નથી બનતું એવું ?

**પ્રશ્નકર્તા :** બને છે.

**દાદાશ્રી :** જો આ કંઈક કૃપા હશે ને, તે આ જીવતા આવડી ગયેલું પહેલેથી. સૌ કોઈ મુંબઈ સ્ટેશન આવે એટલે, 'બોમ્બે આયા, બોમ્બે આયા' કહે, એટલે અમે ઊતરી જઈએ. બસ, બીજી ભાંજગડ શી તે આપણે ? લોકો એટલી બધી તૈયારીઓ રખાવે છે, આપણે કશું કરવાની જરૂર નથી. બૉર્ડેય વાંચવા જવું ના પડે, કયું ગામ આવ્યું તે !

ગાડીમાં ધકમક કરે તે વહેલો પહોંચી જાય ?

**પ્રશ્નકર્તા :** ના, ના પહોંચે.

**દાદાશ્રી :** કેમ ? 'મુંબઈ જવું છે, આજે ઉતાવળ છે મારે ખાસ અને આજે ગાડીમાંથી ઊતરું કે તરત જ છે તે ત્યાંથી કૉર્ટમાં જઈશ ને આમ તેમ...' તે ધકમક ધકમક ધકમક કરે તો ?

**પ્રશ્નકર્તા :** ના પહોંચે.

**દાદાશ્રી :** અને ત્યાં પહોળો થઈને ઊંઘી જાય તો ? તેનેય સેન્ટ્રલ આવે ને પેલાનેય સેન્ટ્રલ આવે. પેલો અક્કરમી ત્યાં જતો જતો અડધો થઈ ગયો હોય. અને બીજો કોઈક ગાડીમાં જતો હોય અને છે તે સૂઈ રહેવાની રાહ જોતો હોય, પછી પાલઘર આવે ત્યારે બિસ્તરો પાથરે, તો આપણે ના સમજીએ, કે આ મૂરખ માણસ છે. આ હમણાં કલાકમાં તો ઊતરવાનું છે ને આ શા હારુ બિસ્તરો અહીં પાથરતો હશે, મૂઓ ? એટલે આપણે આ બધું સમજવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો હવે તમે બિસ્તરો પાથરવાની ના કહો છો ને ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** તે આ ધોળા આવ્યા એટલે હવે બિસ્તરો પાથરવો જ નહીં આપણે.

**દાદાશ્રી :** તો બિસ્તરો શું કરવા પાથરવાનો હવે ?

**પ્રશ્નકર્તા :** ના, પાથરીશું જ નહીં હવે. હવે તમે 'ના' કહો છો, 'નહીં પાથરવાનો', તો નહીં પાથરવાનો હવે.

**દાદાશ્રી :** બસ, બિસ્તરા પાથરીને શું કાઢવાનું છે ?

## અતૂટ વિચારધારા, ગોપિત રહસ્યો અનુભવમાં લાવવા

**પ્રશ્નકર્તા :** દાદા, તમે ગાડીમાં વચલા કાળમાં ગોઠવણી કરીને મોક્ષમાં રહેતા'તા તો એ વચલી સ્થિતિમાં આપ કઈ વિચારણામાં હો ?

**દાદાશ્રી :** તે જ્ઞાન થયા વગર આત્મા.

**પ્રશ્નકર્તા :** આત્મા ? એ કેવું ?

**દાદાશ્રી :** એટલે જ્ઞાન થયા વગરનો આત્મા, એટલે તમે સમજ્યા ને ? મહીં બીજા કોઈ પર્યાય નહીં. અહંકાર એક જાતનો, પણ ચોખ્ખો અહંકાર.

**પ્રશ્નકર્તા :** એટલે પેલી આત્મભાવના ભાવે એવું કંઈક ?

**દાદાશ્રી :** ના, એવું નહીં. એ લોકો ભાવવી હોય તો ભાવે. મારે આ કંઈ ભાવવું... મને જે જડ્યું કે હવે મુંબઈનો વિચાર કરવાનો બંધ થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** અને બરોડા હજી આવ્યું નથી.

**દાદાશ્રી :** અને આમ વડોદરાવાળાએ છે તે બૂમ પાડી નથી, ક્લેઈમ માંડ્યો નથી. આમનો ક્લેઈમ છૂટી ગયો, પેલાનો ક્લેઈમ મંડાયો નથી, તો આપણે ત્યાં વચલા ગાળામાં રહો ને ! વચગાળામાં ! તે વચગાળાનો લાભ ઉઠાવેલો, કાયમ ! ઊંઘ-બુંઘ તો ક્યાંથી આવે તે ? ગાડીમાં ઊંઘ આવતી હશે ?

**પ્રશ્નકર્તા :** ના, એટલે આ જગતનું સ્વરૂપ શું કે એવું કંઈક તમારે વિચારણામાં હોય ?

**દાદાશ્રી :** નહીં, એ તો બધું આખો દહાડો ચાલતું જ હોય મહીં. હેંડતા હેંડતા હઉ ચાલતું હોય. બહાર રસ્તામાં ફરતો હોય ને, તો કો'ક જાણે કે આ કશાક વિચારમાં છે. મહીં ખોવાઈ ગયેલા લાગે છે ! અરે, નહોય ખોવાઈ ગયેલો. અલ્યા મૂઆ ! ખોવાય તો આ લોક, બૈરીવાળા, પૈસાવાળા ! જેને લક્ષ્મી જોઈતી હોય તે લક્ષ્મીમાં ખોવાયેલો હોય. હું તો આત્મામાં ખોવાયેલો !

**પ્રશ્નકર્તા :** એટલે જગતના માટે તો ખોવાયેલા લાગો ને !

**દાદાશ્રી :** હા, એવું લાગે ને, હું વિચાર કરતો કરતો ચાલુ એટલે.

**પ્રશ્નકર્તા :** એ વિચારણા જ્ઞાનાંક્ષેપકવંત કહેવાય ને ?

**દાદાશ્રી :** એ શાસ્ત્રની ભાષા, મારું થર્મોમિટર જુદું. આપણે આપણું થર્મોમિટર. મને પોતાને સમજાય કે આટલે સુધી આવ્યું છે આ, ગાડું ચાલે છે. જ્ઞાનાંક્ષેપકવંત ને આપણે ક્યાં પાછા એમાં...

**પ્રશ્નકર્તા :** આપે કીધેલું ને, કે પૂર્વે બધી લિંકો અનુભવ કરીને પૂર્ણાહુતિ પદ આખું પ્રગટ થયું છે. તો એ બધી લિંકો જે સમજમાં આવે એની આ વિચારણા બધી ચાલ્યા કરતી હશે ?

**દાદાશ્રી :** એ જ ! એને અનુભવની થીયરી પર લાવે.

**પ્રશ્નકર્તા :** અન્ડરસ્ટેન્ડિંગ.

**દાદાશ્રી :** હા, અન્ડરસ્ટેન્ડિંગ.

**પ્રશ્નકર્તા :** એટલે આ કોઈ પણ પ્રસંગ બન્યો તો એના થીયરી અને એક્સપિરિયન્સ (અનુભવ) એ બધું વિચારણામાં ચાલ્યા જ કરતું હોય ને ?

**દાદાશ્રી :** હા, અને બીજી કોઈ ઉપાધિ નહીં ને !

## હતું સાચી સમજણનું સુખ

એટલે ત્યારે નહોતો મોક્ષ. જ્યારે જ્ઞાન નહોતું ત્યારે આ રીતે મોક્ષમાં રહેતો'તો. અહંકારી મોક્ષ ! પણ કેવો ? કલ્પેલો મોક્ષ. પણ એવી મજા આવે કે વડોદરેથી બંધાયા નથી ને મુંબઈથી મુક્ત થયા, એ વચલો કાળ તે કેવી સરસ મજા આવે ! 'નો ટેન્શન.' આ વાત સમજમાં આવે છે ?

**પ્રશ્નકર્તા :** હા, મગજમાં ઊતરે છે.

**દાદાશ્રી :** ઊતરી જાય એવી છે, નહીં ?

**પ્રશ્નકર્તા :** હા. તમારું બીજ દેખાય છે, કે આખી વસ્તુ ક્યાંથી શરૂ થઈ ! પણ અહીં તો શું થાય છે, કે મુંબઈ છૂટતું નથી અને વડોદરા ક્યારે આવે, વડોદરા ક્યારે આવે એવું થયા કરે.

**દાદાશ્રી :** ક્યારે આવે, ક્યારે આવે ! એટલે મારું કહેવાનું, મુંબઈથી છૂટ્યો, ત્યારે વડોદરાથી બંધાયો. અલ્યા મૂઆ, તું અહીં રહે ને !

**પ્રશ્નકર્તા :** ના, એ તો મુંબઈથી છૂટ્યોય નથી પાછો. મુંબઈ તો ચાલુ રહ્યું જ છે ને વડોદરું ક્યારે આવે !

**દાદાશ્રી :** હા, જુઓ ને ! હવે બોલો, શી રીતે પણ સુખ આવે ? હવે કંઈ કુદરતે દુઃખ આપ્યું છે ? ત્યારે કહે, સમજણ ફેરથી દુઃખ છે. મને આ જે સુખ હતું, એ મારી સમજણનું સુખ હતું. મને કંઈ મોક્ષનું જ્ઞાન હતું નહીં.

**પ્રશ્નકર્તા :** છતાંય સૂઝ હતી.

**દાદાશ્રી :** સૂઝ બહુ હતી. તમામ સૉલ્યુશન લાવી નાખે એવી સૂઝ !

**પ્રશ્નકર્તા :** અમારે બાયોગ્રાફી લખવી હોય ને, તો આવી બધી વસ્તુઓ બહુ કામની છે.

**દાદાશ્રી :** હા, બરોબર છે. એટલે બીજું કશું જ નહીં, સૂઝ બહુ ઊંચી.

## ફણગા ફૂટેલા જાતજાતના ને પછી જ્ઞાન થયું

હવે આ બધી પાનચાળવણી (હોશિયારી; ચાલાકી) બધી આવેલી પહેલી શરૂઆતમાં. એમ ને એમ જ્ઞાન નથી થયું આ. આવા મહીં ફણગા ફૂટેલા મહીં, જાતજાતના. આય એક ફણગો સારો કહેવાય ને ?

**પ્રશ્નકર્તા :** તો અમારામાં ફૂટે એવું બધું કરી દો હવે.

**દાદાશ્રી :** બધા ફૂટી નીકળવાના. બહુ ફૂટી ગયા છે બધાને. જુઓ ને, આ ભઈને ફૂટી નીકળ્યું તો જુઓ ને, કેવું પદ ગાયું છે, નહીં ? બધા પાસ કરે એવું પદ છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હજુ વધારે પરિચય તો છે નહીં.

**પ્રશ્નકર્તા :** નથી.

**દાદાશ્રી :** અને આ કહે છે કે લોકો દાદાનું જીવનચરિત્ર માગે છે. હવે જીવનચરિત્રમાં આવી નાની નાની બાબતો હોય ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આપવું જોઈએ.

**દાદાશ્રી :** પણ આ બધી વાતો યાદ કોને રહે છે ? આ તો હું કેટલી વખત બોલ્યો ! આ તો મહીં આવી વાત નીકળી હોય તો બે વાત નીકળે, નહીં તો મને તો કશું યાદ નથી, મારા જીવનચરિત્રનું તો. આ તો વાત ભેગી વાત નીકળી આવે આવી.

❖❖❖❖❖

# [૮.૩]
# રાહ જોવાના સમયે ઉપયોગની ગોઠવણી

## એક મિનિટ માટે બસ ચૂક્યા ને...

**પ્રશ્નકર્તા :** દાદા, નિયમિત છે તે જ્ઞાનમાં રહેવાનો પ્રયત્ન કરવામાં આ તમારી બોધકળાઓ બહુ કામમાં લાગે છે. તમે પેલું કહ્યું'તું ને, ખીચડી ચઢાવીને પછી દાદાનું નામ દેવું. તે એક કામ પતે અને બીજું કામ હાથમાં આવે, એ ઈન્ટરવલનો ઉપયોગ કરીએ છીએ તો બે-અઢી કલાક નીકળે છે. જો આમ કહે, કે હમણાં અડધો કલાક સવારમાં બેસો ને સાંજે બેસો, તો પૂરતો ટાઈમ ના રહે.

**દાદાશ્રી :** હા, બરોબર છે.

**પ્રશ્નકર્તા :** પણ આ વચલા ટાઈમનો, આવી ગૅપનો (વચગાળાનો) હું ઉપયોગ કરું છું.

**દાદાશ્રી :** હા, એટલે ઉપયોગ કરતા આવડવું જોઈએ તમને.

**પ્રશ્નકર્તા :** હા, તે તમે કહ્યું ને, એવી ગૅપનો ઉપયોગ કરું છું, તો બે-અઢી કલાક મળે છે.

**દાદાશ્રી :** ગૅપનો ઉપયોગ બહુ સારો થાય.

**પ્રશ્નકર્તા :** હા, ક્યારેક ત્રણ-ચાર વખત ચરણ વિધિ પણ વંચાઈ જાય. વચલા ટાઈમનો ઉપયોગ કરવાની જે પ્રેક્ટિસ કરી, ત્યાર પછી

વખતનો ઉપયોગ ઘણો નીકળે છે હવે.

**દાદાશ્રી :** હા. હું બાવીસ વર્ષનો હતો, ત્યારે એક જગ્યાએ એક મિનિટ માટે બસ ચૂકી ગયો. તે હાલોલ રોડ ઉપર જરોદ કરીને ગામ છે, ત્યાં આગળ હતો ને બસ આવી. હું ત્યાં આવેલો કલાક પહેલેથી, તે પછી હોટલમાં નાસ્તો કરવા ગયો. તે ત્યાંથી પાછા આવતા જરાક જ એક મિનિટ મોડું થયું ને બસ ઊપડી ગઈ. એટલે આ વિષાદનું સ્થાન કહેવાય. કેવું ?

**પ્રશ્નકર્તા :** હં, વિષાદ.

**દાદાશ્રી :** કેવા વિષાદનું ! કલાક પહેલેથી આવ્યા ને ચૂકી ગયા ! જો આ પહેલેથી ના આવ્યા હોત અને તે ઘડીએ જો બસ આવી હોત તો આપણે જાણીએ કે લેટ થયા, ચાલો. એટલે બહુ વિષાદ ના થાય. આ તો પહેલેથી આવ્યા ને બસ ના પકડાઈ. અને પછી દોઢ કલાક પછી બીજી બસ આવે. હવે રાહ જોવાની થઈ.

બોલો હવે, ત્યાં આગળ કોની રાહ જોવાની ? લોક શું કરે ? બીજી બસની રાહ જુએ ને બેસે. હવે ત્યાં તો કંઈ પાંચ-પાંચ મિનિટે આવે છે, આ બસો ? કલાકે, દોઢ કલાકે, બે કલાકે આવે. તો બધા પેસેન્જર તો ઊપડી ગયા, તો રહ્યો હું એકલો જ ને ! હવે બીજા બધા ભેગા થશે નવા પેસેન્જરો. તે કોની રાહ જોવાની ? એટલે રાહ જોતા આપણે ઘડિયાળમાં જોઈએ, કે પાએક કલાક ગયો હશે, ત્યાર હોરું પાંચ જ મિનિટ ગયેલી હોય.

**પ્રશ્નકર્તા :** બરાબર છે. રાહ જોઈએ તેમ મોડું થાય. ટાઈમ મોડો જાય.

**દાદાશ્રી :** આપણે જાણીએ, કે પાએક કલાક ઓછો થઈ ગયો હશે, ત્યાર હોરું પાંચ જ મિનિટ ગયેલી હોય. રાહ જોવામાં બહુ ટાઈમ જાય.

**પ્રશ્નકર્તા :** હં, બહુ ટાઈમ જાય.

## રાહ જોવાની થઈ ત્યારે...

**દાદાશ્રી :** અને રાહ જોવાની થઈ તે... અને જબરજસ્ત રિવોલ્યુશન પાછા ! આ મજૂરોને મિનિટે પચાસ રિવોલ્યુશન હોય. જ્યારે મને મિનિટે પાંચ હજાર રિવોલ્યુશન હોય. હવે ત્યાં આગળ મારે જે દોઢ કલાક રાહ જોવાની થઈ ને, ત્યાં સ્થિતિ શું થઈ ? ત્યારે એય... મહીં મશીન ત્યાં ચાલ્યા કરે. હવે એ તો ઘડભાંજ કેટલી થાય તે ? શું થાય ? ઘડભાંજ. મજૂરને પચાસ ઘડભાંજ થાય ને મને પાંચ હજાર થાય. હવે ધીબોધીબ પડ્યા જ કરે ને બધું, વરસાદ પડે એવી રીતે. તે જરાય કશું ગમે નહીં, ઊભું રહેવાનુંય ગમે નહીં. કો'ક કહેશે, 'આવો, બેસો', અને બેસવા માટે ગાદી હોય તોય પણ ગમે નહીં. હવે દોઢ કલાક તે તો વીસ કલાક જેવો લાગે. એટલે મેં કહ્યું, કે આ મોટામાં મોટી મૂર્ખાઈ હોય તો આ રાહ જોવું તે છે. આ દુનિયામાં કોઈ પણ માણસની કે કોઈ વસ્તુની રાહ જોવી એના જેવી ફૂલિશનેસ (મૂર્ખાઈ) નથી આ દુનિયામાં. એટલે ત્યારથી બાવીસ વર્ષની ઉંમરથી રાહ જોવાનું બંધ કરી દીધું. અને જ્યારે રાહ જોવાનું થાય ને, તે ઘડીએ બીજું વર્ક સોંપી દીધેલું. રાહ તો જોવી જ પડે, છૂટકો નહીં ને ! પણ એને બદલે આપણે જાણ્યું કે આ ટાઈમ બહુ સરસ છે, રાહ જોવાનો ટાઈમ ! નહીં તો ડાફાં માર માર કરે, 'એ આવી કે નહીં ગાડી, એ આવી કે નથી આવી, એ આવી કે નથી આવી ?' એટલે તે ટાઈમે અમે બીજી ગોઠવણી કરી દીધેલી. એટલે પછી અમને નિરાંત ! કશું ગોઠવણી થાય કે ના થાય આપણે ?

**પ્રશ્નકર્તા :** થાય.

**દાદાશ્રી :** કામ તો બધા બહુ હોય છે ને, હં ?

**પ્રશ્નકર્તા :** એટલે મનને કામે લગાડી દો.

**દાદાશ્રી :** મનને કામે લગાડી દેવું. એટલે નવરાશ ના રાખવી જોઈએ મનને ઘડીવાર. અમારે તો હરેક સ્થિતિમાં અમારું મન નવરું નથી હોતું એક ઘડીવારેય.

**પ્રશ્નકર્તા :** તમારું મન નવરું નથી હોતું ?

**દાદાશ્રી :** સેકન્ડેય નવરું ના રહે ને !

## ગોખે નહીં પણ અક્ષર વાંચે, મોટી શોધખોળ દાદાની

**પ્રશ્નકર્તા :** દાદા, તો તમે કયા કામ કરાવો છો મનની પાસે ?

**દાદાશ્રી :** એ તો બધી જાતના કામો રાખી મેલવાના સ્ટૉકમાં. જે કામનું કામ કહેવાય નહીં અને રાખી મેલું.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા શું કામે લગાડ્યું ?

**દાદાશ્રી :** કોઈ પણ જાતની ગોઠવણી. એટલે તે દહાડે શું કરતો'તો, કે સંતોનું જે હોય, અગર કૃપાળુદેવનું હોય, તે એના એ (પદોની કડીઓ) એને હું બોલું નહીં, એને હું વાંચું. શું કરું ?

**પ્રશ્નકર્તા :** વાંચું.

**દાદાશ્રી :** બોલે ત્યારે તો ગોખેલું કહેવાય. એને હું વાંચું બધું.

**પ્રશ્નકર્તા :** દાદા, ચોપડી વગર એ કેવી રીતે વાંચો ?

**દાદાશ્રી :** ચોપડી વગર વાંચું. મને 'હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ...' પેલા શબ્દો લખેલા દેખાય ને હું વાંચ્યા કરું. નહીં તો તો પેલું ગોખેલું બોલે એટલે પાછા પેલા સંકલ્પ-વિકલ્પ ચાલુ. પેલું ગોખવાનું થયું, એટલે મન નવરું પડી ગયું. 'હે પ્રભુ ! હે પ્રભુ !' બોલ્યા કરે અને મન નવરું પડી ગયું હોય.

**પ્રશ્નકર્તા :** એ બરોબર છે, દાદા. એ એવું થતું'તું. 'હે પ્રભુ, હે પ્રભુ !'નો દોહરો પહેલો બોલીએ અને છેલ્લા સુધી આવીએ ને મન કંઈ બહાર જતું રહ્યું હોય.

**દાદાશ્રી :** મન બહાર જ જતું રહેલું હોય. ના, એટલે એડજસ્ટમેન્ટ લીધેલું, એડજસ્ટમેન્ટ લીધું તો આમ દેખાય, 'હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ; હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.'

શબ્દ-બબ્દ સાથે જ બધું. અક્ષર, માતર-બાતર બધું સાથે. ક્યાં જાય પછી ? કૃપાળુદેવે બીજો રસ્તો બતાડ્યો'તો, કે 'તું ઊંધું બોલ.' શું કહે છે ? 'છેલ્લેથી ઉપર આવ', કહે છે. તો એય પ્રેક્ટિસ પડી ગઈ, લોકોને એની ટેવ પડી ગઈ. મનનો સ્વભાવ છે, કે તમે જેમાં ઘાલો ને, તે ટેવ પડી જાય એને. એ ગોખી નાખે. અને આ વાંચવાનું એમાં ગોખાય નહીં, આંખે દેખાવું જોઈએ. એટલે અમારી મોટામાં મોટી શોધખોળ છે, આ વાંચવાની ! શું છે ?

**પ્રશ્નકર્તા :** વાંચવાની. પણ દાદા, એ તો જેને ક્લેઅર્વૉયન્સ (અતીન્દ્રિય દૃષ્ટિ) ઓપન થયું હોય, એની જ એ તાકાત !

**દાદાશ્રી :** નહીં, તે એ જ તો ને ! અને પછી અમે બીજાને શિખવાડીએ, આ બધાને. આ બધાને શિખવાડેલું, કે વાંચીને બોલો.

**પ્રશ્નકર્તા :** એમ નહીં, દાદા, પણ બાવીસમે વર્ષે આ તાકાત હતી એ વાત ચોક્કસ !

**દાદાશ્રી :** હા.

## ચૂક્યા બસ, તે થઈ શોધખોળ

એટલે આ મૂંઝાયો માટે આ જ્ઞાન નીકળ્યું. દોઢ કલાક જો મૂંઝાયો ના હોત...

**પ્રશ્નકર્તા :** જો એક મિનિટ ચૂક્યા ના હોત...

**દાદાશ્રી :** એ ચૂક્યા ને, તેના ફળરૂપે આ જ્ઞાન ઊભું થયું ! એટલે ઠોકરો ખઈ ખઈને આ જ્ઞાન ઊભું થયું છે, સૂઝ ઊભી થઈ છે. જ્યારે ઠોકર વાગી કે સૂઝ ઊભી થઈ જાય. અને એ સૂઝ મને હેલ્પિંગ જ કાયમ માટે રહે પછી. એટલે પછી મેં રાહ જોઈ નથી. ત્યાર પછી, બાવીસ વર્ષની ઉંમર પછી ક્યારેય રાહ જોઈ નથી. ગાડી આજે સાડા ત્રણ કલાક લેટ છે, એટલે આપણે જેમ તેમ ટાઈમ પસાર ના કરીએ અને આપણે ઉપયોગમાં જ !

## પુસ્તક વિના વાંચે પુસ્તક

રાહ જોવાની તે ઘડીએ મહીં સુખ કેટલું થતું હશે ? રાહ જોવાથી કેટલું સુખ પડે મહીં ?

**પ્રશ્નકર્તા :** કશુંય નહીં અને ઉપરથી દુઃખ અને ટેન્શન.

**દાદાશ્રી :** એટલે પછી અમે ગોઠવી દીધેલું. જ્યારે રાહ જોવાની થાય, ત્યારે હું મારું જે પુસ્તક વાંચન છે ને ધર્મનું, તે પુસ્તકના સ્ટાન્ઝા (કાવ્યની કડી) બધા યાદ કરીને પછી એ બધું ચાલવા દઉં. અને ત્યાં નિરાંતે જ્યારે ગાડી આવે ત્યારે એમાંથી બહાર નીકળું.

**પ્રશ્નકર્તા :** એમાંથી બહાર નીકળો.

**દાદાશ્રી :** હા...

**પ્રશ્નકર્તા :** પુસ્તક વિના પુસ્તક વાંચે.

**દાદાશ્રી :** હા, એટલે ગાડી આવે ત્યારે એમાંથી બહાર નીકળું. કારણ કે મેં કોઈ દહાડો રાહ જોઈ નથી. કોઈ વસ્તુની રાહ જોવી એના જેવો આ દુનિયામાં ભયંકર ગુનો નથી.

**પ્રશ્નકર્તા :** હં. હવે પુસ્તક વિના પુસ્તક જે આપે વાંચેલા, એ વિગતવાર સમજાવો, દાદા.

**દાદાશ્રી :** એટલે ઘણાંખરાં પુસ્તકોનો સાર ભાગ યાદ હોય મને. તે પછી આમ સાર કહીએ તો સાર ભાગ બધો દેખાતો જાય. ફરી એની મહીંયે અર્થ કાઢું.

**પ્રશ્નકર્તા :** એમાંથી અર્થ કાઢવાનો એમ ?

**દાદાશ્રી :** એટલે નવરાશમાં મને કામ મળી આવે. જ્યાં રાહ જોવાનું થયું, ત્યાં મને મારું પોતાનું કામ મળી આવે. પેપર હોય તો પેપર વાંચવા બેસે. બીજી કંઈ ચોપડી હોય તો ચોપડી વાંચે પણ ચોપડી-પેપર ના હોય તો ? તો બીજું સાધન હોય અમારું.

## નિયમ ખોળી કાઢ્યો, કે કોઈ ચીજની રાહ ના જોવી

અમે કોઈ દહાડો કશાની સેકન્ડેય રાહ જોઈ નથી. પહેલા જોઈ હશે, પછી હિસાબ ગોઠવી દીધેલો. રાહ જોવાનું શું ફળ આવ્યું, એ પરથી હિસાબ ગોઠવી દીધેલો. કો'ક કહે, 'આ હમણે જ તમારી બસ ગઈ, હવે બીજી અડધા કલાક પછી આવે છે.' પણ કશી રાહ જોવાનું બંધ. બસ દેખાય એટલે રાહ જોવાની, કે આ આવી ગઈ બસ, એટલું જ. બસ સ્ટૉપ પર ઊભો રહું કલાક સુધી, પણ રાહ નહીં જોવાની.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** કારણ કે એ એડજસ્ટમેન્ટ લીધેલું હોય અંદર. તે ઊલટી બસ રાહ જોતી હોય, કે ક્યારે દાદા આવે ! હું રાહ ના જોઉં. તમે રાહ જોયેલી કે નહીં કોઈ દહાડો ?

**પ્રશ્નકર્તા :** હા, અમે તો જોયેલી. પણ આ બરોબર છે. આ બરોબર બેસે છે. સાયકૉલોજી આખી ફરી જાય ને ?

**દાદાશ્રી :** નહીં, બીજી ગોઠવણી કરી દીધેલી હોય, તે આપણે એ ગોઠવણીમાં જ હોઈએ.

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** નહીં તો રાહ જુએ, બસની. ક્યારે બસ આવે ? એટલે આ કામ સોંપ્યું ને ! એટલે અમારે તો આવું કંઈ પણ હોય ત્યાં આગળ અમે તરત ઉપયોગ જોડી દઈએ, કે ઓહોહો ! આ સરસ ટાઈમ મળ્યો ! આવો ટાઈમ મળતો નથી. આ આપણો ગોઠવેલો ટાઈમ નહોય. એની મેળે મળી ગયો સહજભાવે, પા કલાક. તે ગોઠવણી હોય ને, તે આત્માના ઉપયોગમાં. અને આત્મા નહોતો પ્રાપ્ત કર્યો તોય એ એમાં ગોઠવતો'તો. કારણ કે ઉપયોગ ખરાબમાં ખરાબ જગ્યાએ વાપરે છે આ લોકો અને અડધો કલાક કરી નાખે છે, પા કલાકને બદલે. અને પાછો આમ ઘમસાણ ઊભા કર કર કરે.

**પ્રશ્નકર્તા :** શાંતિ જ નહોય, અશાંતિ જ થયા કરે.

**દાદાશ્રી :** શાંતિ ના હોય. એ ખરાબ જગ્યા છે એક રાહ જોવાની.

## હોય એડજસ્ટમેન્ટ પળેપળ, રહે પ્રવૃત્તિમય હર પળ

અમારે તો જ્ઞાન થતા પહેલા પણ બધા એડજસ્ટમેન્ટનું જ્ઞાન હાજર રહે, કે અહીં શું કરવા યોગ્ય છે ! એ ઑન ધી મૉમેન્ટ હાજર રહે. અમને એડજસ્ટમેન્ટ આવી જાય તરત જ. ગમે તેવા સંજોગોમાંય એડજસ્ટમેન્ટ અમારે ઊભું થાય, કે અહીં એડજસ્ટમેન્ટ આ કરવાનું છે. એટલે અમને એક ક્ષણ પણ નવરાશ હોય નહીં. બેકાર જગ્યાએ બેસાડો કે કાર જગ્યાએ બેસાડો, ક્યાંય પણ અમને નવરાશ હોય નહીં.

**પ્રશ્નકર્તા :** પ્રવૃત્તિમય.

**દાદાશ્રી :** નિરંતર પ્રવૃત્તિમય. જ્ઞાન નહોતું તો જુદી રીતે ગોઠવણી કરતા'તા પણ ગોઠવણી કરતા હતા, એક્ઝેક્ટ ગોઠવણી ! મહીં કંટાળો આવે એવી જગ્યા ઊભી ના કરીએ અમે. કંટાળો એ તો કાંટા... આખા ભીષ્મપિતા પણ સૂઈ જાય, એની ઉપર તો. ભીષ્મપિતા શાની પર સૂઈ ગયા હતા ?

**પ્રશ્નકર્તા :** બાણશય્યા ઉપર સૂઈ ગયા હતા ને ?

**દાદાશ્રી :** હા, તે બાણશય્યા ઉપર સૂઈ જવું એનું નામ કંટાળો ! કાંટાની પથારી ઉપર સૂઈ જવું, એનું નામ કંટાળો ! એ તો સહન જ કેમ થાય ?

## સરપ્લસ ટાઈમ નકામો ના જાય એવી ગોઠવણી કરો

અગિયાર વાગે સ્ટેશન ઉપર ગયા, હવે રોજ અગિયારને દસે ગાડી આવે છે, અને આજે પોણા બારે આવી, તો આ બુદ્ધિશાળીઓ ત્યાં આગળ કહે, 'આ ટાઈમ નકામો ગયો ને આ ટાઈમ...' મેર ચક્કર... પાંસરો મર ને ! એડજસ્ટમેન્ટ લેવાનું સાધન હોવું જોઈએ પોતાની પાસે. એટલો ટાઈમ મારે શેમાં નાખવો, એનું સાધન હોવું જોઈએ, કે મારે

જો કોઈ એક્સિડન્ટલી (અચાનક) સરપ્લસ ટાઈમ મળે, તો મારે શેમાં નાખવો ? સરપ્લસ ટાઈમ તો મળ્યા વગર રહે જ નહીં ને, એક્સિડન્ટ તો થયા વગર રહે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** હા, કાયમ થાય.

**દાદાશ્રી :** એ તો ગાડી આવવાની રાહ જોઈને બેઠા હોય સ્ટેશન પર, તે જેને ટાઈમ કાઢતા ના આવડે તેને શું થાય ?

## રાહ જોવાની ભૂલ ખૂંચેલી, તે નીકળ્યું એડજસ્ટમેન્ટ

એક માણસને પાંચ મિનિટ રાહ જોવી હોય તો અડધા કલાક જેવું લાગે !

**પ્રશ્નકર્તા :** અને એક માણસને અડધા કલાકનો ટાઈમ પાંચ મિનિટ જેવો લાગે એટલો બિઝી રહે.

**દાદાશ્રી :** એ તો કંઈ સારા કામમાં જોડાયેલો હોય તો. આપણે અહીં આગળ છે તે લોકોને પાંચ-પાંચ કલાક એમ ને એમ જતા રહે છે. ખબર જ નથી પડતી. અને પેલું છે તે પાંચ મિનિટ અડધા કલાક જેટલી લાગે.

પહેલા તો બસો હતી ભાડાની, ખાનગી બસો. તે ઘેટાં પૂરે એમ પૂરે. તે અમારે કોન્ટ્રાક્ટના કામ પર જવાનું, તે અમે કંઈ તે દહાડે ગાડી રાખતા'તા, બા ? ગાડી કંઈથી લાવે તે ? તેય પાછું બસમાં બેસીને જવાનું. અને તે દહાડે બસો જાય, તે એક ગયા પછી કલાક પછી આવે બીજી. તે એક બસ ચૂકી ગયા ને, એટલે બધાય ત્યાં આગળ જાણે કે રાંડેલા હોય ને, એવા દેખાય ! બૈરી મરી ગઈ હોય ને, એવા બધાના મોઢા દેખાય. અને મારું પણ એવું થઈ જાય. તે પછી રાહ જોઈએ. સવા નવે આવવાની છે, કહે અને ત્યાં આગળ જઈએ, તો સવા નવને માથે આમ જો જો કરીએ, સવા નવ થઈ ગયા તોય કશું ઠેકાણું નથી પડતું, એટલે ક્યાં સુધી હવે રાહ જોવી ? એવું બે-ચાર વખત થયા પછી મેં એડજસ્ટમેન્ટ લીધું. મેં વિચાર્યું, હવે આનો ઉપાય શો ? એટલે પછી

શોધખોળ કરતા કરતા એવો નિયમ ખોળી કાઢ્યો, કે કોઈ ચીજની રાહ ના જોવી.

**પ્રશ્નકર્તા :** હા, કોઈ ચીજની રાહ નહીં જોવાની.

**દાદાશ્રી :** મેં કહ્યું, આમ આ પા કલાક છે તે કલાક જેવો લાગે છે, માટે શું કરવું ? આ તો બહુ મોટો રોગ કહેવાય. આવો સરપ્લસ ટાઈમ મળે તો શું કરવું ? કોઈ કહે, ગાડી લેટ છે ને ફલાણું એ છે, પછી તે કૉર્ટમાં ગયા, ત્યારે કહે, સાહેબ છે તે બે વાગ્યે આવવાના છે, અગિયાર વાગ્યે કેસ ચાલવાનો હતો તે. ગમે ત્યાં આગળ સરપ્લસ ટાઈમમાં શું કરવું ? એ અમે પહેલેથી ગોઠવણ કરી દીધેલી, કે બસ આવવાની લેટ થઈ તો આપણે આપણા કામમાં હોઈએ. તે બસ આવે ત્યારે મનમાં એમ લાગે કે ઊલટી વહેલી આવી.

આ તો બાવીસ વર્ષની ઉંમરે મને ખૂંચતું'તું, કે આ ટાઈમ નકામો ગયો, પા કલાક, અને તે પા કલાક તે કલાક જેવો લાગ્યો ને, તે મહીં ચૂન ચૂનાટ થયા કરે. સહન કેમ થાય એ ? કેટલાક તો એક બીડી કાઢી ને પછી સળગાવે, પછી એ પૂરી થાય. એ પૂરી તો થાય ને, ત્યારે બીજી સળગાવે. કેટલીક બીડીઓ પીવે તે ?

## ચેતો, રાહ જોવામાં છે આટલું જોખમ

અને જો રાહ જોઈએ ત્યારે તો મોઢું બગડી જાય.

**પ્રશ્નકર્તા :** હા, બગડી જાય, દાદા, બહુ સરસ આ જે એ વસ્તુ...

**દાદાશ્રી :** તે મહીં ચિઢાયા કરતા હોય.

**પ્રશ્નકર્તા :** હા, મહીં ચિઢાય પાછા રાહ જોવામાં.

**દાદાશ્રી :** હા, એવું બધું. રાહ જોનારને અમે ઓળખી જઈએ, કે આ રાહ જોઈને બેઠો છે, થાક્યો લાગે છે. રાહ જોઈને થાકીને કંટાળી ગયો હોય, બિચારો !

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** રાહ જોઈને લોકોનું મન કચરાઈ ગયેલું છે, બિચારાઓનું.

**પ્રશ્નકર્તા :** હા દાદા, મન કચરાઈ જાય.

**દાદાશ્રી :** બસમાં રાહ જોવાની, ગાડીમાં રાહ જોવાની. જુઓ ને, રાહ જોઈ જોઈને મન કચરાઈ ગયું.

ત્યાં હું સ્કૂલમાં ગયો હતો, તે માસ્તરને મેં પૂછ્યું, 'કેમ માસ્તર શું કરો છો ?' ત્યારે કહે, 'રાહ જોઈએ છીએ.' મેં કહ્યું, 'કોની ?' ત્યારે કહે, 'જુઓ ને, ચાર જ છોકરાં આવ્યા છે. ક્લાસમાં બત્રીસ છોકરાં છે.' તે રાહ જુએ બીજાની. મૂઆ, છોકરાંની તમારે રાહ જોવી પડે ? છોકરાં ગુરુની રાહ જુએ. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** છોકરાં ગુરુની રાહ જુએ.

**દાદાશ્રી :** માસ્તર ક્યારે આવશે, એની રાહ જુએ. અને આ માસ્તર છોકરાંની રાહ જુએ ! એ એની દુનિયા છે ને. દુનિયા નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, હોય.

**દાદાશ્રી :** કેમ બોલતા નથી ?

**પ્રશ્નકર્તા :** હા, ખરું, દાદા.

**દાદાશ્રી :** અને શું કરવા રાહ જોઈએ ? અકળામણ થાય, રાહ જોઈએ તો. રાહ જોઈ અને એ ચીજ ના આવે, તો અકળામણ થાય. રાહ જોવાથી અકળામણ એવી થાય કે નર્કગતિ થાય.

**પ્રશ્નકર્તા :** હંઅ, નર્કગતિ થાય એવી અકળામણ થાય !

**દાદાશ્રી :** હા... 'કહ્યું પણ આવ્યો નહીં ને, નાલાયક માણસ છે.'

**પ્રશ્નકર્તા :** હા, એવા બધા ભાવ થાય, ખોટા ભાવ થાય.

**દાદાશ્રી :** હા, એ બધા ભાવ નર્કગતિ થાય એવા જ હોય છે.

## આવું સાંભળે તો કુટેવ છૂટે ને થાય પાંસરો

કોઈ પણ વસ્તુની રાહ જોવી પડી એટલે વચલો કાળ મળ્યો આપણને. ત્યારે આ રાહ જો જો કર્યા કરે.

રાહ જોવામાં લોકો ભયંકર કર્મો બાંધે છે. એને આર્તધ્યાન કહે છે.

**પ્રશ્નકર્તા :** આર્તધ્યાન થયા કરે.

**દાદાશ્રી :** એટલે ભયંકર કર્મો બાંધે છે. અને પાછો આપણને શું કહે, 'મેં શું ખોટું કર્યું, રાહ તો જોવી પડે ને, ગાડીની', કહેશે. અલ્યા મૂઆ, ગાડીનો ટાઈમ છે ને ! ત્યારે કહે, 'પણ લેટ થઈ, એટલે રાહ જોવી પડે ને !' અરે, લેટ થઈ તો એની મેળે આવશે. એ તો એની ગરજે આવશે, તારી ગરજે આવવાની નથી. મૂઆ, પાંસરો બેસ ને ! પણ ના બેસે કોઈ દહાડો, નહીં ?

**પ્રશ્નકર્તા :** ના બેસે, કોઈ દહાડો.

**દાદાશ્રી :** 'એ રાહ તો જોવી પડે ને', કહેશે.

**પ્રશ્નકર્તા :** એ જાણે છે, કે સ્ટેશન પર આવશે ને ડબ્બો આવશે ત્યારે બેસવાનું છે, તોય આમ આમ જોયા કરે.

**દાદાશ્રી :** ના, અને ત્યાં સુધી સ્ટેશન પર, પ્લેટફૉર્મ પર જ જો જો કર્યા કરે. ચા પીએ નહીં, નાસ્તો કરે નહીં ને ત્યાં જોયા કરે. પછી પ્લેટફૉર્મ ઉપર ફરીને પાછો આમ જોઈ આવે, 'આવી ? દેખાઈ કે નહીં, ગાડી દેખાઈ કે નહીં ? પેલું દેખાય... એન્જિન દેખાય છે.' અને ત્યાં એન્જિન કશું હોય નહીં. આમાં રો-કકળાટ થાય. શું થાય ?

હવે એક ફેરો આવું સાંભળે ને, એટલે એ કટેવ છૂટી જાય.

**પ્રશ્નકર્તા :** હા, છૂટી જાય.

**દાદાશ્રી :** તરત યાદ આવે, કે આ જુઓ ને, દાદાજી કેટલું વગોવતા'તા ! જરાક પાંસરો રહે કંઈક, પહેલા કરતા. મૂળ પાંસરો રહેવાની ટેવ જ નહીં આ હિન્દુસ્તાનના લોકોને !

## સ્પીડી રિવોલ્યુશન તે પળની રાહ પણ જોવી અઘરી લાગે

રાહ તો કોઈની જોવી નહીં આ જગતમાં. અક્રમ વિજ્ઞાન શું કહે છે ? રાહ કોઈની જોવી નહીં. રાહ જોવાની થાય એટલે ગોઠવણી કરી દેજો, નહીં તો રાહ મારી નાખશે. રાહ જોવામાં એક મિનિટ કલાક જેટલી લાગશે. કો'કની રાહ જોશો તો એક મિનિટ કેવી લાગશે ?

**પ્રશ્નકર્તા :** કલાક જેટલી.

**દાદાશ્રી :** એટલે તે ઘડીએ ગોઠવણી કરી દેજો આત્માના ઉપયોગની. આ તો હું જ્ઞાન થતા પહેલા શીખેલો. મારે પોસાય નહીં બહુ, કારણ કે રિવોલ્યુશન સ્પીડી બહુ. એક મિનિટના પાંચ હજાર રિવોલ્યુશન. કેટલા ?

**પ્રશ્નકર્તા :** પાંચ હજાર રિવોલ્યુશન.

**દાદાશ્રી :** આ જેમ કોઈ એન્જિનમાં પંદરસો રિવોલ્યુશન હોય છે, કોઈ બારસો રિવોલ્યુશન, કોઈ ત્રણ હજાર, અમારે પાંચ હજાર રિવોલ્યુશન ! શી રીતે પોસાય આવું રાહ જોવાનું ? લોક જે રાહ જુએ છે ને, એ અને મારે રાહ જોવામાં બહુ ફેર છે. લોક રાહ જુએ છે, તે એમને ત્રણ મિનિટ રાહ જોવાની થાય ને, તો ત્રણ મિનિટ સારી રીતે જોઈ શકે. મારે ત્રણ મિનિટ ત્રણ કલાક જેવી લાગે મને. એટલે મારે કેટલી બધી અસર પડે, અડધો કલાક મોડું થયું હોય તો ! એટલે મારે મશિનરી ગોઠવું નહીં તો મુશ્કેલી ઊભી થાય. મારી ત્રણ મિનિટ ત્રણ કલાક જેટલી ગોળ ફરે. તમારે ત્રણ કલાકની એકસો એંસી મિનિટો થઈ તમારી. અને મારે તો ત્રણ મિનિટની એકસો એંસી મિનિટ થઈ. મારી પળ ને તમારી મિનિટ બે સરખી છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** એટલે મેળ શી રીતે પડે ? તમારી મિનિટ કાઢવી અઘરી એટલી મારે પળ કાઢવી અઘરી. એટલે મારે તો ગોઠવ્યે જ છૂટકો ને ! નહીં તો બળતરા ઊભી થાય ને, જબરજસ્ત ! શી રીતે સહન થાય ?

એટલે મેં ગોઠવી દીધેલું આવું. તે ઘડીએ ગોઠવણી ઊંચી કરી દીધેલી. તે ભલે ને, અડધો કલાક લેટ થવાની હોય ગાડી. નિરાંતે, આપણે એવી ગોઠવણીમાં હોઈએ, ગાડી આવે ત્યારે એ ગોઠવણી બંધ ને અંદર બેસી જવાનું. એ અમને પહેલેથી આવડી ગયેલું. કોઈ ગુરુએ નહીં શિખવાડેલું પણ એ આવડી ગયેલું પહેલેથી.

## આવો ફ્રી ઑફ કૉસ્ટ ટાઈમ મળતો નથી

તમે રાહ જોતા હોય ને હું મારે આમ જોતો હોઉં, મારીય બસ આવે ને તમારીય આવે.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** મારી બસ નહીં આવતી હોય ?

**પ્રશ્નકર્તા :** આવે.

**દાદાશ્રી :** રાહ ના જુએ તેની ?

**પ્રશ્નકર્તા :** તેનીયે આવે. પેલો રાહ જોયા કરે અને આપ આપના ઉપયોગમાં હો ને બસ તો બેઉની આવે.

**દાદાશ્રી :** તે દહાડે આ જ્ઞાનનો ઉપયોગ નહીં પણ સંસારના ઉપયોગમાં હોય.

**પ્રશ્નકર્તા :** તે વખતે દાદા, એ કયો, એ સંસારનો ઉપયોગ ?

**દાદાશ્રી :** સંસારનો, એની ગોઠવણીમાં. કોઈ કહે, 'હમણે જ બસ ઊપડી ગઈ', એટલે આપણે જાણીએ કે પા-અડધો કલાક છે હવે. ત્યારે બીજી ગોઠવણીમાં મૂકી દઈએ.

**પ્રશ્નકર્તા :** હા, હા, બરોબર છે.

**દાદાશ્રી :** એવું ગોઠવણી વગર ચાલતું હશે ?

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, અમારી બાબતમાં તો રાહ જોઈએ એટલે ડાફોળિયા મારીએ એના જેવું. બીજી બસ આવે ત્યાં સુધી એ રાહ જોવાની

એટલે ડાફોળિયા જ માર્યા કરીએ. તે આ આને આવતા જોઈએ, તેને આવતા જોઈએ, આમ જોઈએ, તેમ જોઈએ...

**દાદાશ્રી :** અમે એવું ના કરીએ. એવું બધા કરતા હોય તેને અમે જોઈએ ખરા, કે ડાફોળિયા મારે છે બિચારા, બેભાન લોકો છે. એવું જાણીએ ખરા અમે. અરે ! કેટલાક તો અડધો કલાક ગાડી મોડી થયેલી હોય, તે ત્યાં હોરો જઈને પાછો જોઈને... અરે મૂઆ, પણ આવશે તો અહીં નહીં આવે ? તું ત્યાં જોઉં એ કંઈ અગાઉથી જોવા જઉં છું ? એન્જિન દેખાય છે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** સિગ્નલ તરફ જુએ. હા, સિગ્નલ તરફ.

**દાદાશ્રી :** એટલે અમે એને ઊંચામાં ઊંચો ટાઈમ કહ્યો. આ મારી શોધખોળ છે, કે રાહ જોવાનો ટાઈમ જેવો આ દુનિયામાં કોઈ ટાઈમ નથી. રાહ જોવાનો જે ટાઈમ મળે છે ને, એવો ટાઈમ કોઈ દુનિયામાં છે નહીં, આ મારી શોધખોળ છે ! કોઈ પણ વસ્તુની રાહ જોવાની થઈને એવો ટાઈમ સરપ્લસ મળતો નથી. ફ્રી ઑફ કૉસ્ટ !

**પ્રશ્નકર્તા :** હા, સાચી વાત છે. એનો સદુપયોગ થઈ શકે.

**દાદાશ્રી :** નહીં, પાછો ફ્રી ઑફ કૉસ્ટ એવો ટાઈમ મળતો નથી. એટલે આ અમારી શોધખોળ પહેલેથી. પછી તો ત્રણ કલાક થાય તોય આપણે કંઈ વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** હા, એનો કંઈ વાંધો નહીં.

**દાદાશ્રી :** જગત આમાં જ કચડાઈ રહ્યું છે બિચારું.

**પ્રશ્નકર્તા :** હા, એમાં જ કચડાઈ રહ્યું છે.

**દાદાશ્રી :** ત્રીસ-ચાલીસ વર્ષથી મેં કોઈ ચીજની ક્યારેય રાહ જોઈ નથી. હું ઊભો રહું, ટ્રેન ઉપર ગયા હોઈએ તો, હું ટ્રેનની રાહ ના જોઉં. જે વસ્તુની રાહ જુઓ તે આઘી ઠેલાય ને જેની રાહ ના જુએ તો તે ઝટ ઉપર આવીને પડે.

**પ્રશ્નકર્તા :** ગાડી મોડી પડે તો તમને કોઈક વાર તો કંટાળો આવતો હશે ને ?

**દાદાશ્રી :** મારે ગાડી મોડી થતી જ નથી, લોકોને એવું થાય. આ તો મેં અજ્ઞાન દશામાં શોધખોળ કરેલી. કારણ કે જેને બહુ અસર થાય તે શોધખોળ કરાવે. એટલે મેં શોધી કાઢેલું, કે જેનો ઉપાય જ નથી તેની અસર શું ? તેનું દુઃખ શું ? તેથી અમે એવા સમયે વાગોળવાનો ઉપાય મૂકી દઈએ. એટલે મને એની અસર ના થાય. જ્ઞાન થયા પછી વાગોળવાનું ના રહે. અમારે લેટ હોતું જ નથી. અમારે બધું વ્યવસ્થિત જ છે.

## રાહ જોવી હોય તો મરણની રાહ જોવી, તે જાગૃતિ રહે

અમને તો નાનપણથી કોઈ લાલચ જ નહીં. ભગવાન આવવાના હોય તોય તે અમે રાહ જોયેલી જ નહીં. ભગવાન આવવાના હોય તો તે તેને ઘેર રહ્યા. અમે તો ભગવાન અને હું એકાકાર હોઈએ તો જ જોઈએ. જ્યાં ભગવાન જુદો ને તમે જુદા, ત્યાં રાહ શાની અને કોની જોવી ?

હું તો અજ્ઞાની હતો તોય રાહ નથી જોઈ. રાહ જોવી એ તો મોટો ગુનો. રાહ જોવા જેવી ચીજ છે એક, તેની લોકો રાહ જોતા નથી અને રાહ નહીં જોવાની, તેની રાહ જુએ છે. શું કરે છે ?

**પ્રશ્નકર્તા :** કોની રાહ જોવી જોઈએ ? એક વસ્તુ જેની રાહ જોવી જોઈએ, એ કઈ વસ્તુ ?

**દાદાશ્રી :** એ તો મરણની. આપણે મરણ છે એની રાહ જોઈએ અને સંસારના કામ કરતા જઈએ ને રાહ જોતા જવાનું. એટલે જાગૃતિ રહે આપણને. શું કહ્યું ? મરણ યાદ રહે તો જાગૃતિ રહે કે ?

**પ્રશ્નકર્તા :** રહે, જાગૃતિ રહે, દાદા.

**દાદાશ્રી :** કે સંસારમાં પેસીને ભૂલી જાય ?

**પ્રશ્નકર્તા :** ના, જાગૃતિ રહે.

**દાદાશ્રી :** સંસારમાં ઘૂસે જ નહીં ને પછી ?

**પ્રશ્નકર્તા :** મરણની જો સતત રાહ જુએ ને, તો બરાબર જાગૃતિ રહે, દાદા.

**દાદાશ્રી :** મરવાનું ભૂલી જાય છે. મરવાની રાહ નથી જોતો, તેથી જ આમાં પેસે છે ને ? મરણની રાહ નહીં જોવી એ તો બહુ મોટામાં મોટી અજાગૃતિ કહેવાય.

## રાહ નહીં પણ શુદ્ધ પ્રેમ, તેથી લાગણીથી પૂછે

**પ્રશ્નકર્તા :** તમે કાલે મહાત્માઓની રાહ જોઈ હતી ને, દાદા.

**દાદાશ્રી :** મિનિટેય રાહ તો કોઈ દહાડો મેં જિંદગીમાંય જોઈ નથી, તો મને શી રીતે કહેવડાવો છો ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** જ્ઞાન નહોતું તે દહાડેય રાહ નહોતી જોઈ, તો અત્યારે શી રીતે કહેવડાવો ? કારણ કે હું રાહ જોઉં ને, તો મને પેલા ટેન્શન ઊભા થઈ જાય. શું થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** ટેન્શન ઊભું થઈ જાય.

**દાદાશ્રી :** અમારે રાહ-બાહ ના જોવાની હોય. અને અમે રાહ જોઈએ ને, એટલે તમે જવાબ પૂછો તો ઊંધો જ નીકળે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ગમે તે ટાઈમે, ગમે તે પ્રશ્ન પૂછો તો ઍક્ચુઅલ જવાબ મળે, એનું શું કારણ ? કોઈની રાહ જોતા જ નથી, મૂળ જગ્યા પર જ રહે છે.

**પ્રશ્નકર્તા :** મુક્ત દશામાં જ કાયમ ! સદા વિમુક્ત દશામાં ! પણ દાદા, ઘણીવાર તમે પૂછતા હો છો, કે 'ભઈ આવ્યા ? શાહ સાહેબ આવ્યા ? ફલાણા આવ્યા ?'

**દાદાશ્રી :** એ હું બોલું ખરો, એ તો જ્ઞાન છે ને ! 'આવ્યા કે નહીં આવ્યા ?'

**પ્રશ્નકર્તા :** 'હજુ કેમ આવ્યા નહીં ?'

**દાદાશ્રી :** હા, 'હજુ કેમ આવ્યા નહીં ?' એમેય કહું, કે 'ભઈ, શું કારણથી આવ્યા નહીં ?' ત્યારે કહે, 'શિરીષભાઈને ત્યાં ગયા છે.' એટલે એ જ્ઞાન અમે પૂછીએ અને જ્ઞાન સાંભળીએ. અમે પૂછીએ, 'શાહ સાહેબ આવ્યા કે નથી આવ્યા ? એ ક્યાં છે ? ક્યારે આવશે ? કેમ હજુ આવ્યા નથી ?' પેલો સામો શું જાણે ? એ તો જાણે કે ઓહોહો ! દાદાજી તો એમના તાનમાં જ છે. એ કોઈના તાનમાં રહે, તો દાદાજી રહે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** દાદાજી ના રહે, બરાબર.

**દાદાશ્રી :** એ ખોવાઈ ગયા કહેવાય.

**પ્રશ્નકર્તા :** 'દાદા' ખોવાઈ ગયા કહેવાય, રાઈટ.

**દાદાશ્રી :** અમે ખોવાઈએ નહીં ને ! એ તો બધું લાગણીનું કામ. જે બોલે છે, એ લાગણી બોલે છે.

**પ્રશ્નકર્તા :** 'લાગણી બોલે છે', એટલે એ ના સમજાયું.

**દાદાશ્રી :** એમના પ્રત્યેની લાગણી, સારી લાગણી બોલે છે. એમના તરફ ભાવ, પ્રેમ, એ બોલે છે. પણ પછી બીજું કશુંય નહીં. કારણ શુદ્ધ પ્રેમ છે, ચડ-ઊતર થાય નહીં.

**પ્રશ્નકર્તા :** હં, શુદ્ધ પ્રેમ દાદાનો !

**દાદાશ્રી :** હં. અને સંસારી પ્રેમ હોય તો ખોવાઈ જ જાય એ. આ વાત સાચી છે અમારી ?

**પ્રશ્નકર્તા :** હા, તદ્દન સાચી છે વાત !

## ત્યારે ડાફાં નહીં મારવાના ને જોવાના બધામાં શુદ્ધાત્મા

**દાદાશ્રી :** આપણે શુદ્ધાત્માની પ્રાપ્તિ કરી છે. આપણે કોઈની રાહ ના જોઈએ. રાહ જોવી એ ભયંકર કુમતિનું કારણ છે.

**પ્રશ્નકર્તા :** રાહ જોવી એ કુમતિનું કારણ કઈ રીતે ?

**દાદાશ્રી :** રાહ જોવામાં વીસ વર્ષની મહેનત તૂટી જાય, એટલું નુકસાન છે. જુઓ ને, આ ઈલેક્ટ્રિસિટી ગઈ, તે તેની રાહ ના જોવી. રાહ જોવા જાઓ તેમાં આર્ત અને રૌદ્રધ્યાન થાય. અર્ધો કલાક રાહ જોવામાં વીસ વરસની મહેનત નકામી જાય. રાહ જોવાનો વખત આવે તો એડજસ્ટમેન્ટ લઈ લેવું. આપણે જ્ઞાની થયા, તે હવે જ્ઞાનીને કોઈનીય અને કશાનીય રાહ જોવાની ના હોય. તેવા વખતે પોતાના સ્વરૂપમાં પેસી જવું ને ઉપયોગમાં રહેવું. આ તો અમારી નાની ઉંમરની શોધખોળ છે. આ બસ મારી રાહ જુએ કે હું બસની રાહ જોઉં ? બસ પહેલી કે હું પહેલો ? દુનિયા ઊંધી થાય કે છતી થાય પણ આપણી શક્તિ ના વેડફાવી જોઈએ. અલ્યા, બસ પહેલી કે આપણે પહેલા ? આ તો પાછા મૂઆ દોઢડાહ્યા, તે લક્ષ્મીની પણ રાહ જુએ છે !

રાહ જોવામાં ભયંકર જાગૃતિ હોય, તે એ જાગૃતિથી ભયંકર નુકસાન કરી બેસે એક કલાકમાં તો ! 'ટાઈમ એન્ડ ટાઈડ વેઈટ ફૉર નો મેન' (સમય અને ભરતી કોઈ માણસની રાહ જોતા નથી). મારેય એવું છે. આ રાહ જોવામાં જે એલર્ટનેસ હોય છે, તે બહુ ટૉપ પરની હોય છે.

રાહ જોવામાં ટોચ ઉપરની જાગૃતિની તીક્ષ્ણતા હોય. એવી જો જાગૃતિ આત્મામાં હોય તો કામ જ નીકળી જાય. ટૉપ પરનો ઉપયોગ રહે. અમારે ટોચ ઉપરની જાગૃતિની તીક્ષ્ણતા આત્મા માટે હોય. આ રાહ જોવાથી તો લોકોની શક્તિઓ ખલાસ થઈ ગઈ છે !

આ બધી હાયવોય શેના માટે કરવાની ? બસ માટે ઊભા રહ્યા હોય અને બસ ના આવે તો લોક આમ જો જો કર્યા કરે. આમ જુએ, આમ જુએ, ડાફાં માર્યા કરે. આપણે શુદ્ધાત્માનું ધ્યાન કર્યા કરીએ. લોકો બધા ઊભા હોય એનામાં શુદ્ધાત્મા જોયા કરીએ, ત્યાં સુધી તો બસ આવીને ઊભી રહે. બધાનામાં શુદ્ધાત્મા જોઈએ, આપણે આપણું શુદ્ધાત્માનું ધ્યાન કર્યા કરીએ, એટલે આપણો ટાઈમ નકામો જાય નહીં.

આ તો જ્ઞાન મળેલું હોય તેની માટે. મને એક મિનિટ નવરાશનો ટાઈમ નથી મળતો. એક સેકન્ડેય નહીં ને ! સેકન્ડેય મળ્યો નથી. એટલે તમેય પણ ત્યાં આગળ ઊભા રહ્યા હોય, તો ડાફાં મારવાનું શું કામ ? આપણી પાસે બધું જ્ઞાન છે ને, એટલે બધા ઊભા હોય તેનામાં શુદ્ધાત્મા જોઈએ, જતા-આવતા હોય તેનામાં શુદ્ધાત્મા જોઈએ, બસો જતી હોય તેની મહીં બેઠેલા હોય, તેનામાં શુદ્ધાત્મા જોઈએ. એમ કરતા કરતા આપણી બસ આવીને ઊભી રહે. અને જગતના લોકો તો ડાફાં માર્યા જ કરે. આમ જુએ, તેમ જુએ, અને પછી મહીં અકળાયા કરે. મહીં અકળામણ થાય બિચારાને. બસ ના આવે એટલે અકળામણ થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, અકળામણ થાય કે ન થાય, બસ આવવાની હોય ત્યારે જ આવવાની છે એ તો.

**દાદાશ્રી :** એટલે આપણો ઉપયોગ શા માટે બગાડીએ ? ગાડી લેટ થઈ હોય તો બધા પેસેન્જરોના શુદ્ધાત્મા જો જો કરીએ, તો કેટલો બધો આનંદ થાય ! ગાડી લેટ થઈ હોય તો લોક ડાફાં માર માર કરે ! આવ-જા, આવ-જા... અને આપણે બધાનામાં શુદ્ધાત્મા જોઈએ તો નવરાશ ના મળે, નહીં ? એ વાપરવું જોઈએ ને, હથિયાર ? નહીં તો હથિયાર કાટ ખાઈ જાય.

એટલે અમે એવું કહેલું, રાહ કોઈની જોશો નહીં. ઊભા રહેજો ને શુદ્ધાત્મા જો જો કરવા પણ આપણે રાહ જોશો નહીં. એક ક્ષણ બગડે નહીં એવું આ વિજ્ઞાન આપ્યું છે ! રાહ તો જોવી જ ના પડે.

## થાય દોષો ચોખ્ખા ને અકળામણને બદલે આનંદ છૂટે

તમે રાહ જુઓ ત્યારે શું કરો છો ?

**પ્રશ્નકર્તા :** ના, હવે તમે આ રાહ નહીં જોવાનું કહ્યા પછી, પંદર-વીસ મિનિટ સુધી વાર હોય તો પછી દાદાનું નામ લઈએ, દાદાને યાદ કરીએ બેઠા બેઠા.

**દાદાશ્રી :** હંઅ, એવું કંઈક ગોઠવો છો ને ?

**પ્રશ્નકર્તા :** એવું ગોઠવ્યું છે. તે અતઃથી ઈતિ સુધી, એ પંદર-વીસ મિનિટ સુધી તો એમાં ચાલ્યું જાય છે. દાદા અતઃથી મળ્યા, તે અતઃથી ઈતિ લગી દાદાની જોડે બેઠા બેઠા વાતો કરીએ, એમ કરીએ. એ બધા જૂના દશ્યો હાજર કરીએ.

**દાદાશ્રી :** હા, હા, અડધો કલાક તમે એમાં ખેંચી કાઢો.

**પ્રશ્નકર્તા :** અડધો કલાક તો દાદાની આજુબાજુ ચાલ્યા કરે.

**દાદાશ્રી :** પણ પાછું કલાક હોય તો શું કરો ?

**પ્રશ્નકર્તા :** કલાક-દોઢ કલાક થાય, પાછું છાપું વાંચીએ કે ચોપડી લઈએ, એવું વાંચીએ. જોડે વાંચવાનું રાખીએ છીએ, એમાં ટાઈમ જાય.

**દાદાશ્રી :** હા, એ બરોબર છે. રસ્તો આ જ છે.

**પ્રશ્નકર્તા :** હવે બધા કહે છે, કે દાદાના ફોટાનું નિદિધ્યાસન કરવું, તો મને તો એકલા ફોટા ઉપર કંઈ મારું ચિત્ત બહુ ચોંટે નહીં.

**દાદાશ્રી :** બરોબર છે.

**પ્રશ્નકર્તા :** એટલે પછી દાદાની જોડે વાતો કરતો હોઉ.

**દાદાશ્રી :** હા, વાતો કરવાની.

**પ્રશ્નકર્તા :** હા, વાતો કરતો હોઉ એમ કરું. જૂના પ્રશ્નો કહું, ઉલ્લેખું.

**દાદાશ્રી :** એના જેવું એકુંય નહીં.

એક ફેરો એક સ્ટેશન પર મનને કશુંય કામ ના મળ્યું, જ્ઞાન થયા પછી. બધું કામ તો આપી ચૂક્યા'તા. પછી શું થાય ? એટલે પછી મેં કહ્યું, આ ગામમાં આપણે પટેલ કોમમાં જન્મ્યા, ત્યાં લોકો જોડે આપણે બહુ વિરોધાભાસ કર્યા હતા અને રાગ-દ્વેષ કર્યા હતા અને લોકોની મશ્કરીઓ કરી હતી. લૂલિયો હોય તો હસતા હતા આમ આમ... અને આપણે પાછા આમ આમ કરવા લાગીએ. (દાદાશ્રી લંગડાવાની એક્શન

કરે છે.) અને એવી જાતજાતની મશ્કરીઓમાં પડ્યા'તા લોકોની. અને હરીફનો દ્વેષ પાછો. આ મોટો ને આ નાનો ને એના દ્વેષ. નાનાને તો જાણે હું સાચવતો જ આવ્યો છું. અન્ડરહેન્ડને તો હું સાચવતો જ આવ્યો છું. પણ અપરહેન્ડ થવા ગયેલા ને, એ બધાને છે તે ચાબખા માર માર કરેલા. 'હું ગામમાં મોટો ને આ નાના', એવું કોઈએ કહ્યું કે એ કહેનારનું આવી બન્યું ! જાણે આપણા હાથમાં અધિકાર ના હોય ! પણ મોઢેથી નહીં પણ મહીં, વિચારોથી એને ગાળો દે દે કરીએ ને ઊંધું કરીએ ને, એનું. સમજ પડીને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તે બધાનું, તે હું તે દહાડે નવરો પડ્યો ને, ત્યારે મેં કહ્યું, આ બધો હિસાબ ચૂકવો આપણે આખા ગામનો.

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણ કર્યા.

**દાદાશ્રી :** તે સાત કલાક થયા એ હિસાબ ચૂકવ ચૂકવ કરતા. અને એ સાત કલાક પછી જે આનંદ છૂટ્યો છે, તે હું સમજી ગયો, કે આ તો હિસાબ જ ચૂકવવામાં જો આનંદ હોય, તો એ લોક... જગત હજુ સમજ્યું જ નથી !

આવી કોઈ ને કોઈ જાતની ગોઠવણી મૂકી દઈએ, કે અમુક જગ્યાએ આ બાકી રહી ગયું છે આટલું, અમુક જગ્યાએ આ રહી ગયું છે બાકી. રાગ-દ્વેષ જ્યાં થયેલા હોય પહેલા, એના પ્રતિક્રમણ કરીને, નોંધ કરીને પૂરું કરવું પડશે ને ! અને એ ચોખવટ કરવામાં જે આનંદ આવે, એના જેવો તો કોઈ આનંદ જ નથી ! રાગ-દ્વેષ થઈ ગયા એ તો અજ્ઞાનતામાં થયા પણ હવે જ્ઞાન મળ્યા પછી આપણે એને જો ધોઈએ નહીં, એ કપડાં પેટીમાં મૂકી રાખીએ તો ?

તમે તો બહુ મૂકી રાખ્યા પેટીમાં, નહીં ? જોજો ને, મહીં ડાઘ-બાઘ પડેલા હશે !

પછી ફ્રેન્ડ સર્કલ પકડવું, પછી આ સર્કલ પકડવું. કામ તો બધું

બહુ છે. એ મનને કયું કામ આપવાનું ? ત્યારે કહે, સંસાર સંબંધના હેતુ માટે નહીં. સંસાર સંબંધના હેતુ માટે તો વેપારીઓ છે તે પછી મનને છે તે ચલાવડાવે. 'આવતી સાલ આમ કરીશું, પછી ત્યાં ગોડાઉન બાંધીશું, પછી એ કરીશું.' તે એમાં બે-ચાર કલાક કાઢે ને, તો એને આનંદ તો પુષ્કળ થાય. પણ એ વધારે ને વધારે સપડાતો જાય. કારણ કે હેતુ સંસાર સંબંધી છે. અને આ સંસાર સંબંધી નથી, સંસારમાંથી છૂટા થવાનો હેતુ છે. સંસારના ડાઘ પડેલા ધોઈ નાખવાનો છે હેતુ, એટલે તો એ બહુ મોટી પ્રતિક્રિયા કહેવાય ને ! આ તમારો ટાઈમ આમાં ગયા પછી એટલો આનંદ છૂટશે, એટલો આનંદ છૂટશે, કે 'હારું, આટલો બધો આનંદ તો કોઈ દહાડો છૂટ્યો જ નહોતો !'

## દાદા સ્વઉપયોગમાં ક્ષણે ક્ષણે

આપણે રાહ જોવાનું હોય નહીં. આપણું વિજ્ઞાન રાહ જોવાને માટે છે જ નહીં. હું તમારી જોડે વાતો કરતો કરતોય રાહ નથી જોતો, કે ફરી હવે શું વાત પૂછશે તે ! હું મારા કામમાં હોઉં.

તમારા બધાની જોડે અગિયાર વાગ્યા સુધી, સાડા અગિયાર સુધી જાગ્યો હોઉં ને, તમે જાણો કે અમે બધા જાગ્યા છીએ ને દાદાય જાગ્યા છે, પણ દાદા એમના કામમાં હોય. અને તમારી જોડે વાત કરતા જાય, એમનું કામ કરતા જાય. દાદા ઘડીવાર ચૂકે નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, એ કેવી રીતે, જરા સમજાવો.

**દાદાશ્રી :** કો'કે આઈન્સ્ટાઈનને પૂછ્યું, કે 'તમારે મારી રાહ જોવી પડે એ તો ખોટું કહેવાય.' ત્યારે એ કહે, 'ના, મારી તને રાહ જોવી પડે ને, તે ખોટું કહેવાય.' ત્યારે પેલો કહે, 'ના, ના, ના, તમારો ટાઈમ બગાડવો ?' ત્યારે એ કહે, 'ના, અમારો ટાઈમ બગડે નહીં ને ! અમે તો ત્યાં આગળ લેબોરેટરીમાં જ હોઈએ. તે લેબોરેટરીમાં ના જઈએ ને અમે બહાર બાંકડા પર બેઠા હોય ને, તે પણ અમે લેબોરેટરીમાં જ હોઈએ. એટલે અમારો ટાઈમ બગડેલો હોય જ નહીં. તારો ટાઈમ બગડે છે.' એવું અમારે તો નહાતી વખતેય ટાઈમ ના બગડે. કશામાં અમારો ટાઈમ બગડે

નહીં કોઈ જગ્યાએ. એક ફક્ત આ વાતચીત કરીએ, તે વખતે એકધારું કામ, એક જ બાજુનું. નહીં તો બે કામ સાથે ચાલ્યા કરે. નહાવાનુંય ચાલે ને પેલુંય ચાલે. સૂવાનુંય ચાલે ને પેલુંય ચાલ્યા કરે. બોલતી વખતે ના ચાલે. કેટલાક વખત તો બોલતી વખતેય ચલાવી લઈએ. નહીં તો અમને તો ઊંચકીને અહીં નીચે લઈ જાય, તો ઊંચકનારો ઊંચકે ત્યારે મારે એમ ને એમ બેસી રહેવું મહીં ? ના બેસી રહીએ, અમે મિનિટેય ના બેસીએ. આ કંઈ બેસવા આવ્યા છો, આની મહીં ખુરશીમાં ? એક મિનિટેય બેસી રહીએ નહીં.

મનુષ્યપણાની એક મિનિટ કમજરે (એળે) કેમ જવા દેવાય ? જે મિનિટ દેવલોકો ખોળે છે !

તમે બસની રાહ જોયેલી કે ?

**પ્રશ્નકર્તા :** રાહ જોઈએ, શુદ્ધાત્મા પછી જોઉં. બસની રાહ જોઈએ છીએ, પણ આમ બધા હોય ને, એમના શુદ્ધાત્માના દર્શન કરું.

**દાદાશ્રી :** પહેલાની વાત ?

**પ્રશ્નકર્તા :** પહેલા તો બહુ રાહ જોયેલી. પહેલા તો બધી ભૂલોથી ભરપૂર.

**દાદાશ્રી :** કારણ લોકરીતિ જાણી છે, પોતાની રીતિ જાણતા નથી. મહીં રીતિ પાર વગરની છે, પણ પોતાની રીતિ કાઢે તો ને ! મહીં અનંત શક્તિ છે, પાર વગરની શક્તિ છે !

## પોતાના માટે કરેલી શોધખોળ પણ કામ બધાને લાગે એવી

આ અવતારમાં જે સંયોગ થવાનો છે, એ સંજોગ અજ્ઞાનીનેય થવાનો છે અને જ્ઞાનીનેય થવાનો છે. સંજોગ તો બેઉનેય થવાનો છે. પણ જ્ઞાનીને શું થાય, કે રાહ જોયા વગરનો થાય, અને પેલો રાહ જોઈ જોઈને પૂરું કરે. એટલે કે એને સંયોગનું જે સુખ છે, એ રાહ જોવામાં જ વપરાઈ ગયું હોય. રાહ જોવામાં જે દુઃખ છે, તેનું ફળ મળે પેલું. અને પેલાનું છે તે, જે રાહ જુએ નહીં એને તો સુખ જ હોય ને !

**પ્રશ્નકર્તા :** બરોબર. રાહ જોવે એમાં દુઃખ આવ્યું ને, એને ?

**દાદાશ્રી :** નર્યું દુઃખ, બહુ દુઃખ. એક પા કલાક તો બસની રાહ જોઈ જોજો. એક પા કલાક, એવું બીજું દુઃખ જ ના હોય કોઈ. બધી જ ચાલાકી કૉમન એમાં જ વપરાઈ જાય. આંખની, કાનની બધી જ ચાલાકી એમાં વપરાઈ જાય.

**પ્રશ્નકર્તા :** સાચી વાત, દાદા.

**દાદાશ્રી :** એટલે અમે નાનપણથી ગોઠવી દીધેલ. એ રીતે સબ્સ્ટિટ્યૂટ (અવેજી) મૂકી દીધેલું હોય. સબ્સ્ટિટ્યૂટેય છેવટે તરંગમાં રાચવાનું, પણ એ નહીં. તરંગમાં ખરી રીતે નહીં રાચવું જોઈએ, પણ જો સાધનમાં કશું સાધન ના હોય તો તરંગમાં રાચવાનું. પણ એ નહીં જોઈએ, રાહ જોવાનું છે તે.

**પ્રશ્નકર્તા :** રાહ જોવાના દુઃખમાં નહીં.

**દાદાશ્રી :** ભયંકર આતાપના થઈ ગયેલી. એટલે શોધખોળ કરેલી, કે આ ન જ પોસાય. પોસાય જ નહીં આપણને, કોઈ પણ રસ્તે. અને એક બસ ગઈ, તો બીજી એને ટાઈમે આવીને ઊભી રહે. અને તે શું એના ઠેકાણા ? રાહ જોનાર આપણે, એ કંઈ રાહ જુએ છે ? આપણી શી દશા થાય ? એટલે એ આપણી રાહ જુએ ત્યાં સુધીની આપણે સ્થિરતા ગોઠવી દેવાની ત્યાં. એ આપણી રાહ જુએ, કે ક્યારે ભઈ મળી આવે ? એ તો આ રાજા તો 'આપણે' છીએ, 'બસ' કંઈ રાજા છે ? પણ રાજાપણું કરતા ના આવડે ત્યારે શું થાય તે ? મેં તો ભોગવ્યું છે રાજાપણું કેટલુંય ! જ્યાં ને ત્યાં આવું આવે. સાહેબ કહેશે, 'હમણે નહીં, બેસાડી દો બહાર.' બહાર બેસી રહીએ પણ ગોઠવી દીધું. તે ચા-બા પીઈએ. જ્યારે બોલાવે તે ઘડીએ સાચું. એ ફાવે નહીં, મૂળથી ફાવે નહીં. મગજ ખસી જાય ત્યાં. પણ શું થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ તો સંસારના દુઃખનો કોયડો ઉકેલી નાખ્યો આપે. બહુ સરસ છે.

**દાદાશ્રી :** એ આખોય ઉકલી જાય ને ! કોયડો ઉકલે દુઃખનો ને પાછો મોક્ષે જાય છે.

**પ્રશ્નકર્તા :** હા, પછી મોક્ષે જાય છે. આ વાત એવી જ છે.

**દાદાશ્રી :** મૂળ શોધખોળ તો મારા પોતાના હારુ કરી હતી, પણ તે બધાનું કામ કાઢી લે એવું છે !

## જ્ઞાન સાથે બુદ્ધિકળા ફ્રી, વ્યવહારમાં સમતા રહે માટે

એટલે અમને બધી બાબતમાં આવું જડેલું, દરેક બાબતમાં. એને બોધકળા કહેવામાં આવે છે. અને અત્યારે આ જ્ઞાનકળા ઊભી થઈ. એટલે પેલો વ્યવહાર છે તે આખો બોધકળાથી ચાલેલો.

**પ્રશ્નકર્તા :** ચાલેલો, હા બરોબર છે. પણ એ બોધકળા વ્યવહારથી જ્ઞાન જ કહેવાય ને ?

**દાદાશ્રી :** હા, એ જ્ઞાન જ છે, વ્યવહારથી. પણ આત્માને કશી લેવાદેવા નથી. આ સંસારને હેલ્પિંગ છે. અને આત્માને હેલ્પિંગ કઈ દૃષ્ટિએ, કે એ એના થકી જે ઉત્પન્ન થનારી સમતા, તે આત્માને હેલ્પિંગ છે. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** હં. એટલે ઉપકારી, દાદા.

**દાદાશ્રી :** અને ઉત્પન્ન થનારી વિષમતા એ આત્માને નુકસાનકારક છે. તે વિષમતામાંથી સમતામાં લાવ્યા. અને સમતા લાવવી સહેલી નથી. લોક કહે, આમ થાય તો સમતા રાખો, સમતા રાખો... અલ્યા, પણ શી રીતે રહે ? મારે આ ઉઘરાણી છે પાંચ લાખની, પેલો ના આપે તો મને સમતા શી રીતે રહે ? ત્યારે કહે, ના, સમતા રાખો. અલ્યા, પણ શી રીતે રહે તે ? મૂઆ, બુદ્ધિથી એવું દેખાડ ને કંઈક સૉલ્યુશન, કે મને સમતા રાખવાનું આમ જડે. વિષમતા થાય જ સ્વાભાવિક રીતે. તેથી જ અમે આખો દહાડો કંઈ જ્ઞાન-બાન ઓછું આપ આપ કરીએ છીએ ? આ બોધકળાઓનું એ (વર્ણન) કર્યા કરીએ. એની ગેડમાં બેસી જાય તો રાગે પડી ગયું.

આ રોજ રોજ હું ઉપદેશ શા માટે આપું છું ? માથાફોડ શા માટે કરું છું ? આત્મા તમને પ્રાપ્ત થયો છે, પણ એમાં રહેવા જે અંતરાયો છે તે સમજવા તો પડશે ને ! આ અંતરાય બહુ છે, તેને માટે હું બોલ બોલ કરું છું. આ જ્ઞાની કંઈ રેકર્ડ છે ? જ્ઞાની તો નિરંતર ઉપયોગવાળા હોય.

## ગાઢ રિવોલ્યુશન તેથી થઈ છેલ્લા પ્રકારની શોધખોળ

અમારી આ વાતો નીકળી, તે કો'કને કામ લાગે મહીંથી. એ તો હવે જ્ઞાન છે એટલે વાંધો નહીં, પણ જ્ઞાન ના હોય તો ઘણી કામની. અમને જડેલી વસ્તુ આ બધી. બાકી આ આખું જગત રાગ-દ્વેષમાં તરફડી રહ્યું છે.

**પ્રશ્નકર્તા :** એને માટે જે શબ્દ છે ને દાદા, આકુળ-વ્યાકુળ અને તમે એક ઠેકાણે કીધું કે વ્યાકુળતા છોડો એટલે સ્વસ્થતા થશે.

**દાદાશ્રી :** આકુળતા-વ્યાકુળતા તો છૂટે એવું છે જ નહીં, રસ્તો જ નથી. કારણ કે મૂળ 'હું ચંદુભાઈ જ છું' એ ઈટસેલ્ફ આકુળતા છે. અને એમાં જો કો'કે હલાવ્યો તો વ્યાકુળ થઈ જાય. એટલે ખરેખર હું ચંદુભાઈ નથી, 'હું ચંદુભાઈ' વ્યવહારથી છું અને ખરી રીતે 'હું શુદ્ધાત્મા છું' એ નિરાકુળતા કહેવાય. નહીં તો આકુળતા-વ્યાકુળતા છૂટે નહીં.

કઢાપો-અજંપો બધો છૂટી ગયેલો, બધોય. આ શોધખોળ છે અમારી. તેથી કહું છું ને, કે આ વર્લ્ડમાં કોઈ એવી ચીજ નથી કે મેં વિચાર્યા વગર બાકી રાખી હોય ! ઘમસાણ ચાલતું હોય ! અને ફ્લાય વ્હીલ બહુ મોટું, તે ઘરડ ઘરડ ચાલે.

કો'કને મિનિટે પચાસ રિવોલ્યુશન હોય, કોઈને પાંચસો રિવોલ્યુશન હોય. મારે તો બહુ ગાઢ રિવોલ્યુશન હતા. એટલે મને કેટલી મુશ્કેલીમાં મૂકતા હશે, જ્ઞાન નહીં હોય તે ઘડીએ ? બહુ જબરજસ્ત રિવોલ્યુશન ! એક સેકન્ડમાં તો કંઈનું કંઈ ફરી જાય ! એટલે એ રિવોલ્યુશન વધારે હતા, તેથી તો આ જ્ઞાન બધું...

**પ્રશ્નકર્તા :** જલદી આવ્યું.

**દાદાશ્રી :** પછી મોહ છોડવાનું મન થાય ને ! બળ્યું, આ તો નર્યું દુઃખદાયી છે, મેલો ને પૂળો !

આ બધી અમારી રિસર્ચ છે ! અને આ છેલ્લા પ્રકારની શોધખોળ ! સર્વ પ્રકારના મોહ ખલાસ થાય ત્યારે આ એસેન્સ (સાર) ઉત્પન્ન થાય ! આખા વર્લ્ડના શાસ્ત્રોનું એસેન્સ કાઢવું એ કાંઈ જેવું તેવું છે ? આ તો લોકો કેટલા દહાડા લે એ શાસ્ત્ર માટે, જ્યારે મારે કલાકમાં તારણ નીકળી જાય ! કારણ કે સામાન્ય મનુષ્યને એક વિચાર આવે ત્યારે મને તો પાંચ હજાર રિવોલ્યુશન ફરી જતા !

## રિવોલ્યુશન ફેર, તેથી અથડામણ થઈ જાય

**પ્રશ્નકર્તા :** દાદા, આ રિવોલ્યુશનની વાત કરી ને, કે તમારા પાંચ હજાર ને બીજાના પાનસો, તો તમે કેવી રીતે તમારી વાત સામાને સમજાવતા હતા ?

**દાદાશ્રી :** મજૂરો ને અમારામાં ફેર કેટલો ? એના પચાસ રિવોલ્યુશન, એટલે તમે એને વાત કહો, તો પહોંચતા બહુ વાર લાગે, સાદી વાત. સાદી વ્યવહારની વાત તમે કહો, તોય એને સમજણ ના પડે એટલે પછી તમે બીજી રીતે સમજાવો, ત્યારે એને પહોંચે એ. અને મારા રિવોલ્યુશન બહુ, તે મારી વાત આ ઊંચી નાતવાળાનેય સમજતા બહુ વાર લાગતી'તી. એટલે સમજાવીએ ને સમજે નહીં, એટલે હું શું કહું ? કે 'નાલાયક છે, અક્કલ વગરનો છે.' અને પછી મહીં પાવર વધી જાય. 'અલ્યા, હું તને કહું છું, સમજતો નથી ? કેવો મૂરખ માણસ છું ?' આમ કરીને બધું એની પર એ કર્યા કરું. એટલે મારે જ્યાં ને ત્યાં ભાંજગડો થતી હતી, અથડામણ થઈ જાય. 'અલ્યા, જવાબ આપ ને ! અક્કલ વગરનો છું ?' મૂઆ, એને અક્કલ વગરનો કહું છું ? એને પહોંચતું નથી, તો શું કરવા આવું બોલ બોલ કરે છે ? હું શું કહેતો'તો ? જ્ઞાન નહોતું થયું ત્યારે, 'અલ્યા મૂરખ, જવાબ આપ ને, હું ક્યારનો કહું છું, તું તો જાણે બોલતો નથી, કઈ જાતનો માણસ છે તે ?' અલ્યા, પણ એને પહોંચતું નથી.

## ઓછા રિવોલ્યુશનવાળા સાથે ગોઠવે કાઉન્ટર પુલી

પછી મને સમજાયું કે આ વધારે રિવોલ્યુશન્સ છે અને એ સામાને પહોંચતું નથી. હવે આપણો ગુનો છે આ તો, આવું સામાની ઉપર એ કરીએ તે ! એટલે મેં પછી કાઉન્ટર પુલીઓ નાખી દેવા માંડી. કારણ કે પંદરસો રિવોલ્યુશનનો પંપ હોય અને ત્રણ હજારનું એન્જિન હોય તો પંપ તોડી નાખે. શું કરે ?

**પ્રશ્નકર્તા :** તોડી નાખે, બરોબર છે.

**દાદાશ્રી :** હવે પંપનો શો દોષ બિચારાનો ? પંપ તો કહે છે, હું મારો જે સ્વભાવ છે, મારી જે શક્તિ છે ને મારું સ્થાન છે, તેમાં જ છું. તું ગમે તેવો મોટો હોય, મારે શું ? તારે મારી સાથે કામ લેવું હોય, તો 'એડજસ્ટ મી', કહે છે. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** એડજસ્ટ મી.

**દાદાશ્રી :** તે એના માટે પુલી નાખવી પડે છે, કાઉન્ટર પુલી. એટલે આ ત્રણ હજારનું ભલે હોય અને પેલું પંદરસોનું ભલે હોય, પણ વચ્ચે એ પુલીઓ નાખો, કે જેથી કરીને પેલાને પંદરસો મળી રહે. આપને સમજમાં આવે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, બફર કહેવાય, પુલી. એને કાઉન્ટર આ કરે.

**દાદાશ્રી :** કાઉન્ટર પુલી. કાઉન્ટર પુલી નાખી દે એમાં. એવું પછી મેં લોકોની જોડે વાતો કરતા કાઉન્ટર પુલી રાખવા માંડી, એટલે પછી મારે ગુસ્સે થવાનું બંધ થઈ ગયું. વાત એને સમજાય એવી રીતે કાઉન્ટર પુલી નાખવાની.

પછી સમજ પડી કે આ તો આખું પુલીઓ વગર જ ચલાવ્યું. આપણે તો મહામૂર્ખ હતા. આપણે સામાને ઉપરથી ઠોક ઠોક કર્યું, તે આપણી ભૂલ ને ? સમજાય ને પછી ?

એટલે પછી અમે પહેલેથી કાઉન્ટર પુલી ગોઠવતા શીખ્યા. હવે

પહેલા એ કાઉન્ટર પુલી હું સમજુ નહીં, એટલું ભણેલો માણસ નહીં. એટલે પછી આ એન્જિનોવાળાને પૂછ પૂછ કર્યું. અમારે ત્યાં ધંધો ખરો ને, કોન્ટ્રાક્ટનો. એટલે એન્જિનિયરિંગ બધું અમારે ત્યાં ખરું ને ! તે હું પેલાને પૂછું, કે 'તારે એમ કેમ કરવું પડે છે ? આને આમ કેમ કરવું પડ્યું ?' ત્યારે કહે, 'દાદાજી, આના રિવોલ્યુશન આટલા છે અને આના રિવોલ્યુશન આટલા છે.' ત્યારે મેં કહ્યું, 'હારું શી રીતે તે બેનો મેળ ખવડાવ્યો ?' ત્યારે કહે, 'કાઉન્ટર પુલી ગોઠવી.' મેં કહ્યું, 'કાઉન્ટર પુલી એટલે ?' ત્યારે કહે છે, 'એવી પુલી ગોઠવી, કે એ બે એડજસ્ટ થઈ શકે અને કામ ચાલુ થાય.' અમેય સમજી ગયા કે ઓહો ! ધનભાગ છે, આ લોકોએ આટલી બધી શોધખોળ કરી છે ! પણ હજુ એ વાત આપણને સમજાતી નથી. પછી અમે કાઉન્ટર પુલી ગોઠવ્યા સિવાય કોઈ માણસની જોડે વાતચીત નથી કરતા.

હું બધે પુલી મૂકીને ફરું છું, તે નાના છોકરા જોડેય મારી પુલી મૂકેલી જ હોય છે. કોઈનીય જોડે એડજસ્ટ થઉ એનું કારણ શું ? બધી પુલીઓ મૂકેલી જ હોય છે. પુલીઓ ના મૂકે તો બધું ફાડી નાખે એ તો. ક્યાં મારી વાણી ને પેલો બિચારો એડજસ્ટ શી રીતે કરી શકે ? એટલે પુલીઓ બધી મૂકેલી જ હોય.

❖❖❖❖❖

# [૯]
# જ્યોતિષ સાથે પ્રસંગ

## જ્યોતિષે ભાખેલું કે ઊંચું રત્ન છે પણ પોતે ગાંઠતા નહોતા

**પ્રશ્નકર્તા :** દાદા, તમે અધ્યાત્મની ઊંચી શ્રેણીઓ ચઢશો, એવું કોઈ જ્યોતિષે ભાખેલું ?

**દાદાશ્રી :** હા, અમારા ફાધરને એક જ્યોતિષીએ કહેલું, કે 'આ તમારા ઘેર મોટું રત્ન પાકેલું છે. આ જુદી જાતના પુત્રનો તમારે ત્યાં જન્મ થયેલો છે !'

**પ્રશ્નકર્તા :** તમને પોતાને કોઈક દિવસ કોઈક જ્યોતિષે કહ્યું'તું ખરું, કે તમે આધ્યાત્મિકતા તરફ વળશો ?

**દાદાશ્રી :** ના, એવું કહે તોય પણ હું એમને માનતો કે ગાંઠતો નહોતો, એ લોકોને.

એક ફેરો હું જ્ઞાન થતા પહેલા થાણામાં ઊતર્યો'તો, તે લોંગ કોટ પહેરીને જતો હતો. તે ટેક્સી ખોળી પણ કંઈ ઠેકાણું ના પડ્યું. થોડો આગળ ગયો ત્યારે પેલા જ્યોતિષીઓ બેસી રહે છે ને એક બાજુ, કંઈક છાંયડો હોય ત્યાં જ્યોતિષીઓ બેસી રહે ને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા. લીમડાના ઝાડ નીચે બેસી રહે.

**દાદાશ્રી :** તે રસ્તા ઉપર, ફૂટપાથ ઉપર બે-ચાર જ્યોતિષ બેઠા હશે.

તેમાં એક જણે મને આમ જે' જે' કરીને પછી આમ આમ (એકશન કરે છે.) કર્યું. હું સમજી ગયો, કે આ મૂઓ હાથ જોનારો છે. લાંબો કોટ એટલે જ્યોતિષ એના મનમાં જાણે, કે ઠીક છે, અહીંયા આગળ પાંચ-પચ્ચીસ રૂપિયા મળશે. તે જ્યોતિષ મને 'આવો, આવો શેઠ', કહે છે. એટલે હું એની પાસે ગયો. 'શું છે ભાઈ ? શું કામ છે ? મારે તારું કામ નથી, તારે મારું શું કામ છે ? એ મને કહે.' ત્યારે કહે છે, ''તમારી આ કપાળની રેખા ઉપરથી મેં તમને બોલાવ્યા છે. આ લીટીઓ (રેખાઓ) જોઈને મને 'આવો' કહેવાનું મન થાય છે.'' એટલે હું તો તરત જ, ઑન ધી મૉમેન્ટ, આ કઈ જાતનું જાનવર છે તે સમજી જઉં. માણસ દેખાય, પણ જાનવર કઈ જાતનું છે અંદર તેય હું સમજી જઉં. માણસ તો દેખાય, રૂપ તો માણસનું, ખોખું માણસનું, પણ મહીં જાનવર કઈ જાતનું રહ્યું હોય !

## હું તો મારી ચિઠ્ઠી લખાવીને આવ્યો છું

હું સમજી ગયો, કે આ જ્યોતિષને કશું જોઈએ છે. ત્યારે મેં કહ્યું, 'મને ટાઈમ બિલકુલ નથી. તમારે જોઈતા હોય તો લ્યો રૂપિયો આ, તમે ચા-પાણી પીજો.' ત્યારે કહે, 'ના, મારે તમારું ભવિષ્ય જોવું છે, કે આવી કપાળમાં લાઈન ક્યાંથી હોય ? આ તમારી રેખાઓ પડે છે, તે ઉપરથી તમે બહુ મોટા માણસ છો. આ શું સરસ રેખાઓ પડી છે ! મને આપના દર્શન જોઈને (કરીને) બહુ આનંદ થાય છે. આ તો બહુ ઊંચું પદ છે તમારું !' મેં કહ્યું, 'રેખા તો હું જાણું છું. બીજું તારે શું કામ છે, એ તું મને કહે ને ! એ લીટીઓને તારે શું કરવી છે ? એ છે એને તારે ભૂંસી નાખવી છે કે રહેવા દેવી છે ? મારી રેખાઓ તો મને ભારે પડશે કે હલકી પડશે, તને શું નુકસાન છે એમાં ?' ત્યારે કહે, 'ના, એવું નહીં. મને તમારો હાથ જોવા દો, મને બહુ આનંદ થશે.' મેં કહ્યું, 'તને આનંદ થશે પણ મારો ટાઈમ બગડશે, તેનું શું થાય ? એવી નવરાશ મને નથી. મારે નથી જોવડાવવું. મને જવા દે ને, મને કામ છે. અને ભાઈ, મારે જોયેલો જ છે હાથ, મારો હાથ જોવા-કરવાનો કંઈ ફાયદો નથી.' ત્યારે કહે છે, 'ના, ના, મારા સંતોષની ખાતર જોવા દો. બહુ જોવા જેવો છે આ તો.'

એ જાણે કે અહીં હાથ જોશે, એટલે એ લાલચમાં પડશે જ. કારણ કે ઈચ્છા હતી બિચારાને, લાલચ એની, એટલે મને લાલચુ બનાવવા જાય છે. પણ હું તો લાલચુ નહીં. હું તો મારી ચિઠ્ઠી લખાવીને આવ્યો છું. મારી પાસે તો ચિઠ્ઠી છે, વળી પાછું એની પાસે શું લેવાનું છે મારે ?

મેં કહ્યું, 'મારો હાથ જોવા હું આપતો નથી કોઈને.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** મારો હાથ જોવા આપતો નથી.

**દાદાશ્રી :** હા. જો સાચો જાણકાર હોઉ તો કહીશ, ત્રણ વર્ષ પછી તમારું મૃત્યુ છે. એ મને શું હેલ્પ કરે ? અને જૂઠો જાણકાર હોઉ તો મને નુકસાનમાં, ઊલટો ગૂંચવાડામાં મૂકીશ. એટલે બેય રીતે નુકસાનકારક ને ! એટલે એવું બધું એને કહ્યું નહોતું, પણ મેં કહ્યું, 'ભઈ, મારે જોવાની જરૂર નથી. હું બધી રીતે સુખી છું.' ત્યારે કહે, 'પણ જોવા દેવામાં વાંધો શો છે ?'

## મારા હાથમાં બધી ચીજ છે, તું તારું જો !

એટલે પછી મેં કહ્યું, 'ભઈ, મારા હાથમાં તારે જોવા જેવું શું છે ? મારા હાથમાં બધી ચીજ છે. મારે આ કશુંય ખૂટતું નથી. હું તો ભાગ્યશાળી, એટલે હું મારું લઈને આવ્યો છું બધું ! આ મારો લાંબો કોટ છે તે ઉપરથી જોઈ લે ને મને, કે ભાગ્યશાળી છું હું ! જો મારા પગના બૂટ ઉપર પાલિશ છે, મારા કોટ ઉપર ડાઘ નથી. અને જો તારા પગમાં ચંપલ નથી. તારું ચંપલ અડધું ફાટેલું દેખાય છે, તો તું મારું શું જોઈ આપવાનો હતો ?' મહારાજના ચંપલ હતા તે અડધા ઘસાઈ ગયેલા હતા ! મને થયું, આના ચંપલનું ઠેકાણું નથી ને મારું શું જોતો હશે બળ્યું ? મેં કહ્યું, 'અલ્યા, પણ તારા પગમાં અડધા ઘસાયેલા ચંપલ છે, તું મારું શું દળદર કાઢવાનો છું ? મારે કશું દળદર કાઢવાનું નથી. તું તારા ચંપલ સમા કર ને ! મારું શું કરવા પૂછવા આવ્યો છે ? હું તો મારું લઈને આવેલો છું, મારે કોઈની જરૂર નથી. તું નથી લાવેલો તેથી આવું ભટક ભટક કરું છું ! અને આ શાનો હાથ જોઉં છું ? તું શું મારું જોવાનો છે ? લાવ, તારું જોઈ આપું.'

મારું જોવડાવીને કામ શું છે, બળ્યું ? જ્યારે જે સ્થિતિ આવશે ત્યારે દેખ લેંગે. જ્યારે એ ગાડી અટકશે ત્યારે જોઈ લેવાશે. આ ચાલે છે ને, અત્યારે તો !

## આ હાથ તો જ્યોતિષને દેખાડવા જેવી ચીજ ન હોય

મેં કહ્યું, 'આની પાછળ હેતુ શો છે તારો, મને કહી દે. તારે ચા-પાણીના પૈસા જોઈએ છે ? લે, એમ ને એમ, ફ્રી ઑફ કૉસ્ટ આપી દઉં છું.' તે મેં ચાર આના આપવા માંડ્યા, ત્યારે કહે, 'ના, ના, મને એક રૂપિયો આપી દો.' એને નિરાશ તો ના જ કરાય, એણે બોલાવ્યો'તો મને. મેં કહ્યું, 'લે, આ એક રૂપિયો ચા-પાણીનો લે, પણ હાથ ના દેખાડાય.' હાથ દેખાડવા જેવી ચીજ ના હોય આ. આ તો અજાયબી છે આખી ! દેખાડવા જેવી ચીજ નહોય ! જેને કંઈ જ જોઈતું નથી, વર્લ્ડમાં કોઈ ચીજ જોઈતી નથી, કોઈ પણ પ્રકારની જેને ઈચ્છા નથી, જે નિરિચ્છક દશામાં વર્તે છે, કોણ હાથ જોનાર એનું ? કેમ લાગે છે તમને ?



મેં પછી રૂપિયો આપી દીધો. પણ મેં કહ્યું, 'આવું ના કરીશ, અમારો ટાઈમ ના બગાડીશ.' તને ચંપલ મળતા નથી ને મને શું કરવા

હેરાન કરે છે તે ? મૂઓ ડફોળ, વળી જોવા નીકળ્યો છે ! તું બબૂચકને ફસાવજે, આ નહોય બબૂચક. બારસો કબીર સાહેબનું જ્ઞાન ઓટીમાં રાખ્યું છે !

**મહાત્માઓ :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** કારણ કે આ ફસામણ કેમ પોસાય બળી ? એટલે અજાયબી છે આ લોકોની (!) આમાં કેમ કરીને છૂટવું, એ શીખવું પડે જ્ઞાન !

## વહેમ ઘાલી દે નકામો, માટે કોઈને હાથ બતાડવો નહીં

પેલાને રૂપિયો આપી દીધો, તે ખુશ થઈ ગયો બિચારો. ભલા આદમીએ રૂપિયો લઈને મને છોડી દીધો. એનો તિરસ્કાર નથી કર્યો મેં. એને એક રૂપિયો આપ્યો અને 'ચા-પાણી કરજે', કહ્યું. નકામો હાથ જોઈ જોઈને મને એમ કહેશે, 'હજુ ફરી પૈણવાનું લાગે છે !' નકામો મને કહેશે, 'ઓગણીસોને ત્રેપનમાં તમારું મૃત્યુ લાગે છે.' મેર મૂઆ ! હું તો હિંમતવાળો છું પણ બીજા કો'કને કહું તો વહેમ પેસી જાય ને, બિચારાને !

**પ્રશ્નકર્તા :** હા, આમને થયું તેવું.

**દાદાશ્રી :** હા, બીજાને વહેમ પેસી જાય. હું તો જાણે સ્ટ્રોંગ માણસ છું. તું મારા જેવાને કહું તો હું ગાંઠું નહીં તને. હું તને કહું, કે 'તારું મૃત્યુ છે, મૂઆ ! લાવ, તારો હાથ જોઈ આપું.' પણ આ વહેમ ઘાલી દે. માટે આમાં પડવું નહીં. અને એ મારું શું જાણવાનો હતો તે ? વગર કામના ! તે પછી રૂપિયો આપીને છૂટી ગયો, પણ હાથ ના દેખાડ્યો. વળગ્યો એટલે રૂપિયો આપી દીધો મેં. એ ભૂત વળગ્યું એટલે એને ઊંચું મૂકવું. આ રૂપિયા છોડવાના છે ને જ્યારે ત્યારે ? તો જે ભૂત વળગે તેને આપીને છૂટી જવું. એટલે સરળ. કારણ કે વેર બાંધે નહીં તો. વેર બાંધે, કશુંક બોલીએ ને તો. એના કરતા રૂપિયા આપીએ ત્યારે કહેશે, કે 'ભઈ, સારું થજો તમારું.' અને રૂપિયા કંઈ જોડે લઈ જવાના છે ? વણિકો તો લઈ જતા હશે, મને લાગે છે ?

**પ્રશ્નકર્તા :** મમતા તો લઈ જાય ને, દાદા.

**દાદાશ્રી :** મમતા લઈ જાય છે, હા.

## લાલચથી ફસાય છે ને દીન થાય છે

મારો હાથ જોવા ના અપાય, બા. આ હાથ દેખાડવાનો નહોય. લાલચુ નહોય આ માણસ ! આ ઉપરથી ભગવાન આવે તોય લાલચુ નથી આ પુરુષ ! ઉપરથી ભગવાન આવે ને, તો પાછા કાઢું, કે જાવ, રાધાજીને ખરાબ લાગશે. કારણ કે લાલચ હોય તેને ભાંજગડ છે ને ! આપને સમજમાં આવે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, લાલચો.

**દાદાશ્રી :** આ ઉંદરડા છે તે બહાર ફરવાનું મેલીને પાંજરામાં શું કરવા પેસે ? પેલું આવડું પાંજરું, ઉંદરિયું મૂકીએ છીએ, તેની મહીં શું કરવા પેસે ? એય આમ ચેતે છે પાછો. નીકળાય એવું છે કે નહીં, આમતેમ જોઈ લે છે. એય બહુ તપાસ કરીને પેસે. આમ ચોગરદમ જુએ-કરે અને પછી મહીં પેસે. પણ આ માણસોનું કપટ એમને ખબર પડતું નથી. આ માણસો તો બહુ કપટી. તે પેલો મહીં પેઠો ને, એના ઘસારાથી પડે પેલું. પણ એ લાલચનો માર્યો પેસે છે ને બિચારો, મહીં ઢેબરું લટકાવ્યું હોય ! પાંજરામાં ઉંદરડાને ઢેબરું મૂકીએ તો એ ફસાવાના. શેના માટે ? જેટલા પકડાયા એટલા સાચા. તે લાલચુ ફસાય આ દુનિયામાં. કોણ ફસાય ?

**પ્રશ્નકર્તા :** લાલચુ.

**દાદાશ્રી :** લાલચુ. લાલચ જ રાખવી નહીં ને ! આપણે જે મળ્યું એ ઠીક છે. આપણે એનો રોફ મારવો.

પણ લાલચુ છે તેનો માર ખાય છે આ જગત ! શાથી માર ખાય છે ? લાલચ, લાલચ, લાલચ. લાલચ હોવી જોઈએ માણસને ? લાલચ દીનતા કરાવડાવે. શું કરે ?

**પ્રશ્નકર્તા :** દીનતા કરાવડાવે.

**દાદાશ્રી :** હા, અને દીનતા થઈ એટલે મનુષ્યપણું ગયું. અહીં ઘણા હાથ જોનાર બેઠા હોય ને, તેય શ્રદ્ધા આવે તો જ પેલો હાથ દેખાડે. નહીં તો દેખાડે ? ત્યારે કહે, 'એ સાચી શ્રદ્ધા છે ?' ત્યારે કહે, 'ના, રોંગ શ્રદ્ધા છે.' ત્યારે કહે, 'રોંગ શ્રદ્ધા શા આધારે ? શેના આધારે આને રોંગ શ્રદ્ધા ઉત્પન્ન થઈ ?' ત્યારે કહે છે, 'લાલચને લીધે.' અને મારા જેવા લાલચુ ના હોય.

## લાલચુને ધૂતારા મળી આવે

જ્યોતિષ જોનારો બ્રાહ્મણ જતો હોય, અને આપણને કહેશે, 'તમારી રેખાઓ કેવી સુંદર છે !' એ જો આપણને લાલચ હોય તો આપણા મનમાં એમ થાય, કે મારો હાથ જોઈ આપો, ફલાણું જોઈ આપો. પછી આપણા લોકો ખુશ થઈ જાય, કે એણે આમ કહ્યું છે ને તેમ કહ્યું ને... પાછો વહુનેય કહેશે, 'આજ તો જ્યોતિષી મળી ગયો, બધું કહી દીધું ખુલ્લું આમ ! બે બાબા થવાના ને એક બેબી.' એટલે વહુ તે દહાડે શીરો કરે. અને શીરો ને ભજિયાં ખાય. એમાં ભલીવાર ના આવે પણ. એને આ જ્યોતિષી જ બરાબર છે, હં કે, જૂઠા ! સાચા હોય તો તો વેશ થઈ પડે. સાચા હોય તો આપણને મીઠાશ ન આવે ને, આમ. 'છોકરાં થવાના જ નથી', તમને એમ કહે, એટલે પછી આપણને ઉપાધિ થઈ જાય. એના કરતા આ જીવાય તો ખરું, આશાના માર્યું. વરસો તો હેંડ્યા ! એટલે હું તો બહુ વરસથી સમજી ગયેલો. તે જોવડાવતો જ નહોતો. આને શું જોવડાવવાનું બિચારાને ? એ આપણું મોઢું જોઈને આપણી ઈચ્છા પ્રમાણે કહ્યા કરે. મોઢું જોઈને, સમજીને કહે, 'આવતી સાલ તમારી મોટેલ બહુ સરસ ચાલવાની છે.' એટલે પેલો પચ્ચીસેક ડૉલર આપી દે એને. લેનારો સમજે, પણ આપનારો સમજે નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** આવું આ જગત છે ! બળ્યું, એ શું જોવાનો હતો આપણું ? આપણા જ કર્મનું ફળ ભોગવવા આવ્યા છીએ. એમાં એ શું તે

ધોળવાના હતા ? એના ચંપલનું ઠેકાણું ના હોય ને ! પણ આપણા લોકો તો લાલચુ ને ! એટલે આવી દુનિયા છે બધી ! લાલચુ હોય તેને બધા ભમાવનારા છે. લાલચુ ના હોય તેનું નામ કોણ દઈ શકે ? લાલચુ ના હોય તેનું કોઈ નામ દઈ શકે નહીં. માટે લાલચ રાખવાની જરૂર નથી.

હજુય હાથ જોનારા બેઠા હોય.

**પ્રશ્નકર્તા :** હા, રસ્તા ઉપર, ખૂણા-ખૂણા ઉપર.

**દાદાશ્રી :** હવે આ લોક દુખિયા, તે ત્યાં રહીને જતો હોય એટલે પેલાને પૂછે જ. એને બેભાનપણું હોય, કે આ ભાઈ તે શું કામ બેઠો છે અહીં રસ્તા ઉપર ? દુકાન નથી કાઢતો, બીજું નથી કાઢતો, એની દુકાન રસ્તા ઉપર. ત્યારે કહે, દુખિયાને માટે આ ઠગ બધા કામ લાગે, ધૂતારા બધા. પણ તેય પાછા વ્યવસ્થિતના નિયમના આધારે છે. જો પેલાને ધૂતારો ના મળે, તો પેલો બગડી જાય. એટલે ધૂતારો મળે ને એને છોલી નાખે, એ બરોબર છે. એટલે વ્યવસ્થિત છે આ બધું.

## જ્યોતિષશાસ્ત્ર છે સાચું પણ જાણકાર નથી આજે

**પ્રશ્નકર્તા :** આ જ્યોતિષો હાથ જોઈને ભવિષ્યવાણી કરે છે, તો એ સાચી હોય ? સાચી હોય તો કેટલા અંશે સાચી ગણી શકાય ?

**દાદાશ્રી :** એવું છે ને, જે જ્યોતિષીને આપણે દસ ડૉલર આપીએ તો પછી એ આપણને નવ ડૉલર પાછા આપે, ત્યારે આપણે જાણવું કે આનું કંઈક સાચું પડશે. જે જ્યોતિષને લોભ નથી, એનું કંઈક સાચું હોય. બાકી જે જ્યોતિષ પૈસા હારુ પડ્યા છે, એનો તો એક અક્ષરેય સાચો ના હોય. શું કહ્યું મેં, તમને સમજાયું ?

**પ્રશ્નકર્તા :** સમજી ગયો.

**દાદાશ્રી :** આપણે એને દસ ડૉલર આપીએ તોય કહેશે, 'ના, મારે એક ડૉલર બહુ થઈ ગયો આ.' રોજ મારે એક ઘરાક આવે તો ચાલશે. તો એનું સાચું હોય.

**પ્રશ્નકર્તા :** પણ એ જ્યોતિષશાસ્ત્રમાં કંઈ તથ્ય ખરું ?

**દાદાશ્રી :** જ્યોતિષશાસ્ત્ર તદ્દન સાચું, પણ એને જોનાર નથી આજે. એ તદ્દન સાચું છે. કેટલા વાગે સંડાસ જશે, તે હઉ કહી આપે એવું સરસ છે. પણ અત્યારે જાણકાર નથી.

## જોષ જોવડાવે કે આત્મશ્રદ્ધા ખલાસ થઈ

અને જોષ જોવડાવે એટલે પોતાની આત્મશ્રદ્ધા ખલાસ થઈ ગઈ કહેવાય.

**પ્રશ્નકર્તા :** હા, એ બહુ મોટી વસ્તુ છે.

**દાદાશ્રી :** આત્મશ્રદ્ધા, પોતાની જાતની શ્રદ્ધા ખોઈ નાખે ત્યારે જોષ જોવડાવવાનું ને ! આત્મશ્રદ્ધા ના જોઈએ પોતાની ?

**પ્રશ્નકર્તા :** જોઈએ, દાદા. આત્મશ્રદ્ધા જોઈએ જ !

**દાદાશ્રી :** હંઅ...

**પ્રશ્નકર્તા :** પણ દાદા, જ્યોતિષશાસ્ત્ર એમ કહે છે, કે તમને જો એનું પણ જ્ઞાન હોય તો તમારા વ્યવહારમાં ઘણી અનુકૂળતા થાય.

**દાદાશ્રી :** વ્યવહારની અનુકૂળતા એ જ ભયંકર ગુનો છે. એના કરતા આ છે એમાં જ બરોબર છે. જ્યોતિષનું જાણે ને મહીં ભૂલવાળું નીકળે તો... 'સાડા આઠને પાંચે નીકળશો, તો દાદા ભેગા નહીં થાય', એટલે પછી પાછા એ અટકી જાય. એના કરતા તો આ કોઈ વાંધો જ ઉઠાવનાર નહીં ને ! એટલે જ્યોતિષની તો જરૂરિયાત જ નથી.

## નિમિત્તિયા સુધી સાચું જ્યોતિષ, આજે એ ખોટું થર્મોમિટર

જ્યોતિષ એટલે એક થર્મોમિટર છે.

**પ્રશ્નકર્તા :** હા જી, થર્મોમિટર છે.

**દાદાશ્રી :** જ્યોતિષ એ થર્મોમિટર, પણ તે સાચું નથી આ આજનું થર્મોમિટર. આ થર્મોમિટર ઊલટું તાવ નહીં હોય તોય તાવ દેખાડશે. તાવ ના હોય તોય તાવ દેખાડે એવું થર્મોમિટર, ખોટું છે એ થર્મોમિટર.

જ્યોતિષ સાચું હતું ત્યારે થર્મોમિટર તરીકે જોવાલાયક હતું. પહેલા છે તે જ્યોતિષને નિમિત્તિયા કહેતા હતા. તે રાવણે જ્યોતિષને બોલાવ્યો, નિમિત્તિયાને બોલાવ્યા, કે 'આ મંદોદરીને ગર્ભ રહ્યો છે, તો એમાં તમારો શું મત છે' કહે છે. એટલે પેલાએ જ્યોતિષિયાએ જોઈને કહ્યું, કે 'આ જે જીવ આવ્યો છે તે તમારું આખુંય સત્યાનાશ વાળવા માટે આવ્યો છે.' એટલે એણે તરત ઑર્ડર કરી દીધો મંદોદરીને અને ઘરના બધા નોકર-ચાકરોને, કે 'આ જે જીવ આવે તેને જન્મતા જ ખલાસ કરી નાખવો.' હવે એનો પૂરા મહિને જન્મ થયો. એ બેબીનો જન્મ થયો, એટલે મંદોદરી કહે છે, કે 'ભઈ, આને મારશો નહીં. એ ભલે એમણે કહ્યું પણ આપણે એને મારશો નહીં. એને એક પેટીમાં ઘાલી અને સારી રીતે સગવડ કરી અને એક જગ્યાએ મૂકી આવો દરિયામાં જઈને.' હવે એ જ ખેંચાતી ખેંચાતી ક્યાં ગઈ, ક્યાંથી કોના હાથમાં આવી, પછી ત્યાંથી તે જનકરાજાના રાજમાં ગઈ એ. અને તે જ આ સીતા. અને સીતાએ એનું રાજ ખેદાન-મેદાન કર્યું જ ને ! છેવટે મરાયું નહીં ને જો જ્યોતિષ સાચું પડ્યું ને ! ત્યાં સુધી સાચું પડતું'તું. એ નિમિત્તિયાઓ હતા ને, ત્યાં સુધી સાચું પડતું'તું. આ ચૌદ છે તે સ્વપ્નો આવે, એટલે તરત બોલાવીને પૂછી જુએ, કે 'આ આમને સ્વપ્ના આવ્યા એનું શું નિમિત્ત છે ?' ત્યારે કહે, 'તીર્થંકરનો જન્મ થશે.' કોઈને બે સ્વપ્ના આવ્યા, ત્યારે કહે, 'આવું સ્વપ્નું આવ્યું છે, એનું શું ફળ થશે ?' ત્યારે પેલો કહી આપે.

## પુણ્ય પરવારે ત્યારે જ્યોતિષ પાસે જાય

જ્યોતિષ ખોટી નથી વસ્તુ, પણ જ્યોતિષના અત્યારે જાણકાર જ નથી બરોબર. અને જ્યોતિષ જાણવાની શી જરૂર ? આપણું છે એ આપણી પાસે આવવાનું છે અને નથી એ નથી આવવાનું. એમાં શું જાણવાનું છે તે બળ્યું ? આપણું છે તે આવવાનું છે. એ કંઈ જ્યોતિષ આપણને એમાંથી મુક્ત કરે નહીં. ઉપરથી અગિયાર રૂપિયા આપણી પાસેથી લઈ લે, એ તો જુદા. જ્યોતિષ તો એ ધંધો લઈ બેઠો છે. અને ત્યાં તો આંધળા અને હૈયાફૂટા (મૂર્ખ) જાય.

**પ્રશ્નકર્તા :** હા દાદા, ખરી વાત છે.

**દાદાશ્રી :** કારણ કે જ્યોતિષ સાચું હતું ત્યારે હતું, અત્યારે જ્યોતિષવિદ્યા સાચી રહી નથી.

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** અત્યારે કંઈક અંશે સાચી છે એક-બે આની, બાકી બધું પોલંપોલ છે. પણ તે આંધળો ને હૈયાફૂટો જાય. એને લાલચ પેસે એટલે પાંચ-દસ ઊલટા આપી આવે. દુખિયો થયો ત્યારે ઊલટા દસેય પેલાને આપી આવ્યો.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે, દાદા.

**દાદાશ્રી :** ઘરમાં શાક ના લાવે ને પેણે દસ પેલાને આપી આવે.

**પ્રશ્નકર્તા :** હવે એ પણ કર્મનું ફળ કહેવાય કે નહીં ?

**દાદાશ્રી :** કર્મનું જ ફળ ને, ત્યારે આંધળો થાય ને આવો. તે જ્યોતિષીના પગમાં ચંપલ અડધા ઘસાઈ ગયેલા હોય. તો એની પાસે જ ચંપલ ઘસાઈ ગયેલા છે, તને શું આપવાનો છે તે ?

**પ્રશ્નકર્તા :** સાચી વાત, દાદા. એ શું આપવાનો ?

**દાદાશ્રી :** એ એનું જ્યોતિષ ના જુએ ? પણ આવો આંધળો થાય માણસ એટલે આવું બધું જ્યાં ને ત્યાં વલખા મારે.

**પ્રશ્નકર્તા :** દાદા, બહુ સાચી વાત. પણ એ તો જેની પુણ્યાઈ ઊગી નથી, જેને જ્ઞાન નથી મળ્યું એ બીજું શું કરે, આ જ ફાંફાં મારવાનો ને ?

**દાદાશ્રી :** ના, પણ આવું છેતરાવાનું કામ કંઈ કરવું જ ના જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે, દાદા. હવે એ તો એવું છે, કે જેની પુણ્યાઈ હશે તો એને...

**દાદાશ્રી :** ના, પણ આ તો શાક લાવીએ નહીં ને દસ એને આપી આવીએ.

**પ્રશ્નકર્તા :** પણ એ તો એક વાર દાદા પાસે આવે તો સમજે.

**દાદાશ્રી :** ના, એવી ભાવનાઓ કરેલી. એટલે ઊંધી ભાવનાઓ કરી તેનું ફળ આવું આવ્યું.

**પ્રશ્નકર્તા :** બસ, બસ, દાદા. ભાવનાઓ ઊંધી કરી હોય, એના કર્મો પણ ઊંધા જ થાય ને પછી ?

**દાદાશ્રી :** એટલે આ દુનિયાનો નિયમ જ છે આવો. એટલે આ બધું પુણ્યના આધારે ચાલે છે, પુણ્યમાં અહંકાર કરીને ફર્યા કરે છે, અને પછી એ પુણ્ય ખલાસ થઈ ગયું, અને પછી જ્યારે ઊંધા પાસા પડે, ત્યારે કહેશે, હું શું કરું ? ભગવાન રૂઠ્યા છે, મારા ગ્રહો રાશી છે. પછી જ્યોતિષને ત્યાં જઈને મળી આવે.

## પોતે રોફ મારવા શીખેલા, પછી છોડી દીધું

**પ્રશ્નકર્તા :** આપ જ્યોતિષમાં માનો છો ? તમે એનું જ્ઞાન ધરાવો છો ?

**દાદાશ્રી :** જ્યોતિષ ખોટું નથી. જ્યોતિષમાં માનું છું કે ના માનું, એ વાત જુદી છે. જ્યોતિષ ખોટું નથી. અને જ્યોતિષનો મેં પ્રયત્નેય કરેલો. બે આની આવડેલુંય ખરું, પણ પછી કોઈ એના ગુરુ મળ્યા નહીં. અને મારે છે તે આ જ્યોતિષ એટલે શું, કે મનમાં રોફ પાડવા માટે, અહંકારને પોષવા માટે એ શીખતો'તો. 'દાદા, મારો હાથ જોઈ આપો, મારો હાથ જોઈ આપો', એટલે આપણે પછી દાદાનો રોફ પડી ગયો. પછી મેં કહ્યું, મારે તો માન-તાનની જરૂર નથી. મારે તો આ નિવેડો લાવવાનો છે. એટલે પછી છોડી દીધું. બાકી જ્યોતિષ કંઈ ખોટી વસ્તુ નથી. જ્યોતિષ એટલે શું ? આ આવા ગ્રહો હોય ત્યારે એ જન્મેલા માણસનું શું થશે, એ હિસાબ જ ગોઠવેલા છે. આ ગણિત છે.

**પ્રશ્નકર્તા :** પછી આ હાથની રેખાઓ ને એ બધું છે, એ સાચું છે કે ખોટું ?

**દાદાશ્રી :** એ બધી રેખાઓ બદલાયા જ કરે. ખોટું નથી કશુંય. જોતા આવડતું નથી.

## જ્યોતિષ, હસ્તરેખા બધું વિજ્ઞાન સમાયું વ્યવસ્થિતમાં

**પ્રશ્નકર્તા :** આપણે લોકો એવું કહે ને, કે કર્મ પ્રમાણે રેખાઓ બદલાય એટલે આપણું ચેન્જ થાય એ સાચું છે ?

**દાદાશ્રી :** સાચું, કમિંગ ઈવેન્ટ્સ છે. કર્મ પ્રમાણે કમિંગ ઈવેન્ટ્સ. આમ બહારે દેખાય ઈવેન્ટ્સ, અહીંયાય ફેરફાર થતા ગયા. આ રેખા હતી તે આવી થઈ ગઈ, આ રેખાઓ આમ થઈ ગઈ, આમ થઈ ગઈ, એવી ખબર પડે આપણને. કેટલીયે રેખાઓ બદલાઈ ગયેલી હશે ! અમુક રેખાઓ મૂળ સ્થિતિમાં રહી અને બીજી કેટલી બધી બદલાઈ ગઈ, ટેમ્પરરી.

**પ્રશ્નકર્તા :** આપણે મરીએ ત્યાં સુધી બદલાય ? જીવનના અંત સુધી બદલાયા કરે, કર્મ પ્રમાણે રેખાઓ ?

**દાદાશ્રી :** બીજી બધી રેખાઓ બદલાય પણ અમુક અમુક ના બદલાય. આ જે કાયમની રેખા છે જીવનની, એવી તેવી ના બદલાય. એ બદલાય ત્યારે જીવન હઉ બદલાય જોડે. પણ જીવન બદલાતું ના હોય એટલે બદલાય જ નહીં ને ! ના પણ આ તો કમિંગ ઈવેન્ટ્સ છે. આ કંઈ બીજું ટકતું નથી. અમે તો કોઈનું જોઈએ નહીં આવું તેવું. અને આ વાત ઉથામીએય નહીં. નકામું પાછું મગજ એમાં જતું રહે. મેં તો તમારા હાથમાં આપ્યા ને, કમિંગ ઈવેન્ટ્સ, કે આ વ્યવસ્થિત છે, આ આમ છે, તેમ છે, તમને કહી દીધું. પછી આનું શું કરવાનું છે ? એ તો ગૂંચાયેલા માણસોને જરૂર ! આપણે ગૂંચ જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** મેં પહેલા બતાવેલું તો મને જ્યોતિષે એમ જ કહ્યું, ફૉરેનના ચાન્સીસ નથી. પણ હું તો ફૉરેન આવી ગયો. એટલે ત્યારથી મેં બતાવવાનું જ છોડી દીધું.

**દાદાશ્રી :** ના, પણ એ જાણકાર જ નથી ને કોઈ. આ તો બધા ઠોકાઠોક કરે છે. આ મેં બે આની જાણ્યું ને, તેમાં તો મોટો જ્યોતિષી ગણાતો હતો. અને હું જાણું કે, મેં તો બે જ આની જાણ્યું છે.

## અહંકારની ડખલ બંધ, તેની માટેનું જ્યોતિષ સાચું પડે

જ્યોતિષ તદ્દન સાચી વાત છે. એ તો વિદ્યા છે, એ જ્ઞાન નથી.

**પ્રશ્નકર્તા :** એ વિદ્યા છે.

**દાદાશ્રી :** વિદ્યા છે. અને તે એનું આજે જ્ઞાન હોતું નથી. લોકોની પાસે અધૂરું જ્ઞાન છે અને પછી એને સાચું ઠરાવવા ફરે છે. છે સાચું, તદ્દન સાચું છે, એમાં બે મત નથી.

**પ્રશ્નકર્તા :** વિદ્યા અને જ્ઞાનનો ભેદ તમે કઈ રીતે કરો ?

**દાદાશ્રી :** વિદ્યા અહંકારી હોય હંમેશાં અને જ્ઞાન નિર્‌અહંકારી હોય. વિદ્યા ઈન્ડિરેક્ટ પ્રકાશ હોય અને જ્ઞાન ડિરેક્ટ પ્રકાશ હોય.

બાકી તદ્દન સાચી વાત છે. પણ જ્યોતિષ કોનું જોવાનું હોય ? તદ્દન સાચું કોનું પડે ? ત્યારે કહે, જ્ઞાનીનું જ્યોતિષ જોયેલું તદ્દન સાચું પડે. કારણ કે અહંકાર ડખલ ના કરે ને ! અને આ અહંકારી લોકો ડખલ કરે. માટે એમનું જ્યોતિષ જોયેલું હોય તેમાં થોડો ફેરફાર થઈ જાય. અહંકાર ડખલ કરવાનો, જીવતો છે ને મૂઓ ! જ્યોતિષ એટલે પરિણામ તમે જોઈ આપ્યું, કે આવી ઈફેક્ટ વર્તશે. પણ જીવતો છે એટલે ઈફેક્ટને બગાડી નાખે, આઘીપાછી કરી નાખે. તમને સમજાય એવી વાત ? અને જ્ઞાની મરેલા હોય હંમેશાં, જીવતા મરી ગયેલા હોય. જીવતા મરી જાય એનું જ્યોતિષ જોઈ શકાય. જીવતા મરેલા એવા જોયેલા નહીં માણસો ?

જીવતા મરેલા એટલે જેનો અહંકાર મરી ગયો છે એ જીવતા મરેલા કહેવાય.

❖❖❖❖❖

# [૧૦]
# તિતિક્ષા ગુણ કેળવેલો

## બૂટની ખીલી વાગવા દેતા, અહંકારી તપ જ્ઞાન પહેલાના

**પ્રશ્નકર્તા :** દાદા, આ તમારા પગમાં કણીઓ (કપાસી) શાથી પડી ગઈ છે ?

**દાદાશ્રી :** આ તો જ્ઞાન પહેલાના તપની ડિઝાઈન છે. અમે આત્મા પ્રાપ્ત કરવા તપ કરેલું. તે કેવું તપ, કે જ્ઞાન થતા પહેલા બૂટમાં ખીલી ઊંચી આવી હોય ત્યારે એને અમે ઠોકાવતા નહીં. એને એમ જ રહેવા દેતા, એટલું તપ કરતા. તપસ્વી હતા પહેલા. તે જરાક કંઈ ચૂંક (નાની ખીલી) ખૂંચે તો તરત વાળી ના દેવડાવું, સહન કરતો'તો. તે એની મહીં કણીઓ પડી જાય. તપસ્વી ને !

**પ્રશ્નકર્તા :** હા, ઉપસર્ગ-પરિષહ સહન કરે.

**દાદાશ્રી :** સુંવાળું રહેલા નહીં. ખીલીને આમ છે તે હથોડી મારે તો બેસી જાય.

**પ્રશ્નકર્તા :** હા, તે એવું કેમ ન કર્યું ?

**દાદાશ્રી :** પણ મારા મનમાં એમ થયું, કે આ પગને જ કેમ આવ્યું આ ? આ પગને કેમ નહીં ? અને આ જ જગ્યાએ કેમ ? એટલે પછી એ


પણ સહન કર્યું એય મારી ભૂલ હતી. ભૂલ એ કરી, એની પેલી (ઉપેક્ષા) કરી, એ કઠોરતા કહેવાય. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** કઠોરતા કહેવાય.

**દાદાશ્રી :** આવું ન હોવું જોઈએ. પણ તે દહાડે આપણને ખ્યાલ નહીં ને ! પણ તે દહાડે આપણું મેઝર (માપ) નીકળ્યું. આપણું માપ નીકળે એમાં, કે આપણને આમાં કેટલી સહનશીલતા ને એ બધું હોય છે. અને તે દહાડે તો સહનશીલતા હોય ને ! આજે સહનશીલતા અમારામાં ના હોય, જરાય. સહનશીલતામાં જોડે ઈગોઈઝમ હોય, તો જ સહનશીલતા રહી શકે.

**પ્રશ્નકર્તા :** આ વિધાનથી તો તમે હદ કરી નાખી.

**દાદાશ્રી :** અમારે પહેલા અહંકારના માર્યા કઠોર તપ કરવાની શક્તિ હતી. પણ હવે તો અહંકાર જ ઓગળી ગયો.



## અજ્ઞાનતાથી આ કઠોર તપ કર્યું

તે વખતે બૂટમાં પાછળ છે તે, બે ચૂંક ઊંચી થઈ'તી, એટલે મનમાં નક્કી કર્યું, કે ભઈ, આ ચૂંકોને આપણે સહન કરવી જોઈએ. બૂટમાં ચૂંકો નીકળેલી, તે હું લેંઘાતો લેંઘાતો (લંગડાતો લંગડાતો) ચાલતો. એથી મને એક જણે પૂછ્યું, કે 'લાવો, બૂટ સમા કરાવી લાવું.' તો હું ના પાડતો. 'રહેવા દે ને, ભાઈ. આ તો એની મેળે નીકળી છે ને, તે છો ને કઠોર તપ થાય.' તે અજ્ઞાનતાથી આ કઠોર તપ કર્યું. શું કર્યું ?

**પ્રશ્નકર્તા :** કઠોર, હા.

**દાદાશ્રી :** એ ભૂલ કરી આ. સાધુઓની નકલ કરી આ. એટલે પછી ફસાયો. મેં કહ્યું, હવે આ સાધુઓની નકલ ક્યારેય પણ કરાય નહીં. પછી અમને ખબર પડી કે આ તો અમે અવળે માર્ગે છીએ. આવું તપ અમે કરેલું. બૂટની ખીલી બહાર નીકળે ને ચૂંક વાગે તે વખતે જો આત્મા હાલી જાય તો એ આત્મા જ પ્રાપ્ત થયો નથી, એવું હું માનતો હતો. એટલે એ તપ થવા દઈએ. પણ એ તપનો ડાઘ હજીય નથી ગયો ! તપનો ડાઘ આખી જિંદગી ના જાય. આ સાચો માર્ગ નથી એમ અમને પછીથી સમજાયેલું. તપ તો અંદરનું (મહીંનું) જોઈએ.

## કષ્ટ બેહદ ના હોવું જોઈએ

**પ્રશ્નકર્તા :** તો પછી કોઈ પણ સાધના માટે શરીરને કષ્ટ આપવાની જરૂર જ નથી.

**દાદાશ્રી :** શરીરનો શો ગુનો છે, બિચારાનો ? આ તો પાડાના વાંકે પખાલીને ડામ છે બધો.

**પ્રશ્નકર્તા :** તો પછી નાનપણમાં બાળક જન્મે છે ને, એને કેટલાક સંસ્કાર આપવા માટે પણ થોડું આપણે કષ્ટ આપવું પડે છે.

**દાદાશ્રી :** હા, કષ્ટ કેટલું અપાય ? એની હદ હોય. અમારા ભાગીદાર હતા ને, એ એમના છોકરાનું શું કરતા'તા ? એક દહાડો નીચે કાંકરા હતા અને છોકરું નાગું હતું ત્રણ વર્ષનું. તે આમ સુવાડીને એની

ઉપર આમ આમ ફેરવ્યું. તે ફેરવ ફેરવ કર્યા કરતા'તા. એ છોકરું રડારડ કરે ને પેલા તો આમ ફેરવ ફેરવ કર્યા કરે. મેં કહ્યું, 'આ શું કરો છો ?' ત્યારે કહે, 'આ દુનિયા... જીવન હૈ સંગ્રામ, તો પછી એને જ્યારે ત્યારે રડવું પડશે, એના કરતા અત્યારથી તૈયાર કરું છું.' શું કહે છે, સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે અમુક હદ સુધીનું તમારે હોવું જોઈએ, બેહદ ના હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** બધું મર્યાદામાં હોવું જોઈએ.

**દાદાશ્રી :** નાઈન્ટી સેવન ઈઝ ધી બિલો નૉર્મલ ફિવર, નાઈન્ટી નાઈન ઈઝ ધી એબોવ નૉર્મલ ફિવર, નાઈન્ટી એઈટ ઈઝ ધી નૉર્મલ. કમ ટૂ ધી નૉર્મલ.

## શરીરને નૉર્માલિટીમાં રાખે

આ વેદાંતીઓએ તિતિક્ષા ગુણ કેળવવાનું કર્યું, જૈનોએ બાવીસ પરિષહ સહન કરવાના કહ્યા. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બાવીસ પરિષહ સહન કરવાના કહ્યા.

**દાદાશ્રી :** એટલે ભૂખ ઉત્પન્ન થાય, મહીં કડકડે* એ રીતે થાય, તે સમતા ભાવે સહન કરવાનું શીખો, કહે છે. એ તો થાય, નહીં તમારાથી ?

**પ્રશ્નકર્તા :** થાય એવું છે. બીજું કયું છે ?

**દાદાશ્રી :** તરસેય થાય તો ?

**પ્રશ્નકર્તા :** તરસ જરા ઓછું સહન થાય. તે એનાથી સેકન્ડ નંબરે આવે.

---
*કડકડીને - સખત રીતે; કકડીને

**દાદાશ્રી :** ના, એનું નામ તરસ ના કહેવાય. તરસ તો અમે જોયેલી. એ તો અહીં જંગલમાં જતા હોય ને તરસ લાગી હોય ને...

**પ્રશ્નકર્તા :** હા. બહાર કામ કરવા ગયા હોય કોન્ટ્રાક્ટનું, તડકો બરોબર હોય અને ત્યાં પાણી ના મળે, સુકાય ગળું, ત્યારે કહેવાય.

**દાદાશ્રી :** હા, જંગલોમાં. તે અમે તરસ જોયેલી હોય. ભૂખ-તરસ...

**પ્રશ્નકર્તા :** આ તો અહીંયા લોટો પડ્યો હોય, આપણે પાણી ના પીઈએ ચોવીસ કલાક, એ ના કહેવાય.

**દાદાશ્રી :** એ ના કહેવાય. અહીં પંખા ફેરવતા હોય, પાણી શાનું જોઈએ તે ?

**પ્રશ્નકર્તા :** ઊડે જ નહીં ને પણ, આ તો પરસેવો જ ના ઊડે પછી શું ?

પછી બીજું શું રહ્યું ? તરસ, ભૂખ, પછી ?

**દાદાશ્રી :** પછી ટાઢ.

**પ્રશ્નકર્તા :** એ ટાઢ તો અમારામાં જો કે સહન કરે. ઠંડી...

**દાદાશ્રી :** અરે, ટાઢેય એવું હિમ પડતું હોય ને, સહન ના થાય. પછી તડકોય... સખત તાપ પડે ને, તે સહન ના થાય. આ તડકો તો શહેરમાં નથી પડતો. તડકો તો બહાર પડે, જંગલોમાં.

અમે બાવીસ પરિષહ સહન કરીએ નહીં પણ અમે આ શરીરને એવું રાખીએ, એવી નૉર્માલિટી પર કે બહુ તાપ પડે તો યાદ ના આવે, કે તાપ બહુ છે એવું.

## ન રાખે પંખો, કેળવેલો તિતિક્ષા ગુણ

પહેલા તો વળી આગ્રહી હતો, તે પંખો જ ઘરમાં નહોતો લાવતો હું. એ લાવીએ તો એની પ્રેક્ટિસ પડે ને ? ત્યારે પણ આ બીજા બહારથી

આવવા માંડ્યા, તે કહે છે, 'તમારે ના જોઈએ, તમે છે તે તપસ્વી પુરુષ પણ અમારા બધાનું શું થાય ? અમને તો બધું જોઈએ ને !' મેં કહ્યું, 'હારું.' તે ઊલટું પંખાનું એ મને પેસી ગયું ભૂત. અસર થઈ ગઈ ને, પછી તો. પછી ગરમી લાગે ને, પાછી બળી. એય પાછા મારે ભૂત કાઢવા પડેલા બધા. કંઈક એવું તો હોવું જોઈએ ને, લેવલ ? પ્રમાણ તો હોવું જોઈએ ને ? આપણને કંઈ અસર થયા વગર રહે નહીં. કો'ક ફેરો એ થાય કે ના થાય ? તાપની જોડે વઢવાડ કરીએ તો ક્યારે પાર આવે ?

**પ્રશ્નકર્તા :** પાર ના આવે.

**દાદાશ્રી :** હું કોઈ દહાડો આવી વઢવાડ નહોતો કરતો અને મને આ ડખલેય ગમતી નહોતી. હું એટલા હારુ પંખો નહોતો રાખતો, મામાની પોળમાં. નિરાંતે છે તે પથારીમાં પસીનો થાય ને ઠંડક વળે એવું હતું, ત્યારે પંખા બોલાવ્યા. તે પસીનો તો થતો જ નથી. ઘરે પંખો આવ્યો ત્યારે પછી કટેવ મનેય પડી થોડીક, હું પ્રેક્ટિસ કરીને બધું શરીર રાખું. તિતિક્ષા નામનો ગુણ કેળવી નાખેલો. એટલે કોઈ જગ્યાએ કશી મુશ્કેલી જ નહીં. ચાનું એકલું ભૂત પેસી ગયું હતું, તેય બંધ કરી દીધું. પણ પંખાનું થોડુંક ખરું, સાંભરે, યાદ આવે છે ને ! યાદેય ના આવવું જોઈએ. પંખો ના હોય અને પંખો યાદ આવ્યો એટલે જાણવું કે યાદ આવ્યા ભેગી આ ફાઈલ. યાદ આવે એ બધી ફાઈલ, નહીં તો યાદ જ નહીં ને અમને તો. તિતિક્ષા નામનો ગુણ કેળવી નાખેલો બધો.

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** વાતને સમજવાની છે. આમાં બીજી કશી ભાંજગડ કામ જ ના લાગે ને ! આપણે તો ઉપાધિ ઓછી કરવી જેમ બને તેમ. આ આપણી પાંચ આજ્ઞા છે ને, તે ઉપાધિ જ રાખે એવી નથી. એમાં કશું ઉપાધિવાળું છે જ નહીં. આ તો પંખાનો મારી જાત ઉપર અનુભવ લીધેલો છે, કે મારે શું થાય છે ? ૧૯૫૬ સુધી તિતિક્ષા નામનો ગુણ કેળવેલો. એક શેતરંજી ઉપર સૂઈ રહેતો હતો કાયમ અને પંખો રાખતો નહીં. આ તો આપણા જે આ શરીરનો સ્વભાવ છે તે બગડી જાય,

વિકારી થઈ જાય શરીર, તે નહોતો લેતો. તે પછી બધા ભેગા થઈને આવ્યા, 'તમને પંખો ના જોઈએ, તમે સંયમી પુરુષ, પણ અમે અહીં આવીએ ને બેસીએ તો અમને તો જોઈએ', એમ કરીને નખાવ્યો. મારે એ વેશમાં પંખામાં બેસવું પડ્યું.

## તિતિક્ષા ગુણ એ ફાયદાનો વેપાર

હવે એ વાતેય એમની સાચી ને, કે 'અમે બધા આવીએ તે અમને તો જોઈએ ને !' હું તો એ સિદ્ધાંતનો કે ભઈ, જ્યાં હું તપું છું ને તમેય તપો. ફાયદો એમાં છે. આ ફાયદાનો વેપાર છે.

તિતિક્ષા ગુણ આવવો જોઈએ. તો ગમે તે સ્થિતિમાં આનંદ રહે. અને અમારે ઊંઘવાની તો જરૂર હોતી નથી. તો પછી ઊંઘવું નથી તો અમારે શેને માટે જોઈએ ? અને લોક પંખા નીચે સૂઈ જઈ જડ જેવા થઈ ગયા છે. આખી રાત ઘોરે છે, મૂઆ. અલ્યા, શું જોઈને ઘોરે છે તું ? કુદરતે માંકણ આપ્યા એમને જગાડવા હારુ, તો એનેય માર માર કરે છે ! જાણે કોઈ દહાડો ઘોરવાનું ના મળ્યું હોય ને, એવું ઘોરી લે છે. પછી ત્યાં જવાનું પાછું. માંકણો મારીને ક્યાં જવાનું ? એમના હિસાબમાં આવ્યો તો ત્યાં ને ત્યાં જ જાય પાછો. સૂઈ જવાની ટેવ હોતી હશે ? સૂવાય ખરું ? આવું જ્ઞાન પ્રાપ્ત થયા પછી સૂવાય ખરું ? ના સૂવાય, જોખમદારી બહુ મોટી. સૂવા માટે આ જ્ઞાન આપ્યું છે ?

## શાતાશીલિયા ના થશો

ભગવાને કહેલું, કે 'શાતાશીલિયા ના થશો.' આને શાતાશીલિયા કહેવાય. શાતાશીલિયા એટલે શું ? ફ્રિજમાં મૂકી રાખેલા. બહાર કાઢીએ ત્યાર પછી શી દશા થાય ? ઓગળવા માંડે કે ના ઓગળવા માંડે ? તે શાતાશીલિયા થવાનું ના કહ્યું છે, ભગવાને. કંઈક તો આ શરીરને કેળવવું જોઈએ ને ! બાવીસ પ્રકારના પરિષહ સહન કરવાનું કહ્યું છે. તે તો હું ના પાડું છું, તમને કહેતો નથી. એ કહું તો તમે બધાય ગભરાઈ જાવ, એના કરતા ના કહું એ સારું છે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આ શરીર બાહ્ય સુખ ખોળે છે ને ?

**દાદાશ્રી :** પણ સુખ 'આપણે' ખોળવાનું ના હોય. આપણને અંદરનું સુખ મળ્યું છે. ના મળ્યું તે તો બહારનું ખોળે. અંદરનું મળ્યું હોય, તેને આ બહારનું ના હોય તો ચાલે કે ના ચાલે ? અંદરનું ના મળ્યું હોય, તેને અમારું કહેવાનું નથી. ના મળ્યું હોય તે શું કરે ? પણ અહીં તો ફાંફાં મારતો જ હોય બહાર. આમ કેટલાક તો રાહ જુએ, 'એ પવન આવ્યો, હંઅ એ આવ્યો, એ આવ્યો, એ આવ્યો !' જો જતો ના રહેવાનો હોય તો ભોગવી લે, પણ 'એ ગયો' કહેશે ! એ શાતાશીલિયાની ટેવ છે આ બધી. કેવી ?

**પ્રશ્નકર્તા :** શાતાશીલિયા, હા.

**દાદાશ્રી :** એય... પંખા-બંખા, ઉનાળાના દહાડેય છે તે તાપ ના લાગે જરાય. એ શાતાશીલિયાની કટેવ, તે જરા તાપ લાગે ને, ત્યારે આકુળ-વ્યાકુળ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** હા, આકુળ-વ્યાકુળ.

## ઉપયોગમાં રહેવા શાતાશીલિયા થવા ના દે પોતાને

**દાદાશ્રી :** તે મને હઉ આ થોડીક અસર થઈ છે. એટલે મેં હવે શું કરવા માંડ્યું છે, કે પંખો અમુક ટાઈમ બંધ કરવા માંડ્યો છે. એટલે મૂળ સ્થિતિ...

**પ્રશ્નકર્તા :** મૂળ સ્થિતિ ઉપર આવી જાવ.

**દાદાશ્રી :** શરીરની મૂળ સ્થિતિ બહુ સુંદર હોય છે. શરીર છે તે દરેક ટાઈમને અનુકૂળ થઈ શકવાની શક્તિ ધરાવે છે. તેને આપણા લોકોએ આ પંખા ને બંખાથી બગાડી નાખ્યું. બળ્યું શાતાશીલિયા થયા ને ! એટલે ઉપયોગ બહાર ગયા વગર રહે જ નહીં. ના હોય તો પવન હારુ ફાંફાં મારે. એં... 'પવન નથી આવતો, પવન નથી આવતો', આમ કરીને હલાય હલાય હલાય કરે. અલ્યા મૂઆ, શું કરું છું તું આ ? શું ધંધો માંડ્યો છે આ તેં ? તેં જોયેલા કે નહીં ઘણીવાર કરતા એવું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** નહીં જોયા હોય, નહીં ?

**પ્રશ્નકર્તા :** જોયેલા, જોયેલા, દાદા. પછી પંખો આવે એટલે હાશ કરે.

**દાદાશ્રી :** એટલે હું એક દહાડો આખો દહાડો ને આખી રાત પંખો બંધેય રાખું છું ને એક દહાડો ડબલેય ફેરવું છું. વખતે પંખો બંધ થઈ જાય તો પાછા આપણે એને યાદ કર્યા કરીએ. એનું શું ઠેકાણું ? તે આ પરવશ રહીએ ક્યાં સુધી આપણે એની જોડે ? 'આ લાઈટ ક્યારે આવશે, ક્યારે આવશે, ક્યારે આવશે' ગાયા કરીએ. તારે આવવું હોય તો આવ, નહીં તો અમે તો આ રહ્યા. આપણે તો લાઈટ જતી રહે ત્યારે પદ કેવું તમને બોલાવી દે છે. આપણો ઉપયોગ તો ચૂકીએ નહીં જરાય. અને આ લોક તો રાહ જુએ, જાણે છોકરાની વહુ ના આવવાની હોય એવી રીતે ! 'ક્યારે આવશે ? ક્યારે આવશે ?' અલ્યા, છોકરાની વહુ આવવાની છે કંઈ તે, મૂઆ ? આવવું હોય તો આવ. નહીં તો ના આવવું હોય તો તારે ઘેર રહે. આ ઈલેક્ટ્રિસિટીનીય આટલી બધી ભાંજગડ કરી ! એટલું બધું પરવશ રહેવાતું હશે કોઈની પર ?

## બાહ્ય સાધનો પરવશ બનાવે, યાદ આવ્યા કરે

કોઈ ચીજ યાદ ના આવે એનું નામ સંયમ ! અને યાદ આવે તો યાદને ગાંઠે નહીં એનું નામ સંયમ !

**પ્રશ્નકર્તા :** યાદ આવે તો યાદને ગાંઠે નહીં.

**દાદાશ્રી :** વખતે ભજિયાં યાદ આવ્યા તો એને ગાંઠે નહીં, એનું નામ સંયમ.

એ પરવશ બનાવે, દરેક ચીજ પરવશ બનાવે. જે ચીજ પરવશ બનાવે ને, એ ચીજ આપણને કેમ ખપે ? આપણે કહીએ, કે 'કેમ બહુ અકળામણ થાય છે ?' 'અહીં તાપ આવે, પવન નથી, આમ નથી ને તેમ નથી.' તે મૂઆ, એના આધારે જીવતો'તો ? શેના આધારે જીવું છું

તું ? ખાધું તેના આધારે જીવું છું કે પવનના આધારે જીવું છું ? 'બહુ અકળામણ થાય છે.' પણ મૂઆ, ત્યાં શી દશા થશે ? ત્યાં જો નર્કમાં જઈશ ને, ત્યારે દશા શી થશે તારી ? ત્યાં તો ભઠ્ઠી જ છે, તો અહીંથી શીખી રાખ્યું હોય તો વાંધો નહીં ને !

અહીં એર કંડિશનમાં બેસીને ત્યાં ભઠ્ઠી જોવી પડે. હવે બંધ કરી દેજો. દેવું પૂરું કરવું પડશે ને ? વાત સમજવી તો પડશે ને ? કશું યાદ ના આવવું જોઈએ. યાદ આવ્યું, એ આપણને પરવશ બનાવવા ફરે. શું કરે ?

**પ્રશ્નકર્તા :** પરવશ બનાવે.

## સ્વવશ હતું પણ પંખા, એ.સી.ની કુટેવે થયું પરવશ

**દાદાશ્રી :** કેવડીયા (નર્મદા જીલ્લાનું એક ગામ) હતું કશુંય આપણે પંખા-બંખાની જરૂર ? કેવો ત્યાં તાપ પડતો હતો, પણ કશી ભાંજગડ હતી ? કશીય નહીં. ઘેર આવ્યા એટલે પંખા સાંભર્યા. એ કંઈ નેસેસિટી (જરૂરિયાત) નથી, આ તો જાણીને ટેવ પાડી આપણે. ઊંધી ટેવ પાડી પંખાની. તે ઊલટો હું ટાઢો થઈ ગયો, ત્યાર પછી ! આ તે કંઈ રીત છે ? અને અમદાવાદ જઈએ છીએ ત્યારે એર કંડિશન કરે. કહેશે, 'દાદાજી, મારે ત્યાં ઉતરવાના છે.' એ લોકો એર કંડિશન કરી નાખે. એને ખબર નથી કે એર કંડિશનની મારે જરૂર નથી. મારે તો એવું એર કંડિશન જોઈએ છે કે તારે ઘેર એર કંડિશન હોય પણ પાછું સત્સંગમાં જતી વખતે ત્યાં સુધી એર કંડિશન હોય ને, એવું જોઈએ છે. ત્યારે એ તો બહાર નીકળ્યા એટલે પાછું ધખધખતું... આપણે ઠંડામાંથી બહાર નીકળીએ તો શું થાય બહાર ? ધખધખતું અંગારા જેવું લાગે. તે આ શું ? અને હું તો નીરુબેનનેય કહું છું, કે આ હું જઉં છું તે એર કંડિશન કરે છે, એ મને ફાવતું નથી. હવે આ કઈ જાતની, આ દશા કોને કહેવી તે ? ઊલટું આ શરીર એવું થઈ જાય પછી. જો બહાર એર કંડિશનમાં લઈ જવાના હોય તો અહીં લઈ જાવ અંદર. બહાર તડકામાં તેના તે જ પાછા. એટલે મારા હારુ આવું કશું કરશો નહીં. ચામડી પછી ટેવાઈ જાય.

**પ્રશ્નકર્તા :** ટેવાઈ જાય છે, દાદાજી.

**દાદાશ્રી :** તે આ બધી કુટેવ પડી ને, નહીં તો આ બારી ઉઘાડીને સૂઈ ગયો હોય, ભલે ને ગરમ પવન આવે તેનો વાંધો નહીં. પણ તે આજે રાત્રે ના આવી ઊંઘ, પરસેવો-બરસેવો થવા માંડ્યો. એટલે પાછો ઊઠીને મારે પંખો ચાલુ કરવો પડ્યો. પંખો બંધ રખાવડાવ્યો'તો મેં. ઊઠીને મારે પંખો ચાલુ કરવો પડ્યો. હવે રાત્રે ઊઠવું પડે, નકામું ઉપાધિ ! પણ આ તો અમે એમાં ગયા ત્યારે ને આ, એર કંડિશનની કુટેવોમાં પેઠા ત્યારે ને ? એ પરવશ થાય ને, આમાં તો ? મારું બધું સ્વવશ હતું. કશી ભાંજગડ નહીં આવી. તે આ એકલું જ એર કંડિશનનું પેસી ગયું. તે તો કાઢી નાખીશ પાછું. આ શી ઉપાધિ બધી ? જે પારકાના આધારે મારે આખી રાત જીવવું પડે. એ બંધ થાય તો પાછું મારે ઉપાધિ અને એના આધારે મારે જીવવું ? હવે બહાર શું કહે છે ? 'દાદા ભગવાનને મોટા મોટા શેઠિયાઓ એર કંડિશન રૂમમાં સુવાડે છે.' હવે એક બાજુ આવું લોક બોલે. આને ક્યાં પહોંચી વળાય તે ?

## ગમે તેવા વાતાવરણને એડજસ્ટ થવું મને ગમતું

મહાવીર ભગવાને ના પાડી છે, એટલે મને ચીઢ પેસી ગઈ એર કંડિશન ને એ બધાની. વાયુકાય જીવોનું શું થતું હશે ?

**પ્રશ્નકર્તા :** દાદા કોઈ દિવસ ના કરવા દે, ત્યાં હિટિંગ પણ નથી કરવા દેતા.

**દાદાશ્રી :** અરે મૂઆ, મારે એર કંડિશન હોતું હશે ? બાવીસ પરિષહનો ધરનારો ! અમારે તો મોક્ષે જવું છે. અમારે તો તપ કરવાનું તેના બદલે ઊલટું આ તમે તપ મારું ઉડાડી દો છો ? મહાપરાણે છે તે શરીરને પ્રેક્ટિસ પાડેલી હોય. શું કર્યું હોય ?

**પ્રશ્નકર્તા :** મહાપરાણે પ્રેક્ટિસ પાડેલી હોય.

**દાદાશ્રી :** ગરમીમાં બેસાય એવી રીતે પ્રેક્ટિસ પાડેલી હોય, તેને પછી આ ટાઢું પાડી દે બળ્યું. અમે બાવીસેય પ્રકારના પરિષહ સહન કરેલા હોય. ભગવાને કહ્યું છે ને, બાવીસ પ્રકારના પરિષહ સહન કરે

ત્યાર પછી જ્ઞાની થાય. તેમાં પાછું આવું ડબલું (એ.સી.) મૂકી આપે, એ જાણે કે 'મને ગમે છે એટલે દાદાનેય ગમતું હશે !' હવે એ જાણતા નથી કે મારે એર કંડિશનની જરૂર નથી. કારણ મને એડજસ્ટ થવાનું બહુ સારું ગમે છે. જે હવા હોય, વાતાવરણ હોય ને, એને એડજસ્ટ થવાનું મને ગમે છે. અને જો માણસને એર કંડિશનની જરૂર હોત તો કુદરત જ ના નાખત ?

**પ્રશ્નકર્તા :** કુદરત જ એવો કોઈ સંજોગ ઊભો કરી નાખત.

**દાદાશ્રી :** હં... કુદરત જ... અને તે એર કંડિશન આપે છે રોજ. એય... સવારે સાડા ચારથી સાડા છ એર કંડિશન આપે છે લોકોને !

**પ્રશ્નકર્તા :** હા, દરેક સિઝનમાં.

**દાદાશ્રી :** ત્યારે તે ઘડીએ સૂઈ ગયા હોય છે લોક. અને એર કંડિશનનું તો અત્યારે લોકોએ મહત્ત્વ આપ્યું ને, કે ઓહોહો ! બહુ મોટી ચીજ કહેવાય !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** જેને ત્યાં ના હોય તે હલકો ગણાય એ, એવું મહત્ત્વ આપ્યું.

**પ્રશ્નકર્તા :** સ્ટેટસ સિમ્બોલ ગણ્યું.

**દાદાશ્રી :** ફ્રિજ ના હોય તે હલકો ગણાય, એવું મહત્ત્વ આપ્યું.

## થાવ એડજસ્ટ પણ કટેવ ન પડવા દો

પણ હવે એર કંડિશન માટે ના કહેવાતું નથી. ના કહું તો બધા આ સાંભળનારા કહેશે, 'દાદાએ એર કંડિશન હતું તે કાઢી નખાવ્યું.' સાંભળવા આવનારાને બિચારાને જોઈએ ને કંઈક ! એટલે પછી શું કરું ? આ એર કંડિશન બંધ કરાવી દેવડાવું, થોડો વખત. પછી બધા આવ્યા હોય ત્યારે ચાલુ કરાવડાવું. ચાલુય કરું ને બંધેય કરું. આપણને કટેવ ના પડવી જોઈએ. આ શરીર સ્વભાવનું એવું છે કે શરીર તરત પકડી લે એ.

**પ્રશ્નકર્તા :** પકડી લે.

**દાદાશ્રી :** આ ખેતરમાં કામ કરનારા ખેડૂતો હોય ને, એને બૂટ ના હોય તોય ચાલે ઉનાળાને દહાડે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને તમે ત્યારે ફરી જુઓ જોઈએ ?

**પ્રશ્નકર્તા :** ના ચાલે.

**દાદાશ્રી :** કારણ કે શરીર એવું, ચામડી જ એવી થઈ જાય. તેથી જૈનોએ એને માટે શું કહ્યું ? બાવીસ પરિષહ સહન કરો. નહીં તો આત્મા ભૂલી જઈ અને શું સાંભરે ? ત્યાં રૂમમાં પંખો સારો હતો ને અહીં તો પંખોય નથી. તે પંખો સાંભર સાંભર થયા કરે. જાણે આવતા અવતારે મોક્ષ ના આપવાનો હોય પંખો !

## પંખા બંધ કરશો નહીં પણ હિતકારી નથી એવું માનજો

એક ખેડૂત માણસ જોડા પહેરે રોજ, તો પછી જોડા ના હોય તે ઘડીએ દઝાય એ માણસ. નહીં તો એ શરીર એવું થઈ જાય. એટલે હવે શાતાશીલિયા થયા પછી પરવશ થવું પડે, જ્યારે પંખો ના હોય તો. શું થવું પડે ?

**પ્રશ્નકર્તા :** પરવશ.

**દાદાશ્રી :** અને મારે ઉપયોગ બહાર રાખવો એ મુશ્કેલી પડે ! એટલે આ થયું એ હું મારી વાત કરું છું. એટલે આ વાતને તમે સમજજો, એમ કહ્યું. તમે પંખો બંધ કરશો નહીં, પણ આ પંખો એ હિતકારી નથી, એવું માનજો.

**પ્રશ્નકર્તા :** બરાબર છે, મારા અનુભવમાં હિતકારી નથી.

**દાદાશ્રી :** હા. એટલે આપણા મહાત્માઓને એ અનુભવ હિતકારી નથી. બહારના લોકોને તો આપણાથી કહેવાય નહીં. બહારના લોકો

બાહ્ય સુખ ખોળે છે અને તમે આંતરિક સુખ ખોળો છો. કયું ? સનાતન સુખને ખોળો છો. એટલે આ તો મારા અનુભવની વાત કરી.

**પ્રશ્નકર્તા :** દાદા, પંખો એકલો કેમ કહો છો ? ઘણી બધી વસ્તુઓ હિતકારી નથી.

**દાદાશ્રી :** બીજી વસ્તુઓ જોવાની નથી. આ પંખો એકલો વધારે છે તે નુકસાનકારક છે, બીજી વસ્તુમાં તો એ તમને ડિરેક્ટ સ્પર્શ નથી કરતું.

**પ્રશ્નકર્તા :** હા, હા, બરાબર. ડિરેક્ટ સ્પર્શતું નથી.

**દાદાશ્રી :** આ એકલું ડિરેક્ટ સ્પર્શ કરે એવું છે. બીજાનો વાંધો નથી. બીજું તો ઘરના માણસો ફ્રિજ લાવે તેમાં આપણને શું નુકસાન ? એ કહેશે, 'આ બરફનું પાણી પીઓ.' તો એ આપણે ના પીવું હોય, તો 'ના' કહી દઈએ. ઘરના માણસો રેડિયો, ફોન વાપરતા હોય, તેમાં આપણે શું લેવાદેવા ? કકળાટ થાય તો એમને થાય, આપણે શું લેવાદેવા ? આ એકલું બધાને સ્પર્શ કરે એવી વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** એ તો અત્યારે અહીંયા સત્સંગમાં બધાને થાય છે, કે અહીં ત્રણ પંખા હોય તો સારું.

**દાદાશ્રી :** હા, તે ખોળ્યા.

**પ્રશ્નકર્તા :** બધા કહે છે. કોઈને ના જોઈતું હોય તો આંગળી ઊંચી કરો જોઈએ. પૂછો, એકેય નહીં કરે.

**દાદાશ્રી :** અંદર જો સુખ વર્તતું હોય, તેને કંઈ બાહ્ય ઉપાધિની જરૂર હોતી નથી. અને છતાં કરે તોય આપણે વાંધોય નથી. આપણો માર્ગ કેવો છે કે વાંધા વગરનો માર્ગ છે. કેવો ?

**પ્રશ્નકર્તા :** વાંધાવચકા વગરનો.

**દાદાશ્રી :** અને બહાર તો આપણે બોલીએ જ નહીં. બહાર તો એ બાહ્ય સુખ જ જગત ખોળી રહ્યું છે. બહારનું જ સુખ ખોળી રહ્યું છે, એમાં તો બોલાય જ નહીં. એ તો સુખ જ્યાં માને છે ત્યાં જ છે. અને એ

કહેશે, 'અમારાથી પવન વગર રહેવાતું નથી.' આપણે કહીએ, બરોબર, એમ જ હોય. બને તો પંખો લાવજો, એમ કહીએ આપણે. જેને જે ખપે, તેને તે વસ્તુ જ જરૂરિયાત છે.

## અડચણવાળી વસ્તુઓ ખોળીએ, જેથી તિતિક્ષા ચાલુ રહે

બહાર ગરમી લાગતી હોય તો મહીં જવાય. બહાર ઠંડક તો મહીં કોણ જાય, પોતાને ઘેર ?

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** એટલે અમને પોસાય નહીં આ બધું. બહાર કોચ કોચ કરનારું જોઈએ કો'ક.

**પ્રશ્નકર્તા :** ગોદા મારનાર જોઈએ તે. દાદા, તે વખતે એ વાક્ય નીકળ્યું, મને બહુ હિતકારી થઈ ગયું. કારણ કે એની મને જરૂર હતી. મને નડતું'તું એ.

**દાદાશ્રી :** ખરું, ખરું. એ શાતાશીલિયાપણું ચાલે નહીં. જો કે આપણા કર્મના ઉદયે એટલું બધું કઠણ નહીં આવવાનું, પણ અમુક તો ટેવ હોવી જ જોઈએ.

**પ્રશ્નકર્તા :** બરોબર છે, દાદા.

**દાદાશ્રી :** શાતાશીલિયાપણું નડે એને.

**પ્રશ્નકર્તા :** શાતાશીલિયાપણું નડે, હા દાદા.

**દાદાશ્રી :** શાતાશીલિયા તો રહેવાય જ નહીં. એટલે અમે ગાડીમાં જઈએ તો ખાડાખબડાવાળા રસ્તામાં જઈએ, તે નિરાંતે પછી રાગે પડી જાય પાછું. નીરુબેનને નહીં ફાવતું હોય ખાડાખબડાવાળા રસ્તે ?

**નીરુમા :** ફાવે છે ને, દાદા.

**દાદાશ્રી :** તમેય સુંવાળા થઈ ગયેલા ને, ના ફાવે.

**નીરુમા :** ના, હવે એવું નથી રહ્યું, દાદા. એડજસ્ટ થઈ જવાય છે.

**દાદાશ્રી :** એટલે બધાના મનમાં એમ થાય કે આ દાદા આવો રસ્તો શા હારુ ખોળતા હશે ? અરે ભઈ, મારે આ શાતાશીલિયા થયે ના પાલવે. હું તો ગાડામાં ફરેલો માણસ છું. ગાડામાં ધકાક... ધકાક.

**પ્રશ્નકર્તા :** બધા દાદાજીના હિતમાં જ હોય છે, એટલે જ પછી આગ્રહી થઈ જાય છે.

**દાદાશ્રી :** દાદાજી નાનું બાળક હોય તો ઠીક છે કે ભઈ, બાળક સમજતું નથી તો એને પાછું વાળીએ. અમે આવું છે તે થોડુંઘણું અડચણોવાળી વસ્તુ ખોળીએ, કે જેથી અમારું તિતિક્ષાપણું, તે દશા જતી ના રહે. નહીં તો સુંવાળી દશા તે પછી સહન ના થાય. આ એર કંડિશનમાં જ એવું થઈ ગયેલું. તેય આવતી સાલ સુધારી દઈશું. બળ્યું, પંખાની શું જરૂર ? ના હોય તો શું કરો ?

**પ્રશ્નકર્તા :** કશુંય નહીં.

**દાદાશ્રી :** આટલું બધું પરાધીનપણું હોતું હશે, પરવશપણું ? આ મારે શરદી થઈ જાય તો શરીર એ થઈ જાય, લોહી બંધ થઈ જાય ને ! આવા એર કંડિશનના સાધનો. લોહી ઓછું ફરતું હોય ને, તો બંધ થઈ જાય મહીં. વધારે તો પક્ષાઘાતના કારણો આવા બધા તે બહુ નુકસાન કરે. ઘેર એર કંડિશન રાખ્યું છે કે ? નથી રાખ્યું ? ત્યારે સારું.

## નિરાગ્રહી દશા, તેથી દંડને ખાતર પલંગ ઉપર સૂવે

મારું સાદું જીવન, આ તો જ્ઞાની થયા પછી હાલી ગયું ઊલટું. અહીં સૂઈ જાવ ને આમ કરો ને તેમ કરો.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે, દાદાજી.

**દાદાશ્રી :** શેતરંજી ઉપર જીવન હતું મારું. મને બહુ અનુકૂળ રહેતું એ. અત્યારે તો એવું શેતરંજી ઉપર સૂવા જઉં તો સૂવા દેતાય નથી ને ! 'શરદી થઈ જાય, આમ થઈ જાય.' એટલે બધુંય લોકોના કહ્યા પ્રમાણે કરવું પડે છે મારે, શું થાય ?

**પ્રશ્નકર્તા :** પણ એમાં કો'કવાર યોગ્ય ન હોય તો ?

**દાદાશ્રી :** યોગ્ય જ નથી હોતું છતાંય પણ કરવું પડે છે. યોગ્ય ન હોય તોય કરવું પડે. તોય આમ કહું ખરો, કે 'આ અનુકૂળ નથી', પણ તોય પાછા ફરી મૂકે, તેનું શું થાય ?

**પ્રશ્નકર્તા :** સાંભળે જ નહીં.

**દાદાશ્રી :** સાંભળે જ નહીં ને ! 'દાદાજીને આવો શોખ જ ના હોય. માટે કંઈ ચાલતું હશે' કહેશે. શું કહે ?

**પ્રશ્નકર્તા :** હં, માટે કંઈ ચાલે !

**દાદાશ્રી :** હા, 'એવું કાંઈ ચાલતું હશે ?' તો આપણેય ના કહેવાય નહીં ને ! હઠાગ્રહ તો આપણે ત્યાં નિયમ જ નથી ને ! આગ્રહ જ કરવાનો નહીં ને !

**પ્રશ્નકર્તા :** હઠાગ્રહ નહીં, આગ્રહ જ નહીં.

**દાદાશ્રી :** આગ્રહ જ નહીં. અમે તો લોકોને કહીએ, કે 'નીચે પથારી થાય એવું કરજો.' પણ આ તો દંડની ખાતર મારે ઉપર સૂઈ જવું પડે છે.

**પ્રશ્નકર્તા :** દંડની ખાતર ઉપર !

**દાદાશ્રી :** હા, એટલે દંડની ખાતર બધે આ ઉપર આમ સૂઈ જઈએ. ત્યાં અમેરિકામાં દંડની ખાતર સૂઈ ગયો. એમને ખરાબ લાગે કે 'દાદા આવું કરે છે.'

## નિરાલંબપણું, ત્યાં કોઈ અવલંબન કેમ પોષાય ?

હું તો આ ગોદડુંય એટલા માટે પાથરું છું કે લોકોને સારું લાગે એટલા સારુ. બાકી મને તો એક છે તે શેતરંજી જોઈએ. હું તો નાનો હતો ને, ત્યારથી શેતરંજીમાં સૂઈ જતો'તો, બધા ઘરમાં વઢે-કરે તોય. હું તો તૈયાર થઈને આવેલો પહેલેથી. હવે પડી આ ટેવ મને, તેય લોકોએ

ટેવો પાડી, હં કે. જ્યાં જઉં ત્યાં પલંગ ઉપર પથારી કરી હોય છે ને, તેય મને બોધરેશન લાગે છે. પછી નીચે કરાવડાવું છું. પલંગ હોય, એમાં સૂઈ ગયા તે આટલું મહીં ગરકી જવાય. જાણે કાદવમાં સૂઈ ગયા ! આ તો નીચે સૂઈ જઈએ ને, તો પાછળનો બરડો દબાય, બધું દબાય, નહીં ? તે જી.એ.શાહને ત્યાં કહ્યું, કે આ તમારો પલંગ મને ફાવે નહીં, મારે તો નીચે જોઈએ. તે નીચે પથારી કરું. પલંગ પડી રહે એમ ને એમ. હું નીચે સૂઈ જઉં, પલંગ પડી રહે. તો આ પલંગવાળી રૂમોમાંયે નીરુબેનને પૂછો, નીચે જ સૂઈ જઉં છું. મારે શેને માટે આ બધી ઉપાધિ ? મારે કંઈ ઊંઘવાની જરૂર જ નથી, મારે તો આડા થવાની જરૂર છે. અને તેય પાછા જોયા, એનાય સ્વાદ જોયા, એર કંડિશનનાય. તે પહેલું બેએક કલાક જરાક ઠીક લાગે. પછી બંધ થઈ જાય એટલે ઉપાધિ. તે પેલું મારું ધ્યાન ના રહે પછી. મેં કહ્યું, આ ઉપાધિમાં ક્યાં પડ્યા આપણે, ફસામણમાં ? અમે નિરાલંબ હોઈએ, અમને કોઈ અવલંબનની જરૂર જ નહીં. નિરાલંબ ! એટલી બધી સ્વતંત્રતા હોય કે નિરાલંબપણું હોય, ત્યાં આગળ આનું અવલંબન થાય ?

## ગાદલું ઉપાડવામાં લાગે પરવશતા તે તિતિક્ષા કરી ચાલુ

**પ્રશ્નકર્તા :** નાનપણથી તમને તિતિક્ષાની સમજણ પડેલી ?

**દાદાશ્રી :** તિતિક્ષા ગુણ કેવી રીતે ઉત્પન્ન થયો ? મોટાભાઈ ને અમે ભેગા રહેતા'તા. એ ગોદડાં પેલા, પહેલાના જમાનાના જાડા ગોદડાં હોય ને, એને પાથરીને સૂઈ જઈએ. એક-બે ગોદડું. કોઈ બેય ગોદડાં પાથરે. પણ પેલી બઈ ઉઠાવનારી હતી ને, તે બઈ પંદર દહાડા સુધી આવી નહીં. એટલે પછી અમારા મોટાભાઈએ શું કહ્યું ? 'સહુ સહુના ઉઠાવીને મૂકી દેજો.' અને આવું ગોદડું ભારે લેવાનું ! તે દહાડે એ જમાનામાં રૂ સસ્તું ને, એટલે ગોદડાં બધા જાડા જાડા હોય. એય મોટા, જાડાં-જાડાં. એટલે હું તો એક જ પાથરું, બે તો પાથરતો જ નહીં. પણ એ એક મારે ઉઠાવીને મૂકવું પડ્યું ને, ત્યારથી ઉપદેશ લીધો કે બળ્યું, આપણે એની મહીં સૂઈ ગયા કે એ મારી પર સૂઈ ગયું ? જો એની મહીં

સૂઈ ગયા હોત તો આપણને હેરાન ના કરત. આ તો આ મારી પર સૂઈ ગયું. હવે આ પીડા આપણે શું કરીએ ? એના કરતા શેતરંજી ઉપર સૂઈ જવાનું. જેને ઉઠાવવાની મુશ્કેલી પડે, એની માટે પરવશતા. ઉઠાવતી વખતે ના ગમે એનું કરવાનું શું તે ? એમાં સૂવાનું શું કામનું ? જે ગમો ના ઉત્પન્ન કરે, એમાં સૂવાનું શું કામનું ? આ તો શેતરંજી લઈને હેંડ્યા.

**પ્રશ્નકર્તા :** હા, એ તો ઉપાડવાની નહીં.

**દાદાશ્રી :** ભાંજગડ જ નહીં ને ! પછી બા ઘણીય બૂમ પાડે, 'ભાઈ, શરદી થઈ જશે.' મેં કહ્યું, 'થઈ જ ગયેલી છે.' બધા ગોદડાંમાં સૂઈ જાય ને હું એકલો જ શેતરંજી ઉપર. કોઈને એમ ના કહું, કે 'તમે આવું કરો.' મને મારે પોસાય એટલું કરું. એટલે અનુભવે શિખવાડેલું, તિતિક્ષા.

## નિરંતર સ્વતંત્ર જ રહેવું ગમે

માટે હું એક શેતરંજી ઉપર સૂઈ જતો. મને એનો ઉપદેશ નાની ઉંમરમાં મળેલો, પચ્ચીસ વર્ષની ઉંમરે. પહેલા હું બેમાંથી એક ગોદડાં ઉપર આવ્યો. પણ પછી એકેય ઉપાધિ લાગી. તે શેતરંજી પર સૂઈ જતો હતો પછી. આ શું તોફાન બળ્યું, વગર કામનું ! આ આમથી પાથર્યું ને સૂઈ ગયા પછી, પંચાત મટી.

**પ્રશ્નકર્તા :** હા, સાચી વાત છે, દાદા.

**દાદાશ્રી :** એ તો ખાલી સાયકૉલોજી ઈફેક્ટ છે, કે મારા હાડકાં દુખશે ને... લોક કહે છે એવું આય કહે. મૂઆ, શેના હાડકાં દુખે તે ? તે હાડકાં કંઈ નાસી જવાના છે ?

**પ્રશ્નકર્તા :** અને એ તો શરીરને તો જેવું આપો એ પ્રમાણે ચાલે છે.

**દાદાશ્રી :** એ સાયકૉલોજી ઈફેક્ટ છે બધી. હું તો આ જ્ઞાન થતા સુધી છે તે એમ ને એમ જમીન ઉપર સૂઈ રહેતો. પલંગ-બલંગ ફાવે નહીં મને. મારે પોતાને અનુકૂળ ના આવે. તમારે ઘરમાં બધાને જે કરવું હોય તે કરો.

**પ્રશ્નકર્તા :** બધું બંધન થાય છે.

**દાદાશ્રી :** પરવશતા લાગે બળી !

**પ્રશ્નકર્તા :** હા, આ જોઈશે ને આ જોઈશે ને આમ જોઈશે.

**દાદાશ્રી :** પલંગ પછી હલી ગયો હોય, હવે હું શી રીતે સમું કરું એને ? પાછો સુથાર બોલાવવો પડે. પાછી આ શી ઉપાધિ બધી વગર કામની ? આ જો, ભોંય કશું હાલે નહીં કે કરે નહીં.

નાનપણથી પોસાતું નહીં આવું બધું.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર, સાચી વાત છે.

**દાદાશ્રી :** આપણને પરવશતા કરાવડાવે એ વસ્તુ કામની શું ? આપણને જે પરવશ બનાવે એ વસ્તુ કામની જ શું ? સ્વતંત્ર બનાવે એ કામની. મને પરવશ કરે એ ચીજથી હું છેટો રહેતો હતો હંમેશાંય. ગોદડાંય પાથરતો ન હતો. ત્યાં શેતરંજી એકલી જ. અને ગોદડાં પાથરવાના કહે ને, તો બે-ત્રણ સાથે આ પાથરીને સૂઈ જઉં. એટલે સવારમાં આઘાપાછા કરવાના તો વેશ થઈ પડે ને ?

**પ્રશ્નકર્તા :** હા, વેશ થઈ પડે.

**દાદાશ્રી :** શું સ્વાદ કાઢવાનો તે ? આપણને પરવશ ના કરે એ વિજ્ઞાન માર્ગ છે. પરવશમાંથી છૂટવા માટે તો આ બધીય ભાંજગડ કરીએ છીએ.

## આત્માને તો દેહની મહીં ગાદી જ છે ને !

મને આ ગમે નહીં, પરવશતામાં રહેવું સહેજે. કાલે મારો આખો પલંગ અહીં ખસેડવો પડ્યો ને ! એ આબરૂ લીધીને એણે તો. સો ગાળો ભાંડે તોય એવી આબરૂ ના લે, અને આ...

**પ્રશ્નકર્તા :** આબરૂ લે.

**દાદાશ્રી :** મોટા બાવાઓ આ બધું નભાવી લે અને એક ગાળ ભાંડે તો ઊંચો-નીચો થઈ જાય.

લોકોને બહુ ઉઠાવવું પડે નહીં, એવી પથારી ગમે મને. તે મને ભોંય ઉપર એક પથારી કરી આપે, એટલે ઉઠાવતા એને વાર ના લાગે એટલી જોઈએ. નહીં તો એને ગોદડાં ઉઠાવતો દેખું તો જાણે હું ઉઠાવું છું, એવો મને બોજો રહ્યા કરે.

**પ્રશ્નકર્તા :** હા, ખરી વાત છે.

**દાદાશ્રી :** ના, એટલે આ તો જાણે અજ્ઞાન દશામાં, અત્યારે તો મારાથી આવું હોય જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** હા, હવે છોડી દીધું.

**દાદાશ્રી :** પણ મારું કહેવાનું કે મૂળ સ્વભાવ આવો. શેતરંજી ઉપર જ સૂવાનું. બીજી ભાંજગડ નહીં ને ! તિતિક્ષા ગુણ જ બધો.

અને આત્મા તો મહીં ગાદીમાં જ હોય છે ને ! બળ્યું, આને દેહને ગાદી શું કરવી છે ? આત્મા તો ગાદીમાં જ હોય છે ! એ ગાદીમાં જ સૂઈ રહ્યો હોય, રેશમી ગાદી. એને કંઈ અસર થાય એવું નથી.

**પ્રશ્નકર્તા :** શરીરમાં એ ગાદી ક્યાં આવી, દાદા ?

**દાદાશ્રી :** આખા શરીરમાં ગાદી છે ને ત્યાં આત્મા રહેલો છે.

## ગમે નીચે સૂવાનું પણ મહાત્માના પ્રેમભાવને લાભ આપે

અમને 'સ્વરૂપ જ્ઞાન' નહોતું થયું ત્યારે અનુકૂળમાં અમે બહુ ચેતતા રહેતા. પ્રતિકૂળમાં તો આપણને ખબર મળશે. અનુકૂળથી જ આખું બધું રખડેલું.

એટલે હું તો પચ્ચીસ વર્ષનો હતો ત્યારથી શેતરંજી ઉપર સૂતો હતો. કારણ કે આપણા શરીરને બીજો વાંધો ના આવે. પછી કહેશે, 'હાડકાં દુખે છે.' અલ્યા મૂઆ, કશું દુખ્યા વગર રહેવાનું નથી. માટે પાંસરું કરજે. એટલે મકોડા (મણકા) તો ના ખસી જાય. આ તો પાછા કેડના મકોડા ખસી જાય. જમીન ઉપર સૂતા હોય તો મકોડો ના ખસી જાય ને ઊલટા મજબૂત થાય !

**પ્રશ્નકર્તા :** એ આખોય ખસ્યા પછી જમીન પર સૂવાનું ડૉક્ટર કહે છે, ત્યારે સૂવું પડે છે પછી.

**દાદાશ્રી :** ના, એમ નહીં પણ તે ઘડીએ એના પેલા મકોડા ખસી ના જાય, પણ મજબૂત થાય. આ તો ઢીલાપોચામાં સૂઈ ગયા એટલે મકોડા થઈ ગયા ઢીલા. એટલે આ મકોડાના ડૉક્ટરને બોલાવવા પડે પાછા. હું તો નિરાંતે નીચે સૂઈ જતો હતો. હીરાબા 'ના-ના' કર્યા કરે, 'એ તમારું શરીર સારું નહીં રહે.' મેં કહ્યું, 'મારે રાખવું જ નથી ને સારું.' આપણે તો સારી ચીજ કાઢી લેવી છે આમાંથી. આમાં કઈ સારી ચીજ છે (આત્મા) એ કાઢી લેવાની, બીજું બધું સારું રાખવું નથી.

અત્યારેય મને નીચે સૂવાનું ફાવે, પણ આ લોકો છોડતા નથી. મને કહે, 'અહીં સૂઈ જાવ.' પહેલા તો એ ગમતું ને એ કરવાનુંય હાથમાં હતું. આ તો ઊંચા પદે બેઠા ને, તે ઊલટું આપણા હાથમાં કશું રહ્યું જ નહીં. મને કંઈ એનો વસવસો ના હોય. હવે કોઈ ચીજનો વસવસો ના હોય.

## હવે શેતરંજીમાં સૂવાતુંય નથી ને આગ્રહ પણ નથી

પહેલા કાયમ આવી રીતે સૂતો હતો. છતાં તમે આટલો ડૂબી (ખૂંપી) જઉં એટલામાં સુવાડો છો, તોય કંઈ વાંધો ઉઠાવું છું ? કારણ કે બેઉમાંય પાસ રહેવું જોઈએ આપણે. નહીં તો પજવશે, હેરાન કરશે. હેરાન કરે કે ના કરે ?

**પ્રશ્નકર્તા :** કરે.

**દાદાશ્રી :** નીચે સૂઈ જનારા બાપજીને ગોદડાંમાં સુવાડીએ, તો શી દશા થાય ? આખી રાત ઊંઘ ના આવે એમને. અને આ ગોદડાંમાં સૂતેલાને નીચે સુવાડીએ તો ? એટલે તિતિક્ષા ગુણ કેળવો. એ અમુક તો હોવું જોઈએ ને આપણે આમ ! દેહ આપણને હેરાન કરી નાખે એવું તો ના જ હોવું જોઈએ ને ! એટલા બધા સુંવાળા રહેવાનું શું કારણ છે તે ? આપણી પાસે એવી સ્થિતિ આવે, માટે કંઈ આપણે સુંવાળા થવાનું એવું કહે છે ? સ્થિતિ એમ કહે છે, કે 'તમે સુંવાળા થઈ જાવ ?' આ તમે

મને આજે સુવાડો છો એ પલંગમાં, હું આટલો ગરકી જઉં છું. તેથી કંઈ મહીં વળગી પડવાનું છે ? કાલે સવારે પાછું નીચે સુવાડે તો, હા...શ ! આજે સારું થયું હોં, મને કેડો દુખતી ઓછી થઈ ગઈ.

જો કે હવે શેતરંજી ના ફાવે. કારણ કે હવે હાડકાં નીકળ્યા ને ! એટલે હવે એ શેતરંજીનો આગ્રહ જતો રહ્યો. કારણ કે શેતરંજી પર સૂઈ જઉં છું, ત્યારે આ હાડકાં બધા ઉઘાડા થયા ને, એટલે એની મહીં દુખે છે હવે તો. પહેલા શેતરંજી પર જ સૂઈ જતો'તો. એ જ, બીજું જોઈએ નહીં કશું. ઘણુંય લોકો કહે, 'શરદી થઈ જશે.' મેં કહ્યું, 'શરદી છે જ, પછી હવે થવાની ક્યાંથી ?' જેને ના થયેલી હોય તેને થઈ જાય. પણ શરદીવાળો તો છે જ, હવે બીજી તે કેટલી ખોટ જશે ?

## શેતરંજી કે ગોદડાં, ન પાડે પ્રેક્ટિસ કશાની

અમારે તપ જોઈએ, આવી પડેલું તપ, કરવા નહીં જવાનું. ઉપાસરામાં નહીં જવાનું. એય રાત્રે સૂઈ જવાનું પથારીમાં. તે કોઈ કહેશે, 'તમને તો આ ટેવ પડી ગઈ નીચે સૂઈ જવાની.' મેં કહ્યું, 'ત્રણ પાથર ને, જો ઊંઘી જાય છે કે નથી ઊંઘી જતા ?' ટેવ તો આ મહારાજોને પડી ગયેલી છે. એમને જો ત્રણ પાથરીએ તો આખી રાત ઊંઘ ના આવે. કારણ ટેવ પડી ગયેલી, બિચારાને ! અમારે ટેવ ના પડે. મને તો ત્રણ ગોદડાં પાથરી આપું તોય ચીઢ નહીં, ઊંઘી જઉં... તોય ઊંઘ આવે. શેતરંજીમાંય આવે. અને આપણા ત્યાગી સાધુઓને રોજ શેતરંજીમાં સૂઈ જાય ને જો ગોદડાં પાથરીએ તો ઊંઘ જ ના આવે. કારણ કે એ પ્રેક્ટિસ (ટેવ) પડી ગયેલી હોય. આ ખાડામાંથી છૂટ્યો, તો આ ખાડામાં પડ્યો. આ ખાડામાંથી છૂટ્યો, તો આ ખાડામાં પડ્યો. બન્નેય ખાડામાં ન પડે, એ પ્રેક્ટિસ વગરના કહેવાય. કોઈ ખાડો અડે નહીં.

પ્રેક્ટિસ ના પડવી જોઈએ આ જગતમાં. પ્રેક્ટિસ એ બંધન છે. કોઈ પણ વસ્તુની પ્રેક્ટિસ પડી ગઈ એ બંધન છે. અમને પ્રેક્ટિસ-બ્રેક્ટિસ કશાની નહીં. અમને તો કશું બે-ત્રણ ગોદડાં પાથરી આપે તે બેસીએ. અને હું કહુંય ખરો, કે 'સારું લાગ્યું', અને શેતરંજીમાંય બહુ સારું લાગે.

ચાર ગોદડાંમાંય સૂઈ જઈએ, નીચેય સૂઈ જઈએ, પેણેય સૂઈ જઈએ, બધી જાતનું રાખેલું. ઉનાળાને દહાડે નીચેય સૂઈ જવાનું. ચાદર જેવું કશું પાથરીને સૂઈ જવાનું, નહીં તો ગોદડાંમાં સૂઈ જવાનું. બધું અમે રાખેલું. કારણ કે પ્રેક્ટિસ નહીં કોઈ જાતની. અને જંગલમાં ધંધા ઉપર જઈએ ને, ત્યાં કાંકરા ના હોય તો કાંકરા ભેગા કરીને પાથરીને સૂઈ જઈએ. કાંકરા જરા ખૂંચે રાતે. અને ખૂંચે તો ઊંઘ ના આવે તો આત્માની ખબર રહે. એવા-તેવા પ્રયોગ બધા ચાલુ હતા.

## હેબિચ્યૂએટેડ નહીં, ઉપયોગપૂર્વક હોવું જોઈએ

સંસાર શું કહે છે ? રેશમી ચાદર મફત મળતી હોય, તોય પણ લાવીને પાથરો નહીં અને કૉટન મળતી હોય તો વેચાતી લાવીને પાથરો. ત્યારે કહે, 'ભઈ, એમાં શું ફાયદો ?' ત્યારે કહે, 'મૂઆ, આ કટેવ પડ્યા પછી આ ફરી નહીં મળે તો મુશ્કેલીમાં મૂકાઈ જઈશ.' માટે એવી ટેવ રાખ એક, કે જે કાયમ બધે મળ્યા કરે. એટલે કૉટનની વેચાતી લાવજે, પણ આ રેશમીનું તો મહીં આમ આ... 'કેવી સરસ છે, કેવી સરસ છે !' મૂઆ, ટેવ પડી જશે ! પછી બીજું બધું કકરું લાગશે. એટલે આ જગત બધું એક્ચુઅલી હેબિચ્યૂએટેડ જ થઈ ગયેલું છે. કેવું છે ?

**પ્રશ્નકર્તા :** હેબિચ્યૂએટેડ.

**દાદાશ્રી :** ઉપયોગ તો નામેય નથી, અત્યારે અહીં આગળ કોઈ મોટામાં મોટા મહારાજને તેડી લાવીએ, અને આપણે કહીએ, કે 'ભઈ, અહીં તો આ ગામમાં ઉપાશ્રય નથી, તો મહારાજ અહીં સૂઈ રહેજો.' એટલે મહારાજને કંઈ સાદડી-બાદડી આપીએ, તો મહારાજને બીજું કશું જોઈએ નહીં. સાદડી આપે એટલે સૂઈ જાય પાછા. પણ જો બીજે દહાડે એમ કહ્યું હોય, કે 'મહારાજ, તમારે આજ ચાર ગોદડાંમાં જ સૂઈ જવું પડશે.' તો મહાદુઃખ થઈ જાય એમને તો ! ઊંઘ જ ના આવે એ ગોદડાંમાં. કારણ કે એ ટેવાઈ ગયેલા છે આનાથી. કેવું ? આનાથી ટેવાયેલા છે અને ચાર ગાદલામાં સૂતા હોય તેને નીચે સુવાડીએ તો ઊંઘ ના આવે. એ આનાથી ટેવાયેલા છે. ભગવાને કહ્યું, કે 'બેઉના તપ અને

બેઉના વિલાસ અમને એક્સેપ્ટ નથી. બેઉને વિલાસી કહીએ છીએ.' ભગવાને શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બેઉને 'વિલાસી' કહ્યા.

**દાદાશ્રી :** હં. 'તમારે જો ઉપયોગપૂર્વક હશે તો સાચું', કહે છે. ઉપયોગ નથી ને એમ ને એમ ટેવ પડી જાય, એટલે આ તો હેબિચ્યુએટેડ કહેવાય. તે આ બધા મહારાજ હેબિચ્યુએટેડ થઈ ગયેલા છે.

કેટલાક કહે, 'એય... મને ના ખપે, મને ના ખપે, મને ના ખપે. જમીન ઉપર અમારે સૂઈ જવાનું એક સાદડી પાથરી ને !' 'બાપજી, આ નીચે ઠંડું છે. જરા એક ગોદડાંમાં સૂઈ જાવ ને !' 'અમને ના ખપે.' શાથી ? કારણ કે માની બેઠા છે એવું. શું માની બેઠા છે, કે આવું કરીશ તો મારો ઉકેલ આવશે કંઈક. અને આપણે માની બેઠા છીએ, કે ગોદડાંમાં સૂઈ જઈએ તો જ ઉકેલ આવશે. આ બન્નેય માન્યતા રોંગ છે.

મેં એક મહારાજને કહ્યું'તું, 'મહારાજ, ભોંય પર સૂઈ રહો છો, તે તમને તમારી નબળાઈ ક્યારે ખબર પડશે ?' ત્યારે મને કહે છે, 'ક્યારે ?' મેં કહ્યું, ''ચાર ગોદડાંમાં તમને ફરજિયાત સુવાડે ને કો'ક જગ્યાએ, ત્યારે ખબર પડશે.'' ત્યારે કહે, 'કેમ એમ ?' મેં કહ્યું, 'ઊંઘ નહીં આવે તમને.' ત્યારે કહે, 'એ વાત ખરી. વિચારતા એવું લાગે છે, ઊંઘ ના આવે.' અને આવે જ નહીં. એ ટેવાયેલા છે. ઉપયોગપૂર્વક હોવું જોઈએ બધું. ઉપયોગ વગર બધું નકામું છે.

**પ્રશ્નકર્તા :** ઉપયોગપૂર્વક એટલે કેવી રીતે ?

**દાદાશ્રી :** ઉપયોગપૂર્વક એટલે આ ટેવરૂપે ના હોવું જોઈએ. ઉપયોગ એટલે હેતુ બધો, શુભાશુભ ઉપયોગ, શુભ ઉપયોગ કહેવાય છે. શુદ્ધ તો, એને જ્ઞાન નથી એટલે શુદ્ધ ઉપયોગ તો હોય નહીં, પણ શુભ ઉપયોગ ! એટલે એનો હેતુ, કે આ શરીરને કોઈ જગ્યાએ, બીજી જગ્યાએ ના મળે, તો હું મુશ્કેલીમાં મૂકાઉં, તે હેતુ માટે આ છે. આ બધા ઉપયોગ, હેતુ-બેતુ, બધુંય એનું એ હોય, સાથે હોય. નિરંતર જાગૃત હોય એમાં. અને આપણે શુદ્ધ ઉપયોગ હોય.

એટલે આપણે બે ગોદડાંમાંય સૂઈ જવું એક દહાડો, એક દહાડો શેતરંજીમાં સૂઈ જવું, એવી બધી રીતો રાખવી.

## લોકથી વિરુદ્ધ અંકગણિત

અમારું અંકગણિત જુદું, લોકથી વિરુદ્ધ અમારું ગણિત. અને અમારે લોકથી વિરુદ્ધ જોઈએ છે માલ. અમારે શું જોઈએ છે ?

**પ્રશ્નકર્તા :** લોકથી વિરુદ્ધ માલ.

**દાદાશ્રી :** લોકથી વિરુદ્ધ.

**પ્રશ્નકર્તા :** પણ લોકથી વિરુદ્ધ છે એ જ લોકની તરફેણ છે ને ?

**દાદાશ્રી :** ત્યારે એ પણ લોકોને ગમે નહીં ને ! લોક તે વિરુદ્ધમાં આવે નહીં ને કોઈ, એટલે અમારું ગણિત આ બાજુનું. પ્રેક્ટિસ ના પડવી જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** ના પડવી જોઈએ.

**દાદાશ્રી :** હંઅ. નીચે બેસવાની પ્રેક્ટિસ પડી ગઈ હોય, એને ઉપર બેસાડીએ તો મનમાં એમ થાય, કે 'કોઈ જોઈ જશે તો... કોઈ જોઈ જશે તો.' અને ઉપર બેઠેલો હોય, તે નીચે બેસાડીએ તો 'જોઈ જશે'ની ચિંતા. અરે, બન્નેની તે ભાંજગડ છોડી દે ને, પ્રેક્ટિસ ના પાડીશ.

**પ્રશ્નકર્તા :** પ્રેક્ટિસ નહીં પાડવાની.

**દાદાશ્રી :** હા. ઘડભાંજ શી તે ? (હવે તમારે તો આ જ્ઞાન મળ્યું એટલે જ્ઞાનથી જવાનું.) જે ઘડભાંજ થાય એ જગ્યા જ આપણી નહોય. મેં તમને બે જગ્યા આપી. એક ઘડભાંજવાળી જગ્યા છે અને એક તમારી દરઅસલ સીટ છે. તો ઘડભાંજ થાય તો જાણવું, કે આ જગ્યા આપણી નહોય, ઊઠીને ત્યાં તે આપણી જગ્યા ઉપર બેસી જવું. કોઈ પણ જાતની ઘડભાંજ થાય એટલે પોતાની જગ્યાએ બેસી જવું. આપણે જાણીએ, કે ભૂલ થઈ આ ખુરશીમાં બેસીને. એવો આત્મા છૂટો આપ્યો છે મેં. ઘડભાંજ થાય કે ઊઠી જવું આપણે, આ નહોય સીટ આપણી. પોતાની નથી.

## તપથી ટેસ્ટેડ થાય ને બધી જગ્યાએ ઑલ રાઈટ

**પ્રશ્નકર્તા :** આ તપનો ફાયદો શું ? આ તપ કર્યા એનો ફાયદો શું, શેતરંજી ઉપર એ સૂઈ જાવ તે ને એ બધું ?

**દાદાશ્રી :** અત્યારે એવું થયું હોય, તો લોકોને કહે નહીં, કે મારે આવું થઈ ગયું છે. કકળાટ મોઢા ઉપર દેખાડે નહીં. કારણ કે અનુભવ થઈ ગયેલા ને ! એટલે કોઈ જગ્યાએ ભડકે નહીં એ. એ ટેસ્ટેડ થઈ ગયા કહેવાય. એટલે જમીન પર સૂઈ જવાનું આવે...

**પ્રશ્નકર્તા :** એડજસ્ટ થઈ જાય.

**દાદાશ્રી :** બૂમ નહીં, બરાડા નહીં. અસમાધાન ના થાય એને. વેદાંતમાં તિતિક્ષા કહે છે. તિતિક્ષા નામનો ગુણ, સહન કરવાની શક્તિ હોય. શક્તિ હોય એટલે પોતાને કંઈ ન લાગે, અસર બહુ ન થાય. કોઈ માણસને આપણે રોજ ગોદડાંમાં સૂતો હોય, ગાદલામાં-પલંગમાં. હવે એને એક દહાડો છે તે ઠેકાણું ના પડ્યું ને શેતરંજીમાં જમીન ઉપર સૂઈ જવું પડ્યું, તો એને શું થાય ?

**પ્રશ્નકર્તા :** હા, એનાથી ન થાય. એને ઊંઘ ન આવે.

**દાદાશ્રી :** ઊંઘ ના આવે. આ તિતિક્ષાનો ગુણ કેળવેલો હોય તો એને ઊંઘ આવે. તિતિક્ષા એટલે શું, કોઈ પણ પરિસ્થિતિ અસર ન કરે. એ એવી પરિસ્થિતિમાં એક વાર એડજસ્ટ કરી લે. તિતિક્ષા નામનો ગુણ એવો છે, કે કોઈ હરકત ના આવે કદી એને પોતાને. એટલે ધ્યાન બદલાય નહીં તે ઘડીએ. આ કેમ થાય, હવે આખી રાત શું થશે, કેવી રીતે થાય, એવું કશું એને ન થાય.

ભગવાન મહાવીરના પુસ્તકો વાંચ્યા એ પછી અમે સમજી ગયેલા, કે ક્યારે ઉપાધિ આવે શું કહેવાય ? તો એના કરતા શરીર તૈયાર કરી રાખ્યું હોય તો શું ખોટું ? એટલે એક શેતરંજી ઉપર સૂતા'તા, પચ્ચીસ વર્ષની ઉંમરેય. તે શરીર બધું ઘડાઈ ગયું એમ ને એમ. આખી જિંદગી

તપ કર્યા. એટલે શરીરને વાંધો નથી આવતો. 'કેમ છો દાદા ?' કે 'ઑલ રાઈટ.' જ્યાં જઈએ ત્યાં, એનીવ્હેર એડજસ્ટ !

## તિતિક્ષા ગુણ હશે તો ના ગમતામાં રહેવાશે છૂટું

તિતિક્ષાનો ગુણ કેળવી રાખજો. અકળામણ થાય તોય સહન થાય, બહુ ટાઢ વાય તોય સહન થાય, એવો તિતિક્ષાનો ગુણ કેળવી રાખજો. બૂમાબૂમ ના કરાય.

**પ્રશ્નકર્તા :** ઊલટો વધારે છૂટો પડે. મહીં છૂટો વધારે ખખડે. આવા પરિણામો આવે ગરમીના કે ત્યારે ઊલટું વધારે છૂટું રહેવાય. આ દેહથી વધારે છૂટું પડાય.

**દાદાશ્રી :** હા, છૂટું પડાય, ઊલટું સારું છૂટું પડાય. ના ગમતું કારણ આવે એટલે છૂટું પડાય.

## દાદાનો તિતિક્ષાનો લાંબો રસ્તો, મહાત્માને ટૂંકો

સાહેબનામાં કંઈ ફેર પડે છે કે ? આ જ્ઞાન લીધા પછી ?

**પ્રશ્નકર્તા :** હા, ફેર પડે છે. દાદા, આપની પાસે બેસી રહેવાથી અને આપનું આ બધું જોવાથી જ જ્ઞાન વધ્યા કરે છે.

**દાદાશ્રી :** એ જ જ્ઞાન છે, જ્ઞાન બીજું ના હોય. અમે સહજભાવમાં બોલીએ તે બધું જ્ઞાન. સહજભાવે બોલીએ. અમે બેસીએ-ઊઠીએ, આમ ફરીએ, તેમ ફરીએ, અમારો અભિનય, એ જ બધું જ્ઞાન !

પણ ધીમે ધીમે તમેય એ રૂપ થઈ 'રહ્યા' છો ને હું થઈ 'ગયો' છું. થઈ રહ્યા છો તો એક દહાડો થઈ જશો અને હું થઈ ગયો છું. પણ તમને રસ્તો ટૂંકો મળી ગયો ને !

**પ્રશ્નકર્તા :** હા, એ રસ્તો ચોક્કસ મળી ગયો.

**દાદાશ્રી :** અને મારે રસ્તો બહુ લાંબો મળ્યો'તો. હું તો ત્યાગ ને તિતિક્ષા કરી કરીને જ આવ્યો છું. પાર વગરની તિતિક્ષા !

**પ્રશ્નકર્તા :** એટલે તમારા પરિણામે અમારે ત્યાગ ને તિતિક્ષામાંથી નીકળી જવાનું થયું.

**દાદાશ્રી :** નહીં, તમને કશું એવું રહ્યું નહીં ને ! એમ ને એમ જ ફ્રી ઑફ કૉસ્ટ, એમ ને એમ ચાલ્યા કરે ગાડું. એટલે તમારી પુણ્યૈ જમા રહે, એ ભારે કહેવાય પુણ્ય.

**પ્રશ્નકર્તા :** બરોબર છે, હા, એ તમારા કરતા અમારું પુણ્ય વધારે કહેવાય.

**દાદાશ્રી :** હા, તમારી પુણ્યૈ બહુ ભારે.

❖❖❖❖❖

# [૧૧]
# ગાંડો અહંકાર

## શબ્દે શબ્દે તોલન તે બુદ્ધિ-અહંકારનું બહુ દુઃખ

**પ્રશ્નકર્તા :** તમને જ્ઞાન થયું એ પહેલા આધિ-વ્યાધિ ને ઉપાધિનો કેવી રીતે નિકાલ કરતા'તા ?

**દાદાશ્રી :** મારે તો કોઈ જાતનું દુઃખ જ હતું નહીં. માત્ર અહંકારનું દુઃખ હતું. કારણ કે બળી મમતા નહીં ને, એટલે આધિ-વ્યાધિઓ ના હોય મારે. મમતાવાળાને આધિ-વ્યાધિ હોય બધી. પણ અહંકારનું દુઃખ હતું. એ આમ રાતે ઊંઘવા ના દે. એ જ્ઞાન થયું એટલે જતો રહ્યો. અને મમતા તો પહેલેથી નહીં. લોકો આપે ને, ખવાય એટલું ખઉં, બાંધું નહીં જોડે.

**પ્રશ્નકર્તા :** દાખલો આપો ને દાદા, અહંકારનો.

**દાદાશ્રી :** પુસ્તકમાં લખેલું છે, બધા 'અંબાલાલભાઈ' કહે. જો કોઈ 'અંબાલાલ' બોલ્યો તો એના પર આખી રાત ઊંઘ ના આવે. એટલો બધો ઈગોઈઝમ હતો, આખા ગુજરાતમાં કોઈનો ઈગોઈઝમ નહીં હોય એવો. અને એ ઈગોઈઝમ એટલી બુદ્ધિ પાછી. તે રાતેય ઊંઘ ના આવે. આજુબાજુવાળા કહે, 'ભઈ બહુ મોટા સુખી માણસ છે ને બહુ સારા સુખી છે.' હું કહું, કે 'આ શું તોફાન માંડ્યું છે ? લોક સુખી કહે છે ને તમે તમારી જાતને ઉપાધિ કરીને શેની ચિંતા કરો છો આ ?'

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ ચિંતા થવાનું કારણ શું ?

**દાદાશ્રી :** આ 'અંબાલાલ' કહ્યું, કે તરત મહીં ઓહોહો ! આખી રાત અજંપો થયા કરે મહીં. 'મને અંબાલાલ કહ્યુ ? મને અંબાલાલ કહ્યું ?' ઓહોહો... મોટા ! ત્યારે કહે છે, ''એ 'અંબાલાલભઈ'ને બદલે 'અંબાલાલ' કેમ કહ્યું સામાએ ?'' 'અરે મૂઆ, કઈ જાતના માણસ છો તમે ? આટલું બધું તોલન ? શબ્દે શબ્દે તોલન ?' એટલે ઉપાધિ થઈ આ તો. તે મહીં ચિંતા ને એ થાય બધું. હવે અહંકારની જ ચિંતાઓ, બીજી કોઈ નહીં, પૈસાની નહીં. આ મુશ્કેલી કોને કહેવી, હવે બોલો. વાઈફને કહેવાય નહીં. મૂરખ કહે લોકો ! આજુબાજુવાળા મૂરખ કહે ને, કેવા મૂરખ માણસ છો તમે ?

## લોક કહે સુખિયા, પણ મારું દુઃખ તો ચાલુ જ

લોક શું કહે ? બહુ ભાગ્યશાળી, તમે બહુ પુણ્યશાળી ! આટલી બધી આવક છે, જાવક છે, ને પાછા છોકરાં નહીં, કશી ઉપાધિ નહીં. તોય પણ મારું દુઃખ તો ચાલુ જ. બહારના લોક કહે કે 'કોન્ટ્રાક્ટર છે, સુખી છે બધી રીતે. લોકો ઉપર પ્રેમ. લોકોએ પ્રેમદષ્ટિ કબૂલ કરી છે. મમતા નથી બહુ. અને ભગવાન જેવા માણસ, બહુ સુખી માણસ !'

લોકો મને શું કહે, કે 'તમે સુખિયા માણસ છો. કારણ કે તમારે તો પ્રજાય નથી ને તમે બીજી બધી રીતે સુખિયા છો.' મેં કહ્યું, 'આ પ્રજા મરી ગઈ તે સારું ?' ત્યારે કહે, 'તમને કેવું લાગે છે ?' મેં કહ્યું, 'મને તો સારું લાગે છે, પણ તમને બધાને ?' ત્યારે કહે, 'ના, એ તો જે થઈ ગયું એ સાચું, સારું કહેવાય.' અને તે બધા લોક 'સુખિયા' કહે ને હું મારે ઘેર ચિંતા કર્યા કરું. લ્યો હવે, આ સુખી કે દુઃખી ? મેં કહ્યું, કે 'આ આજુબાજુવાળા તમને સુખી કહે ને તમે આવા કેવા ?' એવું હું કહેતો'તો.

## 'અંબાલાલભાઈ' સાંભળવાની આદત પડી ગઈ

મને નાનપણથી ઓબ્લાઈજિંગ નેચરની ટેવ હતી. તોય પણ અહંકાર, ચિંતા પાર વગરના હતા. '૫૮ની સાલમાં સુરત સ્ટેશને આ

જ્ઞાન થયું તે પહેલા ’૫૭માં મને પાર વગરની ચિંતા હતી. શેની ચિંતા હશે ?

**પ્રશ્નકર્તા :** ઘડપણની, ભવિષ્યની.

**દાદાશ્રી :** અહંકાર વધારે પડતો, મેડનેસ હતી તેની. શું હતું ?

**પ્રશ્નકર્તા :** અહંકાર.

**દાદાશ્રી :** અહંકાર વધારે પડતો થાય એને શું કહેવાય ? મેડ કહેવાય. સ્વભાવ પરોપકારી, પહેલેથી. મારા ધંધા સંબંધી વાત જ નથી કરી, મારે ત્યાં જે આવ્યો હોય તેને. સામાને શું અડચણ છે, એની જ વાત કરેલી. એટલે લોકોને ગમતી જ વાત હોય ને ! એટલે બબ્બે-ચચ્ચાર ગાડીઓ મારે ત્યાં પડી રહે. એટલે લોકો ‘અંબાલાલભઈ’ કહે. શું કહે ?

**પ્રશ્નકર્તા :** ‘અંબાલાલભાઈ.’

**દાદાશ્રી :** હા. કારણ કે પેલું કશું લઉં નહીં એટલે ‘અંબાલાલ’ બોલવાનું બંધ કરીને, ‘અંબાલાલભાઈ’ બોલવા માંડ્યા લોક. કોઈનું લઉં નહીં ને કશુંય, બદલો લઉં નહીં એટલે ‘અંબાલાલભાઈ’ બોલવા માંડ્યા. હવે એટલે મને એય આદત પડી ગઈ બળી, ‘અંબાલાલભાઈ’ની.

‘અંબાલાલભાઈ’ સહેજે લોક કહેતા, નાની ઉંમરથી, વીસ વર્ષનો હતો તોય ‘અંબાલાલભાઈ’ કહેતા’તા. તે મોટી ઉંમરના હઉ કહેતા, મારાથી વીસ વર્ષ મોટો હોય તોય. અને મને સ્વાદેય આ જોઈતો’તો. બીજો જોઈતો નહોતો ને ! એ ખુશ ! ‘અંબાલાલભાઈ’ બોલ્યા એટલે ખુશ ! બધું આવી ગયું તેમાં.

## ‘અંબાલાલભાઈ’ શબ્દ ન સંભળાયો તો આખી રાત તોલન

હવે આ છ-છ અક્ષરનો શબ્દ ઉતાવળમાં કો’ક માણસ બોલ્યો હોય ‘અંબાલાલભાઈ’ પણ મને ‘અંબાલાલ’ એકલું સંભળાયું હોય ને, તો મને આખી રાત ઊંઘ ના આવે, કે મને ‘અંબાલાલ’ કહ્યું ! ઓહોહો... શા મોટા અંબાલાલભાઈ ! આ ભાદરણમાં પાંચ-દસ વીઘા ભોંય અને એક છાપરી, તે અંબાલાલભાઈ આવ્યા !

હવે પેલો 'અંબાલાલભાઈ' બોલવા જતો હોય, પણ છ શબ્દ શી રીતે એટ એ ટાઈમ બોલાય ? એટલે 'અંબાલાલ' શબ્દ બોલાય એટલે આખી રાત તોલું હું, કે મને શું સમજે છે એ ? 'અંબાલાલ' બોલી ગયો ? બે અક્ષર કાઢી લીધા ? ત્યારે ભાઈ, આ છ અક્ષર શી રીતે માણસ એકસાથે બોલે ? બોલવા હોય તોય પણ બોલાય જ નહીં ને, છ અક્ષર ! જલદી-ઉતાવળથી બોલાય છ અક્ષર ? એ વિચાર કરતા તો મને ઘણો ટાઈમ ગયેલો. મને તો એમ જ જાણે કે પણ બોલવું જ જોઈએ એમણે, કેમ ના બોલે ? શું સમજે છે એના મનમાં ? લે ! એટલે હું પાછો કહું, કે તમને 'અંબાલાલભાઈ' જ કહ્યું છે, પણ તમને આ સંભળાયું છે 'અંબાલાલ.' તમારી સમજમાં અવળું લાગે છે. પછી હિસાબ આવો જડ્યો, મેં કહ્યું, આ તો મારી જ ભૂલ છે બધી.

હવે આ એક જાતની ચિંતા જ કહેવાય ને ! આ ગાંડપણ નહીં ત્યારે બીજું શું તે ? એ બિચારો એવા ભાવે ના બોલ્યો હોય, પણ હું મારા મનમાં તોલ તોલ કરું, કે મને કહ્યું આવું. બોલો, આ ઉપાધિનો પાર આવે ખરો ?

**પ્રશ્નકર્તા :** ના આવે.

## પોતાનું અનુભવેલું અજ્ઞાન ખુલ્લું કરે દાદા

**દાદાશ્રી :** 'અંબાલાલભાઈ' ના કહ્યું હોય તો મને આખી રાત ઊંઘ ના આવે. લે ! શું એમાં મળી જવાનું ? મોઢું કંઈ મીઠું થઈ જવાનું ? કેવા કેવા સ્વાદ માણસને હોય છે ! એ સ્વાદ જેમાં કશોય સ્વાદ ના હોય. છતાંય માની બેઠેલો છે તે લોકસંજ્ઞાથી. લોકોએ એમાં મોટા બનાવ્યા, ને લોકોએ મોટા માન્યાય ખરા ! પણ આ લોકના માનેલાનું શું કરવાનું તે ? આ ગાયો-ભેંસો બધી આપણા સામું જોઈ રહે, અને પછી કાન હલાવતી હોય તો આપણે સમજી જવાનું કે આપણને માન આપે છે આ ? એવું છે આ તો બધું. આપણા મનમાં માનીએ, કે આ લોકો મને માનથી જોઈ રહ્યા છે. સહુ સહુના દુઃખમાં છે બિચારા. એ તમારા હારુ કંઈ પડી રહ્યા છે ? નવરા છે તે અમથા ? સહુ સહુની ચિંતામાં ફર્યા કરે છે !

**પ્રશ્નકર્તા :** દાદા, આ બધું કંઈથી કાઢો છો, આ બધી સિમિલિઓ ને આ બધું ?

**દાદાશ્રી :** કંઈથી તે વળી, તે મહીંથી જોયેલું છે ને અનુભવ છે ને બધા !

આ તો ચાર આનાની કિંમત નહીં, પોતે માની બેઠા એનો અર્થ શું છે ? વૉટ ઈઝ મીનિંગ ઑફ ધેટ ? બહાર પૂછવા તો જાઓ. આ તો અમથા, કામ હોય તે એટલા પૂરતું કહે, કે 'અંબાલાલ શેઠ, અંબાલાલ શેઠ.' એ તો મૂઆને કામ છે એટલે. અને કામ થઈ રહ્યું એટલે આમેય ના કરે. એટલે આ લોકો કહે એમાં કશું વળે નહીં.

નિર્અહંકાર એ જ ખરો અહંકાર છે. આ તો મેડ અહંકાર, મેડનેસ. લોકો લાભ ઉઠાવે. 'આવો સાહેબ, આવો સાહેબ.' અરે, લોકોએ તો મારો બહુ લાભ ઉઠાવેલો. હું ભલો માણસ, ભલા માણસને તો શું ? આવીને જરા મીઠા શબ્દ ચાર બોલે એટલે ચાલ્યું. પછી મને સમજણ પડી ગઈ, કે મારી હારી આ જાતમાં સમજણ જ નથી ને, આ નકામું માની બેઠેલો છે કંઈ, કે 'હું કંઈક સમજુ છું.' લોકો તો આપણા સારા માણસો એટલે વાહ વાહ કર્યા કરે. એટલે આપણે મનમાં પોરહો* ચઢ્યા કરે. એ મારો ચઢી ગયો હતો તો મેં કહ્યું, 'અંબાલાલભાઈ, બરકત નથી ને શું કરવા રોફ મારો છો ? એ તો તમારી પુણ્યને લીધે રોફ પડે છે આ.'

## ક્ષત્રિયબીજ ને લોકોએ ખોટા પાણી પાયા

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાન પહેલા અંબાલાલ માની ખરા.

**દાદાશ્રી :** માન આપે તો તો આ આખું જ એને ત્યાં ગીરો (ગીરવી) મૂકી આવે, આખો દેહ હઉ ગીરો મૂકી આવે. મૂળ ક્ષત્રિય અવતાર અને પછી આ કો'કે ચેપ લગાડેલો ને, તે ચેપ ચોંટ્યો તે ઉખડ્યો નહીં

*પોરસ - અભિમાન; અહંકાર; ગર્વ

પછી. અને પાછા જન્મથી ઘેર મિલકત-બિલકત લાંબી નહીં કશુંય. એક મકાન હોય અને દસેક વીઘા જમીન હોય. તે મોટા વતનદાર કહેવાય. મિલકત-બિલકત કશું નહીં. ખર્ચા મહાપરાણે નીકળે.

ભઈ કોન્ટ્રાક્ટનો ધંધો કરે એટલે જાણે કે મોટા શુંય થઈ ગયા ! ચપટી થોડા હાથમાં હોય દસ-વીસ હજાર, એમાં તો શુંય મોટા મનમાં માની બેસે. અહીં મુંબઈમાં સંડાસ જોયું હોય ને, તો ખબર પડે તે દહાડે. ૧૯૨૫ની સાલમાં, '૨૮ની સાલમાં, અહીં કો'કનું સંડાસ જોયું હોય ને, તોય ખબર પડે કે આ પચ્ચીસ હજાર આપણા તો આ સંડાસ બરોબર છે. પણ આ જોયેલું હોય ત્યારે ને ? એવી આ દુનિયા. અને અમારી આ ક્ષત્રિય પ્રજાને, એને આવું પોષણ આપેલું હોય છે. આપણે કોણ છીએ ને એવું તેવું, મા-બાપ તરફથી... અને પછી આજુબાજુવાળાય કહેશે, 'આ તો ચેક હેંડ્યો.' શું કહે ?

**પ્રશ્નકર્તા :** ચેક હેંડ્યો.

**દાદાશ્રી :** નાનપણથી જ, અમે આઠ-દસ વર્ષના હોય ને, તે આજુબાજુવાળા કહે, 'ચેક ચાલ્યો, આ દસ હજારનો કે પંદર હજારનો, પચ્ચીસ હજારનો.' એ ગામડાવાળા પૈઠણો આપે અમને. એટલે નાનપણમાં 'ચેક' કહે એટલે પછી, તે આ પાછી ખોપરી ચઢી જાય કે... અને કેટલીક નાતોમાં તો કન્યા જ મળે નહીં, તે બાધા રાખતા હોય. કેટલીક નાતો એવી કે...

**પ્રશ્નકર્તા :** કન્યા મળે નહીં.

**દાદાશ્રી :** અને આ 'ચેક' કહે અમારામાં. તેના આ બધા ખોટા પાણી ચડેલા. આ તો બધું નાનપણમાંથી લોકોએ ગાંડે રસ્તે ચઢાવેલા, 'એય... આ પેલો ચેક ચાલ્યો, હં કે.' શાનો ચેક તે ? નહોય ચેક. આને વેચવા જાય, શું આવે તે ? એ તો ગામડાવાળા પૈસા આપી જાય. એટલે એ ઊંધો ચઢી ગયેલો બધું. તે બહુ જ ત્રાસ પડ્યો એ અહંકારથી.

## કુટુંબના સંસ્કાર તે પૈઠણ મળે, પોતે ખોટો રોફ મારે

બહારવાળા ચેક આપે ને મોટો મોટો, નાના ગામવાળા, એટલે પછી 'મારા જેવું કોઈ નથી' એવું માનતો માનતો માનતો અહંકાર વધી જાય. બાકી સો રૂપિયા ભેગા કરવા હોય તો મુશ્કેલી જરા. એ પછી ધંધા પર આવ્યો ત્યાર પછી ભીડ નહોતી પડતી. ઘેર તો ભીડ જોયેલી.

આ તો શું, પાણી પાયેલું ઘૈડિયાઓએ. 'આપણે ખાનદાન, આપણે આમ...' અલ્યા મૂઆ, પણ નાણા વગર ખાનદાન શાના તે ? નાણું ના જોઈએ ? ગામમાં એક નાથાલાલ શેઠ હતા, બહુ મોટા શેઠ હતા. તે પછી લોક 'શેઠ, શેઠ' કરે. ત્યારે એક જણે કહ્યું, 'શેઠ, તમારી તો દુનિયામાં બહુ કિંમત છે.' ''અલ્યા, તું સમજતો નથી. આખું ગામ મોટી ઉંમરનો થયો ત્યાં સુધી 'નાથિયો' કહેતું'તું. આ તો થોડું નાણું હાથમાં આવી ગયું ને, તે નાણે 'નાથાલાલ' થયો છું'', કહે છે. શું કહે છે ? ''આ નાણું આવ્યું તે 'નાથાલાલ' કહે, નહીં તો 'નાથિયો' કહેતા'તા.'' તેમ અમારા ઘૈડિયા શુંનું શું પાણી પાય !

છ ગામના પાટીદાર એટલે મનમાં એમ જાણીએ, કે અમે કંઈના કંઈ... મા-બાપેય પાણી પા પા કરેલું, ગળથૂથીમાં, આપણે આમ ને તેમ ને પૈઠણિયા ને ફૈઠણિયા ને આમ ને તેમ ને બહુ મનાયેલ, તે એ ચરબી ચઢેલી*[૧]. પૈસા-બૈસા આવે, પૈઠણ આવે, પણ એવું છે કે પૈઠણ તો બાપદાદાના દીકરા છે એટલે આવે છે, સારા કુટુંબના. પણ મહીં ગુણ તો હોવા જોઈએ કે ના જોઈએ ? અને ગુણમાં તો બટાકા-શક્કરિયા જેવા દેખાય છે ! ગુણ ના જોઈએ ?

**પ્રશ્નકર્તા :** ગુણ તો પહેલા જોઈએ.

**દાદાશ્રી :** અમારા ગામડાવાળા આ પૈઠણ આપી જાય. અમારી મિલકત જેટલી પૈઠણ આપે. એટલે પેલો ફુલાઈ ફુલાઈને ફાળકો થઈ જાય*[૨] ને કશું બરકત હોય નહીં. ભોંય પૂછવા જાઓ તો દસ વીઘાય

*[૧]ચરબી ચઢવી - અભિમાન આવવું

*[૨]ફુલાઈને ફાળકો થવું - બહુ અભિમાન કરવું

ના હોય, અને એક છાપરું હોય, તેમાં આટલું બધું શું એ ? પણ આ તો બધા ખોટું બધું ફુલાવ્યા કરે. સંસ્કાર ખરા, સંસ્કારમાં બેમત નહીં. સરદાર પટેલ ને એ બધા અમારા છ ગામના ને ! તે બહાર વેલ્યૂ બહુ. અને સંસ્કારેય સારા. ખૂબ સુંદર સંસ્કારો હોય. સંસ્કાર તો હોવા જ જોઈએ ને ! સંસ્કાર વગર તો ના શોભે. અને એના પૈસા આપતા હશે ને ! બીજા આજુબાજુના લોકો પૈઠણ આપે તે શેની આપે ? તે એકલું મોઢું જોઈને આપે છે ? મોઢા તો બધા બહુ રૂપાળા હોય છે, પણ સંસ્કાર જોઈને આપે છે. ફેમિલી જોઈને આપે. એટલે મસાલો (સંસ્કાર, ખાનદાની, માલ) ખરો, એ ખોટું તો ના કહેવાય, ભઈ. એ પૈઠણ આપે, કંઈ એમ ને એમ આપતા હશે ? જે લોકો પૈઠણ આપતા હશે એ આંધળા હશે ? મહામહેનતે પૈસા ભેગા કરી અને પૈઠણ આપતા હશે, એ કંઈ આંધળા હશે ? મસાલો એમ. એ વિનયી, વિવેકી બધી રીતે. માનવતા ટોચ ઉપર બેઠેલી. કેવી ? સુંદર માનવતા. અમથી પૈઠણ આપે ખરા ? તમારે તો એવો રિવાજ નહીં ને, પૈઠણ-બૈઠણનો ?

**પ્રશ્નકર્તા :** ના, પૈઠણ નથી જાણતા.

**દાદાશ્રી :** મહીં સામાન તો ખરો, એવું ખોટું ના કહેવાય. પણ રૂપિયા-બૂપિયા નહીં ને અમથા શું કરવા રોફ મારો છો ? પણ પેલો પાવર ઊતરે નહીં ને ! ઠીંઠ*[1] ઠીંઠ ઠીંઠ ઠીંઠ... એટલી બધી ઠીંઠ ઠીંઠ !

## ત્યારે પાસે કશું નહોતું પણ કેફ બહુ

હવે શું બળી અંબાલાલભાઈની કિંમત ? લોક 'પૈઠણિયા' કહે એટલે મનમાં આમ કે 'આપણે પૈઠણિયા, પૈઠણિયા !' એમની કંઈ વેલ્યૂય નહીં, નો વેલ્યૂ. સાધારણ માણસ ! આપણે કંઈ શ્રીમંત માણસો છીએ ? તે કંઈ ઠકરાતી*[2] ગામ-બામ છે ? કશુંય ના મળે. મણિભાઈ મોટો કોન્ટ્રાક્ટનો ધંધો કરે ને, તે એમની જાતને આબરૂદાર માની બેઠેલા. શું માની બેઠેલા ?

---

*[1]ઠીંઠ - ધરાર મોટું બની બેસનારું

*[2]ઠકરાત - ઠાકોરની જાગીર; ઠાકોરની હકૂમત

**પ્રશ્નકર્તા :** આબરૂદાર.

**દાદાશ્રી :** તે દહાડે તો હુંય માનતો'તો. આ લોકો કહે, કે 'ઘર આપણું ઊંચું, આપણે તો આમ છે, તેમ છે', એટલે માની બેઠેલા ખાલી. સામાન-બામાનમાં કશુંય નહીં.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** સરકારે બે રૂપિયા ફી વધારી હોય ને, તો કૂદાકૂદ કરે મા-બાપ, 'આટલી બધી ફી શી રીતે આપીએ ? કોણે વધારી આ ?' અને ત્યાં ખુમારી પાર વગરની ! શું થાય પણ ! 'ફી ભરવાનાય પૈસા નહીં ને', એ કહે ને મને, તે હું સમજી જઉં કે સામાન લાંબો હોતો નથી. ફી ભરવાની કહે ને, ત્યારે કહે કે 'એ કાલે લઈ જજે ને', એમાં ના સમજી જઈએ ?

**પ્રશ્નકર્તા :** હા, 'કાલે લઈ જજે' એટલે આપણે સમજી જઈએ કે આજે આટલી કૅશ નથી.

**દાદાશ્રી :** કંઈ અગવડ હશે તેથી સગવડ કરવા રહ્યા છે, એવું ના સમજી જઉં મહીં ? મહાન, લોકોએ માનેલા એટલે. આજુબાજુવાળા લોક માને. અરે, પણ આપણી પાસે સામાનમાં શું ? એકાદ ગામ ઠકરાત છે ? કશું પાસે નહીં, મોટું સ્ટેટેય નહીં, કશા સ્ટેટના ઠાકોરેય નહીં.

**પ્રશ્નકર્તા :** આખું બ્રહ્માંડ છે ને ?

**દાદાશ્રી :** ના, પણ એમ નહીં, આ આપણે જીવન જીવેલા આવી રીતે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** જીવન જીવેલા એવું ને, તે દહાડે તો એ શેનો કેફ ? આ કેફ રાખવા જેવું તો અત્યારે છે, તો અત્યારે કેફ નથી. અને તે દહાડે કશું નહીં, ત્યારે કેફ બહુ. ખાલી ચણો વાગે બહુ*, એવું બધું.

---

*કહેવત - ખાલી ચણો વાગે ઘણો - અધૂરા જ્ઞાનવાળો વધુ બડાશ મારે.

## 'હું કંઈક છું' એવો ડફોળ અહંકાર ૧૯૫૭ સુધી

**પ્રશ્નકર્તા :** દાદા, એવો કેફ કેમ રહેતો હશે ?

**દાદાશ્રી :** પૂર્વભવનો કંઈક માલ લાવેલા ને, તેનો કેફ રહ્યા કરે, 'હું કંઈક છું.' અલ્યા, શેમાં છો તે ? અને જો ધર્મમાં છો તો ચિંતા કેમ થાય છે ? ચિંતા થાય છે એટલે ધર્મમાં છો જ નહીં. એ તો પછી ખબર પડી ને, કશામાં નહોતા એ. જ્ઞાન થયા પહેલા અમારામાં બિલકુલ બરકત નહોતી.

**પ્રશ્નકર્તા :** શું જ્ઞાન થતા પહેલા તમે સંત કે સત્‌પુરુષ નહોતા ?

**દાદાશ્રી :** ના, ના, હું તો ડફોળ હતો. અમારામાં તો નરી ડફોળાઈ જ ભરેલી હતી, ને અમે અંબાલાલ તે અમારી જાતને શુંય માની બેઠેલા ! દસ વીઘા જમીન, એમાં તો હું મોટો, જાણે પ્રિન્સ ઑફ વેલ્સ જેવો તો અહંકાર !

બધા લોકો કરતા હું એકલો જ કંઈક છું, એવું રહેતું હતું, એવું ગાંડું રહેતું હતું. તે એ ગાંડું જ, મેડ જ કહેવાય ને ! એવો અહંકાર શા માટે ? બીજું કશું આવડે નહીં. અને મોટો બોજો પાર વગરનો, 'હું છું કંઈક !' હાથમાંય કશુંય નહીં ને વાતેય કશું નહીં, તોય પાર વગરનો અહંકાર ! તે મનેય અજાયબી લાગે કે આ ગાંડપણ કે બીજું કશું ? હતું એય જતું રહેલું હતું તે પણ ખોટમાં. જેમ ખોટ વધતી ગઈ તેમ અહંકાર વધતો ગયો, અમે આવા ને અમે તેવા ને !

## એક જ ટકોરથી ભૂલ ભાંગી

એટલે આ બધું તોફાન છે. પછી અમને આ રોગ ગયો અહંકારનો, 'હું કંઈક છું.' હવે 'કંઈક છું' એમાં કશુંય માલ ના મળે. માલમાં કશી બરકત નહીં, હોં કે ! પછી બરકત જોઈ ત્યારે ખબર પડી કે આ તો પોલંપોલ ઊભું કરેલું છે, ને આ સંસ્કારીને ત્યાં જન્મ થયો માટે. અહંકાર ઓછો હોય તો તમે સંસ્કારી કહેવાવ. આ તો ઊલટો અહંકાર વધ્યો.

પાશેર હતો તેનો દોઢ શેર થયો. એને સંસ્કારી કેમ કહેવાય તે ? સંસ્કાર એટલે અહંકાર ઘટે. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** આ તો મેંય માની લીધેલું, 'અમે તો છ ગામના પાટીદાર !' તે પછી નાનો હતો ને, તે આ બાજુના ગામોમાં આવીએ ને, સગાંવહાલાંઓને ત્યાં, એટલે આ લોકો રોફ રાખે ત્યારે આપણો પેણે જરાક મહીં મેણો ચઢે પાછો. સામો માણસ રોફ રાખે તો આપણે નમ્ર થવું જોઈએ, એની બદલે આ મેણો ચઢે આપણને. એટલે પછી મેં કહ્યું, 'ભઈ, અમારા છ ગામના લોક તો દેવલોક જેવા !' ત્યારે એક હશે ને ચક્રમ, 'શાના, પૂંછડાના દેવલોક જેવા છો ?' ત્યારથી સમજી ગયો કે આ મીંડું વાળી દો હવે. હું વીસેક વર્ષનો હતો. તે એક જણ આવું બોલ્યો ને, તે બધાય કંઈ ખાનદાન હોય છે ? એકાદ તો ચોખ્ખું બોલી દે ને ?

**પ્રશ્નકર્તા :** હા, બોલી દે, ચોખ્ખું બોલી દે.

**દાદાશ્રી :** ના બોલે ? 'એ તો સારા માન્યા અમે તેથી. તમે પાછા કહો, દેવલોક જેવા ! અમે તમને કહીએ, તમારે અમને ના કહેવું જોઈએ.' તે મેં કહ્યું, 'આ ભૂલ થઈ.' ત્યારથી એ ગાંઠ વાળેલી તે હજુય છૂટી નથી ! વીસ વર્ષની ઉંમરે ભૂલ થઈ ગઈ. આ લોકોની જોડે સંગમાં રહીને, કે 'આપણે આમ ને આપણે તેમ', ઓહોહો ! ફી માટે પૈસાય નહીં અને પાછો રોફ. એટલે પછી ભૂલ ભાંગી પેલાએ. કહે છે, 'પૂંછડાના દેવલોક, બધા દેવલોક આવ્યા !' હવે આપણી આબરૂ જ બગડી ગઈ આ તો. હા, પણ એ કહે તો આપણે એક્સેપ્ટ કરવાનું. આપણે એ કહેવાનું હોય, કે 'અમે દેવલોક જેવા' ? ત્યારથી ખો ભૂલી ગયેલો, એ ગાંઠ વાળી તે હજુય છોડી નથી. ગાંઠ વાળવી ના પડે કે ચાલે ?

**પ્રશ્નકર્તા :** વાળવી પડે.

**દાદાશ્રી :** નહીં તો લોક ફરી કહે, જ્યાં સુધી ગાંઠ ના વાળીએ ત્યાં સુધી.

## ચરોતરનો રાજા હોય એવો મનમાં રોફ

પહેલા તો મનમાં એમ જ જાણે કે 'હું જ છું, આ દુનિયામાં કોઈ છે નહીં બીજું.' પોતાની માટે જ ધન માની બેઠેલા. ચરોતરનો રાજા હોય એવો મનમાં રોફ રહે. શું રહે ?

**પ્રશ્નકર્તા :** રાજા હોય એવો.

**દાદાશ્રી :** અલ્યા મૂઆ, આ સ્ટેટ નહીં ને આ શાનો મિજાજ ? કારણ કે આજુબાજુ ગામડાવાળા ને એ બધા લોકોયે માની બેઠેલા કે આ તો છ ગામના પટેલ. તે લોકોએ ચગાવેલા અમને. શું કરેલું ?

**પ્રશ્નકર્તા :** ચગાવેલા.

**દાદાશ્રી :** પૈઠણિયા વર. માગો એટલી પૈઠણ આપે ત્યારે આ વર ત્યાં પૈણવા જાય. એની આ મગજમાં ખુમારીઓ ભરાઈ ગયેલી. અને કંઈ પૂર્વભવનું લાવેલો, તે આ ખુમારીઓવાળા બધા હતા તેમાંય પાછી તે જ ખુમારી. ખંભાતના નવાબ ના આવ્યા હોય, એવો રોફ ! અરે, ખંભાતના નવાબનેય ગાંઠે નહીં પાછા, ગાયકવાડ સરકારને ના ગાંઠે એવા ! આ ક્યાંથી મિજાજ લાવ્યા ? ત્યારે કહે, 'ખાલી ચણો વાગે ઘણો.' જે ખોખું થયેલું ચણો હોય ને, તે બહુ વાગે.

## સાત પેઢીથી ઊંચા ગુણોવાળું અમારું કુટુંબ

મારી જાતને બહુ મોટી માનેલી. શુંય માનેલી ! મહીં મિલકતમાંય કશુંય નહીં. ભાદરણમાં એક છાપરું એટલું જ, બીજી કશી મિલકત નહીં. તરસાળીમાં પાંચ-સાત વીઘા જમીન હશે. અને બીજી ભાદરણમાં હતી તે તો દેવામાં જતી રહી. બોલો, તોય રોફ બહુ પાછો. મામાની પોળમાં ભાડામાં રહેવાનું. પણ રોફ બહુ ભારે. અને રોફ તે આ પાટીદારોએ ચડાવેલો. પણ ઘર બહુ સારું, ઘર આવું ના મળે. કોઈને હેરાન ના કરે એવું ઘર. સાત-સાત પેઢીથી કોઈને હેરાન નહીં કરતું એવું. અને સુખ જ આપે બધાને.

**પ્રશ્નકર્તા :** બીજાઓને સુખ આપે.

**દાદાશ્રી :** બે જાતના પ્રખ્યાત ઘરો હતા. નાગાઈઓ કરીને આગળ આવેલા તેમનો વધારે રોફ.

**પ્રશ્નકર્તા :** કારણ કે નાગા છે એટલે.

**દાદાશ્રી :** પણ અમારો હૃદયમાં રોફ. પહેલા છે તે જ્ઞાન નહોતું થયું ને, તે મોટી ખડકીમાં હું જઉં તો મને જે' જે' કરે. મારાથી ઉંમરમાં વીસ વરસે મોટો હોય તોય. 'કેમ છે, તબિયત સારી છે ?' એવું પૂછે. પછી કહે, 'ભઈ, ઘર તો તમારું જુદી જાતનું ! કોઈનેય દુઃખ ના આપો, તમે બધાને સુખ આપો.' એમની મેળે કહે અમને. સાત-સાત પેઢીથી આવું. સુંવાળું કુટુંબ ને ! એ તો અમારે આવે ને, ક્વૉલિટી ! જૂઠ નહીં, ચોરી નહીં, બદમાશી નહીં, હેરાનગતિ નહીં, બ્રહ્મચર્યનું પાલન ! કેવું ?

**પ્રશ્નકર્તા :** બ્રહ્મચર્યનું પાલન.

**દાદાશ્રી :** એટલે વિકારી સંબંધ નહીં. એ તો બધું હોય ને પછી, કે ના હોય કોઈ જગ્યાએ ?

**પ્રશ્નકર્તા :** હોય.

**દાદાશ્રી :** કશી મિલકત-બિલકત ના મળે, પણ ખાનદાની ખરી, બહુ જ ઊંચી ! વિવેકી વહીવટ, વિવેક એ બધોય ઊંચો. અત્યારે બગડી ગયું બધું, નહીં તો પહેલા ચોરી-બોરી કે કશું હોય નહીં, સારા ઘરમાં. વિષય, જૂઠું-બૂઠું બોલે નહીં. વ્યવહારમાં તમે સોદો કર્યો ને વાતચીત કરી હોય તો ફરે નહીં. બહુ સુંદર હતું.

## અહંકારના ફુગ્ગામાંથી હવા કાઢ કાઢ કરે

અહંકાર બહુ પાર વગરનો, જાણે દુનિયામાં આપણા વગર કોઈ બીજું જન્મ્યું જ ના હોય એવો અહંકાર !

**પ્રશ્નકર્તા :** એમ !

**દાદાશ્રી :** હા, જુઓ ને, પણ કેટલો બધો રોફ ! કશીય આવડત નહીં. આવડે નહીં કશુંય, માગતાય ના આવડે. પણ અહંકાર બહુ. અલ્યા મૂઆ, કશુંય નથી મહીં મિલકત. હું તપાસ કરું તો મહીં કશીય મિલકત નથી. કંઈક હોવું જોઈએ ને ? એમ ને એમ અહંકાર હોવો જોઈએ ? પણ અહંકાર તો એટલો બધો હતો, તે શામાં મવડાવીએ (સમાવીએ) તે જ મને માપ જડતું નહોતું.

**પ્રશ્નકર્તા :** ઓહોહો !

**દાદાશ્રી :** કેવડો મોટો અહંકાર ! પણ મૂળમાં કશુંય મળે નહી, બરકત કશુંય નહીં, હં... પાછું મનેય ખબર પડે કે આ બરકત કશીય નહીં ને આવડો બધો અહંકાર શો બળ્યો ! બરકત ના સમજીએ આપણે ?

**પ્રશ્નકર્તા :** જી, પણ અહંકાર તો ભારે.

**દાદાશ્રી :** અહંકાર બહુ ભારે, 'મારા જેવો કોઈ નહીં.' મેં કહ્યું, 'અલ્યા, શામાં બરકત છે, એ મને કહે. કયા ડિપાર્ટમેન્ટમાં તમારા જેવો કોઈ નથી ? નથી તમે ગામના રાજા, કે નથી ભણ્યામાં ઠેઠ ! એ વિદ્વાન મોટા થયા હોય કે જગત આખું, લોક પણ ખુશ થઈ જાય. નથી તમારી પાસે કોઈ સામાન એવો. નથી એવો પડછંદ દેહ કે લોક એમ જોઈને કહે, ઓહોહો ! શું દેહ છે તે ! તો પછી શેમાં તમે છો ?' એ કશામાં મેળ પડે નહીં અને અહંકાર ભારે.

## ભાઈઓએ બતાવ્યો ભારે-છૂપો અહંકાર

મારા મોટાભાઈ બહુ અહંકારી હતા. ત્યારે મારા મનમાં એમ, કે મોટાભાઈ જ અહંકારી વધારે છે. તે પછી એક દહાડો મને કહે છે, 'તારા જેવો અહંકારી મેં કોઈ જોયો નથી.' ત્યારે મને થયું, સાલું, આ કઈ જાતની વાત ? હું એમને 'અહંકારી' કહું છું ને એ મને 'અહંકારી' કહે છે ! પછી શિવાભાઈ (દાદાના પિતરાઈ ભાઈ), મને કહે છે, 'તું બહુ અહંકારી છું, તે તારો અહંકાર ઉતારી દેવાનો છે.' શિવાભાઈએ પોતાના

ત્રણેય દીકરાઓને કહેલું, કે 'આ તમારા કાકાનો અહંકાર ઉતારી દેજો.' મેં કહ્યું, 'મારામાં ક્યાં અહંકાર દેખાય છે ? કઈ જાતનું આ છે ?' ત્યારે કહે, 'તું જ વધારેમાં વધારે અહંકારી છે.' હવે બધાય આવું કહે, પછી મને મહીં શું થાય તે ! પણ મહીં હશે છૂપો અહંકાર, ભારે હશે તે ! મને પોતાને ના દેખાતો હોય પણ મહીં હોવો જોઈએ ભારે. નહીં તો લોકો કહે કેવી રીતે ? છૂપો અહંકાર ભારે હોય. આમ નમ્રતા દેખાય ને અંદર હોય છૂપો ભારે. પણ મોટાભાઈ જાણી ગયેલા, ઝીણવટથી જોઈ લીધું ને, કે અહંકાર આનામાં વધારે છે. અને એ મોટાભાઈનો તો ભોળો અહંકાર હતો. જરા વાળે ને, તો વળી જાય. અને મારો તો વાળે તોય વળે નહીં એવો.

**પ્રશ્નકર્તા :** દાદાનો એવો, વાળ્યા વળે નહીં ?

**દાદાશ્રી :** ભારે અહંકાર હતો. અને અહંકાર ગાંડો હતો.

## કોઈનોય હિસાબ નહીં ને ગાંઠે નહીં એવો ગાંડો અહંકાર

**પ્રશ્નકર્તા :** દાદા, ગાંડો કેમ કહો છો એ ?

**દાદાશ્રી :** મિલવાળાય હિસાબમાં ના આવે. મિલવાળો બોલાવા આવે તોય એ મનમાં હિસાબમાં ના આવે. 'બેસો થોડીવાર, થાય છે, ઉતાવળ ના કરશો.' તે ગાંડો જ કહેવાય ને ! મજૂર જોડે સારું રાખે.

**પ્રશ્નકર્તા :** મજૂર સાથે સારું.

**દાદાશ્રી :** હા... અહીંના મોટા માણસોને પછાડે જરા. અને નાના માણસોને આમ સારું રાખે. એટલે હાથ નીચેવાળા જોડે સારું રાખેલું અને ઉપરીવાળાને ઠોકેલા.

જગતને ગાંઠું એવો નહીં. કોઈને ગાંઠેલો નહીં. જગતને ગાંઠે એ ડાહ્યો અહંકાર કહેવાય. જગતને ગાંઠે એટલે જગતને હળીમળીને ચાલે એ ડાહ્યો અહંકાર કહેવાય. અને મારે તો ગાંડો અહંકાર.

**પ્રશ્નકર્તા :** મોટાભાઈ તમને અભિમાની એ રીતે સમજતા'તા ?

**દાદાશ્રી :** હા, અંદરખાને સમજી ગયેલા. આ બહાર બધી વાતો કરે છે ડાહી ડાહી ને બધા લોકોની પ્રિયતા પ્રાપ્ત કરે છે, પણ અંદરખાને કોઈને ગાંઠતો નથી આ માણસ. એટલું એ સમજી ગયેલા. અંદરથી તો એમનેય ગાંઠતો નહોતો.

**પ્રશ્નકર્તા :** આ ગાંઠ્યાનું નાટક કરે છે એમ.

**દાદાશ્રી :** હા, બધું બહારનું છે આ.

**પ્રશ્નકર્તા :** દાદા, એ તમે કોઈને હિસાબમાં જ ગણતા નહોતા ને !

**દાદાશ્રી :** ના. 'કોઈને ગાંઠતો નથી, કોઈને અડવા જ નથી દેતો. તું તારા મનમાં શું માની બેઠો છે ?' કહે છે.

શિવાભાઈને મેં કહ્યું, ''તમને 'મોટાભાઈ' કહું છું, પછી કેમનો ગાંઠું હવે ? મોટા છો તો 'મોટાભાઈ' કહું છું, પછી શું ? તમે કેમનો ગંઠાવડાવો છો ?'' ત્યારે એ કહે, 'ના, પણ તને તો હું હિસાબમાં જ નથી આવતો.' એ બધા માની બેઠેલા એવું.

**પ્રશ્નકર્તા :** એમાં કંઈક હશે તો જ માની બેસે કે એમ ને એમ માની બેસે ?

**દાદાશ્રી :** બળ્યું, હવે એ મને ચાર વાક્યો બોલે, ત્યારે હું એક વાક્ય બોલું, તે એમના વાક્યો આમ ધૂળમાં જતા રહે. તમે બાવીસ વાક્ય બોલો ને, તો હું એક વાક્ય એવું બોલું, તમારી ધૂળધાણી થઈ જાય. એટલે આ લોકોને ભડક પેસી ગયેલી પછી. એટલે એ પોતે એમ જ જાણે, કે આ શું મોટા માણસ છે ને આનું બધુંય મનમાં છે.

## દેખાવમાં નમ્ર પણ અંદર વિશેષતાવાળો ભારે અહંકાર

મારા મોટાભાઈ જબરજસ્ત ખુમારીવાળા હતા. એ મને શું કહે ? 'તારા જેવો અહંકારી મેં જોયો નથી કોઈ.' 'મારું હારું, શેમાં મારો અહંકાર જુઓ છો ?' ત્યારે કહે, 'ના, દરેક બાબતમાં તારો અહંકાર હોય છે.' મેં કહ્યું, 'હું ક્યાં અહંકારી છું તે ? અહંકારી તો તમે છો. મોટા

ભલભલા સૂબાને ગણતા નથી. હું તો બધાને ગણકારું છું.' ત્યારે કહે, 'ના, તું અંદરખાને અહંકારી છું, બહાર અહંકારી નથી.' એટલે હું ચેતી ગયો, કે આ કઈ જાતનું ! હું આટલો નમ્રતાથી વર્તું છું, પણ મહીં અંદર છૂપો છૂપો પણ ભયંકર અહંકાર હતો.

**પ્રશ્નકર્તા :** ના, એ પણ ન બને કે અહંકાર નહીં, પણ એટલી આત્મશ્રદ્ધા હોય ? કેટલીવાર એવું બને કે આત્મશ્રદ્ધા પણ હોય.

**દાદાશ્રી :** નહીં, આ અહંકારેય જબરજસ્ત હતો.

**પ્રશ્નકર્તા :** એમ નહીં, કેટલીકવાર એવું હોય છે.

**દાદાશ્રી :** નહીં, એ શ્રદ્ધા ભારે હોય તે તો બરોબર છે. શ્રદ્ધા ભારે હોય એ એક વસ્તુ છે અને એક કોઈને હિસાબમાં નહીં ગણવા એ એક અહંકાર, એ બીજી વસ્તુ છે.

## એ અંદરવાળો ભારે અહંકાર જ કૈડતો'તો

તે પછી મેં તો તપાસ કરી, ત્યારે બધી બાબતમાં અહંકાર નીકળ્યો મારો. અને તે જ કૈડતો'તો. કોણ કૈડતો'તો ?

**પ્રશ્નકર્તા :** અહંકાર.

**દાદાશ્રી :** એ અહંકાર જ કૈડતો'તો, બીજું કોઈ કૈડતું નહોતું. એટલું કે ભલું કરવાની ટેવ એટલે જરા શાંતિ રહે, આનંદ રહે થોડો વખત. આખો દહાડો ઓબ્લાઈજિંગ નેચર. પહેલેથી અહંકાર ભારે ને મમતા ઓછી. આવી આ ઉપાધિ કોને કહેવી ?

## ગાંડો અહંકાર પણ મમત્વરહિત તે ભગવાન થયો

મને પોતાનેય સમજાય, કે આવો કંઈથી અહંકાર પેસી ગયો હશે ? પણ એ અહંકાર એટલો એક બાજુ સારા ગુણવાળો હતો, કે મમત્વ રહિત હતો. કેવો ?

**પ્રશ્નકર્તા :** મમત્વ રહિત.

**દાદાશ્રી :** હા, તો એ ગુણ તો બહુ મોટો કહેવાય. મમત્વ રહિત અહંકાર ! છોને ગાંડોઘેલો પણ મમત્વ રહિત, એ ભગવાન થશે કો'ક દહાડો.

**પ્રશ્નકર્તા :** બરાબર છે. હા, રાઈટ.

**દાદાશ્રી :** આઈ વિધાઉટ માય ઈઝ ગોડ, આઈ વિથ માય એ જીવાત્મા. તે વિધાઉટ માયના લક્ષણ દેખાતા નાનપણમાંથી.

**પ્રશ્નકર્તા :** હં...

**દાદાશ્રી :** હા... આ જ દાંડો... 'મી*, મી... મી, મી.' જેમાં ને તેમાં 'મી'. પણ મહીં ચોખ્ખું હતું ને ! મમતા નહોતી. વાંધો જ આ અહંકારનો હતો. મમતા નહોતી એટલે આ દશા થઈ. લાલચ નહીં, મમતાની ભાંજગડ નહીં. નામ દીધું કે આવી બન્યું પેલાનું. એટલે કેટલાક તો મારી પાસે એવું કહે, 'આની મિયાંપણી બહુ જ છે.' ત્યારે કેટલાક કહેશે, 'અરે જવા દો ને, તુંડમિજાજી છે.' એટલે મારા માટે શું શું વિશેષણ વપરાય તે બધું જાણું પાછું, પાછળ રહીને. પણ મમતા નહોતી. એ મુખ્ય ગુણ સરસ હતો. એનો પ્રતાપ આ. અને મમતાવાળો સો ગણો ડાહ્યો હોય તોય સંસારમાં જ ઊંડો ઉતરેલો હોય. મમતારહિત હતા એટલે ખરેખરી મજા આવી.

**પ્રશ્નકર્તા :** ચીકાશ જે છે એ મમતામાં જ છે ને ?

**દાદાશ્રી :** આ મમતા એ જ સંસાર છે, અહંકાર એ સંસાર નથી.

જગતને આખી સો ટકા મમતા હોય તો મને ટેન પરસન્ટ હોય. પણ આ અહંકાર બહુ ભારે. મમતા ઓછી ને, તેનો અહંકાર વધે. આમ ઘટે ત્યારે આમ વધે.

## મમત્વ ખરું પણ એકલા અહંકારનું જ

**પ્રશ્નકર્તા :** દાદા, આપ્તવાણીમાં એક મેં વાંચ્યું હતું, તે અંગે મને જરા પૂછવું હતું, કે 'આ મમતા વગરનો અહંકાર' કેવો ?

*મી - મરાઠીમાં 'હું'

**દાદાશ્રી :** એ મમતા વગરનો અહંકાર કહીએ છીએ, એ જ હતો અમારી પાસે. પણ એમાંય છૂપી છૂપી મમતા છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** એમાંય છૂપી છૂપી મમતા છે.

**દાદાશ્રી :** મમતા વગરનો અહંકાર એટલે વસ્તુઓનો નહીં. એ અહંકારની જ મમતા છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** એ અહંકારની મમતા છે.

**દાદાશ્રી :** હં. એટલે છૂપી છૂપી મમતા છે મહીં. એકલો અહંકાર તો ઊભો રહી શકે નહીં. ડિઝોલ્વ થયે જ છૂટકો. એકલો અહંકાર ડિઝોલ્વ થયે જ છૂટકો. મહીં બીજી વસ્તુ હોય તો ડિઝોલ્વ ના થાય.

**પ્રશ્નકર્તા :** હા.

## મમતાનો બોજો નહીં પણ અહંકારની કૈડ તે સેફસાઈડ ખોળે

**દાદાશ્રી :** તે અહંકાર તો સારો, કૈડ કૈડ થાય ને, એટલે નાસી જવાનું મન થાય, કે 'સંસારમાંથી શી રીતે છૂટીએ ?' અહંકાર કૈડે હંમેશાં, અને મમતાનો બોજો રહે. તે મને બોજો નહીં, પણ કૈડ બહુ ! કોઈ દહાડોય રાત્રે ઊંઘવા ના દે. મમતા નહીં, એટલે બહુ ભાંજગડ નહીં. મમતા બોજો રખાવડાવે.

**પ્રશ્નકર્તા :** હા, પણ આપની સમાધાન ખોળવાની કળા ખરી ને ?

**દાદાશ્રી :** બહુ ઊંચી, બહુ જ ઊંચી કળા ! નવરાશ મળી ને બોજો નહીં ને, તે બહુ સુંદર. તેથી જ લોકો મારે ત્યાં આવે. સમાધાન થાય, તે મારે ત્યાં ચચ્ચાર ગાડીઓ પડી રહેતી. અને 'સાહેબ, સાહેબ' કર્યા કરે આખો દહાડો. એ જ રોફ પડી ગયેલો ને !

**પ્રશ્નકર્તા :** છતાંય એમાંથી મન પાછું વળ્યું.

**દાદાશ્રી :** પાછું, હા.

**પ્રશ્નકર્તા :** હા, એમાં અંદર નહીં પેઠું.

**દાદાશ્રી :** ના. કારણ કે પેલું કૈડે એટલે. કૈડે ખરું ને ! આખો દહાડો મીઠું લાગે અને પછી એક જણ કહે છે, 'આ તમે પેલો હિસાબ લખાવ્યો ને, એ જરા ભૂલવાળો છે.' એટલે થઈ રહ્યું, આવી બન્યું. પેલાથી કહેવાય જ નહીં કાં તો. અને કહ્યું તો આવી બન્યું મારું.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** સહેજ અપમાન જેવું, ઘસારો લાગે તોય બધું મન ઉપર લઈ લે. એટલે પેલું મન આ બાજુ રહે જ નહીં ને ! સેફસાઈડ ખોળે.

## અગિયારમાં ગુંઠાણેથી પડેલા તે આખો મહેલ માનનો

મૂળથી મમતા ઓછી, માન પૂરતી મમતા.

**પ્રશ્નકર્તા :** માન પૂરતી જ.

**દાદાશ્રી :** માનની જ ભાંજગડ. ભાંજગડ જ બધી માનની. આખો મહેલેય સાતેય માળનો માનનો. નીચેના ત્રણ થાંભલા કાઢે તો હડહડાટ ગબડી પડે. માન મળે એટલે બસ થઈ ગયું. કશું જમવાનું ના મળે કે ખીચડી-કઢી હોય તો ચાલશે, પણ માન જોઈએ. એમાં શું સ્વાદ છે, એ તો તે દહાડે જાણતો હોઈશ. અત્યારે તો મને એમાં કોઈ સ્વાદ ના લાગે.

**પ્રશ્નકર્તા :** પણ આ પોતાને માટે જો અહંકાર હોય તો મને આ બે વસ્તુ એકબીજાની વિરોધી લાગે છે.

**દાદાશ્રી :** હં, કઈ કઈ ?

**પ્રશ્નકર્તા :** કે જો અહંકાર હોય તો પછી 'આ મારું પોતાનું છે' એ અહંકાર કહે જ.

**દાદાશ્રી :** ના, એ નહીં, એ અહંકાર નહીં. અને બીજું, મને નાનપણથી લોભ નહોતો.

**પ્રશ્નકર્તા :** પણ તો પછી એ તો પૂર્વજન્મનું જ કંઈ ફળ ગણવું જોઈએ.

**દાદાશ્રી :** હા, એ તો પૂર્વજન્મનું હશે. પહેલેથી લોભ નહોતો. એ લોભ નહોતો ત્યારે અહંકાર બહુ ભારે હતો. આ અહમ્ તો કેટલાય અવતારથી લઈને આવેલો. બહુ ઊંચા સ્થાન પરથી હું પડેલો છું.

**પ્રશ્નકર્તા :** કયા સ્થાનેથી ?

**દાદાશ્રી :** અગિયારમા ગુંઠાણેથી. ભગવાન પદ પ્રાપ્ત થયા પછી પાછો પડ્યો છું. અને અહંકાર એનો એ જ રહ્યો. લોભનું પરમાણુ શૂન્ય રહ્યું.

**પ્રશ્નકર્તા :** પણ એક કે નાનપણથી જ આ લોભ ન હોય, મેળવવાની ઈચ્છા ના હોય, કંઈ રાખવાની ન ઈચ્છા હોય, એ પણ બહુ જ અન્યૂઝુઅલ (અસામાન્ય) છે.

**દાદાશ્રી :** હા, એ જ કહું છું ને, બહુ આ હોય નહીં. આવાં માણસો હોય નહીં. આ તો કંઈ કુદરતી રીતે ! લોભ તો હતો જ નહીં, કપટેય નહીં. અને થોડુંઘણું કપટ હોય તોય માનને અંગે. માન લેવા માટે, લોભને માટે નહીં. એ બહુ સારું પડેલું મને. લોભ નહીં એટલે વસ્તુયે જોઈએ નહીં. આ વસ્તુયે ના હોય તો મારે ચાલે. પૈસાનો લોભ નહીં ને વસ્તુઓનોય લોભ નહીં. લોભ નામનો ગુણ પહેલેથી જ નહીં, બિલકુલ, સર્વાંશ ઉત્પટન (નાશ) ! એક માન, કે 'હું કંઈક છું.'

## આગવી શોધખોળ કરી માનને ઓછું કરવા

અને અપમાન જોયેલું નહીં નાનપણથી. નાનો હતો ને, તે જ્યાં ગયો ત્યાં અપમાન નહીં જોયેલું. જ્યાં જુઓ ત્યાં માનનો જ લોકોએ પારો ચડાય ચડાય કરેલો. માનનો જ ખોરાક પીરસ પીરસ કરેલો, અપમાનનો પીરસેલો નહીં કોઈ દહાડો કોઈએ. જ્યાં જઉ ત્યાં માનનો ખોરાક. સાસરીમાં જઉ, મોસાળમાં જઉ, બાપાના મોસાળમાં જઉ, ફલાણી જગ્યાએ જઉ, જ્યાં ને ત્યાં માનનો જ ખોરાક પીરસ પીરસ કરેલો. નાનપણમાં ઘેરેય માનનો જ. અને બહાર છોકરાંઓનોય તે, હું કાકો જ થઉ બધા છોકરાંઓનો. પછી દાદો થયો, પણ પહેલા તો નાનો

હતો ત્યારથી જ કાકો. એટલે એમાંય માન, આમાંય માન, આમાંય માન. શું ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** અપમાન જોયું હોત તો તો માન ઊતરી જાત, પણ ઊતરેલું નહીં. અને આ જ્ઞાન થયા પછી તો રહ્યું નહીં, માન-બાન કશું નહીં. બધું જતું રહ્યું. અત્યારે બહુ માન મળે તોય આપણે શું કરવાનું ? તે દહાડે તો માનના ભિખારી ! જો કદી ત્યાં લગનમાં ગયા અને આમ જે' જે' ના કર્યું તો આવી બન્યું. અને એમણે કર્યું હોય ને આપણા જોવામાં ના આવ્યું, તોય આવી બને ! હં... આમ જે' જે' કરવાનું જો જરાક ચૂક્યો... પેલો ચૂકે તો નહીં, પણ હવે તમારી દૃષ્ટિ હતી ત્યારે મારું આમ થયું નહીં. પછી મેં આ બાજુ કર્યું અને તમારી દૃષ્ટિ નીચે ગઈ ત્યારે મેં આમ કરી લીધું. હવે તમારા મનમાં થયું, કે આ મને તો કર્યું જ નહીં. હવે આ ભૂલ ક્યારે નીકળે ? એવું બને કે ના બને ?

**પ્રશ્નકર્તા :** ઘણીવાર બને.

**દાદાશ્રી :** મારી જાતમાંય એ રોગ પેસી ગયેલો. તે મેં શોધખોળ કરી, કે ના, એ કરે જ છે, પણ મારી ભૂલ થાય છે. ભૂલો એમ કરીને ત્યારે ભાંગ ભાંગ કરેલી, જ્ઞાન થતા પહેલા.

પછી લગનમાં જઉં તો મારા જેવા પાછા માનીને જોયે રાખું. મારા જેવો માની હોય એની શી દશા થાય ને, એ જોઉં પાછળ રહીને. તે મારા જેવો માની હોય ને, તે આમ વ્યવહારમાં મોટો માણસ હોય ને, તે સેન્ટરમાં બેસાડે એને. પછી પેલા ઘરધણી તો શું કરે ? એને છે તે બેસાડ્યા પછી... પછી એથીય મોટા માણસ આવ્યા, ત્યારે કહે, 'આવો, આવો.' પછી સેન્ટરમાં એને બેસાડે, તે પેલાએ ખસવું પડે.

**પ્રશ્નકર્તા :** ખસેડે, હા.

**દાદાશ્રી :** એવું એક જણને આઠ સીટો ખસવી પડી ! તે એમના

મોઢા ઉપરના ભાવ ફેરફાર થાય એ હું જોયા કરું ! મારે એ જ જાણવું'તું કે આ આમની શી દશા થતી હશે ? કારણ કે મારી દશા એ થતી'તી. એટલે હું જાણું કે આમની શી દશા થતી હશે ! હા, પછી આઠ જગ્યાએ ફેરફાર થયેલું મોઢું બહુ એ થઈ ગયેલું ને ! પહેલું ખસેડ્યું તેમાં થોડુંક ઊતર્યું, બીજા વખતે વધારે ઊતર્યું ને ત્રીજે વખતે એથી વધારે અને ચોથી વખતે ઊતરી ગયેલું. તે હું જોયા કરું. મેં કહ્યું, 'આની શી દશા થઈ, આ બિચારાની ! અરેરે, આ અહીંયા બધાય વાજાં વાગે છે ફર્સ્ટ ક્લાસ, આ પીણા પીવે છે લોકો, ને આમની શી દશા થઈ છે !' એના મનમાં ને મનમાં વિચાર કરે ને, 'સમજદાર નથી, મૂર્ખા માણસોને ત્યાં ક્યાં આવી પડ્યો, અમથો ?' મોઢે તો બોલાય નહીં. એટલે પેલા પીણામાંય સ્વાદ ના આવે. વાજાં સરસ વાગે છે, લોકો કેવા સારા સારા છે, એના મોઢા જોવામાં સ્વાદ ના આવે. મને આનંદ આવે. મેં કહ્યું, આ ફસાયા છે ! પછી બહાર નીકળતી વખતે હું ભેગો થયો. મેં કહ્યું, 'સાહેબ, લગનમાં કશું પીધું નહીં ?' તો એ કહે, 'શું પીએ ? અક્કલ વગરના માણસો, મને વચ્ચે બેસાડ્યો ને પછી કેટલા જણે મને હેરાન કર્યો, મને નકામો બોલાવ્યો. આવું કરવું હોય તો ના બોલાવતા હોય તો સારું આનાથી.' આખી રાત ઊંઘ નહીં આવી હોય બિચારાને.

મેં કહ્યું, આ તો મેં જે અનુભવ્યું, તે બીજાએ અનુભવ્યું. તોય છોડે નહીં એ પાછો. તોય મનમાં એમ નહીં કે લાવ, બીજી વખત જરાક ચેતીએ આપણે. અહીં તો આના આ જ રેસકોર્સમાં નંબર લાગે નહીં ને વગર કામનો હાંફ હાંફ કરું છું. નથી ઘરમાં રસ રહ્યો, નથી આય રસ રહ્યો. આ જ રસ !

મેં પુસ્તકમાં લખ્યું છે, કે આ બ્રહ્માંડમાં કોઈ એવી ચીજ નથી કે જે મેં વિચાર્યા વગર બાકી રાખી હોય. આ આવું ચાલતું હશે ? હાંફી હાંફીને મરી ગયા તોય હજુ પણ રસભેર હોય. એય... પછી સરસ મજાનું ખાવામાં-પીવામાં, પહેરવામાં-ઓઢવામાં. નહીં તો કોઈ જગ્યાએ રસ જ ના આવે ને ! રસ જ આવે નહીં.

## આમ રહે વ્યવહારિક જ્ઞાતા-દ્રષ્ટા

વાત થોડી અનુભવમાં આવે એવી છે ?

**પ્રશ્નકર્તા :** બહુ જ સારી, મજા આવી.

**દાદાશ્રી :** એટલે પછી મને તો જોવાની ટેવ પડી ગયેલી. ત્યાં જઈએ ને, તે લગ્નમાં જોવાની, જ્ઞાતા-દ્રષ્ટા રહેવાની ટેવ પડી ગયેલી. ત્યારે જ્ઞાન નહીં થયેલું. એમ ને એમ જ્ઞાતા-દ્રષ્ટા, વ્યવહારિક જ્ઞાતા-દ્રષ્ટા. તે આવો તાયફો જોઉં હું. અને નક્કી કર્યું કે આપણે છેટા રહીને જોયા કરવું. અને આ ઘોડાની રેસકોર્સમાં કયો ઘોડો પહેલો આવે છે એ જોવું આપણે. અને આપણે પ્રેક્ષક તરીકે રહેવું. તો આપણે જાણીએ કે ફલાણો ઘોડો પહેલો આવ્યો, ચાલો. ઝવેરચંદ લક્ષ્મીચંદવાળા પહેલા, આ બીજા, આ ત્રીજા. એ બધી ઘોડાહાર (તબેલો) હોય ને, એમાં જાય આ. રેસકોર્સ થતી હોય ત્યાં તો ઘોડાહાર જ કહેવાય ને ? આ એકને બેસાડ્યો, પાછો બીજાને બેસાડે, પેલાને ખસવું પડે. હવે બીજા તો મહીં કેટલાક લોભિયા હોય ને, તેને કશો વાંધો નહીં. સો જગ્યાએ ખસેડો તોય વાંધો નહીં ને ! અને માની હોય ને, તેને તો રાતેય ઊંઘ ના આવે, બિચારાને ! પેલો પીણું લાવે તેય ગમે નહીં એને બળ્યું !

**પ્રશ્નકર્તા :** ઠંડું પીણું ગરમ થઈ જાય.

**દાદાશ્રી :** અને કહેશે, પંદરસો રૂપિયાના વાજાં છે, પણ વાજું સંભળાય નહીં.

**પ્રશ્નકર્તા :** સંભળાય નહીં. બેસૂરા થઈ જાય, બેસૂરા.

**દાદાશ્રી :** પોતાના કષાયમાં જ પડેલા હોય. શેમાં પડેલા હોય ?

**પ્રશ્નકર્તા :** કષાયમાં, પોતાનો કષાય.

**દાદાશ્રી :** ત્યારે કહે છે, કે 'તે ઘડીએ આત્મા નથી ?' ત્યારે કહે, 'કષાય આત્મા છે.' કેવો છે ?

**પ્રશ્નકર્તા :** કષાય આત્મા.

**દાદાશ્રી :** એટલે દુઃખી આત્મા છે. આ બધા લોક સુખ ભોગવે છે, ત્યારે એ દુઃખી આત્મા છે, કષાય આત્મા છે. અને કેટલાક લોકો છેટે ઊભા રહીને સ્ત્રીઓ જોયા કરતા હોય, તે વિષય આત્મામાં છે. શેમાં છે ?

**પ્રશ્નકર્તા :** વિષય આત્મામાં.

**દાદાશ્રી :** તેને આ બાજુ લગનના વાજાં વાગે છે, એની કંઈ પડેલી ના હોય. બહેરો હોય ને, બધી બાજુથી. આનો જે નિરીક્ષક થાય ત્યારે મજા ! લગનની મજા ક્યારે ? નિરીક્ષક થાય ત્યારે ! કારણ કે એ પુરુષોનું માનબજાર છે ને સ્ત્રીઓનું મોહબજાર છે. બન્નેય બજાર ભેગા ભરાય છે.

## લગ્નમાંય ચાલુ જગ નિરીક્ષણનો વેપાર

કોઈ જગ્યાએ ગયેલો, આ લગ્નના ઈન્વિટેશન હોય છે ત્યાં ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તે ત્યાં આગળ પેલો ઈન્વાઈટ કરનારો માણસ આમ જે' જે' કરે ને, તે કેટલાકને તો આમ (છાતી ટાઈટ) થઈ જવાય છે. અલ્યા મૂઆ, આમ શું કરવા થઈ ગયું ? કોઈએ લાત મારી પાછળથી ? નથી થઈ જતું ? હું તો નિરીક્ષણ કર્યા જ કરું. મારે કંઈ એના લગનની પડેલી નથી અને એની સોડાની બાટલીઓનીય મને પડી નથી. હું તો આ નિરીક્ષણ કર્યા કરું કે આ શું જગત ચાલે છે, કેવી રીતે ચાલે છે ? લગ્નમાં પેલાને ખરાબ ના લાગે એટલા માટે જઉં, પણ હું મારા વેપારમાં હોઉં. મારો વેપાર છોડું નહીં. શું ઈફેક્ટો લોકોને થઈ રહી છે, એ જોયા કરું હું. મને તો નાડી તપાસતા આવડે.

## હતી સૂક્ષ્મ, અહંકારી આડાઈઓ

**પ્રશ્નકર્તા :** આપ્તસૂત્રમાં વાક્ય આવે છે કે, 'જ્ઞાન થતા પહેલા અમે આખો આડાઈનો સમુદ્ર ઓળંગ્યો. એટલે એક-એક આડાઈને અમે ભાંગી ત્યારે આ જ્ઞાન પ્રગટ થયું.'

**દાદાશ્રી :** હા, અમારામાં પહેલા બહુ આડાઈઓ હતી. તે 'હું કહું તે જ ખરું છે' એમ રહે. બહારથી બહુ સુંવાળો દેખાઉ પણ અંદરખાને આડાઈઓ ખરી. લોકોને દેખાય નહીં, પણ અમને લાગે કે મહીં આડાઈઓ છે. લોકોને જો કે સરળ લાગે. એ નાની નાની આડાઈઓ, સૂક્ષ્મ આડાઈઓ, અહંકારી આડાઈઓ હતી. દેહની આડાઈઓ નહીં, રિસાય એવી નહીં. અહંકારની આડાઈ ! મને પોતાને ખબર પડે, કે આ ભાઈની જોડે અવળું ફર્યું છે. પેલાને એ ખબર ના પડે.

**પ્રશ્નકર્તા :** એ આડાઈમાં જાય ?

**દાદાશ્રી :** ત્યારે બીજું શું ? સામાની સાચી વાત હોય ને આપણે બધું અવળું કરીએ તો એ અહંકાર, ગાંડપણ જ કહેવાય ને !

**પ્રશ્નકર્તા :** તો આડાઈ છે એ અહંકારની જ વિકૃતિ છે ને ?

**દાદાશ્રી :** અહંકાર જ, બુદ્ધિને કશી લેવાદેવા નહીં. અહંકારની વિકૃતિ જ. વિકૃતિ એટલે કેવી ? લોક પાછળ કહે, 'જવા દો ને, જરાક ક્રેક છે, એનું નામ ના લેશો.' અલ્યા, ઈન્જિન ચાલે છે ને હેડ શી રીતે ક્રેક ?

## એ જ અહંકાર સવળે ચાલતા અંતે ભગવાન બનાવે

આડાઈ જાય તો ઉકેલ આવી ગયો. આડાઈને ખરી રીતે અહંકાર ગણાય છે, અહંકારનો ફણગો.

**પ્રશ્નકર્તા :** અહંકાર પોતે જ આડાઈ સ્વરૂપ કહેવાય ને ?

**દાદાશ્રી :** અહંકારને જો ઓળખે તો ભગવાન બનાવે ! અહંકાર તો ભગવાન બને એવો છે ! અને એ અહંકાર બધુંય કરે. બધું જ એમાંથી જ ઊભું થયેલું છે. અહંકાર સાવ ખોટો નથી.

**પ્રશ્નકર્તા :** એટલે 'અહંકારને ઓળખે તો ભગવાન બનાવે' એવું કીધું ને !

**દાદાશ્રી :** નહીં, અહંકાર તો ભગવાન બનાવે. આ જ્ઞાનીઓનો અહંકાર સવળો ચાલે ને ઠેઠ ભગવાન સુધી લઈ જાય. છેલ્લા પદમાં બેસાડી દે, શુદ્ધ અહંકાર થતો થતો થતો થતો. અશુદ્ધમાંથી અશુભમાં આવે, અશુભમાંથી શુભમાં આવે, શુભમાંથી શુદ્ધ થાય, અહંકાર તેનો તે જ.

## પહેલા લોકોના મારથી અને પછી સમજણથી પાંસરા થયા

આડાઈ તો બધી બહુ. તે લોકોએ પાંસરો કરી નાખ્યો મને. કેટલાય અવતારથી પાંસરો થતો થતો આવ્યો ત્યારે આ અવતારમાં પાંસરો થઈ ગયો. અને મને લાગ્યું, કે પાંસરો થઈ ગયો હવે. કોઈને પાંસરો કરવો ના પડે મને.

**પ્રશ્નકર્તા :** દાદા, પાંસરા કેવી રીતે થઈ ગયા ?

**દાદાશ્રી :** લોકોએ મારી-ઠોકીને, કંઈ ઊંધું-છતું આમતેમ સકંજામાં લઈને પણ પાંસરો કરી નાખ્યો. હું કંઈ પાંસરો મારી જાતે થયેલો નથી.

**પ્રશ્નકર્તા :** હા, લોકોએ કર્યા.

**દાદાશ્રી :** લોકોએ મારી-ઠોકીને પાંસરો કરેલો ને પછી સમજણ પડી, કે આ ભૂલ થાય છે. પછી ક્યાં ક્યાં પાંસરો નથી, એ ખબર પડી ગઈ. ત્યારથી પોતે જાતે પાંસરો થયેલો. અમુક હદ પછી ખબર પડી જાય, કે આ મારી ક્યાં ભૂલ છે ને ક્યાં વાંકો છું. પણ જ્યાં સુધી મોટું એ હોય, રામાયણ, ત્યાં સુધી ના ખબર પડે. ભ્રાંતિ ભારે હોય ને !

**પ્રશ્નકર્તા :** બધી ભ્રાંતિ, ભ્રાંતિ. પણ એ બધું આગલા અવતારોનો બધો, એ આગલા અવતારમાં ચોખ્ખું થતું થતું થયું હશે ને ?

**દાદાશ્રી :** કેટલાય અવતારથી આના આ પાંસરા થતા આવેલા, ત્યારે આ અવતારમાં પાંસરા થયા. અને તમે તો એમ ને એમ જ પાંસરા થઈ ગયેલા છો. અને થોડા નહીં થયા હોય તો હું પાંસરા કરીશ. ના થયા હોય તો પાંસરા તો કરવા જ પડે ને ! પાંસરા થયા વગર તો કામ

થાય જ નહીં ને, આપણું ! સાપનેય દરમાં પેસવું હોય ને, તો પાંસરું ના થવું પડે ?

**પ્રશ્નકર્તા :** એ તો થવું પડે ને !

**દાદાશ્રી :** હા, એવું બધું. વાત સમજવા જેવી છે આ બધી. મને તો આ લોકોએ મારી-ઠોકીને પાંસરો કર્યો છે. ગાંડો અહંકાર તે આમથી ઠોકે આમ ને આમથી ઠોકે આમ. ફૂટબોલની પેઠ મારી મારીને પાંસરો કર્યો છે. તેથી આ પાંસરાપણાનો રસ્તો બતાડું છું બધાને.

## હતો ગાંડો અહમ્ પણ પરોપકારી સ્વભાવે રૂપાળો દેખાય

મને આ જ્ઞાન નહોતું થયું ને, ત્યારે તો ગાંડો અહંકાર, બળ્યો. દસેક હજાર માણસનો ભેગો કરેલો અહમ્ હોય એવો અહમ્ હતો. દસ હજાર બુદ્ધિશાળી માણસોનો અહમ્ ભેગો થાય ને, એવો અહમ્ હતો.

**પ્રશ્નકર્તા :** દાદા, એવો તો કેવો અહમ્ હશે, દસ હજાર માણસ જેવો ?

**દાદાશ્રી :** ગાંડો અહમ્ હોય. એને ગાંડો અહમ્ કહેવામાં આવે છે. અત્યારે મને લાગે, હારું ગાંડપણ જ હતું, મેડનેસ જ હતી.

**પ્રશ્નકર્તા :** પણ તોય વ્યવહારમાં તો તમે બહુ રૂપાળા કહેવાતા'તા.

**દાદાશ્રી :** રૂપાળા દેખાય ને ! કારણ કે લોકોપકારી માણસ હોય, પરોપકારી માણસ હોય, તે તો રૂપાળો જ દેખાય હંમેશાં. એના અવગુણને ઉઘાડા ના કરે લોકો.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે.

**દાદાશ્રી :** એના અવગુણ તો મને ખબર પડે ને !

**પ્રશ્નકર્તા :** હા, આપણે જ જાણીએ. બરોબર છે.

**દાદાશ્રી :** પણ એ અહંકારે ઓબ્લાઈજિંગ નેચર રાખેલો ઠેઠ

સુધી. ઓબ્લાઈજ જ, આખો દિવસ જ ઓબ્લાઈજ, પણ પેલું મહીં માન પોષાયા કરે.

## ખબર પડે અહંકારની બાધકતા, પણ મજા એમાં જ આવે

**પ્રશ્નકર્તા :** પણ આપને જ્ઞાન પહેલા ખબર પડતી હતી ને, કે આટલો અહંકાર છે, આવો અહંકાર છે ને એવું ?

**દાદાશ્રી :** એ તો બધું ખબર પડે.

**પ્રશ્નકર્તા :** અને આટલો બાધક છે.

**દાદાશ્રી :** હા, એ બધું ખબર પડે. અને એના વગર મજાયે ના આવે, તેય ખબર પડે.

**પ્રશ્નકર્તા :** પણ એ બધું શું હતું ?

**દાદાશ્રી :** મજાયે ના આવે અહંકાર વગર. બીજા કશામાં મજા નહીં ને, એટલે એક જગ્યાએ જોઈએ તો ખરી ને, મજા ? કારણ કે અમને કોઈ પણ પ્રકારનો મોહ નહોતો. પૈસા આપો કે વિષય, કોઈ મોહ નહોતો. એક માનનો જ મોહ. ફક્ત માન, અને તે માન કેવું ? શિંગડાં કરતાય મજબૂત. શિંગડું તો જરાકેય છે તે ગરમ કરીએ તો વળે. આ તો ગરમ કરો તોય ના વળે, એવું માન. અને મોહ તો જન્મ્યો ત્યારથી જ નહોતો. કોઈ વસ્તુ ખેંચે નહીં. સાવ સોનું આપે તોય ખેંચે નહીં. 'આવો, પધારો અંબાલાલભાઈ' તે ખેંચે.

**પ્રશ્નકર્તા :** એ ખેંચે.

**દાદાશ્રી :** અને લોક સમજી ગયા ચાવી...

**પ્રશ્નકર્તા :** કે આ...

**દાદાશ્રી :** ચાવી લગાવી કે તરત આ તાળું ઊઘડશે. એટલે જમવામાં-બમવામાં બધેય રોફ રાખે, એટલે થઈ રહ્યું, લોકોનું કામ થઈ જાય.

## માન કૈડ્યું તેથી જગતથી છૂટવાના ભાવ થયા

એટલે આ લોકોના કામ કરવાથી શું થયું ? લોકોએ માન જબરજસ્ત આપ્યું. માનને પોષવા જ માંડ્યું'તું. આખી જિંદગી લોકોએ માન જ પોષ પોષ કરીને એને મોટું કરેલું. અને તે પાછું કૈડેય એ. માન કૈડે ખરું ?

**પ્રશ્નકર્તા :** કૈડે ને !

**દાદાશ્રી :** તમને નહીં કૈડ્યું હોય ?

**પ્રશ્નકર્તા :** કૈડે, કૈડે.

**દાદાશ્રી :** બચકું ભરે ?

**પ્રશ્નકર્તા :** હં, ભરે, બચકું ભરે.

**દાદાશ્રી :** હા, આ દુનિયામાં કઈ વસ્તુ બચકું નથી ભરતી ? વધારેમાં વધારે વહાલું માન, તેય બચકું ભરે. પછી સેકન્ડ નંબર વાઈફ, તે પણ બચકું ભરે. એટલે માન મને પાછું કૈડે. અને ઊભું કરનાર હું પાછો. ઊભું કરીને, જો આ વેષ ના હોત, તો બહુ સારું પડત. એમ કરી કરીને આ માનથી, એટલે માનની ચિંતાઓથી, મનમાં એમ જ વસી ગયું કે આ જગતમાં કોઈ સુખ છે નહીં, એવું જડ્યું મને. મોહ ઊતરી ગયો, આ જગતમાં કોઈ જગ્યાએ સુખ નથી એવું જડી ગયું. વર્તન એવું કે છૂટું જ થવું હવે આ જગતથી, એવા બધા ચોક્કસ ભાવ થઈ ગયા.

## અહંકારે અતિ બળાપો કરાવ્યો તે નાખી આવ્યા નદીમાં

**પ્રશ્નકર્તા :** દાદા, પછી માન ગયું કેવી રીતે ?

**દાદાશ્રી :** માન છે તે બહુ ઉપાધિ થવા માંડી ને, ચિંતા, તે બહુ દુઃખ આપ્યું એ માને તો. જ્યારે ચિંતા થઈ માનની ત્યારે પછી માન પકડાયું. તે પછી એક દહાડો ચિંતા મટતી નહોતી, રાતે સાડા બાર થયા તોય ઊંઘ જ નહોતી આવતી. ઘણો જ બળાપો વધ્યો હતો. તે શોધી કાઢ્યું, કે કોઈએ અમને તે વખતે 'અંબાલાલભાઈ'ને બદલે 'અંબાલાલ'

કહ્યું, તે માનભંગ થયું અને બળાપો વધ્યો. બુદ્ધિથી બળાપો વધે. અમને માન પર જ બળાપો હતો. અમારું માનભંગ થયું એટલે શોધી કાઢ્યું, કે શાથી માનભંગ થયું અને બળાપો થયો ને વધ્યો ? તે અમે જાતે જ અંબાલાલભાઈને વઢ્યા, કે શાને આમ ? શાથી આવો બળાપો તમે કર્યો છે ? અંબાલાલભાઈ ! તમારી ચાર આનાય કિંમત નથી, શું કરવા બૂમો પાડો છો વગર કામના ? એણે બિચારાએ 'અંબાલાલભાઈ' કહ્યું કે 'અંબાલાલ' કહ્યું એ તમને કંઈ ખ્યાલ નથી. અને વખતે કહ્યું હોય 'અંબાલાલ', તો શું, તમારી કિંમત ક્યાં હતી, એ મને સમજાવો. તમારી કિંમત શેમાં માની બેઠેલા હતા ? કોઈ બાપોય એક્સેપ્ટ કરતો નથી આજુબાજુ. નથી પોળમાં કોઈ એક્સેપ્ટ કરતું. નથી મહારાજ સાહેબ એક્સેપ્ટ કરતા. નથી પ્રધાન એક્સેપ્ટ કરતા. એટલે પછી પૂછ પૂછ કર્યું અંબાલાલભાઈને, ત્યારે અંબાલાલભાઈ ટાઢા પડ્યા.

તે પછી બેઠો થયો ને ચિંતા હતી ને, તે બધી આમ મહીંથી ખેંચી લીધી. અને એક કાગળિયાની અંદર મૂકી, પછી એનું પડીકું વાળ્યું. તે આમ વાળ્યું, તેમ વાળ્યું ને ઉપર છે તે મંત્રોથી વિધિ કરીને પછી બે ઓશીકાની વચ્ચે મૂકીને સૂઈ ગયો. તે ઊંઘ આવી ગઈ ખરેખરી. પછી સવારમાં જઈને વિશ્વામિત્રીમાં નાખી આવ્યો. ત્યારે શું કરે ? આવા પ્રયોગ તો કરવા જ પડે ને, કાંઈ ને કાંઈ. જીવવું શી રીતે ? મારે શી રીતે કરવું, આ અજંપો શી રીતે સહન થાય બધો ? શી રીતે સહન થાય સંસારનું ? જ્ઞાન થયેલું નહીં, અહંકાર ગાંડો, તોફાની અહંકાર. કારણ કે બીજા બધા નરમ રહે ને, આ એકલો મોટો થઈ ગયેલો. બધું સમાન હોય તો સારું પડે, પણ અસમાનતા થઈ ગયેલી.

## પોતાનો પ્રકાશ આવરતો, તેથી અહંકાર લાગ્યો દુશ્મન

**પ્રશ્નકર્તા :** પણ એની જાગૃતિ તો હતી ને, કે આ અહંકાર છે એમ ?

**દાદાશ્રી :** હા, એ જાગૃતિ તો હતી, પણ એ અહંકાર ગમતો'તો. અહંકાર છે તેય ખબર પડતી'તી, પણ ગમતો'તો. પછી બહુ કૈડ્યો ત્યારે

ખબર પડી ગઈ કે આ તો નહોય, આ તો આપણો દુશ્મન છે. મજા નથી એ કશામાં.

**પ્રશ્નકર્તા :** એ દુશ્મન ક્યારથી લાગવા માંડ્યો ?

**દાદાશ્રી :** એ રાતે ઊંઘ ના આવવા દે ને, એટલે સમજી ગયો કે મારું હારું આ તો ઊંઘવાય નથી દેતો. એટલે એક રાતે તો આમ પડીકું વાળી અને બે ઓશીકાની વચ્ચે મૂકીને સૂઈ ગયો ત્યારે ઊંઘ આવી. પછી સવારમાં વિશ્વામિત્રી જઈને પધરાવી આવ્યો. શું થાય પણ ?

**પ્રશ્નકર્તા :** એટલે પડીકામાં શું મૂક્યું ?

**દાદાશ્રી :** આ બધો અહંકાર, મેલ પૂળો અહીંથી આ, શેના હારુ તે ? વગર કામના, એ નહીં લેવા, નહીં દેવા. લોકો શું કહે ? 'પાર વગરના સુખિયા છે.' અને મારે તો અહીં સુખનો છાંટો ના દેખાતો હોય. મહીં ચિંતા-ઉપાધિઓ થયા કરે ને અહંકારની. સહેજ અહંકાર ઘસાયો કે આવી બન્યું, આખી રાત ઊંઘ ના આવે.

**પ્રશ્નકર્તા :** એ અહંકારને જુદા રહીને વઢતા'તા ?

**દાદાશ્રી :** જુદા નહોતા રહ્યા ત્યારે તો આ દશા થઈ'તી ને ! ત્યારે ઊંઘ ના આવે ને ! જુદા રહ્યા હોઈએ તો બેસાડી ના દઈએ ?

સમકિત જેવું થયેલું પણ આવડા મોટા પ્રકાશને અહંકાર જ અટકાવતો હતો. તે પછી અમે એ અહંકારનું પડીકું વાળ્યું ને નાખી આવ્યા. ત્યારે અમને સમજાયું, કે આ અહંકાર એ જ દુશ્મન છે. પહેલા તો એ અહંકાર ગમતો હતો, પણ જેણે પોતાનો પ્રકાશ આવરી દીધો, આપણું પોતાનું સુખ બધું રોકી રાખે, તે એનો પક્ષ કેમ ખેંચાય ? તે પછી દુશ્મન રૂપ થઈ પડ્યો'તો, તેથી અમે એને નાખી દીધો.

## ત્યારે જુદાપણું એ બુદ્ધિ ને અહંકારનું એડજસ્ટમેન્ટ

**પ્રશ્નકર્તા :** આ જે પડીકું વાળ્યું એટલે આપ અંબાલાલ સાથે વાતો કરો અંદર ?

**દાદાશ્રી :** હં.

**પ્રશ્નકર્તા :** 'તમારે આવી રીતે એડજસ્ટમેન્ટ લેવું', એવી બધી અંદર વાતચીત ચાલુ હોય તે વખતે પણ ?

**દાદાશ્રી :** હા, હોય ને ! પણ એ વાતચીત તે કેવી ? આત્મા સાથેની નહીં, પ્રજ્ઞા સાથેની નહીં, એ તો બુદ્ધિ ને અહંકારની બધી ભાંજગડ.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ-અહંકારની. કારણ કે ઘણી વખત આપ બોલો છો, કે 'અમે કહીએ તમે આમ કરો' એટલે 'આવી રીતે કરો, પડીકી વાળીને નાખી દો', એવું આપ બોલો અંદર ?

**દાદાશ્રી :** હં.

**પ્રશ્નકર્તા :** એટલે એડજસ્ટમેન્ટ વખતે વાતચીત કરો કશી અંદર ? એટલે પોતાની જાત જોડે જ એવી રીતે ?

**દાદાશ્રી :** પણ ગોઠવણી તો હોવી જોઈએ ને, શું ?

**પ્રશ્નકર્તા :** એટલે તે વખતે પણ આ પ્રકૃતિ શું કામ કરી રહી છે, એની ઉપર સતત જાગૃતિ હોય ?

**દાદાશ્રી :** ના, એવી કંઈ ખાસ જાગૃતિ હતી નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે એડજસ્ટમેન્ટના જ...

**દાદાશ્રી :** નહીં, એ તો સહજભાવે. એડજસ્ટમેન્ટેય સહજ થઈ જાય. એ જાગૃતિ તો એટલી બધી નહોતી ત્યારે.

## ૧૯૫૧થી અહંકાર છેદ્યો ને ૧૯૫૮માં ઓગળી ગયો

**પ્રશ્નકર્તા :** આ પડીકું વાળીને નાખવું એ કવિતાની ભાષા છે, સામાન્ય લોકોને એ સમજાય નહીં.

**દાદાશ્રી :** હા, તે પછી '૫૧માં બધું લગભગ ક્લિયર થવા આવી,

અમુક બાબતો. ધંધામાં સ્થૂળ ચોરીઓ-બોરીઓ બધું બંધ થઈ ગયું. પછી આ અહંકાર તો એનો એ જ રહ્યો, પણ જ્યારે પેલું પડીકું વાળ્યું ત્યાર પછી અહંકાર મોળો પડી ગયો. ત્યારથી શાંતિ થઈ. પણ પાછું જ્ઞાન નહીં એટલે આનંદ તો ના ઉત્પન્ન થાય. પણ પછી ઓછી થઈ ગઈ ચિંતા. પણ તોયે જ્ઞાન ના થયું. જ્ઞાન તો ત્યાર પછી ૧૯૫૮માં થયું. ત્યારે આ દાદા ભગવાનની ઓળખાણ થયા પછી મારું કામ થયું ! નહીં તો નરી ચિંતાઓ ને અહંકાર પાર વગરનો હતો ત્યારે. આ દાદા ભગવાનની ઓળખાણ થઈ ત્યારે બધું કામ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** પછી અહંકાર ગયો કેવી રીતે ને ક્યારે ?

**દાદાશ્રી :** અહંકાર કેટલોક છે તે, એ અહંકારથી અહંકાર છેદ્યો તો ખરો, કારણ કે બહુ દુઃખદાયી થઈ ગયો'તો ને ! પણ જ્યારે ૧૯૫૮માં આ જ્ઞાન થયું ને, ત્યારે આખોય અહંકાર ભાંગી ગયો. પછી એનો પરમાનંદ ! કુદરતી રીતે અહંકાર નીકળી ગયો. આ પૂર્વભવનું કંઈ કરેલું હશે ને, તે સફળ થયું. અને આ લોકોનું કલ્યાણ થશે !

## ઉપાધિ ન થઈ હોત તો જ્ઞાનપ્રકાશ ના થાત

માનનો રોગ ભારે હતો. તે જંપીને જીવવા નથી દીધો મને. તે આ જ્ઞાન થયું ત્યારે બધું ઊડી ગયું હડહડાટ. તે જેમ ગોળો ઊડી જાય ને, એમ ઊડી ગયું. કોઈ પૂછે, 'શું થયું ?' ત્યારે મેં કહ્યું, 'ગોળો ઊડી ગયો !' એટલે આ જ્ઞાન પામ્યો, ત્યારે ઠેકાણું આવ્યું, ત્યારે ચિંતા મટી. નહીં તો વગર કામની ચિંતા ! આ આડોશી-પાડોશી કહે, 'તમે સુખી છો.' નહીં કોઈ જાતનું દુઃખ, તોય હું મારી જાતને બહુ દુઃખી માનું. ઓહોહો ! નર્યું દુઃખ... એક દસ વીઘા ભાદરણમાં જમીન, અહીં તરસાળીમાં સાત વીઘા જમીન, તેમાં તો શુંય માની બેઠેલો ! તેમાં (મુંબઈના બંગલાવાળાના) સંડાસની જેટલીય કિંમત નહીં. તે બધો ઘમંડ હતો. લોકોએ શિખવાડેલો ને આપણે માન્યો. પછી લોકોએ મારીમારીને તેલ કાઢી નાખ્યું'તું. મને તો ઊલટો ઉપાધિમાં મૂક્યો'તો. તેથી આ ઉપાધિ ન થઈ હોત ને, તો આ જ્ઞાન પ્રકાશેય ના આવત.

**પ્રશ્નકર્તા :** હા, એ બરોબર છે.

**દાદાશ્રી :** એ ચિંતા ને ઉપાધિમાંથી જ આ જ્ઞાનપ્રકાશ થયો. લોભ તો નાનપણથી જ હતો નહીં. લોભ અને કપટ બે પહેલેથી નહીં. ક્રોધ અને માન એ જબરજસ્ત ! નર્યો માનનો જ કોથળો હતો. કોથળો જ માનનો બધો. ખંખેર્યો ત્યારે ખબર પડી.

**પ્રશ્નકર્તા :** ખંખેરીએ તો જ ખબર પડે ને !

**દાદાશ્રી :** પછી ખબર પડે. અને ખંખેર્યા પછી ખરું સુખ આવ્યું ! સુરતના સ્ટેશને આખોય કોથળો ખંખેરાઈ ગયો.

## જોઈ લીધા અહંકારના બધા પરસ્પેક્ટિવ વ્યૂ

હવે આવા ગાંડપણ કર્યા. આ નર્યા ગાંડપણ... આખી જિંદગી ગાંડા જ કાઢ્યા, ત્યારે આ ડાહ્યો થયો છું !

**પ્રશ્નકર્તા :** આપ પોતાને ડાહ્યા કહો છો, પણ બધાય કહેવા જોઈએ ને, આખી દુનિયા ?

**દાદાશ્રી :** બીજા તો મને કહેશે ત્યારે આ વાત સાચી, નહીં તો મેં તો આખી જિંદગી ગાંડા જ કાઢ્યા છે. બહુ ભારે અહંકાર, હં. તે મારેય બહુ ખવડાવે.

**પ્રશ્નકર્તા :** ભલે મારેય ખવડાવે પણ ઉપકારી પણ એ જ થયો ને !

**દાદાશ્રી :** બહુ જ ઉપકારી ! એના જેવી ઉપકારી કોઈ વસ્તુ જ નહીં ! અહંકાર જેવી તો ઉપકારી કોઈ વસ્તુ જ નહીં !

**પ્રશ્નકર્તા :** પણ શુદ્ધ અહંકાર થયો એટલે, શુદ્ધ અહંકાર.

**દાદાશ્રી :** શુદ્ધ અહંકાર.

**પ્રશ્નકર્તા :** આ અહંકાર આટલો બધો હતો, તો એનાથી અહંકારના બધા ફેઝીઝ અનુભવમાં આવી ગયા ને ?

**દાદાશ્રી :** હા, બધી બાજુના. એના પરસ્પેક્ટિવ વ્યૂ હઉ જોયેલા. પરસ્પેક્ટિવ અહંકાર કેવો દેખાય તે, તે આમની (બધી બાજુની) ખબર પડે.

**પ્રશ્નકર્તા :** એ કેવો દેખાય ?

**દાદાશ્રી :** એને ઓળખું ને પણ હું. ફ્રન્ટ એલિવેશન, બેક એલિવેશન, પરસ્પેક્ટિવ, એ એલિવેશન બધા જોયેલા. દાદા બેક (પાછળથી) કેવા દેખાય છે તે ખબર પડે મને. ફ્રન્ટ એલિવેશન ખબર પડે, પરસ્પેક્ટિવ ખબર પડે.

**પ્રશ્નકર્તા :** પરસ્પેક્ટિવમાં કેવું દેખાય ?

**દાદાશ્રી :** બધુંય દેખાય, નાક-બાક બધું કેવું દેખાય તે !

**પ્રશ્નકર્તા :** આ તો આનું (દેહનું) થયું, અહંકારના ફેઝીઝનું ?

**દાદાશ્રી :** ખરું. પણ અહંકારનુંય પછી દેખાય ને ! આ (દેહનું પહેલું) દેખાય તો પેલો અહંકાર દેખાય પછી. અહંકાર આને સાનુરૂપ હોય. એ જુદું નથી હોતું.

**પ્રશ્નકર્તા :** સાનુરૂપ એટલે ?

**દાદાશ્રી :** નાક ટૂંકું તો અહંકાર ટૂંકો. નાક લાંબું તો અહંકાર લાંબો. આ કેટલીક કોમના લોકોના જોજે નાક, આવડા આવડા મોટા નાક હોય છે. અહંકાર બહુ હોય. પણ દિલદાર હોય છે એ લોકો !

**પ્રશ્નકર્તા :** ના, એટલે આ બધા એલિવેશનની વાત સમજાઈ નહીં બરોબર, એમ.

**દાદાશ્રી :** શું ?

**પ્રશ્નકર્તા :** એટલે ફ્રન્ટ એલિવેશન, બેક એલિવેશન.

**દાદાશ્રી :** બધું એ તો દરેક આ શરીરનું હોય ને, અહંકારનું પણ એવું જ હોય.

**પ્રશ્નકર્તા :** નહીં, પણ અહંકાર તો પેલા કર્તાપણામાં હોય ને, 'હું કંઈક છું' એવી રીતે ?

**દાદાશ્રી :** નહીં, કર્તાપણાનું જુદું, પણ આ 'હું' એ વસ્તુ હોય ને, તે વસ્તુ તરીકે એનો ફોટો લઈ શકાય છે. પણ એવા કેમેરા નથી. એનો ફોટો લઈ શકાય છે. સ્થૂળ વસ્તુ છે અહંકાર.

**પ્રશ્નકર્તા :** સ્થૂળ વસ્તુ છે ?

**દાદાશ્રી :** હા. અને તે ક્યાં આગળ છે ? આમ ફરો, અહીં આગળ (કમરમાં), આમ શાબાશ બોલીએ છીએ ને, તે જગ્યાએ. એ શાબાશ બોલીએ છીએ, તે અહંકારને જાગૃત કરીએ છીએ. પછી જે કામ કરવાનું હોય તે તૈયાર થઈ જાય.

## અહંકારે ગંદવાડામાં પેસવા નહીં દીધેલા

'૫૮ની સાલમાં આ ઉઘાડ થઈ ગયો ને, તેની સાથે અહંકાર હપૂચો ખલાસ ! બિલકુલ અત્યારે નૉમિનલેય (નામનોય) અહંકાર નથી. અહંકાર બિલકુલ જતો રહ્યો છે. તોય તમને એમ લાગશે કે આ દાદાનો અહંકાર બોલે છે. તે એ નથી બોલતો, આ તો ટેપરેકર્ડ બોલે છે ઑરિજિનલ. શું છે ?

**પ્રશ્નકર્તા :** ઑરિજિનલ ટેપરેકૉર્ડ.

**દાદાશ્રી :** અહંકાર જતો રહ્યો બધો, ધૂળધાણી થઈ ગયો. શું થયું ?

**પ્રશ્નકર્તા :** અહંકાર ભાંગ્યો છતાં...

**દાદાશ્રી :** હા, પણ એ અહંકારે કામ શું કરેલું ? ગંદવાડામાં પેસવા નહીં દીધેલા. જ્યાં જ્યાં ગંદવાડો દેખાયો ને, ત્યાં પેસવા નહીં દીધેલા. એ અહંકારે કામ સારું કરેલું, બચાવેલા. ભારે અહંકાર ને, એટલે 'અમારાથી આ ના થાય' બસ. 'અમારાથી આ ના થાય', એ અહંકાર સારો ને ? હિતકારી કે નહીં હિતકારી ?

**પ્રશ્નકર્તા :** હિતકારી ને એ.

**દાદાશ્રી :** એ અહંકાર શું કામ કરતો, 'અમારાથી આ ના થાય' એટલે અમે ગંદવાડામાં નહીં પેઠેલા.

મને લોકો કહેતા'તા, 'તમારા દાદાના વખતથી તમે બધાય છે તે દાંડાવાળા છો.' શું કહે છે ? 'બધા જ એવા દાંડાવાળા છો.' ત્યારે મેં કહ્યું, 'ભઈ, તેથી જ બધા રહ્યા છે ને, ચોખ્ખા ! ક્લિયર (ચોખ્ખા) રહ્યા છે ને ?' દાંડો હશે તો ક્લિયર રહે ને ? નહીં તો સંસારના ડાઘ પડેલા હોય ને ! કેટલી પ્રકારના ડાઘ પડ્યા હોય ! લોકો બૂમો પાડે. ત્યારે પેલો રોગ તો કાઢી નખાય ધીમે ધીમે. ના નીકળી જાય ? મારો નીકળી ગયો. મેં જાતે જોયો. બહુ ભારે રોગ !

## હવે જ્ઞાનથી લોકોના અહંકાર કાઢે

આ બધું જ્ઞાન નહોતું થયું ત્યાં સુધીના આ બધા લક્ષણો. અને જ્ઞાન થયા પછી તો ઊડી ગયું બધુંય. કારણ કે અહંકાર જતો રહ્યો ને ! અને આવા કેટલાય જણના, પચાસ હજારના અહંકાર કાઢી નાખ્યા, હડહડાટ. અને તમારોય સ્ક્રૂ ફિટ કરીને અહંકાર કાઢી નાખીશ.

**પ્રશ્નકર્તા :** બસ, એટલું જ જોઈએ છે.

**દાદાશ્રી :** એ આમ કરીને એવો ફિટ કરીશ સ્ક્રૂ, તે ફરી ઊખડે નહીં, આઘોપાછો ના થાય.

**પ્રશ્નકર્તા :** એટલું જ મારે જોઈએ છે. અને સ્ક્રૂ ટાઈટ કરીને, કલઈ હઉ મૂકી આપજો ઉપર.

**દાદાશ્રી :** હા, હા, ઉપર કલઈ મૂકી આપીશું, બરોબર છે. ૧૯૫૮થી પરિવર્તન થયું ત્યારથી તે અત્યાર સુધી. પચાસ હજાર માણસોનું બધાનું રાગે પાડી દીધું છે.

❖❖❖❖❖

# [૧૨]
# મળ્યો ઉપદેશ રસ્તામાં

## એક ટકોરે જ પાછા ફરી જાય એટલી જ સ્પીડથી

**પ્રશ્નકર્તા :** દાદા, તમારા જીવનમાં તમને કોઈએ ઉપદેશ કે ઠપકો આપ્યો હોય એવો પ્રસંગ બનેલો ?

**દાદાશ્રી :** મને બહુ જણ કહી ગયેલા. જાગૃત માણસ એટલે કબીરાની પેઠ બૂમ પાડું ને, તે બહુ જણ કહી ગયેલા. 'મૂરખ છો કે શું ? આ શું ધમાલ માંડી છે ? આવા ખાનદાન માણસ થઈને આ શું કરો છો ?' અરે, ઉપરથી મૂરખ બનવાનો વખત આવ્યો. કશું લેવું નહીં, દેવું નહીં. સ્વાર્થ નામેય નહીં. છતાંય પણ લોક બધું બહુ જાતનું કહી ગયેલા. મોઢે ના કહે, પણ પાછળથી કહે. એ પાછળથી કહે, તોય આપણને વાત પહોંચે તો ખરી ને ? મોઢે તો, વાઘ જેવું મોઢું દેખે આમ, તે આમ આમ ફટાકા મારે. મોટો ઑફિસર હોય ને, તોય એક વાર તો ફટાકા મારે. આંખ દેખીને જ ફટાકા મારે.

**પ્રશ્નકર્તા :** પણ એમાં જ મજા છે. મને થતું હોય, કે દાદા ખબરદાર છે. એને લીધે એ કડકાઈની તો બહુ અસર રહે છે, દાદા.

**દાદાશ્રી :** તોય કંઈક લોકોએ પાઠેય ભણાવેલા બજાર વચ્ચે. પચ્ચીસ-છવ્વીસ વરસની ઉંમરે, અમારા ભાભી જેની પાસે પૈસા માગતા હતા ને, તે ઠેકાણું નહોતું પડતું. એટલે ભાભીએ દાવા કરેલા, હુકમનામું

કરેલું. એને ઘેર છે તે હું ભાભીના કહેવાથી ઉઘરાણી કરવા ગયો ત્યારે એને તો કંઈ બીજાની જપ્તી આવેલી, તે ઊલટા મારે દસ-પંદર રૂપિયા આપીને આવવું પડ્યું. હવે ફરી પાછો મને આપવાનો વાયદો કરેલો ને, તે જ્યારે મને રસ્તામાં મળ્યો ત્યારે એ માણસની જોડે એક ફેરો મગજ જરા તપી ગયું'તું, તે હું વઢતો હતો, રસ્તામાં મળ્યો તે. પેલો કંઈ આડું બોલ્યો એટલે મગજ તપી ગયું. પેલો એવું બોલ્યો'તો કે મારું મગજ જતું રહે. નરમ ના બોલ્યો, ઊલટું અવળું બોલ્યો. ત્યારે મને રીસ ચડી ગઈ. એટલે મેં એને ટૈડકાવ્યો ત્યાં આગળ. હુંય કૂદીકૂદીને બોલવા માંડ્યો. એટલે પાંચ-સાત માણસો ભેગાં થઈ ગયા. આજુબાજુ ઘડિયાળી ને દાજી ને... 'અરે, આ તમે ? ના થાય, તમને શોભે આ બધું ? શું કરો છો આ ?' કોઈ દહાડો લડાઈ કરેલી નહીં કોઈ જગ્યાએ. અને તે ઓપન આવું તો હોય જ નહીં કોઈ દહાડોય. અને તે દહાડે બની ગયું. તે બધાય કહે છે, 'તમે ?' જે ને તે આ જ કહે, 'તમે ?' ઊલટું આ તો આપણે મૂરખ બની ગયા ! ભૂલ એવી થઈ ગયેલી હોય ત્યારે લોકો ટકોરેય મારે ને ? ના મારે કે ?

**પ્રશ્નકર્તા :** મારે જ ને !

**દાદાશ્રી :** લોક સલાહ લેવા જેવા પુરુષ પાસે આવું દેખે, એટલે એમને અજાયબ ના લાગે ?

**પ્રશ્નકર્તા :** એ તો દાદા, બહુ ચોખ્ખું ધોળું કપડું હોય એમાં જરાક ડાઘ પડે તો કાળું દેખાય.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** હા, એટલે બીજાને કાળું હોય એને ચિંતા નહીં. બીજાને રંગવાળામાં ડાઘ દેખાય નહીં અને તમારું તદ્દન ચોખ્ખું હોય તો દેખાય ને !

**દાદાશ્રી :** તે લોક તો મને ટકોર મારે ને, 'આ શું કરો છો તમે ? બજારમાં તમારાથી વઢવાડ થાય ? કોણ માણસ તમે, આ શું કરી રહ્યા

છો ?' એટલે હું તો ઠંડો પડી ગયો, કે એવી શી ભૂલ થઈ મોટી ? એ આડું બોલે છે ને આપણે વઢીએ છીએ, એમાં શું એવડી મોટી ભૂલ થઈ ?

## 'જાજરાને લાત મરાય ?' નવી સિમિલિ મળી

પછી પેલા સી. પટેલ ત્યાં આવ્યા. 'શું થયું આ ? બહુ ખરાબ દેખાય આ તો. તમારા જેવાને આ શોભે ? રસ્તામાં, રસ્તા ઉપર !' ત્યારે મેં કહ્યું, ''આવું હતું. આ તો એ આડું બોલતો'તો.'' ત્યારે કહે, 'એ આડું બોલે, તોયે તમારાથી થાય નહીં. તમારાથી ના થાય આ. આ સંડાસ ગંધાતું હોય તો બારણાંને થોડીક લાતો માર માર કરીએ, તો એ બારણું સુધરે ?' શું કહે છે ? 'શેના હારુ જાજરાને લાતો મારો છો ?' એટલે મેં કહ્યું, 'આ શું કહે છે ? આ કઈ જાતની સિમિલિ કહી ?' તે હું તો પેલાની જોડે વઢવાડ તો ક્યાં ગઈ, અને આમની સિમિલિમાં જ પડ્યો. કહે છે, 'આ શેના હારુ જાજરાને લાતો મારો છો ? અને તમારા જેવા માણસ, આ બધું શું કરી રહ્યા છો ? તમને શોભે નહીં આ.' એટલે મેં કહ્યું, 'હારું, આ વાત કંઈક ઊંચી લાગે છે !' પછી પેલા ભાઈને મેં કહ્યું, 'તમે જાવ હવે.'

પછી આમને કહ્યું, કે 'શું કહેવા માગો છો તમે ?' ત્યારે કહે, 'આ જાજરૂ ગંધાતું હોય, એના બારણાંને લાતો માર માર કરીએ તો ઓછું થાય ? જાજરૂ ગંધાતું હોય, એના બારણાંને લાતો માર માર કરીએ, તો કોને નુકસાન થાય ?' મેં કહ્યું, 'આપણને બળ્યું, આપણા પગ ભાંગી જાય, બળ્યા ! એ તો સુધરે જ નહીં ને, કોઈ દહાડોય.' તો કહે, ''શું હાય હાય કરતા'તા વગર કામના, ખોળમાંથી તેલ નીકળતું હશે ? આ તો પીલેલો ખોળ ! એક ફેરો કહી જોવાનું હોય, અને જેને ચટક (અસર, ખટકો) નથી લાગતી, તેને પછી છોડી દેવાની વાત.'' મને તો એ શબ્દ ખરેખરો કામ લાગ્યો, કાયમ કામ લાગ્યો, જાજરાને લાતો મારવાનું. મને તો આ ખ્યાલેય નહોતો આવતો ને એની શોધ છે. આ સમજણ નહીં પડેલી ! ક્યાં સુધી જાજરાને લાત ?

**પ્રશ્નકર્તા :** આખી જિંદગી યાદ રહે એવું છે.

**દાદાશ્રી :** મને આખી જિંદગી યાદ રહ્યું ને, પણ. અમથું અમથુંય ભાંજગડ થાય તોય મને યાદ આવે આ વાત. મોટા મોટા ગુરુઓએ ના વાત કરી હોય એવી વાત કરી'તી એમણે.

## બારણાંને લાત મારવાથી સંડાસ સુગંધીવાળું થાય ?

આ સંડાસ ગંધાતું હોય તો આપણે બારણાંને લાતો માર માર કરીએ, તો ક્યારે સંડાસ સુગંધીવાળું થાય ?

**પ્રશ્નકર્તા :** થાય જ નહીં.

**દાદાશ્રી :** ના, થાય (!) સંડાસને લાતો મારીએ તોય સુગંધીવાળું ના થાય ? થાય, થાય, થાય (!) ના થાય, ભાઈ ?

**પ્રશ્નકર્તા :** ન થાય, ક્યાંથી થાય ? ન થાય.

**દાદાશ્રી :** લાતો મારીએ તો કોને નુકસાન થાય ?

**પ્રશ્નકર્તા :** આપણને જ.

**દાદાશ્રી :** જે મારે એને જ. એનો સ્વભાવ જ ગંધાવાનો છે. અને બગીચાને ફૂલ ચડાવીએ તોય બગીચો સુગંધી આપશે ને નહીં ફૂલ ચઢાવો તોય સુગંધી આપશે. 'એટલે બગીચો ઓળખીને બેસો, અહીં કંઈ આ સંડાસમાં બેઠા.' કહે છે. તે દહાડે મેં કાનની બૂટી પકડી આમ. કહે છે કે, 'એ નંગોડ ક્વૉલિટી જોડે તમે છે તે મંડ્યા ને પછી તમે એની જોડે હવે છે તે વઢો છો. એ ક્વૉલિટી સુધરવાની છે ? તમે એને સુધારવા માગો છો ?' એટલે આમણે સંડાસનો દાખલો આપ્યો ને, તે મેં કાનપટ્ટી પકડી પછી. ક્યારે સુધરે એ સંડાસ ? મને સરસ દાખલો આપ્યો.

## એક ટકોરે બુદ્ધુ બનતા પહેલા પાછા ફર્યા

એટલે આવો બધો ઉપદેશ મળેલો ને, કોઈ કોઈ જગ્યાએ. વ્યવહારિક ઉપદેશેય મળેલો.

એક જણ તો એટલે સુધી કહી ગયો જબલપુરમાં, 'બુદ્ધુ જેવા છો.' મેં કહ્યું, 'હા, હતો જ !' એ જાણી ગયો.

**પ્રશ્નકર્તા :** હં, એ જાણી ગયો.

**દાદાશ્રી :** વેપારમાં માલની ખરીદી કરેલી, તે રેલવેમાં ડિલિવરી લેવા ગયેલા. તો ડિલિવરી આપનાર માણસ, રેલવેનો એક માસ્તર હતો ને, તે હું જરા વધુ પડતી છે તે કરકસર કરવા માટે કહેવા ગયો ને, વધુ લાભ થાય એટલા માટે. રેલવેને નુકસાન થાય એવું ના હોય અને મને વધુ લાભ થતો હોય એવું કહેવા ગયો તો થોડોઘણો લાભ કરી આપ્યો, પછી વધુ કહેવા ગયો, તો 'બુદ્ધુ જેવા છો' કહે છે. આમાં આ લાલચ પેઠી તેથી જ આ કહ્યું ને ?

**પ્રશ્નકર્તા :** હા, લાલચ પેઠી.

**દાદાશ્રી :** લાલચુ સ્વભાવ નહીં ને છતાં લાલચ પેઠી. પછી લોક 'બુદ્ધુ' કહે ને બુદ્ધિશાળીને, તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** મને હઉ એ કહી ગયો હતો ને ! મને ટકોર મારી હતી. પેલો મૂળ સ્વભાવ તો પાછો ખરો ને વેપારીનો, વેપારી સ્વભાવ એટલે લાભ જેટલો બને એટલો વધુ ઉઠાવ્યો હોય ને, તે પછી એણે જાણ્યું કે આ તો બુદ્ધિની હદની ઉપર ચાલ્યા ગયા છે ! તે મને 'બુદ્ધુ છો કે શું ?' કહે છે. તે પછી મારું પાછું પડ્યું, કે 'બુદ્ધુ જ છું, બરોબર. તારી વાત સાચી છે', મેં કહ્યું. હદની બહાર જાય એટલે બુદ્ધુ. એને લિમિટમાં રાખો. બુદ્ધિ બહુ વધે ને, ત્યારે માણસને બુદ્ધુ બનાવે. શું બનાવે ?

**પ્રશ્નકર્તા :** બુદ્ધુ બનાવે.

**દાદાશ્રી :** એટલે એય લિમિટમાં સારી.

## ઊંઘા ગયેલા તેથી મળેલી ટકોર

અજ્ઞાનતામાં શું દોષ નહીં થયો હોય ? શી શી ભૂલો ના થઈ હોય ?

**પ્રશ્નકર્તા :** ઘણી, ઘણી, દાદા. સમજુ છું.

**દાદાશ્રી :** પચ્ચીસથી ચાલીસની ઉંમરમાં એ દસ-પંદર વર્ષ બહુ ધમપછાડા કરેલા.

**પ્રશ્નકર્તા :** ધમપછાડામાં શું કરેલું, દાદા ?

**દાદાશ્રી :** મહીં એ ટોળીમાં બે-ચારની નાગાઈ હોય, તેમાં અમેય ભળેલા. લોકોએ કહ્યું, કે 'ના શોભે, આ તમારા જેવાને ના શોભે.' એવું કહેલુંય ખરું. એટલે આ બધા ધમપછાડા કરેલા જાતજાતના. ગાંડપણ એક જાતનું કહેવાય ને ! હવે પોતે જાતને ડાહ્યો માને. પછી એક-બે જણે કહેલુંય ખરું, કે 'ના શોભે તમને આ જગ્યાએ, તમને ના શોભે.' ત્યારે મેં કહ્યું, 'હારું, હારું, હું ફેરફાર કરી દઈશ.' પછી પાછળથી સમજણ પડી કે આ ભૂલ થાય છે.

## ઊંધું-છતું બોલનારને આપણું થર્મોમિટર માનવું

**પ્રશ્નકર્તા :** દાદા, પણ જેમ પેલા પ્રસંગમાં તમને પેલા ભાઈએ કહ્યું કે 'શેના હારુ જાજરાને લાત મારો છો', આવું કોઈ કહેનાર મળે ત્યારે જ પોતાની ભૂલ સમજાય.

**દાદાશ્રી :** પણ આપણને એવું કહેનારા મળે, 'તમારાથી આવું ના થાય.' એટલે આપણે તો બહુ જાગૃત થઈ ગયા. 'તમારાથી ના થાય, લોક કરે પણ તમારાથી ના થાય.' એટલે આપણે જાગ્રત થઈ જઈએ ને, કે શી ભૂલ રહી જાય છે ? ત્યારે કહે, 'આપણાથી ના થાય, ના વઢાય આવું. એ તો ઊંધું-છતું બોલી જાય, તે ઘડીએ તમારી કિંમત શું ? તમે ઊંધું-છતું ના બોલશો, એ તો ગમે તે ભાષા બોલશે.' વાત તો ખરી ને, ડહાપણવાળી વાત ! હવે જ્ઞાન મળ્યા પછી તો હવે એ ઊંધા-છતાનો ભો જતો રહ્યો ને ! હવે જે ઊંધું-છતું બોલવું હોય તે બોલ ને, બા. આ જ્ઞાન મળ્યા પછી વાંધો નહીં ને ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** હવે તો ચંદુને બે-ચાર ચોપડી દે તોય વાંધો નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** શી વાત કરે છે ! અખતરો કરી જોયો એકુંય ? આ તો પણ ટેસ્ટ શી રીતે થાય એનો ? એનું થર્મોમિટર મળે નહીં ને ! તે છોકરો મોટો હોય અને સામો થઈ જતો હોય તો આપણે જાણીએ કે આ થર્મોમિટર છે આપણું. આ તમારે મહીં ધર્મ કેટલો પરિણામ પામ્યો છે ને, એને માટે થર્મોમિટરની જરૂર પડે.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે. બહારના સંજોગો એના ઉપરથી ખબર પડે, શું અસર થાય છે આપણને.

**દાદાશ્રી :** હા, કો'ક માણસ છે તે આડુંઅવળું બોલે આપણી જોડે, ત્યારે આપણે જાણવું કે આ આપણું થર્મોમિટર છે. એ એનાથી આપણને આપણો તાવ ખબર પડે છે, કેટલો તાવ ચઢેલો છે, કેટલો ઊતરેલો છે.

એવું થર્મોમિટર નથી મળ્યું એકુંય ?

**પ્રશ્નકર્તા :** છે, છે. એ બધાને હોય, દાદા.

**દાદાશ્રી :** તાવ કેટલો ચડ્યો, કેટલો ઊતર્યો, એ આપણું થર્મોમિટર માની લેવું, કે આ આપણું થર્મોમિટર છે. હવે થર્મોમિટરને ભોંય જોડે પછાડીએ તો શું થાય ? ભાંગી જાય. માટે સાચવીને મૂકી રાખવું થર્મોમિટર આપણું. જે તાવ કેટલો ચઢ્યો, ઊતર્યો બધું કહી આપે. પછી તરત ખબર પડે ને મહીં ? હજુ દાદાના જ્ઞાનમાં કચાશ છે એવી, ખબર પડે ને ?

**પ્રશ્નકર્તા :** હા, ખબર પડે.

**દાદાશ્રી :** એ થર્મોમિટર કહેવાય.

## અસરને માપે ને મુક્ત મને જુએ

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાન પહેલા જુદા જુદા પ્રસંગોમાં શું શું અસરો થાય છે એ માપી જોવાનો, અખતરા કરવાનો તમારો સ્વભાવ ખરો ને ?

**દાદાશ્રી :** હા, માપી જોવાનો સ્વભાવ ખરો ! કોઈ ગાળ ભાંડે તો શું અસર થાય છે, કોઈ અપમાન કરે તો શું અસર થાય છે, માન આપે તો શું અસર થાય છે, તે બધી અસરો માપી માપીને મૂકવાની ગજવામાં.

અને મુક્ત મને તે અસર જોવાની. કેવી ?

**પ્રશ્નકર્તા :** મુક્ત મને !

**દાદાશ્રી :** જેમ થર્મોમિટરથી પોતાનો જ તાવ પોતે જુએ, એવી રીતે જોવાનું.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એમ ને એમ કોઈ ગાળ તો આપે જ નહીં ને !

**દાદાશ્રી :** નહીં, એનો સવાલ નથી. એવું કોઈ આપે નહીં, એની વાત જ નથી, આ તો દાખલો કહું છું.

**પ્રશ્નકર્તા :** ના, પણ ખરેખર એ જાણવું છે, કે તમને ગાળો દીધી હોય અને લાલઘૂમ થઈ ગયું હોય, ત્યારે તમને જે રિએક્શન આવે તે !

**દાદાશ્રી :** એ તો થયેલું હોય ને, નાનપણમાં કો'ક દહાડો. નાનપણમાં કો'ક દહાડો થયેલું હોય ને !

**પ્રશ્નકર્તા :** ત્યારે તમે શું રિએક્શન આપ્યું ?

**દાદાશ્રી :** હું તો ક્ષત્રિય બચ્ચો ! એનું માથું તૂટી જાય એવું બોલું ! એ શબ્દ સંભારીએ ને, તો અત્યારે ક્ષત્રિયપણું ચડે એટલે બંધ રાખીએ અમે.

**પ્રશ્નકર્તા :** દાદા, સાયન્સમાં આ એક સિદ્ધાંત છે, 'એક્શન એન્ડ રિએક્શન આર ઈક્વલ એન્ડ ઑપોઝિટ.'

**દાદાશ્રી :** હા, બરોબર. સિદ્ધાંત જ બધો.

**પ્રશ્નકર્તા :** તમે જે અખતરા કર્યા છે, એ એની 'ઈફેક્ટ' જોવા માટે, કે આનું શું થયું ? એનું શું 'કૉન્સિક્વન્સ' (પરિણામ) ? એટલે જ્ઞાનની ભૂમિકા ત્યાં આવે છે, દાદા. એ જે 'ઈફેક્ટ' જોવાની, 'કૉન્સિક્વન્સ' માપવાની એ જે તૈયારી, એ જ્ઞાનની ભૂમિકા છે આખી.

**દાદાશ્રી :** બહુ માપવાની તૈયારી. દરેક માપી માપીને જ કામ કરવાનું. નાનપણમાં તો ખોરાક માપીને જ લેવાનો, એવો રિવાજ.

## પહેલા તો ક્ષત્રિય લોહી ઉકળી ઊઠે

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહ્યું, કે તમને કોઈ કહે તો તમે સામે માથું તૂટી જાય એવું બોલો, એટલે એ કેવું હોય ?

**દાદાશ્રી :** એ તો મારી નાની ઉંમરમાં મારો દ્વેષ જોયો હોય તો તમે એમ કહો કે, આ માણસ તો કદી જ્ઞાની જ નહીં થાય, એવો દ્વેષ ! ઉડાડી મેલું એવો દ્વેષ ! ભયંકર દ્વેષ ! અને આમને (નવી પેઢીને) દ્વેષ ના જોઈને મને અજાયબી... આશ્ચર્ય થયેલું, કે આ કઈ જાતના છે ! ડેવલપ્ડ ને ?

**પ્રશ્નકર્તા :** ડેવલપ્ડ.

**દાદાશ્રી :** મારું જરા અપમાન કર્યું હોય તો એનું આવી બન્યું જાણો. રાવજીભાઈ તો કાલે કહેતા'તા ને, ''તમારું ધાર્યું ના થાય તો મારી નાખો કો'કને !''

**પ્રશ્નકર્તા :** 'જિદ્દી ખરા', એવું કહે.

**દાદાશ્રી :** 'હવે પંદર વરસથી તમે સંત થઈ ગયા છો', એવું એ કબૂલ કરે. એટલે પહેલા બહુ દ્વેષ અમારામાં. અને આમને દ્વેષ ના જોઈને મને છાપ પડી ગયેલી, કે હારું આ જન્મતા, શિખવાડ્યા વગર દ્વેષ વગરના થયા શી રીતે ? આવી 'નોબિલિટી' ક્યાંથી હોય ! અને મને તો રાતે અપમાન કર્યું હોય ને, તો સવારે હું ખોળતો હોઉ, ક્યાં રહીને આવશે અને ક્યાં રહીને પકડીએ. એને અદ્ધર ઉડાડી દેવાનું મન થાય. એ બ્લડ આખું ગરમ તપી જાય આમ. જો કોઈ સહેજ એ કરે ને, તો બ્લડ તપી જાય. આ અત્યારે ના તપે. બેએક મારે ને, તોય ના તપે. તે દહાડે તો બ્લડ તપી જાય, એક સહેજ અપમાન કર્યું હોય તોય. મૂળ ક્ષત્રિય સ્વભાવ જાય નહીં ને ! અને રસ્તે જતા બેના વચ્ચે પડે, કોઈ જબરો માણસ નબળાને મારતો હોય તો એ વચ્ચે હેંડતા હેંડતા જતા તે પેલા જબરાને પકડે. કહેશે, 'નાલાયક, આને મારે છે, અરે ! આ બિચારા ગરીબ માણસને ?' તે રસ્તે જતા વઢવાડ વહોરે એનું નામ ક્ષત્રિય !

## ઈલેક્ટ્રિકની ભઠ્ઠી જેવી અશાંતિ ઊભી થયેલી

અમારા ગામનો એક આગેવાન હતો ને, તે જરા ખૂની માણસ હતો. આમ આગેવાન, આમ આબરૂદાર, લાયકાતવાળા. એ મહીં ખાડો ખોદી દાટી મેલે નીચે તે. એટલે આ ટોળું જુદી જાતનું. તે અશાંતિય બહુ ઊભી થયેલી. એ દ્વેષને બાળવા માટે, અશાંતિય એવી જ હોય ને ? ઈલેક્ટ્રિકની ભઠ્ઠી હોય ને ?

**પ્રશ્નકર્તા :** એવી જ હોય છે.

**દાદાશ્રી :** આમણે એ ભઠ્ઠીઓ-બઠ્ઠીઓ બહુ નહીં જોયેલી. દ્વેષ જ નહીં ને બિચારાને ! સુંવાળા માણસ ! મને બહુ ભઠ્ઠી મોટી આવેલી. પણ દ્વેષ બળી ગયો બધો. અત્યારે જરાય દ્વેષ નહીં. તમને નાનપણમાં દ્વેષ રહેતો'તો ?

**પ્રશ્નકર્તા :** દ્વેષ ખરો ને !

**દાદાશ્રી :** ક્ષત્રિયો બહુ દ્વેષવાળા હોય, રાગ-દ્વેષવાળા બહુ હોય. એને દ્વેષ તો બહુ પાર વગરનો હોય. તમારો દ્વેષ ઓછો હોય તેનું શું કારણ, કે તમને દ્વેષ થતો હોય, પછી તમે કહો, કે આ તો આપણો શિકાર જતો રહેશે, એના કરતા ફરી કામ લાગશે એ કો'ક દહાડો. જ્યારે અમને કામ-બામ નહીં. ફરી એનું અસ્તિત્વ જ ના જોઈએ. મૂળિયા સાથે ઉડાડી મેલવાના. અમને કામની કશી પડેલી નહીં ને ! તમારે તો 'કામ લાગશે' એવું હોય.

## ક્ષત્રિયપણાના પરમાણુ કાઢી નાખ્યા ધીમે ધીમે

એટલો બધો અમારો અહંકાર, પણ ઊડી ગયો. નહીં તો અહંકારને તો છંછેડાય નહીં. આ મારા અહંકારને તો જો છંછેડે ને, તો ભડકો થાય. છંછેડતા પહેલા તેલ નીકળી જાય એનું. મૂળ અમે ક્ષત્રિય પુત્રો ! રાહ જોઈએ નહીં ને વધારે. ધીરજ ના હોય ને ! તુર્ત જ ભડકો. અને આ વણિક પુત્રો તો ડાહ્યા હોય જરા, ધીરજવાળા હોય. શું થાય છે, એ જુએ જરા.

અમે મૂળ ક્ષત્રિય ખરા ને, તે મૂળ સળી કરવાની ટેવ જાય નહીં ને ! એ ધીમે ધીમે જતું રહ્યું પછી. ક્ષત્રિયપણાના બધા પરમાણુ કાઢી નાખ્યા ધીમે ધીમે. આ બધું જવું પડે ને ?

**પ્રશ્નકર્તા :** હા, જવું પડે.

**દાદાશ્રી :** બધું ક્ષત્રિયએ ક્ષત્રિયપણું ભર્યું, વણિકે વણિકપણું. એ પરમાણુ ભર્યા, એ બધા ઉલેચવા પડશે હવે. પહેલા જરૂર હતી તે ભર્યા, હવે ઉલેચવું પડશે.

## છંછેડવાથી શું થાય એ જાણે, માટે કોઈને છંછેડે નહીં

મને છંછેડવાથી શું પરિણામ ઉત્પન્ન થાય એ મારી નોંધમાંથી જાય નહીં. આખો દેશ બાળી મેલવાના પરિણામ ઉત્પન્ન થાય. તેથી હું જાણું ને કે છંછેડવાથી શું અસરો થાય માણસને ? પણ મારા જેવું કો'કને થાય, બધાને થાય નહીં ને આ. છેક આખો દેશ સળગાવી મેલું એટલું બધું થાય. અને શરીર પાંખડી જેવું ને પાવર એટલો બધો ! હિંમત તો પાર વગરની. કેટલી ? એ જ્ઞાન નહોતું તોય હિંમત ત્યારે હતી. એ કંઈક બળ્યું હશે ને, કંઈક પૂર્વનું લાવ્યા હશે ને ! ત્યાર વગર ના થાય ને, એટલા બધા પરિણામ બદલાય નહીં ને ! હિંમતવાળાને પરિણામ બદલાય ને !

**પ્રશ્નકર્તા :** સાચી વાત છે.

**દાદાશ્રી :** આપણે મજૂરને ટૈડકાવીએ છીએ, એના પરિણામ બદલાય છે ?

**પ્રશ્નકર્તા :** ના બદલાય.

**દાદાશ્રી :** શાથી ?

**પ્રશ્નકર્તા :** એનામાં હિંમત નહીં.

**દાદાશ્રી :** ના, એમને બિચારાને ખબર હોય. એ કહેશે, મારું કશું ચાલવાનું નથી ને. એ મજૂરને એનો કોઈ સગોવહાલો કરે તો પરિણામ બદલાઈ જાય.

તે મને જો છંછેડે તો મેં જોયેલું ને બધું ? અને એય નોંધમાં મારી હોય ને બધું. એટલે હું જાણું ને, કોઈને છંછેડવો નહીં.

## 'વાસુદેવ'ના જેવો છેલ્લા પ્રકારનો અહંકાર

તમે એમ માની લીધું કે હું પહેલેથી, નાનપણથી ડાહ્યો નહોતો એવું ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** ના, ના, એવી વાત નથી. સરળ બહુ હતો. આટલા ગુણો હતા; સરળતા, નિર્લોભતા, નિષ્કપટીપણું. ચારિત્ર ઘણે અંશે સારું. બાકી બીજું બધું સારું હતું. ફક્ત આ અહંકાર બહુ ભારે. નામ ના દેવાય કોઈથી.

વગર સ્ટેટે પાવર આટલો બધો ! જો લડવાનું થાય તો આખું રાજ્ય જીતાડે, એટલો બધો પાવર મહીં એ. હિંમત એટલી, ગજબની છાતી. બધો સામાન લઈને જ આવેલો ને પાછો આય માલ ખરો. એ અહંકારના જે પરિણામ ઊભા થાય ને, જો જ્ઞાન ના થયું હોય તો નર્કે જાય માણસ. તમારા અહંકારને છંછેડે ને, તો કેટલા સુધી જાય ? બહુ તો અમુક હદ સુધી જાય. તે અમુક હદ સુધી જ, પાશવતા સુધી જાય. અને આ તો નર્કમાંય છેલ્લી નર્કમાં, સાતમી નર્કમાં લઈ જાય. એવું પરિણામ. એ ફક્ત વાસુદેવ એકલાને જ હોય એવા પરિણામ. વાસુદેવ એટલે નરમાંથી જે નારાયણ થયેલા હોય, એને એવા પરિણામ કઠણ હોય. સહન ના કરી શકે, બાળી મેલે. એ તો આખા દેશના દેશ ઉડાડી મેલે. ભગવાનનુંય સહન ના કરે એ. ગાંઠે નહીં ને ! ભગવાન તો વશ થઈ ગયેલા હોય. આ છેલ્લો અહંકાર હોય. છેલ્લો અહંકાર એનો સ્વભાવ બતાડે.

## એ જ કડક પરમાણુ હવે કરુણામાં પરિણમ્યા

પહેલા ભયંકર અહંકાર હતો મને. આ લોકોને દેખાય છે એવો અહંકાર નહીં, બિહામણો અહંકાર ! એને જો કોઈ પોષે ને, તો એ જે

માગે એ આપી દઉં. એ બધું પરિવર્તન થઈ ગયું પછી. મહીંથી જ્ઞાન થઈ ગયું, તે દહાડે અહંકાર ઓગળી ગયો, ખલાસ ! આ જોયું એનો આનંદ જે ઉત્પન્ન થયો એવો, એ અહંકાર ઊડી ગયો હડહડાટ !

અને ઈગોઈઝમ ખલાસ થયા સિવાય આ કામ થાય એવું નથી. એટલે આ કુદરતનો કંઈક સંકેત હશે, નહીં તો અમારામાં આટલી બધી લાયકાત હતી નહીં. આ જે અમે પ્રાપ્તિ કરી છે અત્યારે, એવી લાયકાત કંઈ નહોતી. અમે તો ભાદરણના પટેલ, તે કો'ક ગાળ ભાંડે ને, તો એને મારીએ હઉ. અને અમારું આગળનું એ જોવા માગે છે આ લોકો. શું જોવા માગે છે ?

**પ્રશ્નકર્તા :** એમનો પૂર્વાશ્રમ, જીવનચરિત્ર.

**દાદાશ્રી :** જીવનચરિત્ર જોઈએ છે. બીજા અમુક ગુણો બહુ ઊંચા હોય પણ પાછી આ ડખલેય હોય ને અમારામાં.

અત્યારે ગાળ ભાંડો કે ધોલ મારો મને તો કશો વાંધો નહીં. હું આશીર્વાદ આપું. વાંધો નહીં, હસીને ઉપરથી આશીર્વાદ આપું.

અમારા એવા કડક પરમાણુ હતા કે આખું જંગલ ધરૂજાવે (ધ્રુજાવે) એટલી શક્તિ ! ખાલી આંખ જ કાઢે ને ! આજે એ જ બધા પરમાણુ સેટ અપ થઈ ગયા ને કરુણામાં પરિણમ્યા !

❖❖❖❖❖

# [૧૩]
# જ્ઞાન પહેલાની દશા

## [૧૩.૧]
## સંસાર પોષાતો નહોતો

### સંસારમાં પરવશતા લાગતા છૂટવાની તૈયારી થઈ

**પ્રશ્નકર્તા :** દાદાને જે જ્ઞાન પ્રગટ થયું, તો એ ભક્તિ વગર અને આલોચના કર્યા વગર પ્રાપ્ત થઈ ગયું કે આલોચના, ભક્તિ એવું કંઈક કરેલું ?

**દાદાશ્રી :** આ અવતારમાં કંઈ ખાસ કર્યું નથી, પણ આગલા અવતારોનું કંઈ વધારે લાગે છે.

**પ્રશ્નકર્તા :** તમારું જીવન પરિવર્તન ક્યારે થયું ?

**દાદાશ્રી :** એ તો ઓચિંતું થઈ ગયું. જો કે જીવન પરિવર્તન તો થયેલું જ હતું. એ ૧૯૪૨થી થયેલું. તોય પણ જીવન પરિવર્તન એ કહેવાય નહીં. મમતા ઓછી થતી જતી'તી, પણ અહંકાર વધતો જતો'તો. એને પરિવર્તન કેમ કહેવાય ? પણ પરિવર્તન તો બીજી બધી ઊંધી-ચત્તી ચીજો છે તે નીકળી ગઈ. અને પછી ૧૯૫૮માં આ જ્ઞાન સુરતના સ્ટેશને પ્રગટ થઈ ગયું. તે અહંકારેય જતો રહ્યો હડહડાટ !

**પ્રશ્નકર્તા :** આપે પેલી વાત કરી ને, કે ૧૯૪૨માં થોડું જીવન

પરિવર્તન થવા માંડ્યું અને અહંકાર બધો ૧૯૫૮માં જતો રહ્યો, તો એ ૧૯૪૨થી ૧૯૫૮ સુધીમાં તમે શું તૈયારીઓ કરેલી ?

**દાદાશ્રી :** હા, જીવન બધું ધાર્મિક વિચારો તરફ ફરી ગયેલું. ધાર્મિક એટલે હવે છૂટવાની ઈચ્છાઓ થઈ'તી કે આ સંસારથી છૂટવું છે. સંસાર દુઃખદાયીના અનુભવ થવા માંડ્યા. ખરેખર દુઃખ હતું નહીં, પણ દુઃખના અનુભવ થવા માંડ્યા. એમાં પરવશતા લાગી. એટલે બધો ફેરફાર થઈ ગયો. તે ધાર્મિક વાતાવરણ બધું થયું અને જીવન બહુ સારું લાગ્યું. અને અહીંયા સંયમી જીવન થવા માંડ્યું, પણ અહંકાર તો વધતો જ ચાલ્યો. સંયમનો કરનારો 'હું' ને ! 'હું'પણું રહે ત્યાં સુધી વધે. બધું જે જે કરો તેનો એ કર્તા. એ ક્રિયા જ તમારો અહંકાર વધારે. વધારે કે ના વધારે ? એટલે એ વધી ગયેલો.

## જ્યાં જ્યાં દુઃખ પડ્યા ત્યાં પરવશતા લાગી

**પ્રશ્નકર્તા :** આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પહેલા આપના ધાર્મિક વિચારો કયા હતા ?

**દાદાશ્રી :** અમને આ પરવશતા બિલકુલ ગમતી નહોતી સંસારની. આપને સમજાયું પરવશતા ? તમને થોડો અનુભવ થયેલો પરવશતાનો ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ સંસારમાં નિરંતર પરવશપણું છે, એવો અનુભવ થાય છે ? આપણે ઘેરથી બે કલાક જરા બહાર ફરવા નીકળ્યા, આખા દહાડાના થાકેલા, કંટાળેલા હોય. જરા બહાર નીકળ્યા હોય, ત્યારે ઘરના માણસ કહેશે, 'દસ વાગે આવી જજો હં, બહુ મોડું ના કરતા.' અલ્યા ભઈ, ત્યાંય જંપીને બેસવાનું નહીં ? ઘડીવાર નિરાંત નહીં. જ્યાં જુઓ ત્યાં, છોકરાંય કહે, 'મોડું ના કરશો, આવી જજો.' પાડોશીઓ કહેશે, 'તમે મોડા કેમ આવો છો ?' બધે જ્યાં ને ત્યાં ઉપાધિ. જરા નિરાંત નહીં. ઘડીવાર બેસવા પણ ના દે. નરી પરવશતા જ છે. અને આ દેહની પરવશતા. માથું ચડે તો આપણે ભોગવવું પડે કે ના ભોગવવું પડે ? અને

દાઢ દુખતી હોય તો ? અને કાન દુખતા હોય તો ? આ નરી પરવશતા છે. અમને બિલકુલેય એ પરવશતા નહોતી ગમતી. એટલે અમને આ ધર્મની બાબતમાં, આત્મજ્ઞાન, કેમ જલદી મોક્ષ પ્રાપ્ત થાય એને માટે જ ક્રિયા આખી જિંદગી કરી છે. બીજું કાંઈ કર્યું નથી.

## મળે રોજ એકનું એક જ, તે યાતના લાગે

**પ્રશ્નકર્તા :** ઈશ્વર સિવાય સર્વસ્વ નકામું અને નાશવંત છે. ઈશ્વર તરફ ખેંચાણ છે, તરસ છે, છતાં સંસારની જવાબદારીઓમાંથી મુક્ત થવાતું નથી. દરરોજ એક જ પ્રકારના જીવાતા જીવનમાં રસ નથી લાગતો, તો શું કરવું ?

**દાદાશ્રી :** ભઈ, આ સંસાર જ એવો છે, કે અમદાવાદ શહેરમાં બધેય ફરી આવો, બગીચાઓ-બગીચાઓ બધે ફરી આવો પણ ઘેર આવી અને એનો એ જ પલંગ, એની એ જ પથારી ને એનું એ જ ઓશીકું. શી રીતે ગમે આપણા મનને ? આપણે તો એનું એ જ મળ્યા કરે છે અને મન વેરાયટિઝ માગે છે. શું માગે છે ?

**પ્રશ્નકર્તા :** વેરાયટિઝ.

**દાદાશ્રી :** રોજ રોજ નવો પલંગ માગે, નવું ઓશીકું માગે, જુદી જુદી જાતનું. આ તો એનો એ જ પલંગ, શી રીતે ગમે તે ? મને બહુ કંટાળો આવતો હતો અને હું ઘેર કહેતો હતોય ખરો, 'બળ્યો, એનો એ જ પલંગ ને એનું એ બધું આ ! એનો એ પાટલો જમવાનો ને એની એ જ થાળી ! એનું એ જ સંડાસ !' સંડાસેય બદલવાનું નહીં ! એટલે મને તો બહુ કંટાળો આવતો હતો. અને તેથી મને તો કંઈ આ સંસારમાં નરી ભયંકર યાતનાઓ જ થયા કરતી હતી. અને લોકો મને શું કહે, કે 'તમે બહુ સુખિયા માણસ છો.' લોકો બાહ્ય દૃષ્ટિથી જુએ, અંતરમાં મારું દુઃખ હું જાણતો હોઉં. મને તો આ સંડાસ એક, તેય કંટાળો આવે, કે બળ્યું આ સંડાસેય બદલવાનું નહીં ? અને પહેલા અહીં અમદાવાદ આવતો હતો ને, ત્યારે કો'કને ત્યાં ઊતર્યો હોય તો સંડાસની મોટી ક્યૂ લાગેલી હોય. આ જૂના જમાનાની વાત કહું છું. તે હું શરીર બગાડું પણ સંડાસ

નહોતો જતો. મૂઉ શરીર ભલે બગડે, પણ આવું અપમાન નથી ખમવું. આના કરતા દેહ છૂટી જાય તો સારો, પણ આ આના માટેય ક્યૂ ? સંડાસને માટેય ક્યૂ ? એટલે શી રીતે પોષાય, મને આ સંસાર ઘડીવાર ખપતો નહોતો.

## એનું એ જ રોજ રિવિઝન, આ તો મૂરખ બન્યા

આ તે કંઈ સારું છે બળ્યું ? આ દેહની જ પરવશતા નથી ગમતી. સંડાસ જવું હોય તો આપણે ઊઠવું પડે. પેશાબ કરવા જવું હોય તોય ઊઠવું પડે. સવારના પહોરમાં મોઢું ધોવું-કરવું ને, તે બ્રશ કર કર કરે. અલ્યા, ચુમોતેર વર્ષ થયા તોય હજુ બ્રશ કરવાનું પૂરું થઈ રહ્યું નથી ? એક દહાડો કામ ના પૂરું થાય ? કામ જે ઝાલ્યું હોય એ પૂરું થાય કે ના થાય ?

**પ્રશ્નકર્તા :** થાય.

**દાદાશ્રી :** પણ આ પૂરું જ નથી થતું. ત્યારે આ તેં કામ શું કર્યું ? શું થયું આ ? ચુમોતેર વર્ષ સુધી ઘસ ઘસ કર્યું તોય હજુ દાંત એના એ પાછા. સવારે હતો તેવો ને તેવો પાછો. હું ઘેર વાત કરતો દર વખતે, અમારા મધર ને એ બધાને, મેં કહ્યું, 'આ રોજ રોજ દાતણ કરવાનું ?' ત્યારે કહે, 'એ તો ભઈ, કરવું જ પડે ને !' ત્યારે મેં કહ્યું, 'અંત ક્યારે પણ એનો ?' કોઈ કામનો અંત આવવો જોઈએ ને ? આજ દાતણ કરીએ એવું તમે કહો, તો અંત આવે એવી રીતે દાતણ કરી નાખીએ. ત્યારે કહે, 'ના આવે.'

રોજ દાતણ કરવાનું, સંડાસ કરવાનું... તે કો'ક દહાડો બંધ થાય એવું સંડાસ કરીએ. કંઈ કામ વહેલું પૂરું થાય એવું કરો ને ! જો કામ પૂરું નથી થતું તો આપણે મૂરખ બન્યા છીએ. એનું એ જ રોજ જો રિવિઝન, એનું એ જ થયા જ કરતું હોય તો મૂરખ છીએ આપણે. આમ ક્યાં સુધી ફૂલિશ તરીકે રહેવું ? નરી ફસામણ બધી !

**પ્રશ્નકર્તા :** હા. તમે જે કહો છો એવી બિલકુલ નરી બેભાનતા જ છે.

**દાદાશ્રી :** આ તો પહેલેથી નરી બેભાનતા, આખી બેભાનતા જ છે.

## જે જોઈએ તે ના મળે, તેથી નિરંતર પરવશતા લાગ્યા કરે

અરે ! મને તો આ જ્ઞાન નહોતું ને, તોય એટલું બધું હતું, કે ક્ષણે ક્ષણે જાગૃતિ મારી બહુ હતી. ઘેર આવું ત્યારે પછી કહું, આ બગીચામાં કેટલા જણ બેઠા'તા, ત્યાં કેવું સરસ હતું ! ઘડીવાર ત્યાં બે કલાક-ચાર કલાક સૂઈ ગયા હોય તો કેવું સરસ લાગે ! આ તો દસ વાગે એટલે ઘેર આવવું જ પડે. ના આવે તો કચકચ થાય. એટલે પછી એનો એ જ પલંગ, હારું રોજનો રોજ, ચીડ ના ચડે બળી ? આ એના એ જ ગોદડાં ને એનું એ જ ઓશીકું પાછું. અલ્યા, રોજ બદલો ને ! જગ્યાય એની એ. તે મને તો ઘેર જવાની મજા ના આવે ઘડીક. એ જમાનો એવો હતો કે પંખા-બંખા કશુંય ના હોય ઘરોમાં. આમ હાથથી કશું હલાય હલાય કરવાનું. તે, આ તો હાથ દુખે અને આ ટાઢું થાય એવું કામનું શું ? એક બાજુ આ હાથ દુખે ને આ ટાઢું થાય. એટલે બગીચામાં બેસી રહું બધા ભાઈબંધો જોડે, એય રાતે. ત્યારે પચ્ચીસ-સત્યાવીસ વર્ષની ઉંમર હતી. અને પછી રાતે પાછા આવતી વખતે નિસાસા નાખી નાખીને આવીએ, સાડા અગિયાર-બાર વાગે. તે મહીં યાદ આવે, કે હવે ઘેર જઈશું ત્યારે એની એ જ ઓરડી, એનો એ પલંગ, એનું એ ઓશીકું, રોજ એનું એ જ દેખાતું હોય. રામ તારી માયા !

પાછી રાણીય એની એ, છોકરાંય તેના તે જ સવારમાં દેખાય પાછા. એની એ વહુ ને એના એ છોકરાં. 'પપ્પા આવ્યા', કહેશે. એના એ ડટ્ટા (પપ્પા), બીજા ડટ્ટા ન જોઈએ ?

**પ્રશ્નકર્તા :** રોજ ક્યાંથી નવી નવી વહુ લાવે અને નવા નવા છોકરાં ક્યાંથી લાવે ?

**દાદાશ્રી :** હા, એ બરોબર છે, પણ બીજું બધું તો રોજ નવું નવું જોઈએ. આવું ચાલતું હશે ?

ગમે એટલા ઘર મોટા હોય ને, તોય એનો એ પલંગ, એનું એ ઓશીકું, એનું એ જ બધું, ગલેફ* ધોયેલું હોય એટલું જ. અલ્યા મૂઆ,

---
*ગલેફ - ગાદી તકિયા વગેરેની ખોળ; ગલેપ

આવું તે ફાવતું હશે ? મને તો ચીડ ચડ્યા કરે. મેં કહ્યું, પાછું આ જ ઓશીકું આવ્યું. હું તો ઘણા ફેરે ફેંકી દેતો'તો, જ્ઞાન નહોતું થયું ત્યારે. પછી મને કહે છે, 'ત્યારે શું મૂકશો ?' મેં કહ્યું, 'આ તકિયો મેલું છું.' તકિયો તો નવો કહેવાય ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પણ એ ભલીવાર ના આવે એમાં કશું. એની એ જ રોટલી અને એનો એ ભાત. તે મૂઆ, બીજું કશું નહીં ? દાળ-ભાત-રોટલી ને શાક ! એક દહાડો હાંડવો કરે, એક દહાડો પાટૂડા કરે, પણ એનું એ જ ને બળ્યું ! રોજ એનું એ જ તે મને તો કંટાળો આવે. આ એની એ જ થાળી અને એનો એ જ પાટલો અને એનું એ જ, એક દહાડો ખીચડી અને એક દહાડો ભાત ! અરે, આટલી બધી જાતજાતની રસોઈ, પણ આ તો રોજ એનું એ જ !

હવે રોજ નવું નવું ના જોઈએ બળ્યું ? મહીં મન છે ને હજુ ? મનનો સ્વભાવ શું ? નવી વેરાયટિઝ ખોળે. અને અહીં એ વેરાયટિઝ આપણા ભાગમાં આવતી નથી. છે તો ખરી દુનિયામાં પણ આપણે ભાગ નથી આવતી. એટલે મને તો બહુ મૂંઝામણ થયેલી. આ બધા બહુ જાતના પ્રશ્નો ઊભા થાય. એટલે પરવશતા જ લાગે બધી કે આપણે છીએ ને... આપણને જે બધું જોઈતું હોય તે મળવું જોઈએ. આમ કેમ ? પરવશતા જ લાગ્યા કરે, બંધન જ લાગ્યા કરે. નિરંતર બંધન લાગ્યા કરે.

## બધુંય ઉપાધિરૂપ લાગે, તેથી મન ઊઠી ગયેલું

સંસારમાં સુખ છે કશું ? શું સુખ માની બેઠો છે, મૂઓ !

**પ્રશ્નકર્તા :** છે જ નહીં કાંઈ, દાદા.

**દાદાશ્રી :** એટલે આ મન તો ઊઠી જ ગયેલું બધેથી. એ પથારીએય ના ગમે, પૈસાય ગમે નહીં. એ ઉપાધિ પાછી. એ કારખાનામાંથી આજ ચાર હજાર આપી ગયા છે. આ પાછી ત્યાં આગળ બેંકમાં જઈને જમા કરાવવાની ઉપાધિ. આ શી ઉપાધિ મારી હારી, વગર કામની ? આ

પૈસા-બૈસાની ઉપાધિ ના ગમે. સોનું તો અડું જ નહીં. અને આ બધી ઉપાધિ ના જોઈએ. આ પથારી ને આ ઓશીકું, અને ઓઢવાનું ઢાંક ઢાંક કરીએ. તેય પાછું એનું એ બળ્યું ! આ સંડાસમાં જઈએ તો ડબ્બડુંય (ડબલુંય) તેનું તે જ. એને જોઈને શરમ આવે બળી ! આ ડબ્બડું નાખી દઉં મારે ઘર હોય તો. પણ નાખી દઉં તો હીરાબા વઢે પાછા ! એટલે મને તો પોસાય નહીં આ બધું. તમને બધાને પોસાય જે રીતના, મને પોસાતું નહોતું. એ મને પોસાયું નહીં, તેથી તો ના ગમે બધું આવું. આના આ જ બાપુજી, દાંત પડી ગયેલા તે જ ! 'બાપુજી' કહીએ એમને ! દાંત પડી ગયા હોય ને 'બાપુજી' કહીએ. એવી દુનિયા શું કામની ? દુનિયા રમણીય જોઈએ, વેરાયટિઝ જોઈએ. વેરાઈટિઝ ના હોય કંઈ ? મન છે તો વેરાઈટિઝ હોવી જોઈએ. અને જો વેરાઈટિઝ નથી, તો મન વગરના રહેવું સારું છે. આપણે હતા તેના તે જ મૂળ સ્વરૂપે. અને મન હોય તો વેરાઈટિઝ જોઈએ. વેરાઈટિઝ મળતી નથી ને અકળાય છે. તે એને અકળામણ થાય છે.

મન છે તે વેરાયટિઝવાળું છે અને આ એક બાજુ સંકુચિતતા (લિમિટેશન), હવે શી રીતે મેળ પડે ? એટલે અમે નાનપણથી સમજી ગયેલા કે આ મન છે વેરાયટિઝવાળું, આપણે શી રીતે મેળ પડશે ? અને આપણે સંકુચિતતામાં આવ્યા છીએ.

**પ્રશ્નકર્તા :** હા, હા.

## આના કરતા 'આપણા ઘેર' જતા રહેવું સારું

**દાદાશ્રી :** રોજે રોજ નવું નવું ના જોઈએ ? એવું જો રોજ ના મળતું હોય તો આપણે 'આપણા ઘેર' જતા રહેલા સારા. આપણે ઘેર બધી જાહોજલાલી છે. આપણું ઘર તમે સમજ્યા ? જો અહીં સંસાર દશામાં રોજ નવું નવું ના મળતું હોય, વેરાયટી ના મળતી હોય તો 'આપણે ઘેર' (આત્મામાં) ના જતા રહીએ ? 'આપણે ઘેર' પાર વગરનું સુખ છે ને પાર વગરની સામગ્રી છે ! એ બધો સામાન ત્યાં મેલીને અહીં આવ્યા, તે અહીં રોજ એની એ ઓરડી શી રીતે ગમે ?

પાછું સંડાસ પણ ગંધાતું હોય. રોજ જુદું જુદું હોય ને આનંદ આવતો હોય તો આપણે જાણીએ કે મોક્ષમાં જવાની શી જરૂર છે ? પણ આ તો સાત મહેલ હોય ને બધી જુદી રૂમો, જુદા પલંગ હોય તોય છેવટે મહીં ચેન પડે નહીં, ત્યાં પોષાય જ શી રીતે ? પાછું નનામી કાઢે ત્યારે આ બધું ફ્રેક્ચર થઈ જવાનું. આ લોક તો નનામી કાઢ્યા વગર રહે જ નહીં ને !

એટલે જો બધી અનેક વેરાયટીઓ ના મળતી હોય તો આપણે આપણા ઘેર જતા રહેવું સારું. આપણે ઘેર તો પાર વગરનું સુખ છે ! પણ તે જ્ઞાની મળે તો આપણા ઘેર લઈ જાય, બાકી ઘેર કોઈ ગયો નથી. જ્ઞાની પુરુષ પોતે ગયેલા છે, માટે તે લઈ જઈ શકે.

## પૂર્વભવના હિસાબથી હવે રોજ નવું નવું મળે

હવે તો મારે રોજ નવું નવું જ ભેગું થાય છે. રોજ નવી છે તે અમારે પથારી હોય, નવું ઓશીકું હોય, નવું બાથરૂમ હોય, નવો ડાઈનિંગ રૂમ હોય. અમારે રોજ નવું જ, પૂછી જુઓ એમને.

**પ્રશ્નકર્તા :** તે હું જાણું છું કે રોજ નવું જ હોય દાદા માટે ત્યાં.

**દાદાશ્રી :** આવું પાંચ-સાત દહાડા નહીં, એક-બે દહાડામાં બદલાઈ જ જાય. એટલે મને તો બધું આ ભેગું થવામાં કંઈ હશે પૂર્વભવના હિસાબ ત્યારે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** મેં કહ્યું, હારું એની એ પથારી, એનું એ ઓશીકું, ચાદરેય તેની તે દેખાય, બે-ત્રણ દહાડા સુધી, તો આમ ચીતરી ચઢે મને તો.

**પ્રશ્નકર્તા :** આજે આ બદલશું, દાદા ?

**દાદાશ્રી :** ના, એવું બદલાવામાં પડવું એના કરતાં હું સમજી ગયો કે આપણે સવળા થવું પડશે. માથે બટાઈને (ઓઢીને) સૂઈ જવાનું. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** માથે બટાવીને (ઓઢીને) સૂઈ જવાનું.

**દાદાશ્રી :** ના, મને તો આ કશું રુચે નહીં. મારું મન તો આવું ના હોય. આવું પસંદ જ ના કરે ને ! એટલે ઐસે હી અંદર સૂઈ જાય પછી. સૂઈ જાવ બા, હવે આ દુનિયા આપણા કહ્યા પ્રમાણે થવાની નથી. અને તેના ઉદય છે ને !

**પ્રશ્નકર્તા :** તો દાદા, કેવું પસંદ કરે તમારું મન ?

**દાદાશ્રી :** એ ડટ્ટાય (પપ્પાય) નવા નવા, બાબાય નવા નવા, પહેલા ચાલ્યા જાય એટલે બીજા નવા આવીને ઊભા રહે, એ ડટ્ટા !

**પ્રશ્નકર્તા :** રોજ બધું નવું જોઈએ ?

**દાદાશ્રી :** ત્યારે શું ?

દુનિયાનેય ના સાંભળવામાં આવ્યું હોય એવું, રોજ બાથરૂમ બદલાય એ કેવી જાતનું ? એ કંઈક પૂર્વભવનો હશે હિસાબ ત્યારે ને !

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** આ તો પરિણામ આવ્યું છે. પણ પૂરેપૂરું બદલાયું નહીં. બધુંય આનું આ જ. પૂરેપૂરું બદલાયું હોય ને, ત્યારે આ નીકળે.

## નહોતું મળતું ત્યારે કરેલા તપ

**પ્રશ્નકર્તા :** દાદા, જ્યારે તમે બાવીસ-પચ્ચીસ વરસના હતા, ત્યારે તમને મળતું નહોતું ને આવી ઈચ્છા થતી'તી તો શું કરતા'તા ?

**દાદાશ્રી :** માથું વાળીને સૂઈ જતા'તા મહીં.

**પ્રશ્નકર્તા :** દુનિયા બહાર ને દાદા અંદર.

**દાદાશ્રી :** તપ કરેલા. હીરાબાને વઢ્યા સિવાય, કોઈને વઢ્યા સિવાય તપ કરેલા. ખાવાનુંય એ, એની એ રોટલી ! આપણે કહીએ, કે તમે ખાવાનું શું કર્યું છે ? ત્યારે કહે, દાળ-ભાત ને રોટલી ને શાક. ત્યારે એ તો રોજ આપો છો, બળ્યું ! સાંજે ભાખરી ને આ દૂધ ને છાશ. તો

વળી આ તો કંઈ ગમાણ* છે ભેંસની ? રોજ રોજ વેરાયટિઝ નવી નવી જાતની હોવી જોઈએ, એવું મનમાં થાય.

## સેવામય નીરુબેન એના એ જ, બીજું બધું બદલાય

**પ્રશ્નકર્તા :** દાદા, હવે એવું જ આવ્યું છે, રોજ રોજ રસોઈયા બદલાય.

**દાદાશ્રી :** બોલો, આવું ખોળે એ માણસને કોણ આપે રસોઈ ?

**પ્રશ્નકર્તા :** તે આ બધું કેમનું ઉદયમાં આવ્યું, રોજ નવું નવું ?

**દાદાશ્રી :** એ બધું અમારે પહેલા ભાવના હતી તેથી.

**પ્રશ્નકર્તા :** ભાવના ગયા અવતારની ?

**દાદાશ્રી :** હા. આ મારે રોજ પલંગ બદલાવાના. અહીંથી બે દહાડા જાય ત્યાં. મેં ભાવના કરેલી કે બળ્યું, મારે આવું ના ફાવે. મને તો રોજ રોજ નવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** ને દાદા, ઘર હઉ બદલાય ને ટાઉન હઉ બદલાય. ઘર બદલાય, શહેર બદલાય ને દેશ બદલાય.

**દાદાશ્રી :** બધું, બધું બધું. દરેક વસ્તુ બદલાય. આ એકલા જ (નીરુબેન) જોડે ને જોડે રહે છે. ત્યારે એ શું કહે છે ? 'મને મારી નાખજો પણ મને છૂટી ના કરશો', એમ કહે છે. હવે એટલે પેલા બધા તો એવું ના બોલે ને, પલંગ-બલંગ તો બિચારા. એ તો કહેશે, તમારે ફાવે એમ કરો, અમારે શું ? પણ આ 'મારે સેવા તમારી જોઈએ', કહે છે. તે વાત તો કાયદેસરની છે.

## મોહના કેફે જગત કંટાળે નહીં ને સહન કર્યા કરે

એટલે પહેલા તો મનમાં એમ થાય કે આ એનું એ જ, નો વેરાયટિઝ ! બધાને એનું એ જ મળતું હશે કે વેરાયટિઝ મળતી હશે ?

*ગમાણ - ઢોરને નીરણ નાખવાની જગ્યા

તો કયા સુખના હારુ આ લોકો પડી રહ્યા છે ? કંટાળો ના આવે બળ્યું, એનું એ જ રોજ હોય તે ? ના આવે ? પણ જીવને પેલો મોહ છે ને, એટલે પેલો કંટાળો નથી આવતો.

ચંદ્રના કેટલા ફેઝ ? પંદર ફેઝ. પંદર ફેઝમાં તો આખા જગતને અનંત અવતારથી, અનંતકાળથી રમાડ રમાડ કરે છે.

**પ્રશ્નકર્તા :** દાદા, આવું કોઈએ ખોળી નથી કાઢ્યું. તમે જ ખોળી કાઢ્યું આ !

**દાદાશ્રી :** ના ખોળી કાઢે ને ! આજના લોકોને કેટલા દુઃખ છે તે ! કેટલા પ્રકારના દુઃખ છે એને ! એવા દુઃખ, લોકોની પાછળ પડ્યા છે. આ મોહને લઈને, એ જથ્થાને લઈને તમને સહન થાય છે, બાકી કેમ કરીને સહન થાય તે ? મોહનો જથ્થો એટલે દારૂ પીધા જેવો, કેફ... કેફી રહ્યા કરે. મહીં બળતરા પાર વગરની ! મોહ, મોહમાંય બળતરા પાર વગરની તે ! એક ઓબ્લાઈજિંગ નેચરવાળાને ઓછું થાય.

## એક ઠોકર વાગે તો એની સ્મૃતિ ના જાય

મને તો જ્ઞાન થતા પહેલા એટલું બધું યાદ રહેતું હતું કે બધી બાબતમાં નિરંતર વૈરાગ જ રહેતો હતો.

**પ્રશ્નકર્તા :** એટલે જેટલી યાદશક્તિ એટલો વૈરાગ.

**દાદાશ્રી :** હા, બરાબર છે. આ લોકો રોજ સંડાસ જાય છે, પણ કોઈ દહાડો વૈરાગ કોઈને જોયો તમે ? યાદશક્તિ જ નહીં તેથી. બહાર નીકળે કે પછી બધું ભૂલી ગયો પાછું ! બેભાન લોકોને શું પૂછવાનું ? અને ભાનવાળો તો ભૂલે જ નહીં કે આવો સાલો એંઠવાડો ને આ જાતનું જીવન ! અને તેમાં તે પછી હાથ ઘાલે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** 'યાદ આવે તે વૈરાગ' એ મારા મગજમાં બેસતું ન હતું.

**દાદાશ્રી :** યાદ જ ના આવે તેને પછી વૈરાગ શાનો આવે ? રોજ ગાળો ભાંડે ને સાંજે યાદ ના આવે તો વૈરાગ શાનો આવે ?

હું ભાદરણ ઘેર જમવા બેઠેલો. તે એક ભાઈને એના ગંગાબા ને છોડીઓ બધાય ફરી વળ્યા. ભાઈ મૂંઝાયો ને, તે સીધો મારે ઘેર આવ્યો ને કહે, 'મારા ઉપર ઘરના બધાય ફરી વળ્યા છે.' તે મારે હાથ ધોઈને તરત જ જવું પડ્યું. તે ઘરના બધાય ભોંઠા પડ્યા ને પછી ટાઢા પડ્યા. એ વઢવાડ ત્યારે ટાઢી પડી, પણ ક્યારે પાછી વધે તે કહેવાય નહીં. તોય તે પાછો મૂઓ ભૂલી જાય ! 'મારી ગંગાબા, મારી છોડી !' મોહને લઈને કેટલી ઠોકરો વાગી એની સ્મૃતિ ના રહે. અમને તો એક ઠોકર વાગે તો સ્મૃતિ ના જાય. એવો મોહ શું કામનો, કે ઠોકર વાગે ને ભૂલાવે ! ફરી પાછો પસ્તાવો કરે ને ફરી ભૂલે ને ફરી ઠોકર વાગે, એવો આ સંસાર છે. તે મૂઓ જાણે કે મારો પ્રેમ હવે જામ્યો. મૂઆ, છેલ્લે ધીરજ તૂટી જશે. ધીરજેય ક્યાં સુધી ટકે ?

આ સંસાર આખો કમ્પ્લીટ દગો છે. સૌ સૌના ઘાટમાં જ છે. મને તો જ્ઞાન નહોતું થયું ત્યારે એક વખત કોઈ દગો દે એટલે એને છોડી દઈ એકદમ સંબંધ કટ એવો મારો કડક સ્વભાવ હતો. મને તો એક શબ્દ કહે ને કોઈ, એ પછી ફેરફાર જ કરી નાખવાનો. દિશા જ ફેર કરી નાખવી. કેમ પોસાય આવું ? હવે એનો દોષ હું ગણું નહીં, મારો દોષ છે. પણ એની જોડે જે હિસાબ છે ને, એ બધો ઓછો કરી નાખવાનો. આ જ્ઞાન નહોતું ત્યારે. અત્યારે તો એવું કશું નહીં. અત્યારે તો આમ કરે કે તેમ કરે, બધી સમતા.

## મોહ નહીં હોવાથી ભઠ્ઠીમાં મૂક્યા જેવું લાગે

મને તો નાનપણથી જ એક ચીજ એક ફેરો કડવી લાગી હોય તો તે ક્યારેય ભૂલાય જ નહીં. તો આ સંસાર આખોય નિરંતર કડવો લાગે છે તોય જુઓ ને, ભુલાતો જ નથી લોકોથી.

નાનપણમાં કંઈ વાગ્યું હતું ને, તે એમાંથી જરાક કંઈક એ થઈ ગયું હશે ને, પહેલા એ કંઈ જામરો* થયો. એટલે આખી રાત ઊંઘ આવે નહીં. હવે આખી રાત નાના બાળકને ઊંઘ ના આવે ત્યારે એ પીડા કેટલી

*જામરો - હાથ કે પગમાં થતો સખત બળતરા કરનારો જળેળો-ફોલ્લો

હશે ! નહીં તો બાળક તો ગમે એટલા દુઃખમાં ઊંઘી જાય. એટલે આખા આ સંસારમાં રહેવાય એવું નથી ઘડીવાર એવું થઈ ગયેલું. વિચારશીલ બહુ અને બીજું, મમતા નામનો ગુણ નહીં પહેલેથી.

કેટલી ઉપાધિ ! આ સંસારમાં શી રીતે જીવાય, વિચારશીલ માણસ આ સંસારમાં કેવી રીતે જીવી શકે ? મારાથી કલાક જીવાતું નહોતું. ૧૯૫૮માં હું કલાક જીવી શકતો નહોતો. આ જ્યાં સુધી પ્રગટ ના થયું વિજ્ઞાન, ત્યાં સુધી જીવી નહોતો શકતો. શી રીતે જીવી શકે ?

આ સંસારની બળતરા બિલકુલ અડધો કલાક સહન થાય એવી નથી. શી રીતે આ લોક સહન કરી રહ્યા છે એય અજાયબી છે ! લગનમાં તો મૂર્છા હોય. અમને તો લગનમાંયે મોહ ચઢતો નહોતો. જ્ઞાન થયા પહેલાય મોહ ઉત્પન્ન થાય જ નહીં. કારણ કે મૂર્છા અમને આવે નહીં કોઈ જગ્યાએ. એવી કોઈ જગ્યા નથી કે જ્યાં અમને મૂર્છા આવે. મોહ ઉત્પન્ન થાય જ નહીં, પછી હવે શી રીતે સંસાર પોષાય. અંતરદાહ બંધ થાય નહીં. ત્યારે બ્રાન્ડી અમે પીતા નહોતા. પછી ઉપાય શો કરવો ? પણ આ અમારો હિસાબ હશે તે ભેગું થઈ ગયું, '૫૮માં, નાઈન્ટીન ફિફ્ટી એઈટમાં, અને લોકોનું કલ્યાણ થવાનું છે. મારી ભાવના એવી કે આ જગતનું કલ્યાણ થાવ. જે આ મારાથી સહન નથી થતું, તો આ લોકથી સહન શી રીતે થતું હશે ? મારે તો કશી પીડા નથી, તોય સહન કરવું પડે છે. સંસાર એક ક્ષણવાર શી રીતે સહન થાય ? અમારે કોઈ ઉપાધિ નહોતી તોય સહન નહોતો થતો. આ જ્ઞાન નહોતું ત્યાં સુધી ભઠ્ઠી જ ચાલતી'તી. હા, ભઠ્ઠી તો એવી જબરજસ્ત ચાલે. તમને ભઠ્ઠી જેવું લાગે છે ? આખો દહાડો ભઠ્ઠીમાં જ જાણે મૂક્યા હોય છે ને !

આ સાધુ-ત્યાગીઓને આ સંસારના પાંચ ઈન્દ્રિયના મોહ બધા ઓગળી ગયેલા હોય. એટલે સંસાર એમને ભઠ્ઠી જેવો લાગે. સંસાર ક્યાં સુધી સારો લાગે ? ઈન્દ્રિયસુખ, વિષયસુખવાળો હોય ને, ત્યાં સુધી એને સંસાર સારો લાગે, મીઠો લાગે. કોઈ ને કોઈ વિષયમાં સુખી હોય, સુખ લાગતું હોય ને ત્યાં જ સંસાર સારો લાગે, નહીં તો ભઠ્ઠી જેવો લાગે.

## સંસારનું સ્વરૂપ દેખાવાથી કશે સુખ નહોતું લાગતું

જેટલો ગૂંચવાડો નથી લાગતો એટલું બેભાનપણું છે, નહીં તો એક ક્ષણવાર સહન ના થાય એવો આ સંસાર છે. અમને તો આ સંસાર એક ક્ષણવાર સહન થતો નહોતો. કોઈ રાત હું ઊંઘ્યો નહોતો, એટલું બધું દુઃખ પાર વગરનું થાય ! એક સેકન્ડેય સુખ લાગતું નહોતું, કારણ કે આ સુખ મને સુખ લાગતું નહોતું. એટલે નિરંતર દુઃખ જ લાગે ને પછી ! ત્યારે આ જડ્યું છે, એમ ને એમ આવ્યું નથી. એ છેલ્લી દશા આવ્યા સિવાય પેલી પ્રાપ્તિ થતી નથી. આ તો અક્રમ વિજ્ઞાન છે, એટલે જેટલા પુણ્યશાળી હોય તે આ પામી જાય એ વાત જુદી છે, બાકી પોતે જે જાતે કરવા ગયેલા, તેને તો આ બધો માર ખાવો પડે કે ના ખાવો પડે ?

આજુબાજુના બધા લોકોને પૂછીએ કે 'આ સુખી છે કે દુઃખી ?' ત્યારે બધા કહેશે, કે 'એ તો બહુ સુખી છે.' ત્યારે મને પોતાને બહુ દુઃખ લાગતું હતું, કારણ કે અજ્ઞાનતામાં હતો. આમ ભાન બધી બાબતમાં આવેલું, પણ અજ્ઞાનતા હતી. બોલો, બે બાજુની દશા, હવે શું થાય ? અહીં અજવાળું હોય અને સાપ પેઠો હોય એવું જેણે દેખ્યું એની શી દશા થાય ? જેણે ના દેખ્યો હોય એ ઊંઘી જાય, પણ દેખ્યો હોય તે ? એને પછી ઊંઘ જ ના આવે. એટલે આ સંસારમાં શી રીતે જીવાય છે તે જ અજાયબી છે !

ઘરે જાય તો વહુના લપકા ખાવા પડે, ધંધામાં ભાગીદારના લપકા ખાવાના, ઈન્કમટેક્ષ ઑફિસરના લપકા ખાવાના, નોકરીમાં સાહેબના લપકા ખાવાના. જ્યાં ને ત્યાં લપકા ખા ખા કરે છે, તોય શરમ પણ નથી આવતી કે બળ્યું, આટલા લપકા ખઈને જીવું છું, તે શા માટે જીવું છું ? પણ હવે ક્યાં જાય ? પછી નઠોર થઈ જાય !

## સંસાર ક્ષણે ક્ષણે ભયવાળો

સંસારનું આ સ્વરૂપ અમને નાની ઉંમરથી દેખાતું હતું, ભયંકર વિકરાળતા ! ક્ષણે ક્ષણે ભયવાળું, ક્ષણે ક્ષણે દુઃખવાળું, ક્ષણે ક્ષણે ઉપાધિવાળું ! એટલે પછી કોઈ જગ્યાએ અમને મૂર્છા જ ના થાય ને !

કોઈ જગ્યાએ ટેસ્ટ જ ના આવે ને ! આ જગત નિરંતર ક્ષણે ક્ષણે ભયવાળું જ દેખાય. અમને તો નિર્ભયતાવાળી એક ક્ષણ પણ દેખાય નહીં એવું નિરંતર ભયવાળું જગત છે. જગતમાં ક્ષણે ક્ષણે કેટલા બધા ભય છે, પણ આ તો લોકોને સમજાતા નથી. અમને તો ૧૯૫૧થી જગતમાં ક્ષણે ક્ષણે ભય લાગતો હતો ને ભય જ્યારે ટોપ પર આવે છે ત્યારે જ્ઞાનના અંશો પ્રગટ થાય. આ જગતમાં તો સ્ત્રીઓને એક સાડી જોઈને છ કલાક ભય મટી જાય, મૂર્છામાં ને મૂર્છામાં રહ્યા કરે. ભય તો ક્ષણે ક્ષણે છે. જેનું ચિત્ત છૂટું છે, ચોંટી ગયું નથી તેને ક્ષણે ક્ષણે ભય લાગે.

આ સંસાર એક મિનિટ સહન થાય એવો નથી ! અને તેં તો આટલા વર્ષો કાઢ્યા ને મારાથી તો મિનિટેય સહન થતો નહોતો. શું થાય ? તું તો આ વેપારેય કરું છું. મેં તો વેપારેય નથી કર્યો. ધંધો કર્યો, તો એ ધંધામાં કેવું ? ખાલી થોડીઘણી સલાહ આપું એટલું જ.

અમને નહોતું ગમતું સંસારમાં. આ હું મારી વિગત જ કહું છું ને, મને તો પોતાને કોઈ ચીજમાં મહીં રસ જ નહોતો લાગતો. પૈસા આપે કોઈ તોયે બોજો લાગ્યા કરે. મારા પોતાના રૂપિયા આપે તોય મહીં બોજો લાગે. લઈ જતાય બોજો લાગે, લાવતા હોય તોય બોજો લાગે. હરેક બાબતમાં બોજો લાગે, આ જ્ઞાન થતા પહેલા.

હું વીસ વરસનો હતો ત્યારથી મિનિટે મિનિટે મને સંસાર ખારો લાગતો.

## પરિણામના જ વિચાર આવે, તેથી ક્યાંય ટેસ્ટ ન આવે

**પ્રશ્નકર્તા :** દાદા, તમને પૈસામાં, સોનામાં ક્યાંય સુખ નહોતું લાગતું, તો એ વખતે આપની શું સમજણ હતી ?

**દાદાશ્રી :** ભૌતિક સુખો જે ભોગવવા હોય એ 'ટૂ બી પેઈડ' છે. તમને જેમ અનુકૂળ આવે તેમ કરજો. શું કહ્યું ? વાક્ય તમને સમજાયું, હું શું કહેવા માગું છું તે ?

**પ્રશ્નકર્તા :** 'ટૂ બી પેઈડ.'

**દાદાશ્રી :** હા, પેમેન્ટ કરવું જ પડશે. પેમેન્ટ કરવું હોય તો જ કરજો આ. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** તો જ ભોગવજો.

**દાદાશ્રી :** એટલે પચ્ચીસ વર્ષ ઉપર મેં કહેલું, કે ભઈ, મારે પેમેન્ટ કરવું નથી ને મારે કોઈ તારા સુખ જોઈતાય નથી. મેલ ને પૂળો અહીંથી !

**પ્રશ્નકર્તા :** ત્યારે પણ તમને આવી બધી સમજ હતી જ, એ ઉંમરમાં ?

**દાદાશ્રી :** નહીં, તે દહાડે મને આ પરિણામના વિચાર જ આવે. દરેક બાબતમાં પરિણામના જ વિચાર આવે. આનું પરિણામ શું આવશે, એ મને હાજર થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તો આમ જીવનમાં વચ્ચેનો કાળ એ સંપુટમાં કેમ બની ગયો ? નાનપણની જાગૃતિ અને પછી વચ્ચેનો કાળ આપનો, એ પછી કેમ સંપુટમાં આવી ગયો એમ ?

**દાદાશ્રી :** નાનપણમાં સારું હતું. પછી વચ્ચે થોડોક મોહવાળો કાળ આવ્યો. પછી પાછા મોહે દઝાડ્યા ને, કે પાછા ચેતી જ ગયા ! એટલે પછી ખોળ ખોળ ખોળ ખોળ કર્યું.

## મોહમયી નગરીમાં પણ રહ્યા સંસારથી નિર્લેપ

**પ્રશ્નકર્તા :** દાદા, તમે મોહમયી નગરી મુંબઈમાં રહેતા હતા તોય સંસારનો મોહ વળગ્યો નહીં તમને ?

**દાદાશ્રી :** હું આ '૪૨ની સાલથી મુંબઈમાં છું તો પણ અહીં મને છે તે કોઈ જગ્યાની ખબર ના હોય, હું ભૂલો પડી જઉં. પરિચય નહીં, આ કોઈ જગ્યાનો.

**પ્રશ્નકર્તા :** પણ તમને જરૂર નહીં ને ! જરૂર ખરી એની ?

**દાદાશ્રી :** એ તો બહાર બહુ ફરવાનું નહીં, જરૂરિયાત પૂરતું જ. તેય ધ્યાન નહીં એમાં. ધ્યાન મારા પોતાનામાં. ત્યાં તો હું ભૂલો પડી જઉં.

એટલે જોડે અમારા ભાગીદારના છોકરાંઓને તેડીને નીકળતો'તો. મને મૂળથી આમાં રસ નહીં, બહુ ઓછો રસ. મને રસ આત્મામાં જ હતો, બીજો કોઈ રસ નહીં. મને આ ગમતું નહોતું ઘડીવારેય. પૈસાય ગમે નહીં એટલે અમારા ભાગીદારને કહ્યું, કે તમારી પાસે રાખી લેજો, બા.

## પરવશપણું બહુ ખૂંચે, સ્વતંત્રતા જ ગમે

**પ્રશ્નકર્તા :** આટલા બધા વૈરાગના અંતે તમને શું જોઈતું હતું ?

**દાદાશ્રી :** છૂટો થવા માગતો'તો. જગતની કોઈ ચીજ આપે તો ગમે નહીં બહુ. છૂટું થવાનું, સ્વતંત્ર થવાનું ગમતું હતું. પહેલેથી જ, નાનપણથી કહેતો'તો ને, હું તો સર્વિસ તો કરવાનો નથી, કોઈના દાબ નીચે રહું જ નહીં, ભગવાનના પણ. ભગવાન પણ ઉપરી ના જોઈએ મારે, એવું તેર વર્ષની ઉંમરે કહેતો હતો. દબાયેલા કેમ ફાવે ? અને આ વળી એવું કોણ તે વળી ? એટલે આ શોધખોળ છે, ઘણા અવતારની. અને તમારો ઉપરીયે કોઈ છે નહીં. ભગવાન તો તમારું સ્વરૂપ છે. તમારો ઉપરી તમારા બ્લન્ડર્સ અને મિસ્ટેક.

ભગવાન ઉપરી એવું કેમ પોસાય તે ? એવું ફાવે શી રીતે ? પરવશપણું ફાવતું હશે ?

**પ્રશ્નકર્તા :** નહીં જ તો.

**દાદાશ્રી :** જુઓ ને, તો તમનેય નથી ગમતું ને ? સાચા પુરુષને પરવશપણું કેમ ફાવે તે ?

**પ્રશ્નકર્તા :** ના ગમે.

**દાદાશ્રી :** આ સંસારમાં શી રીતે ગમે ? રૂપિયા કંઈ પરવશપણું કાઢી આપે ? ઊલટા એ પરવશપણું વધારે.

**પ્રશ્નકર્તા :** હા, વધારે.

**દાદાશ્રી :** બેંકમાં મૂકવા જવા પડે ને ઉપાધિ લાવવી પડે. પાછી એ ચેક બુક રાખવી પડે ને પાછી ખોવાઈ જાય તેની ચિંતા ને, નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, બધું જ હોય.

**દાદાશ્રી :** મને તો જ્ઞાન થતા પહેલા પરવશતા એક ક્ષણ પણ ગમતી નહોતી. નામેય પરવશતા ગમતી નહોતી.

**પ્રશ્નકર્તા :** શું ગમતું'તું તો ?

**દાદાશ્રી :** સ્વતંત્રતા, ઉપર બાપોય ના જોઈએ. ઉપરી ના જોઈએ.

## જગતમાંથી છૂટવાનો માર્ગ હું નિરંતર ખોળતો હતો

મેં તો એટલા બધા ઉલ્કાપાત આ જગતમાં જોયા છે કે મને તો ક્યારેય જગત પોસાયું જ નથી. આ જગતમાંથી છૂટવાનો જ માર્ગ હું નિરંતર ખોળતો હતો. મને સંસાર ક્યારેય પોસાયો જ નથી, એક ક્ષણવાર પણ મને કળ વળેલી નહીં. તે ૧૯૫૮માં જ્ઞાન થયું ત્યારે કળ વળેલી. એટલે આ મને પ્રાપ્ત થયું ત્યારથી હું મારી આ સમાધિમાં રહું છું નિરંતર. હવે સંસારની જેટલી આફતો પડવી હોય એટલી પડે, પણ મારી ઉપર પડવાની નથી, એ.એમ.પટેલ ઉપર પડશે. એટમ બૉમ્બ પડશે તોય એ.એમ.પટેલ ઉપર પડશે, મારી પર પડે નહીં. કારણ કે મારું સ્વરૂપ એવું છે કે એટમ બૉમ્બની આરપાર જાય પણ એટમ બૉમ્બ અડે નહીં, એટલું બધું સૂક્ષ્મ છે મારું સ્વરૂપ !

❖❖❖❖❖

# [૧૩.૨]
# જ્ઞાનાંક્ષેપકવંત દશા

## વ્યવહાર સંપૂર્ણ વિચારી નાખેલો, પછી મૂળ વાત જડી

**પ્રશ્નકર્તા :** આપે કહેલું કે વર્લ્ડમાં કોઈ એવી ચીજ નથી કે અમે વિચાર્યા વગર બાકી રાખેલું હોય ! તેથી આ જ્ઞાન આવેલું.

**દાદાશ્રી :** હા, નહીં તો આ જ્ઞાન પ્રગટ જ ના થાય ને ! અક્રમ વિજ્ઞાન પ્રગટ જ ના થાય ને ! વ્યવહાર સંપૂર્ણ વિચારી નાખેલો.

**પ્રશ્નકર્તા :** વ્યવહાર સંપૂર્ણ વિચારેલો.

**દાદાશ્રી :** હા, આ વ્યવહારના ખુલાસા ના થાય ને, તો આ માણસ પાછો ગૂંચાઈ જાય. ગૂંચાય કે ના ગૂંચાય, કેટલાક ?

**પ્રશ્નકર્તા :** ગૂંચાઈ જાય.

**દાદાશ્રી :** આ કળિયુગનો વ્યવહાર એટલો બધો અટપટો છે અત્યારનો, તે આ વ્યવહાર સહિતનું જ્ઞાન છે.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** આમાં અટપટામાંથી નિવેડો આવી જાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આપે એમ કહ્યું છે, કે વિચારવાની જે વાત છે, એ તો વિચાર જે આવે એને જોવાના છે. પણ આપે તો આ વિચાર્યું, વિચારની એ ક્રિયા કરી !

**દાદાશ્રી :** આ તો જ્ઞાન પહેલાની વાત છે. આ તો જ્ઞાન પહેલાનો બધો જે પુરુષાર્થ. આખો દહાડો વિચાર વિચાર વિચાર કર કર કરેલા.

એક ફેરો પ્યાલો પડી ગયો ઉપરથી, તે ઊંધો શા આધારે પડ્યો ? અને આનો પ્યાલો પડી ગયો તે છતો શા આધારે પડ્યો ? આના પણ વિચાર ! લોકો એક જ જુએ, પ્યાલો પડી ગયો. એવું નહીં, આમ કેમ ? આમ કેમ ? એક વિચાર એવો નથી કે મેં છોડ્યો હોય. બધું વિચારી નાખ્યું છે. વિચારવામાં કંઈ બાકી જ નથી રાખ્યું મેં. ત્યાર પછી આ વાત મને જડી, આ મૂળ વસ્તુ જડી. કંઈ કુદરતી લઈને આવ્યો હોઈશ, ત્યારે જ ને ! નહીં તો આ બને નહીં ને ! એવી પૉસિબલ વસ્તુ નથી આ.

## વિક્ષેપરહિત વિચાર થયેલા

અમે ક્રમિક માર્ગમાં હતા ત્યારે પંખો ચાલુ છે કે બંધ છે તે ખબર નહોતી રહેતી. અને અક્રમ માર્ગમાં ખબર પડે. ક્રમિક માર્ગમાં તો મારી વિચારધારા જ જ્ઞાનાંક્ષેપકવંતના જેવી ચાલતી'તી. જ્ઞાનાંક્ષેપકવંત એટલે વિચારમાં વિક્ષેપ જ ના પડે. ધારા ચાલુ ને ચાલુ, ચાલુ ને ચાલુ, તે બબ્બે-ચચ્ચાર કલાક સુધી ચાલે. એને જ્ઞાનાંક્ષેપકવંત કહ્યું.

ક્રમિકમાં દશા મારી સારી હતી, જ્ઞાનાંક્ષેપકવંત જેવી દશા હતી. વિક્ષેપ જ ના આવે એમાં. વિચારમાંથી વિચાર, વિચારમાંથી વિચાર, વિચારમાંથી વિચાર. જ્ઞાનના જ વિચારો, ક્રમિક માર્ગના. વિક્ષેપ પડે જ નહીં એની મહીં, એ ભૂમિકામાં. તે જગત છેટું ને છેટું જ રહ્યા કરે. તોય એ આત્મા નહોય ! ભગવાને કહ્યું, કે આત્મા એથી હજુ આઘો છે. મને એ દશા આવી ગયેલી જ્ઞાનાંક્ષેપકવંતની, એટલે ઓળખું, જાણું એ દશા.

મારું નાનપણથી આ જ ચાલ્યા કરે મહીં. લોકો કહેશે, 'ચાલો, જરા નાસ્તા-પાણી કરીએ આજે, ત્યાં આગળ બગીચામાં.' સોલાપુરી ચેવડા લઈ જાય ને, બધું તે દહાડે સારું ને, અને છ આને રતલ, તે કાજુ, દ્રાક્ષ ને એ બધું નાખેલું હોય એમાં. એટલે ત્યાં આગળ જઈને ચા-પાણી કરીએ. તો એ લોકોય બધા ખાય અને હુંય ખઉં. પણ ખાતી

વખતેય મારું મહીં મગજ ચાલ્યા જ કરતું હોય. આમ થયું હોય તો આમ થયું, તે આમ થયું... એટલે નિરંતર મગજ ચાલુ રહે. વિક્ષેપ રહિત થયેલું મન. કેવું ? વિક્ષેપ રહિત વિચાર થયેલા. ક્ષેપાયમાન જ ના થાય (વિક્ષેપ જ ના પડે).

## એટલું બધું પૃથક્કરણ થાય કે સમાધાન જ રહે

એવું છે, જ્ઞાન નહોતું થયું ને, ત્યારે હું વિવરણ કરતો'તો. આ વાળંદને ત્યાં જઉં, તો હિસાબ કાઢ કાઢ કરું, કે આ બે વસ્તુ મળી, ત્રીજી આ વસ્તુ ના મળી પાછી. અરે મૂઆ, અત્યારે એની વહુ કંઈથી પડી ગઈ ? સવારમાં ના પડી ગઈ ને ! ત્યારે કહે, આપણો હિસાબ. આપણું દૈવ (પ્રારબ્ધ) પાછું પડ્યું.

તે વિવરણ નાની બાબત ઉપર કરું. તે જ્યારે વાળ કપાવવાના થાય, ત્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ભેગા થાય ત્યારે એ કપાય, ત્યાં સુધી કપાય નહીં. એટલે મારો ભાવ ઉત્પન્ન થયો. કંઈ મને રોજ ભાવ એવો નથી થતો કે મારે વાળ કપાવવા છે. પણ જે દહાડે ભાવ ઉત્પન્ન થાય એટલે હું જાણું, કે આ ભાવ ઉત્પન્ન થયો વાળ કપાવવાનો. પછી દ્રવ્ય-ક્ષેત્ર ને કાળ. હવે વાળ કપાવવા માટે હું નીકળું, ક્ષેત્ર ખોળવા માટે, કે ભઈ, હેર કટિંગ સલૂન ક્યાં આગળ છે ? તે સલૂન દેખીને ત્યાં આગળ ગયા. 'આજે રવિવારે બંધ છે' એ વાંચ્યું. હવે માંડ તો આ ક્ષેત્ર મળ્યું તોય પાછા ? એટલે દ્રવ્ય-ક્ષેત્ર ને કાળ પણ ભેગો થયો, કે ભઈ, ત્રણ વાગ્યા પછી તે સાત વાગ્યા સુધી કરે છે, એ કાળમાં છીએ આપણે. ફક્ત દ્રવ્ય ભેગું ના થયું. એ વાળંદ હોય તો એ કપાય ને ! કંઈ દુકાન ઓછી કાપી લે ?

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** એટલે પાછો વિચાર માંડું પછી, પાછો જઉં. મેં કહ્યું, આજ કશો મેળ પડતો નથી. આ સંજોગો ભેગા મળતા નથી, આનું નામ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. આ મળે, આ મળે, ત્યારે પેલો ના મળે. ત્યારે આ બધું ભેગું થાય ત્યારે કાર્ય થાય.

પછી બીજે દહાડે ગયો, ત્યાં ને ત્યાં, ત્યારે દુકાન ખુલ્લી હતી. તે પછી અંદર જઈને બેઠો. મેં કહ્યું, 'ક્યાં ગયો છે ભઈ આ ?' ત્યારે પેલો કહે છે, 'એનો છોકરો પડી ગયો છે, વાગ્યું છે, તે ગયો છે.' મેં કહ્યું, 'જો આ.' તે શેના આધીન ? પૂર્વ પ્રારબ્ધને આધીન. પુરુષાર્થ તો કર્યો, આ જેને કહેવામાં આવે છે ને, સહજ પ્રયત્ન, એટલે આ પુરુષાર્થ ખરેખર પુરુષાર્થ નહીં, પણ ત્યાં ગયા ખરા, આપણે પ્રયત્ન કર્યો, પણ છતાંય ભેગું ના થયું. દુકાન ઉઘાડી દીઠી, બધું થયું, પણ પાછો એ પોતે ભેગો ના થયો, એ પ્રારબ્ધના આધીન. કયું કર્મ નડ્યું ? ત્યારે કહે, 'ટાઈમ નડ્યો ?' તો કહે, 'ના.' ત્યારે કહે, 'પ્રયત્ન નડ્યો ?' ત્યારે કહે, 'ના, પ્રયત્નય કર્યો.' તો કહે, 'તમારો ભાવ બરાબરનો ચોક્કસ નહીં હોય કે કાચો હશે !' તો કહે, 'ના, ભાવેય પૂરો હતો.' ત્યારે કહે, 'આ પ્રારબ્ધ નડ્યું.' એટલે પછી બીજે દહાડે પાછું જવું પડે.

તેય પાછો ત્યાં જઈને બેસું ત્રણ વાગ્યાનો, ત્યારે કો'ક મારા ગયા પહેલા બેસી ગયેલો હોય, અને તેના પછી બે જણ બીજા બેસી રહ્યા હોય. એટલે કાળ પાક્યો નથી, હું સમજી જઉં. માટે બેસી રહો આપણે. આ બધાયના વાળ કપાઈ જાય, પછી આપણો કાળ પાકશે. તમને સમજ પડીને ?

**પ્રશ્નકર્તા :** હા.

## આવું સાંભળવા મળ્યું તે મહાત્મા પણ થશે સાયન્ટિસ્ટ

**દાદાશ્રી :** એટલે હું તો હેર કટિંગ સલૂને વાળ કપાવવા જઉં તોય બધો હિસાબ મને નીકળી જાય ત્યાં આગળેય, કે આ કયા કયા કારણો ભેગા થયા ને કયા કારણો ભેગા ના થયા. અમે બધું તપાસ કરીએ, કયો સંજોગ ખૂટે છે ? આવો હિસાબ કાઢીએ અમે બધો. એટલે અમને આવું ટાઈમિંગ બધા જોતા જોતા જોતા સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ બધા જડે. તે પછી જડેલું બધું, કે આ જગત શી રીતે ચાલે છે ! જો કેવી આ શોધખોળ, સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ! બહુ ઊંચી શોધખોળ છે. અને મેં તો પાછા એની ઉપર અખતરાય કરેલા ઠેઠ સુધી.

એટલે આ આવી રીતે હું દરેક બાબતમાં જોતો. અને તમનેય આવી જોવાની ટેવ પડશે હવે, આ સાંભળ્યું એટલે.

**પ્રશ્નકર્તા :** એ સંશોધકવૃત્તિ કહેવાય ?

**દાદાશ્રી :** ના, સંશોધન નહીં. એ સંશોધન, એ છે તે રિસર્ચ વસ્તુ છે. વસ્તુ આંખે દેખાતી હોય, તેને રિસર્ચ કહેવાય. અને રિસર્ચની અંદર હોય તે વસ્તુ જુદી છે.

**પ્રશ્નકર્તા :** પણ એક વસ્તુ છે, એમાં મજા ખૂબ આવે. એ જ આખી મનોવૃત્તિ ચાલે.

**દાદાશ્રી :** મજા તો હોય ને !

**પ્રશ્નકર્તા :** ના, નહીં તો સામાન્ય રીતે શું થાય, 'એય દુકાન બંધ છે, શું સમજે એના મનમાં', આખો ગુસ્સો ચડે. અહીંયા એ ના થાય.

**દાદાશ્રી :** એ પેલું વિક્ષેપ રહિત ચાલ્યા જ કરે ને, બધું.

**પ્રશ્નકર્તા :** ચાલ્યા કરે.

**દાદાશ્રી :** સરસ સરસ ખાતી વખતે... એક બાજુ સરસ સરસ ખાય અને એક બાજુ છે તે હવે બગીચામાં ગયા, ત્યાં પેલું કૂતરું સંડાસ ના કરી ગયું હોય ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તે આપણે એક બાજુ ખાતા હોઈએ અને એક બાજુ સંડાસ કરી ગયેલું હોય, જોવામાં આવે કે ના આવે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પણ મને તે ઘડીએ વિચાર આવે, કે 'આ ખાઈએ છીએ તે સવારમાં એ જ થવાનું છે.' આની દશા સવારમાં આ જ થવાની. તે શું દશા હવે, એવો એ વિચાર આવે. એટલે પછી એના પર મોહ તૂટતો જાય.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તે સવારમાં એ જ દશા થવાની ને, તું ગમે એ ખઉં ! બાવીસ રૂપિયાની કિલોની કેરી ખાઉ તોય પણ દશા તો સવારમાં આ જ ને !

## આટલી જાગૃતિ રહે એને વૈરાગ્ય શિખવાડવાનું ના હોય

તે પૃથક્કરણ કરવાની ટેવ દરેક બાબતમાં. એટલે સમાધાન રહે નિરંતર.

જેમ આ સ્ત્રીની બાબતમાં શું પૃથક્કરણ થાય ? પેટમાં કેવી હશે આ છોકરી ? જન્મી ત્યારે કેવી હશે ? ત્રણ વર્ષની હશે ત્યારે કેવી હશે ? પાંચ વર્ષની હશે ત્યારે કેવી હશે ? પંદર વર્ષની હશે ત્યારે કેવી હશે ? વીસ વર્ષની હશે ત્યારે કેવી હશે ? પછી ત્રીસ વર્ષની થઈ તે કેવી, ચાલીસ વર્ષની થાય તો કેવી, પચાસ વર્ષની, પછી ઘરડી થાય તે કેવી, પક્ષાઘાત થાય તે કેવી, અને મરણ... તે વખતે પથારીમાં, ત્યાં લાકડામાં મૂકે તે ઘડીએ કેવી દેખાય, એના ઉપર જુઓ. આટલી જેને જાગૃતિ રહેતી હોય તો એને વૈરાગ્ય શિખવાડવાનું ના હોય. અમને આટલી જાગૃતિ રહેતી હતી, એટ એ ટાઈમ. પછી એને વૈરાગ શિખવાડવાનું ના હોય.

## દૃષ્ટાંતો સહજ ને એક્ઝેક્ટ સિમિલિ રૂપે નીકળે

વિક્ષેપ રહિતના વિચારો ચાલ્યા કરે. તેથી હું કહું છું ને, એક પરમાણુ પણ બાકી રાખ્યું નથી કશું વિચાર્યા વગર. બધા પાસા વિચારી નાખેલા. તેથી કામ લાગે ને, અત્યારે. કામ લાગે ને, દરેકને ?

**પ્રશ્નકર્તા :** હા, દૃષ્ટાંતો પણ જબરજસ્ત છે ! આવા દાખલાઓ, તમે જે દૃષ્ટાંત આપો છો ને, એ બરોબર ઊતરી જાય છે મગજમાં.

**દાદાશ્રી :** દૃષ્ટાંત છે તે જ્ઞાન તરીકે હાજર રહે. અને એક્ઝેક્ટ સિમિલિ હોય આ. કેવી હોય ?

**પ્રશ્નકર્તા :** હા, એક્ઝેક્ટ.

**દાદાશ્રી :** જ્યારે બીજી સિમિલિઓમાં ભલીવાર ના હોય. આ

સિમિલિ તો એક્ઝેક્ટ આવીને ઊભી રહે. એને માટે મારે ગોખવું ના પડે કે વાંચવું ના પડે. એ કશાકમાંથી વાંચીને હું લાવ્યો હોય, એવું નહીં. મહીં સહજ ઉત્પન્ન થાય આવું. મને હઉ એમ થાય, કે 'કહેવું પડે, આટલું સરસ દૃષ્ટાંત !'

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એવું હુંય સમજું ને ! તમે સમજો ત્યારે હું ના સમજું કંઈ ?

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** સમજાય આપણને. એટલે આ દૃષ્ટાંતની જ કિંમત છે ને, વધારે. બધા લોકો કહે છે, 'અક્રમ વિજ્ઞાન મેગેઝિન વાંચીએ છીએ, પણ દૃષ્ટાંત જે એમાં વાંચીએ છીએ, ત્યારે કહેવું પડે !' અને તો જ પૂંઠિયું ફરે, નહીં તો આ પૂંઠિયું ફરે નહીં. આ તો કેટલાય કાળનું જૂનું થઈ ગયેલું આ પૂંઠિયું ! સંસ્કાર દૃઢ થઈ ગયેલા છે આ. કભોટે પડેલું, જેમ ધોતિયું કભોટે* પડી ગયું હોય.

**પ્રશ્નકર્તા :** કભોટે પડી ગયું, કભોટે.

**દાદાશ્રી :** તે મૂળ સ્થિતિમાં આવે નહીં. એ મૂળ સ્થિતિ લાવવા માટે બીજા જાતજાતના એસિડો જોઈએ. હવે એસિડ વાપરીએ તો ગુનો કહેવાય. એટલે આ મારા જે દૃષ્ટાંત છે ને, તે કામ કાઢી નાખે ! જુઓ ને, વાળ કપાવવાની વાત કરી ને; અને એ તો એક્ઝેક્ટ બનેલી વાત. હું તો અખતરા જ કરું ને ! કંઈ મારા જાણ્યામાં આવે, તેને અખતરામાં મૂકી દેવાનું. ફેક્ટર ઑફ નોઈંગ (જ્ઞાનના પુરાવાઓ). કારણ કે મન પૈસા કમાવવાનું વિચારે જ નહીં. આમાં જ, આ શું છે ને શા માટે, કેવી રીતે છે ?

મારે આ વાળંદની વાત શા હારુ કરવી પડી ? મારી પચ્ચીસ વર્ષની ઉંમરે આ વિચાર તો આવે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ત્યારે માપ કાઢતો'તો કે ભઈ, આ શા આધારે મળ્યો ને

---
*કભોઠું - ધોતા મેલ ન જાય તેવું; કધોણું

શા આધારે નથી મળતો. લોક તો ગાળો ભાંડે, 'આ મૂઆ રવિવારે શું કરવા બંધ રાખે છે ? બીજો વાર આને ત્યાં જડતો નહોતો ?' અલ્યા મૂઆ, એના રિવાજ પ્રમાણે કરે છે, એમાં તું શું કરવા દોષ જુએ છે ? આ નિમિત્તને બચકાં ભરે પ્રજા ! કેવી છે ?

**પ્રશ્નકર્તા :** નિમિત્તને બચકાં ભરે.

**દાદાશ્રી :** દોષ જેનો ના હોય તેની પર દોષ ઢોળે.

## અવિરત વિચારણા દાદાની, મહાત્માને મળે ફળ સહજમાં

સમજવા જેવું છે આ જગત. એમ ને એમ ગપ્પું નથી આ. આને બિલકુલ ગપ્પું કહેવાય જ નહીં. જ્ઞાન નહોતું થયું ત્યાં સુધી એક ક્ષણવાર વિચાર્યા વગર રહ્યો નથી હું, જાગ્રત કાળ મારો. જાગ્રત કાળમાં વિચાર્યા વગર રહ્યો નથી.

અમે આ જ્ઞાન થતા પહેલા આધ્યાત્મિકતાના અવિરત થીન્કર હતા. એક સેકન્ડ પણ અટક્યા વગર રાતદહાડો અમને એ જ વિચાર નિરંતર રહેતા.

શાક લેવા જતો હતો, તે રસ્તામાં જતાયે વિચારવાનું, આવતાય વિચારવાનું. ગાડી-બાડી અથડાઈ પડે એટલો બધો વિચારમાં હોઉં હું. પણ આ બધું વિચારેલું, બહુ વિચારેલું મેં તો.

આ જગતમાં એવી કોઈ ચીજ નથી કે જે મેં વિચારી ના હોય. ત્યાર પછી તમને આ આપું છું. એવી કોઈ ચીજ બાકી નથી રાખી જે મેં વિચારી ના હોય. અને વિચારીને હું મારું વિચારેલું ફળ તમને તરત આપવા તૈયાર છું કે ભઈ, તમે આ રીતે કરો.

## એક જ ધારા, આત્માસંબંધી જ વિચાર

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્ રાજચંદ્ર કહે છે, કે 'કર વિચાર તો પામ'.

**દાદાશ્રી :** 'કર વિચાર તો પામ', એ ભૂમિકા આપણને રહી નથી. વિચાર એ તો જડ વસ્તુ થઈ. એટલે આપણે લેવાદેવા નહીં ને !

પણ વિચારથી મોહ ને બધું ઊડી જાય. મારું જ્ઞાન પહેલા બધું વિચારે કરીને ઊડી ગયેલું છે. એટલા બધા વિચાર કરેલા કે આ જગતમાં કોઈ એવી વસ્તુ નથી કે એવું એક પરમાણુ નથી કે મેં એનો વિચાર ના કર્યો હોય ! તે વિચારથી ઊડાડી મેલ્યું બધું.

એટલે શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું, કે 'કર વિચાર તો પામ' એ છે તે જુદી વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** પણ શેનો વિચાર ?

**દાદાશ્રી :** એ વિચાર તો, હિત ને અહિતના એવા તેવા વિચાર કર. હિતાહિતનો વિચાર કર. હિતાહિતની વિચારદશા વધતી વધતી વધતી, એકદમ વધતી જાય ત્યારે એ પછી જ્ઞાનાંક્ષેપકવંત થાય. એટલે વિચારદશામાં વિક્ષેપ જ ન પડે, એમ ને એમ. એટલે સંસારમાં બધું છૂટું પડી જાય.

**પ્રશ્નકર્તા :** એ હિતાહિતનો વિચાર કરતા કરતા એ સ્થિતિ આવે ?

**દાદાશ્રી :** હા, તે સંસાર છૂટો પડી જાય. તેથી એ કહે છે, કે કર વિચાર તો પામ. પણ એટલું બધું વિચારવાની આ લોકોની તાકાત નહીં ને ! ગજું નહીં ને ! મને જ્ઞાન થતા પહેલા છ-છ કલાક સુધી, એમાં આત્મા પ્રાપ્ત નહોતો થયો તોય એના વિચારમાં જ પડ્યો રહેતો'તો, સંસારમાં નહીં. જ્ઞાન નહોતું થયું તોય એના વિચારમાં રહેતો'તો ચોવીસેય કલાક, કે આ શું હશે, શું હશે, શું હશે ! એમ કરતું કરતું ફિટ થઈ ગયું. અને ફિટ થયો, કેવો વીતરાગ માર્ગ ! જગતે જોયો ના હોય, સાંભળ્યો ના હોય, સુણ્યો ના હોય, કથ્યો ના હોય, છતાં વીતરાગ છે એ વાતેય એક્ઝેક્ટ અનુભવમાં આવી જાય.

## દાદાને કુદરતી પદ આવેલું, મહાત્માને જરૂર નહીં

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આ હિતાહિતનો વિચાર, હવે આ જ્ઞાન પછી જરૂર નથી.

**દાદાશ્રી :** નહીં, હવે જરૂર નથી, પણ જ્ઞાન પહેલા જરૂર હતી. જગત અવળા વિચાર કરે છે. તે અવળા વિચાર કરે, એ પણ વિચાર જ છે ને ! જગતને માટે ક્રમિકમાં એવું જ હોય. વિચાર કરો તો કંઈક સમજણ પડે. બીજું પોતાની પાસે જોવાનું સાધન નથી. અને એ વિચાર તો પછી ધીમે ધીમે એવા થઈ જાય કે એ વિચારની ધારા જ ના તૂટે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનાંક્ષેપકવંત.

**દાદાશ્રી :** હા, જ્ઞાનાંક્ષેપકવંત કહેવાય એને. ધારા જ ના તૂટે. એ ધારા મારે હતી, તે દશા હતી. હા, દિવસોના દિવસો સુધી એની એ જ ચીજ ચાલુ, ધારા જ તૂટે નહીં. મેં શાસ્ત્રમાં જોયેલું કે ભઈ, આ દશા કઈ !

**પ્રશ્નકર્તા :** એ કયા વિચાર હતા ?

**દાદાશ્રી :** એ આત્માસંબંધી. આત્મા કેવો હશે, કેવો નહીં ! સંસારસંબંધનો વિચાર જ નહીં, આત્માસંબંધી જ વિચાર.

**પ્રશ્નકર્તા :** એક જ ધારા.

**દાદાશ્રી :** એક જ ધારા ને તે દિવસોના દિવસો નીકળે. એને આ લોકોએ જ્ઞાનાંક્ષેપકવંત દશા કહી. તે પછી મને ખબર પડી ગઈ કે આ જ્ઞાનાંક્ષેપકવંત દશા આવી છે. ત્યાર પછી આ જ્ઞાન થયેલું. પણ તે વિચારો એ અમારું કાર્ય નહોતું. અમે વિચાર શું ધૂળ કરીએ ? એ વિચારો આવતા હતા અને એવું પદ એની મેળે આવેલું.

**પ્રશ્નકર્તા :** પણ આપનો આગલા ભવનો પુરુષાર્થ ખરો ને, એ તો ?

**દાદાશ્રી :** એ પુરુષાર્થ ખરો પણ અત્યારે ફિલ્મ આવી. તે અત્યારે ફિલ્મ આવી તેમાં અમારો પુરુષાર્થ નહીં. તેથી અમે કહીએ છીએ ને, કે ધીસ ઈઝ બટ નેચરલ (આ કુદરતી રીતે બન્યું). લોકો શું જાણે કે આ બધું એમણે કર્યું. મેં કહ્યું, 'કશું કર્યું નથી.'

**પ્રશ્નકર્તા :** પણ એ આગલા ભવમાં તો કરેલું હોય ને ?

**દાદાશ્રી :** એ કરેલું પણ આજે નહીં ને ! એટલે અમે કહીએ છીએ કે પહેલાનું બધું પરિણામ છે આ. પહેલાનો હિસાબ છે આ.

## એવી વિચારધારાથી દરેક અવસ્થામાં વૈરાગ્ય

'હવે એ બધું (જ્ઞાની) એકદમ શી રીતે થઈ ગયા ?' કહે છે લોકો. હવે એનો તાળો શી રીતે જડે ? આમ તાળો કંઈ જડે ? ચા પીતા પીતાય ટેસ્ટ ઊડી જાય બધામાંથી. આવી વિચારધારાને તો ભગવાનેય બહુ વખાણી છે.

**પ્રશ્નકર્તા :** ભગવાને વખાણી છે ?

**દાદાશ્રી :** હા, બધામાંથી ટેસ્ટ ઉડાડી દે. અને બસ આ વિચારવામાં જ ટેસ્ટ આવી ગયો. એકમાં જ ટેસ્ટ, બીજે બધે ટેસ્ટ બંધ.

**પ્રશ્નકર્તા :** ક્રમિક માર્ગનું તો એ જ સ્ટેપ છે ને !

**દાદાશ્રી :** મને એવું થયેલું. એને શાસ્ત્રકારોએ જ્ઞાનાંક્ષેપકવંત લખ્યું છે. એમાં ક્ષેપ જ નહીં એને. ચાલુ જ, નિરંતર ચાલુ જ. ચા પીતી વખતે, ખાતી વખતે, ધંધા ઉપર ગયા હોય ત્યાંય ચાલુ જ. એટલે બધામાં જ વૈરાગ્ય ઉત્પન્ન થાય. નફામાંય વૈરાગ્ય થાય અને ખોટમાંય વૈરાગ્ય થાય. ખોટમાં તો સહુ કોઈને આવે, નહીં ? હેં ? આ પેલા મજૂરોને હઉ ખોટમાં વૈરાગ્ય આવે ?

**પ્રશ્નકર્તા :** એને એનું એ પ્રમાણ ઓછું હોય. એનું પ્રમાણ એટલું ઓછું હોય.

**દાદાશ્રી :** આ તો નફામાંય વૈરાગ્ય આવે. તારેય એવું થયું'તું ને ? પ્રમાણમાં ફેર હોય, નહીં ? તારે શેમાં શેમાં વૈરાગ આવે છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ સાયન્સના જ વિચારો ચાલ્યા કરતા હોય.

**દાદાશ્રી :** એમ !

**પ્રશ્નકર્તા :** એ સિવાય બધેય ઉપાધિ લાગે.

**દાદાશ્રી :** બસ, બીજું ખાલી થઈ ગયું, તે સારું થયું.

## મા છોકરાને વીલો ન મૂકે, આપી એક્ઝેક્ટ સિમિલિ

અમે ક્ષણવાર આત્માને વીલો નથી મૂકવા દીધો. આ જ્ઞાન થતા પહેલા છેલ્લા બે-પાંચ વર્ષમાં આત્માને વીલો નથી મૂકવા દીધો. પચ્ચીસ વર્ષની છોડી હોય, તો અત્યારે એને છોકરો હોય કે ના હોય ?

**પ્રશ્નકર્તા :** હોય જ.

**દાદાશ્રી :** તો પછી એ છોકરાને વીલો મૂકે ?

**પ્રશ્નકર્તા :** ન મૂકે.

**દાદાશ્રી :** નહાવા જાય એટલે છૂટો તો મૂકવો પડે, પણ વીલો ના મૂકે. એને ખ્યાલમાં જ હોય કે એ રડતો હશે, એને ટાઢ વાતી હશે ? કે શું થતું હશે ? શું કરતો હશે ? એ આમ કરતો હશે. એવી રીતે આત્મા વીલો મૂકવાનો નથી. કારણ કે આ દુનિયામાં જો કોઈ વીલો ના મૂકતું હોય તો એ છોકરી, એ એના છોકરાને વીલો ના મૂકે. નહાતી વખતે, ખાતી વખતે પણ વીલો ના મૂકે. આ છોકરો રડ્યો, એ આમ થયું, એ આઘો થયો, એ પડવાનો થયો.

**પ્રશ્નકર્તા :** એટલે પ્રકૃતિ શું શું કરે છે એ જોવાનું ?

**દાદાશ્રી :** એ જોવાનું તો ખરું જ, પણ ઘણીફેરા તો પોતે પ્રકૃતિમાં જ હોય છે. આખો દા'ડો પ્રકૃતિમાં જ હોય છે. એટલે તે વખતે શું કરવું પડે ? છોકરાનું ધ્યાન રાખે એવી રીતે આત્માનું ધ્યાન રાખવું પડે. એવી રીતે આત્માને વીલો નથી મૂકવાનો.

**પ્રશ્નકર્તા :** દાદા, એ તો પેલી બાઈ ધણીને સોંપીને ગઈ હોય ને, તોય વીલો ના રાખે.

**દાદાશ્રી :** તોય એ કહેશે, આ બબૂચક છે. એનું ઠેકાણું નથી !

**પ્રશ્નકર્તા :** એનો જીવ ત્યાં છોકરામાં જ હોય.

**દાદાશ્રી :** એવું જોઈએ ! તેથી જ મેં છોકરીનો દાખલો આપ્યો કે એ વીલો મૂકે ? પૂછી જોજે કોઈ છોકરીને કે વીલો મૂકે છે ? નહીં તો

તમે જાતે છોકરી હો તો કેવું મૂકો તે તપાસ કરો તો તમને ખબર પડશે કે વીલો ના મૂકે !

## માટે ન લીધો સંન્યાસ

**પ્રશ્નકર્તા :** આપે સંન્યાસ કેમ ના લીધો ?

**દાદાશ્રી :** સંન્યાસનો તો એવો ઉદય જ નહોતો. મહીં એમ નહોતું કે સંન્યાસ ઉપર ચીઢ છે, એવું નહીં. પણ એવો ઉદય કોઈ જાતનો મને દેખાયેલો નહીં. અને હું એમેય માનવાવાળો હતો કે સંસાર મોક્ષે જતા નડતો ન હોવો જોઈએ. એ માન્યતા મારી દૃઢ હતી. કેવું ? સંસાર નડતો નથી, અજ્ઞાન નડે છે, અણસમજણ નડે છે.

હા, ભગવાનને આ ત્યાગનો માર્ગ ઉપદેશ કરવો પડ્યો છે, એ સામાન્યભાવે કરવો પડ્યો છે. એ કંઈ વિશેષભાવે નથી કર્યો. વિશેષભાવે તો આવો છે કે સંસાર નડે એવું નથી, એવું અમે ગેરેન્ટીપૂર્વક કહીએ છીએ, અને આ બધાને નડતો નથી.

અને આપણે તો દહીંવડા ને બટાકાવડા ખાતા ખાતા છે તે ક્ષાયક સમકિત થઈ ગયું. જો દહીંવડા ને બટાકાવડા છોડ્યા છે કંઈ આપણે ? નહીં ? આ આનું નામ અક્રમ ! ક્રમ-બ્રમ કશું નહીં. મહેનત-બહેનત કશી નહીં, લિફ્ટ માર્ગ !

❖❖❖❖❖

# [૧૩.૩]
# નિરીક્ષણ-પૃથક્કરણ

## પૃથક્કરણ કરી આપ્યા અનુભવના દાખલા

જેટલા મને સંયોગો ભેગા થયા, એ બધાનું પૃથક્કરણ કરેલું. મારું ધ્યાન કંઈ સ્ત્રીમાં નહોતું કે વિષયોમાં નહોતું કે લક્ષ્મીમાં નહોતું, કશામાંય નહોતું. ધંધો કરું ખરો, પણ લક્ષ્મીમાં ધ્યાન નહીં.

અમે બધા સંયોગોનું પૃથક્કરણ કરેલું. જે સંયોગ ભેગો થાય ને, 'ગ્લાસ વિથ કેર' વાંચું એટલે હું કહું કે આ રેલવેવાળાને બિચારાને લખવું પડે છે આવડું ઉપર, એ પોતે ફરજ પાડે છે પેલા ગ્લાસવાળાને, કે 'તમે ઉપર લખીને લાવજો હં, નહીં તો ફૂટી જાય તો અમે જોખમદાર નહીં.' તે આપણા ઘેર છોકરાં છે તેને 'ગ્લાસ વિથ કેર' જો ના સમજીએ, તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** મુશ્કેલી ઊભી થાય.

**દાદાશ્રી :** હા, આ કાળના આધીન. પહેલા નહોતું એવું કંઈ. પહેલા તો તમે આમ નાખો ને, તોય તાંબાના વાસણ જેવા આમ, તૂટે-કરે નહીં. અત્યારે તો ફટ દઈને ફૂટી જાય, હડહડાટ ટુકડા થઈ જાય. મેં તો ખરી રીતે ચીભડું લખ્યું છે, અત્યારે તો પાકા ચીભડા જેવા છે. એટલે જો હલાવ્યું તો ફાટી જાય, તે ઓરડો ધોવો પડે આપણે. પહેલા કાકડી જેવા હતા.

**પ્રશ્નકર્તા :** હા, પહેલા કાકડી જેવા હતા.

**દાદાશ્રી :** હં, અમારા જમાનામાં બિલકુલ કાકડી જેવા. આ બધા ફેંક ફેંક કરે તોય ધોવું-કરવું ના પડે અને આ તો હલાવ્યું ચીભડું એટલે ફાટ્યું, કે આખો ઓરડો ધોવો પડે આપણે. ચીભડાનું શું જાય તે ?

એટલે આવા બધા અનુભવના દાખલા મૂકેલા ને, એટલે એ હેલ્પ કરે દુનિયાને.

## તોલીને નહીં પણ સારું વીણીને લેવાનો સ્વભાવ

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહ્યું, કે જે સંજોગ ભેગા થાય એનું તમે પૃથક્કરણ કરતા, તો એના આવા બીજા થોડા દાખલા જણાવો અમને.

**દાદાશ્રી :** મામાની પોળમાં છે તે એક બઈ છેટેથી બૂમો પાડતી બોલતી'તી, 'લ્યો રે મીઠા બોર, લ્યો રે મીઠા બોર.' તે હું મારે ઓટલે ઊભો હતો. આ તો બહુ પહેલાની વાત કરું છું, પચ્ચીસ વર્ષ પહેલાની. હું છે તે ઘરના ઓટલા આગળ ઊભો રહું, ને આ બધું તોફાન જોયા કરું, જગતનું. ત્યારે મારા મનમાં એમ થયું, કે 'ભઈ, લાવ, બે-ચાર બોરા લઈએ.' તે મેં તો બઈને બોલાવી. મેં કહ્યું, 'અહીં આવ બહેન, મારે તોલીને નથી લેવા. મારે તો પાંચેક બોર લઈ લઈશ. તારા જે પૈસા થાય તે આપી દઉં.' ત્યારે મારો સ્વભાવ એવો કે કોઈ વસ્તુ તોલીને નહીં લેવી. આપણે પાંચ-સાત ખાવા, તે વીણીને લઈ લેવા આમાંથી અને ડબલ પૈસા આપવા એને. કારણ કે વીણીને લઈએ છીએ, એટલે તોર તોર લઈ લીધી, પછી રહ્યું શું ? છાશ રહી ગઈ. એટલે એને બે આના આપી દઉં, પાંચ-સાત બોરાના. આપણે તો એવા ઘરાક ! જાંબુડા હોય તોયે તોર માલ, બીજું હોય તોયે તોર માલ, પણ તોર માલ મને તો તરત ખબર પડી જાય, કે આ સારામાં સારા ! હું તોર માલ લઈ લઉં. જાંબુડા હોય તો ચાર જાંબુ લઉં, એમાંથી વીણીને, એના ટોપલામાંથી અને એને પૈસા એ ખુશ થાય એટલા આપી દઉં હું. તારે જે પૈસા જોઈતા હોય તે લે. અડધા રતલના પૈસાય લઈ લે, પણ હું નંગ ચાર જ લઈશ વીણીને. તે ચારમાં તો આખા ટોપલાનું રૂપ જતું રહ્યું હોય. કારણ કે હું તો એક

ખઉં, પણ એવું ખઉં કે એનો સરસમાં સરસ ઉત્તમ માલ હોય તે લઈ લઉં. આપણે કંઈ તોલ-બોલની જરૂર નહીં. આપણે ક્વૉન્ટિટીની જરૂર નથી, ક્વૉલિટીની જરૂર !

## બોલતી હતી મીઠા બોર પણ નીકળ્યા કડવા

એટલે મેં વીણીને લઈ લીધા સારા સારા જોઈને. તે બે પૈસા માગવા તૈયાર થાય તેને બદલે મેં એક આનો આપી દીધો તે દહાડે, એ જમાનામાં. કારણ કે વીણીને લેવા દીધા. પછી મેં ખાધું ત્યારે તો કડવા નીકળ્યા સહેજ. એટલે મેં કહ્યું, ''તું કહેતી'તી મીઠા બોર ને આ તો કડવા નીકળ્યા.'' ત્યારે કહે, 'કાકા, તમે આટલી ઉંમરના અનુભવી માણસ થઈને આવું બોલો છો ?' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** અનુભવી થઈને આવું બોલો છો ?

**દાદાશ્રી :** અનુભવી થઈને ! 'હું મીઠા ના બોલું તો કોણ લે, કાકા ?' કહે છે. 'હું કહું કે લ્યો રે કડવા તો ?'

**પ્રશ્નકર્તા :** કોઈ ના લે.

**દાદાશ્રી :** ત્યારે કહે, 'કડવા હું કહું તો કોઈ ના લે મારું, હું તો વેપાર કરવા નીકળી છું.' મેં કહ્યું, 'આ લેશે લોકો ?' 'બધા લઈ લેશે. આ હું મીઠા કહું ને, એટલે મીઠા લાગે.' એવું આ જગત ! માર ગપ્પેગપ્પ ચુમ્માળસો ! રકમો નહીં ને, બારે બાર ચુમ્માળસો, સોળ નવા ચુમ્માળસો એવું નહીં ! ગપ્પેગપ્પ ચુમ્માળસો ચાલ્યું ને બધું જગત ? તમે સાંભળેલું, 'લ્યો રે મીઠા બોર ?'

**પ્રશ્નકર્તા :** હા, તો જ વેચાય ને એના બોર.

**દાદાશ્રી :** ત્યારે મેં કહ્યું, 'વેચાઈ જશે આ બધા ?' 'કાકા, હમણે જતા રહેશે. આ તમારા જેવા કોઈ માણસને તો આજે જ જોયા, દર્શન કરું છું', કહે છે. ત્યારે મેં કહ્યું, 'મીઠા બોલવાથી શું થાય ?' ત્યારે કહે છે, 'તરત એમને અસર થાય એટલે મીઠા લાગે. ખાતાની સાથે જ મીઠું

લાગે. અને પાછું એય બોલે કે મીઠું છે.' મેં કહ્યું, 'ચાલ્યું ગાડું.' બઈએ શિખવાડ્યું કે ના શિખવાડ્યું ?

**પ્રશ્નકર્તા :** શિખવાડ્યું.

**દાદાશ્રી :** તે તમે આવું કંઈ શીખ્યા નહીં કોઈ ? શિખવાડ્યું નહીં કોઈએ ?

## કડવા બોર લાગે સાયકૉલોજી ઈફેક્ટથી મીઠા

એ બઈ કહે, 'હું કડવા કહું તો કોણ લે ?' ત્યારે મેં કાનની બુટ્ટી પકડી. મેં કહ્યું, 'તારી વાત સાચી છે, બા.' વિવાહ કરવા જઈએ તો આપણાથી એમ ના કહેવાય કે 'મારી છોડી શામળી છે !' એને 'ઊજળી' કહેવું પડે. કારણ કે આપણે ખપાવવાની છે ને ! 'મારી છોડી શામળી છે' એવું કહેવાય નહીં ને ! ત્યાં આગળ કહીએ, કે 'ભઈ, અમારી દીકરી શામળી છે.' ત્યારે પેલો કહેશે, 'ભઈ, ચા પીને હેંડ્યા જાવ અહીંથી !' શું કહે ?

**પ્રશ્નકર્તા :** ચા પીને હેંડો.

**દાદાશ્રી :** એટલે આપણે કહેવું પડે, કે બહુ સરસ ! અમારે તો છોડી-બોડી બધું સારું છે. એમ કરતા કરતા છેવટે કામ થઈ જાય ! કારણ કે આ તો બધી સાયકૉલોજી ઈફેક્ટ છે. એટલે મેં પેલી બઈને કહ્યું, 'તારું કહેવું સાચું છે. એ મીઠા બોર બોલીને, તેં મને શિખવાડ્યું આ. તેં મને ભાન કરાવ્યું, કે આવું ના કરીએ તો ચાલે શી રીતે ગાડું !' તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એટલે બોરવાળી સાચી હતી કે હું સાચો હતો ?

**પ્રશ્નકર્તા :** બોરવાળી સાચી હતી.

**દાદાશ્રી :** હં, બોરવાળી સાચી હતી. એ બઈ શું કહેતી'તી, કે 'કાકા, મીઠા કહું છું ને, તો લાગે છેય મીઠા બળ્યા એમને !' 'લ્યો રે

મીઠા બોર' કહું છું એટલે બધાને મીઠા લાગે જ તે ઘડીએ ચોક્કસ. મેં કહ્યું, 'વેચાઈ જાય છે ?' ત્યારે કહે, 'ઊલટા ખૂટે છે, તે ફરી બીજે દહાડે લઈ આવું છું'. હવે આનું નામ દુનિયા. આ તો સાયકૉલોજી ઈફેક્ટ છે. આપણે ના બોલવું પડે, લ્યો રે મીઠા બોર, કે કડવા બોલાય ?

**પ્રશ્નકર્તા :** મીઠા જ બોલાય.

**દાદાશ્રી :** એક જણ કહે છે, 'એ છોડી જરા શામળી છે ને, તે શી રીતે મેળ પડે ?' મેં કહ્યું, 'આવું બોલે છે મૂઆ ? આ શામળી રહી ગઈ કોઈની ?' ત્યારે કહે, 'પણ તે શામળી દેખાય છે.' મેં કહ્યું, 'ના બોલાય, મૂઆ.' અને છોડીને હઉ કહે, 'તું શામળી છું, તું શામળી જ છું, કોણ તને લે ?' પછી હું તો એને વઢ્યો, મેં કહ્યું, 'ના બોલાય આવું, છોડીને કેવી અસર થાય !' પછી છોડીને મેં કહ્યું, 'બધોય માલ ખપે છે, અહીં આગળ તો. ધોળા ઘઉંએય ખપે છે, કાઠાય ખપે છે, ને ઈન્દોરનાય ખપે છે. કોઈ બાકી જ નથી રહેતું અહીં. માટે એવું મનમાંથી કાઢી નાખ.' એ કાઢી નાખે તો પરણી જાય પછી. કશું રહેતું હશે આ દુનિયામાં ? કારણ કે જે અહીં છોડી જન્મી ને, તે પહેલા એનો ધણી જન્મેલો હોય. કંઈ આજે નવું પ્રોડક્શન કરવું પડે ? શું કહે છે તું ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે, એ જન્મી ગયેલો હોય પહેલેથી.

**દાદાશ્રી :** હં. આ તો વ્યવસ્થિતને હિસાબે બધું, તું શું કામ અમથો કકળાટ કરે છે વગર કામનો ? વચ્ચે ઘાલમેલ કરું છું ! પણ અક્કલવાળાની વાત જ જુદી ને, નહીં ?

## 'ગાડા નીચે કૂતરું' નિરીક્ષણથી જડ્યું ભ્રાંતિનું દૃષ્ટાંત

શું અનુભવ થયેલા નથી મને ?

**પ્રશ્નકર્તા :** ના, કેટલાય થયા છે જ ને, તમે બધા અનુભવમાંથી પાસ થઈને, તૈયાર થઈને આવ્યા છો. એટલે પછી અમારે મહેનત કરવી ના પડે ને !

**દાદાશ્રી :** ના, હું એમ ને એમ સંજોગ જવા ના દઉં ને ! કોઈ કડવો બોલ બોલ્યો કે એ સંજોગને હું ઊભો રાખું, એ સંજોગ એમ ને એમ જવા ના દઉં.

એક ફેરો મેં ગાડા નીચે કૂતરું જોયું, મેં કહ્યું, આ નરસિંહ મહેતા સાચું લખે છે. તે ગાડા નીચે કૂતરું ચાલતું'તું, તે બેઉ બળદને જોતું હોય આમ. આમ જુએ, આમ જુએ, એ રીતે ચાલે, ટેસથી. પછી એના મનમાં એમ થાય, કે આ બધું હું જ ચલાવું છું.

**પ્રશ્નકર્તા :** ગાડું હું જ ચલાવું છું. બહુ સુંદર, દાદા. આ તો 'વ્યવસ્થિત' સમજવા માટે બહુ સુંદર દૃષ્ટાંત છે.

**દાદાશ્રી :** આ આવું હું જોઉં, તે થોડીવાર ઊભો રહું. ભલે કન્ટ્રાક્ટમાં મોડું થવાનું હોય તો થાય. કન્ટ્રાક્ટ તો રોજના છે, બળ્યા. આ હજામના ધંધાને હજામત રોજની હોય ને ?

**પ્રશ્નકર્તા :** દરરોજની જ હોય ને !

**દાદાશ્રી :** એનો શું શોખ તે ? કન્ટ્રાક્ટ તો રોજના બધા. દરિયા ચૂંથ્યા ને બીજું બધું ચૂંથ્યું તે ચૂંથ ચૂંથ જ કર્યું છે ને !

## બારીકાઈથી નિરીક્ષણ કરી પ્રકૃતિના તાળા ગોઠવાય

અમે બધું નિરીક્ષણ કર કર કરેલું. પાછું કૂતરું શું કરે છે આખી રાત તેય જોયેલું. એને શું ખાવાનું મળ્યું, તેય જોયેલું. બધી બાબતમાં ઈન્ટરેસ્ટ રાખીને જોયેલું અમે, હં. કૂતરાં-બૂતરાં બધીય બાબતમાં. પાછું જાગે છે, તે શું ખાધું ત્યાંથી ધ્યાન રાખીએ કે આને સાત વાગે આ મળ્યું છે. પછી હવે શું કર્યું ને શું નહીં. ટૂંટિયું વાળીને ક્યાં સૂઈ ગયું ? પાછા કાન ક્યાં ઊંચા કર્યા, ભસ્યું ક્યાં ? જરાક કશુંક અવાજ થયો કે ભસ્યું. પણ અલ્યા મૂઆ, નથી તારું જો સુધરાઈમાં (મ્યુનિસિપાલિટીમાં) નામ કે નથી તારે કોઈ લેવાદેવા. કશી ઓળખાણ નથી, પાળખાણ નથી, કશુંય નથી. છે કશું એને ? શા હારુ આ ? શાની મમતા છે ? એ માની બેઠું છે. એમ આ મનુષ્યોય માની બેઠા છે.

આ કૂતરાં ભસે તે ગાળો દે તેય આપણને ખબર પડે અને ગેલ કરતા હોય તેય ખબર પડે. પૂંછડી હલાવતું હલાવતું જે ભસે ને, તે ઘડીએ ગેલ કરતું હોય. ત્યારે એ આપણે ઓળખી જવું જોઈએ કે આ ભાષા કેવી ગેલની ભાષા છે ! અને પેલું ગાળો દેતું હોય, મોઢું ચઢાવીને ! તમે ગાળો દેતું જોયેલું નહીં ? ગાળો દેતેલા કૂતરા જોયેલા ?

**પ્રશ્નકર્તા :** જોયેલા.

**દાદાશ્રી :** સહેજ એના ચોકમાં ના જઈએ તે પહેલા જ મૂઓ ગાળો દે.

**પ્રશ્નકર્તા :** અને બે પગ વચ્ચે પૂંછડી રાખીનેય ભસતા જોયા છે, હારેલા.

**દાદાશ્રી :** હા. હા, પણ તે ગાળો દઈને નાસી જાય. એ ગાળો દઈને નાસી જાય, પણ દીધા વગર ના રહે. એ સ્વભાવ છે એનો, પ્રકૃતિ સ્વભાવ ! તે દીધા વગર રહે નહીં. 'તારે મારવું હોય તો મારજે, પણ અમે દેવાના.'

**પ્રશ્નકર્તા :** દેવાના, ખરી વાત છે.

**દાદાશ્રી :** તે ભગવાને કહ્યું, કે 'ભઈ, આ જાનવરો પ્રકૃતિ સ્વભાવમાં રહે. મનુષ્યો, તમે પણ પ્રકૃતિ સ્વભાવમાં રહો છો ?' મનુષ્યોએ પ્રકૃતિ સ્વભાવમાં કેમ રહેવાય ? જે વિચારવંત છે, જેનું મન છે તે અન્‌લિમિટેડ (અસીમિત) મન છે. જેની પાસે અન્‌લિમિટેડ મન છે. અને જાનવરોને તો બિચારાને સીમિત મન છે, લિમિટેડ મન. એટલે એ બિચારાથી આવું થઈ જાય. પણ આપણાથી એવું થાય નહીં ને ! તે આપણા લોકોય એવું જ કરે છે. તેથી ફરી પશુમાં જવાનું ને, કાયદેસર.

## જીવમાત્ર સ્વભાવથી દુઃખ ભોગવી રહ્યા છે

એક ગામમાં અમે કોન્ટ્રાક્ટ રાખેલો ને, ત્યાં આગળ રાતે હું તો સૂઈ ગયેલો. ત્યારે એક કૂતરાનું મેં નિરીક્ષણ કરેલું. ચોમાસુ તે આખો દહાડો કોઈએ ખાવાનું-બાવાનું કશું નાખેલું નહીં. અમારે તો બહારથી

ખોરાક આવે, કો'કને ત્યાંથી જમવાનું લાવે. તે અમે બે-ત્રણ જણ જમીને સૂવા ગયા. તે સૂતી વખતે પછી પેલા કૂતરાને મેં જોયું, કે કૂતરું તે ઘડીએ હતું નહીં, એટલે પછી જમવાનું પેલો પાછું લઈ ગયો બધું. પછી આ કૂતરું આવ્યું. કૂતરાએ જમેલું નહીં. સવારથી નાસ્તો જ નહીં કરેલો. પછી રાત્રે બે વાગ્યા ને, અમથું કશુંક અવાજ આવ્યો ને, તે ઊઠીને ભોં ભોં ભોં કરવા માંડ્યું. સૂઈ જા ને મૂઆ ! આ ખાધું નથી, તે સૂઈ જા ને ! પણ ભસ્યા જ કર્યું. એટલે પછી ઉપરથી એક જણ ઊઠ્યો, એને ઊંઘ નહોતી આવતી અને આ ભસવા માંડ્યું, તે ઊઠીને પેલાને માર્યું પાછું. 'અલ્યા મૂઆ, ખાધું નથી એણે, રહેવા દે, ના મારીશ.' પોતે પોતાની મેળે માર ખાય છે. આ મેં જોયેલું. પેલો મારવા નીકળ્યો ત્યારે મેં કહ્યું, 'મારે છે શું કરવા બિચારાને ? નથી જમ્યું પૂરું, થાળી પૂરી જમી નથી.' એક ટુકડો મળ્યો છે. આખી થાળી જમ્યું હોય તોય ઠીક છે કે મારેલુંય કામનું. એનું પેટ ભરેલું નથી, પેટ પોપડી જેવું છે. હુસ હુસ કરતી વખતે આ કૂદે છે પેટ આખું, કૂદે છે મહીં. નહીં ? તે પાંસરું જીવન જીવતાય નથી.

તોય આખી રાત ભસે પાછું. અલ્યા, તમારે દુકાન નહીં, કશું ઘર નહીં, બાર નહીં, લેવા નહીં, દેવા નહીં, વગર કામના ! શુંય માની બેઠા હશે ! એ જાણે કે આ અમારું છે ને, અમારી ફરજ છે.

**પ્રશ્નકર્તા :** કર્તવ્ય છે.

**દાદાશ્રી :** વફાદાર ! તે મેલ ને પૈડ ! મૂઆ, તું શું વફાદારી પકડીને બેઠો છું ? પાછો ધણી તો તને મારવા આવે છે, કે ઊંઘવા નથી દેતું કરીને !

**પ્રશ્નકર્તા :** હા દાદા, એવું જ થાય છે.

**દાદાશ્રી :** આપણે ગાડી લઈને, ટેક્ષી લઈને જઈએ અને મોટો કૂતરો આવે ને, તેને રીસ ચડે, કે 'મારી રૂબરૂ આટલી બધી જોશથી હાંકે છે ?' તે ભસતો ભસતો જોડે ને જોડે જ દોડે. અલ્યા મૂઆ, તારા બાપનું અમે શું બગાડ્યું છે ? પણ પેલાના મનમાં એને અપમાન જેવું લાગે છે. તે ભસ ભસ ભસ ભસ કરે. કોણ ભસાવડાવે છે આ ? સ્વભાવ.

અલ્યા, સૂઈ જાને છાનોમાનો. કોઈ બાપોય તને પૂછનાર નથી, વઢનાર નથી. એમ આ સ્વભાવથી દુઃખને ભોગવી રહ્યા છે બધા. જીવમાત્ર પોતાના સ્વભાવથી જ દુઃખો ભોગવી રહ્યા છે. દુઃખ હોતું હશે ? પેલા ડાઘિયાને આપણે કહ્યું'તું કે તું દોડ અમારી જોડે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** હાંફે હઉ ! પછી પાછો દોડે. હું નિરીક્ષણ કરું આવી બધી બાબતોનું. હું એકલો મોટરનો શોખ ના ભોગવું, પણ સાથે એનું નિરીક્ષણ કરું, કે આ શું થઈ રહ્યું છે !

## કૂતરીના દૃષ્ટાંત પરથી સમજાવે મનુષ્યનું

અને આ કૂતરીને તો એના ચાર બચ્ચાંએ ચાર પગ ઝાલીને બચકાં ભરેલા મેં જોયેલા. અને કૂતરી કૂદાકૂદ કરે, પણ ક્યાં જાય હવે ? 'વિયાઈ શું કરવા તે ?' ત્યારે કહે, 'વિયાયા વગર ચાલે એવું નહોતું. સંભોગ કર્યો હતો એટલે વિયાવું તો પડે જ.' પછી વિયાવું ના પડે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ચાર પગને ચાર બચ્ચાં ઝાલીને બચકાં ભરે, એવું જોયેલું. મેં કહ્યું, ભલે થોડો ટાઈમ બગડે, પણ આ સંસારનો ખેલ તો જુઓ.

**પ્રશ્નકર્તા :** દાદા, ધાવવા ના દે તો બચકાં ના ભરે તો શું કરે ? ધાવવા ના દે એટલે. અને ભૂખ્યા થયા હોય એટલે બચકાં ભરે ને !

**દાદાશ્રી :** ના, પણ એ કૂતરી મહીં ખાધા વગર શું ધાવવા દે તે ? એ બિચારીએ ખાધું ના હોય ને કૂદાકૂદ ને બચ્ચાં બચકાં ભરે. બચ્ચાંએ ના સમજવું પડે, કે બળ્યું મેલ ને, એ બિચારીએ ખાધું નહીં હોય ? આવો સંસાર ઓઢવો કે પાથરવો ? ઓઢવા ગયા ત્યારે ખૂટતું ને ખૂટતું. પગે ઓઢીએ ત્યારે માથું ઉઘાડું રહે, અને બહાર હિમ પડે, અગાસીના મહેમાન. માથે ઢાંકીએ તો પગ ઉઘાડા પડે. ટૂંટિયું વાળીએ તો થોડીવાર પછી પાછું દુખે, આવો સંસાર છે. જરીવાર ના ઠરે. એ તો આ દાદા મળ્યા તો તમારું કલ્યાણ થઈ ગયું !

નરી ભરહાડ જ છે. બચ્ચાં બચકાં ભરે. હવે એ કૂતરીય શું કરે ? ખાવાનું લોકો નાખે તો ખાય ને, બિચારી. લોકો ક્યારે નાખે ? પુણ્ય બાંધ્યા હોય ત્યારે ને ? આ તો પાપ વધી ગયું અને પુણ્ય ઓછું, તે આમાં આવ્યા. ચાર પગ ને પૂંછડું, એય મજા કરે ! ખાઈ-પીને મોજ શિંગડા સાથે. શિંગડા હઉ ચઢાવે. સમજ પડીને ? તમે જોયેલું એવું, બચ્ચાં બચકાં ભરે ?

**પ્રશ્નકર્તા :** બચકાં ભરતા તો દાદા નથી જોયું, પણ આ...

**દાદાશ્રી :** તમે આવું ધ્યાન રાખો જ નહીં ને, કે આમાં શું જોવાનું છે તે ! જોવાનું ત્યાં છે, કે આ સંસારમાં સુખ ખરેખર ક્યાં છે ? તે હું તો થોડીવાર ઊભો રહું. વરસાદ પડતો હોય તોય ભલે પલળાય, પણ આ જુઓ ! આવો ચાન્સ ના મળે ફરી. એ ચાન્સ કહેવાય. ચાર ગલૂડિયાં હોય ને ચાર પગ હોય ને કૂતરી, જોઈ લો ! અને કૂતરીનું પેટ પાપડી જેવું હોય બિચારીનું. મહીં ખાધું હોય તો ને !

**પ્રશ્નકર્તા :** દાદા, એ કૂતરાં સુધી શું કામ જાવ છો, આ મનુષ્યોમાં જ તેલ કાઢી નાખે છે ને, છોકરાંઓ !

**દાદાશ્રી :** કોનું તેલ કાઢી નાખે છે ?

**પ્રશ્નકર્તા :** મા-બાપનું, છોકરાંઓ એવા પાકે તો. મા-બાપનું છોકરાં તેલ કાઢી નાખે છે ને, આ જમાનામાં.

**દાદાશ્રી :** તે મા-બાપનું તો આની ઉપર દાખલો આપું છું, એના ઉપરથી સમજી જવાનું.

બચ્ચાં બચકાં ભર ભર કરે, પેલી ધવડાવતી નહોતી તે. કૂતરી દોડ દોડ કરે ને એના છોકરાં આ બચકાં ભર ભર કરે. એમાંથી એક બચકું ભરતું ઓછું થાય ને, બળ્યું ! તે આવું જોયેલું નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, જોયેલું.

**દાદાશ્રી :** કૂતરી દોડતી જાય અને બચ્ચાં એને બચકાં ભરતા જાય. હું જોઈ રહું નિરાંતે. કેમેરો મારી પાસે હોય નહીં, એટલે હું

ફોટો પાડું નહીં, પણ એમ તેમ એટલું જોઈ લઉં. પણ એમાં ને આમાં શું ડિફરન્સ છે ? આના આ જ વેશ છે ને એના એ બચ્ચાં ને એનું એ આ ! ફક્ત માણસમાં હોય એ બેબી કહેવાય ને પેલી કૂતરી કહેવાય. બાકી સંડાસેય એ જાત, બીજું બધુંય એ જ જાત, કોઈ ડિફરન્સ નહીં ! પેલું એમ ને એમ જમે ને આ થાળીઓ લઈને જમે, સ્ટીલની. એટલે એવું ખોળી કાઢ.

અને કૂતરાં તો જાણે આખા ગામના રાજા જેવા ! એય... ફળિયામાં આમ બે-ત્રણ જણ હોય તો બસ ફર્યા કરે, કૂદે, માંહ્યોમાંહ્ય ભસે પણ બહારનું આવ્યું તો મારું હારું, આખી પોળ જગાડે. બહારનું કૂતરું પેઠું હોય ને, દમ કાઢી નાખે, કાઢી મેલે. શું માલકી ! નથી દસ્તાવેજ, નથી પુરાવો. કાલે સુધરાઈવાળા ચીપિયા લઈને નીકળશે, તે પકડી પકડીને લઈ જશે. અને વગર કામના મૂઆ, આમ ભોં ભોં કર્યા કરે.

**પ્રશ્નકર્તા :** એનો જે મહોલ્લો હોય એમાં ગાય કે બકરી કોઈને ના પેસવા દે. બીજા કૂતરાને તો નહીં જ, પણ ગાય કે બકરી કોઈનેય ના પેસવા દે.

## ગધેડાનું પૃથક્કરણ કરતાં દેખાઈ નોબલ જાત

**દાદાશ્રી :** એક સારામાં સારા નોબલ હોય તો ગધ્ધેસિંગ ! જે કોઈ આવે તે કંઈ કરે નહીં ! હેય... આવડા મોટા કાન ! કાન મોટા, ત્યારે લંબકર્ણ કહેવાય છે. શાસ્ત્રો એમને લંબકર્ણી કહે છે.

**પ્રશ્નકર્તા :** હા, લંબકર્ણી.

**દાદાશ્રી :** આ ગધેડાના આવડા (લાંબા) કાન અને ઘોડાના આવડા આવડા (નાના), ટુકડા ટુકડા. તે ઘોડો આમ આમ આમ કર્યા કરે. પણ એ ગધેડા નોબલ !

**પ્રશ્નકર્તા :** નોબલ, કોઈ જાતનું એ નહીં.

**દાદાશ્રી :** કોઈ પણ જાતનો દ્વેષ-બેષ કશુંય નહીં. નોબલ ! કોઈ

ડફણું મારે તો આ બાજુ હેંડે, કોઈએ આમ કર્યું તો આમ હેંડે, એમાં કશું કંઈ એવું નહીં, કે 'તેં મને કેમ માર્યો ?' એવું તેવું કશુંય નહીં. વળી પાછું જોઈ લે, વધારે પડતું વાગ્યું હોય ત્યારે આમ જોઈને પછી પાછું આમ ચાલે ! અને કોઈએ ના માર્યું હોય ને સેફસાઈડ બધી રીતે હોય તો પછી ભૂંકે, હોંચી, હોંચી ! ખુશમાં આવી જાય ને, ત્યારે ભૂંકે જરા.

ભૂંકવું, ભસવું એક જ અર્થવાળા શબ્દ છે બધા. ભૂંકવું - ટૂ સ્પીક, ભસવું - ટૂ સ્પીક. બધું એક જ, બોલવાનું છે, બધી જ વાણી છે આ !

## ગધેડાનીય ખબર પૂછે તે જાણે ક્યાંથી આવ્યા છે

અમારે ત્યાં કોન્ટ્રાક્ટ રાખીએ, તેમાં ગધેડાઓના કામ કરવાવાળા મોટા-મોટા આવે. બસ્સો-બસ્સો ગધેડાવાળા ને ત્રણસો-ત્રણસો ગધેડાવાળા ! મોટા-મોટા કોન્ટ્રાક્ટ લે અમારી પાસે લાખ-લાખ રૂપિયાના, પચાસ-પચાસ હજારના. પછી કામ કરે એનું. તે એક ગધેડાના માલિકને મેં કહ્યું, 'આ ગધેડા છે તે સુખિયા હોય ત્યારે અમને શી રીતે ખબર પડે ?' ત્યારે કહે, 'કાન પાડી નાખ્યા હોય ત્યારે જાણવું કે સુખિયો. આમ પાડી નાખે ત્યારે.' ત્યારે મેં કહ્યું, 'કાન ઊભા હોય ત્યારે ?' ત્યારે કહે, 'તે ઘડીએ ભય હોય, આમ જુએ અને આમ જુએ ! આમ જોયા કરે', કહે છે. અમારે ત્યાં તો ગધેડાવાળાય આવે ને, તે એ તો કહે ને, બધું મને. હું તો ખબર પૂછું, ગધેડાનીયે ખબર પૂછું, એમને ક્યારે સુખ વર્તે છે એ બધું. વળી આપણે પૈસા ખર્ચીને જાણીએ નહીં આ બધું, તો શું એ જાણવા કંઈ ગધેડાની જાત્રાએ જવાનું હોય ? આપણે તો આ છે જાત્રા એ જ પૂરી કરી લો ને ! મને શું કહેતો'તો, 'આમ પાડી દે કાન !'

**પ્રશ્નકર્તા :** એવરીથિંગ ઈઝ ઓકે.

**દાદાશ્રી :** અલ્યા, ઉપર ગૂણ હોય તોયે ? ત્યારે કહે, 'ગૂણ હોય તોય.'

**પ્રશ્નકર્તા :** આલબેલ આલબેલ થઈ જાય, ઑલ વેલ.

**દાદાશ્રી :** આલબેલ. ફક્ત કહે છે કે એ કાન ક્યારે ઊંચા થાય પાછા, કે આમ આગળ છે તે રાખોડી જુએ, આમ ઘાસ બળી ગયેલું, એટલે એ કાન ઊંચા થાય કે આ હું આવું છું, કહેશે. તે આમ ધીમે રહીને ગૂણ નાખી દે, મૂઓ. એ ગધેડો જાણીજોઈને આમ કરી, આમ કરીને પછી ગૂણ નાખી દે અને પછી પેલામાં આળોટે, આમ ચારેય પગ ઊભા કરીને. આમ ફરે, તેમ ફરે, આખા શરીરેય મૂઓ ભસમ (ભસ્મ) ચોપડે. પેલા પગને લીધે અહીં (પેટના ભાગમાં) ઘસાય-બસાય નહીં. અહીંયા કોણ ઘસી આપે ? એનો બાપ ઘસી આપે ? પણ આજુબાજુ પેલું ચોપડી નાખે.

હું જોઉં બધું આ. નિરીક્ષણ કરવાની મને બહુ ટેવ પહેલેથી. તમે કોઈએ જોયેલું એવું ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા, જોયેલું, ઘણી વખત જોયેલું.

**દાદાશ્રી :** હેં... જોયેલું ખરું ? આમ આમ... આખા શરીરે ભસમ ચોપડે ત્યારે એને શાંતિ વળે. ત્યારે ભસમવાળા બાવાય છે ને ! મને થયું, 'આ હિસાબ, આમને ભસમનો શોખ કંઈથી લાગ્યો ?' ભસમવાળા બાવાય આખા શરીરે ચોપડે જ છે ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે શોખ કંઈ છૂટે ઓછો ?

## હતી ટીખળ કરવાની ટેવ

આ તો હું જ્યારે મને જ્ઞાન નહોતું ને, ત્યારે હુંયે ગયેલો જાત્રામાં. તે એક મહારાજ ભસમ ચોળી અને બધે ફર ફર કરે. 'એય ઈધર કહાં જાતા હૈ ?' મને કહે છે. મેં કહ્યું, 'હું તો જાત્રાએ નીકળ્યો છું.' તો કહે, 'હમકુ દે દો ઈતના પૈસા.' મેં કહ્યું, 'પૈસા તો એમ અપાય નહીં. મારી પાસે છે તો ખરા પણ મારે જોઈએ ને પાછાં, ભાડું-નાડું જતા-આવતા. એવું ના અપાય.' એટલે એણે જાણ્યું કે આ ડરાવ્યો ડરતો નથી. 'તે મૂઆ, શેના હારુ ડરું તે ? તું મને શું ખાઈ જવાનો હતો ? કંઈ વાઘ

છું તું તે કંઈ ?' અને તે દહાડે શરીર સારું હં કે, આવું નહીં. એને ટાઢો પાડી દે એવું જરા. એટલે પછી મેં કહ્યું, 'કેમ આટલું બધું તમે મારી ઉપર અકળાવ છો ?' 'દિખતા નહીં ? યહ ક્યા કપડાં-બપડાં દિખતા હૈ ?' મેં કહ્યું, 'નહીં, ભસમ દિખતી હૈ સાહેબ. ઈસકી ક્યા કિંમત હૈ ? મેરે ગાઁવમેં મૈંને દેખા હૈ.' તે આવી-આવી ઉપર ગૂણ હતી ને, તે આ ઢગલો દીઠો રાખોડીનો, તે ત્યાં એ ગૂણી નાખી દઈને ભઈ આળોટે આમ.

**પ્રશ્નકર્તા :** ગધેડા.

**દાદાશ્રી :** મેં કહ્યું, 'એમના જ વંશવારસ છો.' એમને ટેવ પડી ક્યાંથી આ ? એમને આ ટેવ ક્યાંથી રહી ગઈ ? ગૂણ લઈને જતા હતા, તે આમને આ શી રીતે સમજણ પડી કે અહીં આળોટવા જેવું છે ? ત્યારે કહે, પૂર્વનો અભ્યાસ છે એને. એટલે બાવો બહુ ચિડાયો. તે એને પછી બહુ રીસ ચડી. મેં જાણ્યું, ખોટું થયું. તે પછી પાંચ રૂપિયા આપી દીધા. 'ચા-પાણી કરો, ભૂલ થઈ ગઈ અમારી.' આ જ્ઞાન નહીં ને, એટલે ટીખળ કરવાની ટેવ પડેલી. જ્ઞાન નહીં ને એટલે બુદ્ધિ હંમેશાં કંઈક આડુંઅવળું, ભડાકા કર્યા વગર રહે જ નહીં. કાં તો તોપ છોડે કે બંદૂક છોડે, પણ બુદ્ધિ છોડે ખરી કંઈક. આ જ્ઞાન નહોતું ત્યારે નાત આ ભાઈના જેવી અમારી !

**પ્રશ્નકર્તા :** હા, ક્રાંતિકારી.

**દાદાશ્રી :** ક્રાંતિકારી તો નહીં, એટલા બધા નહીં, પણ અમારું નામ ના લઈ શકે.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર, નામ ના લે.

**દાદાશ્રી :** અને અત્યારે મારે તોય હું કહું, કે 'ભઈ, તું મોટો ને હું નાનો છું.' કારણ કે હું સમજી ગયો, કે તું જ જોરદાર છું બા. પહેલા તો હું એમ જાણતો કે 'હું જોરદાર છું.' પણ હવે હું સમજી ગયો કે 'તું જોરદાર છું.' તમે સમજો કે ના સમજો, છે જોરદાર એવું ?

**પ્રશ્નકર્તા :** હવે સમજી ગયા ને, અમે પણ સમજી ગયા.

**દાદાશ્રી :** તમેય સમજી ગયા, નહીં ?

**પ્રશ્નકર્તા :** અહીં આવેલા બધા સમજી ગયા છે.

## ગધ્ધામસ્તાની, કોઈની પડેલી નહીં 'હું છું'માં મસ્ત

**દાદાશ્રી :** પણ જવાબ એવો ફક્કડ નીકળી ગયો તે ઘડીએ. અને એ ગધેડા એવું કરે, હં કે.

**પ્રશ્નકર્તા :** એટલે એ ચોળવાવાળા બધાય ગધેડા !

**દાદાશ્રી :** ના, એવું આપણે 'ગધેડા' શું કરવા કહીએ ? આપણે એમને 'બાપજી' કહીએ, નહીં તો પાછા વેર બાંધે, મૂઆ ! ગધેડાભાઈને 'ગધેડા' કહીએ તો વાંધો નહીં. કારણ કે એ જાણે છે, કે મૂઆ, તમને તો અક્કલ છે જ નહીં. અમારી કિંમત અમે જાણીએ છીએ. તમને કોઈને કિંમત નથી. એ શું જાણે છે, કે તમને કોઈનેય અમારી કદર છે નહીં. અમે અમારી કદર... અમારી કિંમત અમે જ જાણીએ છીએ. બીજા કોઈને પૂછવું પડે એવું નથી. એને ભગવાને શું કહ્યું ? ગધ્ધામસ્તાની. તે આપણે અહીં આગળ અમુક સાધુ-સંન્યાસીઓય એવા હોય છે તે. તે બધાય સહુ કોઈ એને ગાળો ભાંડતા હોય, અપમાન કરતા હોય પણ એના મનમાં એ જાણતો હોય, કે આ બધા અક્કલ વગરના જ છે. 'હું છું' એ મસ્તાની કહી. કેવી ?

**પ્રશ્નકર્તા :** મસ્તાની.

**દાદાશ્રી :** હિમાલય ઉપર જાય તોય બહુ મસ્તાનીમાં પડ્યા રહે. 'હમકુ કૈસા, હમકુ કૈસા.' 'તો કિસકુ, તુમકુ નહીં તો ?'

અમારી પાડોશમાં એક ચંપકભાઈ રહે છે જોડે. બિચારા છે બહુ સારા માણસ, પણ જરાક આ વ્યવહારમાં ચાલાકી જરા ઓછી, ચંચળતા ઓછી અને બોલે ત્યારે કંઈક સાહજિક વાણી બોલે ને, એટલે ચંચળતા ને બધું ઓછું ને, તે ચીપી ચીપીને બોલતા ના આવડે. વાણી એમને બરોબર બોલતા ફાવે નહીં. આમ સીધા માણસ છે બિચારા, પણ છતાં લોક શું કહે, 'ચંપકનામાં અક્કલ નથી, ગાંડો છે.' ત્યાર પછી એ મને શું કહે ?

એ દાતણ કરતા હોય, 'અંબાલાલભઈ, તમે ક્યારે આવ્યા ? હું તો જાણતો જ નહોતો', કહે છે. જ્ઞાન થતા પહેલા હં, હવે તો દર્શન-બર્શન કરે. પણ 'હું જાણતો નહોતો', કહેશે. 'અને દેખાતાય નથી, કશું કંઈ બોલવાનુંય નહીં કે ચાલવાનું નહીં, કશું જ નહીં ?' મેં કહ્યું, 'ના, કશું જ નહીં.' 'તમે પંદર દહાડા અહીં હો છો, તો મને ખબર નથી પડતી કે અહીં આવ્યા છો એમ.' ત્યારે મેં કહ્યું, 'હા, બરોબર છે.' એટલે પછી મને કહે છે, 'તમને કેમ લાગે છે, આ બધા ગાંડા નથી લાગતા ?' મેં કહ્યું, 'એમ જ છે.' હવે લોક એને ગાંડો કહે. હવે એ બિચારો મને કહે છે, 'તમને કેમ લાગે છે, આ બધા ગાંડા નથી લાગતા ?' મેં કહ્યું, 'એવું જ છે.' કારણ કે પોતપોતાના મનમાં મસ્ત થઈને પડ્યા રહે તો જીવાય, નહીં તો જીવાય જ નહીં.

**પ્રશ્નકર્તા :** ના જીવાય.

**દાદાશ્રી :** એને ભગવાને 'ગધ્ધામસ્તાની' કહ્યું, ગધ્ધામસ્તાની ! ગધેડો પોતાની કિંમત પોતે જ જાણે. બીજા કોઈની પાસે કદરેય કરાવે નહીં. એ કોઈ દહાડો કહે છે કોઈને, કે મારી કદર કરો તમે ?

**પ્રશ્નકર્તા :** ના, નથી કહેતો.

**દાદાશ્રી :** કહેશે, લાવ, કો'કને હું કહું. આ ગાયો-ભેંસો તો આમ જીભથી ચાટે, કૂતરા ચાટે, એ બધા મસ્કા મારે પણ એ કંઈ મસ્કો મારે કોઈને ? જીભથી ચાટે છે કે એવું તેવું કશુંય ? કશું નહીં. કોઈનીય પડેલી નહીં. મસ્તાની ! તેથી આ લોકોએ નામ પાડેલું ને, 'ગધ્ધામસ્તાની' છે, મૂઆને. એ મસ્તાની જે કહે છે તે આ જ ને ! કળિયુગના આવા છે તો આ સત્યુગમાં કેવા મસ્તાન હશે ! એની મસ્તાની ઘસાતી ઘસાતી આવી થઈ ગઈ છે, તો સત્યુગમાં કેવી મસ્તાની હશે તે ! કહીએ, 'ભૂંકીશ નહીં' તોય મૂઓ ભૂંકે. 'હમણે રાજા આવે છે ને આ સવારી આવે છે, તું ભૂંકીશ નહીં', તો ત્યાં જ ભૂંકે એ, બા. પણ સારી જાત હં કે, અહિંસક. નામેય હિંસક નહીં.

**પ્રશ્નકર્તા :** હા, બિલકુલ નહીં.

**દાદાશ્રી :** હા, કશું કોઈ જાતની હિંસા માત્ર નહીં, હિંસક ભાવેય નહીં. અને બહુ પજવે ત્યારે એકાદ લાત મારે. બહુ પજવે તો, બાકી નહીં. કશું હિંસક ભાવેય નહીં. પણ કેવા એ સારા માણસો ! સારા માણસ નહીં ? નહીં તો ભૂખ્યા થયા હોય તો લાવ, આ અહીંથી બે છે તે ઉંદરડા જતા હોય તો ખઈ જઉં. પણ એવું નહીં, નહીં તો ઉંદરડાની પાછળ દોડે એ જો ભૂખ લાગે તો. કાગળિયા-બાગળિયા બધું જે હોય તે આપણને ચાલી જાય. અને આસ્તે આસ્તે ફરવાનું પાછું, એવું રઘવાયું-બઘવાયું નહીં.

**પ્રશ્નકર્તા :** મસ્ત થઈને.

**દાદાશ્રી :** ગાયો, કૂતરાં, બકરાં એ બધા આમ જુઓ તો રઘવાયા. રઘવાટમાં ફર્યા કરે. આ તો આસ્તે આસ્તે. પાછા પૂંછડી હલાવે, કાન છે તે આમ પાછા પાછળ ઢાળી દે.

ત્યારે અમારે એક ફેરો વાતચીત થઈ'તી. અમારા કામ પર એક ફેરો બસ્સો-ત્રણસો ગધેડાં હતા. તે મેં કનુભઈને કહ્યું, 'જો આ ગધેડા કેટલા સુખી છે બિચારા !' કારણ કે ગધેડા આમ પાછળ કાન ઢાળે ને, ત્યારે જાણવું કે ખૂબ મસ્તીમાં છે. કાન ઢાળી દે અને જ્યારે આમ-આમ ઊછળવા માંડ્યું, તે ઘડીએ ચંચળતામાં આવી જાય, આમ-આમ, આમ-આમ ! એટલે કનુભઈને મેં સમજણ પાડી, મેં કહ્યું, 'આ કેવા મસ્તાનીમાં છે !' આમ ઢાળી દે, આમ પદ્ધતસર. કાન જાણે સૂઈ ગયા હોય એવા દેખાય. એવા આ તપાસ કરવા જેવા છે ને, એ કંઈ જેવી તેવી વસ્તી છે ? અને 'મસ્તાની' કોઈને નથી કહી, આમને એકલાને જ 'મસ્તાની' કહી.

## અધમણ-ગધમણ-પોણો મણ ને પાંચ શેર

**પ્રશ્નકર્તા :** મને ખબર નહોતી, કે આ ગધેડાના નાકને કેમ આવું કરે છે આ લોકો ? કેમ કાપીને કાણા મોટા કરે છે આ લોકો ? પછી

દાદાને પૂછ્યું, ત્યારે દાદાના ઓબ્ઝર્વેશન પરથી કંઈક નવું જ જાણવા મળ્યું.

**દાદાશ્રી :** એવું છે, ગયા અવતારે નાક દબાવી દબાવીને બધી ક્રિયાઓ કરેલી હઠાગ્રહોની, તે આ અવતારમાં એમને છે તે આ શ્વાસ નથી લેવાતો પૂરો. એટલે પછી કાપી નાખવું પડે છે, તો જ શ્વાસ લઈ શકે.

**પ્રશ્નકર્તા :** કાણા મોટા કરવા પડે છે. ફાડી નાખવા પડે છે.

**દાદાશ્રી :** ફાડી નાખે છે, તો શ્વાસ લઈ શકે એ. કારણ કે ગયા અવતારમાં નાક દબાવી દબાવીને હઠાગ્રહ કરેલા, તે આમ નાક ફાડી નાખવું પડે છે. કારણ કે પેલું વજન મૂકે ને બિચારાને, ત્યારે એ વજન માટે કંઈ લખેલું નથી એ જનાવરને. આ તો લોકોએ શોધખોળ કરી કે આ પીઠ સારી છે, મજબૂત છે અને ગધેડા ઉપર બેસીય જાય પાછો, હે...ય ધડાક ધડાક ધડાક ધડાક. પીઠ મજબૂત છે, એમ કરીને ઉપર ચાર મણનું વજન ચઢાવે. તે પેલું પૂંઠ ઉપર વજન આવે અને પાછું કંઈક ચાલવાનું થાય ને, તો શ્વાસ ઘૂંટાય. ઘૂંટાય એટલે પેલા લોકો સમજી ગયેલા, કે આ શ્વાસ ઘૂંટાય છે માટે નાક ચીરી નાખો. તે નાક ચીરી નાખે બિચારાનું. ઘોડા-બોડાને, બળદને ઘૂંટાય નહીં. એમના નસકોરા મોટા મોટા હોય છે. અને આ છે તે સાંકડું હોય છે. અને એવું છે ને, પાછી નેચરેય જાણે નહીં ને, કે આ અક્કલવાળા આવું કરી નાખશે. એવું ના જાણે કે બિચારા આની પરેય વજન ચઢાવશે એવું ના જાણે. આની ઉપરેય ચાર મણ !

**પ્રશ્નકર્તા :** આની ઉપરેય ચાર મણ !

**દાદાશ્રી :** હા. તે મને એક જણે નાનપણમાં ગૂંચવ્યો'તો ને ! મને કહે, 'સરવાળો તને આવડે ? તને હિસાબ આવડ્યા ?' મેં કહ્યું, 'હા, આવડ્યા છે બધા હવે.' ત્યારે કહે, 'બોલ જોઈએ કેટલા થયા ? અધમણ, ગધમણ, પોણો મણ ને પાંચ શેર કેટલા થયા ?' ઓત્તારી ! આપણે તો આવું ગધમણ-બધમણ સમજીએ નહીં. મેં કહ્યું, 'અરે ભઈ, આ આવો

હિસાબ નથી આવ્યો.' ત્યારે કહે, 'જો, અડધો મણ, એ સમજ્યો ?' ત્યારે મેં કહ્યું, 'હા, એ સમજ્યો.' મેં કહ્યું, 'ગધમણ શું, એ મને નથી આવડતું !' ત્યારે કહે, 'ગધમણ એટલે ચાર મણ', કહે છે. આવું તે નાનપણમાં મને પૂછેલું. જુઓ ને, હજુ યાદ રહે છે ને ?

**પ્રશ્નકર્તા :** દાદાને બધું યાદ છે.

**દાદાશ્રી :** અધમણ, ગધમણ, પોણો મણ ને પાંચ શેર, કેટલું થયું કહે. હવે પેલું બીજું બધું સમજ્યો પણ આ... મેં કહ્યું, 'ભઈ, ગધમણ મને સમજણ પડતી નથી, એ ગધમણ કેટલું ?' ત્યારે કહે છે, 'ગધમણ એટલે ચાર મણ. આ છે તે સમજાવવા માટે તને કહું છું.' મેં કહ્યું, 'હા, હવે આ ભૂલીશ નહીં. હવે ભૂલી નહીં જવાય.' તે અત્યારે યાદ આવ્યું. જો જ્ઞાની થયા પછીય યાદ આવ્યું. અધમણ, ગધમણ, પોણો મણ ને પાંચ શેર ! ઝટપટ બોલી દો. કેટલું થયું ? આપણે કાઢ્યો હિસાબ ? હિસાબ કાઢ્યો ? અધમણ ને ગધમણ સાડા ચાર મણ એ થયું, પોણો મણ એટલે બધું મળીને સવા પાંચ મણ, અને પાંચ શેર. સવા પાંચ મણ ને પાંચ શેર થયું. સમજ પડીને ?

## કાગડા ચાલાક ને ભેળું કરવાની વૃત્તિવાળા

આ જાનવરોનું નિરીક્ષણ હું બહુ કરતો'તો. તેમાં કાગડાનું નિરીક્ષણ કર્યું ત્યારે અમને ખબર પડી, કે આય ભેળું કરવાની વૃત્તિવાળા છે. આ તો હું ઘેર બેઠો બેઠો જોયા કરું, એય... કાગડાભાઈ પેણેથી લાવ્યા હોય રોટલી, અને લાવીને અમારે આવો બારીનો ઉપરનો એ (ભાગ) હોય ને, ત્યાં વેન્ટિલેટર હોય છે ને, તે વચલું લાકડું હોય ને, તે ત્યાં મૂકે, મૂઓ ! અને ત્યાં મૂકીને પછી જાય. પછી મોડા ભૂખ્યો થાય ને કોઈ જગ્યાએ ઠેકાણું ના પડે તો એ આવીને ખાય પાછો. મૂઆ, અહીં સુધી તમને આ પરિગ્રહ કરતા આવડ્યો ? ત્યાં બીજા લોકો તો પરિગ્રહ ના ધરાવે. ચકલીઓ-બકલીઓ ખઈને ઊડી જવાનું. બસ, બીજી ભાંજગડમાં નહીં. આ તો અક્કલવાળા એટલા બધા... બહુ ચોક્કસ હોય, બહુ ચાલાક હોય.

## સંપીલા, ડંખીલા, વેરીલા ને બ્લેક લિસ્ટેડ

**પ્રશ્નકર્તા :** દાદા, સંપીલાયે બહુ હોય છે. જો એક કાગડાને પકડીને જાવ, તો એમની આખી જમાત ભેગી થઈ જાય અને તમને લઈ ના જવા દે.

**દાદાશ્રી :** હા, આખી જમાત ભેગી થઈ જાય, એટલી બધી સંપીલી. મારે તો એક થયું'તું ને, તે આ બધી જમાત આવે ને જમવા, રોજ નાસ્તો કરવા, તે પછી જોડે ઝાડ હતું તેની પર બેસે. સરગવાની સિંગોનું ઝાડ હતું મુંબઈમાં, તેની પર એ બધા બેસે. તે ત્યાં આગળ લોક પતંગ ઉડાડે ને, તે પતંગની દોરી અને પતંગ વીંટાઈ રહેલી. તે પતંગ છે તે પાણીમાં ધોવાઈ ગઈ અને દોરી રહી ગઈ. તે એક કાગડો બેઠો ને, તે પેલી દોરી હતી ને, તે પગે ગૂંચાઈ ગઈ. એટલે બધા ઊડવા ગયા ત્યારે એ ગૂંચમાંથી ગૂંચાઈને ત્યાં ઊંધો થઈ ગયો. એટલે એણે કાઉ કાઉ કરવા માંડ્યું, એટલે બધા પાછા આવ્યા. ત્યારે મેં જાણ્યું, આ બિચારો મરી જશે, તે એક જતા-આવતા માણસને મેં કહ્યું, 'ભઈ, પચ્ચીસ રૂપિયા આપું, આ કાગડાને છોડાવી આપ.' તે છોડાવી આપ્યો એ માણસે. મેં રૂપિયા આપ્યા તો ના લીધા. મેં કહ્યું, 'ભઈ, ચા-પાણી પીને જા.' પણ ઉપર ચઢીને છોડાવી આપ્યો. કેટલા બધા કાગડા, છોડે જ નહીં મૂઆ, ત્યાંથી આઘા ખસે નહીં. તે મૂઆ, બહુ પાકા આ તો ! જમાત જ જબરી તમારી તો !

**પ્રશ્નકર્તા :** દાદા, કાગડા વેરીલાય બહુ હોય છે એ તો પાછા. બહુ ડંખીલા, વેરીલા.

**દાદાશ્રી :** બહુ ડંખીલા હોય, મારી નાખે કો'કને. જો તમે નામ દીધું હોય ને, એક કાગડાને માર્યો હોય, તો તમને ચાંચોથી મારી નાખે મૂઆ બધાય. એ ડંખીલા હોય. બધી બહુ રીતે વસમા હોય. અને પાછા કહે શું ? અમે તો 'બ્લેક લિસ્ટેડ' છીએ જ, તમે શું જોઈને અમારો સંગ રાખો છો ?

**પ્રશ્નકર્તા :** અદ્ભુત ! ક્યાંથી દાદાનું ભેજું આવું ઓબ્ઝર્વ કરે છે !

**દાદાશ્રી :** એટલે આ બધા કાગડાઓને અહીં જરા રંગ ફેરફાર હોય. તમને લાગે છે કાગડામાં થોડો રંગ ફેરફાર હોય ?

**પ્રશ્નકર્તા :** હા, ગળા આગળ થોડો ફેરફાર હોય છે, દાદા.

**દાદાશ્રી :** તે આ જુદા અને બિલકુલ બ્લેક તે જુદા. બિલકુલ બ્લેક છે તે મોટા આવડા આવડા હોય. આ તો આવડો નાનો જ હોય બિચારો. પણ બિલકુલ બ્લેક તો આવડા આવડા મોટા હોય, જાણે સમડી ચાલી આ ! મારી નાખે કો'કને. મેં જોયેલા બધા. રત્નાગિરિ એ તરફ જોયેલા. બિલકુલ બ્લેક આમ !

**પ્રશ્નકર્તા :** એટલા બ્લેક કેમ થયા છે ? કાગડા બ્લેક જ કેમ થયા ?

**દાદાશ્રી :** બ્લેક લિસ્ટેડ એટલે.

## નિયમિતપણે જમવા આવે, ને મોડું થાય તો ઉઠાડે

તે મારે તો એમની જોડે બહુ ઓળખાણ, આ લોકો જોડે. મને હંમેશાં ટેવ એવી કે સવારમાં નાસ્તો કરું ને, એટલે બહાર નાસ્તો કરાવડાવવાનો આ લોકોને. તે પંદર-વીસ ભેગા થાય. કૂદાકૂદ કરતાં આવીને ખઈ જાય. પછી એક દહાડો મેં નક્કી કર્યું, કે આજ જરાક મોડું કરો જોઈએ નાસ્તાનું. તે એકે તો આવીને કપડું હઉ ખસેડ્યું મારું, હું ઊંઘી ગયો'તો તે. ત્યારે મૂઆ, અહીં સુધી આબરૂ લો છો ? એટલે જગાડી જાય આપણને. 'ટાઈમ થયો, કેમ સૂઈ રહ્યા છો તમે ?' એ જાણે કે આપણું અહીં આગળ પરમેનન્ટ બંધાયેલું છે અને આ આપણા સેવકો છે. કારણ કે એમને તો એવું નહીં ને, કે આ માલિક લોકો છે. એવું તેવું નહીં.

એમને કદીક જરા નાસ્તાનો ટાઈમ મોડો થયો હોય ને, તો બેસી રહ્યા હોય, તે બૂમાબૂમ કરતા હોય. 'નાસ્તો લાવો, નાસ્તો લાવો' કર્યા કરતા હોય, બહાર કાઉ કાઉ કરી મેલે. પછી પેસે ઘરમાં. અને અંદર આવી, રૂમમાં આવીને કા... કા... કરે ! અરે ! મેં તારું શું બગાડ્યું છે, મૂઆ ? એટલે પાછું જગાડે આપણને. 'ઊઠ્યા નથી ? વખત થયો, આ નાસ્તા-બાસ્તા કરો અને અમને કરાવો !' એ બૂમાબૂમ કરીને ઉઠાડે.

કહેશે, 'ટાઈમ થયો ને તમે કેમ સૂઈ રહ્યા છો ? અમારો જમવાનો ટાઈમ થયો.' જો તોય ના ઊઠે ને, તો પછી શું કરે ? આપણું ઓઢેલું હોય ને, તે આમ ખેંચે મૂઆ એની ચાંચથી. બહુ જબરા !

**પ્રશ્નકર્તા :** રોજ એના એ જ આવવાના, અને એ ટાઈમે જ.

**દાદાશ્રી :** હા, એ જ ટાઈમે.

## એવા પાકાં કે નિરાશ્રિત માણસજાતિનો વિશ્વાસ ન કરે

હવે પછી બહાર જઉં ને, તે આટલે જ છેટે રહે, આ એક જ ફૂટ છેટે, પણ એટલી બધી જાગૃતિ કે 'હમણે પકડશે તો ?' તે પકડવા ના દે એ, કોઈ દહાડોય ના પકડાય. બહુ ચાલાકી, જબરજસ્ત ચાલાકી !

હું પોતે ખાવાનું રોજ સવારમાં નાખું, તે પાસે આવે, બધું કરે, જરા ગેલ પણ કરી જાય પણ સહેજ જરાક નજીક જઈએ તો ઊડી જાય. તમે જમવાનું આપો કે ના આપો, પણ તમારા તાબામાં ના આવે કાગડા ! અડવા ના દે. અને આ ચકલીઓ-બકલીઓ બિચારી ભોળી. અડી જાય હં, ઉપર હઉ બેસી જાય. બીજા બધા જાનવરો ભોળા ને આ કાગડાભઈ તો ભોળા નહીં જરાય. બહુ ચાલાક, અસલ ચાલાક ! અને કબૂતરા ને એ બધા ચઢી જાય આપણી પર, બિચારા ભોળા બિચારા. કોઈ કોઈ જાત્રાના સ્થાન પર આપણે જઈએ છીએ ને, ત્યાં કશું દાણા નાખ્યા, ચણા-બણા, તે કબૂતરા બધા બૂમાબૂમ કરીને, એ બધા આપણી પર ચઢી જાય, ઉપર હઉ ચઢી જાય. ભોળા બિચારા, ને એમને એવું નહીં. અને આ તો અસલ પાકા !

એ જાણે કે એક આ વંશનો વિશ્વાસ ના કરાય, નિરાશ્રિત લોક છે એટલે. એ આપણો વિશ્વાસ ના કરે. આપીએ તોય વિશ્વાસ ના કરે. તું ગમે તેવું ખવડાવું તોય વિશ્વાસ નહીં. અમારે કનુભાઈ રોજ જમાડે કાગડાઓને, પણ એ નજીકમાં આવે, બિલકુલ નજીક, પણ એની ચાલાકી જાય નહીં. એ કહેશે, આ નિરાશ્રિત જાત, બહુ ખોટામાં ખોટી, એ જાણે છે એ લોકો. આ જાત, નિરાશ્રિત જાત બહુ ખોટી છે. અડે નહીં

આપણને. એ જાણે કે આમને અડ્યા એટલે અછૂતને અડ્યા, અને અડ્યા એટલે ખલાસ થઈ ગયા. આ કોમ ભલે દાન આપતી હશે પણ છે અછૂત. હા, આમને અડ્યા કે રોગ પેસી જશે.

મેં જાણ્યું મારું માપ રાખશે*, મને તો અડશે થોડા થોડા. પણ એ અડે એ તો બીજા. તમે ગમે તેવા હોય તોય અમને વિશ્વાસ નથી. તે ઠેઠ સુધી આ હાથ મારો હોય ને, તે અહીં સુધી આવે, પણ અડે નહીં. અને એટલી બધી ચાલાકી, જો હાથ જરા આઘોપાછો કરું ને, તરત ઊડી જાય.

## એક આંખે દેખે ડબલ, ક્યા જ્ઞાનમાં ઝળક્યું આ ?

તે પાછા આપણે જોઈએ ને, તે એ એક આંખ દબાવી દે ને પછી છે તે આમ કરીને જુએ એ. તે પછી પાછો થોડીવાર પછી આ આંખ દબાવે ને પેલી આંખથી જુએ. અલ્યા મૂઆ, અમે બે આંખે જોઈએ છીએ તોય તારા જેટલું નથી દેખાતું અને તું એક આંખથી આટલું બધું નિરીક્ષણ કરી લઉં છું, કે આ માણસ કંઈથી હાથ લંબાવશે ને કંઈથી એ કરશે, તે બધું સમજી જાય.

**પ્રશ્નકર્તા :** બહુ ચબરાક.

**દાદાશ્રી :** નહીં, બહુ ચાલાકી. એક આંખ્યે મૂઓ બહુ જુએ. પાછો એક આંખ દબાવી દે છે, ઉપર પડદો જ લાવી દે છે આખો. આખો પડદો જ પાડી દે છે. હવે સો-સો વર્ષના થાય છે, તોય એને બેતાળાં નથી આવતા કોઈ દહાડો. અને આ અક્કરમીઓને બેતાળાં, તે બેતાલીસ વર્ષનો થયો તે પહેલા બેતાળાં આવી ગયા હોય. આમને નંબરના ચશ્મા-બશ્મા કશુંય નહીં, ફર્સ્ટ ક્લાસ આંખ્યો ! અને પાછું એવું નહીં કે વેજિટેરિઅન એકલો ખોરાક છે. 'અમારે તો બધું... પેલોય (નોનવેજિટેરિઅનેય) ચાલે', કહે. શું કહે ? 'સર્વ ફૂડ અમારે ચાલે', કહે છે. અને પાછા અમુક અમુક ચીજો નથી ખાતા. જે આપણે માણસ ખઈએ છીએ એ અમુક નથી ખાતા, તો મને વિચાર આવ્યો, મેં કહ્યું, 'આપણે આ નાસ્તો કર્યો ને આ લોકો નથી

*માપ રાખવું - માનમર્યાદા જાળવવા

ખાતા.' મૂઆ, અડે નહીં અમુક અમુક ચીજો. એ નુકસાનકારક છે, એવું એમને સમજાઈ જાય છે, એ અડતા જ નથી. અને અમુક અમુક ચીજો ખૂબ પસંદ કરે છે.

## કાગડા જમાડવા પાછળનું કારણ

અમારે રોજેય જમાડવાના એમને. પાંચ-દસ કાગડા અમારે ત્યાં રોજ જમી જાય. ત્યારે બીજું તો શું, આપણી પાસે કશું કો'કને જમાડવાનું તો છે નહીં બીજું. તે નાસ્તા કરતા કરતા જેટલું એ જમ્યા એટલા તો ખરા. અને બધા ખુશ થઈ જાય છે આમ. આમને ખુશ કરવા જેવા છે. કારણ કે આપણે કોને ખુશ કરવા પડે ? જે છેતરનારા હોય ને, તેને ખુશ કરવા પડે. એ મૂઆ છેતરે નહીં તો આપણે સેફસાઈડ પહોંચી જવાય. સમજ પડીને ?

**પ્રશ્નકર્તા :** આ સાયન્સ જુદું છે આ તો !

**દાદાશ્રી :** હા, આપણને છેતરે નહીં, એટલે આપણે ગામ પહોંચી જઈએ. આપણે તો ભોળા માણસ, તદ્દન ભોળા-ભલા માણસ. અમને તો કહેશે, કે 'ચાલો દાદા, પેણે છે તો જઈએ', તો અમે જઈએ. અમને તો એવું કંઈ નહીં. ત્યાં ખાડો હશે કે એવું કંઈ વિચારેય ના આવે અમને. એટલે આ છેતરે નહીં, તો આ જમે, એટલે બિચારા છેતરનારા તો ઓછા થઈ જાય એટલા. અમારામાં ભોળપણનો ગુણ, તે કહે એટલે તરત અમે તૈયાર થઈ જઈએ. અમને બીજો એવો વિચાર જ ના આવે. અને બચાવનારી હોય તે પુણ્યૈ બચાવે છે, બીજું કંઈ નહીં. નહીં તો અમારી તો ચાલાકી એવી નહીં, કે અમે સમજી જઈએ કે આ માણસ કેવો છે ! હા, એક ચાલાકી ખરી. ધર્મની બાબતમાં નંગોડ હોય, તો અહીં તરત જ ખબર પડી જાય કે આ નંગોડ આવ્યો. ધર્મની બાબતમાં. બીજી બધી બાબતમાં ના હોય. એ તો અમે તો ભોળા-ભલા માણસ. તમે તો બધા ચાલાકેય હો, તમને તો તરત સમજ પડે. પેલા કાગડામાં સો ટકા ચાલાકી, તમારામાં પચાસ ટકાય ચાલાકી હોય. એટલે તમે સમજી જાવ, કે આ માણસ બોલે છે પણ એની પાછળના મહીં આશય ખરાબ છે ને આમ છે, બધું સમજી જાવ. પણ અમને તો એવું નહીં,

અમે તો પ્રેમથી જ જોઈએ. આ પ્રેમથી જોઈએ એટલે પછી અવળું-હવળું આપણને શી ખબર પડે ?

કોઈ કાગડાને જમાડે નહીં. અમારા જેવા થોડાંઘણાં હશે ને, તે જમાડે.

## વાંદરાનો ચિકિત્સક સ્વભાવ

અમારે એક કન્ટ્રાક્ટનું કામ ચાલતુ'તું. તે વખતે વાંદરામાં અક્કલ કેવી છે તે જોઈ અમે. તે કન્ટ્રાક્ટનું કામ ચાલતું'તું, ત્યારે હું કામમાં બહુ ધ્યાન ના આપું. મને તો આ વ્યવસ્થિતનો થોડો ભાસ ખરો. વ્યવસ્થિતનું જ્ઞાન નહીં પણ ભાસ ખરો, કે કંઈક આ બનેલું જગત છે. આ એમ ને એમ નથી, ગપ્પું નથી આ. એટલે કામમાં થોડું ધ્યાન આપું અને વળી પાછું નવરાશ પડે એટલે એની મહીં તન્મયાકાર ના થઈ જઉં હું. તે એક વાંદરું એક ઝાડ ઉપર જોયું, તે ખુરશી મંગાવીને બેઠો બેઠો હું જોયા કરતો'તો. ત્યાર હોરી એક વાંદરી આવી, તે અહીં વાગેલું. અહીં આગળ કશું વાગ્યું હશે, લોહી નીકળેલું તે આ વાંદરું શું કરે ? આમ વાગેલાને આમ ખેંચ ખેંચ કરીને જો જો કરે એ, એ જાણે ચિકિત્સક હોય એમ. એ ચિકિત્સક સ્વભાવ. સમજ પડીને ?

**પ્રશ્નકર્તા :** હા, ચિકિત્સા.

**દાદાશ્રી :** આ શું છે ? શી રીતે ? શું થયું આ ? એ ચિકિત્સાવાળો હોય અને આ મનુષ્યો ચિકિત્સક હોય. આ ચિકિત્સક હોય અને પેલા ચિકિત્સાવાળા હોય. આમ પહોળું કરી કરીને જુએ, તે વાંદરું મરી જાય પછી. આ ચિકિત્સક સ્વભાવ એનો. આ શું છે ? એ વાંદરું દરેક વસ્તુ આમ ઉઘાડીને જોઈ લે, મહીં શું છે ? આ વાગતું હોય ને, તો એક દહાડો જોયું હોય ને, અહીં જોઈ ગયો હોય તો મહીં શું છે એ જોઈ લે. એનો ચિકિત્સક સ્વભાવ ! હવે આ બધી ક્યાંથી સમજણ લાવ્યા છે એ ?

**નીરુમા** (પ્રશ્નકર્તાને) **:** જુઓ ઓબ્ઝર્વેટરી દાદાની !

**દાદાશ્રી :** તે પણ વાંદર ઘા આમ ફાડી ફાડીને જુએ, તે પેલાને મારી નાખે બિચારાને. બૂમો પાડે તોય ફાડ ફાડ કરે. એ જાણે કે 'તું શું

કરવા બૂમ પાડે છે ? હું જોઉં છું, મને જોવા દે, મને આમાં સમજણ પડે છે ને !' જાણે ડૉક્ટર ! ડૉક્ટરની પેઠ કરે, મૂઆ. એટલે આપણા ગુજરાતીમાં કહેવત છે, કે 'વાંદર ઘા થયો છે આ માણસને.' એટલે ઘા દહાડે દહાડે વધ્યા કરે છે માટે મરી જવાનો. તેને 'વાંદર ઘા' કહેવાય. આપણા લોક શું કહે ?

**પ્રશ્નકર્તા :** વાંદર ઘા.

**દાદાશ્રી :** વાંદર ઘા. મારી નાખે મૂઆ, બધા વાંદરા ભેગા થઈને આમ ખેંચી ખેંચી ખેંચીને, આમ આમ જોઈ જોઈને...

**પ્રશ્નકર્તા :** પીંખી નાખે એ.

**દાદાશ્રી :** પાછળ થયું કે અહીં થયું હોય, પણ બધા આમ ઉઘાડી ઉઘાડીને જો જો કરે. પેલો 'ના' કહે, બૂમાબૂમ કરે, તોય પાછા એને આમ ટપલી મારે. 'જોવા દે અમને. આ નવું છે ને કંઈ જોવા દેતો નથી', કહેશે. પણ એમને ભાન નહીં ને, કે આ મરી જશે બિચારો. એવું આ જગત ચાલ્યા કરે છે. આ પોલું જગત છે. કેવું છે ?


**પ્રશ્નકર્તા :** પોલું.

**દાદાશ્રી :** પોલંપોલ. કોઈ સ્ટેડીપણું નથી.

## કલાકો બેસી રહે તે જોયા કરે, વાનર ડૉક્ટરીને

પણ એક વાંદરો આવ્યો, તે મેં જોયું, બે-ત્રણ જણે આવું ખેંચાખેંચ કરી, તે પેલીએ ચીસાચીસ કરી મેલી. એક વાંદરો આવ્યો ને, તરત જ આમ જોઈ અને થૂંક્યો એની પર. અને પછી તરત દોડ્યો. વાંદરો બહુ પાકો હતો. આખા ટોળાનો હેડ હોય ને, તે બહુ પાકો હતો, કે આ મારી નાખશે આ બઈને. આ એકલી વાંદરીને મારી નાખશે, એ સમજી ગયો. એકદમ જેવી રીતે એ ઊપડ્યો, તે ત્યાં સુધી મને કંઈ સંજ્ઞા સમજણ ના પડી, કે આ વાંદરો ક્યાં ગયો ? એ આપણને શું ખબર પડે ? ત્યારે મને થયું, સાલું, શું હશે તે આ, થૂંક્યો શું અને દોડ્યો શું ? ત્યારે મેં કહ્યું, બેસવા દો હવે. તે મને તો અઢી કલાક થયા, ત્યાં બેસી રહ્યો. અઢી કલાકે

એક હાથમાં લઈને આવેલો સામાન, કશાકના પાંદડા હતા ને કશુંક લઈને આવેલો. અને એક હાથમાં પાંદડા ને ત્રણ-ત્રણ હાથ-પગથી કૂદતો કૂદતો કૂદતો આવી અને પાંદડા તે મોઢામાં ચાવ્યા એણે પોતે પહેલા. ચાવીને પછી પેલીને ચોંટાડી દીધા આણે. પાંદડાં ચોંટાડ્યા પછી મેં જોયું કે વાંદરી કૂદતી'તી તોયે પડી જતું નહોતું. અને આપણે તો ખલ (પથ્થરની ખાંડણી) લઈને વાટ વાટ કરે તોયે કશું ભલીવાર નથી આવતો. જુઓ તો ખરા ! આ તો મેં બધા બહુ જાતના ખેલ જોયા.



મેં દુનિયામાં ખેલ જોવામાં જ કાઢ્યો છે વખત. આ મેં મારી જાતે જોયેલું. અને લોક કહે છે, કે 'ત્યાં ડૉક્ટરો નહીં રાખતા હોય ?' ત્યાં એમને ડૉક્ટર જોઈએ ? ત્યાં આગળ કુદરત ! જ્યાં ઈગોઈઝમ નામેય નથી. આ ડફોળોને ત્યાં ઈગોઈઝમના જ વેપાર સોદા ચાલુ કર્યા છે. કેવા ? શેના સોદા ચાલુ કર્યા છે ?

**પ્રશ્નકર્તા :** ઈગોઈઝમના.

## જોવા જેવી કુદરતની રમણીયતા

**દાદાશ્રી :** વાંદરાને આપણે કુતૂહલવૃત્તિથી જોઈએ, એને પ્રમાદ ગણાય છે. શું કહેવાય છે ?

**પ્રશ્નકર્તા :** પ્રમાદ.

**દાદાશ્રી :** ઉપયોગ રાખવાનો. શુદ્ધાત્મા જોઈ, અને બીજી ભાંજગડ નહીં કરવાની. પણ આ તો અમારેય કુતૂહલવૃત્તિ થઈ જાય છે. મને ખબર પડે ને, કે આ કુતૂહલવૃત્તિ થઈ. આ એક પ્રેક્ટિસ ખરી મહીં કુતૂહલવૃત્તિની. આ કૂતરાભાઈ આવ્યા હોય ને, તોય કહું, 'ક્યારના આવ્યા છો ? કેમનું ચાલે છે તમારે ?' એમ તેમ પૂછું જરા. 'સાસુ-સસરા શું કરે છે ?' એમનેય સાસુ-સસરા બધુંય હોય, ઓછા કંઈ કુંવારા છે ?

આ કુદરતને જુઓ તો ખરા ! શું રમણીયતા છે એની ! અમે જ્યાં જઈએ ત્યાં બધું અમને રમણીય દેખાય છે, પણ તે કોઈ ઉપર રાગ જ ના થાય. કુદરત રમણીય છે તે એટલી બધી, વસ્તુઓ બધી રમણીય છે. ફક્ત મનુષ્યો એકલા જ છે તે આવાં દેખાય છે. બાકી જાનવરો-બાનવરો, આ વાંદરા કેટલા રમણીય દેખાય છે. એક ફક્ત મનુષ્યો એકલા જ રમણીય નથી દેખાતા. આખો દહાડો હાયવોય, હાયવોય, હાયવોય ! મોઢા પર દિવેલ ચોપડીને ફરતો હોય, મૂઓ. મોઢા પર દિવેલ ચોપડે છે ! શું સમજ્યા તમે ? દિવેલ ચોપડેલું સમજ્યા ? આખો દહાડો વિચાર કર્યા કરે, આમ થઈ જશે કે તેમ થઈ જશે, આમ થઈ જશે, તેમ થઈ જશે. અલ્યા મૂઆ, વાંદરાને પૂછ ને, કે 'ભઈ, તારે ઘેર શું છે ? તારે સંસાર નથી ?' ત્યારે વાંદરો કહેશે, 'મારો સંસાર છે, છોડીઓ છે, છોકરાં છે, ધણી-ધણિયાણી બધું જ છે. તમે ડફોળ છો, અમને તો ભોગવતા આવડે છે.'

**પ્રશ્નકર્તા :** એ આનંદમાં રહે છે.

**દાદાશ્રી :** હા, આનંદમાં રહે છે અને કૂદાકૂદ કરે છે.

**પ્રશ્નકર્તા :** એટલું જોઈનેય સુધરતા નથી.

**દાદાશ્રી :** એટલું જોઈને સુધરતા હોય તોય સારું. એ કોઈને આ દવાખાને જવું પડે છે ?

**પ્રશ્નકર્તા :** કોઈ દિવસ નહીં.

**દાદાશ્રી :** આ વાંદરા, ટીખળી જાત, આપણે ને એમને કલાક ના ફાવે. એક કલાક એમની જોડે મેળ ખાતો હોય ને આમ આમ જો જો કરીએ ને, તો ચાળા પાડે. કલાક ના ફાવે આપણે એની જોડે. પણ એ બધા ભેગા રહે છે, તેમાં કેવી સુંદરતા લાગે છે ! બધા ભેગા રહી શકે છે, એડજસ્ટ થઈ શકે છે. આ વાંદરા એડજસ્ટ થઈ શકે છે, કૂતરા એડજસ્ટ થઈ શકે છે, ઘેટાં એડજસ્ટ થઈ શકે છે, બકરાં એડજસ્ટ થઈ શકે છે, પાડાયે એડજસ્ટ થઈ શકે છે અને આ માણસો એકલા જ એડજસ્ટ નથી થઈ શકતા. પાડા મારંમારા કરતા હોય તોય છેવટે એડજસ્ટ થઈને પાછા ભેગા રહે છે.

## ભેંસની જેમ આડાઈ ના કરશો, મનુષ્યો

આ અમારી પોળમાં હું છે તે બેઠો'તો, તે ઓટલે ખાલી બેસી રહેલો. આમ જરા નવરાશ મળે કે બહાર ઓટલે જરા બેસું. મને નિરીક્ષણ કરવાની ટેવ આખો દહાડોય, શું ચાલી રહ્યું છે તે. તે એક ભેંસને આમ ખેંચતા'તા આગળ, દોરડું મોઢે બાંધીને. તે જીભ નીકળી જાય એવું ખેંચે. બિચારીની આંખો આઘીપાછી થયા કરે. અને પાછળ એક જણ મારે, ત્યારે તો ભેંસ ખસે થોડી. ત્યારે મને થયું, 'હારું આ ખેંચે છે ને પાછા પાછળ મારે છે તો પછી ભેંસ કેમ ચાલતી નથી ? છે ભેંસ મજબૂત.' અને નબળી હોય તો મારે નહીં. ત્યારે મેં બે માણસ હતા ને એક ત્રીજો માણસ હતો ને, તેને મેં બોલાવ્યો. મેં કહ્યું, 'ભઈ, અહીં આવ જોઈએ.' તે અમથી બીડીઓ રાખી મેલું, તે દહાડે. મેં કહ્યું, 'લે, બીડી પી.' બીડી આપી પછી મેં કહ્યું, 'કેમ આ ભેંસને તું ખેંચું છું અને આ પાછળ મારે છે ? શું કરવા બિચારીને મારો છો વગર કામના ? આવું શું કરવા કરો છો ? એનું ગળું ખેંચાય છે, તું ધીમે રહીને ખેંચ ને, એને.' ત્યારે કહે છે, 'એને આવવું જ નથી. એ હઠે ચઢી છે, મારે આવવું નથી.' મેં કહ્યું, 'તારે ઘેર લઈ જવામાં આટલું બધું શું તોફાન ?' ત્યારે કહે છે, 'અહીંના દવાખાને લઈ જઉં છું, ભેંસને દવાખાને. એ કાલની ભડકી છે. હવે એને દવાખાને લઈ જઈએ તો આવવું નથી.'

**પ્રશ્નકર્તા :** દવાખાને લઈ જઉં પણ આવતી નથી.

**દાદાશ્રી :** આવતી નથી હવે. કારણ કે ભડકી ગયેલી. હવે ગયા વગર છૂટકો નથી. એ ખેંચીને જશે, માર ખઈને જશે, પણ ગયા વગર છૂટકો નથી. ત્યારે મેં કહ્યું, 'ભેંસને કહો ને, બેન, આવ્યા વગર છૂટકો નથી. માર ખાઈને આવીશ એના કરતા પાંસરી હેંડ ને, ઝટ.'

ગયા વગર છૂટકો નથી. તોય મૂઈ આડી થઈ ! આડી થઈ તો મહાઉપાધિ થશે. માટે આ તમનેય કહું છું, આડા ના થશો, નહીં તો ઉપરથી આ ખેંચશે, પાછળ મારશે, એ ભેંસ જેવી દશા થશે !

**પ્રશ્નકર્તા :** અને દવાખાને તો જવું જ પડશે.

**દાદાશ્રી :** જવું પડશે. એ ભેંસ વખતે એવું કરે, ભેંસ ના જાય, પણ આપણાથી એવું થાય ? આપણે માણસ થઈને જો કદી આગળ ખેંચે ને પાછળ મારે અને પછી જઈએ તેના કરતા તો મેલ છાલ, માર-બાર ખાયા પહેલા... એના પહેલા આગળ ચાલવા માંડ. આ ગળું તો ના ખેંચાય બળ્યું ! અને પાછળ મારેય ના પડે.

આ મેં જાતે જોયેલો દાખલો, હોં. આગળ ખેંચે અને પાછળ મારે. તોય ખસે નહીં આમ, જરાય ખસે નહીં. કારણ કે દવાખાને ગઈકાલે લઈ ગયા હતા ને, તે ભડકી ગયેલી.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એમાં શું ભડકવા જેવું છે, મૂઆ ? હેંડ ને, માર ખાવાનો, એના કરતા વળી હેંડ... ગયા વગર છૂટકો જ નથી, તો પછી માર ખાઈને કામ શું ? તો હેંડને ઝટપટ. ધણી કંઈ તારા વેરવી છે તે મૂઆ મારે આવું ?

આ દાખલો તમને ગમ્યો ?

**પ્રશ્નકર્તા :** હા, એ એક્ઝેક્ટ, ભેંસ દેખાય તો દાખલો ફિટ થઈ જાય.

**દાદાશ્રી :** આવા દાખલા હું જોઉં જરા !

## અગવડનું ફળ જ સગવડ માનો

મેં કહ્યું, કીમિયો મને જડી ગયો. મારું હારું આ કીમિયો ખરો ! માણસોય આવું જ કરે છે. આગળ દોરડું ખેંચે, પાછળ માર પડે તોય છોડે નહીં. અલ્યા મૂઆ, છોડ ને અહીંથી, સેફસાઈડ થઈ જાય. અગવડ નથી, એ તો સગવડ છે. દવાખાનું સગવડ છે કે અગવડ છે ?

**પ્રશ્નકર્તા :** સગવડ.

**દાદાશ્રી :** આપણા સારા માટે છે ને ? તપેલીને ફરી કલઈ કરીએ છીએ, તે ભઠ્ઠીમાં મૂકે છે તે અગવડ છે કે સગવડ ?

**પ્રશ્નકર્તા :** સગવડ. પણ પહેલા તપેલીને તપવું પડે એ અગવડ.

**દાદાશ્રી :** અગવડ કહે છે ને ! પણ જમીન પર મૂકીને થાય આમ આમ ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** તો પછી આ અગવડ તો સગવડ જ છે. અગવડનું ફળ જ સગવડ છે આ બધું. હવે આમ માની બેસીએ તો શું થાય ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** આવું માની બેસે તો હેરાન જ થાય ને !

**દાદાશ્રી :** ના, ઊંધી સમજણ, માની બેઠેલું નહીં આ. તે આ જે છે તે સત્ય છે તે સત્ય નથી સમજતા, ઊંધું સમજે છે. તે ભેંસની પેઠ માર ખાવો પડે. આગળ પેલો ખેંચે, પાછળ બીજો મારે. આનો ન્યાય કોણ કરે ?

**પ્રશ્નકર્તા :** અટકણ પડી ગઈને આ, અટકણ પડી ગઈ ?

**દાદાશ્રી :** નહીં, એને ખોટો ભય પેસી ગયો છે. અને કોઈ કાઢનાર નથી બિચારીને. તે ભેંસને ના નીકળે પણ આપણા લોકોને નીકળે કે ના નીકળે ? આપણે કંઈ ભેંસ જેવા છીએ ?

**પ્રશ્નકર્તા :** સમજવું પડે, દાદા, બરોબર. સમજણ આવવી જોઈએ સાચી.

**દાદાશ્રી :** હા, હું સમજણ આપું તો તમને ઊતરી જવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** અમને સમજણ આપનાર મળે ત્યાર પછી આવે ને ! પહેલેથી તો હોય જ નહીં. સમજણ આપનાર કોઈ મળે ત્યારે આ બધું થાય ને !

**દાદાશ્રી :** હા, ત્યારે નીકળે, નહીં તો નીકળે નહીં. પણ એ આપે ત્યારે આપણે હવે સમજી જવું જોઈએ, કે આપણે અગવડને દુઃખ માન્યું'તું, એ અગવડ એ દુઃખ નથી. તપેલી ફરી કલઈ કરવી હોય તો ગરમમાં મૂકવી પડે. ના મૂકવી પડે ?

**પ્રશ્નકર્તા :** મૂકવી પડે.

**દાદાશ્રી :** એમને કહીએ, કે 'જો ભઈ, એને અગવડ ના આપીશ.' તો એ પછી કલઈવાળો શું કહે ? 'લે, ત્યારે પાછી લઈ જા', કહેશે. જો ફરી કલઈ કરવી હોય ત્યારે ના મૂકવી પડે ભઠ્ઠીમાં ?

**પ્રશ્નકર્તા :** દાદા, મૂકવી પડે એ. અગવડ તો આવે જ ને !

**દાદાશ્રી :** અગવડ તો એ નહીં. અગવડ આવશે તો ફરી એની કલઈ થશે. પછી બાર મહિના નીકળશે પાછા. સગવડ પછી કોઈ અગવડ કરવાનું છે ?

**પ્રશ્નકર્તા :** ના, પછી કોઈ નહીં કરે.

**દાદાશ્રી :** અગવડ તો આપણે સગવડ થવા માટેનું સાધન છે. તાવ આવે ત્યારે કડવી દવા પીઈએ નહીં ને એને અગવડ માનીએ તો શું થાય, હેં ? તાવ આવે અને કડવી દવાને અગવડ માનીએ આપણે...

**પ્રશ્નકર્તા :** તો તાવ મટે નહીં, તાવ જાય નહીં.

**દાદાશ્રી :** તો એવું આ અગવડ તો સગવડનું મોટામાં મોટું સાધન છે. અમે તો કેટલાય વર્ષોથી સ્વીકાર કરેલો. જ્યારે જ્ઞાન નહોતું તોય અગવડને અમે સગવડ માનતા. અમે સમજી ગયા, કે આ તે મૂળ વસ્તુ આ ના હોય તો સગવડ કેવી રીતે રહે ?

## ફરજિયાત જાણી ખુલ્લા મને બજાવો ફરજો

ભેંસ તો માર ખાય પણ માણસે તો સમજવું જ પડે ને ! ગયા વગર છૂટકો નથી, તો આપણે કહીએ, 'રેડી છું, હું તૈયાર જ છું.' તો તે દહાડે મને આ દાખલો ગમ્યો. મેં કહ્યું, આથી માણસોએ છે તે આપણાથી કોઈને કહેવાપણું ના રાખવું જોઈએ. કારણ કે પાછળ માર ખાવો અને ખેંચામણ કરવી ને વળી પાછું જવું જ. તો જવાનું તો છે જ ફરજિયાત. આ બધી ફરજો એવી રીતે બજાવવાની છે. માટે ખુલ્લા મનથી, હસતા મોઢે જ ફરજો બજાવવાની, ના ગમતી હોય તેય.

જ્યાં આપણી પરવશતા હોય, ત્યાં ખેંચવાનો વખત આવવા જ શું કરવા દેવો ? જગત એટલે પરવશતાનું સંગ્રહસ્થાન. કારણ કે પરવશતા એટલે શું, કે આપણા જે કર્મો છે તે કર્મના આધીન જ આપણે ચાલવું પડશે. એટલે કર્મ એટલે શું ? ત્યારે કહે, સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. લોકો આમ આ કહેવા આવે, પેલું કહેવા આવે, આમ નથી કરતા, તમે કેવું કરો છો ? ઊલટું આપણા ઘરના પૈસા ખર્ચીને ડફળાવે એ લોકો બહારના, એવો વ્યવહાર કોણ કરે તે ? એના કરતા પહેલેથી જ ના ગમતું હોય તોય ફરજિયાત કરી નાખવું.

## લોકોને આવો દાખલો લેતા ન આવડે

તે પેલા આગળથી ભેંસને ખેંચે, પેલા પાછળથી મારે અને પાછું જવું તો પડે જ છે. એવું મનુષ્યોએ ના કરવું જોઈએ, આપણને વ્યવસ્થિત ખેંચે તેના કરતાં આપણે તો વ્યવસ્થિત કહેતા પહેલા તૈયાર. ફાંસીની સજા થતી હોય તોય તૈયાર આપણે. કારણ કે વ્યવસ્થિત જ્યારે ત્યારે ફાંસીએ લટકાવશે એની મેળે. તો વળી ખેંચીને, માર ખાઈને કરવું, એના કરતા આપણે સીધી રીતે કરવું એ શું ખોટું ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે, દાદા.

**દાદાશ્રી :** આ દાખલો ગમ્યો તમને ?

**પ્રશ્નકર્તા :** બહુ ગમ્યો.

**દાદાશ્રી :** તે ભેંસ જુઓ ને, બિચારીને ખેંચે, ગળું તણાય, પાછળ માર મારે તોય જવું પડે છે, ત્યારે સીધી રીતે જાને, બેન.

**પ્રશ્નકર્તા :** પણ એવું તો ઘણું જોયું જિંદગીની અંદર, કે જે કમને આપણે કરવું જ પડે.

**દાદાશ્રી :** હા, કરવું પડે.

**પ્રશ્નકર્તા :** તો શું કામ ન કરવું પછી ?

**દાદાશ્રી :** તે પહેલેથી શા માટે રાજીખુશીથી ના કરવું ? ફાંસીએ ચડવું હોય તોય રાજીખુશીથી ફાંસીએ કેમ ના ચડીએ ? તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** આ જો ભેંસ સમજતી હોય તો આપણે ના કહીએ, કે બેન, આ ખેંચાય છે, માર ખાવો પડે છે, એના કરતા સીધી રીતે જાને અહીંથી. તારે આગળ, ખેંચાઈનેય જવાનું છે, તો ખેંચતા પહેલા જ્યાં ખેંચી લઈ જાય ત્યાં જવું આપણે.

**પ્રશ્નકર્તા :** એણે કહેવું જોઈએ, કે 'ચાલ, હું આવું છું.'

**દાદાશ્રી :** 'ચાલ, હું આવું છું' એમ. તે આ લોક ખેંચાઈને જાય છે. શું કરે છે ?

**પ્રશ્નકર્તા :** ખેંચાઈને જાય છે.

**દાદાશ્રી :** એટલે મને તે દહાડે થયું, ખરો દાખલો આ. પણ લોકને દાખલો લેતા ના આવડે ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** લોક તો જુએય નહીં. 'એ તો એની ભેંસને મારતો હશે, આપણે શું ?' કહેશે. અલ્યા મૂઆ, નથી ભેંસને મારતો. જુઓ તો ખરા, મહીં એની પાછળ વિજ્ઞાન છે !

**પ્રશ્નકર્તા :** ના, એ કહે કે એ તો ભેંસ તો હોય જ આવી.

**દાદાશ્રી :** આવી જ હોય.

**પ્રશ્નકર્તા :** પણ આપણે એવા છીએ, એવો એ વિચાર ના કરે.

**દાદાશ્રી :** એવો વિચાર ના કરે.

## ભેંસના દાખલે કર્મફળના સ્વીકારનો સિદ્ધાંત આપ્યો

ભેંસનો દાખલો કામ લાગે કે ના લાગે, શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** બહુ કામ લાગ્યો, આ દાખલાથી તો મને લાગે છે કે બધાને સમજાઈ જાય. બધાને સમજાઈ જાય એવો છે દાખલો.

**દાદાશ્રી :** દાખલો કેવો સરસ ભેંસનો ! આગળ ખેંચે, પાછું પાછળ મારે, મને લાગ્યું વિચિત્ર. મેં કહ્યું, 'છે શું હારું આ ?' એટલે મારો સ્વભાવ કેવો ? દરેકમાં હાથ નાખવાનો, દરેક વિશે વિચારવાનું, દરેક વસ્તુ જોવાનું, ડિટેલમાં ઊતરવાનું. આપણે કંઈ એકલી ચા પીવા નથી આવ્યા. ચા તૈયાર હોય તો પી લેવાની. નહીં તો એવી ભાંજગડ-બાંજગડ નહીં. પણ આ બધું કરવાનું, જોયા કરવાનું. ટાઈમ બગાડાય ? મનુષ્યનો અવતાર મળ્યો ! મારે કરોડો ભેગા કરવા નહોતા, અને જેને ભેગા કરવા હતા, તે તો મેં જોયા બધાને ભેગા કરેલા ! કરોડો ભેગા કરવા'તા ને, એ લોકોને ઓળખ્યા, મેં જોયા બધા. મહીં સવારે કહેતો'તો ને પેલો ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** શું કહેતો'તો ?

**પ્રશ્નકર્તા :** છેલ્લી ગોળી મારી લઉં (છેલ્લો પ્રયત્ન કરી જોઉં) એમ. પણ બધુંય ક્લિન... બધું સાફ થઈ ગયું છે.

**દાદાશ્રી :** આવું છે જગત. એના કરતા મેં એ વિચાર જ નહીં કર્યો, લાખો-કરોડો ભેગા કરવાનો ! એ લોભ જ નહોતો ને, મને મૂળથીયે નહોતો.

આ ભેંસનો નજીવો દાખલો છે ને ? કોણ જોયા કરે આવું ? આ જતું હોય, એને કોણ જોયા કરે ? કોણ અક્કલવાળો એવો હોય કે આવું જોયા કરે ? કોઈ જુએ નહીં, નહીં ? શાથી મારે છે પાછળ, આગળ કેમ ખેંચે છે, એ સ્ટડી કરેલો બધો અમે.

## સ્ટડી કરે બિલાડીના ધંધાનો પણ એમાં ડખો ન કરે

એટલે આવું દરેક વસ્તુ સ્ટડી કરવાની ટેવ પહેલેથી, સ્વભાવ જ એવો. ધંધાની કંઈ બહુ પડેલી નહીં. બિલાડી હારુ તો ત્રણ-ત્રણ કલાક બેસી રહેતો'તો. આ બિલાડી ક્યાં જાય છે, શું કરે છે, ક્યાંથી શું લાવે છે ? તે બિલાડી ઘરમાંથી નીકળે એટલે હું જાણું કે અહીં વ્યાવાની (વિયાવાની) છે એ પોતે. કારણ કે બહુ ઘાલમેલ કરે ને, ત્યાંથી સમજી જઉં. એટલે હું હીરાબાને કહું નહીં, નહીં તો મને કહે, 'કાઢી મેલો અહીં આગળથી', હું ક્યાં ભાંજગડ કરું આ ? તમારે કરવું હોય તો ઘર તમારું, મારે શું ? હું તો મહેમાન છું અહીંયા આગળ.

તે પછી વિયાઈ જાય, તે રોજ છ-સાડા છએ નીકળે. અને સાડા સાત-પોણા આઠ વાગે એટલે એક ઉંદરડી આટલી લઈને આવે મોઢામાં દરરોજ, અને એના બે બચ્ચાં હોય ને, તેને ખવડાવે, નિરાંતે જમાડે. કારણ કે બધું કાંઈ ધાવણ ઓછું આવે છે ? એટલે ખવડાવે બિચારી. ત્યારે હું વિચાર કરું કે ઓહો ! આ બધા પુરુષાર્થીઓ મૂઆ અહીંથી અમેરિકા સુધી કમાવા જાય છે ને પછી પાછા આવે છે ચક્કરો, અને આ બિલાડી રોજ એનું ખાવાનું લઈને આવે છે, એને કેવી રીતે ભેગું થતું હશે ? એનામાં બુદ્ધિ છે નહીં, હારું આ કેમનુંક ચાલતું હશે ? અને આ બુદ્ધિશાળીઓ અથડાઈ અથડાઈને મરી ગયા. એ રોજ એના બચ્ચાં માટે ખોરાક લઈને આવે. આ તે કંઈ કોઠીમાં ભરેલું છે આ ? આ લોકો કોઠીઓ ભરે છે તોય બરકત નથી આવતી.

એટલે બિલાડી સાંજે છ-સાડા છએ બહાર નીકળે ત્યાંથી હું સમજી જઉં કે હમણે કશુંક લઈને આવશે. એટલે મોટો ઉંદરડો તો ના લાવે. જે અનુભવી ઉંદરડા હોય ને, તે તો બિલાડીના ઘાટમાં જ ના

આવે ને, કે જે અનુભવી, એક્સપિરિયન્સ્ડ થયેલા હોય મહીં. આપણે અહીં એક્સપિરિયન્સ્ડ માણસો છેતરાતા નથી ને ? અન્એક્સપિરિયન્સ્ડ છેતરાય ને ! એવા અનુભવી ઉંદરડા ખરા. એ તો એને આ ગણહારો દેખે ત્યાંથી જ ચૂપ. પણ પેલી ઉંદરડીઓ ઘાટમાં આવી જાય બિચારી. તે પાછી મોઢામાં ઘાલી અહીં લઈને આવેલી હું દેખું રોજ. એ લાવીને પછી બચ્ચાંને આપે. એવું સતત હું જોતો'તો, સતત ઉંદરડી લાવતી'તી. ત્યારે એ ઉંદરડીઓ એને માટે કોણે ગોઠવી ? આ ટાઈમ કોણે ગોઠવ્યો ? તમને સમજાય છે આ બધું ? આ કુદરતની ગોઠવણી છે, લીલા જ છે કુદરતની. અને પછી એના બચ્ચાંને આપે. તે બચ્ચાં ખાય, કો'ક દહાડો ભૂખેય મરે, પણ બનતા સુધી તો એમને મળી આવે. તેથી તો ઉંદર ને ઉંદરડીઓ વધારે હોય છે બળી. આ કંઈ બિલાડીઓ ઓછું દાળ-ભાત ઉપર પડી રહી હોય છે ? એમનો ખોરાક તો ખરો જ.

હવે એને આ અક્કલવાળા શું કરે ? ઉંદરની પાછળ જો બિલાડી દોડતી હોય, આ ઉંદરને બિલાડી મારવા જતી હોય તો બિલાડીને મારે એક સાણસી, તે બિલાડીનો પગ ભાંગી નાખે. એ શેના જેવું છે, કે તમે ધંધો કરવા જતા હોય અને તમને ત્યાં આગળ મારે, એના જેવું. એ એનો ધંધો કરે છે. એના છોકરાંને ખવડાવવા ના જોઈએ બધું ? બિલાડીને એના છોકરાંને ખવડાવવા ના જોઈએ ? તેમાં રસ્તે જતા તમે શું કરવા એ કરો છો ? પેલો કૂતરો છે તે બીજા કૂતરાને મારતો હશે, તે એનો ગુનો હશે તો મારતો હશે, તેમાં વળી તમે શું કરવા ડખલ કરો છો ? હું તો એવા લઢતા હોય ને, તે જોઈને પછી ચાલ્યો જઉં, હું એમાં ડખો ના કરું. બે ભઈઓય લઢતા હોય તો, હું જોઈને ચાલ્યો જઉં. એ તો સહુસહુનો હિસાબ છે એ બધાનો, એ ચૂકવે છે. એ કહે, કે તમે ઊભા રહો ને મને હેલ્પ કરો, તો આપણે ઊભું રહેવું. એ કહેતો નથી, એ કૂતરાએ તમને કહેલું ? હેં ? પેલું નાનું કૂતરુંય બોલ્યું નહીં ?

**પ્રશ્નકર્તા :** કોઈ નથી બોલ્યું. પેપરમાં વાંચીએ છીએ, બે માણસો લઢતા હોય, તે પેલો બિચારો જોયા કરે કે હાળું આ ખોટું થાય છે, તે

પેલો છોડાવવા જાય એ જ મરી જાય છે ! અત્યારે એવા ઘણા કિસ્સાઓ પેપરમાં વાંચીએ છીએ.

**દાદાશ્રી :** હા, માટે ચેતીને ચાલજો.

## બિલાડીના દૃષ્ટાંતથી સમજાવે માયાની સિમિલિ

એક વાર આવડી માટલી હતી ને, એની મહીં દહીં હતું. તે આવડું એનું મોઢિયું. તે બિલાડીએ મહીં જોયું. બિલાડી શું કરે ? તે ઘડીએ એના પ્રયત્ન શું કરે ?

**પ્રશ્નકર્તા :** મોઢું અંદર નાખવા પ્રયત્ન કરે.

**દાદાશ્રી :** હા, પ્રયત્ન કરે. આ બિલાડીને દહીં-દૂધ ખાવાની ટેવ હોય ને, તે પહેલા આવડી નાની માટલીઓમાં છે તે દહીં કરતા'તા. તે બિલાડી શું કરે ? એમાં મોઢું ઘાલે, જોશથી ઘાલે, ચાખવા હારુ. કારણ કે એને સુગંધ આવી. સુગંધ આવી એટલે સમજી ગઈ કે મહીં છે, અને હવે છોડે એ બીજા, અને કોઈ છે નહીં આજુબાજુ. હવે જોશથી મોઢું ઘાલે. તે જોશથી ઘાલતી વખતે સ્ટ્રેન્થ થાય, પણ પાછું ખેંચવું એ સ્ટ્રેન્થ ના થાય. એટલે પછી માટલી લઈને ફર્યા કરતી બિલાડીને મેં જોયેલી. મેં કહ્યું, ધન્ય છે બા, તે તો ખરું કર્યું આ ! આવી ગયો ટેસ્ટ ? શિખંડ ખાધો તે. લોક દહીં ખાય, પણ તેં તો શિખંડ ખાધો.

મહીં એમાં મોઢું ઘાલ્યું ને, તે થોડા સારુ બાકી રહેતું હોય તો ધક્કો મારીને પણ ચાટે કે ના ચાટે ? હવે ધક્કો મારીને ચાટ્યું તો ખરું, પણ પાછું શી રીતે નીકળવું ? કારણ કે પાછી નીકળવાની સ્ટ્રેન્થ શરીરમાં હોતી નથી. ધકેલવાની સ્ટ્રેન્થ હોય છે. શું હોય છે ?

**પ્રશ્નકર્તા :** હા, ધકેલવાની.

**દાદાશ્રી :** પાછું શી રીતે નીકળવું, એટલે ફસાયા ભઈ. અને હવે એને જે દેખાતું'તું, તે બંધ થઈ ગયું એનું નામ માયા !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ બિલાડી ધારો કે એ ફોડી નાખે અને

માથું બહાર કાઢે અને કાઢ્યા પછી પણ ચાર-પાંચ દહાડા પછી ફરી પાછું એવું જ કર્મ કરે.

**દાદાશ્રી :** ફરી એવું જ કરે. હા, એનું નામ જ માયા ને !

**પ્રશ્નકર્તા :** તમે કહો છો ને, 'હું ચંદુભાઈ' એ જ માયા ! 'હું ચંદુભાઈ છું' એ જ માયા મૂળ !

**દાદાશ્રી :** એ જ માયા, બીજી કઈ વળી ? પણ ના, તેય માયા નથી. હું કહી શકું છું ને, 'હું અંબાલાલ છું' છતાં માયા નથી. 'હું કોન્ટ્રાક્ટર છું' છતાં માયા નથી. 'હું કોઈનો દાદો થઉં છું' છતાં માયા નથી. માયા તો એ અજ્ઞાનતા છે, વસ્તુ માયા નથી.

હવે બિલાડીનું પછી શું થયું ?

**પ્રશ્નકર્તા :** અંદર ડોકું નાખ્યું.

**દાદાશ્રી :** દર્શનમોહ થયો. એટલે હવે રસ્તો જડે નહીં, તે આમ ફરે, આમ ફરે. પગ તો ચાલે, એને ચાલવાની શક્તિ છે, પણ કઈ દૃષ્ટિએ ચાલે ? દૃષ્ટિ તો દહીંમાં રહી ! એટલે લાચારી અનુભવે. અને એ જ માયા ! એવી લાચારી આ મનુષ્યો, જીવમાત્ર અનુભવી રહ્યા છે. દહીં ખાવા ગયા. શું ખાવા ગયા'તા ?

## ઘણાંની માટલીઓ ફોડી આપી

મેં તો એક બિલાડીને એવું થયેલું, તે ફોડી આપ્યું હતું બળ્યું. કોણ છોડાવી આપે એને ? બીજું બિલાડુંય શી રીતે છોડાવી આપે પણ એને ?

**પ્રશ્નકર્તા :** આ બધી બિલાડીઓના માટલા ફોડી આપ્યા ને !

**દાદાશ્રી :** ના, એવું બિલાડીઓ કેમ કહેવાય, એ તો ભગવાન કહેવાય !

તમે જોયેલી નહીં હોય બિલાડી, નહીં ?

**પ્રશ્નકર્તા :** આ બધું જોઈએ જ છીએ ને !

**દાદાશ્રી :** આ કહેતાની સાથે વિચારમાં, દર્શનમાં આવે એટલું. મેં તો જાતે જોયેલી. હું ખોળું આવું ગતકડું, કંઈ ગતકડું છે કોઈ જગ્યાએ ? આમાં જ્ઞાન છે ને ! શા માટે આવું કર્યું આ બિલાડીએ ? આ જંજાળ શું કામ બિલાડીએ વળગાડી ? દાબીને ઘાલ્યું મહીં, તે લાલચ પણ. હવે દરેક જીવની શક્તિ શું છે ? ત્યારે કહે, ધકેલવાની શક્તિ છે, ખેંચવાની શક્તિ નથી. તે એક મોટી અજાયબી છે આ તો.

**પ્રશ્નકર્તા :** દાદા, આ તો રૂપકમાં બહુ મોટી વાત કીધી. હવે અમારે માટલીઓ અમારી જોવી પડશે. અમે બધા માટલીઓ લઈ લઈને જ ફરીએ છીએ. આ રૂપકમાં તો બહુ મોટી વાત કરી આપે.

**દાદાશ્રી :** અરે, ફરે જ છે ને પણ. ફરે જ છે ને, હું જોઉં છું ને ! ઘણાની તો મેં માટલીઓ ફોડી નાખેલી. ત્યારે શું કરે બિચારો ? કંઈ લઈને ફર્યા કરે ? આંખે દેખાય નહીં.

## ટીખળી સ્વભાવ, તેથી આ બધું જડેલું

હું તો ટીખળી હતો, તેથી મને આવું જડી આવે. ના હોય તો કો'ક મને દેખાડવા આવે. 'એ હેંડો કહેશે, મારે ત્યાં...' ટીખળી હતો તેથી ! તમારે ટીખળી થવું પડે એના માટે. ના થવું જોઈએ આપણે ?

**પ્રશ્નકર્તા :** થવું જોઈએ. ટીખળ વગર જીવનમાં આનંદ ના આવે. એટલે એ માટલી તમે જે જોઈ, એવા કેટલા માણસોની માટલી ફોડી ?

**દાદાશ્રી :** એના નંબર નહીં કહું પણ ફોડી છે ખરી મેં. નંબર નહીં કહું, પણ માટલી ફોડી અને એ દેખતા થયા ને 'હવે ફરી નહીં ઘાલું' એવો એને અનુભવ થઈ ગયો. એ આનો અનુભવ થયા પછી એ ના ઘાલે.

**પ્રશ્નકર્તા :** તમે કહો છો ને, ટીખળી હતા, પણ અત્યારે તો છો જ ને, ક્યાં નથી ?

**દાદાશ્રી :** હું ટીખળી છું જ ને, ક્યાં નથી ? મારો પુરાવો જ છે ને ! હાજર છે ને ! પણ મારું કહેવાનું, ટીખળી સ્વભાવ ને, તેથી આ

જડેલું બધું. અને વેદિયો એકલું ભણ ભણ કરવાની દાનતમાં હોય. વેદિયો શબ્દ આપણે ત્યાં કહે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** અમારે પહેલેથી નિરીક્ષણ કરવાની ટેવ. તે નિરીક્ષણ કરવા માટે પચીસ રૂપિયા બગાડુંય ખરો. નાનપણમાં અમે આ બધું બિલાડીનું નિરીક્ષણ કરેલું. હું જાતે દહીંનું વાસણ મૂકી છાનોમાનો જોયા કરું. દહીં બગડે એની પડેલી જ નહીં. પણ જોવા ને જાણવા તો મળે ને ! આ તો આવી પ્રત્યક્ષ ફસામણ જાણ્યા છતાં પાછો ફસાય એવો મૂરખ કોણ ? આ બિલાડીને કેવું કે એક વખત મોઢું ફસાયું હોય છતાં પણ ફરી દૂધનું વાસણ જુએ ને, પછી ભૂલી જાય ને છોડે નહીં ને પાછી ફસાય. પછી તે બહુય પસ્તાય. પણ ફસાયા પછી શું થાય ? આ એક વાર ફસામણ થઈ ગઈ હોય, તે પછી તેને યાદ રહેતું હશે કે આવું ફરી નહીં કરાય ? ના, એ તો શિક્ષા કરી હોય તોય ભૂલી જાય. આ માણસો ભૂલી જાય છે, તો પછી જનાવરનું શું ગજું ?

અમે જાતે આ બધું નિરીક્ષણ કરેલું છે. હા... ત્યારે લોકો શું કહે, 'બિલાડીને શું જો જો કરો છો ?' મેં કહ્યું, 'એ હું મારી સમજણ જોયા કરું છું.' અરે, એનો સ્ટડી તો જોવો જોઈએ કે આ શું કરે છે, શું નહીં. ત્યારે કહે, કોણ આ બિલાડીનો સ્ટડી કરે ? ત્યારે કહે, જેને ધંધાની જોડે નિસ્બત નથી. આ બધા ભૂતા વળગેલા ના હોય ને, તેને આ બધું મન છૂટું હોય. કેવું હોય ?

**પ્રશ્નકર્તા :** હા, એનું મન છૂટું હોય.

**દાદાશ્રી :** એટલે અમારે તો દરેક બાબતમાં આવું બધું તપાસવાની ટેવ, હરેક બાબત તપાસવાની.

## કીડીના નિરીક્ષણે ચેતવે લોભી અને સંગ્રહખોરને

**પ્રશ્નકર્તા :** દાદા, તમે તો કીડીનું પણ નિરીક્ષણ કરતા હતા ને ?

**દાદાશ્રી :** હા, આ કીડીઓ ચાર વાગ્યાની ઊઠી, આપણે ચા પીતા

હોય ને, ત્યાં ખાંડ પડી હોય તો લઈ જાય. અરે, તારે છોડીઓ પૈણાવાની નથી ને શું કરવા આ ભાંજગડ કરે છે અત્યારે ?

**પ્રશ્નકર્તા :** હા, ચાર વાગે ઊઠીને.

**દાદાશ્રી :** આ શી ભાંજગડ આટલી બધી, સવારમાં વહેલા ઊઠીને ? કારણ કે લોભ છે, લોભ. ભયંકર લોભ, જબરજસ્ત લોભ ! હવે લોભ તો ઊંઘવા જ ના દે ને કોઈને. લોભ એનું નામ કે ઊંઘવા જ ના દે.

**પ્રશ્નકર્તા :** ઊંઘવા જ ના દે તેનું નામ લોભ ?

**દાદાશ્રી :** હા. એટલે જો કીડીઓ સવારમાં ચાર વાગે ફરતી હોય ને, એ આ ખાંડ લઈને ગઈ. હવે એ શું ખાંડ ખઈ જવાની છે ? ત્યારે કહે, 'ના, એક ચટકો મારી ને મૂકીને પછી પાછી બીજી લેવા દોડે.' જરાક ચટકો મારી, લઈ જાય ખરી. પણ ઊંચકાય નહીં તોય ઊંચકીને લઈ જાય ને...

**પ્રશ્નકર્તા :** જી.

**દાદાશ્રી :** એક સહેજ ચટકો મારીને પછી મૂકી દે સ્ટૉકમાં. તે સ્ટૉકમાં આટલુંક થયું હોય. બધી કીડીઓ લાવે ને, એમાં બાજરી હોય, ચોખા હોય, ખાંડ હોય. ખાંડના દાણા વધારે હોય જરા. પછી તલ હોય, બીજું બધું મહીં ભેળસેળ હોય. આ શાને માટે ભેગું કરે છે ? 'કોઈ વખત વરસ ખરાબ આવે, બે-ત્રણ વર્ષ, તો આપણે શું કરીએ ?' કહેશે. પણ ખરાબ વરસ આવતા પહેલા જ પેલા બે ઉંદરડા પેસી જાય ને, તે આખું સફાચટ ! બે ઉંદરડા પેસી જાય, તે કશું રહેવા દે કે ?

**પ્રશ્નકર્તા :** ના રહેવા દે.

**દાદાશ્રી :** કેમ ના રહેવા દે ? એનું નામ આ જગત ! તારે ભેગું કરવું હોય તો કર, ત્યાર હોરા બે ઉંદરડા પેસી જશે. તે હડહડાટ બધું સાફ કરી નાખે. આટલું આટલું નાણું મુંબઈમાં આવ્યું, ક્યાં ગયું ? ત્યારે કહે, બધું ધર્માદામાં ગયું ? ત્યારે કહે, ના, ધર્માદામાં ચાર આના ખર્ચવાના મળ્યા નહીં. અને આમાં ગટરમાં જ ગયું બધું, હડહડાટ. શામાં ગયું ?

**પ્રશ્નકર્તા :** ગટરમાં.

**દાદાશ્રી :** ગટરમાં ગયું બધું.

**પ્રશ્નકર્તા :** તે દાદા, આ મોજશોખની અંદર ને આ બીજે જે પૈસા ખર્ચાય, તે બધા ગટરમાં જ કહેવાય ?

**દાદાશ્રી :** બધુંય ગટરમાં. જે આવતે ભવ કામ ના લાગે એ બધું ગટરમાં. જેનો આવતા ભવનો ઓવરડ્રાફ્ટ ના નીકળે, એ બધુંય ગટરમાં ગયું. આ લોકોને જમાડ્યા હોય, નહીં લેવાદેવાવાળા લોકોને જમાડ્યા હોય તો એ એટલો થોડો ઓવરડ્રાફ્ટ મળ્યો.

## પોતાની શંકાને પોતે જ નિરીક્ષણ કરી સમાધાન મેળવે

આ મેં બહુ જ નિરીક્ષણ કરેલું છે. જ્ઞાન થતા પહેલા બહુ જ નિરીક્ષણ કર્યા પછી જ્ઞાન થયું છે આ અમને. એમ ને એમ નથી થયું.

પહેલા જ્યારે જ્ઞાન નહોતું ત્યારે અમને એવા વિચાર આવતા'તા, કે આ વર્ષ દહાડોય કો'કની, લોકોની ગોઠવણી જ છે આ. વર્ષ, દિવસ એ લોકોની ગોઠવણીનું જ કામ છે. આ દિવાળી પણ એમના વિકલ્પથી ગોઠવેલી છે. જો આ ત્રણ ઋતુઓ જ એનું કારણ હોય, તો એમના વિકલ્પથી આ ગોઠવેલું લાગે છે. ઋતુઓ તો આવ્યા જ કરે. ઋતુઓનો સ્વભાવ એ તો બદલાયા જ કરે હંમેશાં પણ તેથી કરીને વર્ષ દહાડો થયો, એમ કેમ નક્કી થાય ? એટલે પછી અમે બધો વિચાર કર્યો, કે ગઈ સાલ છે તે જેઠ મહિનામાં આંબે કેરીઓ મળતી'તી અને આ સાલેય જેઠ મહિનામાં મળે છે. આમ ઘણાંખરાં ઝાડ બાર મહિને ફળે છે. એટલે આ જગતનું એક એસેન્સ છે તે બાર મહિના છે. બીજું એસેન્સ, મહિનો છે. મહિનો શા હિસાબે, કે પંદર દહાડા છે તે ચંદ્ર હોય છે અને પંદર દહાડા નથી હોતો. અને પછી પાછો ફરી ચંદ્ર દેખાય. એટલે આ મહિનો એસેન્સ છે.

આ બધું અમે બહુ વિચારી રાખેલું. આ તો બધા બહુ ફેઝ જોઈ લીધા, પછી હું આમાં પેઠો. નહીં તો મનેય પહેલા શંકા પડતી'તી, કે

આમ કેમ હોય ? પણ બધું નિર્માણ થયેલું. ત્યાર પછી સમાધાન થયું. એટલે પહેલા મને એમ લાગતું કે આ લોકોએ ઠોકી બેસાડેલું છે. પણ ના, ઠોકી બેસાડ્યું નથી. ધીસ ઈઝ બટ નેચરલ (આ કુદરતી છે). પછી લોક પાક્ષિક કહે છે ને, તે માનવું કે નહીં ? ત્યારે કહે, હા, પક્ષેય માનો. કારણ કે પંદર દિવસ ચંદ્ર છે તે વધતો-ઓછો થયા જ કરે છે. એ જોવામાં આવે જ છે. અને પંદર પૂરા થાય છે કે નવી જ જાતનું ઊભું થાય છે. માટે પક્ષ માનો. અઠવાડિયાને માનવું કે ના માનવું ? ત્યારે કહે, એ ઈફેક્ટિવ છે. આ જે સાત વાર છે તે પંદર વાર નથી રાખ્યા, એની પાછળ કારણ છે, કોઝીઝ છે. સાત વાર એ બદલાયા જ કરે નિરંતર.

અત્યારે તો આ ચોવીસ કલાકનો દિવસ એ બરોબર, પદ્ધતસર છે બધું. એટલે આ જે વ્યવહાર કાળ છે એ વિકલ્પ નથી. છે વિકલ્પ પણ નેચરલ વિકલ્પ છે, મનુષ્યનો વિકલ્પ કરેલો નથી.

કલાક, મિનિટ, સેકન્ડ બધું પદ્ધતસરનું છે. એના પરથી ઘડિયાળ બનેલા. ત્યારે ઘડિયાળ રોંગ હોય છે કંઈ ? એય બરોબર એડજસ્ટમેન્ટ છે. પછી એના ઉપરથી આપણે બીજા સાધન ઊભા કરેલા. પેલી કાચની શીશી કાઢે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, સામાયિક કરવાની.

**દાદાશ્રી :** હા, તે આટલી મિનિટમાં રેતી પડી જાય તો આપણે જાણવું કે આપણું આવી ગયું. એવું જ ઘડિયાળેય તે જ છે બધું. એનું વહેણ જોઈ લીધું ને, વહેણ ઉપરથી કેટલો ટાઈમ જાય છે, આ ઘડિયાળેય વહેણ જ છે. એટલે આ બધું બહુ સમજણપૂર્વકનું છે.

## આવરણ તૂટતા કેટલાય અવતારનું પૃથક્કરણ હાજર થયું

મેં તો બહુ પૃથક્કરણ કરી નાખેલા, એટલા બધા પૃથક્કરણ કર કર કર્યા છે. કારણ કે આ બધા પૃથક્કરણ વગર આ બધાને દવા પહોંચે શી રીતે ? હું દવા આપું તે પૃથક્કરણવાળી જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** હા, પૃથક્કરણવાળી જોઈએ.

**દાદાશ્રી :** આ તો બધી મેં પૃથક્કરણ કરેલી વસ્તુઓ છે, ને તે આ એક અવતારની નથી. એક અવતારમાં તો આટલાં બધાં પૃથક્કરણ થાય ? એંસી વર્ષમાં કેટલાંક પૃથક્કરણ થાય તે ? આ તો કેટલાંય અવતારનું પૃથક્કરણ છે, તે બધું આજે હાજર થાય છે.

**પ્રશ્નકર્તા :** આટલા બધા અવતારોનું પૃથક્કરણ એ અત્યારે ભેગું થઈ કેવી રીતે હાજર થાય ?

**દાદાશ્રી :** આવરણ તૂટ્યું એટલે. મહીં જ્ઞાન તો છે જ બધું. આવરણ તૂટવું જોઈએ ને ? સિલકમાં જ્ઞાન તો છે જ, પણ આવરણ તૂટે એટલે પ્રગટ થઈ જાય !

## દરેક ફેઝમાંથી પસાર થયા ને તેનો ઉકેલ લાવ્યા

બધા જ ફેઝીઝનું જ્ઞાન મેં ખોળી કાઢેલું. દરેક ફેઝીઝમાંથી હું પસાર થયેલો છું અને દરેક ફેઝનો એન્ડ મેં લાવી નાખેલો છે. ત્યાર પછી જ્ઞાન થયેલું છે આ.

**પ્રશ્નકર્તા :** દાદા, તમારા જેવું નિરીક્ષણ-પૃથક્કરણ નથી થતું.

**દાદાશ્રી :** એવું અમારી જોટે ન થાય એ સ્વાભાવિક છે. પણ એના જેવું કંઈક ભાવના થાય તોય બહુ થઈ ગયું. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** આ દુનિયામાં કોઈ એવી જગ્યા નથી કે હું ન ફર્યો હોઉં. દરેક પરમાણુ જોઈને ફર્યો છું. કારણ કે કેટલાય અવતારથી શોધખોળ કરતો હતો કે આ મોક્ષે જવાનો ખરો રસ્તો, સરળ રસ્તો કયો ? ત્યાગ-બ્યાગ કરવાનું કેમ પોસાય ? પૈણ્યા આપણે, પ્રૉમિસ કર્યા પછી આપણે બૈરાં-છોકરાંને છોડીને જતા રહેવાનું, દગો ના કહેવાય ? દગો કહેવાય ને, પૈણ્યા પછી મૂઓ નાસી જાય તે ?

**પ્રશ્નકર્તા :** દગો જ કહેવાય.

**દાદાશ્રી :** તો આ સાધુ ઘણાંખરાં પૈણ્યા પછી નાસી ગયેલા. અને પત્ની પાસે લખાવી લે રાતે, કે મારે વાંધો નથી, હું રાજીખુશીથી જવા દઉં છું. મારી-ઠોકીને વઢીને લખાવી લે. ત્યારે મોક્ષમાં આવું ના થાય. મોક્ષમાં તો, કોઈને દુઃખ ના થાય એવી સ્થિતિમાં જઈએ ત્યારે મોક્ષ થાય. એટલે મેં કહ્યું, અમારે તો આવો મોક્ષ જોઈએ. અમારે તો અક્રમ જોઈએ, આવું ક્રમ-બ્રમ ના ચાલે. તે અક્રમ ખોળી લાવ્યો છું ને હું !

**પ્રશ્નકર્તા :** દાદા, સરસ મળી ગયું, અક્રમ.

**દાદાશ્રી :** અને તે બિલકુલ કરેક્ટ. ધીસ ઈઝ ધ કૅશ બેંક ઑફ ડિવાઈન સૉલ્યુશન (અધ્યાત્મના ઉકેલની આ રોકડી બેંક છે). બિલકુલ કૅશ ! પેલું તો ઉધારિયા હપ્તા ભરી ભરીને થાકો, કશુંય વળે નહીં.

મારી તો લોકકલ્યાણ કરવાની ઈચ્છા, કે મારું પોતાનું કલ્યાણ કરવું જ છે ને લોકોનુંય કરવું જ છે, એવું નક્કી, નાનપણથી ભાવના હતી, કે લોકોને એ રસ્તે લઈ જઈશું. જેટલા આવશે એટલાને પણ લઈ જઈશ ! એ બીજ તો નાખીશ ને એવું બીજ નાખીશ કે ફરી નિર્બીજ નહીં થાય. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** નિર્બીજ નહીં થાય.

❖❖❖❖❖

## [૧૩.૪]

# જીવનમાં વણાયેલી પાંચ આજ્ઞા

### જ્ઞાન પહેલાય પાંચ આજ્ઞારૂપ જ હતું જીવન

**પ્રશ્નકર્તા :** દાદા, તમને ૧૯૫૮માં જ્ઞાન થયું તે પહેલા ૧૯૫૭માં તમારી દશા, તે અમારી અત્યારની જ્ઞાન પામેલી દશા કરતા ઊંચી હતી ?

**દાદાશ્રી :** ના, તમારા કરતા દશા નીચી હતી. તમે તો આત્મજ્ઞાની થયા. પણ તે સિવાયનો બાકીનો ભાગ બધો જ આ વર્લ્ડમાં કોઈનીય પાસે ના હોય તેવો હતો. કોઈનીય દુકાન વર્લ્ડમાં ના હોય તેવી જબરજસ્ત મોટી દુકાન હતી !

**પ્રશ્નકર્તા :** આપની જે પાંચ આજ્ઞાઓ છે, તે આપને જ્ઞાન પ્રગટ થતા પહેલા આપે પાંચ આજ્ઞા પાળેલી કે પછીથી આ પાંચ આજ્ઞાઓ આપને પ્રગટ થઈ ?

**દાદાશ્રી :** ના, એ પાંચ આજ્ઞા એવી મને ખબર નહોતી, પણ એ પાંચ આજ્ઞામાં જ મારું જીવન હતું બધું. એ જીવન એવું હતું મારું. એટલે એ પાંચ આજ્ઞારૂપે અપાઈ પછી. મેં એવું જાણ્યું કે આ જ આપવું. આ રસ્તે હું તર્યો છું, તે જ રસ્તો મેં તમને આપી દીધો. આ જે રસ્તો બતાવ્યો એ જ રસ્તો છે. જે રસ્તે હું આવ્યો છું, એ રસ્તો મેં તમને આપી દીધો છે. મારો અનુભવનો જ રસ્તો આપ્યો છે. શાસ્ત્રમાં હોય નહીં આ અનુભવનો રસ્તો કોઈ જગ્યાએ. એક પણ શબ્દ એવો નથી શાસ્ત્રમાં કે જે અનુભવનો રસ્તો હોય, ને આ કાળના લોકોને કામ લાગે !

## પાંચ આજ્ઞા અમારી અનુભવેલી આપી બધાને

પાંચ આજ્ઞામાં આખા વર્લ્ડની બધી વસ્તુ આવી જાય છે. આજ્ઞા પાળે તો નિરંતર સમાધિ, મોક્ષસુખ, પછી મોક્ષ જ વર્તે ! આ તો અમારી ચાખેલી વસ્તુ આપી છે ને ?

**પ્રશ્નકર્તા :** હા જી, બરાબર છે.

**દાદાશ્રી :** અનુભવેલી વસ્તુ આપી છે ને !

**પ્રશ્નકર્તા :** આપે દાદા, પાંચ આજ્ઞા કેવી અનુભવી છે ?

**દાદાશ્રી :** આ જેવી અનુભવે, એમણે અનુભવી એવી રીતે. એમને પૂછી જોજો ને, એટલે એ તો ખબર પડશે. એમણે જે અનુભવી છે એવું મને થયું'તું.

## કમાણી ક્રમિકમાંથી, પણ પ્રગટ્યું અક્રમ

**પ્રશ્નકર્તા :** પણ એ તો દાદાજી, મેં પૂછ્યું'તું આપને, કે આપ અક્રમમાંથી નથી આવ્યા.

**દાદાશ્રી :** ના, હું ક્રમિકમાંથી આવ્યો.

**પ્રશ્નકર્તા :** એટલે અક્રમનો અનુભવ આપને નથી, પણ અક્રમ જ્ઞાને કરીને આપે જોયું છે, એમ કીધેલું મને.

**દાદાશ્રી :** હા, બરોબર છે. પણ આ ક્રમમાંથી કમાયેલા છીએ. કમાયેલા છીએ ક્રમમાંથી, અને અક્રમમાં આવ્યું.

**પ્રશ્નકર્તા :** હા, અક્રમ આપ્યું. ક્રમમાંથી કમાઈને અક્રમમાં આપ્યું.

**દાદાશ્રી :** હં. એટલે મહેનત બહુ કરેલી.

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે એ તમારા અનુભવ જુદી જાતના હોય ને ?

**દાદાશ્રી :** પણ એ તો બહુ લાંબા હોય, મોટો ઈતિહાસ થાય, મોટા.

**પ્રશ્નકર્તા :** થોડું થોડું કહો.

**દાદાશ્રી :** એના તો પુસ્તકો બને. એ કંઈ બે શબ્દોમાં કહેવાય એવી વસ્તુ ન હોય.

## મૂળ શોધખોળ વ્યવસ્થિતની

**પ્રશ્નકર્તા :** દાદા, પાંચ આજ્ઞામાંથી સહુથી વધારે કઈ આજ્ઞા તમને અનુભવમાં આવેલી ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત વધારે. પહેલેથી વ્યવસ્થિત લાવેલો, તેથી આ પાંચ આજ્ઞા બધી નીકળી છે. આ શોધખોળ વ્યવસ્થિતની છે. મૂળ શોધખોળ વ્યવસ્થિતની. નહીં તો છે તે વ્યવસ્થિત એટલે ભવિષ્યની ચિંતા વગરનું આ જગત જ નથી. એને અગ્રશોચ કહેવાય છે. આખું જગત, આ સાધુ-સંન્યાસીઓ બધા આ અગ્રશોચમાં એટલે 'હવે શું થશે ?' એની ચિંતામાં.

**પ્રશ્નકર્તા :** એની ચિંતામાં હોય.

**દાદાશ્રી :** એની ચિંતા હોય જ ને ! એ આ વ્યવસ્થિતે ઉડાડી મેલ્યું હડહડાટ.

**પ્રશ્નકર્તા :** અને એ ઉડાડી મૂકે એટલે બધા પ્રૉબ્લેમ છૂટી ગયા ને !

**દાદાશ્રી :** બધા પ્રૉબ્લેમ છૂટી ગયા. અને પાછું અનુભવમાં આવ્યું, કે 'ના, ખરેખર વ્યવસ્થિત છે જ.' એવું અનુભવમાં આવ્યું પાછું. ગોઠવેલું હોય ને, તો ઊડી જાય.

મને આ જ્ઞાન થયું નહોતું તોય પણ વ્યવસ્થિતનું જ્ઞાન હું લઈને આવ્યો હતો, કે આ જગત વ્યવસ્થિત છે. જ્ઞાન થયા પહેલા વ્યવસ્થિતનું ભાન થઈ ગયેલું. એટલે ડખો ના થાય બિલકુલ. પણ અહંકાર ઊતરે નહીં ને ! અહંકાર શી રીતે ઊતરે ? વ્યવસ્થિતનું ભાન થયેલું. એટલે કંઈ ડખો ના થાય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન થતા પહેલાય આપને વ્યવસ્થિતનું જ્ઞાન હાજર થઈ ગયેલું ?

**દાદાશ્રી :** હં... સારી રીતે.

## પૂર્ણ અનુભવ કર્યા પછી આપ્યો વ્યવસ્થિતનો સિદ્ધાંત

**પ્રશ્નકર્તા :** એ વ્યવસ્થિતનું જ્ઞાન આપને ક્રમે ક્રમે ફિટ થતું ગયેલું ?

**દાદાશ્રી :** 'વ્યવસ્થિત' અનુભવજન્ય જ્ઞાન છે મારું, જોયેલું.

**પ્રશ્નકર્તા :** જોયેલું, બરાબર છે. અનુભવ કરતા કરતા કરતા પછી પૂર્ણ થયું. આ આની જેમ (અક્રમની જેમ) એકદમ નહીં થયેલું.

**દાદાશ્રી :** કેટલાય અવતારોનો અનુભવ કરતા કરતા પૂર્ણ થયા પછી સિદ્ધાંત અપાય કે આ વ્યવસ્થિત જ છે. સિદ્ધાંત આપ્યો કહેવાય એ. નહીં તો સંકલ્પ ઊભો થાય.

આ વ્યવસ્થિત અમારી અનંત અવતારની શોધખોળ છે. કેટલાય અવતાર તો અમે કોઈ પણ ક્રિયા વગર જ સંસારમાં રહ્યા છીએ. એને જોવા માટે, તપાસવા માટે, કે ચાલે છે કે બંધ થઈ જશે.

**પ્રશ્નકર્તા :** ચાલે છે કે બંધ થઈ જશે એટલા માટે !

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** કોઈ પણ ક્રિયા વગર !

**દાદાશ્રી :** એટલે બધો હિસાબ કાઢી કાઢીને પછી જડ્યું, કે ધીસ ઈઝ ધી ફેક્ટ. પછી ફેક્ટ આપ્યું છે તમને. એમ ને એમ આપીએ તો માર્યું જાય લોક. ઊંધે રસ્તે ચઢાવ્યા કહેવાય.

અત્યાર સુધી આ જ્ઞાન અપાયું નથી. તેથી જ આ અપૂર્વ વિજ્ઞાન કહેવાય છે ! અનંતકાળની શોધખોળ છે આ ! આ વ્યવસ્થિતની શોધખોળ અનંતકાળની છે અમારી. આ જ ખોળતો'તો, કે આ જગત શા આધારે ચાલી રહ્યું છે, અને કેટલો ભાગ ચાલી રહ્યો છે અને કેટલો ભાગ નથી ચાલતો, એની શોધખોળ કરેલી અને પછી આ વ્યવસ્થિત મૂકેલું છે. વ્યવસ્થિત જાણી ગયો એટલે પછી થઈ રહ્યું, ખલાસ થઈ ગયું, પછી રહ્યું શું ? બધું જ્ઞાન પ્રાપ્ત થઈ જ જાય. નહીં તો આ લોકોને તો ઘડીવાર જપ ના હોય. તે ઘડીમાં શું થાય, શું કહેવાય ? અલ્યા મૂઆ, શું થવાનું

છે ? વ્યવસ્થિતની બહાર બીજું શું થવાનું છે તે ? પણ એને વ્યવસ્થિતનું ભાન નથી ને ! શું છે ?

**પ્રશ્નકર્તા :** સ્થાપિત (નિશ્ચિત) જ છે, પછી શું કહેવાનું ?

**દાદાશ્રી :** હા, પણ એ જ્ઞાન નથી. એ કોઈનેય ના હોય. વ્યવસ્થિત તમને અનુભવમાં આવી ગયું કે ના આવી ગયું ? એક્ઝેક્ટ વ્યવસ્થિત છે ને ?

## જ્ઞાન પહેલાય વર્તે આછી-પાતળી આજ્ઞા

**પ્રશ્નકર્તા :** પછી આ રિયલ-રિલેટિવ, એ તો આપને '૫૮માં જ્ઞાન થયા પછી અનુભવમાં આવ્યું હશે ને ?

**દાદાશ્રી :** ના, જ્ઞાન થતી વખતેય અનુભવમાં આવેલું. આ શું છે ને આ શું છે, એ અનુભવ !

**પ્રશ્નકર્તા :** એ પહેલા રિયલ-રિલેટિવનો કંઈ ખ્યાલ હતો ?

**દાદાશ્રી :** આ વ્યવહાર-નિશ્ચય.

**પ્રશ્નકર્તા :** એક્ઝેક્ટનેસ પછી તે વખતે દેખાઈ ?

**દાદાશ્રી :** એ જ પેલું, જ્ઞાન વખતે.

**પ્રશ્નકર્તા :** પછી ફાઈલોનો સમભાવે નિકાલ ?

**દાદાશ્રી :** એ તો પહેલેથી કરતા જ આવ્યા ને, નહોતું જ્ઞાન તોયે. કૃપાળુદેવનું વાંચતા'તા, તે ઉકેલ જ લાવતા'તા ને ! તે તદ્દન સમભાવે નિકાલ નહીં, પણ એ સાધારણ એનો તડજોડ (સમાધાન) કરાવતા'તા. તડજોડ કરતા'તા, મનમાં અકળાઈને. મનમાં અકળાઈને ટાઢું પાડી દઈએ. પણ આ તો આપણું 'સમભાવે નિકાલ' તો મનમાં અકળાવાનું નહીં અને કશુંય નહીં. આશીર્વાદ આપીને ચોખ્ખું કરવાનું.

**પ્રશ્નકર્તા :** આશીર્વાદ આપીને. આ સમભાવે નિકાલની એક વધારાની વાત છે, આશીર્વાદ આપીને નિકાલ કરવાનો.

**દાદાશ્રી :** હં !

## શુદ્ધાત્માનું ખાતું ખૂલ્યું ને ભરાઈ ગયું એક કલાકમાં જ

**પ્રશ્નકર્તા :** અને આ આપનો શુદ્ધાત્માનો ચોપડો ક્યારથી ખૂલ્યો ?

**દાદાશ્રી :** તે દહાડાથી જ.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન થયું તે દહાડાથી ?

**દાદાશ્રી :** હં.

**પ્રશ્નકર્તા :** દાદા, અમે તો તમારા દર્શન કરી કરીને શુદ્ધાત્માના ચોપડામાં રકમ જમા કરી. આપે કઈ રીતે કરી ?

**દાદાશ્રી :** શાની જમે કરવાની તે ? એક જ દહાડામાં પ્રગટ થયેલું ત્યાં ! ગઈકાલે અંબાલાલ 'એ.એમ.પટેલ' હતા ને આજે 'શુદ્ધાત્મા' થઈ ગયા. દૃષ્ટિમાત્રથી જ, દૃષ્ટિફેર થઈ ગઈ ને ત્યાં આગળ !

**પ્રશ્નકર્તા :** દાદા, એ કેવી રીતે દૃષ્ટિ સજ્જડ થઈ ગઈ એક જ કલાકમાં આપને ? એક જ કલાકમાં આખી દૃષ્ટિ અનાદિની એકદમ કેવી રીતે ફેર થઈ ગઈ ?

**દાદાશ્રી :** કૃપાથી શું ના થાય ! ભગવાનની કૃપા ઊતરે તો શું ના થાય ?

**પ્રશ્નકર્તા :** અમને તો અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનની કૃપા ઊતરે છે. આપને કોની ઊતરી ?

**દાદાશ્રી :** મારે કોની ઊતરી, શું ખબર પડે ? મને તો કોઈએ ફેરવ્યો ! એટલે હું 'બટ નેચરલ' કહું છું ને !

❖❖❖❖❖

## દાદા ભગવાન પ્રરૂપિત આધ્યાત્મિક પ્રકાશનો

| | |
|---|---|
| ૧. આત્મસાક્ષાત્કાર (પરિચય પુસ્તિકા) | ૨૫. ગુરુ-શિષ્ય |
| ૨. ભોગવે તેની ભૂલ | ૨૬. ક્લેશ વિનાનું જીવન |
| ૩. બન્યું તે જ ન્યાય | ૨૭. સહજતા |
| ૪. એડજસ્ટ એવરીવ્હેર | ૨૮-૨૯. પ્રતિક્રમણ (સં., ગ્રં.) |
| ૫. અથડામણ ટાળો | ૩૦-૩૧. પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર (સં., ગ્રં.) |
| ૬. ચિંતા | ૩૨-૩૩. મા-બાપ છોકરાંનો વ્યવહાર (સં., ગ્રં.) |
| ૭. ક્રોધ | ૩૪-૩૫. પૈસાનો વ્યવહાર (સં., ગ્રં.) |
| ૮. માનવધર્મ | ૩૬-૩૮. સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય (સં., ગ્રં.-પૂ.,ઉ.) |
| ૯. સેવા-પરોપકાર | ૩૯. વાણીનો સિદ્ધાંત |
| ૧૦. હું કોણ છું ? | ૪૦. આપ્તસૂત્ર |
| ૧૧. દાદા ભગવાન ? | ૪૧. આપ્તવાણી-૧ |
| ૧૨. ત્રિમંત્ર | ૪૨. આપ્તવાણી-૨ |
| ૧૩. દાન | ૪૩. આપ્તવાણી-૩ |
| ૧૪. મૃત્યુ સમયે, પહેલાં અને પછી | ૪૪. આપ્તવાણી-૪ |
| ૧૫. ભાવના સુધારે ભવોભવ | ૪૫. આપ્તવાણી-૫-૬ |
| ૧૬. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર... | ૪૬. આપ્તવાણી-૭ |
| ૧૭. કર્મનું વિજ્ઞાન | ૪૭. આપ્તવાણી-૮ |
| ૧૮. પાપ-પુણ્ય | ૪૮. આપ્તવાણી-૯ |
| ૧૯. સત્ય-અસત્યના રહસ્યો | ૪૯-૫૦. આપ્તવાણી-૧૦ (પૂ., ઉ.) |
| ૨૦. અહિંસા | ૫૧-૫૨. આપ્તવાણી-૧૧ (પૂ., ઉ.) |
| ૨૧. પ્રેમ | ૫૩-૫૪. આપ્તવાણી-૧૨ (પૂ., ઉ.) |
| ૨૨. ચમત્કાર | ૫૫-૫૬. આપ્તવાણી-૧૩ (પૂ., ઉ.) |
| ૨૩. વાણી, વ્યવહારમાં.... | ૫૭-૬૧. આપ્તવાણી-૧૪ (ભાગ ૧-૫) |
| ૨૪. નિજદોષ દર્શનથી, નિર્દોષ | ૬૨-૬૬. જ્ઞાની પુરુષ (ભાગ ૧-૫) |

**(ગ્રં.-ગ્રંથ, સં.-સંક્ષિપ્ત, પૂ.-પૂર્વાર્ધ, ઉ.-ઉત્તરાર્ધ)**

પરમ પૂજ્ય દાદા ભગવાનના હિન્દી, મરાઠી, પંજાબી, ઉડીયા, બંગાળી, આસામી, મણીપુરી, તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ જેવી પ્રાદેશિક ભાષાઓમાં તથા અંગ્રેજી, જર્મન, પોર્ટુગીઝ, સ્પેનિશ, રશિયન જેવી વિદેશી ભાષાઓમાં ભાષાંતરિત થયેલા પુસ્તકો પણ ઉપલબ્ધ છે.

**'દાદાવાણી' મેગેઝિન દર મહિને ગુજરાતી - હિન્દી - અંગ્રેજી ભાષાઓમાં પ્રકાશિત થાય છે.**

# સંપર્ક સૂત્ર - દાદા ભગવાન ફાઉન્ડેશન

**અડાલજ** (મુખ્ય કેન્દ્ર) : **ત્રિમંદિર,** સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ-૩૮૨૪૨૧, જિ. ગાંધીનગર. **ફોન :** ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

**અમદાવાદ** : **દાદા દર્શન,** ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪. **ફોન :** ૯૫૭૪૦૦૧૪૪૫

**વડોદરા** : (૧) **ત્રિમંદિર,** બાબરીયા કોલેજ (BITS)ની પાસે, વડોદરા-સુરત હાઈવે, વરણામા ગામ, વડોદરા. **ફોન :** ૯૫૭૪૦૦૧૫૫૭
(૨) **દાદામંદિર,** ૧૭, મામાની પોળ, રાવપુરા પોલીસ સ્ટેશનની સામે, સલાટવાડા, વડોદરા. **ફોન :** ૯૯૨૪૩૪૩૩૩૫

**ભાદરણ** : **ત્રિમંદિર,** સ્ટેશન રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૭૨૯

**રાજકોટ** : **ત્રિમંદિર,** અમદાવાદ-રાજકોટ હાઈવે, તરઘડીયા ચોકડી પાસે, માલિયાસણ, રાજકોટ. **ફોન :** ૯૯૨૪૩૪૩૪૭૮

**સુરત** : **દાદા દર્શન,** મમતાપાર્ક સોસાયટી, કાપોદરા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ, સુરત. **ફોન :** ૯૫૭૪૦૦૮૦૦૭

**ગોધરા** : **ત્રિમંદિર,** ભામૈયા ગામ, એફ.સી.આઈ. ગોડાઉનની સામે, ગોધરા, જિ. પંચમહાલ. **ફોન :** ૯૭૨૩૭૦૭૭૩૮

**સુરેન્દ્રનગર** : **ત્રિમંદિર,** સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મુળી રોડ, સુરેન્દ્રનગર. **ફોન :** ૯૭૩૭૦૪૮૩૨૨

**મોરબી** : **ત્રિમંદિર,** પો. જેપુર, (મોરબી) નવલખી રોડ, જિ. મોરબી. **ફોન :** ૯૯૨૪૩૪૧૧૮૮

**ભુજ** : **ત્રિમંદિર,** હિલ ગાર્ડનની પાછળ, એરપોર્ટ રોડ, સહયોગનગર પાસે, ભુજ (કચ્છ). **ફોન :** ૯૯૨૪૩૪૫૫૮૮

**અંજાર** : **ત્રિમંદિર,** અંજાર-મુન્દ્રા રોડ, સીનોગ્રા પાટીયા પાસે, સીનોગ્રા ગામ, તા. અંજાર. **ફોન :** ૯૯૨૪૩૪૬૬૨૨

**જામનગર** : **ત્રિમંદિર,** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૬૮૭

**અમરેલી** : **ત્રિમંદિર,** લીલીયા રોડ બાયપાસ ચોકડી, ખારાવાડી. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૬૦

**મુંબઈ** : **ત્રિમંદિર,** ઋષિવન, અભિનવનગર રોડ, લા વિસ્ટા બિલ્ડીંગ પાસે, કાજુપાડા, બોરીવલી (ઈસ્ટ). **ફોન :** ૯૩૨૩૫૨૮૯૦૧

**જૂનાગઢ** : **ત્રિમંદિર,** ખામધ્રોલ ચોકડી, જૂનાગઢ બાયપાસ રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૮૯

| | | | |
|---|---|---|---|
| **દિલ્હી** | : ૯૮૧૦૦ ૯૮૫૬૪ | **બેંગ્લોર** | : ૯૫૯૦૯ ૭૯૦૯૯ |
| **ચેન્નઈ** | : ૭૨૦૦૭ ૪૦૦૦૦ | **કોલકતા** | : ૯૮૩૦૦ ૯૩૨૩૦ |

| | | | |
|---|---|---|---|
| **U.S.A.** | : +1 877-505-DADA (3232) | **Singapore** | : +65 91457800 |
| **U.K.** | : +44 330-111-DADA (3232) | **Australia** | : +61 402179706 |
| **Kenya** | : +254 795-92-DADA (3232) | **New Zealand** | : +64 21 0376434 |
| **UAE** | : +971 557316937 | | |

**વેબસાઈટ : www.dadabhagwan.org**

## જગતથી છેતરાઈનેય મોક્ષે ચાલ્યા જવા જેવું છે

જ્ઞાની પુરુષ તો આજે છે અને કાલે પરપોટો ફૂટી જશે, ત્યારે શું કંઈ મોક્ષમાર્ગ રખડી મર્યો છે ? ત્યારે કહે, ના. આટલી શરતો હશે, કે જેને મોક્ષ સિવાય બીજી કોઈ પણ જાતની કામના નથી અને જેને પોતે જાણીજોઈને છેતરાવું છે એવા કેટલાક લક્ષણો એનામાં હશે ને, તો એના મોક્ષને કોઈ રોકનારો નથી. જગતથી છેતરાઈનેય પણ મોક્ષે ચાલ્યા જવા જેવું છે.

આ તો મારી શોધખોળ છે. આખી જિંદગી હું છેતરાયેલો છું. મારો તો ધ્યેય હતો એ. મેં છેતર્યા નથી કોઈને. છેતરાવાનો જેણે ધંધો માંડ્યો છે, એ જ્યારે ત્યારે ભગવાન થઈને ઊભો રહેશે અને જેણે છેતરવાનો ધંધો માંડ્યો છે, એ શેતાનિયતની ટોચ પર જશે.

- દાદાશ્રી

dadabhagwan.org

ISBN 978-93-91375-33-1
9 789391 375331
Printed in India
Price ₹ 150